

# આગમ મનીષી

## શ્રી તિલોકચંદ જૈન દ્વારા સંપાદિત

# મીઠી મીઠી લાગે મહાવીરની દેશના

## : તત્ત્વશાસ્ત્ર – ૨ :

જીવાભિગમસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર,
ગુણસ્થાન, કર્મગ્રંથ

## શ્રાવક-શિક્ષા

૧. પુણ્યથી પ્રાપ્ત થયેલી ઋદ્ધિનો ગર્વ ન કરવો.
૨. ગમે તેટલી સમૃદ્ધિ અથવા પ્રવૃત્તિ હોય તો પણ શ્રાવકનાં ૧૨ વ્રત સ્વીકારવામાં પ્રમાદ ન કરવો.
૩. મહિનામાં છ પૌષધ વ્રત અંગીકાર કરવાના લક્ષ્યે, તેની શરૂઆત ભલે મહિનામાં બે પૌષધ વ્રતથી થાય, પરંતુ છ પૌષધ વ્રત અંગીકાર કરવાનું લક્ષ્ય રાખવું.
૪. ઘરના પ્રત્યેક સદસ્યો – માતા, પિતા, પતિ, પત્ની આદિને પણ યોગ્ય પ્રેરણા આપી બાર વ્રતધારી શ્રાવક બને તેવા સમ્યગ્ પ્રયત્નો કરવા.
૫. સાંસારિક જવાબદારી ગમે તેટલી વિશાળ હોય તો પણ યોગ્ય સમયે તેનાથી નિવૃત્તિ લઈ, વિશિષ્ટ સાધનાનું લક્ષ રાખવું.
૬. મોતની ઘડી સુધી સાંસારિક વ્યવહારોમાં પ્રતિબદ્ધ ન રહેવું.
૭. દુઃસહ્ય પરિસ્થિતિ અને સંકટના સમયે પણ ધર્મશ્રદ્ધા અને ધર્માચરણમાં દઢ શ્રદ્ધા જાળવી રાખવી.
૮. ચમત્કારોમાં ફસાવું નહિ.
૯. કોઈપણ ધર્મી વ્યક્તિ પર સંકટ આવે તો પણ ધર્મ-શાસનની શ્રદ્ધા, પ્રરૂપણામાં પૂર્ણ વિવેક રાખવો. કોઈ પ્રકારના નિરાશા ભર્યા વાક્યો ન બોલવા. ચમત્કાર થવો તે કોઈ પણ ધર્મનું જરૂરી ફળ નથી. સમભાવની પ્રાપ્તિ જ ધર્મનું સાચું ફળ છે.
૧૦. જીવનમાં પૂર્ણ ધાર્મિક(સંવર, તપોમય) જીવન જીવવાની વય-મર્યાદા નક્કી કરી લેવી.
૧૧. ગુણાનુરાગી બનવું, દોષો જોવાથી અળગા રહેવું.
૧૨. ગુણ વિકાસ, તપ વિકાસ, જ્ઞાન વિકાસ, સાથે વિનય વિવેકમાં પણ વૃદ્ધિ કરવી.



### જૈનાગમ નવનીત

## મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના
## આઠ ભાગોનો પરિચય

| ક્રમાંક | પુસ્તક નામ | પુસ્તકમાં શું છે ? |
|---|---|---|
| (૧) | કથાશાસ્ત્ર (આઠ આગમો) | ૧. જ્ઞાતા સૂત્ર ૨. ઉપાસક દશા સૂત્ર ૩. અંતગડ દશા સૂત્ર ૪. અનુત્તરોપપાતિક સૂત્ર ૫. વિપાક સૂત્ર ૬. રાજપ્રશ્નીય સૂત્ર ૭. ઉપાંગ(નિરયાવલિકા) સૂત્ર ૮. નંદી સૂત્રની કથાઓ. |
| (૨) | ઉપદેશ શાસ્ત્ર (ત્રણ આગમો) | ૧. ઉત્તરાધ્યયન સૂત્ર ૨. આચારાંગ સૂત્ર(પ્રથમ શ્રુત સ્કંધ) ૩. સૂત્રકૃતાંગ સૂત્ર સંપૂર્ણ, ૧૨ વ્રત, ૧૪ નિયમ; મહાવ્રત, સમિતિ ગુપ્તિ, સંજયા, નિયંઠા, પાસત્થાદિ સ્વરૂપ, વંદન-વ્યવહાર, ઔપદેશિક સંગ્રહ. |
| (૩) | આચાર શાસ્ત્ર (છ આગમો) | ૧. આવશ્યક સૂત્ર તેત્રીસ બોલ સહિત ૨. દશવૈકાલિક સૂત્ર ૩. આચારાંગ સૂત્ર (બીજો શ્રુત સ્કંધ) ૪. ઠાણાંગ સૂત્ર ૫. સમવાયાંગ સૂત્ર ૬. પ્રશ્ન વ્યાકરણ સૂત્ર. ગૌચરીના વિધિ, નિયમ અને દોષ તથા વિવેક જ્ઞાન |
| (૪) | છેદ શાસ્ત્ર (ચાર આગમો) | ૧. નિશીથ સૂત્ર ૨. દશાશ્રુત સ્કંધ સૂત્ર ૩. બૃહત્કલ્પ સૂત્ર ૪. વ્યવહાર સૂત્ર. છેદ સૂત્ર પરિશિષ્ટ. |
| (૫) | તત્વશાસ્ત્ર–૧ (ભગવતી સૂત્ર) | ૧. ભગવતી સૂત્ર સંપૂર્ણ, અનેક કોષ્ટક, ગાંગેય અણગારના ભાંગાઓનું સ્પષ્ટીકરણ અને વિધિઓ. |
| (૬) | તત્વશાસ્ત્ર–૨ | ૧. જીવાભિગમ સૂત્ર ૨. પ્રજ્ઞાપના સૂત્ર, ગુણસ્થાન, કર્મગ્રંથ |
| (૭) | તત્વ શાસ્ત્ર–૩ (પાંચ આગમો) | નંદી સૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર, ઔપપાતિક સૂત્ર, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, જ્યોતિષગણ રાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર, વૈજ્ઞાનિક વિચારણાઓ. |
| (૮) | પરિશિષ્ટ (અનુભવ અર્ક) | ચર્ચા–વિચારણાઓ, ઐતિહાસિક સંવાદ અને નિબંધ આવશ્યક સૂત્ર ચિંતનો. |

***વિશેષ :–*** *નિરયાવલિકાદિ પાંચ શાસ્ત્રને એક ગણતાં અને સૂર્ય-ચન્દ્ર પ્રજ્ઞપ્તિ બંનેને એક ગણતાં પાંચ ઓછા થાય, તેમાં નંદી અને આચારાંગ સૂત્ર બે પુસ્તકોમાં છે; તેથી ત્રણ જ ઓછા થાય આ રીતે ૩૨–૩ = ૨૯ સંખ્યા મળી જાય છે.*

# જૈનાગમ નવનીત – ૬

# મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના

## તત્ત્વશાસ્ત્ર ખંડ–૨

(૧)જીવાભિગમ સૂત્ર (૨) પ્રજ્ઞાપના સૂત્ર
(૩) ગુણસ્થાન સ્વરૂપ
(૪) કર્મ ગ્રંથ ભાગ–૨ અને ૩ સારાંશ

આગમ મનીષી
શ્રી ત્રિલોકમુનિજી મ. સા.

: ગુજરાતી ભાષાંતર :

૧. બા.બ્ર. પૂ. શૈલાબાઈ મ. સ.
૨. મણીબહેન રાઘવજી શાહ, પ્રાગપર (કચ્છ)



પ્રધાન સંપાદક :
**આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજી**

પ્રકાશક : જૈનાગમ નવનીત પ્રકાશન સમિતિ, સુરેન્દ્રનગર.
પ્રકાશન સહયોગી : (૧) શ્રી નવલ સાહિત્ય પ્રકાશન ચેરી. ટ્રસ્ટ સુ. નગર
(૨) ડૉ. ભરતભાઈ ચીમનભાઈ મહેતા – રાજકોટ.

**સહસંપાદક**

(૧) પૂ. ગુલાબબાઈ મહાસતીજીના સુશિષ્યા–**કુંદનબાઈ મ.સ.**
(૨) પૂ. પ્રાણકુંવરબાઈ મહાસતીજીના સુશિષ્યા–**શૈલાબાઈ મ.સ.**
(૩) શ્રી મુકુંદભાઈ ઈ. પારેખ, ગોંડલ (૪) શ્રી મણીભાઈ શાહ
(૫) જયવંતભાઈ શાહ, સૂરત (૬) શ્રી ભાનુબેન.

ડ્રાફ્ટ / M.O. : **લલિતચંદ્ર મણીલાલ શેઠ,**

**પ્રાપ્તિસ્થાન : પત્રસંપર્ક**
**લલિતચંદ્ર મણીલાલ શેઠ**
શંખેશ્વરનગર, રતનપર,
પોસ્ટ : જોરાવરનગર – ૩૬૩૦૨૦
**જિલ્લો : સુરેન્દ્રનગર(ગુજરાત)**

**મુંબઈમાં પુસ્તકો મળશે**
**રમણિકલાલ નાગજી દેઢિયા**
દુર્ગા ટેક્ષટાઈલ્સ, ૧૦–ન્યુ હિંદમાતા
ક્લોથ માર્કેટ, હોટેલ શાંતિદૂત નીચે,
**દાદર, મુંબઈ – ૪૦૦ ૦૧૪**

**પ્રકાશન તારીખ : ૧૯–૪–૨૦૦૪**
**પ્રત સંખ્યા : ૧૫૦૦**

**મૂલ્ય : ૫૦/–**

**અગ્રિમ ગ્રાહક (સંપૂર્ણ સેટ) આઠ પુસ્તકોમાં**
**૩૨ આગમ સારાંશ – રૂા. ૪૦૦/– (એક માત્ર)**
**સદસ્યતા– રૂા. ૧,૦૦૦/–**

**વિશેષ સૂચના** : આઠ પુસ્તકોના અગ્રિમ બુકિંગ માટે–
(૧) જૈનાગમ નવનીત પ્રકાશન સમિતિની રસીદ પ્રાપ્ત કરવી.
(૨) પોતાનો ગ્રાહક નંબર પ્રાપ્ત કરવો.
(૩) કોઈપણ ફરિયાદ કે સૂચના ફોનથી અને મૌખિક ન કરવી,
પત્ર વ્યવહાર દ્વારા રાજકોટ સૂચના કરવાનું ખાસ ધ્યાન રાખવું.

# તત્ત્વશાસ્ત્ર ખંડ–ર

## વિષય–સૂચિ


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | **જીવાભિગમ સૂત્ર સારાંશ** | ૭ |
| | **પરિશિષ્ટ :** | **૬૩** |
| | ૧. આળસેણં પદ પ્રયોગ પદ્ધતિ | ૬૩ |
| | ર. એક સમયની કાયસ્થિતિ : આગમિક વિચારણા | ૬૫ |
| | ૩. પુહત્ત શબ્દ વિચારણા | ૬૭ |
| | ૪. છદ્મસ્થોની ભૂલ : એક અનુપ્રેક્ષા | ૬૯ |
| ર | **પ્રજ્ઞાપના સૂત્ર સારાંશ** | ૭૬ |
| | **પરિશિષ્ટ :** | **રર૯** |
| | ૧. ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપ | રર૯ |
| | ર. ગુણસ્થાનોનું પર બંધ ઉદય ઉદીરણા સત્તા[ક્રમ ગ્રંથ–ર] | ર૪૫ |
| | ૩. ૬ર માર્ગણાઓની અપેક્ષા ગુણસ્થાનોમાં બંધ [ક્રમ ગ્રથ–૩] | રપર |




## શિક્ષા–વાક્ય

- શબ્દોને ન જુઓ, ભાવોને જુઓ.
- અવગુણની ચર્ચા ન કરો, ગુણ ગ્રહણ કરો.
- પરંપરાઓના દુરાગ્રહમાં ન ફસાઓ.
- ઉદાર હૃદયી બનીને નૂતન તત્ત્વોનું અનુપ્રેક્ષણ કરો.
- સમભાવ અને સમાધિભાવોને ન ગુમાવો.
- આગમ આધાર રહિત હાનિકારક પરંપરાઓને પકડી રાખવી એ ઉચિત નથી.
- આગમ વિપરીત પરંપરાઓનો દુરાગ્રહ રાખવો એ અનુચિત છે.
- ઉત્કૃષ્ટ ત્યાગમાં પણ ધર્મ વિવેક રાખવો આવશ્યક છે.
- અનુકંપા એ સમકિતનું મુખ્ય લક્ષણ છે. એનો નિષેધ કરાય નહીં.
- હિંસા અને આડંબરની પ્રવૃત્તિઓ ધર્મ નથી પણ ધર્મની વિકૃત પરંપરાઓ છે. તે તજવા યોગ્ય છે.
- અખૂટ સમભાવની ઉપલબ્ધિ થવી તે જ ધર્મ સાધનાઓની સાચી સફળતા છે.
- ક્યાં ય પણ, કોઈ સાથે કર્મ બંધ ન કરવો, સમભાવોને જાળવી રાખવા, એ જ જ્ઞાનનો સાર છે.
- ક્રોધ અને ઘમંડને સર્વથા તિલાંજલિ દેતા રહો.
- ભાવોની શુદ્ધિ તથા હૃદયની પવિત્રતા એજ સાધનાનો પ્રાણ છે.

# જીવાભિગમ સૂત્ર સારાંશ

## પ્રસ્તાવના

**તત્ત્વજ્ઞાનનું મહત્ત્વ :** જૈન ધર્મમાં આચાર અને આચાર જ્ઞાનનું સ્થાન સર્વોપરી છે, છતાં પણ તત્ત્વજ્ઞાનરૂપ જીવ-અજીવ અને લોકસ્વરૂપ આદિના જ્ઞાનનું મહત્ત્વ જરાપણ ઓછું નથી. અનેક આગમોમાં અને આચાર શાસ્ત્રોની વચ્ચે પણ આ તત્ત્વોને મહત્ત્વ આપવામાં આવ્યું છે. જેમ કે આચારાંગમાં– **विदिता लोगं । उड्ढं अहे य तिरियं च पेहमाणे समाहिं अपडिन्ने ।**

ઉત્તરાધ્યયનમાં– **जीवा जीवा य बंधो य, पुण्णं पावासवो तहा ।**
**संवरं निज्जरा मोक्खो, संति ए तहिया नव ॥** અ૦ –૨૮ ॥

ઉત્તરાધ્યયનસૂત્રમાં લેશ્યા, કર્મ અને જીવાજીવના ભેદ પ્રભેદોનું વર્ણન કરવામાં આવ્યું છે. સૂયગડાંગસૂત્રમાં જીવોના આહાર સંબંધી સૂક્ષ્મતમ જ્ઞાન સભર એક સંપૂર્ણ અધ્યયન છે.

ધર્મ સિદ્ધાંતોની કસોટીના મુખ્ય અંગોમાં તત્ત્વવાદનું પણ એક મુખ્ય સ્થાન છે. દશવૈકાલિક સૂત્રમાં તત્ત્વજ્ઞાનનું ઊંચતમ મહત્ત્વ દર્શાવેલ છે, જેમ કે–

**जो जीवे वि न याणेइ, अजीवे वि न याणेइ ।**
**जीवाजीवे अयाणंतो, कहं सो नाहिइ संजमं ॥** અધ્ય૦ –૪ ॥

**ભાવાર્થ :–** જીવ અજીવ આદિ તત્ત્વજ્ઞાનના અભાવમાં સંયમધર્મનું પાલન કે અસ્તિત્વ પણ સંભવિત નથી.

આ સર્વ અપેક્ષાઓથી આવશ્યકતા અનુભવીને જ તત્ત્વજ્ઞાનથી પરિપૂર્ણ સ્વતંત્ર અનેક સૂત્રોની ચૌદપૂર્વના શ્રુતજ્ઞાનના આધારે સ્થવિર ભગવંતોએ રચના કરી છે. તેનાથી પહેલા આ વિશાળ તત્ત્વજ્ઞાનનો સમૂહ બારમા દૃષ્ટિવાદ નામના સૂત્રમાં હતો તથા સંક્ષેપમાં તો આ તત્ત્વજ્ઞાન જેમ દૂધમાં ઘી સમાય તેમ દરેક આગમમાં સમાયેલું જ છે.

**સૂત્ર પરિચય અને વિષય :–** પ્રસ્તુત સૂત્રમાં જીવ અને અજીવ બે તત્ત્વનું કથન હોવાથી તેનું 'જીવા જીવાભિગમ સૂત્ર' એવું સાર્થક નામ છે. આ સૂત્રમાં મુખ્યત્વે જીવવિજ્ઞાનનો વિસ્તાર છે. માટે તેને સંક્ષિપ્તમાં જીવાભિગમ સૂત્ર પણ કહેવાય છે. આ સૂત્રમાં નવ પ્રતિપત્તિ-અધ્યાય છે. તેના પ્રથમ અધ્યાયમાં જ જીવોના શરીર, અવગાહના, આદિ અનેક રીતે સૂક્ષ્મવર્ણન કરવામાં આવેલ છે. આગળના અધ્યાયોમાં વેદ, સ્થિતિ, કાયસ્થિતિ, અંતર, અલ્પબહુત્વ, આદિની સાથે જીવના વિવિધ ભેદોનું વર્ણન છે. વચ્ચે ત્રીજા અધ્યાયમાં નારકી, દેવ આદિના વર્ણનની



સાથે નરક પૃથ્વીપિંડ-દેવલોક આદિનું પણ વર્ણન છે. તિરછાલોકનું વર્ણન કરતાની સાથે જંબૂદ્વીપના વિજય દ્વારના માલિક-વિજય દેવનું, તેની રાજધાનીનું, તેના જન્મ તથા જન્માભિષેકનું વર્ણન પણ સૂર્યાભદેવની સમાન છે. સમસ્ત દ્વીપ સમુદ્રોનું વર્ણન સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંત છે. સૂર્ય-ચંદ્ર આદિ જ્યોતિષીદેવોનું વર્ણન પણ વિસ્તારપૂર્વક છે. આ રીતે આ સૂત્ર વિવિધ તત્ત્વજ્ઞાન તથા ભૌગોલિક જ્ઞાનયુક્ત હોવાથી રોચક પણ છે.

**રચના અને પ્રામાણિકતા :–** આ સૂત્રના રચના કાલ અને રચનાકાર સંબંધમાં પ્રાચીન ગ્રંથોમાં કોઈ જગ્યાએ નિર્દેશ ન મળતો હોવાથી કોઈ અજ્ઞાત સ્થવિરકૃત આ આગમ છે. નંદીસૂત્રમાં સૂત્રસૂચિ અંતર્ગત અંગબાહ્ય ઉત્કાલિક સૂત્રોમાં આ આગમની પરિગણના કરવામાં આવી છે. આ આધારથી જ સમગ્ર શ્વેતાંબર જૈન સમાજમાં આ આગમનો એકરૂપતાથી પ્રમાણિક આગમકોટીમાં સ્વીકાર કરાયેલ છે. આ સૂત્રની પ્રમાણિકતામાં કોઈ પણ પ્રકારનો વિવાદ નથી. આ વાત જ આ સૂત્રની મહત્તાની દ્યોતક છે.

**સૂત્ર પરિમાણ :–** આ સૂત્ર એક શ્રુતસ્કંધરૂપ છે. તેની નવ પ્રતિપત્તિ છે.(અધ્યયન છે) બે ભેદથી દશ ભેદ સુધીની અપેક્ષાથી જીવ તત્ત્વનો તેમાં વિવિધ બોધ છે. સંસારી જીવોની નવ પ્રતિપત્તિ પછી સિદ્ધ સહિત સમસ્ત જીવોની પણ બે થી દશ ભેદ સુધી વિચારણા કરેલ છે. આ સૂત્રનું પરિમાણ ૪૭૫૦ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે.

**પ્રચલન :–** આ સૂત્રની પ્રથમ પ્રતિપત્તિના મહત્ત્વપૂર્ણ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનને પૂર્વાચાર્યોએ વિશેષ પદ્ધતિથી સંકલિત કરેલ છે. જેનું જૈન સાધુ સમાજ અને શ્રાવક સમાજમાં અત્યંત પ્રચલન છે. ચતુર્વિધ સંઘમાં તેને કંઠસ્થ કરવાની તથા તેના વિશે ચિંતન કરવાની પદ્ધતિ પણ પ્રચલિત છે. જે 'લઘુદંડક' અથવા 'દંડક પ્રકરણ'ના નામથી વિખ્યાત છે. આ થોકડાનો અભ્યાસી સરલતાપૂર્વક જીવાભિગમ સૂત્ર અને પન્નવણાજી આદિના તત્ત્વજ્ઞાનને સમજીને પ્રગતિ કરી શકે છે.

**ઉપાંગ :–** આ સૂત્રને તૃતીય ઉપાંગની સંજ્ઞાથી ઓળખાય છે અને ત્રીજા અંગ ઠાણાંગસૂત્રથી એનો સંબંધ જોડવામાં આવે છે. તે એક ભ્રમિત કલ્પના માત્ર છે. આ વિષયનું સ્પષ્ટીકરણ ઔપપાતિક સૂત્રના પ્રારંભમાં કરી દીધું છે. જિજ્ઞાસુ વાચક ત્યાં વાંચવા પ્રયત્ન કરે.

**ઉપલબ્ધ સાહિત્ય :–** આ સૂત્ર પર આચાર્ય મલયગિરિ કૃત ટીકા પ્રકાશિત છે. અન્ય પણ કેટલાય મૂળ પાઠના સંસ્કરણ પ્રકાશિત થયેલા છે. હિન્દી અનુવાદ યુક્ત સંસ્કૃત ટીકાની સાથે ગુજરાતી-હિન્દી અનુવાદ યુક્ત પ્રકાશિત આવૃત્તિ પણ ઉપલબ્ધ છે. હિન્દી વિવેચન યુક્ત સંસ્કરણ આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત થયેલ છે. મલયગિરિ ટીકાના આધારથી સારાંશરૂપમાં આ 'આગમ

**નવનીત' તૈયાર કરેલ છે. આશા છે કે સ્વાધ્યાયી આત્માઓ આ લઘુ પુસ્તિકા વડે આગમ સંબંધી તત્ત્વજ્ઞાનની તૃષાને શાંત કરી શકશે !**

## આવશ્યક તત્ત્વભેદ

| | |
|---|---|
| (૧) પાંચ શરીર | (૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) આહારક (૪)તેજસ (૫) કાર્મણ |
| (૨) છ સંઘયણ | (૧) વજ્રઋષભનારાચ (૨) ઋષભનારાચ (૩) નારાચ (૪) અર્ધનારાચ (૫) કીલિકા (૬) સેવાર્ત(છેવટ્ઠુ) |
| (૩) છ સંસ્થાન | (૧) સમચતુર☝ (૨) ન્યગ્રોધ પરિમંડલ (૩) સાદિ (૪) વામન (૫) કુબ્જ (૬) હૂંડ |
| (૪) ચાર કષાય | (૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ |
| (૫) ચાર સંજ્ઞા | (૧) આહાર (૨) ભય (૩) મૈથુન (૪) પરિગ્રહ |
| (૬) છ લેશ્યા | (૧) કૃષ્ણ (૨) નીલ (૩) કાપોત (૪) તેજો (૫) પદ્મ (૬) શુક્લ |
| (૭) પાંચ ઈન્દ્રિય | (૧) શ્રોત્ર (૨) ચક્ષુ (૩) ઘ્રાણ (૪) રસના (૫) સ્પર્શ |
| (૮) સાત સમુદ્ઘાત | (૧) વેદનીય (૨) કષાય (૩) મારણાંતિક (૪) વૈક્રિય (૫) તેજસ (૬) આહારક (૭) કેવલી |
| (૯) છ પર્યાપ્તિ | (૧) આહાર (૨) શરીર (૩) ઈન્દ્રિય (૪) ✓ાસોચ્છ્વાસ (૫)ભાષા (૬) મન |
| (૧૦) ત્રણ દષ્ટિ | (૧) સમ્યગ્દષ્ટિ (૨) મિથ્યાદષ્ટિ (૩) મિશ્રદષ્ટિ |
| (૧૧) ચાર દર્શન | (૧) ચક્ષુ (૨) અચક્ષુ (૩) અવધિ (૪) કેવલદર્શન |
| (૧૨) પાંચજ્ઞાન | (૧) મતિ (૨) શ્રુત (૩) અવધિ (૪) મનઃપર્યવ (૫) કેવલ જ્ઞાન |
| (૧૩) ત્રણ અજ્ઞાન | (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) વિભંગજ્ઞાન |
| (૧૪) ત્રણ યોગ | (૧) મનયોગ (૨) વચનયોગ (૩) કાયયોગ |
| (૧૫) બે ઉપયોગ | (૧) સાકાર ઉપયોગ (૨) અનાકાર ઉપયોગ |
| (૧૬) બે મરણ | (૧) સમવહત મરણ (૨) અસમવહત મરણ |
| (૧૭) ચાર ભંગ | (૧) અનાદિ અનંત–જે બોલ શા✓ત રહે અને અભવીમાં હોય તેમા આ ભંગ બને છે.<br>(૨) અનાદિસાંત– જે બોલ ભવીમાં મળે અને સિદ્ધાવસ્થામાં ન રહે તેમાં આ ભંગ બને છે.<br>(૩) સાદિઅનંત– જે બોલ અભવીમાં કે સંસારીમાં ન હોય, સિદ્ધમાં આ ભંગ હોય છે.<br>(૪) સાદિસાંત– જે બોલ અશા✓ત હોય અને સિદ્ધોમાં ન હોય એવા પરિવર્તનશીલ સર્વભાવોમાં આ ભંગ હોય છે. જેમાં આ ભંગ હોય છે તેની કાય સ્થિતિ કહેવાય છે. અર્થાત્ આ ભંગની કાયસ્થિતિ હોય છે. અન્ય ત્રણ ભંગોની કાય સ્થિતિ હોતી નથી. |



**વિશેષ :–** ગુણસ્થાન સ્વરૂપ તથા તેનો ચાર્ટ આ પુષ્પના પાછળના પૃષ્ઠોમાં પરિશિષ્ટ નંબર પાંચમાં જોવા, જે નવિન ચિંતનયુક્ત સ્પષ્ટ અને સરલ ભાષામાં સમજાવ્યા છે. કર્મ ગ્રંથ બીજા, ત્રીજાનો સારાંશ પણ ચાર્ટયુક્ત આપેલ છે.(બંધ, ઉદય, ઉદીરણા, સત્તા અને બંધ સ્વામિત્વ)

# જીવાભિગમ સૂત્ર

## દ્વિવિધા નામની પ્રથમ પ્રતિપત્તિ

**અજીવજ્ઞાન :–** અજીવના બે પ્રકાર છે– (૧) રૂપી (૨) અરૂપી

**(૧) અરૂપી અજીવ :–** તેના દસ પ્રકાર– ધર્માસ્તિકાય સ્કંધ, દેશ, પ્રદેશ; અધર્માસ્તિકાય સ્કંધ, દેશ, પ્રદેશ; આકાશાસ્તિકાય સ્કંધ, દેશ, પ્રદેશ અને દસમું અપ્રદેશી કાલ દ્રવ્ય.

**(૨) રૂપી અજીવ :–** તેના ચાર પ્રકાર– (૧) પુદ્ગલ સ્કંધ (૨) પુદ્ગલ દેશ (૩) પુદ્ગલ પ્રદેશ (૪) પરમાણુ પુદ્ગલ.

**જીવજ્ઞાન :–** જીવના બે પ્રકાર છે– સિદ્ધ અને સંસારી.

**(૧) સિદ્ધના પંદર પ્રકાર :–** (૧) તીર્થ સિદ્ધ (૨) અતીર્થ સિદ્ધ (૩) તીર્થંકર સિદ્ધ (૪) અતીર્થંકર સિદ્ધ (૫) સ્વયંબુદ્ધ સિદ્ધ (૬) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ (૭) બુદ્ધ બોધિત સિદ્ધ (૮) સ્ત્રીલિંગ સિદ્ધ (૯) પુઢષ લિંગ સિદ્ધ (૧૦) નપુંસક લિંગ સિદ્ધ (૧૧) સ્વલિંગ સિદ્ધ (૧૨) અન્ય લિંગ સિદ્ધ (૧૩) ગૃહસ્થ લિંગ સિદ્ધ (૧૪) એક સિદ્ધ (૧૫) અનેક સિદ્ધ.

સ્થિતિની અપેક્ષાથી સિદ્ધના ભેદ આ પ્રકારે છે– (૧) પ્રથમ સમય સિદ્ધ (૨) દ્વિતીય સમય સિદ્ધ (૩) તૃતીય સમય સિદ્ધ, ***યાવત્*** દસ સમયના સિદ્ધ, સંખ્યાત, અસંખ્યાત, અનંત સમયના સિદ્ધ. આ પ્રમાણે સિદ્ધોના અનેક ભેદ છે, તેને પરંપર સિદ્ધ કહેવાય છે.

**(૨) સંસારી જીવોના પ્રકાર :–**

| | |
|---|---|
| **બે પ્રકાર** | (૧) ત્રસ (૨) સ્થાવર. |
| **ત્રણ પ્રકાર** | (૧) સ્ત્રી (૨) પુઢષ (૩) નપુંસક. |
| **ચાર પ્રકાર** | (૧) નારક (૨) તિર્યંચ (૩) મનુષ્ય (૪) દેવ. |
| **પાંચ પ્રકાર** | (૧) એકેન્દ્રિય (૨) બેઇન્દ્રિય (૩) તેઇન્દ્રિય (૪) ચૌરેન્દ્રિય (૫) પંચેન્દ્રિય. |
| **છ પ્રકાર** | (૧) પૃથ્વી (૨) પાણી (૩) અગ્નિ (૪) વાયુ (૫) વનસ્પતિ (૬) ત્રસજીવ. |
| **સાત પ્રકાર** | (૧) નારકી (૨) તિર્યંચ (૩) તિર્યંચાણી (૪) મનુષ્ય (૫) મનુષ્યાણી (૬) દેવ (૭) દેવી. |
| **આઠ પ્રકાર** | (૧) પ્રથમ સમયના નારક (૨) અપ્રથમ સમયના નારક (૩) પ્રથમ સમયના તિર્યંચ (૪) અપ્રથમ સમયના તિર્યંચ (૫) પ્રથમ સમયના મનુષ્ય (૬) અપ્રથમ સમયના મનુષ્ય (૭) પ્રથમ સમયના દેવ (૮) અપ્રથમ સમયના દેવ. |
| **નવ પ્રકાર** | (૧) પૃથ્વી (૨) પાણી (૩) અગ્નિ (૪) વાયુ (૫) વનસ્પતિ (૬) બેઇન્દ્રિય (૭) તેઇન્દ્રિય (૮) ચૌરેન્દ્રિય (૯) પંચેન્દ્રિય. |
| **દસ પ્રકાર** | (૧) પ્રથમ સમયના એકેન્દ્રિય (૨) અપ્રથમ સમયના એકેન્દ્રિય (૩) પ્રથમ સમયના બેઇન્દ્રિય (૪) અપ્રથમ સમયના બેઇન્દ્રિય (૫) પ્રથમ સમયના તેઇન્દ્રિય (૬) અપ્રથમ સમયના તેઇન્દ્રિય (૭) પ્રથમ સમયના ચૌરેન્દ્રિય (૮) અપ્રથમ સમયના ચૌરેન્દ્રિય (૯) પ્રથમ સમયના પંચેન્દ્રિય (૧૦) અપ્રથમ સમયના પંચેન્દ્રિય. |



**ત્રસ–સ્થાવર બંને પ્રકારના સંસારી જીવો :–**

**સ્થાવર–** હલનચલન ન કરી શકે તેવા જીવો. તેના પાંચ ભેદ છે– પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય.

**(૧) પૃથ્વીકાય :–** પૃથ્વીકાયના બે ભેદ– સૂક્ષ્મ અને બાદર (૧) શરીર– ત્રણ, ઔદારિક, તેજસ, કાર્મણ (૨) અવગાહના– જઘન્ય, ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગની (૩) સંઘયણ– એક છેવટ્ઠું (૪) સંસ્થાન– મસૂરની દાળ ના આકારે (૫) કષાય– ચાર (૬) સંજ્ઞા– ચાર (૭) લેશ્યા– સૂક્ષ્મમાં ત્રણ, બાદરમાં ચાર (૮) ઇન્દ્રિય– સ્પર્શેન્દ્રિય (૯) સમુદ્ઘાત– ત્રણ. વેદનીય, કષાય, મારણાંતિક (૧૦) સંજ્ઞી– અસંજ્ઞી છે. (૧૧) વેદ– નપુંસક (૧૨) પર્યાપ્તિ– પ્રથમ ચાર (૧૩) દૃષ્ટિ– મિથ્યાત્વ (૧૪) દર્શન– અચક્ષુ દર્શન (૧૫) જ્ઞાન– બે અજ્ઞાન (૧૬) યોગ– કાયયોગ (૧૭) ઉપયોગ– બે. સાકાર અને અનાકાર.

(૧૮) આહાર– બસો અઠ્યાસી પ્રકારે આહાર કરે. જેમાં– **૧.** અસંખ્યાત પ્રદેશની અવગાહનાવાળા, **૨.** અનંત પ્રદેશી આહાર વર્ગણાના પુદ્ગલોનો આહાર કરે છે. **૩ થી ૧૪.** એક સમયથી ***યાવત્*** અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલ ગ્રહણ કરે છે. **૧૫ થી ૨૭.** એક ગુણ કાળો ***યાવત્*** અનંત ગુણ કાળા વર્ણના પુદ્ગલ ગ્રહણ કરે છે. **૨૮ થી ૨૭૪.** કાળાની જેમ શેષ ૪ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ; આ ૧૯ના ૧૩-૧૩ બોલના પુદ્ગલો ગ્રહણ કરે છે. **૨૭૫ થી ૨૮૬.** સ્પૃષ્ટ, અવગાઢ, પરંપર-અવગાઢ, સૂક્ષ્મ, સ્થૂલ, ઊંચા, નીચા, તીરછા, આદિ, મધ્ય, અંતથી, સ્વવિષયક પુદ્ગલોનો અનુક્રમથી પ્રાપ્ત પુદ્ગલોનો આહાર કરે છે. **૨૮૭.** લોકાંતે રહેલા સૂક્ષ્મ પૃથ્વીકાય ત્રણ, ચાર કે પાંચ દિશાનો આહાર ગ્રહણ કરે છે. શેષ સર્વ પૃથ્વીના જીવો છ દિશાનો આહાર ગ્રહણ કરે છે. **૨૮૮.** પોતાના આત્મ શરીર અવગાહનામાં રહેલા આહાર વર્ગણાના પુદ્ગલોનો આહાર કરે છે. આ પ્રમાણે આહારની અપેક્ષાથી ૨૮૮ બોલોની વિચારણા કરાય છે.

(૧૯) ઉત્પત્તિ– સૂક્ષ્મ પૃથ્વીકાયમાં તિર્યંચ અને મનુષ્ય બે ગતિના જીવો આવે તથા બાદર પૃથ્વીકાયમાં તિર્યંચ, મનુષ્ય અને દેવ તે ત્રણ ગતિના જીવો ઉત્પન્ન થાય છે. (૨૦) સ્થિતિ– સૂક્ષ્મમાં જઘન્ય–ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની અને બાદરમાં જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષની. (૨૧) મરણ– સમોહિયા,

અસમોહિયા બંને પ્રકારના મરણ. (૨૨) ગતિ– તિર્યંચ અને મનુષ્યની તિર્યંચમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિયમાં જાય.

**(૨) અપ્કાય–** (૧) સંસ્થાન– પાણીના પરપોટા જેવું (૨) સ્થિતિ–બાદર અપકાયની ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષની. શેષ વર્ણન પૃથ્વીકાય વત્.

**(૩) વનસ્પતિકાય–** તેના સૂક્ષ્મ સાધારણ અને પ્રત્યેક એમ ત્રણ પ્રકાર છે. પ્રત્યેક વનસ્પતિના બાર ભેદ છે– **૧.** વૃક્ષ **૨.** ગુચ્છ **૩.** ગુલ્મ **૪.** લતા **૫.** વેલ **૬.** પર્વક **૭.** તૃણ **૮.** વલય **૯.** હરિત **૧૦.** ધાન્ય **૧૧.** જલજ **૧૨.** કુહણ.

**અવગાહના–** ઉત્કૃષ્ટ– ૧૦૦૦ યોજન સાધિક. **સંસ્થાન–** વિવિધ પ્રકારના **સ્થિતિ–** ઉત્કૃષ્ટ ૧૦,૦૦૦ વર્ષની. શેષ વર્ણન પૃથ્વીકાયવત્ જાણવું.

**(૪) તેઉકાય–** સૂક્ષ્મ–બાદર બંનેનું સંસ્થાન સોયના ભારા જેવું, ઉપપાત–બે ગતિમાંથી આવે તિર્યંચ તથા મનુષ્ય, ગતિ– એક તિર્યંચની છે. લેશ્યા– પ્રથમની ત્રણ, સ્થિતિ– ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રીની. શેષ વર્ણન પૃથ્વીકાયવત્.

**(૫) વાયુકાય–** સૂક્ષ્મ–બાદર બંને ભેદોમાં સંસ્થાન ધ્વજા પતાકા જેવું, બાદર વાયુકાયમાં શરીર ચાર છે. સમુદ્ઘાત– ચાર પ્રથમ, સ્થિતિ– ઉત્કૃષ્ટ ૩૦૦૦ વર્ષની, શેષ વર્ણન તેઉકાયવત્.

**ત્રસ–** હલનચલન કરી શકે તેવા જીવો. તેના મુખ્ય ચાર ભેદ છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય.

**(૬) બેઇન્દ્રિય–** (૧) શરીર– ત્રણ (૨) અવગાહના– ઉત્કૃષ્ટ ૧૨ યોજન (૩) સંઘયણ– એક છેવટું (૪) સંસ્થાન– હૂંડ (૫) કષાય– ચાર (૬) સંજ્ઞા– ચાર (૭) લેશ્યા– ત્રણ (૮) ઇન્દ્રિય– બે (૯) સમુદ્ઘાત– ત્રણ (૧૦) સંજ્ઞી– અસંજ્ઞી છે. (૧૧) વેદ– નપુંસક વેદ (૧૨) પર્યાપ્તિ– પાંચ (૧૩) દષ્ટિ– બે (૧૪) દર્શન– એક (૧૫) જ્ઞાન– બે જ્ઞાન, બે અજ્ઞાન (૧૬) યોગ– બે (૧૭) ઉપયોગ– બે (૧૮) આહાર– છ દિશામાંથી, ૨૮૮ બોલનો પૂર્વવત્ (૧૯) ઉત્પત્તિ– મનુષ્ય તથા તિર્યંચ બે ગતિના આવે (૨૦) સ્થિતિ– ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ (૨૧) મરણ બંને પ્રકારના (૨૨) ગતિ– મનુષ્ય અને તિર્યંચમાં જાય.

**(૭) તેઇન્દ્રિય–** અવગાહના– ત્રણ ગાઉ, ઇન્દ્રિય– ત્રણ, સ્થિતિ– ૪૯ અહોરાત્રિની, શેષ વર્ણન બેઇન્દ્રિયવત્.

**(૮) ચૌરેન્દ્રિય–** અવગાહના– ચાર ગાઉ, ઇન્દ્રિય–૪, દર્શન– બે, ચક્ષુ અને અચક્ષુ, સ્થિતિ– ઉત્કૃષ્ટ છ માસ, શેષ વર્ણન બેઇન્દ્રિયવત્.

**પંચેન્દ્રિય** ના ચાર ભેદ છે– નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ.

**(૯) નારકી–** (૧) શરીર– ત્રણ; વૈક્રિય, તેજસ, કાર્મણ (૨) અવગાહના– જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય. ઉત્તર વૈક્રિય કરે તો જઘન્ય



અંગુલનો સંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ ૧૦૦૦ ધનુષ્ય (૩) સંઘયણ– નથી (૪) સંસ્થાન– હૂંડ (૫) કષાય– ચાર (૬) સંજ્ઞા– ચાર (૭) લેશ્યા– ત્રણ (૮) ઇન્દ્રિય– પાંચ (૯) સમુદ્ઘાત– પ્રથમના ચાર (૧૦) સંજ્ઞી– અસંજ્ઞી અલ્પ સમય રહે તેથી બંને (૧૧) વેદ– નપુંસક વેદ (૧૨) પર્યાપ્તિ– છ (૧૩) દષ્ટિ– ત્રણ (૧૪) દર્શન– ત્રણ (૧૫) જ્ઞાન– ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન (૧૬) યોગ– ત્રણ (૧૭) ઉપયોગ– બે (૧૮) આહાર– ૨૮૮ ભેદ પૂર્વવત્ (૧૯) ઉત્પત્તિ– મનુષ્ય અને તિર્યંચ બે ગતિના (૨૦) સ્થિતિ– જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ (૨૧) મરણ– બંને પ્રકારના (૨૨) ગતિ– બે, મનુષ્ય અને તિર્યંચમાં.

**(૧૦) અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય :–** તેના પાંચ પ્રકાર– (૧) જલચર (૨) સ્થલચર (૩) ખેચર (૪) ઉરપરિ સર્પ (૫) ભુજપરિ સર્પ.

(૨) અવગાહના– જલચરની ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન, સ્થલચરની અનેક ગાઉ, ખેચરની અનેક ધનુષ્ય, ઉરપરિ સર્પની અનેક યોજન, ભુજપરિસર્પ અનેક ધનુષ્ય (૮) ઇન્દ્રિય– પાંચ (૨૦) ઉત્કૃષ્ટ સ્થિતિ– જલચરની એક ક્રોડપૂર્વ, સ્થલચરની ૮૪,૦૦૦ વર્ષ, ખેચર, ૭૨, ૦૦૦ વર્ષ, ઉરપરિ સર્પ ૫૩,૦૦૦ વર્ષ, ભુજપરિ સર્પ ૪૨,૦૦૦ વર્ષ (૨૨) ગતિ– પ્રથમ નરક, બધા તિર્યંચ, અકર્મભૂમિ છોડીને શેષ સર્વ મનુષ્ય અને ભવનપતિ તથા વાણવ્યંતરમાં જાય છે. શેષ વર્ણન ચૌરેન્દ્રિયવત્.

**(૧૧) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય :–** (૧) જલચર આદિ પાંચ ભેદ છે– (૧) શરીર– ચાર (૨) અવગાહના–ઉત્કૃષ્ટ જલચરની ૧૦૦૦ યોજન, સ્થલચરની છ ગાઉ, ખેચરની અનેક ધનુષ્ય, ઉરપરિસર્પ– ૧૦૦૦ યોજન, ભુજપરિ સર્પ– અનેકગાઉ (૩) સંઘયણ– છ (૪) સંસ્થાન– છ (૫) કષાય– ચાર (૬) સંજ્ઞા– ચાર (૭) લેશ્યા– છ (૮) ઇન્દ્રિય– પાંચ (૯) સમુદ્ઘાત– પાંચ પ્રથમના (૧૦) સંજ્ઞી– એક સંજ્ઞી છે (૧૧) વેદ–ત્રણ (૧૨) પર્યાપ્તિ– છ (૧૩) દષ્ટિ– ત્રણ (૧૪) દર્શન– ત્રણ (૧૫) જ્ઞાન– ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન (૧૬) યોગ– ત્રણ (૧૭) ઉપયોગ– બે (૧૮) આહાર– છ દિશામાંથી, ૨૮૮ બોલનો પૂર્વવત્ (૧૯) ઉત્પત્તિ– ચારે ગતિમાંથી આવે (૨૦) સ્થિતિ– જલચરની ક્રોડપૂર્વની, સ્થલચરની ત્રણ પલ્યોપમની, ખેચરની પલ્યોપમના અસંખ્યાતમા ભાગની, ઉરપરિસર્પ– ક્રોડપૂર્વ, ભુજપરિસર્પ ક્રોડપૂર્વ; આ ઉત્કૃષ્ટ સ્થિતિ છે (૨૧) મરણ બંને (૨૨) ગતિ– ચારે ગતિમાં જાય. દેવમાં– આઠ દેવલોક સુધી જાય. નરકમાં– ભુજપરિસર્પ બે નરક સુધી, ખેચર ત્રણ નરક સુધી, સ્થલચર ચાર નરક સુધી, ઉરપરિ સર્પ પાંચ નરક સુધી, જલચર સાત નરક સુધી, જલચર તિર્યંચાણી અને મનુષ્યાણી છ નરક સુધી.

**(૧૨) અસંજ્ઞી મનુષ્ય–** (૪) સંસ્થાન– હૂંડ, (૮) ઈન્દ્રિય– પાંચ (૧૨) પર્યાપ્તિ– દેશોન ચાર(ચોથી અપૂર્ણ) (૧૪) દર્શન– બે (૧૮) આહાર– નિયમા છ દિશામાંથી ૨૮૮ બોલનો પૂર્વવત્ (૧૯) ઉત્પત્તિ– તેઉ–વાયુને છોડીને તિર્યંચ તથા મનુષ્યમાંથી. શેષ વર્ણન સૂક્ષ્મપૃથ્વીકાયવત્.

**(૧૩) સંજ્ઞી મનુષ્ય–** (૧) શરીર– પાંચ (૨) અવગાહના– ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ, વૈક્રિયની અપેક્ષાએ એક લાખ યોજન સાધિક (૩) સમુદ્ઘાત– ૭ (૪) દર્શન– ચાર (૧૫) જ્ઞાન– પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન (૧૯) ઉત્પત્તિ– ચારે ગતિમાંથી આવે, તેઉ– વાયુ અને સાતમી નરક સિવાય (૨૦) સ્થિતિ– ઉત્કૃષ્ટ ત્રણ પલ્ય (૨૨) ગતિ– ચારે ગતિ અને મોક્ષમાં જાય, શેષ વર્ણન સંજ્ઞી તિર્યંચવત્.

**વિશેષ :–** અલેશી, અયોગી, અકષાય, અવેદી, અનિન્દ્રિય, નોસંજ્ઞી નોઅસંજ્ઞી અને અણાહારક પણ હોય છે.

**(૧૪) દેવ :–** તેના ચાર પ્રકાર– ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક. (૧) શરીર– ત્રણ. વૈક્રિય, તેજસ, કાર્મણ (૨) અવગાહના– ઉત્કૃષ્ટ સાત હાથની, ઉત્તર વૈક્રિયની અપેક્ષા ૧ લાખ યોજન (૩) સંઘયણ– નથી. શુભ પુદ્ગલોનું પરિણમન થાય છે. (૪) સંસ્થાન– સમચઉરંસ; ઉત્તર વૈક્રિયમાં વિવિધ સંસ્થાન (૫) કષાય– ચાર (૬) સંજ્ઞા– ચાર (૭) લેશ્યા– ભવનપતિ, વાણવ્યંતરમાં ચાર, જ્યોતિષીથી બીજા દેવલોક સુધી એક તેજો, ત્રીજાથી પાંચમાં દેવલોક સુધી એક પદ્મ, છટ્ઠા દેવલોકથી સર્વાર્થ સિદ્ધ સુધી શુક્લ લેશ્યા(અનુત્તર વિમાનમાં પરમ શુક્લલેશ્યા) (૮) ઈન્દ્રિય– પાંચ (૯) સમુદ્ઘાત– નવગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં ત્રણ, શેષ સર્વને પ્રથમના પાંચ (૧૦) સંજ્ઞી–અસંજ્ઞી બંને (૧૧) વેદ– બીજા દેવલોક સુધી બે, ત્રીજા દેવલોકથી ઉપરના દેવલોકમાં એક (૧૨) પર્યાપ્તિ– પાંચ(ભાષા-મન સાથે બાંધે).

(૧૩) દષ્ટિ– સર્વ દેવોમાં ત્રણ પરંતુ અનુત્તર વિમાનમાં એક, (૧૪) દર્શન– ત્રણ (૧૫) જ્ઞાન– પાંચ અનુત્તરમાં ત્રણ જ્ઞાન. શેષ સર્વ દેવોને ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન. (પંદર પરમાધામી અને ત્રણ કિલ્વિષીમાં એક મિથ્યાદષ્ટિ અને ત્રણ અજ્ઞાન હોય છે) (૧૬) યોગ– ત્રણ (૧૭) ઉપયોગ– બંને (૧૮) આહાર– છ દિશામાંથી, ૨૮૮ પ્રકારે (૧૯) ઉત્પત્તિ– મનુષ્ય અને તિર્યંચ બે ગતિના આવે (૨૦) સ્થિતિ– ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની (૨૧) મરણ બંને (૨૨) ગતિ– બીજા દેવલોક સુધી પૃથ્વી પાણી, વનસ્પતિ, સંજ્ઞી તિર્યંચ, સંજ્ઞી મનુષ્ય અને ત્રીજાથી આઠમા દેવલોક સુધી સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય તેનાથી ઉપર દેવલોકના દેવો એક મનુષ્યની ગતિમાં જાય.



## લઘુદંડક(દંડક પ્રકરણ) – પ્રથમ પ્રતિપત્તિ :–

| જીવ | શરીર | અવગાહના | | સંઘયણ | સંસ્થાન | કષાય |
|---|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | | | |
| પૃથ્વીકાય | ૩ | અંગુલનો અસં૦ ભાગ | અંગુલનો અસં૦ ભાગ | છેવટ્ઠુ | મસુરદાળ | ૪ |
| અપ્કાય | ૩ | " | " | " | પાણીના પરપોટા | ૪ |
| તેઉકાય | ૩ | " | | " | સોયનો ભારો | ૪ |
| વાયુકાય | ૪ | " | " | " | ધ્વજા | ૪ |
| વનસ્પતિકાય | ૩ | " | ૧૦૦૦ યોજન સાધિક | " | વિવિધ | ૪ |
| અસંજ્ઞી મનુષ્ય | ૩ | " | અંગુલનો અસં૦ ભાગ | " | હૂંડ | ૪ |
| બેઈન્દ્રિય | ૩ | " | ૧૨ યોજન | " | " | ૪ |
| તેઈન્દ્રિય | ૩ | " | ૩ ગાઉ | " | " | ૪ |
| ચોરેન્દ્રિય | ૩ | " | ૪ ગાઉ | " | " | ૪ |
| અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૩ | " | ૧૦૦૦ યોજન<br>અનેક ગાઉ<br>અનેક ધનુષ્ય<br>અનેક યોજન<br>અનેક ધનુષ્ય | " | " | ૪ |
| સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૪ | "<br>સં૦ ભાગ | ૧૦૦૦ યોજન<br>છ ગાઉ<br>અનેક ધનુષ્ય<br>૧૦૦૦ યોજન<br>અનેક ગાઉ<br>વૈક્રિય, અનેક સો યોજન | ૬ | ૬ | ૪ |
| સંજ્ઞી મનુષ્ય | ૫ | અસં૦ ભાગ<br>સં૦ ભાગ | ૩ ગાઉ<br>વૈ૦ ૧ લાખ યો૦ સાધિક | ૬ | ૬ | ૪/× |
| નારકી | ૩ | અસં૦ ભાગ<br>સં૦ ભાગ | ૫૦૦ ધનુષ્ય<br>વૈક્રિય– ૧૦૦૦ યોજન | × | હૂંડક | ૪ |
| દેવતા | ૩ | અસં૦ ભાગ<br>સં૦ ભાગ | ૭ હાથ<br>વૈક્રિય, ૧ લાખ યોજન | × | સમચઉરંસ | ૪ |

| જીવ | સંજ્ઞા | લેશ્યા | ઈન્દ્રિય | સમુદ્‌ઘાત | અસંજ્ઞી-સંજ્ઞી | વેદ | પર્યાપ્તિ | દૃષ્ટિ | દર્શન | જ્ઞાન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પૃથ્વીકાય | ૪ | ૪ | ૧ | ૩ | અસંજ્ઞી | ૧ | ૪ | ૧ | ૧ | ૨ |
| અપકાય | ૪ | ૪ | ૧ | ૩ | " | ૧ | ૪ | ૧ | ૧ | ૨ |
| તેઉકાય | ૪ | ૩ | ૧ | ૩ | " | ૧ | ૪ | ૧ | ૧ | ૨ |
| વાયુકાય | ૪ | ૩ | ૧ | ૪ | " | ૧ | ૪ | ૧ | ૧ | ૨ |
| વનસ્પતિકાય | ૪ | ૪ | ૧ | ૩ | " | ૧ | ૪ | ૧ | ૧ | ૨ |
| અસંજ્ઞી મનુષ્ય | ૪ | ૩ | ૫ | ૩ | " | ૧ | ૩/૪ | ૧ | ૧ | ૨ |
| બેઈન્દ્રિય | ૪ | ૩ | ૨ | ૩ | " | ૧ | ૫ | ૨ | ૧ | ૨+૨ |
| તેઈન્દ્રિય | ૪ | ૩ | ૩ | ૩ | " | ૧ | ૫ | ૨ | ૧ | ૨+૨ |
| ચૌરેન્દ્રિય | ૪ | ૩ | ૪ | ૩ | " | ૧ | ૫ | ૨ | ૨ | ૨+૨ |
| અસંજ્ઞી તિર્યંચ | ૪ | ૩ | ૫ | ૩ | " | ૧ | ૫ | ૨ | ૨ | ૨+૨ |
| સંજ્ઞી તિર્યંચ | ૪ | ૬ | ૫ | ૫ | સંજ્ઞી | ૩ | ૬ | ૩ | ૩ | ૩+૩ |
| સંજ્ઞી મનુષ્ય | ૪/× | ૬/× | ૫/× | ૭ | "/× | ૩/× | ૬ | ૩ | ૪ | ૩+૫ |
| નારકી | ૪ | ૩ | ૫ | ૪ | અસંજ્ઞી-સંજ્ઞી | ૧ | ૬/૫ | ૩ | ૩ | ૩+૩ |
| દેવતા | ૪ | ૬ | ૫ | ૫ | અસંજ્ઞી-સંજ્ઞી | ૨ | ૬/૫ | ૩ | ૩ | ૩+૩ |



| જીવ | યોગ | ઉપયોગ | આહાર | | આગતિ ઉત્પત્તિ | ગતિ | સ્થિતિ ઉત્કૃષ્ટ | મરણ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૮૮ | દિશા | | | | |
| પૃથ્વીકાય | ૧ | ૨ | ૨૮૮ | –૩/૪/૫/૬ | ૩ | ૨ | ૨૨૦૦૦ વર્ષ | ૨ |
| અપ્કાય | " | " | " | " | " | ૨ | ૭૦૦૦ વર્ષ | " |
| તેઉકાય | " | " | " | " | ૨ | ૧ | ત્રણ અહોરાત્ર | " |
| વાયુકાય | " | " | " | " | ૨ | ૧ | ૩૦૦૦ વર્ષ | " |
| વનસ્પતિકાય | " | " | " | " | ૩ | ૨ | ૧૦૦૦૦ વર્ષ | " |
| અસંજ્ઞી મનુષ્ય | " | " | " | ૬ દિશાનો | ૨ | ૨ | અંતર્મુહૂર્ત | " |
| બેઈન્દ્રિય | ૨ | " | " | " | ૨ | ૨ | ૧૨ વર્ષ | " |
| તેઈન્દ્રિય | " | " | " | " | ૨ | ૨ | ૪૯ દિવસ | " |
| ચૌરેન્દ્રિય | " | " | " | " | ૨ | ૨ | ૬ માસ | " |
| અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | " | " | " | " | ૨ | ૪ | ૧ ક્રોડપૂર્વ,<br>૮૪૦૦૦ વર્ષ<br>૭૨૦૦૦ વર્ષ<br>૫૩૦૦૦ વર્ષ<br>૪૨૦૦૦ વર્ષ | "<br>"<br>"<br>"<br>" |
| સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૩ | " | " | " | ૪ | ૪ | ક્રોડપૂર્વ<br>ત્રણ પલ્યોપમ,<br>પલ્યોનો અસં.<br>ક્રોડપૂર્વ<br>ક્રોડપૂર્વ | " |
| સંજ્ઞી મનુષ્ય | ૩ | " | " | " | ૪ | ૪ | ત્રણ પલ્યોપમ | " |
| નારકી | ૩ | " | " | " | ૨ | ૨ | ૧૦૦૦૦ વર્ષ<br>૩૩ સાગરોપમ | " |
| દેવતા | ૩ | " | " | " | ૨ | ૨ | ૧૦૦૦૦ વર્ષ<br>૩૩ સાગરોપમ | " |

**ચાર્ટને સમજવા માટે સૂચના :–** (૧) લઘુદંડકના થોકડામાં બોલાતી ઘણી વિગત અહીં સૂત્રમાં નથી. માટે અહીં પ્રસ્તુત સૂત્રોનો સારાંશ આપ્યો છે. (૨) જ્ઞાન, લેશ્યા, સમુદ્‌ઘાતની સંખ્યાઓમાં ક્રમથી જ સમજવું (૩) શરીર– ત્રણમાં ઔદારિક, તેજસ, કાર્મણ અથવા વૈક્રિય, તૈજસ, કાર્મણ, ચાર શરીરમાં આહારક છોડીને, પાંચ શરીરમાં સર્વ શરીર (૪) મનુષ્યની અવગાહના અને સ્થિતિના સૂત્રોમાં છ આરા પ્રમાણે આપી નથી (૫) જઘન્ય સ્થિતિ કોષ્ટકમાં આપી નથી તે અંતર્મુહૂર્તની સમજવી (૬) નારકી અને દેવતાની અવગાહના તથા સ્થિતિ અહીં અલગ અલગ કહેવામાં આવી નથી. (૭) સૂત્રમાં નારક તથા દેવની પર્યાપ્તિ છ હોવા છતાં પણ પાંચ કહેવામાં આવી છે. (૮) અવગાહનામાં અંતમાં ઉત્તર

વૈક્રિયની અવગાહના કહી છે. (૯) યોગ– ૩ તથા ઉપયોગ– ૨ ની અપેક્ષાથી સૂત્રમાં વર્ણન છે (૧૦) લઘુદંડકમાં આવતા ચ્યવન, ઉપપાત, પ્રાણ આદિ દ્વાર સૂત્રપાઠમાં નથી (૧૧) પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ આ ક્રમથી સૂત્રમાં વર્ણન છે. કોષ્ટકમાં અસંજ્ઞી મનુષ્ય અને નારકીના ક્રમમાં પરિવર્તન કર્યું છે. (૧૨) અકર્મભૂમિ અને અંતરદ્વીપના મનુષ્ય અને સિદ્ધોનું વર્ણન પણ સૂત્રમાં નથી, થોકડામાં છે. (૧૩) અસંજ્ઞી મનુષ્યની ચોથી પર્યાપ્તિ અપૂર્ણ રહે છે. ત્રણ પૂર્ણ થાય છે. (૧૪) પૃથકત્વ અને પ્રત્યેક શબ્દનો પ્રયોગ ન કરતા **અનેક** શબ્દોનો પ્રયોગ કર્યો છે. આ વિષયક ચર્ચા–સ્પષ્ટીકરણ પરિશિષ્ટમાં જુઓ. (૧૫) જઘન્ય અવગાહના સર્વત્ર અંગુલના અસંખ્યાતમા ભાગની છે, પંચેન્દ્રિયોમાં ઉત્તર વૈક્રિયની જઘન્ય અંગુલના સંખ્યાતમા ભાગની છે.

**ત્રસ–સ્થાવર જીવોની સ્થિતિ આદિ :–**

| જીવ | સ્થિતિ | કાયસ્થિતિ | અંતર | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| ત્રસ | ૩૩ સાગરો | ૨૦૦૦ સાગરો સાધિક | વનસ્પતિકાલ | ૧. અલ્પ. |
| સ્થાવર | ૨૨,૦૦૦ વર્ષ | વનસ્પતિકાલ | ૨૦૦૦ સાગર સાધિક | ૨. અનંતગુણા |

***નોંધ :–*** *સ્થિતિ, કાયસ્થિતિ અને અંતર જઘન્ય અંતર્મુહૂર્ત છે.*

**॥ પ્રથમ પ્રતિપત્તિ સંપૂર્ણ ॥**

## ત્રિવિધા નામની બીજી પ્રતિપત્તિ

**સ્ત્રીવર્ણન :–**

સંસારી જીવ ત્રણ પ્રકારના છે– સ્ત્રી, પુરુષ, નપુંસક. જેમાં સ્ત્રીઓ ત્રણ પ્રકારની છે– (૧) તિર્યંચ યોનિક સ્ત્રી– તિર્યંચાણી (૨) મનુષ્યાણી (૩) દેવી. તિર્યંચાણીના પાંચ ભેદ અને બીજા ભેદાનુભેદ છે. મનુષ્યાણીના કર્મભૂમિ આદિની અપેક્ષાથી ત્રણ ભેદ છે અને ભરતક્ષેત્ર આદિની અપેક્ષાથી ભેદાનુભેદ છે. દેવીના ભવનપતિ આદિ ચાર ભેદ છે અને અસુર આદિ ભેદાનુભેદ છે.

**સ્થિતિ :–** (૧) સમુચ્ચય સ્ત્રીની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટમાં ચાર વિકલ્પ છે– (૧) ૫૫ પલ્ય (૨) ૫૦ પલ્ય (૩) ૯ પલ્ય (૪) ૭ પલ્ય.

(૨) તિર્યંચાણીની સ્થિતિ– પ્રથમ પ્રતિપત્તિમાં કહેલી સંજ્ઞી તિર્યંચવત્ છે.

(૩) સામાન્ય મનુષ્યાણીની સ્થિતિ– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્ય, સાધ્વીની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ. આ પ્રકારે પંદર કર્મભૂમિમાં સ્થિતિ છે. અકર્મભૂમિ અને અંતરદ્વીપમાં જન્મની અપેક્ષાએ જઘન્ય સ્થિતિ, ઉત્કૃષ્ટ સ્થિતિથી કંચિત્ ઓછી હોય છે. સાહરણની અપેક્ષાએ જઘન્ય



અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ.

(૪) ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક, આદિની દેવીની સ્થિતિ પોતાના સ્થાનની સ્થિતિ પ્રમાણે હોય છે.

**કાયસ્થિતિ :–** (૧) સમુચ્ચય સ્ત્રીની કાયસ્થિતિ જઘન્ય એક સમયની હોય છે અને ઉત્કૃષ્ટમાં પાંચ વિકલ્પ છે– (૧) અનેક(ત્રણ) પલ્યોપમ સાધિક અનેક (સાત) ક્રોડપૂર્વ (૨) ૧૧૦ પલ્યોપમ (૩) ૧૦૦ પલ્યોપમ (૪)૧૮ પલ્યોપમ (૫) ૧૪ પલ્યોપમ.

(૨) તિર્યંચાણીની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ અને સાત ક્રોડપૂર્વ અધિક.

(૩) સામાન્ય મનુષ્યાણીની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ અનેક(સાત) કરોડપૂર્વ, સાધ્વી(ધર્માચારણી)ની અપેક્ષાએ કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ દેશોન ક્રોડ પૂર્વ.

અકર્મભૂમિની સ્ત્રીની કાયસ્થિતિ જન્મની અપેક્ષા જઘન્ય પોતાની સ્થિતિથી થોડી(અંતર્મુહૂર્ત) ઓછી અને ઉત્કૃષ્ટ પૂર્ણ સ્થિતિ હોય છે. સાહરણની અપેક્ષાથી જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સાધિક દેશોન ક્રોડપૂર્વ (સાહરણ કરીને લવાયેલી વ્યક્તિ અકર્મભૂમિમાં પોતાનું અવશેષ દેશોન ક્રોડપૂર્વ) આયુષ્ય પૂર્ણ કરી પાછા તે જ ક્ષેત્રમાં જન્મ લઈ યુગલિક બની જાય તો આ કાયસ્થિતિ સંભવે છે.

(૪) દેવીની કાયસ્થિતિ તેમની સ્થિતિ પ્રમાણે જ હોય છે.

**અંતર :–** સમુચ્ચય સ્ત્રીનું જઘન્ય ૧ સમયનું, તિર્યંચાણી, દેવી અને મનુષ્યાણીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિ કાલ, ધર્માચારિણી(સાધ્વી) મનુષ્યાણીનું અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન.

અકર્મભૂમિ સ્ત્રીનું અંતર જન્મની અપેક્ષા જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અધિક અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિ કાલ, સાહરણની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિ કાલ (૧) યુગલિક મરીને પહેલા દેવગતિમાં જાય. પછી અંતર્મુહૂર્ત માટે તિર્યંચ બને અને ત્યાંથી યુગલિક મનુષ્યનું આયુષ્ય બાંધીને અકર્મભૂમિમાં જન્મે તો આ અપેક્ષાથી ઉપરોકત અંતર થાય છે. (૨) સાહરણ કરીને કોઈ વ્યક્તિને અકર્મભૂમિમાં લાવે, તત્કાલ ત્યાં મરીને અંતર્મુહૂર્ત માટે તિર્યંચ બને અને પુનઃ અકર્મભૂમિમાં જન્મ ધારણ કરે, તો જઘન્ય અંતર્મુહૂર્તનું અંતર થાય છે. દેવીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિ કાલ.

***નોંધ :– સામાન્ય મનુષ્યાણીમાં એક સમયની કાયસ્થિતિ થતી નથી. ધર્માચારણી સ્ત્રીમાં ભાવની અપેક્ષાથી સ્વાભાવિક જ એક સમયની અવસ્થિતિ સંભવે છે.***

**અલ્પબહુત્વ :–** સર્વથી થોડી મનુષ્યાણી, તેનાથી તિર્યંચાણી અસંખ્યાતગુણી તેનાથી દેવી અસંખ્યાતગણી.

**સ્ત્રીવેદનો બંધ :–** જઘન્ય એક સાગરોપમના સાતીયા દોઢ ભાગ $\frac{1\frac{1}{2}}{7}$ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન, ઉત્કૃષ્ટ ૧૫ ક્રોડા-ક્રોડી સાગરોપમ, અબાધા કાલ ૧૫૦૦ વર્ષનો. સ્ત્રીવેદનો સ્વભાવ કરીષ-અગ્નિ સમાન હોય છે.

## પુરુષ વર્ણન :–

તેના ત્રણ પ્રકાર છે– તિર્યંચ, મનુષ્ય, દેવ. તેના ભેદ-પ્રભેદ પૂર્વવત્ છે.

**સ્થિતિ :–** (૧) સમુચ્ચય પુરુષની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ (૨) તિર્યંચની સ્થિતિ પાંચ ભેદની પૂર્વવત્ (૩) મનુષ્યની સ્થિતિ સ્ત્રીવત્. અકર્મભૂમિમાં પણ સ્ત્રીવત્ (૪) દેવોની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ.

**કાયસ્થિતિ :–** (૧) સમુચ્ચય પુરુષની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમ સાધિક (૨) તિર્યંચ પુરુષની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, અનેક(સાત) કરોડ પૂર્વ અધિક (૩) સામાન્ય મનુષ્યની કાયસ્થિતિ તિર્યંચવત્, ધર્માચરણી(સાધુ) પુરુષની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન કરોડપૂર્વ, અકર્મભૂમિના મનુષ્યની કાયસ્થિતિ અકર્મભૂમિની સ્ત્રીવત્ (૪) દેવોની સ્થિતિવત્ કાયસ્થિતિ હોય છે.

**અંતર :–** સમુચ્ચય પુરુષનું જઘન્ય ૧ સમય, તિર્યંચ, મનુષ્ય અને દેવ પુરુષનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ. ધર્માચારણી(સાધુ) મનુષ્યનું અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તન, અકર્મભૂમિના પુરુષનું અંતર સ્ત્રીવત્ છે.

દેવોનું અંતર આઠમાં દેવલોક સુધી જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિ કાલ, નવમા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધી જઘન્ય અનેક વર્ષ, ઉત્કૃષ્ટ વનસ્પતિ કાલ, અનુત્તર દેવોનું અંતર જઘન્ય અનેક વર્ષ, ઉત્કૃષ્ટ સંખ્યાતા સાગરોપમ સાધિક.

**અલ્પબહુત્વ :–** સર્વથી થોડા મનુષ્ય, તેનાથી તિર્યંચ પુરુષ અસંખ્યાતગુણા, તેનાથી દેવ પુરુષ અસંખ્યાતગણા.

**પુરુષવેદનો બંધ :–** જઘન્ય આઠ વર્ષ, ઉત્કૃષ્ટ ૧૦ ક્રોડ-ક્રોડી સાગરોપમ, અબાધાકાલ ૧૦૦૦ વર્ષ, પુરુષ વેદનું સ્વરૂપ વનદાવાગ્નિની ઝાળ સમાન છે.

## નપુંસક વર્ણન :–

નપુંસક ત્રણ પ્રકારના હોય છે. નારકી, તિર્યંચ અને મનુષ્ય. સાત નરકના સાત ભેદ છે. તિર્યંચના પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય આદિ ભેદ છે. મનુષ્યના કર્મભૂમિ આદિ ભેદ છે.



**સ્થિતિ:–** (૧) સમુચ્ચય નપુંસકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૩૩ સાગર. (૨) નારકી નપુંસકની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગર. (૩) તિર્યંચ નપુંસકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ કરોડપૂર્વ. (૪) સામાન્ય મનુષ્ય નપુંસકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ કરોડપૂર્વ, ધર્માચારણી મનુષ્ય નપુંસકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વ.

અકર્મભૂમિ આદિના નપુંસકની સ્થિતિ **જન્મની** અપેક્ષા જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. **સંહરણની** અપેક્ષા જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ.

**કાયસ્થિતિ :–** (૧) સમુચ્ચય નપુંસકની કાયસ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ વનસ્પતિ કાલ (૨) નારક નપુંસકની જઘન્ય ૧૦૦૦૦ વર્ષ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ (૩) તિર્યંચ નપુંસકની જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિ કાલ. તેમાં ચાર સ્થાવરની અસંખ્ય કાલ, વનસ્પતિની અંનતકાલ, વિકલેન્દ્રિયની સંખ્યાતા કાલ, પંચેન્દ્રિયની અનેક(આઠ) કરોડપૂર્વ (૪) સામાન્ય મનુષ્ય નપુંસકની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનેક(આઠ) કરોડ પૂર્વ. ધર્માચારણીની જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વ.

અકર્મભૂમિ આદિના નપુંસકની **કાયસ્થિતિ** જન્મની અપેક્ષા જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત. સંહરણની અપેક્ષા જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ.

**અંતર :–** (૧) સમુચ્ચય નપુંસકનું અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનેક સો સાગરોપમ (૨) નારકીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ (૩) તિર્યંચનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સમુચ્ચયવત્, એકેન્દ્રિયનું ઉત્કૃષ્ટ અંતર ૨૦૦૦ સાગરોપમ અધિક સંખ્યાતા વર્ષ, ચાર સ્થાવરનું ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિ કાલ, વનસ્પતિનું અંતર ઉત્કૃષ્ટ અસંખ્ય કાલ, બેઇન્દ્રિય આદિનું ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિ કાલ (૪) સામાન્ય મનુષ્ય નપુંસકનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ વનસ્પતિ કાલ, ધર્માચારણીનું જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તન, અકર્મભૂમિ નપુંસકનું અંતર જન્મ અને સાહરણની અપેક્ષાથી જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ.

**અલ્પબહુત્વ :–** સર્વથી થોડા મનુષ્ય નપુંસક, તેનાથી નારકી અસંખ્યાત ગુણા, તેનાથી તિર્યંચ અનંત ગુણા.

**નપુંસક વેદનો બંધ :–** જઘન્ય એક સાગરોપમના સાતિયા બે ભાગ($\frac{2}{7}$) પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન, ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ અબાધાકાલ ૨૦૦૦ વર્ષનો. નપુંસક વેદનું સ્વરૂપ મહાનગરના દાહ સમાન.

## ત્રણ વેદની સ્થિતિ આદિ :–

| ક્રમ | વેદ | સ્થિતિ | કાયસ્થિતિ | અંતર | |
|---|---|---|---|---|---|
| | | | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧ | સ્ત્રી | ૫૫ પલ્ય | ૧૧૦ પલ્ય અનેક ક્રોડપૂર્વ | એક સમય | વનસ્પતિકાલ |
| | " | ૫૦ પલ્ય | ૧૦૦ પલ્ય અનેક ક્રોડપૂર્વ | | |
| | " | ૯ પલ્ય | ૧૮ પલ્ય અનેક ક્રોડપૂર્વ | | |
| | " | ૭ પલ્ય | ૧૪ પલ્ય અનેક ક્રોડપૂર્વ | | |
| | | ૩ પલ્ય | અનેક પલ્ય અનેક ક્રોડપૂર્વ | | |
| ૨ | તિર્યંચાણી | ૩ પલ્યોપમ | અનેક પલ્ય અનેક ક્રોડપૂર્વ | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૩ | સામાન્ય મનુષ્યાણી | ૩ પલ્યોપમ | અનેક પલ્ય અનેક ક્રોડપૂર્વ | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૪ | ધર્માચારણી મનુષ્યાણી | દેશોન ક્રોડપૂર્વ | એક સમય દેશોન ક્રોડપૂર્વ | એક સમય | દેશોન અર્ધ પુદ્ગલ |
| ૫ | અકર્મભૂમિ જન્મ/સંહરણ | ૩ પલ્ય આદિ/ દેશોન ક્રોડપૂર્વ | ૩ પલ્ય/૩ પલ્ય+દેશોન ક્રોડપૂર્વ | ૧૦૦૦વર્ષ +અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૬ | દેવી જઘ. ઉ. | ૧૦૦૦૦વર્ષ ૫૫ પલ્ય | ૧૦૦૦૦ વર્ષ, ૫૫ પલ્ય | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૧ | પુરૂષ | ૩૩ સાગર | અનેક સો સાગર સાધિક | એક સમય | વનસ્પતિકાલ |
| ૨ | તિર્યંચ પુરૂષ | ૩ પલ્ય | ૩ પલ્ય, અનેક ક્રોડપૂર્વ | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૩ | મનુષ્ય પુરૂષ | ૩ પલ્ય | ૩ પલ્ય, અનેક ક્રોડપૂર્વ | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૪ | ધર્માચારણી પુરૂષ | દેશોન ક્રોડપૂર્વ | ૧ સમય દેશોન ક્રોડપૂર્વ | એક સમય | દેશોન અર્ધ પુદ્ગલ પરા. |
| ૫ | અકર્મભૂમિ જન્મ/ સાહરણ | ૩ પલ્ય/દેશોન ક્રોડપૂર્વ | ૩ પલ્ય/ ૩ પલ્ય + દેશોન ક્રોડપૂર્વ | ૧૦૦૦૦ વર્ષ + અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૬ | દેવ | ૧૦૦૦૦ વર્ષ ૩૩ સાગર | ૧૦૦૦૦ વર્ષ ૩૩ સાગર | અંતર્મુહૂર્ત/ અથવા અનેક વર્ષ | વનસ્પતિકાલ અથવા સંખ્યાતા સાગર |



| ક્રમ | વેદ | સ્થિતિ | કાયસ્થિતિ | અંતર | |
|---|---|---|---|---|---|
| | | | | જઘન્ય | અંતર્મુહૂર્ત |
| ૧ | નપુંસક | ૩૩ સાગર | વનસ્પતિકાલ | અંતર્મુહૂર્ત | અનેક સો સાગર |
| ૨ | નારકી | ૧૦૦૦૦ વર્ષ, ૩૩ સાગર | ૧૦૦૦૦ વર્ષ/ ૩૩ સાગર | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૩ | તિર્યંચ | કરોડપૂર્વ | વનસ્પતિકાલ | અંતર્મુહૂર્ત | અનેક સો સાગર |
| ૪ | અસંજ્ઞી મનુષ્ય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૫ | સંજ્ઞી મનુષ્ય | કરોડ પૂર્વ | ૩ પલ્ય+અનેક ક્રોડપૂર્વ | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૬ | ધર્માચરણી મનુષ્ય | દેશોન ક્રોડપૂર્વ | એકસમય/દેશોન ક્રોડપૂર્વ | એક સમય | દેશોન અર્ધ પુદ્ગલ પરા. |
| ૭ | અકર્મભૂમિ મનુષ્ય જન્મ/ સાહરણ | અંતર્મુહૂર્ત/ દેશોન ક્રોડપૂર્વ | સ્થિતિવત્ | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |

***નોંધ :– જઘન્ય સ્થિતિ જ્યાં નથી કહી ત્યાં અંતર્મુહૂર્ત સમજવું, ઉત્કૃષ્ટ સ્થિતિ ચાર્ટમાં સર્વત્ર બતાવી છે, સ્ત્રી વેદની કાયસ્થિતિ જઘન્ય એક સમય છે. તેવી જ રીતે નપુંસક વેદની કાયસ્થિતિ પણ એક સમય છે.***

**॥ બીજી પ્રતિપત્તિ સંપૂર્ણ ॥**

# ચતુર્વિધા નામની ત્રીજી પ્રતિપત્તિ

## પ્રથમ ઉદ્દેશક

સંસારના જીવ ચાર પ્રકારના છે. નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ.

**નરકવર્ણન :–** નરક સાત છે. તેના નામ– (૧) ઘમ્મા (૨) વંશા (૩)શૈલા (૪) અંજના (૫) રિટ્ઠા (૬) મઘા (૭) માઘવતી.

**ગોત્ર :–** (૧) રત્નપ્રભા (૨) શર્કરા પ્રભા (૩) વાલુકા પ્રભા (૪) પંકપ્રભા (૫) ધૂમપ્રભા (૬) તમપ્રભા (૭) તમતમાપ્રભા.

**પૃથ્વી પિંડ :–** સાતે નરકના પૃથ્વી પિંડની જાડાઈ– (૧) ૧,૮૦,૦૦૦ (૨) ૧,૩૨,૦૦૦ (૩) ૧,૨૮,૦૦૦ (૪) ૧,૨૦,૦૦૦ (૫) ૧,૧૮,૦૦૦ (૬) ૧,૧૬,૦૦૦ (૭) ૧,૦૮,૦૦૦ યોજનની છે.

તે અસંખ્ય યોજનની લાંબી પહોળી અને ગોળાકાર છે અને અસંખ્ય યોજનની પરિધિ છે. પૃથ્વી પિંડની જાડાઈ સર્વત્ર સમાન છે.

**કાંડ :–** પહેલી નરકમાં ત્રણ કાંડ છે– (૧) ખરકાંડ (૨) પંકકાંડ (૩) અપ્બહુલકાંડ. ખરકાંડ ૧૬,૦૦૦ યોજનનો છે, પંકકાંડ ૮૪,૦૦૦ યોજનનો છે, અપ્બહુલકાંડ ૮૦,૦૦૦ યોજનનો છે. ખરકાંડના ૧૬ વિભાગ છે– (૧) રત્નકાંડ (૨) વ્રજ (૩) વૈડૂર્ય (૪) લોહિતાક્ષ (૫) મસારગલ્લ (૬) હંસગર્ભ (૭) પુલક (૮) સૌગંધિક (૯) જ્યોતિરસ (૧૦) અંજન (૧૧) અંજનપુલક (૧૨) રજત (૧૩) જાતરૂપ (૧૪) અંક (૧૫) ફલિહ(સ્ફટિક) (૧૬) રિષ્ટ. આ ૧૬ જાતિના રત્નોના ૧૬ વિભાગ છે. તે પ્રત્યેક એક-એક હજાર યોજન જાડા છે.

પ્રથમ નરકના પૃથ્વીપિંડના એક લાખ એંસી હજાર યોજન ભૂમિભાગના આ ત્રણ વિભાગ છે. આ ત્રણે વિભાગના પૃથ્વી સ્વભાવ, પુદ્‌ગલ આદિમાં ભિન્નતા છે. શેષ ૬ નરકમાં આ અંતર નથી, માટે તેમાં કાંડ નથી.

**નરકાવાસ :–** નારકીના રહેવાના નગર જેવા સ્થાનને નરકાવાસ કહેવાય છે. તે સંખ્યાતા અને અસંખ્યાતા યોજનના વિસ્તારવાળા છે. બહારથી ચોરસ આદિ છે, અંદરથી ગોળ છે. તે પંક્તિબદ્ધ અને પુષ્પાવકીર્ણ(પ્રકીર્ણ) પણ છે. પંક્તિબદ્ધ નરકાવાસો ત્રિકોણ, ચોરસ અને ગોળ છે. પ્રકીર્ણ નરકાવાસો વિવિધ સંસ્થાન–વાળા છે. સાતે નરકમાં તેની સંખ્યા ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) ૩૦ લાખ (૨) ૨૫ લાખ (૩) ૧૫ લાખ (૪) ૧૦ લાખ (૫) ૩ લાખ (૬) ૧ લાખમાં ૫ ઓછા (૭) પાંચ નરકાવાસા છે, તેના નામ– કાલ, મહાકાલ, રૂદ્ર, મહારૂદ્ર, અપ્રતિષ્ઠાન.

**પૃથ્વી પિંડનો આધાર :–** સાતે નરકના પૃથ્વીપિંડની નીચે ૨૦,૦૦૦ યોજનની જાડાઈમાં ઘનોદધિ છે. તેની નીચે અસંખ્ય–અસંખ્ય યોજનની જાડાઈનો ઘનવાયુ તનુવાયુ અને આકાશાંતર ક્રમશઃ છે.

**વલય :–** સાતે નરકના પૃથ્વીપિંડની ચારે તરફ ત્રણ વલય છે– (૧) ઘનોદધિ વલય, તે પૃથ્વીપિંડના કિનારાને સ્પર્શીને રહેલો છે. (૨) ઘનવાત વલય, તે ઘનોદધિને સ્પર્શીને રહેલો છે. (૩) તનુવાત વલય, ઘનવાતને સ્પર્શીને રહેલો છે. તનુવાત વલય પછી અલોકાકાશ છે. આ ત્રણે વલયોની લંબાઈ નરકના પૃથ્વીપિંડની જાડાઈની સમાન છે અને પહોળાઈ નીચે મુજબ છે.



**નરકના વલયોની પહોળાઈ :–**

| નરક | ઘનોદધિ વલય | | ઘનવાત વલય | | તનુવાત વલય | | કુલ પહોળાઈ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ યોજન | + | ૪ ૧/૨ યોજન | + | ૧ ૧/૨ યોજન | = | ૧૨ યોજન |
| ૨ | ૬ ૧/૩ યોજન | + | ૪ ૩/૪ યોજન | + | ૧ ૧/૨+૧/૧૨ યોજન | = | ૧૨ ૨/૩ યોજન |
| ૩ | ૬ ૨/૩ યોજન | + | ૫ યોજન | + | ૧ ૧/૨+૨/૧૨ યોજન | = | ૧૩ ૧/૩ યોજન |
| ૪ | ૭ યોજન | + | ૫ ૧/૪ યોજન | + | ૧ ૩/૪ યોજન | = | ૧૪ યોજન |
| ૫ | ૭ ૧/૩ યોજન | + | ૫ ૧/૨ યોજન | + | ૧ ૩/૪+ ૧/૧૨ યોજન | = | ૧૪ ૨/૩ યોજન |
| ૬ | ૭ ૨/૩ યોજન | + | ૫ ૩/૪ યોજન | + | ૧ ૩/૪+૨/૧૨ યોજન | = | ૧૫ ૧/૩ યોજન |
| ૭ | ૮ યોજન | + | ૬ યોજન | + | ૨ યોજન | = | ૧૬ યોજન |

પ્રથમ નરકના પૃથ્વીપિંડના ચરમાંતથી ચારે દિશાઓમાં અલોક ૧૨ યોજન દૂર છે અને સાતમી નરકના પૃથ્વીપિંડના ચરમાંતથી ૧૬ યોજન દૂર છે.

**સંસ્થાન :–** પૃથ્વીપિંડ અને તેની નીચે રહેલા ઘનોદધિ આદિ ઝાલરના આકારે છે અને ચારે બાજુ ઘનોદધિ આદિ વલયાકારે છે.

**ઉપસંહાર :–** વ્યવહાર રાશિની અપેક્ષાથી તથા બહુલતાની દષ્ટિથી આ નરકસ્થાનોમાં સર્વ જીવ ઉત્પન્ન થઈ ચૂક્યા છે. આ સર્વે નરકસ્થાન શા✓ત અને અનાદિ છે. **પ્રથમ નરકથી બીજી નરક જાડાઈમાં થોડી ઓછી છે, વિસ્તાર**ની અપેક્ષાથી વિશેષાધિક છે. આ પ્રમાણે આ ગળ આગળની નરકમાં સમજી લેવું.

## બીજો ઉદ્દેશક

**નરક વર્ણન :–**

**આંતરા, પાથડા, છત :–** નરક પૃથ્વીના ઉપરના ભાગને **છત,** નીચે તળિયાના ભાગને **ઠીકરી,** અને તેની વચ્ચે મકાનના માળની જેમ જેટલા વિભાગ હોય તેને **પાથડા**–પ્રસ્તટ કહે છે. બે પાથડાની વચ્ચેના ભાગને આંતરા કહે છે. પાથડા દરેક નરકમાં છે. આંતરા છ નરકમાં છે. સાતમી નરકમાં નથી. ઉપરની છત અને નીચેની ઠીકરી સર્વ નરકમાં છે. સર્વ પ્રથમ ઉપર છત ત્યાર બાદ પાથડા, આંતરા, પાથડા એ પ્રમાણે છે. અંતમાં પાથડા અને ત્યારબાદ ઠીકરી છે. સાતમી નરકમાં ઉપર છત પછી પાથડો અને નીચે ઠીકરી છે. તેના માપ યોજનામાં આ પ્રમાણે છે.

**છત પરિમાણ :–**

| નરક | છત અને ઠીકરી | પાથડા | | પાથડાનું માપ | આંતરા | | આંતરાનું માપ | | પૃથ્વીપિંડ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦૦૦×૨ | ૧૩ | × | ૩૦૦૦ | ૧૨ | × | ૧૧,૫૮૩ ૧/૩ | = | ૧,૮૦,૦૦૦ |
| ૨ | ૧૦૦૦×૨ | ૧૧ | × | ૩૦૦૦ | ૧૦ | × | ૯,૭૦૦ | = | ૧,૩૨,૦૦૦ |
| ૩ | ૧૦૦૦×૨ | ૯ | × | ૩૦૦૦ | ૮ | × | ૧૨, ૩૭૫ | = | ૧,૨૮,૦૦૦ |
| ૪ | ૧૦૦૦×૨ | ૭ | × | ૩૦૦૦ | ૬ | × | ૧૬, ૧૬૬ ૨/૧ | = | ૧,૨૦,૦૦૦ |
| ૫ | ૧૦૦૦×૨ | ૫ | × | ૩૦૦૦ | ૪ | × | ૨૫,૨૫૦ | = | ૧,૧૮,૦૦૦ |
| ૬ | ૧૦૦૦×૨ | ૩ | × | ૩૦૦૦ | ૨ | × | ૫૨,૫૦૦ | | ૧,૧૬,૦૦૦ |
| ૭ | ૫૨૫૦૦×૨ | ૧ | × | ૩૦૦૦ | – | – | – | = | ૧,૦૮,૦૦૦ |

**વર્ણ, ગંધ આદિ :–** નરકાવાસા અતિશય કાળા, ભયંકર ત્રાસદાયી હોય છે મરેલા જાનવરોના સડેલા મૃત કલેવરની દુર્ગંધથી પણ અનિષ્ટતર દુર્ગંધિત ત્યાંનું વાતાવરણ હોય છે. તીક્ષ્ણ શસ્ત્ર અને પ્રજ્વલિત અગ્નિથી વિશેષ અનિષ્ટતર તેનો સ્પર્શ છે.

સંખ્યાતા યોજનના નરકાવાસનો સામાન્ય કે મધ્યમ ગતિવાળા દેવો છ માસમાં પાર પામે છે. પરંતુ અસંખ્યાત યોજનવાળા નરકાવાસનો તે ગતિથી પાર પામી શકતા નથી.

સાતમી નરકમાં એક અપ્રતિષ્ઠાન નરકાવાસો લાખ યોજનનો છે. શેષ ચાર અસંખ્ય યોજનના છે. શેષ નરકમાં સંખ્યાતા યોજનના અને અસંખ્યાતા યોજનના ઘણા-ઘણા નરકાવાસા છે. સર્વ નરકાવાસા સંપૂર્ણ વજ્રમય છે, દ્રવ્યથી શાશ્વત છે અને વર્ણાદિ પર્યાયની અપેક્ષા અશાશ્વત છે.

**આગત :–** પ્રથમ નરકમાં પાંચ સંજ્ઞી તિર્યંચ, પાંચ અસંજ્ઞી તિર્યંચ અને ૧૫ કર્મભૂમિના મનુષ્યો ઉત્પન્ન થાય છે. બીજી નરકમાં અસંજ્ઞી ઉત્પન્ન થતા નથી. ત્રીજીમાં ભુજપરિ સર્પ, ચોથીમાં ખેચર, પાંચમીમાં સ્થલચર અને છઠ્ઠીમાં ઉરપરિ સર્પ ઉત્પન્ન થતા નથી અર્થાત્ છઠ્ઠીમાં જલચર સંજ્ઞી તિર્યંચ અને મનુષ્ય ઉત્પન્ન થાય છે. સાતમીમાં મનુષ્યાણી અને તિર્યંચાણી ઉત્પન્ન થતી નથી.

પહેલીથી છઠ્ઠી નરકના નારકી મરીને, ૧૫ કર્મભૂમિ અને પાંચ સંજ્ઞી તિર્યંચમાં જન્મે છે અને સાતમી નરકના નારકી સંજ્ઞી તિર્યંચમાં જ ઉત્પન્ન થાય છે અર્થાત્ મનુષ્ય થતા નથી.

**અવગાહના :–** ભવ સંબંધી અને વૈક્રિય સંબંધી બે પ્રકારની અવગાહના હોય



છે. ભવ સંબંધી જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને વૈક્રિય સંબંધી જઘન્ય અંગુલના સંખ્યાતમાં ભાગની હોય છે. ઉત્કૃષ્ટ આ પ્રમાણે છે.

**નરકના વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના :–**

| નરક | ભવધારણીય ઉત્કૃષ્ટ | ઉત્તર વૈક્રિય ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧ | ૭।। ધનુષ્ય– ૬ અંગુલ | ૧૫।। ધનુષ્ય ૧૨ અંગુલ |
| ૨ | ૧૫।। ધનુષ્ય ૧૨ અંગુલ | ૩૧। ધનુષ્ય |
| ૩ | ૩૧। ધનુષ્ય | ૬૨।। ધનુષ્ય |
| ૪ | ૬૨।। ધનુષ્ય | ૧૨૫ ધનુષ્ય |
| ૫ | ૧૨૫ ધનુષ્ય | ૨૫૦ ધનુષ્ય |
| ૬ | ૨૫૦ ધનુષ્ય | ૫૦૦ ધનુષ્ય |
| ૭ | ૫૦૦ ધનુષ્ય | ૧૦૦૦ ધનુષ્ય |

નારકીના જીવો પોતાના શરીરના પ્રમાણથી બમણું વૈક્રિય કરી શકે છે. માટે ભવધારણીય અવગાહનાથી ઉત્તર વૈક્રિયની અવગાહના બમણી કહી છે.

**આહાર, શ્વાસ, પુદ્ગલ :–** નારકીના શરીર વર્ણ, ગંધ, સ્પર્શની અપેક્ષાથી અકાંત અમનોજ્ઞ હોય છે. તેના શ્વાસોચ્છ્‌વાસ અને આહારમાં પણ અનિષ્ટ, અમનોજ્ઞ પુદ્ગલોનું પરિણમન થાય છે.

**લેશ્યા :–** પહેલી-બીજી નરકમાં કાપોત લેશ્યા, ત્રીજીમાં કાપોત અને નીલ, ચોથીમાં નીલ, પાંચમીમાં નીલ અને કૃષ્ણ, છઠ્ઠીમાં કૃષ્ણ, સાતમીમાં મહાકૃષ્ણ લેશ્યા હોય છે.

**વેદના :–** ૧ થી ૩ નરકમાં ઉષ્ણ વેદના, ચોથીમાં ઉષ્ણ વેદનાના સ્થાન ઘણા અને શીતવેદનાના સ્થાન થોડા, પાંચમીમાં શીત વેદનાના સ્થાન ઘણા અને ઉષ્ણ વેદનાના થોડા, છઠ્ઠીમાં શીત વેદના, સાતમીમાં મહાશીત વેદના હોય.

**વૈક્રિય :–** નારકીના જીવ એક કે ઘણા રૂપોની વિકુર્વણા કરી શકે છે. ૧ થી ૫ નરક સુધી સંખ્યાત, સંબદ્ધ અને સરખા રૂપોની વિકુર્વણા કરી શકે છે. વૈક્રિયથી અનેક પ્રકારના શસ્ત્રો બનાવીને એક બીજાને પરસ્પર અત્યંત ત્રાસ ઉપજાવે છે. છઠ્ઠી-સાતમી નરકમાં વૈક્રિયથી છાણના કીડાની સમાન નાના નાના વજ્રમુખી કીડાની વિકુર્વણા કરે છે અને એક બીજાના શરીરમાં પ્રવેશ કરીને તેના શરીરને અંદરથી કોતરીને ખોખરું ચાળણી જેવું કરી નાંખે છે. આ પ્રમાણે પરસ્પર પ્રગાઢ વેદના ઉત્પન્ન કરે છે.

**ક્ષુધા આદિ વેદના હેતુ ઉપમાઓ :–** નારકીને ભૂખ-તરસની વેદના એટલી

તીવ્ર હોય છે કે તેને સર્વ સમુદ્રોનું પાણી પીવડાવી દેવામાં આવે અને સર્વ પુદ્‌ગલોનો આહાર કરાવવામાં આવે તો પણ તૃપ્તિ નથી થતી. તે નારકી જીવ ત્યાં સદા ભયાક્રાંત, ત્રસ્ત, ભૂખ્યા, તરસ્યા, ઉદ્વિગ્ન, વ્યથિત અને વ્યાકુળતાથી નરકના દુઃખોનો અનુભવ કરે છે. ત્યાં ગરમી એવી પ્રચંડ હોય છે કે લોઢાનો સઘન તપાવેલો ગોળો એક જ ક્ષણમાં પીગળીને પાણી જેવો બની જાય છે. ગરમીથી સંતપ્ત વ્યક્તિ જેવી રીતે વાવડી આદિમાં પ્રવેશ કરીને આનંદનો અનુભવ કરે છે તેવી રીતે અસત્ કલ્પનાથી ઉષ્ણવેદનાનું વેદન કરતા નૈરયિકને મનુષ્યલોકની ફેક્ટરીની વિશાળ ભઠ્ઠીમાં રાખવામાં આવે તો પરમ શીતલતાનો અનુભવ કરે છે.

શીતવેદનાવાળા નરકસ્થાનોમાં કાતીલ ઠંડીની પ્રચંડ વેદના હોય છે. ત્યાં લોઢાનો ગોળો કાતીલ ઠંડીથી વિખરાઈ જાય અને અસત્ કલ્પનાથી તે સ્થાનના નેરયિકને અહીં હિમાલય જેવા હિમ પર્વત પર રાખવામાં આવે તો પણ પરમ શાંતિ અને ઉષ્ણતાનો અનુભવ કરે છે.

**નરકમાં પૃથ્વી-પાણી-વનસ્પતિ :–** સાતે નરકમાં પૃથ્વી, પાણી અને વનસ્પતિનો સ્પર્શ અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અસુખકર હોય છે. ***[તેથી સ્પષ્ટ થાય છે કે– નરકમાં પણ કયાંક જલસ્થાન હોય છે અને વૃક્ષ આદિ વનસ્પતિ પણ હોય છે અથવા તો દેવો દ્વારા વિકુર્વિત પણ હોઈ શકે છે.]***

નરકાદિમાં રહેનારા પૃથ્વીકાય આદિ જીવો મહાકર્મ, મહાક્રિયા, મહાઆશ્રવ, મહાવેદનાવાળા હોય છે.

સર્વ જીવો નરકમાં પાંચ સ્થાવરરૂપે અને નારકરૂપે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચૂકયા છે.

**અવધિક્ષેત્ર :–** નારકીના જીવોને જન્મથી જ અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન હોય છે. તેઓ અવધિજ્ઞાનથી જઘન્ય અર્ધ ગાઉ, ઉત્કૃષ્ટ ચાર ગાઉ ક્ષેત્ર જાણે-દેખે.

**નૈરયિકોનું અવધિક્ષેત્ર (ઉત્સેધાંગુલથી) :–**

| નરક | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧ | ૩½ ગાઉ | ૪ ગાઉ |
| ૨ | ૩ ગાઉ | ૩½ ગાઉ |
| ૩ | ૨½ ગાઉ | ૩ ગાઉ |
| ૪ | ૨ ગાઉ | ૨½ ગાઉ |
| ૫ | ૧½ ગાઉ | ૨ ગાઉ |
| ૬ | ૧ ગાઉ | ૧½ ગાઉ |
| ૭ | ½ ગાઉ | ૧ ગાઉ |



## ત્રીજો ઉદ્દેશક

**નરકવર્ણન :–** ચક્રવર્તી, વાસુદેવ, માંડલિક, મહારાજા, સામાન્ય રાજા, મહારંભી, મહાકુટુંબી, આદિ જીવો આ નરકોમાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ મહાઋદ્ધિ સંપન્ન જીવો, મહા આસક્ત જીવો જો જીવનપર્યંત તેનો ત્યાગ કે ત્યાગવૃત્તિ કેળવે નહીં તો તે જીવો મહાપાપકર્મનું આચરણ કરીને નરકગતિમાં ઉત્પન્ન થાય છે અને મહા આરંભ, સમારંભના કાર્યો કરનારા નરકગતિમાં દીર્ઘકાલ પર્યંત પરવશપણે ત્યાંની તીવ્ર વેદનાનો અનુભવ કરે છે. આ લોકનો મોભો (મોટાઈ) તથા અભિમાન વગેરે તેઓના બધા ધૂમિલ થઈ જાય છે.

**વૈક્રિય શરીર :–** નારકી દ્વારા કરાયેલું વૈક્રિય શરીર અંતર્મુહૂર્ત સુધી સ્થિર રહી શકે છે. તિર્યંચ અને મનુષ્ય દ્વારા કરાયેલી વિકુર્વણા પણ અંતર્મુહૂર્ત સુધી જ સ્થિર રહે છે પરંતુ તેમનો ઉત્કૃષ્ટ સમય નરક કરતાં ચાર ગણો હોય છે. દેવો દ્વારા કરાયેલું વૈક્રિય શરીર અથવા અન્ય કોઈ પણ વિકુર્વણા ઉત્કૃષ્ટ પંદર દિવસ સુધી રહી શકે છે.

**નૈરયિક સુખ :–** તીર્થંકરના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન આદિ શુભ પ્રસંગના નિમિત્તથી, દેવોના પ્રયત્ન વિશેષથી, શુભ અધ્યવસાયોથી અથવા કર્મોદયથી નૈરયિક જીવોને કયારેક કિંચિત શાતાનો અનુભવ થાય છે અર્થાત્ સુખાનુભૂતિ, પ્રસન્નતા થાય છે.

**નૈરયિક દુઃખ :–** નૈરયિકો, નરકના સેંકડો દુઃખોથી અભિભૂત થઈ કયારેક ૫૦૦ યોજન ઊંચા ઊછળે છે. નરક પૃથ્વીના ક્ષેત્ર સ્વભાવથી જ નૈરયિકોને ક્ષણમાત્ર પણ સુખ હોતું નથી. તે જીવો રાત-દિવસ દુઃખનો જ અનુભવ કરે છે.

આ રીતે નરકોમાં અતિશીત, અતિઉષ્ણ, અતિભૂખ, અતિ તરસ, અતિભય ઈત્યાદિ સેંકડો દુઃખો નિરંતર ભોગવવા પડે છે.

## ચોથો ઉદ્દેશક

**તિર્યંચ વર્ણન :–** તિર્યંચના પાંચ પ્રકાર છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય. તેમાં સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત, સંજ્ઞી-અસંજ્ઞી, આદિ અનેક ભેદ-પ્રભેદ છે.

ખેચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને જલચર આ ચારેયના અંડજ, પોતજ, સંમૂર્ચ્છિમ એ ત્રણ યોનિ સંગ્રહ છે. સ્થલચરના જરાયુજ અને સંમૂર્ચ્છિમ એ બે યોનિ સંગ્રહ છે.

**જાતિ, કુલકોડી, યોનિ :–** ૮૪ લાખ જીવાયોનિ છે. તેમાં તિર્યંચની ૬૨ લાખ

જીવાયોનિ છે અને ૧ કરોડ ૨૨½ લાખ જાતિ કુલકોડી યોનિ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | બેઇન્દ્રિયની | ૭ લાખ | (૬) | સ્થલચરની | ૧૦ લાખ |
| (૨) | તેઇન્દ્રિયની | ૮ લાખ | (૭) | ઉરપરિસર્પની | ૧૦ લાખ |
| (૩) | ચૌરેન્દ્રિયની | ૯ લાખ | (૮) | ખેચરની | ૧૨ લાખ |
| (૪) | વનસ્પતિયની | ૧૬ લાખ | (૯) | ભુજપરિસર્પની | ૯ લાખ |
| (૫) | જલચરની | ૧૨½ લાખ | (૧૦) | ચાર સ્થાવરની | ૨૯ લાખ |
| ***કુલ ૧ કરોડ ૨૨½ લાખ કુલકોડી આ રીતે છે*** | | | | | |

ફૂલોની ૧૬ લાખ યોનિ આ પ્રમાણે છે– ૪ લાખ ઉત્પલાદિ જલજની, ૪ લાખ કોરંટાદિ સ્થલજની, ૪ લાખ મહુવા આદિ મહાવૃક્ષોની, ૪ લાખ જાઈફળ આદિ ગુલ્મોની.

**સુગંધ :–** સુગંધના સાત મુખ્ય પદાર્થ છે અને તેના ૭૦૦ અવાંતરભેદ છે– (૧) મૂલ (૨) ત્વક (૩) કાષ્ઠ (૪) નિર્યાસ– કપૂર આદિ (૫) પત્ર (૬) પુષ્પ (૭) ફળ. તેને પાંચ વર્ણ, પાંચ રસ અને ચાર સ્પર્શથી અર્થાત્ ૧૦૦થી ગુણતા ૭૦૦ અવાંતર ભેદ થાય છે.

**વિમાન વિસ્તાર :–** સૂર્યોદયથી સૂર્યાસ્ત વચ્ચેનું જે આકાશક્ષેત્ર છે, તેનાથી ત્રણ ગણા ક્ષેત્ર જેટલું એક કદમ ભરતા-ભરતા કોઈ દેવ ચાલે તો કોઈક વિમાનનો પાર પામે છે અને કેટલાકનો પાર પમતા નથી. આ રીતે પાંચગણા, સાતગણા, નવગણા કદમ ભરતા-ભરતા છ માસ ચાલવા છતાં કોઈ વિમાનનો પાર પામી શકે છે અને કોઈ વિમાનનો પાર પામી શકતા નથી. વિમાનોના નામ ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) અર્ચિ (૨) સ્વસ્તિક (૩) કામકામાવર્ત (૪) વિજય– વિજયંતાદિ.

***નોંધ :– ઉક્ત નિર્દિષ્ટ ગતિથી દેવ પાર પામી શકતા નથી પરંતુ દેવ પોતાની ઉત્કૃષ્ટ ગતિથી સર્વ વિમાનો–નરકોનો પણ પાર પામી શકે છે.***

**પૃથ્વીના ભેદ :–** છ પ્રકારની પૃથ્વી છે– (૧) શ્લક્ષ્ણ– સુંવાળી માટી (૨) શુદ્ધ– પર્વત આદિના મધ્યની માટી (૩) વાલુ– રેતી (૪) મણશીલ (૫) શર્કરા– કાંકરા (૬) ખર પૃથ્વી– પત્થર આદિ કઠણ પૃથ્વી.

તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) ૧,૦૦૦ વર્ષ (૨) ૧૨,૦૦૦ વર્ષ (૩) ૧૪,૦૦૦ વર્ષ (૪) ૧૬,૦૦૦ વર્ષ (૫) ૧૮,૦૦૦ વર્ષ (૬) ૨૨,૦૦૦ વર્ષ.

**નિર્લેપ :–** વર્તમાન સમયમાં ઉત્પન્ન થયેલા પૃથ્વીકાય જીવોમાંથી(કલ્પનાથી) એક-એક જીવને એક-એક સમયમાં કાઢવામાં આવે તો અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણીકાલમાં તે ખાલી થાય છે. અર્થાત્ એક સમયમાં અસંખ્ય ઉત્સર્પિણી-



અવસર્પિણીકાલ સમય પ્રમાણ પૃથ્વીકાયના જીવોની ઉત્પત્તિ થાય છે. તે જ રીતે પાણી, અગ્નિ, વાયુ માટે પણ સમજી લેવું. વનસ્પતિકાયમાં એક સમયમાં અનંતાનંત જીવોની ઉત્પત્તિ થાય છે. તેથી તેનો નિર્લેપ થઈ શકતો નથી. તેને ખાલી કરી શકાતા નથી. વર્તમાન સમયમાં ઉત્પન્ન થયેલા ત્રસકાયના જીવો સેંકડો સાગરોપમમાં નિર્લેપ થઈ શકે છે.

વિશુદ્ધ લેશ્યાવાળા અણગાર સમોહયા અને અસમોહયા બન્ને અવસ્થામાં દેવ-દેવી કે અણગાર આદિને જાણી દેખી શકે છે. અવિશુદ્ધ લેશ્યાવાળા જાણતા દેખતા નથી. અહીં જાણવું-દેખવું પરોક્ષની અપેક્ષાએ તથા વિશિષ્ટ જ્ઞાનની અપેક્ષાએ સમજી લેવું, વિશિષ્ટ જ્ઞાનનો ઉપયોગ વિશુદ્ધ લેશ્યામાં જ સંભવે છે. અવિશુદ્ધ લેશ્યામાં નહીં.

**ક્રિયા :–** એક સમયમાં મિથ્યાત્વક્રિયા અથવા સમ્યક્ત્વક્રિયા, તે બેમાંથી એક જ ક્રિયા લાગે છે. જીવ એક સમયમાં બન્ને ભાવમાં રહી શકતા નથી.

**મનુષ્ય :–** ક્ષેત્રની અપેક્ષાએ મનુષ્યોના ૩૦૩ ભેદ છે. મનુષ્યક્ષેત્ર ૧૦૧ છે. ૧૫ કર્મભૂમિ + ૩૦ અકર્મભૂમિ + ૫૬ અંતરદ્વીપ. તે ૧૦૧ ક્ષેત્રના ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તા અને અપર્યાપ્તા = ૨૦૨ તથા ૧૦૧ ક્ષેત્રના સંમૂર્ચ્છિમ મનુષ્યોના અપર્યાપ્તા. આ રીતે ૩૦૩ ભેદ થાય છે.

**અંતરદ્વીપનું વર્ણન :–** જંબૂદ્વીપની ચારે બાજુ લવણ સમુદ્ર છે. તેમાં આ દ્વીપ છે. તેની આઠ પંક્તિઓ છે. એક-એક પંક્તિમાં સાત-સાત દ્વીપ છે. આ સાતે દ્વીપ થોડા-થોડા અંતરે આવેલા છે. અર્થાત્ તેની વચ્ચે-વચ્ચે સમુદ્રજલ છે. આ પ્રમાણે તે ૮×૭ = ૫૬ અંતરદ્વીપ છે.

ભરતક્ષેત્રની મર્યાદા કરનાર ચુલ્લહિમવંત પર્વત છે અને ઐરવતક્ષેત્રની મર્યાદા કરનાર શિખરી પર્વત છે. તેના બંને કિનારા પૂર્વ-પશ્ચિમમાં છે. જે લવણ સમુદ્રને સ્પર્શે છે. તે કિનારેથી દ્વીપોની એક પંક્તિ ઉત્તર તરફ ગોળાઈમાં ઝૂકેલી છે. બીજી પંક્તિ દક્ષિણ તરફ ગોળાઈમાં ઝૂકેલી છે. આ રીતે ચારે કિનારે બે-બે પંક્તિ હોવાથી આઠ પંક્તિ છે.

દરેક પંક્તિનો પ્રથમ દ્વીપ લવણસમુદ્રમાં ૩૦૦ યોજન જઈએ ત્યારે આવે છે. તેનાથી ૪૦૦ યોજન આગળ જઈએ ત્યારે બીજો અંતરદ્વીપ આવે છે. તે જ રીતે ***યાવત્*** ૯૦૦ યોજન જઈએ ત્યારે સાતમો અંતરદ્વીપ આવે છે. તે દ્વીપ જંબૂદ્વીપના કિનારેથી પણ તેટલાજ દૂર થાય છે અને તેટલાજ યોજનના વિસ્તાર-વાળો છે. તાત્પર્ય એ છે કે પ્રથમ અંતરદ્વીપ, જગતીથી ૩૦૦ યોજન દૂર છે અને ૩૦૦ યોજન લાંબો-પહોળો અને ગોળ છે. બીજો દ્વીપ, જગતીથી ૪૦૦ યોજન દૂર અને પ્રથમ દ્વીપથી પણ ૪૦૦ યોજન દૂર છે. તથા ૪૦૦ યોજન લાંબો-પહોળો અને ગોળ છે. આ રીતે ક્રમશઃ સાતમો દ્વીપ, છટ્ઠા દ્વીપથી ૯૦૦ યોજન

દૂર છે ને જગતીથી પણ ૯૦૦ યોજન દૂર છે અને ૯૦૦ યોજનનો લાંબો-પહોળો તથા ગોળ છે. આઠે ય પંક્તિઓના ૭-૭ અંતરદ્વીપ આ જ પ્રમાણે છે.

આ ૫૬ દ્વીપો કિનારા પર પદ્મવર વેદિકા(જગતીરૂપ) છે અને તેની ચારે તરફ વનખંડ છે, વનખંડમાં દેવ-દેવીઓનું આવાગન થાય છે, ત્યાં વિશ્રામ કરે છે અને આનંદની અનુભૂતિ કરે છે. દ્વીપની અંદર યુગલિક મનુષ્યો રહે છે. ત્યાં વિવિધ પ્રકારના લતા-ગુલ્મ આદિ છે, અનેક શિલાપટ(બેસવાના બાકડા) છે. વિવિધ પ્રકારના વૃક્ષો સિવાય દસ પ્રકારના વિશિષ્ટ વૃક્ષ(કલ્પવૃક્ષ) પણ વિપુલ માત્રામાં હોય છે. તે વૃક્ષો યુગલિક જીવો માટે સુખમય જીવન નિર્વાહના મુખ્ય આધારસમ છે. તે દસ વૃક્ષ આ પ્રમાણે છે.

**દસ વૃક્ષ :–** (૧) મત્તંગા– માદક ફળવાળા (૨) ભૃંગા(ભાજન)– પાત્રના આકારના ફળવાળા (૩) તુટિતંગા– વાજિંત્ર વિધિ યુક્ત ધ્વનિ કરનારા (૪) દીપશિખા– દીપકની સમાન પ્રકાશ કરનારા (૫) જ્યોતિશિખા– સૂર્ય જેવો પ્રકાશ કરનારા (૬) ચિત્રંગા– વિવિધ માળાઓ પ્રદાન કરનારા (૭) ચિત્તરસા– વિવિધ પ્રકારની ભોજન સામગ્રીથી યુક્ત (૮) મણિયંગા– વિવિધ પ્રકારના આભૂષણ પ્રદાન કરનારા (૯) ગિહગારા– મકાનરૂપે ઉપયોગમાં આવી શકે તેવા. મનોનુકૂલ વિવિધ ભવનથી યુક્ત (૧૦) અણિયગણા– વિવિધ વસ્ત્ર વિધિથી યુક્ત.

આ વૃક્ષો વનસ્પતિકાયના હોય છે. તે વૃક્ષો દ્વારા યુગલિક મનુષ્યો તથા તિર્યંચ ઉપરોક્ત આવશ્યકતાઓની પૂર્તિ કરી લે છે. યુગલિકોની સંખ્યાની અપેક્ષાએ વૃક્ષોથી ઉપલબ્ધ વસ્તુઓની સંખ્યા અનેક ગણી વધારે હોય છે, તેથી યુગલિકોને કોઈ પણ વસ્તુની ઉણપ રહેતી નથી. આ વૃક્ષો પાસે કોઈ વસ્તુ માંગવામાં આવતી નથી પરંતુ તેનાથી ઉપલબ્ધ થતી વસ્તુઓનો સ્વયં ઉપયોગ કરવામાં આવે છે.

**યુગલિક મનુષ્ય :–** અંતરદ્વીપમાં રહેનારા યુગલિક મનુષ્યો સુસ્વરવાળા અને કોમળ ત્વચાવાળા, રજ મેલ રહિત નિર્મળ શરીરવાળા, ઉત્તમ નિરોગી શરીર-વાળા, તથા સુગંધી નિઃ✓ાસવાળા છે. તેની અવગાહના ૮૦૦ ધનુષની હોય છે તથા તેને ૬૪ પાંસળી હોય છે. તે મનુષ્યો પ્રકૃતિથી ભદ્રિક, વિનીત, ઉપશાંત, સ્વાભાવિક રીતે જ અલ્પ ક્રોધ, માન, માયા, લોભવાળા, નમ્ર, સરલ, નિરહંકારી, અલ્પ ઈચ્છાવાળા અને ઈચ્છાનુસાર વિચરણ કરનારા હોય છે. તે મનુષ્યોને એકાંતરા આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**યુગલિક મનુષ્યાણી :–** અંતરદ્વીપની યુગલિક મનુષ્યાણી સુજાત, સર્વાંગ, સુંદર અને સ્ત્રીના સર્વ ગુણોથી સંપન્ન હોય છે. ઉત્તમ બત્રીસ લક્ષણયુક્ત ઊંચાઈમાં પુઢષથી કંઈક ન્યૂન, સ્વાભાવિક શ્રૃંગાર અને સુંદર વેશ યુક્ત હોય છે. તેનું બોલવું, ચાલવું, હસવું આદિ ચેષ્ટા સુસંગત હોય છે. યોગ્ય વ્યવહારમાં કુશલ, નિપુણ



હોય છે. તેના અંગોપાંગ સ્તન, જંઘા, હાથ, પગ, મુખ, નયન આદિ સુંદર અને સુદઢ હોય છે. તેનું વર્ણ-લાવણ્ય યૌવન સંપન્ન, અત્યંત દર્શનીય, અપ્સરા જેવું હોય છે.(શાસ્ત્રના મૂળપાઠમાં સ્ત્રીના પ્રત્યેક અંગોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે તથા ૩૨ લક્ષણ પણ બતાવ્યા છે.)

**ક્ષેત્ર સ્વભાવ અને મનુષ્યોનું જીવન :–** (૧) તે મનુષ્યો પૃથ્વી, પુષ્પફળનો આહાર કરે છે. ત્યાં પૃથ્વી, પુષ્પફળનો સ્વાદ અતિ ઉત્તમ અને પૌષ્ટિક ગુણયુક્ત હોય છે. (૨) ગામ, નગર, ઘર આદિ હોતા નથી, પરંતુ વૃક્ષો જ સુંદર ભવન અને બંગલા જેવા હોય છે. (૩) વ્યાપાર-વાણિજ્ય, ખેતી આદિ કોઈ પણ પ્રકારના કર્મ હોતા નથી. (૪) સોના, ચાંદી, મણિ, ધન આદિ હોય છે, પરંતુ યુગલિક મનુષ્યને તેમાં મમત્ત્વ ભાવ નથી. (૫) રાજા, શેઠ, માલિક, નોકર આદિ સ્વામી-સેવકના ભેદ નથી. સર્વ મનુષ્યો અહમેન્દ્રની જેમ એક સમાન હોય છે. (૬) માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની, પુત્ર-પુત્રી, પુત્રવધુ આદિ સંબંધો હોય છે, પરંતુ તેમાં તેને તીવ્ર પ્રેમાનુરાગ હોતો નથી. (૭) શત્રુ-વૈરી, ઘાતક, મિત્ર, સખા, સખી આદિ નથી.

(૮) કોઈ પ્રકારના મહોત્સવ, લગ્ન, યજ્ઞ, પૂજન, મૃતપિંડ, નિવેદનપિંડ આદિ ક્રિયાઓ નથી. (૯) નાટક, ખેલ આદિ નથી કારણ કે તેઓ કુતુહલ રહિત હોય છે. (૧૦) યાન, વાહન નથી. તેઓ પાદવિહારી હોય છે. (૧૧) હાથી, ઘોડા આદિ પશુ હોય છે, પણ તેનો ઉપયોગ મનુષ્યો કરતા નથી. (૧૨) સિંહ-વાઘ, બિલાડી, કૂતરા આદિ હોય છે પરંતુ તેમાં પરસ્પર સંઘર્ષ થતો નથી. તેમજ ત્યાંના મનુષ્યોને કિંચિત્ માત્ર પીડા પહોંચાડતા નથી.

(૧૩) ઘઉં આદિ ધાન્ય થાય છે. પરંતુ મનુષ્યો તેનો ઉપયોગ કરતા નથી.(૧૪) ખાડા-ટેકરા, ઉબડ-ખાબડ, વિષમ ભૂમિ તથા કીચડ આદિ નથી, ધૂળ -રજ ગંદકી આદિ નથી. (૧૫) કાંટા, કાંકરા નથી. (૧૬) ડાંસ, મચ્છર, માંકડ, જૂ, લીખ આદિ નથી (૧૭) સાપ, અજગર આદિ હોય છે. પરંતુ તે પણ ભદ્રપ્રકૃતિના હોય છે. માટે પરસ્પર અને મનુષ્યને પણ પીડા પહોંચાડતા નથી. (૧૮) વાવાઝોડું, આદિ કોઈ પણ પ્રકારની અનિષ્ટ ઘટનાઓ, ગ્રહણ, ઉલકાપાત આદિ કોઈ પણ અશુભ લક્ષણનો સંયોગ નથી.

(૧૯) વૈર, વિરોધ, લડાઈ, ઝઘડા, યુદ્ધ આદિ નથી. (૨૦) કોઈ પણ પ્રકારના રોગ, વેદના, પીડા આદિ નથી. (૨૧) અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ નથી. (૨૨) સોનું, ચાંદી, આદિ ખાણ, નિધાન કે સુવર્ણ આદિની વૃષ્ટિ પણ થતી નથી.

૫૬ અંતરદ્વીપના યુગલિક મનુષ્યનું આયુષ્ય જઘન્ય-ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું હોય છે. ઉત્કૃષ્ટ આયુષ્ય કરતાં જઘન્ય આયુષ્ય કંઈક અલ્પ

હોય છે. છ માસ આયુષ્યના બાકી રહે ત્યારે પુત્ર-પુત્રી યુગલને જન્મ આપે છે. ૪૯ દિવસ તેનું લાલન-પાલન કરે છે. ત્યાર પછી ગમે ત્યારે કાળ કરીને ભવનપતિ કે વ્યન્તર દેવમાં ઉત્પન્ન થાય છે.

**અંતરદ્વીપના નામ :–** (૧) એકોરૂક (૨) હયકર્ણ (૩) આદર્શ મુખ (૪) અ✓મુખ (૫) અ✓કર્ણ (૬) ઉલ્કામુખ (૭) ઘનદન્ત (૮) આભાષિક (૯) ગજકર્ણ (૧૦) મેંઢમુખ (૧૧) હસ્તિમુખ (૧૨) સિંહકર્ણ (૧૩) મેઘમુખ (૧૪) લષ્ટદંત.

(૧૫) વેષાણિક (૧૬) ગોકર્ણ (૧૭) અયોમુખ (૧૮) સિંહમુખ (૧૯) અકર્ણ (૨૦) વિદ્યુદંત (૨૧) ગૂઢદંત (૨૨) નાગોલિક (૨૩) શષ્કુલિકર્ણ (૨૪) ગોમુખ (૨૫) વ્યાઘ્રમુખ (૨૬) કર્ણપ્રાવરણ (૨૭) વિદ્યુજ્જિવ્હા (૨૮) શુદ્ધ દંત.

આ ૨૮ દ્વીપો ચુલ્લહિમવંત પર્વતના બન્ને કિનારે છે. તે જ રીતે શિખરી પર્વતના બંને કિનારે આ જ નામવાળા ૨૮ અંતરદ્વીપ છે.

**દેવોની પરિષદ :–** દેવોની પરિષદ ત્રણ પ્રકારની હોય છે. આભ્યંતર, મધ્યમ અને બાહ્ય. આ ત્રણેના નામ ભવનપતિમાં સમિતા, ચંડા અને જાયા પરિષદ છે. આભ્યંતર પરિષદના દેવો બોલાવવાથી આવે છે. તેની સાથે ઈન્દ્ર આવશ્યક કાર્યની વિચારણા કરે છે. મધ્યમ પરિષદના દેવો બોલાવવાથી અથવા બોલાવ્યા વિના પણ આવે છે. તેમની સાથે ઈન્દ્ર ઉપરોક્ત વિચારણાના ગુણ-દોષની વિસ્તૃત વિચારણા કરીને નિર્ણય કરે છે. ત્રીજી બાહ્ય પરિષદમાં નિર્ણિત કરેલી આજ્ઞા અપાય છે. જેમ કે આ કાર્ય કરવાનું અથવા આ કાર્ય કરવાનું નથી વગેરે.

એ ત્રણ પરિષદના દેવ-દેવીની સંખ્યા તથા આયુષ્ય આદિ નીચે મુજબ હોય છે. વ્યન્તર દેવોની ત્રણ પરિષદના નામ ઈશા, ત્રુટિતા અને દઢરથા છે. જ્યોતિષી દેવોની ત્રણ પરિષદના નામ તુંબા, ત્રુટિતા, પ્રેત્યા છે.

**દેવોની પરિષદ :–**

| ક્રમ | પરિષદ | ચમરેન્દ્ર | | બલીન્દ્ર | |
|---|---|---|---|---|---|
| | | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| ૧ | આભ્યંતર દેવ | ૨૪,૦૦૦ | ૨ ૧/૨ પલ્યોપમ | ૨૦,૦૦૦ | ૩ ૧/૨ પલ્યોપમ |
| ૨ | મધ્યમ દેવ | ૨૮,૦૦૦ | ૨ પલ્યોપમ | ૨૪,૦૦૦ | ૩ પલ્યોપમ |
| ૩ | બાહ્ય દેવ | ૩૨,૦૦૦ | ૧ ૧/૨ પલ્યોપમ | ૨૮,૦૦૦ | ૨ ૧/૨ પલ્યોપમ |
| ૪ | આભ્યંતર દેવી | ૩૫૦ | ૧ ૧/૨ પલ્યોપમ | ૪૫૦ | ૨ ૧/૨ પલ્યોપમ |
| ૫ | મધ્યમ દેવી | ૩૦૦ | ૧ પલ્યોપમ | ૪૦૦ | ૨ પલ્યોપમ |
| ૬ | બાહ્ય દેવી | ૨૫૦ | ૧/૨ પલ્યોપમ | ૩૫૦ | ૧ ૧/૨ પલ્યોપમ |




| ક્રમ | ધરણેન્દ્ર આદિ–૯ | | ભૂતાનંદ આદિ–૯ | | કાલકુમાર આદિ–૧૬ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| ૧ | ૬૦૦૦૦ | ૧/૨ પલ્ય સાધિક | ૫૦૦૦૦ | ૧ પલ્ય દેશોન | ૮૦૦૦૦ | ૧/૨ પલ્ય |
| ૨ | ૭૦૦૦૦ | ૧/૨ પલ્ય | ૬૦૦૦૦ | ૧/૨ પલ્ય સાધિક | ૧૦૦૦૦ | ૧/૨ પલ્ય દેશોન |
| ૩ | ૮૦૦૦૦ | ૧/૨ પલ્ય દેશોન | ૭૦૦૦૦ | ૧/૨ પલ્ય | ૧૨૦૦૦ | ૧/૪ પલ્ય સાધિક |
| ૪ | ૧૭૫ | ૧/૨ પલ્ય દેશોન | ૨૨૫ | ૧/૨ પલ્ય | ૧૦૦ | ૧/૪ પલ્ય સાધિક |
| ૫ | ૧૫૦ | ૧/૪ પલ્ય સાધિક | ૨૦૦ | ૧/૨ પલ્ય દેશોન | ૧૦૦ | ૧/૪ પલ્ય |
| ૬ | ૧૨૫ | ૧/૪ પલ્ય સાધિક | ૧૭૫ | ૧/૪ પલ્ય સાધિક | ૧૦૦ | ૧/૪ પલ્ય દેશોન |

| પરિષદ | શકેન્દ્ર–૧ | | ઈશાનેન્દ્ર–૨ | |
|---|---|---|---|---|
| ક્રમ | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| ૧ | ૧૨૦૦૦ | ૫ પલ્યોપમ | ૧૦૦૦૦ | ૭ પલ્ય |
| ૨ | ૧૪૦૦૦ | ૪ પલ્યોપમ | ૧૨૦૦૦ | ૬ પલ્ય |
| ૩ | ૧૬૦૦૦ | ૩ પલ્યોપમ | ૧૪૦૦૦ | ૫ પલ્ય |
| ૪ | ૭૦૦ | ૩ પલ્યોપમ | ૯૦૦ | ૫ પલ્ય |
| ૫ | ૬૦૦ | ૨ પલ્યોપમ | ૮૦૦ | ૪ પલ્ય |
| ૬ | ૫૦૦ | ૧ પલ્યોપમ | ૭૦૦ | ૩ પલ્ય |

| | સનત્કુમાર–૩ | | માહેન્દ્ર–૪ | |
|---|---|---|---|---|
| પરિષદ | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| આભ્યંતર દેવ | ૮૦૦૦ | ૪ ૧/૨ સાગર–૫ પલ્ય | ૬૦૦૦ | ૪ ૧/૨ સાગર–૭ પલ્ય |
| મધ્યમ દેવ | ૧૦૦૦૦ | ૪ ૧/૨ સાગર–૪ પલ્ય | ૮૦૦૦ | ૪ ૧/૨ સાગર–૬ પલ્ય |
| બાહ્ય દેવ | ૧૨૦૦૦ | ૪ ૧/૨ સાગર–૩ પલ્ય | ૧૦૦૦૦ | ૪ ૧/૨ સાગર–૫ પલ્ય |

| | બ્રહ્મ–૫ | | લાંતક–૬ | |
|---|---|---|---|---|
| પરિષદ | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| આભ્યંતર દેવ | ૪૦૦૦ | ૮ ૧/૨ સાગર–૫ પલ્ય | ૨૦૦૦ | ૧૨ સાગર–૭ પલ્ય |
| મધ્યમ | ૬૦૦૦ | ૮ ૧/૨ સાગર–૪ પલ્ય | ૪૦૦૦ | ૧૨ સાગર–૬ પલ્ય |
| બાહ્ય | ૮૦૦૦ | ૮ ૧/૨ સાગર–૩ પલ્ય | ૬૦૦૦ | ૧૨ સાગર–૫ પલ્ય |

| પરિષદ | મહાશુક્ર–૭ | | સહ[illegible]ાર–૮ | |
|---|---|---|---|---|
| | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| આભ્યંતર દેવ | ૧૦૦૦ | ૧૫ ૧/૨ સાગર–૫ પલ્ય | ૫૦૦ | ૧૭ ૧/૨ સાગર–૭ પલ્ય |
| મધ્યમ દેવ | ૨૦૦૦ | ૧૫ ૧/૨ સાગર–૪ પલ્ય | ૧૦૦૦ | ૧૭ ૧/૨ સાગર–૬ પલ્ય |
| બાહ્ય દેવ | ૪૦૦૦ | ૧૫ ૧/૨ સાગર–૩ પલ્ય | ૨૦૦૦ | ૧૭ ૧/૨ સાગર–૫ પલ્ય |

| પરિષદ | આણત–પ્રાણત(૯-૧૦) | | આરણ–અચ્યુત(૧૧-૧૨) | |
|---|---|---|---|---|
| | સંખ્યા | સ્થિતિ | સંખ્યા | સ્થિતિ |
| આભ્યંતર દેવ | ૨૫૦ | ૧૯ સાગર–૫ પલ્ય | ૧૨૫ | ૨૧ સાગર–૭ પલ્ય |
| મધ્યમ દેવ | ૫૦૦ | ૧૯ સાગર–૪ પલ્ય | ૨૫૦ | ૨૧ સાગર–૬ પલ્ય |
| બાહ્ય દેવ | ૧૦૦૦ | ૧૯ સાગર–૩ પલ્ય | ૫૦૦ | ૨૧ સાગર–૫ પલ્ય |

***નોંધ :– જ્યોતિષી દેવેન્દ્રોની પરિષદની સંખ્યા અને સ્થિતિ વ્યંતરના કાલકુમારેન્દ્રની સમાન છે. નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં સર્વ દેવો અહમેન્દ્ર છે. ત્યાં પરિષદ હોતી નથી.***

**દ્વીપસમુદ્રનું વર્ણન :–** તિરછા લોકમાં જંબૂદ્વીપ આદિ અસંખ્ય દ્વીપ છે. લવણ સમુદ્ર આદિ અસંખ્ય સમુદ્ર છે. જંબૂદ્વીપ સર્વથી નાનો અને બરાબર વચ્ચે છે. તે પૂર્ણ ચંદ્રમાના આકારે છે. એક લાખ યોજન લાંબો, પહોળો છે. તેની ચારે તરફ વલયાકાર બે લાખ યોજન વિસ્તારવાળો લવણ સમુદ્ર છે. ત્યાર પછી એક દ્વીપ અને એક સમુદ્ર ક્રમશઃ વલયાકારે છે. તે સર્વ વિસ્તારમાં બમણા-બમણા છે. પ્રત્યેક દ્વીપ સમુદ્રના કિનારે પદ્મવર વેદિકા અને વનખંડ છે. તે પણ વલયાકારે છે.

**જંબૂદ્વીપ જગતી :–** જંબૂદ્વીપના કિનારે જગતી છે. તેની મધ્યમાં ચારે તરફ ગવાક્ષકટક છે. જગતીની ઉપર(શિખરતલ પર) મધ્યમાં પદ્મવર વેદિકા છે. તેની બંને બાજુ વનખંડ છે. વનખંડમાં અનેક વાવડીઓ આદિ છે.(સૂત્રમાં પદ્મવર વેદિકા અને વનખંડ તથા તેમાં રહેલી વાવડીઓનું વિસ્તૃત વર્ણન છે.) જગતી પર વાણવ્યંતર દેવો ક્રીડા, આમોદ-પ્રમોદ કરવા માટે આવે છે. ત્યાં બેસવા-સૂવા માટે આસન શિલાપટક આદિ છે.

**જંબુદ્વીપની જગતીના દરવાજા :–** મેરૂ પર્વતથી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણમાં જગતીમાં ચાર દ્વાર છે. તેના નામ વિજય, વિજયંત, જયંત, અપરાજિત. મેરૂથી ૪૫૦૦૦ યોજન દૂર સીતામહાનદી ઉપર પ્રથમ વિજયદ્વાર છે. તે ચાર યોજન પહોળું ને આઠ યોજન ઊંચું છે. દરવાજાની અંદર અને બહાર સુવર્ણમય રેતી બિછાવેલી છે.

**વિજયદ્વારનું આભ્યંતર વર્ણન :–** દ્વારની અંદર બંને બાજુ ચોતરા છે.(બેસવાના સ્થાન) જેમાં ચંદન કળશ, માળાઓ યુક્ત ખીલીઓ, ઘંટડીઓ, ચાંદીના સીંકા અને તેમાં ધૂપદાનીઓ છે. પુતળીઓ, જાલઘર, વિશાળઘંટ અને માળાઓની પંક્તિઓ છે. બંને ચોતરામાં પીઠ પર પ્રાસાદાવતસંક મહેલ છે. પીઠ ચાર યોજન લાંબી-પહોળી, બે યોજન ઊંચી છે; પ્રાસાદ બે યોજન લાંબા-પહોળા અને ચાર યોજન ઊંચા છે. પ્રાસાદમાં મણિપીઠિકા(ચબુતરા) છે. તેના પર સિંહાસન છે.



**વિજયદ્વારનું બાહ્ય વર્ણન :–** બંને નિષીદિકાઓ(ચોતરા)ની સામે બે તોરણ છે. પ્રત્યેક તોરણની સામે બબ્બે પૂતળીઓ છે. નાગદંત, હસ્તિયુગલ, અ✓યુગલ, નર-કિન્નર, કિંપુરસ યુગલ, મહોરગ, ગંધર્વ અને ઋષભયુગલ છે. આ પ્રમાણે અનેક મંગલરૂપ દર્શનીય બબ્બે પદાર્થ છે. બંને નિષીદિકાઓ ઉપર બબ્બે સિંહાસન, છત્ર, ચામર આદિ છે.

દ્વાર ઉપર ૧૦૮૦ ધ્વજાઓ છે. દરવાજાની ઉપર ૯ ભવન છે. પાંચમા ભવનમાં વિજયદેવનું સિંહાસન છે. તેની આસપાસ તેના દેવ-દેવીઓના ભદ્રાસનો છે. એ રીતે આ મધ્યમ ભવનમાં પરિવાર સહિત બેસવા યોગ્ય સંપૂર્ણ વ્યવસ્થા છે. અન્ય આઠ ભવનમાં એક-એક સિંહાસન છે.

**વિજયદેવનો પરિવાર :–** ૪,૦૦૦ સામાનિક દેવ, ૪,૦૦૦ અગ્રમહિષીનો પરિવાર, ૮,૦૦૦ આભ્યંતર પરિષદના દેવો, મધ્યમ પરિષદના ૧૦,૦૦૦ દેવો, બાહ્ય પરિષદના ૧૨,૦૦૦ દેવો, ૭ સેનાપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, આ દરેક દેવો માટે પાંચમાં ભવનમાં ભદ્રાસન છે. વિજયદ્વારના વિજય નામના માલિક દેવ અહીં રહે છે. તેની સ્થિતિ એક પલ્યોપમની છે.

**વિજયદેવની રાજધાની :–** પૂર્વ દિશામાં અસંખ્ય દ્વીપ સમુદ્રો પછી જ્યાં બીજો જંબૂદ્વીપ છે ત્યાં ૧૨,૦૦૦ યોજન અંદર ગયા પછી વિજયદેવની વિજયા નામની રાજધાની છે. તે ૧૨,૦૦૦ યોજનની લાંબી-પહોળી અને ગોળ છે. તેની ચારે બાજુ ૩૭ યોજન ઊંચો કિલ્લો(ગઢ) છે. તે મૂળમાં ૧૨ા યોજન પહોળો છે, મધ્યમાં ૬ા યોજન પહોળો અને ઉપર ૩ યોજન ને અર્ધ ગાઉ પહોળો છે. વિજયા રાજધાનીમાં કુલ ૫૦૦ દરવાજા છે. તે દ્વાર ૬૨ા યોજન ઊંચા અને ૩૧ા યોજન પહોળા છે. શેષ વર્ણન ઉપરોક્ત દ્વારના વર્ણનની સમાન જાણવું.

વિજયા રાજધાનીનું બાહ્ય અને આભ્યંતર વર્ણન પ્રાયઃ સૂર્યાભદેવના સૂર્યાભ વિમાન સદશ છે. તેના માટે જુઓ– ***રાયપસેણીય સૂત્ર, સારાંશ ખંડ–૭.***

**શેષ ત્રણ દ્વાર :–** મેરૂ પર્વતથી પૂર્વદિશામાં સ્થિત વિજયદ્વારનની સમાન દક્ષિણ દિશામાં વિજયંત દ્વાર અને વિજયંતદેવ તથા તેની વિજયંતા રાજધાની, પશ્ચિમ દિશામાં જયંત દ્વાર, જયંત દેવ અને તેની જયંતા રાજધાની અને ઉત્તરદિશામાં અપરાજિતદ્વાર, અપરાજિત દેવ અને અપરાજીત રાજધાની છે. ચારે દ્વારની વચ્ચે ૭૯,૦૫૨ યોજન દેશોન બે કોશ સાધિક અંતર છે.

**ઉપસંહાર :–** લવણ સમુદ્રના અંતિમ પ્રદેશો જંબૂદ્વીપથી સ્પૃષ્ટ છે અને જંબૂદ્વીપના અંતિમ પ્રદેશો લવણ સમુદ્રથી સ્પૃષ્ટ છે પરંતુ તે પ્રદેશો તેમની જ મર્યાદાના કહેવાય છે. જંબૂદ્વીપમાંથી મરીને કેટલાય જીવો લવણ સમુદ્રમાં ઉત્પન્ન થાય છે અને લવણ સમુદ્રના કેટલાક જીવ મરીને, જંબૂદ્વીપમાં ઉત્પન્ન થાય છે.

**જંબૂદ્વીપનું નામ :–** મેઢ પર્વતથી ઉત્તર દિશામાં ઉત્તર કુઢક્ષેત્રમાં જંબૂસુદર્શન નામનું વૃક્ષ છે. તે પૃથ્વીમય–વિવિધ રત્ન મણિમય છે. જંબૂદ્વીપના અધિપતિ (માલિક) અનાદત નામના દેવ ત્યાં રહે છે. તેની અનાદતા રાજધાની અન્ય જંબૂદ્વીપમાં છે. જંબૂસુદર્શન વૃક્ષના કારણે તથા અન્ય અનેક જંબૂવૃક્ષોના કારણે આ દ્વીપનું નામ જંબૂદ્વીપ છે. અથવા આ અનાદિ શાશ્વત નામ છે.

જંબૂદ્વીપમાં બે સૂર્ય, બે ચંદ્ર, ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ, ૧,૩૩,૯૫૦ ક્રોડાક્રોડી તારા ભ્રમણ કરે છે.

## લવણ સમુદ્ર

જંબુદ્વીપની ચારેતરફ ઘેરાયેલો વલયાકારે લવણ સમુદ્ર છે. તેનું પાણી ખારું, કડવું અને અમનોજ્ઞ છે. તેમાં ઉત્પન્ન થયેલા જીવોને છોડીને અન્ય જીવો માટે તેનું પાણી અપેય છે. લવણ સમુદ્ર ચારેબાજુથી ક્રમશઃ પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. તેની ચારે દિશામાં લવણ સમુદ્રના વિજય આદિ ચાર દ્વાર છે. તેનું સંપૂર્ણ વર્ણન જંબૂદ્વીપના વિજય આદિ દ્વારો જેવું છે. લવણ સમુદ્રના માલિક દેવનું નામ 'સુસ્થિત' છે. તે લવણ સમુદ્રમાં જ ગૌતમદ્વીપમાં રહે છે. લવણાધિપતિ સુસ્થિતદેવની 'સુસ્થિતા' નામની રાજધાની અન્ય બીજા લવણસમુદ્રમાં છે. સુસ્થિત દેવની સ્થિતિ એક પલ્યોપમની છે.

**પાતાળ કળશા :–** લવણ સમુદ્રમાં ચાર મહા પાતાળકળશા છે. તે એક લાખ યોજન ઊંડા છે. ૭,૮૮૪ નાના પાતાળકળશા છે. તે ૧૦૦૦ યોજન ઊંડા છે. ચાર મોટા કળશાના ચાર માલિક દેવ– કાલ, મહાકાલ, વેલંબ અને પ્રભંજન છે. તેમની સ્થિતિ એક પલ્યોપમની છે. નાના કળશાના માલિકદેવોની સ્થિતિ અર્ધ પલ્યોપમની છે. તે કળશાઓ વજ્રમય છે.

તે કળશામાં નીચે ૧/૩ ભાગમાં વાયુ હોય છે, મધ્યના ૧/૩ ભાગમાં વાયુ અને પાણી છે અને ઉપરના ૧/૩ ભાગમાં ફક્ત પાણી છે. તેમાં ઊર્ધ્વગમનના સ્વભાવ-વાળો વાયુ ઉત્પન્ન થઈને ઉપરની તરફ ગતિ કરે છે, ગુંજારવ કરે છે, ત્યારે પાણી ઉછળે છે.

**લવણ શિખા :–** લવણ સમુદ્રના બંને કિનારેથી ૯૫,૦૦૦–૯૫,૦૦૦ યોજન અંદર જઈએ ત્યારે મધ્યમાં ૧૦,૦૦૦ યોજનનું સમતલ ક્ષેત્ર છે. તેમાં પાતાલ કળશા છે અને ત્યાં સમભૂમિથી ૧૬,૦૦૦ યોજન ઊંચી ૧૦,૦૦૦ યોજન પહોળી જલશિખા છે. તે લવણ સમુદ્રના બે વિભાગ કરે છે. આભ્યંતર અને બાહ્ય. પાતાલકળશોનું મુખ સમુદ્રની ઉપરની સપાટી તરફ છે. અર્થાત્ સમુદ્રની સપાટીથી ૧,૦૦૦ યોજન ઊંડા છે. પાતાલકળશોનીઅંદરનો વાયુ ક્ષુભિત અને ઉદીરિત થવાથી ૧૬૦૦૦ યોજનની જલશિખા દેશોન અર્ધયોજન ઉપર વધે છે. જ્યારે



વાયુ શાંત હોય ત્યારે જલશિખા યથાવત્ રહે છે, તેમાં વૃદ્ધિ થતી નથી. સ્વાભાવિક રીતે દિવસમાં બે વખત જલશિખા વધે છે અને પુનઃ ઘટી જાય છે. પરંતુ આઠમ, ચૌદસ, પૂનમ, અમાસના દિવસે સ્વાભાવિક જ અતિશયરૂપમાં ઘણા સમય સુધી વધે છે અને ઘટે છે.

આ લવણશિખાના ઉછળતા પાણીને, અંદર જંબૂદ્વીપ તરફ અને બહાર ઘાતકીખંડ દ્વીપ તરફ અને ઉપર તરફ એમ ત્રણ દિશામાં ક્રમશઃ ૪૨,૦૦૦, ૭૨,૦૦૦ અને ૬૦,૦૦૦ નાગકુમાર દેવો રોકવાના હેતુથી દબાવે છે. તેમાં ચાર વેલંધર નાગરાજા છે– **૧.** ગોસ્તૂપ, **૨.** શિવક, **૩.** શંખ, **૪.** મનોશિલક.

**વેલંધર નાગરાજાના આવાસ પર્વત :–** મેઢપર્વતથી પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરમાં લવણ સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન જવા પર ક્રમશઃ ગોસ્તૂપ આદિ ચારે નાગરાજાઓના ક્રમશઃ ચાર આવાસ પર્વત છે. **૧.** ગોસ્તૂપ **૨.** ઉદકભાસ, **૩.** શંખ, **૪.** દકસીમ. તે પર્વત સુવર્ણમય છે, ગોપુચ્છ સંસ્થાનવાળા છે. તેના શિખર પર મહેલ છે. તે ૫૨ ૧/૨ યોજન ઊંચા અને ૨૬ ૧/૪ યોજન લાંબા-પહોળા છે. તેમાં સપરિવાર સિંહાસન આદિ વિજયદેવના પ્રાસાદની સમાન છે. તેની રાજધાની અન્ય લવણસમુદ્રમાં તે દિશામાં ૪૨,૦૦૦ યોજન દૂર છે. તેનું વર્ણન વિજયા રાજધાની જેવું છે.

આ રીતે મેઢપર્વતથી ચારે વિદિશામાં અણુવેલંધર નાગરાજાઓના આવાસ પર્વત છે. તેના નામ– **૧.** કર્કોટક, **૨.** કર્દમક, **૩.** કૈલાશ, **૪.** અઢણપ્રભ. તે આવાસ પર્વત ચાંદીમય છે. દેવ, આવાસ, પર્વત, પ્રાસાદ અને રાજધાની તે તે નામવાળા છે.

**સુસ્થિતદેવ–** મેઢપર્વતથી પશ્ચિમમાં લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન દૂર ૧૨,૦૦૦ યોજનનો લાંબો પહોળો અને ગોળ ગૌતમદ્વીપ છે. તે પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. તેની મધ્યમાં અતિક્રીડા નામનું ભવન છે. તેને સેંકડો સ્તંભો છે. ત્યાં સુસ્થિત દેવ રહે છે. ગૌતમદ્વીપથી પશ્ચિમમાં અન્ય લવણ સમુદ્રમાં કિનારેથી ૧૨,૦૦૦ યોજન દૂર સુસ્થિતા નામની રાજધાની છે. દેવોનો જન્મ, નિવાસ આદિ રાજધાનીમાં હોય છે પરંતુ તે આવાસ પર્વતો પર પ્રસંગાનુસાર આવાગમન કરે છે, બેસે છે અને ક્યારેક મર્યાદિત સમય માટે રોકાય પણ છે.

**ચંદ્ર-સૂર્ય દ્વીપ :–** જંબુદ્વીપના સૂર્ય-ચંદ્રના દ્વીપ આભ્યંતર લવણસમુદ્રમાં છે. આભ્યંતર લવણ સમુદ્રના ચન્દ્ર-સૂર્યના દ્વીપ આભ્યંતર લવણ સમુદ્રમાં છે અને બાહ્ય લવણસમુદ્રના સૂર્ય-ચંદ્રના દ્વીપ બાહ્ય લવણ સમુદ્રમાં છે. ધાતકીખંડના ચંદ્ર-સૂર્યના દ્વીપ કાલોદધિ સમુદ્રના અંદરના કિનારા તરફ છે અને કાલોદધિ સમુદ્રના ચંદ્ર-સૂર્યના દ્વીપ તેના બાહ્ય કિનારા તરફ છે. પુષ્કર દ્વીપના અને પુષ્કર સમુદ્રના સૂર્ય-ચંદ્રના દ્વીપ પુષ્કર સમુદ્રમાં છે. આ રીતે આગળ પણ સમજી લેવું. અર્થાત્

દ્વીપના ચંદ્ર-સૂર્યના દ્વીપા આગળના સમુદ્રની આભ્યંતર વેદિકાથી ૧૨૦૦૦ યોજન છે અને તે સમુદ્રના ચંદ્ર-સૂર્યના દ્વીપ બાહ્ય વેદિકાથી ૧૨૦૦૦ યોજન અંદરની તરફ સમુદ્રમાં છે.

ચંદ્રના ચંદ્રદ્વીપ પૂર્વદિશામાં છે અને સૂર્યના સૂર્યદ્વીપ પશ્ચિમ દિશામાં છે. તે સર્વ સમુદ્રી કિનારેથી ૧૨,૦૦૦ યોજન સમુદ્રમાં છે. તે દ્વીપો ૧૨,૦૦૦ યોજન લાંબા-પહોળા અને ગોળ છે. તેની રાજધાની તે જ દિશામાં તે નામના અન્ય દ્વીપ સમુદ્રમાં છે.

અંતમાં જે દ્વીપ સમુદ્રના નામના દ્વીપ કે સમુદ્ર આગળ ન હોય તો તે દ્વીપના ચંદ્ર-સૂયની રાજધાની દ્વીપવાળાની દ્વીપમાં અને સમુદ્રવાળાની સમુદ્રમાં છે, કિનારાથી અર્થાત્ વેદિકાથી અસંખ્ય-અસંખ્ય યોજન દૂર છે, અથવા બંનેની રાજધાની તે જ સમુદ્રમાં છે. તેમાં દ્વીપવાળોની દ્વીપના આભ્યંતર કિનારેથી અને સમુદ્રવાળોની સમુદ્રના બાહ્ય કિનારેથી અસંખ્ય યોજન દૂર સમુદ્રમાં છે.

**ઉપસંહાર :–** લવણ સમુદ્રનું પાણી ઊંચે ઉઠેલું છે તથા ક્ષુભિત ઉછળતું છે. અન્ય સમુદ્રોનું પાણી સમતલ છે અને અક્ષુભિત છે.

લવણ સમુદ્રમાં સ્વાભાવિક વરસાદ થાય છે. અન્ય સમુદ્રોમાં થતો નથી. ત્યાં અનેક અપ્કાય જીવો તથા પુદ્ગલોનો ચય-ઉપચય થાય છે. અનેક જીવો મરે છે અને નવા જીવો જન્મ ધારણ કરે છે.

**ગોતીર્થ–** લવણ સમુદ્રનું પાણી કિનારાથી ક્રમશઃ ઊંડુ થતું જાય છે. ક્રમશઃ એક-એક પ્રદેશની ઊંડાઈ વધતા ૯૫ યોજન જતાં એક યોજનની ઊંડાઈ વધે છે. આ રીતે ૯૫,૦૦૦ યોજન જવા પર એક હજાર યોજન પાણીની ઊંડાઈ વધે છે. આ રીતે ક્રમશઃ વધતી ઊંડાઈના કારણે તેનો આકાર ગોતીર્થ સમાન છે. ઊંચાઈ પણ ૭૦૦ યોજન ક્રમશઃ વધે છે. વચ્ચેના ૧૦,૦૦૦ યોજનના સમતલ ક્ષેત્રમાં લવણશિખા છે. જે સમભૂમિથી ૧૬,૦૦૦ યોજન ઊંચી ગઈ છે. સદા શા✓ત તેજ અવસ્થામાં રહે છે. અન્ય સર્વ સમુદ્રોમાં પાણીની ઊંડાઈ એક કિનારેથી બીજા કિનારા સુધી એક સમાન ૧૦૦૦ યોજનની હોય છે. ગોતીર્થ અને ડગ-માળા જલશિખા અન્ય સમુદ્રોમાં નથી.

લવણ સમુદ્ર ગોતીર્થ સંસ્થાન, નાવા સંસ્થાન, અ✓સ્કંધ સંસ્થાનથી સંસ્થિત ગોળ વલયકાર છે. ૧૬,૦૦૦ યોજન ઊંચો ૧,૦૦૦ યોજન ઊંડો અને ૧૭,૦૦૦ યોજનનો સર્વાંશે છે.

તેનું પાણી આટલું ઊંચું હોવા છતાં લોક સ્વભાવથી તથા મનુષ્ય, દેવ આદિના પુણ્યપ્રભાવથી અને ધર્માચરણી જીવોના ધર્મપ્રભાવથી તે જંબૂદ્વીપને જળબંબાકાર કરી શકતો નથી.



## અન્ય દ્વીપ સમુદ્ર

**ઘાતકીખંડ દ્વીપ :–** લવણ સમુદ્રની ચારે તરફ ઘેરાયેલો વલયાકારે ચાર લાખ યોજનના વિસ્તારવાળો ઘાતકીખંડ દ્વીપ છે. તેના બે વિભાગ છે– પૂર્વ અને પશ્ચિમ, તેના બે માલિક દેવ છે, સુદર્શન અને પ્રિયદર્શન, તેની સ્થિતિ એક પલ્યોપમની છે. તે દ્વીપના બે વિભાગ હોવાથી તેમાં ભરતાદિ ક્ષેત્ર અને પર્વત, નદી આદિ એક નામના બબ્બે છે. ૧૨ સૂર્ય અને ૧૨ ચંદ્ર છે. વિજય આદિ ચાર દ્વાર જંબૂદ્વીપના દ્વારની સમાન છે. તે પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે.

**કાલોદધિ સમુદ્ર :–** ઘાતકીખંડને ચારેતરફ ઘેરીને વલયાકારે ૮ લાખ યોજન વિસ્તારવાળો કાલોદધિ સમુદ્ર છે. તેના પણ બે વિભાગ છે અને કાલ, મહાકાલ નામના બે માલિક દેવ છે. તેમાં ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય પ્રકાશ કરે છે. આ સમુદ્રનું પાણી પ્રાકૃતિક પાણીના જેવું અને સ્વાદિષ્ટ છે.

**પુષ્કરદ્વીપ :–** ૧૬ લાખ યોજનના વિસ્તારવાળો, વલયાકાર કાલોદધિ સમુદ્રને ઘેરીને રહેલો પુષ્કરદ્વીપ છે. તે પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. તેના પણ પૂર્વ અને પશ્ચિમ બે વિભાગ, પદ્મ અને પુંડરીક નામના બે માલિક દેવ છે. પદ્મ, મહાપદ્મ નામના વૃક્ષો પર તેના પ્રાસાદાવતંસક છે. તેની સ્થિતિ એક પલ્યોપમની છે. ૧૪૪ ચંદ્ર અને ૧૪૪ સૂર્ય આ દ્વીપમાં પ્રકાશ કરે છે. વિજય આદિ ચાર દ્વાર છે. આ દ્વીપની બરાબર મધ્યમાં માનુષોત્તર નામનો પર્વત છે. તેનાથી આ દ્વીપના આભ્યંતર અને બાહ્ય બે વિભાગ થઈ જાય છે. આભ્યંતર વિભાગમાં જ ભરતાદિ ક્ષેત્ર છે. બાહ્ય વિભાગમાં એવા કોઈ ક્ષેત્ર આદિ વિભાજન નથી. તે બંને વિભાજીત ક્ષેત્રો આઠ-આઠ લાખ યોજન વિસ્તારવાળા છે. તે દરેક વિભાગમાં ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય છે.

**સમયક્ષેત્ર–મનુષ્યક્ષેત્ર :–** અઢીદ્વીપ અને બે સમુદ્ર પર્યંતનું ક્ષેત્ર, સમય ક્ષેત્ર છે; તેટલા ક્ષેત્રમાં સૂર્ય-ચંદ્ર આદિ ભ્રમણ કરે છે. દિવસ-રાત્રિના વિભાજનરૂપ સમયનો વ્યવહાર થાય છે. તેટલા ક્ષેત્રમાં જ મનુષ્ય જન્મે છે. માટે તેને મનુષ્યક્ષેત્ર કે સમયક્ષેત્ર કહેવાય છે. તેમાં લવણ અને કાલોદધિ બે સમુદ્ર છે. જંબૂદ્વીપ અને ઘાતકીખંડ બે દ્વીપ છે; માનુષોત્તર પર્વતના પૂર્વ ભાગ સુધી અર્ધ પુષ્કર દ્વીપ છે.

**મનુષ્યક્ષેત્રમાં ચંદ્રાદિનું જ્ઞાન :–** મનુષ્યક્ષેત્રમાં કુલ ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય પ્રકાશ કરે છે, ભ્રમણ કરે છે. એક-એક ચંદ્ર-સૂર્ય યુગલની સાથે ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી તારાગણનો પરિવાર હોય છે.

બે ચંદ્ર અને બે સૂર્ય પરિવારનોએક પિટક છે. એવા ૬૬ પિટક મનુષ્યક્ષેત્રમાં છે. ચંદ્રની બે અને સૂર્યની બે એમ ચાર પંક્તિ મનુષ્યલોકમાં છે. એક પંક્તિમાં

૬૬-૬૬ સંખ્યા હોય છે. એવી નક્ષત્રની ૫૬ અને ગ્રહની ૧૭૬ પંક્તિ હોય છે. મનુષ્ય ક્ષેત્રમાં ચંદ્ર-સૂર્યના ગ્રહ-નક્ષત્ર સાથેના યોગ બદલાતા રહે છે. માટે અહીં અનવસ્થિત યોગ હોય છે. નક્ષત્ર અને તારાઓના અવસ્થિત મંડલ હોય છે. સૂર્ય-ચંદ્રના મંડલ પરિવર્તનશીલ છે. પરંતુ તે ઉપર નીચે થતા નથી. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રની ગતિ વિશેષથી અને યોગ-સંયોગથી મનુષ્યના સુખ-દુઃખનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

સૂર્ય બાહ્યમંડળથી આભ્યંતર મંડલની તરફ ક્રમશઃ આવે છે ત્યારે તાપક્ષેત્ર ક્રમશઃ વધે છે. જ્યારે આભ્યંતર મંડલથી બહારના માંડલા તરફ ગતિ કરે છે ત્યારે તાપક્ષેત્ર ક્રમશઃ ઘટે છે. ચંદ્રની સાથે ચાર અંગુલ નીચે કૃષ્ણ રાહુ સદા ગતિ કરે છે. જેનાથી ચંદ્રની કલાની હાનિ વૃદ્ધિ થાય છે.

**ચંદ્ર-સૂર્ય સંખ્યા પરિજ્ઞાન :–** જંબૂદ્વીપમાં બે-બે ચંદ્ર-સૂર્ય, લવણસમુદ્રમાં ચાર-ચાર અને ઘાતકીખંડમાં બાર-બાર છે. આગળ કાલોદધિ આદિ કોઈ પણ દ્વીપ સમુદ્રના ચંદ્ર-સૂર્યની સંખ્યા જાણવી હોય તો તેના પૂર્વના અનંતર દ્વીપ સમુદ્રના ચંદ્રની સંખ્યાને ત્રણ ગુણી કરીને તેની આગળના સર્વ દ્વીપ સમુદ્રના સર્વ ચંદ્રની સંખ્યા ઉમેરવાથી જે સંખ્યા આવે, તે તે દ્વીપ કે સમુદ્રના ચંદ્રની કે સૂર્યની સંખ્યા નિશ્ચિત થાય છે. દા. ત. ઘાતકીખંડના ૧૨ ચંદ્ર છે તો ૧૨ × ૩ = ૩૬+૪+૨ = ૪૨ કાલોદધિના સૂર્ય-ચંદ્રની સંખ્યા છે. પુનઃ ૪૨×૩ = ૧૨૬+૧૨ +૪+૨ = ૧૪૪ પુષ્કર દ્વીપના સૂર્ય-ચંદ્રની સંખ્યા છે.

**મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્ર-સૂર્યનું પરિજ્ઞાન :–** મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્ર-સૂર્યની દિશા-વિદિશામાં આઠ પંક્તિ છે. પ્રત્યેક પંક્તિમાં એક સૂર્ય એક ચંદ્ર એમ ક્રમશઃ છે. પ્રત્યેક પંક્તિમાં ચંદ્ર-સૂર્યનું અંતર ૫૦,૦૦૦ યોજન છે. પરંતુ ચંદ્ર-ચંદ્ર અને સૂર્ય-સૂર્ય વચ્ચેનું અંતર એક લાખ યોજન છે. ચંદ્રની સાથે અભિજીત નક્ષત્રનો સ્થિર યોગ છે અને સૂર્યની સાથે પુષ્ય નક્ષત્રનો સ્થિર યોગ છે; કારણ કે ત્યાં ચંદ્ર-સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે બધા જ સ્થિર છે.

મનુષ્યક્ષેત્રની બહાર સ્વાભાવિક રીતે જ વરસાદ થતો નથી. ઘર ગામ આદિ હોતા નથી. મનુષ્યોનું ગમનાગમન થતું નથી. ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, સાધુ-સાધ્વી આદિ નથી, પરંતુ વૈક્રિયથી કે વિદ્યા પ્રયોગથી અથવા પરપ્રયોગથી કોઈ મુનષ્ય જઈ શકે છે. દિવસ-રાત્રિ આદિનું કાળ જ્ઞાન નથી, અગ્નિ નથી, ગ્રહણ, પ્રતિચંદ્ર, ઈન્દ્રધનુષ આદિ હોતા નથી.

મનુષ્યક્ષેત્રમાં સૂર્ય-ચંદ્રના તાપક્ષેત્ર ઊર્ધ્વમુખી કદમ્બપુષ્પના સંસ્થાન-વાળા છે. મનુષ્યક્ષેત્રની બહાર પાકી ઈંટના સંસ્થાનવાળું તાપક્ષેત્ર છે. ત્યાં સદાય ચંદ્ર-સૂર્યનો મિશ્ર પ્રકાશ હોય છે.



**ઈન્દ્રવિરહ :–** ચંદ્ર-સૂર્ય જ્યોતિષેન્દ્રનો વિરહ ઉત્કૃષ્ટ ૬ માસનો હોય છે. ઈન્દ્રના વિરહકાલમાં બે-ચાર સામાનિક દેવો મળીને તે ઈન્દ્રનું કાર્ય કરે છે. અર્થાત્ સંપૂર્ણ જ્યોતિષ પરિવારનું આધિપત્ય ધારણ કરે છે.

**મુનષ્યક્ષેત્રની બહાર દ્વીપ–સમુદ્ર :–** બહારના દ્વીપ સમુદ્રની લંબાઈ-પહોળાઈ આદિ સંખ્યાત યોજન રૂપ કહી છે. રુચકદ્વીપ પછી લંબાઈ-પહોળાઈ, પરિધિ, ચંદ્ર અને સૂર્ય આદિ અસંખ્ય-અસંખ્ય કહ્યા છે. સર્વ દ્વીપ-સમુદ્રોમાં દ્વાર, પદ્મવરવેદિકા અને વનખંડ હોય છે. તે દરેક દ્વીપ સમુદ્રોના બે-બે માલિક દેવ છે. પુષ્કર સમુદ્રના શ્રીધર અને શ્રીપ્રભુ માલિક દેવ છે. ***ત્યારપછીકોષ્ટકમાં જુઓ–***

| દ્વીપ | માલિક દેવ | સમુદ્ર | માલિક દેવ |
|---|---|---|---|
| ૭ વઢણ દ્વીપ | વઢણ–વઢણપ્રભ | ૮ વઢણ સમુદ્ર | વાઢણી–વાઢણીકંતા |
| ૯ ક્ષીર દ્વીપ | પુંડરીક–પુષ્કર દંત | ૧૦ ક્ષીર સમુદ્ર | વિમલ–વિમલપ્રભ |
| ૧૧ ઘૃત દ્વીપ | કનક–કનકપ્રભ | ૧૨ ઘૃત સમુદ્ર | કાંત–સુકાંત |
| ૧૩ ક્ષોદવર દ્વીપ | સુપ્રભ–મહાપ્રભ | ૧૪ ક્ષોદવર સમુદ્ર | પૂર્ણભદ્ર–માણિભદ્ર |
| ૧૫ નંદી✓ર દ્વીપ | કૈલાસ–હરિવાહન | ૧૬ નંદી✓ર સમુદ્ર | સુમન–સોમનસ |
| ૧૭ અઢણ દ્વીપ | અશોક–વિતશોક | ૧૮ અઢણ સમુદ્ર | સુભદ્ર–સુમનભદ્ર |
| ૧૯ અઢણવર દ્વીપ | અઢણવર ભદ્ર–અઢણવર મહાભદ્ર | ૨૦ અઢણવર સમુદ્ર | અઢણવર–અઢણમહાવર |

ત્યારપછીના દ્વીપમાં 'ભદ્ર' અને સમુદ્રમાં 'વર' એ શબ્દોને જોડતા તેના માલિક દેવના નામ બને છે. (૨૧) અઢણવરાવભાસદ્વીપ (૨૨) અઢણવરાવ–ભાસસમુદ્ર (૨૩) કુંડલદ્વીપ (૨૪) કુંડલોદ સમુદ્ર (૨૫) કુંડલવરદ્વીપ (૨૬) કુંડલવર સમુદ્ર (૨૭) કુંડલવરાભાસદ્વીપ (૨૮) કુંડલવરાભાસસમુદ્ર (૨૯) રુચક દ્વીપ(અસંખ્ય યોજન વિસ્તારની પરિધિવાળો) (૩૦) રુચક સમુદ્ર (૩૧) રુચક વરદ્વીપ (૩૨) રુચક વર સમુદ્ર (૩૩) રુચકવરાભાસ દ્વીપ (૩૪) રુચકવરાભાસ સમુદ્ર. લોકમાં જેટલા શુભ નામ છે અને શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ, શુભ સ્પર્શ, આભૂષણ, વસ્ત્ર, પૃથ્વી, રત્ન, નિધિ, દ્રહ, નદી, પર્વત, ક્ષેત્ર, વિજય, કલ્પ, આવાસ, કૂટ, નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય આદિ છે તેના નામથી ત્રિપ્રત્યવતાર નામના દ્વીપ અને સમુદ્રો છે. જેમ કે હારદ્વીપ, હારસમુદ્ર હારવર દ્વીપ, હારવર સમુદ્ર, હારવરાવભાસ દ્વીપ, હારવરાભાસ સમુદ્ર, યાવત્ સુરવરાભાસ, સમુદ્ર. અંતમાં દેવદ્વીપ, દેવસમુદ્ર, નાગદ્વીપ, નાગસમુદ્ર, યક્ષદ્વીપ, યક્ષસમુદ્ર, ભૂતદ્વીપ, ભૂતસમુદ્ર, સ્વયંભૂરમણદ્વીપ, સ્વયંભૂરમણસમુદ્ર, છે. સર્વદ્વીપોમાં વાવડીઓ છે. તેનું પાણી ઈક્ષુરસ જેવું છે. ઉત્પાત પર્વત છે. તે સર્વ વજ્રમય છે.

## નંદીશ્વર દ્વીપ

**અંજનગિરી :–** ચારે દિશાઓમાં બરાબર મધ્યમાં ચાર અંજન પર્વત છે. તે ૮૪,૦૦૦ યોજનના ઊંચા છે. ૧,૦૦૦ યોજન ભૂમિમાં છે. ૮૫,૦૦૦ યોજન સર્વાગ્ર છે. ૧૦,૦૦૦ યોજનનો વિસ્તાર છે. ક્રમશઃ ઘટતાં ઘટતાં ઉપર ૧,૦૦૦ યોજનનો વિસ્તાર છે. ગોપુચ્છ સંસ્થાનવાળા છે. પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. ઉપર શિખરના મધ્યભાગે સિદ્ધાયતન છે. ***(વાસ્તવમાં આ માલિક દેવનું ભવન છે.)***

**સિદ્ધાયતન(માલિક દેવનું ભવન) :–** ૧૦૦ યોજન લાંબુ, ૫૦ યોજન પહોળું અને ૭૨ યોજન ઊંચું તથા અનેક સ્તંભોથી બનેલું છે. તેના ચાર દ્વાર છે– દેવદ્વાર, અસુરદ્વાર, નાગદ્વાર, સુવર્ણ દ્વાર, તે દ્વાર ૧૬ યોજન ઊંચા, ૮ યોજન પહોળા છે. દ્વારના તોરણ, પ્રેક્ષાઘર, સ્તૂપ, ચૈત્યવૃક્ષઆદિ વિજયા રાજધાનીના દ્વારના વર્ણનની સમાન છે. મહેન્દ્ર ધ્વજ, નંદાપુષ્કરિણી અને ૪૮,૦૦૦ ભદ્રાસન છે. ૧૦૮ જિન પ્રતિમા આદિ સૂર્યાભદેવના વિમાનના વર્ણનની સમાન છે.

**વાવડીઓ :–** પૂર્વ દિશાના અંજન પર્વતની ચારે દિશાઓમાં ચાર નંદાપુષ્કરિણી છે. નંદુતરા, નંદા, આનંદા, નંદીવર્ધના. તે પુષ્કરિણી એક લાખ યોજનની લાંબી, પહોળી અને ૧૦ યોજન ઊંડી છે. તે વેદિકા અને વનખંડ સહિત છે.

**દધિમુખા :–** આ વાવડીઓની મધ્યમાં એક દધિમુખ પર્વત છે. ૬૪,૦૦૦ યોજન ઊંચો અને ૧૦,૦૦૦ યોજન લાંબો-પહોળો છે. ૧,૦૦૦ યોજન ભૂમિમાં છે. તેના શિખર પર સિદ્ધાયતન છે. ***(વાસ્તવમાં તેના માલિક દેવનું ભવન છે.)***

પૂર્વદિશાના અંજન પર્વતની જેમ ચારે દિશાના અંજન પર્વતોની ચાર-ચાર વાવડીઓ અને તેમાં દધિમુખ પર્વત છે. તે વાવડીના નામ આ પ્રમાણે છે– દક્ષિણી અંજન પર્વતની ભદ્ર, વિશાલા, કુમુદા, પુડંરિકિણી; પશ્ચિમી અંજન પર્વતની નંદીસેના, અમોઘા, ગોસ્તુભા અને સુદર્શના તથા ઉત્તરી પર્વતની વિજય, વૈજયંતિ, જયંતિ અને અપરાજીતા છે.

અહીં અનેક ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો ચૌમાસી સવંત્સરી આદિ પર્વોના દિવસે, પ્રતિપદાના દિવસે, તીર્થંકરોના જન્માદિના સમયે અને અન્ય પણ અનેક કાર્યો માટે અહીં આવે છે, અષ્ટાન્હિકા મહોત્સવ કરે છે તથા સુખપૂર્વક આમોદ-પ્રમોદ કરે છે.

**દ્વીપ સમુદ્રોનો પ્રકીર્ણ વિષય :–** જંબૂદ્વીપ નામના દ્વીપ અસંખ્ય છે. લવણ સમુદ્ર નામના સમુદ્ર અસંખ્ય છે. એ રીતે ધાતકી, કાલોદધિ ***યાવત્*** સૂર્ય નામના દ્વીપ-સમુદ્ર પણ અસંખ્ય છે. ત્યારપછી દેવદ્વીપ એક છે. ત્યાર પછી ક્રમશઃ નાગ,



યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ તે પાંચે દ્વીપ અને સમુદ્ર એક-એક છે. કાલોદધિ, પુષ્કર સમુદ્ર, સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી સ્વાભાવિક પાણીના સ્વાદવાળું છે. લવણ, ક્ષીર, ઘૃત અને વઢણ તે ચાર સમુદ્રનું પાણી તેના નામ જેવા જ રસવાળું છે. શેષ સર્વ સમુદ્રોનું પાણી ઈક્ષુરસના સ્વાદવાળું છે.

લવણસમુદ્ર, કાલોદધિ સમુદ્ર અને સ્વયંભૂરમણ સમુદ્રમાં ઘણા મચ્છ–કચ્છ છે. અન્ય સમુદ્રોમાં અલ્પ છે. તેમાં ક્રમશઃ મચ્છોની ૭,૯,૧૨$\frac{1}{2}$ લાખ કુલ કોડી યોનિ છે. લવણસમુદ્રમાં મચ્છ, કચ્છની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ યોજનની છે. કાલોદધિ સમુદ્ર આદિમાં ઉત્કૃષ્ટ ૭૦૦ યોજનની છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં ઉત્કૃષ્ટ ૧,૦૦૦ યોજનની અવગાહનાવાળા મચ્છ-કચ્છ છે.

તિરછાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે. તે અઢી ઉદ્ધાર સાગરોપમના સમય પ્રમાણ છે. પ્રાયઃ સર્વ જીવો અહીં પૃથ્વીકાયપણે યાવત્ ત્રસકાયપણે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચૂક્યા છે.

**ઈન્દ્રિય વિષય :–** શુભ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શવાળા પુદ્‌ગલ, અશુભમાં પરિવર્તિત થઈ શકે છે અને અશુભ પુદ્‌ગલ શુભમાં પરિવર્તિત થઈ શકે છે.

કોઈ પણ પુદ્‌ગલ ફેંકવાથી પ્રારંભમાં તેની તીવ્ર ગતિ હોય છે, ધીરે-ધીરે તેની ગતિ મંદ થઈ જાય છે. પરંતુ દેવતાની ગતિ શીઘ્ર શીઘ્રતર હોય છે મંદ થતી નથી, માટે તે કોઈ ચીજને ફેંકીને પુનઃ તેને ગ્રહણ કરી શકે છે, પકડી શકે છે. દેવો બહારના પુદ્‌ગલો ગ્રહણ કરીને કોઈ પણ ઉત્તરવૈક્રિય ક્રિયા કરી શકે છે.

## જ્યોતિષી મંડળ

**ક્ષેત્ર :–** મેઢ પર્વતથી ૧૧૨૧ યોજન દૂરથી જ્યોતિષ મંડળનો પ્રારંભ થાય છે અને લોકાંતથી ૧૧૧૧ યોજન અંદર સુધી રહે છે. રત્નપ્રભા પૃથ્વીનીસમભૂમિથી ૭૯૦ યોજન ઊંચે જ્યોતિષ મંડળનો પ્રારંભ થાય છે અને ૯૦૦ યોજનની ઊંચાઈ પર પૂર્ણ થાય છે અર્થાત્ સમભૂમિથી ૯૦૦ યોજન ઊંચાઈ પછી કોઈ પણ સૂર્ય-ચંદ્ર ગ્રહ, નક્ષત્ર કે તારાના વિમાન નથી. આ રીતે કુલ ૧૧૦ યોજનમાં જ્યોતિષી મંડળ છે.

સમભૂમિથી સૂર્ય વિમાન ૮૦૦ યોજન ઊંચુ, ચંદ્રનું વિમાન ૮૮૦ યોજન ઊંચુ છે. નક્ષત્રોમાં અભિજિત નક્ષત્ર સર્વથી આભ્યંતર ચાલે, મૂળ(વૃશ્ચિક) નક્ષત્ર સર્વથી બાહ્ય ચાલે છે, સ્વાતિ સર્વથી ઉપર તથા ભરણી સર્વથી નીચે ચાલે છે. તારાઓના વિમાનો સૂર્યથી નીચે, ઉપર તથા સમકક્ષ પણ ચાલે છે.

**સંસ્થાન અને માપ :–** પાંચે જ્યોતિષીના વિમાનો અર્ધચંદ્રાકારે છે. અર્થાત્ ઉંધા રાખેલા અર્ધકપિત્થ અર્ધા કોઠાના ફળ સમાન છે. ચંદ્રનું વિમાન ૫૬/૬૧ યોજનનું લાંબું-પહોળું અને ગોળ છે. સૂર્યનું વિમાન ૪૮/૬૧ યોજનનું છે. ગ્રહનું વિમાન

અર્ધ યોજનનું છે. નક્ષત્રનું વિમાન એક કોષનું અને તારાનું વિમાન અર્ધકોષનું લાંબું પહોળું અને ગોળ છે. એ વિમાનોની લંબાઈથી જાડાઈ અર્ધી છે અને પરિધિ સાધિક ત્રણ ગુણી છે.

**વાહક દેવ :–** ચંદ્રનાવિમાનને ૧૬,૦૦૦ દેવો ઉપાડે છે, પ્રત્યેક દિશામાં ૪,૦૦૦ દેવો ઉપાડે છે. પૂર્વમાં સિંહના રૂપથી, દક્ષિણમાં હાથીના રૂપથી, પશ્ચિમમાં વૃષભના રૂપથી અને ઉત્તરમાં અશ્વના રૂપમાં તે દેવો રહે છે. તેજ રીતે સૂર્યના વિમાનને પણ ૧૬,૦૦૦ દેવો ઉપાડે છે. ગ્રહના વિમાનને ૮,૦૦૦, નક્ષત્રના વિમાનને ૪,૦૦૦ અને તારાના વિમાનને ૨,૦૦૦ દેવો ઉપાડે છે. તેની પ્રત્યેક દિશામાં ૫૦૦-૫૦૦ દેવો ઉપાડે છે.

**ગતિઋદ્ધિ :–** ચંદ્રથી સૂર્યની ગતિ શીઘ્ર છે. સૂર્યથી ગ્રહની, ગ્રહથી નક્ષત્રની, નક્ષત્રથી તારાઓની ગતિ શીઘ્ર હોય છે. તારાગણથી નક્ષત્ર ઋદ્ધિમાન હોય છે. નક્ષત્રથી ગ્રહની, ગ્રહથી સૂર્યની, સૂર્યથી ચંદ્રની ઋદ્ધિ વધારે હોય છે.

તારાના વિમાનોમાં પરસ્પર નિર્વ્યાઘાત અંતર જઘન્ય ૫૦૦ ધનુષ્યનું, ઉત્કૃષ્ટ બે ગાઉનું છે. પર્વત કૂટ આદિના વ્યાઘાતથી થતું અંતર જઘન્ય ૨૬૬ યોજન અને ઉત્કૃષ્ટ ૧૨,૨૪૨ યોજનનું છે. દેવો પોતાની સુધર્મા સભામાં સંપૂર્ણ પરિવાર અને ઋદ્ધિ સંપદા સહિત બેસીને અમોદ-પ્રમોદ કરે છે, દૈવી સુખોનો ઉપભોગ કરી શકે છે પરંતુ ત્યાં મૈથુન સેવન કરતા નથી; કારણ કે ત્યાં માણવક ચૈત્યસ્તંભ ઉપર અનેક જિનદાઢાઓ છે. તે દેવોને અર્ચનીય, પૂજનીય છે. ચંદ્ર દેવેન્દ્રને ચાર અગ્રમહિષી હોય છે. એક દેવી ૪,૦૦૦ દેવી વિકુર્વિત કરે છે અને કુલ ૧૬,૦૦૦ દેવીનો પરિવાર ત્રુટિત કહેવાય છે.

**દ્વીપ અને પાતાલ કળશ :–**

| નામ | કિનારાથી સમુદ્રમા | આયામ વિષ્કંભ | પરિધિ | જલથી બહાર | |
|---|---|---|---|---|---|
| | | | | દ્વીપ તરફ | સમુદ્ર તરફ |
| ગૌતમ દ્વીપ | ૧૨૦૦૦ યોજન | ૧૨૦૦૦ યોજન | ૩૭૯૪૮ યો.દેશોન | $\frac{87\frac{1}{2}}{95}$ યોજન | ૨ ગાઉ |
| ચંદ્ર દ્વીપ | ૧૨૦૦૦ યોજન | ૧૨૦૦૦ યોજન | ૩૭૯૪૮ યો.દેશોન | $\frac{87\frac{1}{2}}{95}$ યોજન | ૨ ગાઉ |
| ચંદ્ર દ્વીપ અન્ય સમુદ્રમાં | ૧૨૦૦૦ યોજન | ૧૨૦૦૦ યોજન | ૩૭૯૪૮ યો.દેશોન | ૨ ગાઉ | ૨ ગાઉ |



**પાતાલ કળશો :–**

| પાતાળ કળશો | સંખ્યા | ઊંડાઈ | મૂળમાં વિસ્તાર | મધ્યમાં વિસ્તાર | ઉપર વિસ્તાર | ઠીકરી |
|---|---|---|---|---|---|---|
| ૧ મોટા | ૪ | ૧ લાખ યો. | ૧૦,૦૦૦ યો. | ૧ લાખ યો. | ૧૦,૦૦૦ યો. | ૧,૦૦૦ યો. |
| ૨ નાના | ૭૮૮૪ | ૧,૦૦૦ યો. | ૧૦૦ યો. | ૧,૦૦૦ યો. | ૧૦૦ યો. | ૧૦ યો. |

**આવાસ પર્વત :–**

| | ઊંચાઈ | ઊંડાઈ | મૂળમાં | મધ્યમાં | ઉપર | સમુદ્રમાં |
|---|---|---|---|---|---|---|
| વેલંધર–અણુવેલંધર | ૧૭૨૧ યોજન | ૪૩૦–૧/૨ યોજન | ૧૦૨૨ યોજન | ૭૨૩ યોજન | ૪૨૪ યોજન | ૪૨,૦૦૦ યોજન |
| ***નોંધ :– વેલંધર–અણુવેલંધર બંનેનું પરિમાણ સરખું જ છે.*** | | | | | | |

**મનુષ્યક્ષેત્રમાં જ્યોતિષી દેવોની સંખ્યા :–**

| ક્ષેત્ર | ચંદ્ર | સૂર્ય | ગ્રહ | નક્ષત્ર | તારાગણ |
|---|---|---|---|---|---|
| એક ચંદ્ર પરિવાર | ૧ | ૧ | ૮૮ | ૨૮ | ૬૬,૯૭૫ ક્રોડા ક્રોડી |
| જંબુદ્વીપ | ૨ | ૨ | ૧૭૬ | ૫૬ | ૧,૩૩,૯૫૦ ક્રોડા ક્રોડી |
| લવણ સમુદ્ર | ૪ | ૪ | ૩૫૨ | ૧૨૨ | ૨,૬૭,૯૦૦ ક્રોડા ક્રોડી |
| ધાતકી ખંડ | ૧૨ | ૧૨ | ૧૦૫૬ | ૩૩૬ | ૮,૦૩,૭૦૦ ક્રોડા ક્રોડી |
| કાલદધિ સમુદ્ર | ૪૨ | ૪૨ | ૩૬૯૬ | ૧૧૭૮ | ૨૮,૧૨,૯૫૦ ક્રોડા ક્રોડી |
| પુષ્પકર દ્વીપ | ૧૪૪ | ૧૪૪ | ૧૨૬૭૨ | ૪૦૩૨ | ૯૬,૪૪,૪૦૦ ક્રોડા ક્રોડી |
| આભ્યંતર પુષ્કર | ૭૨ | ૭૨ | ૬૩૩૬ | ૨૦૧૬ | ૪૮,૨૨,૨૦૦ ક્રોડા ક્રોડી |
| સમય ક્ષેત્ર | ૧૩૨ | ૧૩૨ | ૧૧૬૧૬ | ૩૬૫૬ | ૮૮,૪૪,૭૦૦ ક્રોડા ક્રોડી |

**જ્યોતિષી વિમાનોનું માપ :–**

| નામ | આયામ-વિષ્કંભ | જાડાઈ | વાહક દેવ |
|---|---|---|---|
| ચંદ્ર વિમાન | ૫૬/૬૧ યોજન | ૨૮/૬૧ યોજન | ૧૬૦૦૦ |
| સૂર્ય વિમાન | ૪૮/૬૧ યોજન | ૨૪/૬૧ યોજન | ૧૬૦૦૦ |
| ગ્રહ વિમાન | ૦ાા યોજન | ૦ા યોજન | ૮૦૦૦ |
| નક્ષત્ર વિમાન | ૦૧ યોજન | ૦ાા ગાઉ | ૪૦૦૦ |
| તારા વિમાન | ૦ાા ગાઉ | ૫૦૦ ધનુષ્ય | ૨૦૦૦ |

## વૈમાનિક દેવો :–

| દેવલોક | પૃથ્વીપિંડ યોજન | વિમાન ઊંચાઈ | ઉત્કૃષ્ટ અવગાહના | વિમાન વર્ણ | અવધિ વિષય |
|---|---|---|---|---|---|
| ૧–૨ | ૨૭૦૦ | ૫૦૦ | ૭ હાથ | ૫ | ૧ નરક સુધી |
| ૩–૪ | ૨૬૦૦ | ૬૦૦ | ૬ હાથ | ૪ | ૨ નરક સુધી |
| ૫–૬ | ૨૫૦૦ | ૭૦૦ | ૫ હાથ | ૩ | ૩ નરક સુધી |
| ૭–૮ | ૨૪૦૦ | ૮૦૦ | ૪ હાથ | ૨ | ૪ નરક સુધી |
| ૯ થી ૧૨ | ૨૩૦૦ | ૯૦૦ | ૩ હાથ | ૧ | ૫ નરક સુધી |
| નવગ્રૈવેયક | ૨૨૦૦ | ૧૦૦૦ | ૨ હાથ | ૧ | ૬/૭ નરક સુધી |
| અનુત્તર વિમાન | ૨૧૦૦ | ૧૧૦૦ | ૧ હાથ | ૧ | ત્રસનાડી |

**આધાર :–** પહેલો, બીજો દેવલોક ઘનોદધિના આધારે સ્થિત છે, ૩/૪/૫ દેવલોક ઘનવાય પ્રતિષ્ઠિત ૬/૭/૮ ઉભય પ્રતિષ્ઠિત છે અને તેનાથી ઉપરના બધા દેવલોકો આકાશ પ્રતિષ્ઠિત છે. **આકારભાવ–** ૧/૨/૩/૪/૯/૧૦/૧૧/૧૨ દેવલોક અર્ધચંદ્રમાના આકારે છે. ૫/૬/૭/૮ દેવલોક પૂર્ણચંદ્રમાના આકારે છે. **આવલિકા બદ્ધ વિમાન** ગોળ, ત્રિકોણ અને ચોરસ આમ ત્રણ આકારના ક્રમથી સ્થિત હોય છે. પુષ્પાવકીર્ણ-પ્રકીર્ણ વિમાનો વિવિધ આકારના વ્યુત્ક્રમથી બિખરેલા ફૂળની જેમ હોય છે. અનુત્તર વિમાનમાં ગોળ અને ત્રિકોણ બે આકારના વિમાનો છે. આ સર્વ વિમાનો વિસ્તારમાં સંખ્યાતા અને અસંખ્યાતા યોજનના છે. વિમાન સુગંધિત અને સુખદ સ્પર્શવાળા છે. સર્વ વિમાનો રત્નમય હોય છે.

આઠમા દેવલોક સુધી એક સમયમાં જઘન્ય ૧–૨–૩, ઉત્કૃષ્ટ અસંખ્ય દેવો ઉત્પન્ન થાય છે. નવમા દેવલોકથી અનુત્તર વિમાન સુધી જઘન્ય ૧–૨–૩, ઉત્કૃષ્ટ સંખ્યાતા દેવો ઉત્પન્ન થાય છે. દેવોનું શરીર અને ✓ાસોચ્છ્વાસ સુગંધી હોય છે. દેવ અવધિજ્ઞાનથી ઊર્ધ્વદિશામાં પોતાની ધ્વજા સુધી અધોદિશામાં પૂર્વે કોષ્ટકમાં આપેલ પ્રમાણે અને તિરછી દિશામાં અસંખ્ય દ્વીપ સમુદ્ર સુધી દેખે છે. દેવોને ભૂખ તરસ લાગતી નથી. તેઓને હજારો વર્ષોથી આહારની ઈચ્છા થાય છે.

**વિકુર્વણા :–** દેવો સમાન અથવા અસમાન વિવિધ પ્રકારના સંખ્યાતા અથવા અસંખ્યાતા રૂપોની વિકુર્વણા કરીને તેના દ્વારા યથેચ્છ કાર્ય કરી શકે છે. ગ્રૈવેયક અને અનુત્તરના દેવોમાં વૈક્રિય શક્તિ છે પરંતુ વૈક્રિય લબ્ધિનો પ્રયોગ કરતા નથી. ગ્રૈવેયક દેવોને મનોજ્ઞ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શનું સુખ હોય છે. અનુત્તર દેવોને અનુત્તર શબ્દાદિનું સુખ છે.

**વિભૂષા :–** દેવો અને દેવીઓ વસ્ત્રાભરણ રહિત પણ વિભૂષિત શરીરવાળા હોય છે અને વૈક્રિય દ્વારા વિવિધ આભૂષણો તથા વસ્ત્રોથી વિશેષ સુસજ્જિત શરીરવાળા થાય છે. ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવો આભરણ અને વસ્ત્ર



રહિત હોય છે, છતાં પણ વિભૂષિત શરીરવાળા લાગે છે.

**જીવોની ઉત્પત્તિ :–** સર્વ જીવો દેવલોકમાં પૃથ્વીકાય રૂપે યાવત્ ત્રસકાય રૂપે, દેવ રૂપે, દેવી રૂપે અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થયા છે. દેવીનું કથન બીજા દેવલોક સુધી અને દેવોનું કથન ગ્રૈવેયક સુધી જ સમજવું. અનુત્તર વિમાનમાં દેવ રૂપે જીવ એક કે બે વાર ઉત્પન્ન થાય છે, ત્યાં પણ જીવો પૃથ્વી આદિ રૂપે અનેક કે અનંતવાર ઉત્પન્ન થયા છે.

**સ્થિતિ આદિ :–** નારકી, દેવતાની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ, તિર્યંચ, મનુષ્યની **સ્થિતિ** જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમ. નારકી દેવતાની સ્થિતિ જેટલીજ કાયસ્થિતિ છે. તિર્યંચની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ અનંતકાલ(વનસ્પતિકાલ) છે. મનુષ્યની **કાયસ્થિતિ** ૩ પલ્યોપમ અને અનેક ક્રોડ પૂર્વ સાધિક છે. નારકી, દેવતા અને મનુષ્યનું અંતર ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ, તિર્યંચનું **અંતર** અનેક સો સાગરોપમનું છે.

**અલ્પબહુત્વ :–** સર્વથી થોડા મનુષ્ય, તેનાથી નારકી અસંખ્યાતગુણા, તેનાથી દેવ અસંખ્યાત ગુણા, તેનાથી તિર્યંચ અનંત ગુણા છે.

### સૂત્રગત વિવિધ વિષયો :–

| | | આયામ વિષ્કંભ | પરિધિ | દ્વારોનું અંતર/ આકાર | ઊંચાઈ | ઊંડાઈ | મૂલમાં વિસ્તાર | મધ્યમાં વિસ્તાર | ઉપરમાં વિસ્તાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જંબૂદ્વીપ | ૧ લાખ યોજન | ૩,૧૬, ૨૨૭ યો. ૩ કોશ ૨૮ ધ. ૧૩ અં. | ૭૯૦૫૨ યોજન | – | – | – | – | – |
| ૨ | જંબૂદ્વીપ જગતી | – | " " " " | ગોપુચ્છ સંસ્થાન | ૮ યોજન | – | ૧૨ યોજન | ૮ યોજન | ૪ યોજન |
| ૩ | જાલ કટક જગતી | ૫૦૦ ધનુષ | " " " " | વલયાકાર | અર્ધુ યોજન | – | – | – | – |
| ૪ | પદ્મવર વેદિકા | ૫૦૦ ધનુષ | " " " " | વલયાકાર | અર્ધુ યોજન | – | – | – | – |
| ૫ | વન ખંડ | દેશોન બે યોજન | " " " " | વલયાકાર | – | – | – | – | – |
| ૬ | વિજયા રાજધાની | ૧૨૦૦૦ યોજન | ૩૭૯૪૮ યો. સાધિક | ૧૩ ૨/૫ ગોળ | – | – | – | – | – |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | પરકોટા | – | – | વલયાકાર | ૩૭½ યોજન | – | ૧૨½ યોજન | ૬¼ યોજન | ૩ યો. ½ કોશ |
| ૮ | ૫૦૦ દ્વાર | ૬૨½ યોજન | – | ૧૩ ૨/૫ યોજન | ૩૧¼ યોજન | – | – | – | – |
| ૯ | કપિ-શીર્ષક | ½કોશ ×૫૦૦ ધ. | – | – | દેશોન ½કોશ | – | – | – | – |
| ૧૦ | વનખંડ ૪ | ૧૨૦૦૦× ૫૦૦ યો. | – | – | – | – | – | – | – |
| ૧૧ | લવણ સમુદ્ર | ૨ લાખ | ૧૫,૮૧, ૧૩૯ યો. સાધિક | ૩૯૫૨૮૦ યોજન | ૧૬૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન | – | – | – |
| ૧૨ | ધાતકી ખંડદ્વીપ | ૪ લાખ યોજન | ૪૧,૧૦, ૧૬૧ યો. સાધિક | ૧૦,૨૭, ૭૩૫ યો. ૩ કોશ | – | – | – | – | – |
| ૧૩ | કાલોદધિ | ૮ લાખ યોજન | ૯૧,૭૦, ૬૦૫ યો. સાધિક | ૨૨,૯૨, ૬૪૨ યો. ૩ કોશ | – | – | – | – | – |
| ૧૪ | પુષ્કર દ્વીપ | ૧૬ લાખ યોજન | ૧,૯૨,૮૯, ૮૯૪ યો. | ૪૮,૨૨, ૪૯૬ યો. | – | – | – | – | – |
| ૧૫ | આભ્યંતર પુષ્કર | ૮ લાખ યોજન | ૧,૪૨,૩૦, ૨૪૯ યો. | – | – | – | – | – | – |
| ૧૬ | અઢીદ્વીપ | ૪૫ લાખ યોજન | ૧,૪૨,૩૦ ૨૪૯ યો. | – | – | – | – | – | – |
| ૧૭ | માનુષોત્તર પર્વત | – | ૧,૪૨,૩૬ ૭૧૯ યો. (બાહ્ય) | – | ૧૭૨૧ યોજન | ૪૩૦ યો. ૧ કોશ | ૧૦૨૨ યોજન | ૭૨૩ યોજન | ૪૨૪ યોજન |
| ૧૮ | અંજન–ગિરી | – | – | – | ૮૪૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન | ૧૦૦૦૦ યોજન સાધિક | ૧૦૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન |
| ૧૯ | નંદા પુષ્કરિણી | ૧ લાખ યોજન | – | – | – | ૧૦ યોજન | – | – | – |
| ૨૦ | દધિમુખા | ૧૦૦૦૦ યોજન | – | – | ૧૦૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન | – | – | – |

॥ ચાર પ્રકારના સંસારી જીવોની ત્રીજી પ્રતિપત્તિ સંપૂર્ણ ॥



## પાંચ પ્રકારના જીવોની ચોથી પ્રતિપત્તિ

સંસારી જીવોના પાંચ પ્રકાર છે– એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય. તેની સ્થિતિ, કાયસ્થિતિ, અંતર અને અલ્પબહુત્વ આ પ્રમાણે છે–

| જીવ | સ્થિતિ | કાયસ્થિતિ | અંતર |
|---|---|---|---|
| એકેન્દ્રિય | ૨૨૦૦૦ વર્ષ | વનસ્પતિકાલ | ૨૦૦૦ સાગરોપમ સાધિક સંખ્યાતાવર્ષ |
| બેઇન્દ્રિય | ૧૨ વર્ષ | સંખ્યાતકાલ | વનસ્પતિકાલ |
| તેઇન્દ્રિય | ૪૯ દિવસ | સંખ્યાતકાલ | વનસ્પતિકાલ |
| ચૌરેન્દ્રિય | છ માસ | સંખ્યાતકાલ | વનસ્પતિકાલ |
| પંચેન્દ્રિય | ૩૩ સાગરોપમ | ૧૦૦૦ સાગરોપમ સાધિક | વનસ્પતિકાલ |
| અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત(અનંતકાલ) | અનેક સો સાગરોપમ |
| એકેન્દ્રિય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન ૨૨૦૦૦ વર્ષ | સંખ્યાતા હજાર વર્ષ | અનંતકાલ |
| બેઇન્દ્રિય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન ૧૨ વર્ષ | સંખ્યાતા વર્ષ | વનસ્પતિકાલ |
| તેઇન્દ્રિય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન ૪૯ દિવસ | સંખ્યાતા દિન | વનસ્પતિકાલ |
| ચૌરેન્દ્રિય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન છ માસ | સંખ્યાતા મહિના | વનસ્પતિકાલ |
| પંચેન્દ્રિય પર્યાપ્ત | અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમ | અનેક સો સાગરોપમ સાધિક | વનસ્પતિકાલ |

**અલ્પબહુત્વ :–** ૧. સર્વથી થોડા ચૌરેન્દ્રિયના પર્યાપ્તા, ૨. પંચેન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક, ૩. બેઇન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક, ૪. તેઇન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક, ૫. પંચેન્દ્રિયના અપર્યાપ્તા અસંખ્યગુણા, ૬. ચૌરેન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, ૭. તેઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, ૮. બેઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, ૯. એકેન્દ્રિય અપર્યાપ્તા અનંતગુણા, ૧૦. સઇન્દ્રિય અપર્યાપ્તા વિશેષાધિક, ૧૧. એકેન્દ્રિય પર્યાપ્તા સંખ્યાતગુણા, ૧૨. સઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક, ૧૩. સઇન્દ્રિય વિશેષાધિક.

***નોંધ :– આ સર્વની જઘન્ય સ્થિતિ, કાયસ્થિતિ અને અંતર અંતર્મુહૂર્ત છે.***

॥ ચોથી પ્રતિપત્તિ સંપૂર્ણ ॥

## છ પ્રકારના જીવોની પાંચમી પ્રતિપત્તિ

સંસારી જીવના છ પ્રકાર છે– પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય. તેની જઘન્ય સ્થિતિ, કાયસ્થિતિ અને અંતર ત્રણે અંતર્મુહૂર્ત છે. ઉત્કૃષ્ટ સ્થિતિ આદિ કોષ્ટક મુજબ છે–

| જીવ | સ્થિતિ | કાયસ્થિતિ | અંતર | અલ્પ બહુત્વ |
|---|---|---|---|---|
| પૃથ્વીકાય | ૨૨૦૦૦ વર્ષ | અસંખ્યાતા કાલ | વનસ્પતિકાલ | |
| અપ્કાય | ૭૦૦૦ વર્ષ | " | " | |
| તેઉકાય | ત્રણ અહોરાત્રિ | " | " | |
| વાયુકાય | ૩૦૦૦ વર્ષ | " | " | |
| વનસ્પતિકાય | ૧૦૦૦૦ વર્ષ | અનંતકાલ | પૃથ્વીકાલ | |
| ત્રસકાય | ૩૩ સાગરોપમ | ૨૦૦૦ સાગરો૦ સં૦ વર્ષ સાધિક | વનસ્પતિકાલ | |
| પૃથ્વીકાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (અસં૦ કાલ) | વનસ્પતિકાલ | ૪ વિશેષાધિક |
| અપ્કાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (અસં૦ કાલ) | વનસ્પતિકાલ | ૫ વિશેષાધિક |
| તેઉકાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (અસં૦ કાલ) | વનસ્પતિકાલ | ૩ અસંખ્યાત ગુણા |
| વાયુકાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (અસં૦ કાલ) | વનસ્પતિકાલ | ૬ વિશેષાધિક |
| વનસ્પતિકાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (અનંતકાલ) | પૃથ્વીકાલ | ૧૧ અનંત ગુણા |
| ત્રસકાય અપર્યાપ્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત (સંખ્યાતાકાલ) | વનસ્પતિકાલ | ૨ અસંખ્યાતગુણા |
| પૃથ્વીકાય પર્યાપ્ત | ઉપરોક્ત સ્થિતિથી અંતર્મુહૂર્ત ન્યૂન | સંખ્યાતા હજાર વર્ષ | વનસ્પતિકાલ | ૮ વિશેષાધિક |
| અપ્કાય પર્યાપ્ત | " | સંખ્યાતા હજાર વર્ષ | વનસ્પતિકાલ | ૯ વિશેષાધિક |



| | | | | |
|---|---|---|---|---|
| તેઉકાય પર્યાપ્ત | " | સંખ્યાતા દિવસ | વનસ્પતિકાલ | ૭ સંખ્યાત ગુણા |
| વાયુકાય પર્યાપ્ત | " | સંખ્યાતા હજાર વર્ષ | વનસ્પતિકાલ | ૧૦ વિશેષાધિક |
| વનસ્પતિકાય પર્યાપ્ત | " | સંખ્યાતા હજાર વર્ષ | પૃથ્વીકાલ (અનંતકાલ) | ૧૨ સંખ્યાત ગુણા |
| ત્રસકાય પર્યાપ્ત | " | અનેક સો સાગરોપમ | વનસ્પતિકાલ | ૧ સર્વથી થોડા |
| સૂક્ષ્મ | અંતર્મુહૂર્ત | પૃથ્વીકાલ | બાદર કાલ | |
| સૂક્ષ્મ પર્યાપ્ત | " | અંતર્મુહૂર્ત (સંખ્યાતકાલ) | બાદર કાલ | |
| સૂક્ષ્મ અપર્યાપ્ત | " | અંતર્મુહૂર્ત (અસંખ્યાતકાલ) | બાદર કાલ | |
| સૂક્ષ્મ ચાર સ્થાવર | અંતર્મુહૂર્ત | પૃથ્વીકાલ | વનસ્પતિકાલ | |
| સૂક્ષ્મ વનસ્પતિ | અંતર્મુહૂર્ત | પૃથ્વીકાલ | બાદર કાલ | |

**બાદર કાલ :–** તે અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ, ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગની શ્રેણીઓના પ્રદેશ તુલ છે.

**પૃથ્વીકાલ :–** તે અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણી પ્રમાણ, ક્ષેત્રથી અસંખ્યલોક ના પ્રદેશ પ્રમાણ છે.

**વનસ્પતિકાલ :–** તે અનંત ઉત્સર્પિણી, અવસર્પિણી પ્રમાણ, ક્ષેત્રથી અનંત લોક પ્રમાણ, આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય જેટલા અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્તન પ્રમાણ છે.

**અલ્પબહુત્વ :–** સર્વથી થોડા સૂક્ષ્મ તેઉકાયના અપર્યાપ્ત, સૂક્ષ્મ પૃથ્વીકાયના અપર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મ અપ્કાયના અપર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મ વાયુકાયના અપર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મ તેઉકાયના પર્યાપ્ત સંખ્યાતગણા, સૂક્ષ્મ પૃથ્વીકાયના પર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મ અપ્કાયના પર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મવાયુકાયના પર્યાપ્ત વિશેષાધિક, સૂક્ષ્મ વનસ્પતિ અપર્યાપ્ત અનંતગુણા, સૂક્ષ્મ વનસ્પતિ પર્યાપ્ત સંખ્યાતગુણા.

**બાદરની કાયસ્થિતિ અને અંતર :–**

| | કાયસ્થિતિ | અંતર |
|---|---|---|
| બાદર | બાદર કાલ | પૃથ્વીકાલ |
| પૃથ્વી આદિ ચાર બાદર | ૭૦ ક્રોડાક્રોડી સાગર | વનસ્પતિકાલ |
| પ્રત્યેક વનસ્પતિ | ૭૦ ક્રોડાક્રોડી સાગર | પૃથ્વીકાલ |
| બાદર નિગોદ | ૭૦ ક્રોડાક્રોડી સાગર | પૃથ્વીકાલ |
| સમુચ્ચય નિગોદ | અઢી પુદ્‌ગલ પરાવર્તન | પૃથ્વીકાલ |

**અલ્પબહુત્વ :–** સર્વથી થોડા બાદર તેઉકાય પર્યાપ્ત, ત્રસકાયના પર્યાપ્તા અસંખ્યાતાગણા, ત્રસકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક વનસ્પતિ પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર પૃથ્વીકાય પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર અપ્કાય પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર વાયુકાય પર્યાપ્તા અસંખ્યાતગણા, બાદર તેઉકાય અપર્યાપ્તા અસંખ્યાતગણા, પ્રત્યેક વનસ્પતિ અપર્યાપ્તા અસંખ્યાત ગણા, બાદર પૃથ્વી, પાણી, વાયુના અપર્યાપ્તા ક્રમશઃ અસંખ્યાતગણા, બાદર વનસ્પતિ પર્યાપ્તા અનંતગુણા, બાદર વનસ્પતિ અપર્યાપ્તા અસંખ્યગુણા.

**નિગોદ :–** સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ તે બંનેના શરીર અસંખ્યાતા છે અને બંને નિગોદના જીવો અનંત-અનંત છે. સર્વથી થોડા બાદર નિગોદ શરીર, સૂક્ષ્મ નિગોદ શરીર અસંખ્યાતગણા, બાદર નિગોદ જીવો અનંતગુણા, સૂક્ષ્મ નિગોદ જીવો અસંખ્યાતગુણ.

**॥ પાંચમી પ્રતિપત્તિ સંપૂર્ણ ॥**

## સાત પ્રકારના જીવોની છઠ્ઠી પ્રતિપત્તિ

| જીવ | સ્થિતિ | કાયસ્થિતિ | અંતર | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| નરક | ૩૩ સાગર | ૩૩ સાગર | વનસ્પતિકાલ | ૩ અસંખ્યગુણા |
| તિર્યંચ | ૩ પલ્ય | વનસ્પતિકાલ | અનેક સો સાગર | ૭ અંનતગુણા |
| તિર્યંચાણી | ૩ પલ્ય | ૩ પલ્ય ૭ ક્રોડપૂર્વ | વનસ્પતિકાલ | ૪ અસંખ્યગુણી |
| મનુષ્ય | ૩ પલ્ય | ૩ પલ્ય ૭ ક્રોડપૂર્વ | વનસ્પતિકાલ | ૨ અસંખ્યાતગુણા |
| મનુષ્યાણી | ૩ પલ્ય | ૩ પલ્ય ૭ ક્રોડપૂર્વ | વનસ્પતિકાલ | ૧ સર્વથી થોડી |
| દેવ | ૩૩ સાગર | ૩૩ સાગર | વનસ્પતિકાલ | ૫ અસંખ્યગુણા |
| દેવી | ૫૫ પલ્ય | ૫૫ પલ્ય | વનસ્પતિકાલ | ૬ સંખ્યાતગુણી |

**॥ છઠ્ઠી પ્રતિપત્તિ સંપૂર્ણ ॥**



## આઠ પ્રકારના જીવોની સાતમી પ્રતિપત્તિ

સંસારી જીવોના આઠ પ્રકાર છે– પ્રથમ સમયના નૈરયિક, અપ્રથમ સમયના નૈરયિક તે જ રીતે ૩-૪ તિર્યંચ, ૫-૬ મનુષ્ય, ૭-૮ દેવ.

પ્રથમ સમયવાળાની સ્થિતિ અને કાયસ્થિતિ એક સમયની છે. અપ્રથમ સમયવાળાની સ્થિતિ કાયસ્થિતિ એક સમય ઓછી છે. **અંતર**–તિર્યંચનું અનેક સો સાગર, શેષ સર્વનું વનસ્પતિકાલ. (૧) સહુથી થોડા પ્રથમ સમયના મનુષ્ય (૨) અપ્રથમ સમયના મનુષ્ય અસંખ્યાતગણા, (૩) પ્રથમ સયમના નૈરયિક અસંખ્યગણા (૪) પ્રથમ સમયના દેવ અસંખ્યગણા (૪) પ્રથમ સમયના તિર્યંચ અસંખ્યગણા, (૬) અપ્રથમ સમયના નૈરયિક અસંખ્યગણા (૭) અપ્રથમ સમયના દેવ અસંખ્યગણા (૮) અપ્રથમ સમયના તિર્યંચ અનંતગુણા.

## નવ પ્રકારના જીવોની આઠમી પ્રતિપત્તિ

સંસારી જીવોના નવ પ્રકાર છે– પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય. શેષ વર્ણન પૂર્વવત્.

**અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા પંચેન્દ્રિય (૨) ચૌરેન્દ્રિય વિશેષાધિક (૩) તેઈન્દ્રિય વિશેષાધિક (૪) બેઈન્દ્રિય વિશેષાધિક (૫) તેઉકાય અસંખ્યાતગણા (૬) પૃથ્વીકાય વિશેષાધિક (૭) અપ્કાય વિશેષાધિક (૮) વાયુકાય વિશેષાધિક (૯) વનસ્પતિ અનંત ગુણા.

## દસ પ્રકારના જીવોની નવમી પ્રતિપત્તિ

સંસારી જીવોના દસ પ્રકાર છે– (૧) પ્રથમ સમયના એકેન્દ્રિય યાવત્ (૧૦) અપ્રથમ સમયના પંચેન્દ્રિય. આ સર્વની સ્થિતિ, કાયસ્થિતિ, અંતર પૂર્વવત્.

**અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા પ્રથમ સમયના પંચેન્દ્રિય (૨-૫) ચૌરેન્દ્રિય, તેઈન્દ્રિય, બેઈન્દ્રિય, એકેન્દ્રિય ક્રમશઃ વિશેષાધિક, અપ્રથમ સમયના પૂર્વવત્.

**॥ નવમી પ્રતિપત્તિ સંપૂર્ણ ॥**

**॥ સંસારી જીવોનો પ્રથમ ખંડ સંપૂર્ણ ॥**

# બીજો ખંડ : સર્વ જીવ પ્રતિપત્તિ

## બે જીવોની પ્રથમ પ્રતિપત્તિ

પૂર્વખંડમાં સંસારી જીવોનું કથન નવ પ્રતિપત્તિમાં કરવામાં આવ્યું. આ બીજા ખંડમાં સંસારી અને અસંસારી(સિદ્ધ) જીવોની અપેક્ષાથી નવ પ્રતિપ્રત્તિ કહી છે. અહીં પ્રથમ પ્રતિપત્તિમાં સર્વજીવોના બે ભેદ ***યાવત્*** નવમી પ્રતિપ્રત્તિમાં સર્વ જીવોના દસ ભેદ કહ્યા છે.

**સર્વ જીવોના બે ભેદ :–**

| જીવ પ્રકાર | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| સિદ્ધ | ૧ | સાદિ અનંત | – | અલ્પ |
| સંસારી | ૨ | અનાદિઅનંત અનાદિસાંત | – | અનંતગુણા |
| આ પ્રમાણે જ સઇન્દ્રિય-અનિંદ્રિય, સકાય-અકાય, સયોગી-અયોગી, સલેશી-અલેશી, સશરીરી-અશરીરીનું વર્ણન છે. | | | | |
| સવેદી | ૩ | અંતર્મુહૂર્ત/દેશોન અર્ધપુ૦પરા૦ | ૧ સમય, અંતર્મુહૂર્ત | અનંતગુણા |
| અવેદી | ૨ | ૧ સમય– અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત/દેશોન અર્ધપુ૦પરા૦ | અલ્પ |
| **નોંધ :** ભંગ–૩ = અનાદિ અનંત, અનાદિ સાંત, સાહિસાંત ત્રીજા ભંગની કાયસ્થિત હોય છે. ભંગ–૨ = સાદિ સાંત, સાદિ અનંત. સાદિ અનંતની કાયસ્થિત હોય છે. આ પ્રમાણે જ સકષાયી-અકષાયીનું વર્ણન છે. | | | | |
| જ્ઞાની | ૨ | અંત૦/૬૬ સાગર સા૦ | દેશોન અર્ધપુ૦પરા૦ | અલ્પ |
| અજ્ઞાની | ૩ | અંત૦/દેશોન અર્ધપુ૦પરા૦ | ૬૬ સાગર સાધિક | અનંતગુણા |
| સાકાર ઉપ૦ | | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | સંખ્યાત ગુણા |
| અનાકાર ઉ૦ | | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અલ્પ |
| ભાષક | | ૧ સમય/ અંતર્મુહૂર્ત | અંતમુહૂર્ત/ વનસ્પતિકાલ | અલ્પ |
| અભાષક | ૨ | અંતર્મુહૂર્ત વનસ્પતિકાલ | ૧ સમય/ અંતર્મુહૂર્ત | અનંતગુણા |



| જીવ પ્રકાર | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| ચરમ | ૧ | અનાદિસાંત | – | અનંતગુણા |
| અચરમ | ૨ | સાદિ અનંત/ અનાદિ અનંત | – | અલ્પ |
| છદ્મસ્થ આહારક | | જઘન્ય–૨ સમય ન્યૂન ક્ષુલ્લકભાવ ઉત્કૃષ્ટ–અસંખ્ય કાલ ચક્ર | ૧ સમય / ૨ સમય | (૧) અનાહારક અલ્પ (૨)આહારક અસં૦ ગુણા |
| કેવલી આહારક | | અંતર્મુહૂર્ત / દેશોન ક્રોડપૂર્વ | ૩ સમય | |
| છદ્મસ્થ અનાહારક | | ૧ સમય / ૨ સમય | બે સમય ઓછા ક્ષુલ્લકભવ / અસંખ્યકાલ | |
| સયોગીઅના. | | ત્રણ સમય | અંતર્મુહૂર્ત | |
| અયોગીઅના. | | અંતર્મુહૂર્ત | × | |
| સિદ્ધ અના. | ૧ | સાદિ અનંત | × | |

## ત્રણ જીવોની બીજી પ્રતિપત્તિ

**સર્વ જીવોના ત્રણ ભેદ :–**

| જીવ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| સમ્યગ્દૃષ્ટિ | ૨ | અંત૦ / ૬૬ સાગર | અંત૦ / અર્ધ પુ૦ પરા૦ | ૨ અનંતગુણા |
| મિથ્યાદષ્ટિ | ૩ | અંત૦ / અર્ધ પુ૦ પરા૦ | અંત૦ / ૬૬ સાગર | ૩ અનંતગુણા |
| મિશ્રદષ્ટિ | | અંતર્મુહૂર્ત | અંત૦ / અર્ધ પુ૦ પરા૦ | ૧ અલ્પ |
| કાયપરિત્ત | | પૃથ્વીકાલ | વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| સંસાર પરિત | | અંત૦ / અર્ધ પુ૦ પરા૦ | – | – |
| કાય અપરિત | | વનસ્પતિકાલ | પૃથ્વીકાલ | ૩ અનંતગુણા |
| સંસાર અપરિત | ૨ | અનાદિ અનંત / આનાદિ સાંત | – | – |
| નોઅપરિત૦ | ૧ | સાદિ અનંત | – | ૨ અનંતગુણા |
| પર્યાપ્ત | | અનેક સો સાગર અધિક | અંતર્મુહૂર્ત | ૩ સંખ્યાતગુણા |

| | | | | |
|---|---|---|---|---|
| અપર્યાપ્ત | | અંતર્મુહૂર્ત(અનંતકાલ) | અનેક સો સાગર સાધિક | ૨ અનંતગુણા |
| નો પર્યાપ્ત૦ | | સાદિ અનંત | – | ૧ અલ્પ |
| સૂક્ષ્મ | | પૃથ્વીકાલ | બાદર બાલ | ૩ અસં૦ ગુણા |
| બાદર | | બાદરકાલ | પૃથ્વીકાલ | ૨ અનંતગુણા |
| નો સૂક્ષ્મ૦ | | સાદિ અનંત | – | ૧ અલ્પ |
| સંજ્ઞી | | અનેક સો સાગર અધિક | વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| અસંજ્ઞી | | વનસ્પતિકાલ | અનેક સો સાગર સાધિક | ૩ અનંતગુણા |
| નોસંજ્ઞી૦ | ૧ | સાદિ અનંત | – | ૨ અનંતગુણા |
| ભવી | ૧ | અનાદિ સાંત | | ૩ અનંતગુણા |
| અભવી | ૧ | અનાદિ અનંત | | ૧ અલ્પ |
| નોભવી૦ | ૧ | સાદિ અનંત | | ૨ અનંતગુણા |
| ત્રસ | | ૨૦૦૦ સાગર અધિક | વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| સ્થાવર | | વનસ્પતિકાલ | ૨૦૦૦ સાગર અધિક | ૩ અનંતગુણા |
| નોત્રસ૦ | | સાદિ અનંત | – | ૨ અનંતગુણા |

## ચાર જીવોની ત્રીજી પ્રતિપત્તિ

**સર્વ જીવોના ચાર ભેદ :–**

| નામ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| મનયોગી | | ૧ સમય / અંતર્મુહૂર્ત | અંત૦ / વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| વચનયોગી | | ૧ સમય / અંત૦ | અંત૦ / વનસ્પકિલ | ૨ સં૦ ગુણા |
| કાયયોગી | | અંત૦ / વનસ્પતિકાલ | ૧ સમય / અંત૦ | ૪ અનંતગુણા |
| અયોગી | ૧ | સાદિ અનંત | | ૩ અનંતગુણા |
| સ્ત્રીવેદી | | ૧ સમય / ૧૦૦ પલ્ય +અનેક ક્રોડપૂર્વ | અંતર્મુહૂર્ત / વનસ્પતિકાલ | ૨ સં૦ ગુણા |
| પુઢષવેદી | | અંતર્મુહૂર્ત / અનેક સો સાગર સાધિક | ૧ સમય / વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| નપુંસકવેદી | | ૧ સમય / વનસ્પતિકાલ | અંતર્મુહૂર્ત / અનેક સો સાગર સાધિક | ૪ અનંતગુણા |
| અવેદી | ૨ | ૧ સમય / અંત૦ | અંત૦ / અર્ધ પુ૦ પરા૦ | ૩ અનંતગુણા |
| ચક્ષુ દર્શની | | ૧૦૦૦ સાગરોપમ સાધિક | વનસ્પતિકાલ | ૨ અસં૦ગુણા |



| નામ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| અચક્ષુ દર્શની | ૨ | અનાદિ અનંત /અનાદિ સાંત | – | ૪ અનંતગુણા |
| અવધિ દર્શની | | ૧ સમય / બે ૬૬ સાગરોપમ સાધિક | વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| કેવલ દર્શની | ૧ | સાદિ અનંત | – | ૩ અનંતગુણા |
| સંયત | | ૧ સમય / દેશોન ક્રોડપૂર્વ | અંત૦ / અર્ધ પુ૦ પરા૦ | ૧ અલ્પ |
| અસંયત | ૩ | અંત૦ / દેશોન અર્ધ પુ૦ પ૦ | ૧ સમય / દેશોન ક્રો૦પૂ૦ | ૪ અનંતગુણા |
| સંયતાસંયત | | અંત૦/ દેશોન ક્રોડપૂર્વ | અંત૦ /અર્ધ પુ૦ પરા૦ | ૨ અસં૦ગુણા |
| નોસંયત૦ | ૧ | સાદિ અનંત | | ૩ અનંતગુણા |

## પાંચ જીવોની ચોથી પ્રતિપત્તિ

**સર્વ જીવોના પાંચ ભેદ :–**

| નામ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| ક્રોધી | | અંતર્મુહૂર્ત / અંતર્મુહૂર્ત | ૧ સમય / અંતર્મુહૂર્ત | ૩ વિશેષાધિક |
| માની | | અંતર્મુહૂર્ત / અંતર્મુહૂર્ત | ૧ સમય / અંતર્મુહૂર્ત | ૨ અનંતગુણા |
| માયી | | અંતર્મુહૂર્ત / અંતર્મુહૂર્ત | ૧ સમય / અંતર્મુહૂર્ત | ૪ વિશેષધિક |
| લોભી | | ૧ સમય / અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત / અંતર્મુહૂર્ત | ૫ વિશેષાધિક |
| અકષાયી | ૨ | ૧ સમય / અંતર્મુહૂર્ત | અંત૦/ દેશોન અર્ધ પુ૦ | ૧ અલ્પ |
| નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ, સિદ્ધ, તે પાંચ જીવના ભેદ છે. તેની કાયસ્થિતિ, અંતર આદિ પૂર્વવત્ | | | | |

## છ જીવોની પાંચમી પ્રતિપ્રત્તિ

**સર્વ જીવોના છ ભેદ :–**

| નામ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| મતિજ્ઞાની | | અંત૦ / ૬૬ સાગર અધિક | દેશોન અર્ધ પુદ્ગલ | ૩ વિશેષાધિક |
| શ્રુતજ્ઞાની | | અંતર્મુહૂર્ત / ૬૬ સાગરોપમ | દેશોન અર્ધ પુદ્ગલ | ૩ વિશેષાધિક |
| અવધિજ્ઞાની | | ૧ સમય / ૬૬ સાગરોપમ | દેશોન અર્ધ પુદ્ગલ | ૨ અસંખ્યગુણા |

| | | | | |
|---|---|---|---|---|
| મનઃપર્યવ૦ | | ૧ સમય / દેશોન ક્રોડપૂર્વ | દેશોન અર્ધ પુદ્ગલ | ૧ અલ્પ |
| કેવલજ્ઞાની | ૧ | સાદિ અનંત | × | ૪ અનંતગુણા |
| અજ્ઞાની | ૨ | અંત૦ / દે૦ અર્ધ પુ૦ પ૦ | ૬૬ સાગર સાધિક | ૫ અનંતગુણા |
| એકેન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય, અનિન્દ્રિય એ છ ભેદ છે. તેની કાયસ્થિતિ આદિ પૂર્વવત્. | | | | |
| ઔદારિક શરીરી | | જ૦ બે સમય ન્યૂન ક્ષુલ્લકભવ / અસં૦ કાલ | ૧ સમય / ૩૩ સાગર | ૩ અસંખ્યગુણા |
| વૈક્રિય શરીરી | | ૧ સમય / ૩૩ સાગર અંતર્મુહૂર્ત અધિક | વનસ્પતિકાલ | ૨ અસંખ્યગુણા |
| આહારક શરીરી | | અંતર્મુહૂર્ત / અંતર્મુહૂર્ત | દેશોન અર્ધ પુદ્ગલ | ૧ અલ્પ |
| તૈજસ-કાર્મણ-શરીરી | ૨ | અનાદિ અનંત/ અનાદિ સાંત | – | ૫ અનંતગુણા |
| અશરીરી | ૧ | સાદિ અનંત | – | ૪ અનંતગુણા |

## સાત જીવોની છઠ્ઠી પ્રતિપત્તિ

**સર્વ જીવોના સાત ભેદ :–**

| નામ | ભંગ | કાયસ્થિતિ જઘન્ય/ઉત્કૃષ્ટ | અંતર જઘન્ય/ઉત્કૃષ્ટ | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|
| કૃષ્ણલેશી | | ૩૩ સાગર + અંતર્મુહૂર્ત | ૩૩ સાગર + અંત૦ | ૭ વિશેષાધિક |
| નીલલેશી | | ૧૦ સાગર+પલ્યનો અસં. ભાગ | ૩૩ સાગર + અંત૦ | ૬ વિશેષાધિક |
| કાપોતલેશી | | ૩ સાગર+પલ્યનો અસં૦ ભાગ | ૩૩ સગાર +અંત૦ | ૫ અનંતગુણા |
| તેજો લેશી | | ૨ સાગર+પલ્યનો અસં૦ભાગ | વનસ્પતિકાલ | ૩ સંખ્યાતગુણા |
| પદ્મલેશી | | ૧૦ સાગર + અંત૦ | વનસ્પતિકાલ | ૨ સંખ્યાતગુણા |
| શુક્લલેશી | | ૩૩ સાગર + અંત૦ | વનસ્પતિકાલ | ૧ અલ્પ |
| અલેશી | ૧ | સાદિ અનંત | | ૪ અનંતગુણા |
| પૃથ્વીકાય યાવત્ ત્રસકાય અને અકાય તે સાત ભેદ છે. તેની કાયસ્થિતિ આદિ પૂર્વવત્. | | | | |

**સમસ્ત ચાર્ટ સંબંધી સંક્ષિપ્ત અક્ષરોની સૂચના :–** અંત૦ = અંતર્મુહૂર્ત, પુ૦ પરા૦ = પુદ્ગલ પરાવર્તન, દે૦ = દેશોન, અસં૦ = અસંખ્યાત, સં૦ = સંખ્યાત, અના૦ = અનાહક, ઉપ૦, ઉ૦ = ઉપયોગ, અર્ધ પુ૦ પરા૦ = દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન, નોસૂક્ષ્મ૦ = નોસૂક્ષ્મ, નોબાદર, નોસંજ્ઞી૦ = નોસંજ્ઞી, નોઅસંજ્ઞી, નોપર્યાપ્ત૦ = નોપર્યાપ્ત, નોઅપર્યાપ્ત.



## આઠ જીવોની સાતમી પ્રતિપ્રત્તિ

**સર્વ જીવોના આઠ ભેદ :–**

| નામ | ભંગ | કાયસ્થિતિ | અંતર |
|---|---|---|---|
| મતિ અજ્ઞાની | ૩ | દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન | ૬૬ સાગર સાધિક |
| શ્રુત અજ્ઞાની | | દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન | ૬૬ સાગર સાધિક |
| વિભંગ જ્ઞાની | | ૩૩ સાગર + દેશોન ક્રોડપૂર્વ | વનસ્પતિકાલ |
| પાંચ જ્ઞાનીના આગળ કહ્યા છે. મતિ–શ્રુતજ્ઞાનીથી વિભંગજ્ઞાની અસંખ્ય– ગુણા, કેવલ જ્ઞાની અનંતગુણા, મતિ–શ્રુત અજ્ઞાની બંને તુલ્ય અનંતગુણા, અવધિ, મનઃ પર્યવનું વર્ણન પૂર્વવત્. | | | |

## નવ જીવોની આઠમી પ્રતિપત્તિ

**સર્વ જીવોના નવ ભેદ :–** (૧ થી ૪) એકેન્દ્રિય યાવત્ ચૌરેન્દ્રિય, (૫ થી ૮) નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ, (૯) સિદ્ધ. તેની કાયસ્થિતિ આદિનું વર્ણન આગળ આવી ગયું છે. વિશેષતા એ છે કે દેવથી તિર્યંચ પંચેન્દ્રિય અસંખ્યાતગણા છે.

૧ થી ૮ પ્રથમ સમયના નૈરયિક યાવત્ અપ્રથમ સમયના દેવ, (૯) સિદ્ધ. તેની કાયસ્થિતિ આદિ પૂર્વવત્.

## દસ જીવોની નવમી પ્રતિપત્તિ

**સર્વ જીવોના દસ ભેદ :–** (૧ થી ૫) પૃથ્વીકાય ***યાવત્*** વનસ્પતિકાય, (૬ થી ૯) બે ઈન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય (૧૦) સિદ્ધ. (૧ થી ૮) પ્રથમ સમય નૈરયિક યાવત્ અપ્રથમ સમય દેવ, (૯) પ્રથમ સમય સિદ્ધ, (૧૦) અપ્રથમ સમય સિદ્ધ. તેની કાયસ્થિતિ આદિ પૂર્વવત્.

***નોંધ :– વિસ્તૃત જાણકારી માટે ગુરુ પ્રાણ આગમ બત્રીસીના આ સૂત્રનું અધ્યયન કરવું જોઈએ અથવા આચાર્ય શ્રી મલયગિરિ કૃત ટીકા અને ટીકાર્થ વાંચવા જોઈએ.***

**॥ સર્વ જીવોની નવવિધા પ્રતિપત્તિ સંપૂર્ણ ॥**

**॥ જીવાભિગમ સૂત્ર સારાંશ સંપૂર્ણ ॥**

## પરિશિષ્ટ–૧

# आएसेणं પદ પ્રયોગ પદ્ધતિ

આગમોમાં "**आएस** આદેશ" શબ્દ પ્રયોગ અનેક જગ્યાએ થયો છે. ભગવતી સૂત્ર ૨૪માં 'ગમ્મા' શતકમાં વીસમા દ્વારના બે વિકલ્પ કરાયા છે– (૧) ભવાદેશ, (૨) કાલાદેશ. ભવાદેશમાં ભવોની સંખ્યાનું અને કાલાદેશમાં તે ભવોની સ્થિતિનું કથન છે.

નંદીસૂત્રમાં મતિ-શ્રુતજ્ઞાન માટે કહ્યું છે કે– **आएसेणं सव्वं दव्वं, सव्वं खेत्तं सव्वं कालं सव्वं भावं जाणइ पासइ** શ્રુતિજ્ઞાની અપેક્ષાથી સર્વદ્રવ્ય ક્ષેત્ર આદિને જાણે દેખે છે.

જીવાભિગમ સૂત્રમાં આદેશ શબ્દનો પ્રયોગ પ્રારંભથી જ થયો છે. આ સૂત્રમાં નવ પ્રતિપત્તિઓનું વિભાજન પણ **आदेश** શબ્દ પ્રયોગથી જ થાય છે. તેમજ બીજી પ્રતિપત્તિમાં સ્થિતિ અને કાયસ્થિતિમાં પણ **आदेश** શબ્દ પ્રયોગ છે.

જીવાભિગમસૂત્રની ઉત્થાનિકામાં બતાવ્યું છે કે એક આદેશથી (એક અપેક્ષાથી અથવા એક પ્રકારથી) જીવના બે ભેદ છે. એક આદેશથી જીવના ત્રણ ભેદ છે. એમ ક્રમશઃ વધતાં એક આદેશથી જીવના દસ ભેદ છે એ પ્રમાણે કથન છે અને એ નવ પ્રતિપત્તિઓમાં તે બે, ત્રણ, ચાર, પાંચ આદિ ભેદોની સ્થિતિ આદિની વિચારણા કરવામાં આવી છે.

અભિધાન રાજેન્દ્ર કોષમાં પણ **आएस** શબ્દનો અર્થ પ્રકારવાચી કર્યો છે. જેમા પ્રજ્ઞાપના સૂત્ર, જીવાભિગમ સૂત્ર આદિના ઉદાહરણ આપ્યા છે.

(૧) **एकेन आदेशेन–आदेश शब्द इह प्रकार वाची** (૨) **आएसो त्ति पगारो इति वचनात् एकेन प्रकारेण–एक प्रकारं अधिकृत्य इति भावार्थ**

આ પ્રકારે "આદેશ" શબ્દનો અર્થ પ્રકાર અથવા અપેક્ષા છે, તે સ્પષ્ટ છે. જીવાભિગમ સૂત્રની બીજી પ્રતિપત્તિમાં સ્ત્રી વેદની સ્થિતિ ચાર પ્રકારની અને કાયસ્થિતિ પાંચ પ્રકારની કહી છે. ત્યારપછી ચાર અને પાંચ અપેક્ષાથી સ્થિતિનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

ટીકાકાર આચાર્ય શ્રી મલયગિરિજીએ સ્થિતિના કથનમાં **आएस** શબ્દનો અપેક્ષા અર્થ કર્યો છે અને કાયસ્થિતિના કથનમાં **आएस** શબ્દપ્રયોગ 'માન્યતા' અર્થમાં થઈ જાય છે. ત્યાં ટીકાકારે **आएस** શબ્દ પ્રયોગથી અનેક આચાર્યોના મતભેદને પ્રગટ કર્યા છે, પરંતુ તે યથાર્થ નથી. નંદી સૂત્ર, ભગવતી સૂત્ર અને જીવાભિગમ સૂત્રની પ્રતિપત્તિઓના પ્રારંભિક વર્ણનથી સુપષ્ટ છે કે આગમોમાં



'આદેશ' શબ્દપ્રયોગ અપેક્ષા અને પ્રકાર અર્થમાં પ્રસિદ્ધ અને પ્રચલિત છે.

માન્યતા ભેદ કે મતાંતર આદિ બતાવવા માટે આગમમાં 'આદેશ' શબ્દનો પ્રયોગ ક્યાં ય થયો નથી. ઉપલબ્ધ આગમોમાં માન્યતા ભેદના અનેક પાઠ છે, પરંતુ ત્યાં ક્યાંય પણ 'આદેશ' શબ્દનો પ્રયોગ નથી. તે પ્રયોગ આ પ્રમાણે છે–

(૧) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં વક્ષસ્કાર–૨. પૃષ્ઠ–૫૬૦માં કુલકરના વિષયમાં માન્યતા ભેદ માટે **अण्णे पढंति** શબ્દ પ્રયોગ છે.

(૨) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ઋષભકૂટના વર્ણનમાં માન્યતા ભેદ **पाढंतरं** આ શબ્દ દ્વારા કહેવાયો છે.

(૩) ઉત્સર્પિણીના ચોથા આરાના વર્ણનમાં મતભેદ **अण्णे पढंति** શબ્દથી પ્રગટ થયો છે.

(૪) પ્રજ્ઞાપના પદ ૧૭માં **केइ भणंति** આ શબ્દનો પ્રયોગ કર્યો છે.

(૫) વ્યવહાર સૂત્રમાં **एगे एवं आहंसु एगे पुण एवं** તે પ્રમાણે પ્રયોગ છે.

(૬) ભગવતી સૂત્રમાં માન્યતા ભેદના કથન માટે **केइ अपज्जतगा पढमं भण्णंति पच्छा पज्जतगं** એવો વાક્ય પ્રયોગ થયો છે.

(૭) જ્ઞાતા સૂત્રમાં દેવને ઉપસ્થિત થવાના વર્ણનમાં **पाठंतर** શબ્દ દ્વારા માન્યતા ભેદ કહ્યા છે.

આ પ્રકારે માન્યતા ભેદના કથનો આગમોમાં છે. તેમાં વિવિધ શબ્દ પ્રયોગ કે વાક્ય પ્રયોગ છે પરંતુ ક્યાંય 'આદેશ' શબ્દ નથી તથા આ માન્યતા ભેદોમાં બે વિકલ્પ જ છે. અર્થાત્ બે થી અધિક માન્યતા ભેદના વિકલ્પો આગમમાં ક્યાંય નથી, પરંતુ આદેશ શબ્દ નંદી સૂત્રમાં ફક્ત એક વિકલ્પ માટે, ભગવતી સૂત્રમાં બે વિકલ્પ માટે અને જીવાભિગમ સૂત્રમાં તો ૪-૫ અને ૯ વિકલ્પ સુધી **आएस** શબ્દ પ્રયુક્ત છે. અતઃ અનેક વિકલ્પો વાળી કાયસ્થિતિના પ્રસંગમાં આદેશ શબ્દને માન્યતા ભેદમાં ખપાવવો તે ઉચિત નથી.

**સાર :–** આદેશ શબ્દના અનેક વિકલ્પ, પ્રકાર અને અપેક્ષા એવો અર્થ કરવો જોઈએ. માન્યતા ભેદ અર્થ ન કરવો જોઈએ.

## પરિશિષ્ટ–૨

# એક સમયની કાયસ્થિતિ : આગમિક વિચારણા

ભગવતી સૂત્ર, પન્નવણા સૂત્ર, જીવાભિગમ સૂત્રમાં કેટલાય ભાવો–પરિણામોની એક સમયની કાયસ્થિતિ કહી છે. વ્યાખ્યાકારોએ તેને સમજાવવા માટે ક્યાંક મરણની અપેક્ષાથી અને ક્યાંક પરિણામોનું પરિવર્તન એક સમયમાં થઈ જાય છે, તેવું સ્પષ્ટીકરણ કર્યું છે. વ્યાખ્યાકારોએ ગમે તેમ કરીને આગમોક્ત કથનને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

તે સર્વ કથનોને જોતાં તે સ્પષ્ટ થાય છે કે આત્માના કોઈપણ ઉદયજન્ય ભાવો એક સમયના હોય શકે છે. એક સમયમાં જ તેનો ઉદયભાવ પરિવર્તન પામી શકે છે, તેથી એક સમયની કોઈપણ સ્થિતિ મરણની અપેક્ષાએ જ હોય તેવું એકાંતે નથી. એક સમયની સ્થિતિ પરિણામોના પરિવર્તનની અપેક્ષાએ, ઉદયભાવના પરિવર્તનની અપેક્ષાએ અથવા મરણની અપેક્ષાએ તે ત્રણે અપેક્ષાએ હોય છે.

**યથા–** જો સ્ત્રીવેદની એક સમયની સ્થિતિ મરણની અપેક્ષાએ માનવામાં આવે તો પણ એક સમયનો સ્ત્રીવેદનો ઉદય સ્વભાવ તો માનવો જ પડશે અને સ્ત્રી વેદના પરિણામનું એક સમયમાં પરિવર્તન પણ માનવું જ પડશે.

**(૧)** ભગવતી સૂત્ર શતક ૨૫માં પુલાક આદિ સર્વ નિયંઠામાં હાયમાન, વર્ધમાન અને અવસ્થિત પરિણામોની જઘન્ય એક સમયની સ્થિતિ કહી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે પરિણામો એક સમયના હોવા અને એક સમયમાં પરિવર્તિત થવા તે આગમકારોને માન્ય છે. તે સિવાય પુલાક નિર્ગ્રંથમાં પણ એક સમયમાં પરિણામોનું પરિવર્તન થાય, તેમ કહ્યું છે અને પુલાક નિર્ગ્રંથ અવસ્થામાં કાલધર્મ ન થાય તો પણ પરિણામ પરિવર્તિત થતાં રહે છે તે પણ માન્ય છે. માટે ટીકાકાર શ્રી અભય દેવ સૂરજીએ ભગવતી સૂત્રના ૨૫મા શતકમાં સ્પષ્ટ કર્યું છે કે– કષાયાદિથી બાધિત થવાથી પુલાક નિર્ગ્રંથના હાયમાન–વર્ધમાન અને અવસ્થિત પરિણામોમાં એક સમયની કાયસ્થિતિ બને છે.

સર્વ નિર્ગ્રંથોના અવસ્થિત પરિણમોની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ સાત સમયની કહી છે. બકુશ આદિ નિર્ગ્રંથોની એક સમયની સ્થિતિને સમજાવવા ટીકાકારે મરણની અપેક્ષાથી પણ ઘટિત કરેલ છે. તે કથનમાં તેઓએ 'પણ' શબ્દનો પ્રયોગ કર્યો છે. અર્થાત્ મરણની અપેક્ષાએ પણ એક સમયની સ્થિતિ ઘટે છે. અહીં 'પણ' શબ્દથી સ્પષ્ટ થાય છે કે– એકાંત મરણની અપેક્ષાથી જ એક સમયની સ્થિતિ માનવી ટીકાકારને અભિમત નથી !



જો મરણની અપેક્ષાએ જ એક સમયની સ્થિતિ હોય તેમ એકાંત માનીએ તો શ્રેણી અવસ્થારૂપ અપ્રમત્તદશામાં વર્તમાન શ્રમણનું સ્ત્રીવેદ પરિણામમાં જવું અથવા તો નપુંસકતાના પરિણામમાં જવું, તે જ રીતે શ્રમણીનું પુરુષવેદના પરિણામમાં જવું માનવું પડે છે, પરંતુ અપ્રમત્ત દશામાં વિપરીત લિંગના પરિણામોને માનવા ઉપયુક્ત નથી.

છટ્ઠા ગુણસ્થાનવર્તી પ્રમત્ત શ્રમણને પણ અન્યલિંગી પરિણામો હોય તે આ પ્રકારની ઉદયની પ્રબળતાથી સંભવે છે, પરંતુ અપ્રમત્ત અને શ્રેણીમાં વર્તમાન ઉચ્ચ દશાના શ્રમણમાં માનવું એ અત્યંત વિચારણીય છે. આવા વિચિત્ર પરિણામોની દશામાં મરીને અનુત્તર આદિ દેવોમાં ઉત્પત્તિ માનવી તે તેના કરતાં પણ વિચારણીય બાબત છે.

તેથી સ્પષ્ટ થાય છે કે એક સમયની સ્થિતિ સ્વભાવથી કે પરિણામથી હોય શકે છે, એકાંતે મૃત્યુની અપેક્ષાએ જ હોય તેમ નથી.

**(૨)** ***सामान्य रूपेण विशेष रूपेण आदिष्टष्य जीवस्य यद अव्यवछेदेन भवनं सा कायस्थिति ।***

**(૩)** ***सर्व विरतिस्तु सर्व सावद्यं अहं न करोमि इत्येवं रूपा, ततस्तत् प्रतिपत्ति उपयोग एक सामयिकोपि भवति ।***

**(૪)** ***आह च मूल टीकाकार–पढम समये कायजोगेण गहियाणं भास दव्वाणं बिइय समये वइ जोगेण निसग्गं काउण, उवरमंतस्स, मरणंतस्स वा एक समयो लब्भइ ।*** મન યોગ માટે ત્રીજે સમયે ***उपरमते म्रियते वा तत्र एक समयं मनयोगी लभ्यते ।*** અહીં પરિણામોના સ્વાભાવિક પરિવર્તન થવાથી પણ એક સમયની સ્થિતિ હોવાનું ટીકાકારે સમજાવ્યું છે.

**(૫)** અવધિજ્ઞાનની એક સમયની કાયસ્થિતિ માટે ***च्यवनेन मरणेन अन्यथा वा अनंतर समये प्रतिपतति तदा अवधि ज्ञानस्य एक समयता भवति*** અહીં પણ પરિણામો પરિવર્તિત થઈ જવાથી એક સમયમાં અવધિજ્ઞાન નષ્ટ થઈ જાય છે તેવું સ્વીકાર્યું છે અને મૃત્યુની અપેક્ષા પણ સ્વીકાર્યું છે.

**(૬)** અવધિજ્ઞાનની જેમ જ વિભંગજ્ઞાનના એક સમયને ટીકામાં સિદ્ધ કર્યો છે.

**(૭)** જીવાભિગમ ટીકા પૃષ્ઠ ૬૦માં ક્ષયોપશમની વિચિત્રતાથી એક સમયની સ્થિતિ માની છે.– ***सर्व विरति परिणामस्य तदावरण कर्म क्षयोपशम वैचित्र्यतः समयेकं संभवात ।***

(૮) પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં અવધિજ્ઞાનનો એક સમય ***मरणतः प्रतिपातेन मिथ्यात्वं गमनतो वा***જીવાભિગમ ટીકા પૃષ્ઠ ૪૬૦માં વિભંગજ્ઞાનની એક સમયતા માટે ***सम्यकत्व लाभतो ज्ञान भावेन*** એ પ્રમાણે કથન છે આ બંને વ્યાખ્યાથી પણ

સ્પષ્ટ છે કે મરણ વિના પણ મિથ્યાત્વ કે સમકિતની પ્રાપ્તિથી પણ એક સમયના પરિણામ હોઈ શકે છે. તે જ્ઞાન એક સમય રહી શકે છે.

**(૯)** જીવાભિગમ ટીકા પૃષ્ઠ–૪૫૨, અવધિ દર્શનની એક સમયની સ્થિતિ, મરણથી કે અધ્યવસાય પરિવર્તનથી તેમ બંને રીતથી સમજાવી છે.

**(૧૦)** અવધિદર્શનનું અંતર એક સમય ***अनंतर समये पुनस्तद् लाभः*** અર્થાત્ વચ્ચેનાં પરિણામ સ્વાભાવિક રીતે એક સમય રહે છે, તે સ્પષ્ટ છે.

**સાર :–** (૧) કાળ કર્યા વિના સંયમાવસ્થામાં કેટલીય પ્રકૃતિઓનો સ્વાભાવિક એક સમયનો ઉદય હોઈ શકે છે. (૨) કેટલાય પરિણામો એક સમયની સ્થિતિ પછી પરિવર્તિત થઈ શકે છે. (૩) પ્રકૃતિઓનો ક્ષયોપશમ કાલ એક સમયનો થઈ શકે છે. (૪) કેટલીક અવસ્થાઓ મૃત્યુની અપેક્ષાએ એક સમયની હોઈ શકે છે. (૫) કેટલાય ભાવો સ્વાભાવિક મૃત્યુની અપેક્ષાએ અંતર્મુહૂર્તના હોય છે. તે મૃત્યુની અપેક્ષાથી પણ એક સમયના હોતા નથી. જેમ કે પુરૂષવેદ, કાયયોગ, બંને ઉપયોગ, ત્રણ કષાય (૬) લેશ્યા આદિ અસંયતાવસ્થામાં એક સમયના પરિણામો હોતા નથી. (૭) અસંયતાવસ્થામાં મૃત્યુની અપેક્ષાથી જ એક સમયની સ્થિતિ બને છે. (૮) ધર્માચરણી ત્રણેની એક સમયની કાયસ્થિતિ, અંતર આદિ પરિણામોના પરિવર્તનથી થાય છે. (૯) સંયમ અવસ્થાના ભાવોની કોઈ પણ એક સમયની સ્થિતિ માટે મરણ કાલનો જ એકાંત આગ્રહ ન રાખવો જોઈએ.

## પરિશિષ્ટ–૩

## पुहत्त શબ્દ વિચારણા

જીવાભિગમ સૂત્ર, પ્રજ્ઞાપન્ના સૂત્ર અને ભગવતી સૂત્રમાં **पुहत्त** શબ્દનો પ્રયોગ મળે છે. જ્યારે ક્યાંય પણ અનેક સંખ્યાનું અથવા અનેક સંખ્યાનો વિકલ્પનું એક શબ્દમાં કથન કરવું હોય ત્યારે આગમકાર **पुहत्त** શબ્દનો પ્રયોગ કરે છે. **पुहत्त** શબ્દનું સંસ્કૃત રૂપાંતર પૃથક્ત્વ બને છે. જેનો શબ્દાર્થ થાય છે– અલગ-અલગ, ભિન્ન-ભિન્ન, વિભાગરૂપ અથવા એકત્વનો પ્રતિપક્ષ અનેકત્વ = અનેક.

થોકડાની પ્રચલિત પરંપરા અનુસાર પૃથક્ત્વ શબ્દના સ્થાને પ્રત્યેક શબ્દનો પ્રયોગ થાય છે અને પ્રત્યેક શબ્દ બે થી નવ સંખ્યાનો વાચક છે. યથા– પૃથક્ત્વ ધનુષ = પ્રત્યેક ધનુષ અર્થાત્ બે થી નવ ધનુષ; આ રીતે પ્રત્યેક માસ, પ્રત્યેક ગાઉ વગેરે શબ્દોમાં પણ બે થી નવ અર્થને સ્વીકારવાની એક પરંપરા ચાલુ છે.

પરંતુ આગમિક દષ્ટિકોણથી વિચારતા આ પરંપરા યોગ્ય અને સંગત લાગતી નથી. કારણ કે– ***ટીકાકારે અને કોષકારોએ 'પુહત્ત' નો અર્થ 'અનેક' કર્યો છે.***



(૧) જીવાભિગમ ટીકા પૃષ્ટ ૧૧૯માં **पुहत्त पृथक्त्व पृथक् शब्द बहुवाची ।**

(૨) કર્મપ્રકૃતિ સંગ્રહણી ચૂર્ણિકાર **पुहत्त शब्दो बहुवाची इति प्रभूतानि रूपाणि विकुर्वितुं प्रभवः ? उत्तर– पृथकत्वमपि प्रभवो विकुर्वितुं** અનેક (સેંકડો–હજારો) રૂપોની વિકુર્વણા કરવામાં પણ સમર્થ હોય છે. ભગવતી સૂત્ર શતક ૧૨ ઉદ્દેશક ૯.

(૩) **एगत्त पुहत्तिया भंगा भाणियव्वा** એકવચન, બહુવચનના ભંગ કહેવા જોઈએ.

(૪) **एगत्तेण पुहत्तेण खंधा य परमाणु य =** પુદ્ગલો એકત્રિત થવાથી સ્કંધો બને છે અને અલગ-અલગ વિભાગ થવાથી પરમાણુ બને છે.

(૫) પ્રજ્ઞાપનામાં દેવોના આહાર અને ✓ાસો✓ાસનું કાલમાન બતાવવામાં પણ **पुहत्त** શબ્દનો પ્રયોગ કર્યો છે. પલ્યના આઠમા ભાગની સ્થિતિવાળાથી લઈને દેશોન બે પલ્યવાળા માટે આ એક જ શબ્દ પ્રયોગ છે. તોપણ તે સર્વ સ્થિતિ-વાળાના ✓ાસોચ્છ્વાસ અને આહારના કાલમાનમાં ફરક છે કારણ કે સ્થિતિમાં ફરક છે, તેથી **पुहत्त** શબ્દના અનેક અર્થ થાય છે.

(૬) ભગવતી સૂત્ર શતક ૨૨માં અનેક ફળો અને બીજાની અવગાહના પણ **पुहत्त** શબ્દથી બતાવી છે. અર્થાત્ **अंगुल पुहत्त, विहत्थी पुहत्त, रयणी पुहत्त** આદિ.

(૭) તિર્યંચની અવગાહના અને મનુષ્યની અવગાહનાના વર્ણનમાં તેમજ કાયસ્થિતિના વર્ણનમાં સૂત્રકારે **पुहत्त** શબ્દનો પ્રયોગ કર્યો છે. ત્યાં **धणु, धणुपुहत्त,** ત્યારપછી **गाउ, गाउपुहत्त** શબ્દનો પ્રયોગ છે. આ રીતે બે થી લઈને ૧૯૯૯ ધનુષ્યનું ગ્રહણ પણ **पुहत्त** શબ્દથી કર્યું છે.

(૮) આ જ રીતે પ્રજ્ઞાપના, ભગવતી, જીવાભિગમમાં **पुहत्त** શબ્દથી ક્યાંક બે, ક્યાંક સાત, ક્યાંક નવ, ૧૨, ૯૯, ૧૯૯, ૧૯૯૯, સંખ્યાતા, અસંખ્યાતા અને અનંત સુધીનું ગ્રહણ થાય છે. આ રીતે **पुहत्त** શબ્દનો અર્થ વિશાળ છે.

અતઃ આગમ પ્રયુક્ત *धणुपुहत्त', गाउपुहत्त, कोडीपुहत्त, सयपुहत्त, सहस्सपुहत्त, अंगुलपुहत्त, रयणिपुहत्त, विहत्थिपुहत्त, वासपुहत्त, मासपुहत्त, कोडीसयपुहत्त, कोडीसहस्सपुहत्त* આદિ શબ્દોને ભાષામાં ક્રમશઃ અનેક ધનુષ્ય, અનેક ગાઉ, અનેક ક્રોડ, અનેક સો, અનેક હજાર, અનેક અંગુલ, અનેક હાથ, અનેક વેંત, અનેક વર્ષ, અનેક માસ, અનેક સો ક્રોડ, અનેક હજાર ક્રોડ કહેવું જોઈએ.

આવા અનેક દષ્ટાંતોથી સમજી શકાય છે કે **'पुहत्त'** આગમિક શબ્દપ્રયોગ છે. તેના સંસ્કૃત શબ્દ 'પૃથક્ત્વ' છે. તેનો અર્થ 'વિશાળ' છે. તેનો ભાવાર્થ અનેક થાય છે. પૃથક્ત્વ શબ્દ અનિર્દિષ્ટ સંખ્યાનો વાચક છે જ્યાં જે સંખ્યા ઘટિત થાય ત્યાં તે પ્રમાણે તેનો અર્થ કરવો જોઈએ.

યથા– ચોથા આરાના મનુષ્યોની અવગાહના જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં અનેક

ધનુષ્યની કહી છે. તો ત્યાં પ્રયુક્ત **પુહત્ત** શબ્દથી એક સાથે બે ધનુષવાળા પણ ગ્રહિત થાય છે અને ૫૦૦ ધનુષ્યવાળા પણ આવી જાય છે.

**સાર :–** આગમોક્ત આ **પુહત્ત** શબ્દને થોકડામાં પ્રત્યેક શબ્દથી કહેવું સર્વથા અનુપયુક્ત છે તેથી ઉપરોક્ત પ્રમાણોનું ચિંતન મનન કરીને, વાસ્તવિકતાને સ્વીકારવી જોઈએ. પૃથક્ત્વના સ્થાને પ્રત્યેક કે બેથી નવનો પ્રયોગ ન કરવો જોઈએ. 'અનેક' શબ્દથી સર્વત્ર કથન કરવું જોઈએ.

આગમોકારોએ જ્યાં ચોક્કસ સંખ્યાનું કથન ન કર્યું હોય ત્યાં આગમ આધાર વિના ચોક્કસ સંખ્યાનું કથન કરવું તે યોગ્ય નથી. તેથી જ પ્રત્યેક વર્ષ, પ્રત્યેક કરોડ વગેરે શબ્દપ્રયોગના સ્થાને અનેક વર્ષ, અનેક કરોડ વગેરે શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.

## પરિશિષ્ટ–૪

## છદ્મસ્થોની ભૂલ : એક અનુપ્રેક્ષણ

અનેકાંત સિદ્ધાંત યુક્ત વીતરાગ માર્ગથી એકાંત વાતનો રોગ દૂર રહે છે. એકાંતવાદ મુશ્કેલીનો જનક છે. જ્યારે અનેકાંતવાદ મુશ્કેલીનો શોધક છે.

સર્વજ્ઞતા પૂર્વની છદ્મસ્થ અવસ્થાના સામાન્ય અથવા વિશિષ્ટ જ્ઞાની આદર્શ ગુણોથી સર્વજ્ઞ તુલ્ય જિન નહી પણ જિન સરખા, કેવલી નહીં પણ કેવલી સરીખા, એવી ઉપમા દ્વારા ઉપમિત કરાય છે. તેવા સર્વોચ્ચ છદ્મસ્થ જ્ઞાની પણ ભૂલને પાત્ર હોઈ શકે છે અને સરલતા પૂર્વક શુદ્ધિ પણ કરી શકે છે. માટે આગમ ઉપાશક દશાંગ સૂત્રમાં આનંદ શ્રાવક અને ગૌતમ ગણધરની ઘટેલી ઘટના આજે પણ ઉપલબ્ધ છે.

કોઈ છદ્મસ્થ ગમે તેવા વિદ્વાન હોય, જૈન શાસનમાં તેના માટે વ્યક્તિને મહત્ત્વ આપીને અંધાનુકરણ કરવામાં આવતું નથી. છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર હોય છે. અર્થાત્ તેનાથી ભૂલ થવી સંભવ છે પણ અસંભવ નથી.

ભગવાન મહાવીરના દીર્ઘકાલના આ શાસનમાં કેટલાય મહાપુરુષોએ આગમ સેવા કરી છે; પોતાનું સમગ્ર જીવન આગમ સેવામાં સમર્પિત પણ કર્યુ છે. અનેકો એ અંગબાહ્ય આગમોની રચના કરી છે અને અનેક આચાર્યોએ ઉપલબ્ધ આગમની વિસ્તૃત વ્યાખ્યા પણ કરી છે. સર્વજ્ઞતાના અભાવમાં નાની-મોટી ભૂલો તેમનાથી પણ થયેલ છે. જિજ્ઞાસુઓની જાણકારી માટે થોડી વાતો અહીં પ્રસ્તુત કરવામાં આવે છે. જેને જાણીને અનુપ્રેક્ષણ (ચિંતન) કરવું જોઈએ કે કોઈ પણ છદ્મસ્થ આચાર્યનું કથન આગમ સાપેક્ષ ન હોય તો તેનો આગ્રહ ન રાખવો જોઈએ.



કોઈપણ આગમ તત્ત્વથી તેમનું કથન વિપરીત હોય તો તેના પર ગંભીરતા પૂર્વક વિચારણા કર્યા બાદ સાચો નિર્ણય કરવો જોઈએ. પરંતુ 'બાબા વાક્ય પ્રમાણં' ની ઉક્તિ ચરિતાર્થ ન કરવી જોઈએ.

**(૧)** જીવાભિગમ અને પ્રજ્ઞાપના ટીકામાં અવધિદર્શનની કાયસ્થિતિ સમજાવવામાં વિભંગજ્ઞાનની કાયસ્થિતિનું ઉલ્લંઘન કરી દીધુ છે. નરકમાં ઉપયોગ લઈને આવવા અને લઈને જવાની બાબતનું પણ ઉલ્લંઘન કરેલ છે. આવી રીતે એક તત્ત્વને સમજાવવામાં બે ત્રણ સૂત્રોથી વિપરીત કથન થયું છે, કારણ કે કાયસ્થિતિ જીવાભિગમ અને પ્રજ્ઞાપનાથી વિપરીત થઈ અને ઉપયોગનું કથન ભગવતી સૂત્રથી વિપરીત થયું છે.

**(૨)** અનેક પ્રમાણોથી **आएसणं** નો 'અપેક્ષાથી' એ અર્થ પ્રમાણિત અને શુદ્ધ છે. તોપણ સ્ત્રી વેદની કાયસ્થિતિમાં પાંચ મતાંતર કહેવાયા અને મતના પ્રરૂપક પણ અલગ-અલગ મનાયા છે. તેમઓનું આપસમાં સમાધાન થયું નથી તેથીસૂત્રમાં તે મતભેદ લખાયા છે એવું માની લીધું છે. ખરેખર તો જીવાભિગમ સૂત્રની આદેશ કહેવાની તે પદ્ધતિ જ છે. જેનું આલંબન સ્પષ્ટરૂપથી પ્રારંભમાં જ લીધું છે.

**(૩)** દેવલોકની અવગાહના બતાવવામાં આગમથી વિપરીત વિવેચન કરી દીધુ છે.

**(૪)** અપર્યાપ્તાની કાયસ્થિતિનું વિવેચન કરવામાં ભગવતી સૂત્રનું ગમ્મા શતકથી વિપરીત કથન છે.

**(૫)** પ્રજ્ઞાપના પદ ૧૨ અને ૨૧ની ટીકામાં વાયુકાયના પર્યાપ્તા જીવોના સંખ્યાતમા ભાગવાળા જીવો વૈક્રિય કરે છે એવું કહ્યું અને **उक्तं च** કહીને પ્રાચીન આચાર્યકૃત ગાથા દ્વારા સિદ્ધ પણ કર્યું છે; જોકે આગમમાં તેને અસંખ્યાતમા ભાગના કહ્યા છે.

**(૬)** પ્રજ્ઞાપના પદ ૨૧ની વ્યાખ્યામાં સૂર્યના કિરણોનું અવલંબન કરીને આકાશમાં ગમન કરવાનું કહી દીધું છે. જે સ્પષ્ટતઃ આગમ અસમ્મત છે.

**(૭)** પ્રજ્ઞાપના પદ ૨૩ ટીકામાં બહુલ નામની વનસ્પતિને પાંચ ભાવેન્દ્રિય હોય છે તેવું કથન કરેલ છે. જ્યારે તે જ સૂત્રના ૧૫મા પદમાં એકન્દ્રિયને એક દ્રવ્યેન્દ્રિય અને એક જ ભાવેન્દ્રિય હોવાનું સ્પષ્ટ કથન છે. આવી વિપરીત પ્રરૂપણા માટે પણ એવું કહ્યું છે કે– **आगमेपि प्रोच्यंते** । વાસ્તવમાં કોઈપણ આગમમાં આવું કથન નથી.

**(૮)** અંતરદ્વીપોનું વર્ણન જીવાભિગમ સૂત્રમાં સ્પષ્ટ છે. જંબૂદ્વીપની જગતિથી દૂર જલની મધ્યમાં તે સર્વ દ્વીપ સ્વતંત્ર આવેલા છે. તો પણ જગતિથી એક દાઢા નીકળી છે એવું બતાવે છે અને તે દાઢા પર તે દ્વીપા છે, તેવું કહ્યું છે.

**(૯)** દેવ-નારકનું અંતર્મુહૂર્તનું અંતર મનુષ્યના ભવથી સમજાવ્યું છે. જ્યારે દેવની સાથે મનુષ્યના અંતર્મુહૂર્તનો સંબંધ જ નથી. અનેક માસ કે અનેક વર્ષ વિના

મનુષ્ય દેવલોકમાં કે નરકમાં નથી જતા; આ વાત ભગવતી સૂત્રના ગમ્મા શતકથી સ્પષ્ટ થાય છે.

**(૧૦)** નવમાથી બારમા દેવલોકના અનેક વર્ષના અંતરને સમજાવતા કહ્યું છે કે સંયમ ગ્રહણ કર્યા વિના ત્યાં કોઈ જીવ ઉત્પન્ન થતા નથી, જો કે ૧૨માં દેવલોક સુધી શ્રાવક, મિથ્યાદષ્ટિ અને ગોશાલક પંથી પણ જઈ શકે છે.

**(૧૧)** દેવલોકમાં જીવ પાંચ સ્થાવરના રૂપમાં અનંતવાર ઉત્પન્ન થયો છે, આ કથન સૂક્ષ્મ સ્થાવરની મુખ્યતાથી છે. તોપણ દેવલોકમાં બાદર તેઉકાય પણે ઉત્પન્ન થાય છે, તેવું કથન કરેલ છે. જોકે બાદર તેઉકાય અઢીદ્વીપમાં જ હોય છે.

**(૧૨)** દેવોના જઘન્ય અંતરના વિષયમાં ક્યાંકથી ગાથા ઉદ્ધૃત કરી આગમ વિરુદ્ધ કથન કરી દીધું કે આઠમા દેવલોક સુધી ૯ દિવસની ઉંમરવાળા મનુષ્ય ઉત્પન્ન થાય અને બીજા દેવલોક સુધી અંતર્મુહૂર્તની ઉંમરવાળા મનુષ્ય ઉત્પન્ન થઈ શકે છે એવું પ્રરૂપણ કર્યુ છે, પરંતુ મનુષ્ય તો એક મહિના અથવા અનેક વર્ષ સુધી દેવલોકમાં જતા જ નથી. અંતર્મુહૂર્ત અને ૯ દિવસનો પ્રશ્ન જ ક્યાં છે ?

**(૧૩)** પુરુષવેદની કાયસ્થિતિ પ્રજ્ઞાપના જીવાભિગમમાં જઘન્ય અંતર્મુહૂર્તની કહી છે. છતાં પણ કહીં દીધુ કે એક સમય હોવું જોઈએ, જોકે તે આગમથી વિરુદ્ધ કથન થઈ રહ્યું છે.

**(૧૪)** અકષાયીની કાયસ્થિતિ એક સમયની સૂત્રોમાં સ્પષ્ટ છે છતાં પણ વિવેચનમાં એક સમયની સ્થિતિવાળા પાઠના સામે હોવા છતાં પણ અંતર્મુહૂર્તના વૃદ્ધવાદને સાચા કહી દીધા છે.

**(૧૫)** પંચેન્દ્રિયની કાયસ્થિતિ ૧૦૦૦ સાગરોપમ સાધિક સૂત્રોમાં કહી છે અને પરંપરામાં પ્રસિદ્ધ છે. ટીકાકારે પોતે પ્રજ્ઞાપના પદ ૧૮માં એની ટીકા કરી છે. જીવાભિગમ **પડિવત્તિ** ૪ માં પણ ૧૦૦૦ સાગરોપમની ટીકા કરી છે છતાં પણ જીવાભિગમ સર્વ જીવ **પડિવત્તિ** ૯માં એની કંઈ પણ નિર્દેશ ચર્ચા કર્યા વગર અનેક સો સાગરની ટીકા કરી દીધી છે.

**(૧૬)** જીવાભિગમ સૂત્રની નવ પ્રતિપત્તિઓની શરૂઆતના પાઠની વ્યાખ્યામાં **આદેશનો** 'અપેક્ષા' અર્થ કરતાં વાદી પણ કહેવાનું શરૂ તો કર્યું પરંતુ એકાંત 'વાદી' કહેવા સુધી નથી પહોંચ્યા. એના પછી આગળ **પડિવત્તિ** બીજામાં સ્ત્રી વેદીની કાયસ્થિતિના પાંચ પ્રકારમાં વાદી કહેવાનું શરૂ કર્યુ અને પછી એકાંત, 'વાદી'ના આગ્રહભર્યું પ્રરૂપણવાળું વિવેચન કરી દીધું અને સૂત્રકર્તા આચાર્યોમાં પાંચ મતભેદ બતાવી દીધા, જે અસંગત છે.***જુઓ– પરિશિષ્ટ–૩. પૃષ્ઠ........***

**(૧૭)** જીવાભિગમ પ્રતિપત્તિ બીજીના પાંચમા આદેશના વિવેચનમાં (૧) સ્ત્રીના લગાતાર ૯ ભવ હોવાનું બતાવી દીધુ (૨) જળચર, ઉરપર, ભુજપર ના આઠ



ભવનો નિષેધ કરી ઉત્કૃષ્ટ સાત ભવ હોવાનું કહી દીધું (૩) આઠમો ભવ એકાંત રૂપે જુગલિયાનું જ થાય એમ કહી દીધું (૪) પર્યાપ્તના લગાતાર આઠ ભવ જ થાય છે, એવું કહી દીધું. આ સર્વે કથન આગમ સંમત પણ નથી અને કોઈ તો પરસ્પર પણ અસંગત છે. કેમ કે ભગવતીમાં જળચર ઉરપરિસર્પ વગેરેના આઠ ભવના કાળાદેશ કહ્યા છે. કાયસ્થિતિ અનુસાર પર્યાપ્તના લગાતાર આઠથી વધારે ભવ થઈ શકે છે. જેમ કે મનુષ્યના લગાતાર આઠ ભવ કરીને પછી તે જીવ દેવલોકમાં જઈ શકે છે. આવી રીતે પર્યાપ્તના આઠથી વધારે ભવ હોઈ શકે છે. તેથી પર્યાપ્તની કાયસ્થિતિ અનેક સો સાગરની હોય છે. બે ૬૬ સાગર(૧૩૨ સાગર) અવધિ દર્શનની કાયસ્થિતિને સહીરૂપમાં સમજવા માટે પણ ઓછામાં ઓછા ૧૦ ભવ પર્યાપ્તના બતાવવામાં આવે છે.

**(૧૮)** ધર્માચરણી સ્ત્રી, પુરુષ અને નપુંસકની સ્થિતિ અંતર્મુહૂર્તની આગમમાં કહી છે તેને અવાસ્તવિક કહી દીધું.

**(૧૯)** પ્રજ્ઞાપના સૂત્ર પદ ૨૧ની ટીકામાં વિદ્યાચરણના માટે કહ્યું કે આ લબ્ધિધારી સંયમવાન નથી હોતા, પરંતુ ભગવતી સૂત્રમાં આ લબ્ધિ સંયમવાનને જ કહી છે.

**(૨૦)** પુરુષવેદની અંતર્મુહૂર્તની કાયસ્થિતિને અવાસ્તવિક કહી દીધી અને કહ્યું કે 'વેશ પરિવર્તનની અપેક્ષા અંતર્મુહૂર્ત છે વાસ્તવમાં ભાવ પરિણામની અપેક્ષા તો એક સમયની જ જઘન્યકાય સ્થિતિ હોય છે.' આનો મતલબ એ થયો કે આગમ કાર એક જ સૂત્રના એક જ પ્રકરણમાં એક જ વેદની કાયસ્થિતિ દ્રવ્ય વેશની અપેક્ષા કહે અને બે વેદની સ્થિતિ ભાવ પરિણામની અપેક્ષા કહે એવી કલ્પના ટીકાકાર દ્વારા કરવી પણ ઉપયુક્ત સમજી શકાતી નથી. પ્રજ્ઞા. ટીકા પૃ. ૪૫૧

ઉપરના ૨૦ સંકલન વિદ્વાન આચાર્ય શ્રી મલયગિરિથી સંબંધિત છે. જેમનું જૈનઆગમ ટીકા સાહિત્યમાં એક અનોખું સ્થાન છે. તે તેરમી શતાબ્દીના એક સાધના સિદ્ધ પુરુષ હતા. જેમનામાં શ્રુત સેવાની એક અનુપમ લગન હતી. કદાચ છાદ્મસ્થિક હોવાથી ક્ષયોપશમની વિચિત્રતાથી જ ઉપર નિર્દિષ્ટ ત્રુટિઓ સંભવ થઈ છે. તેઓ એક ભવભીરુ, નમ્ર અને સરલ આચાર્ય થયા છે. આગમ વિપરીત પ્રરૂપણનો તેમનો ક્યારે ય સંકલ્પ હોય નહીં છતાં પણ ઉક્ત ભૂલો તેમનાથી થઈ ગઈ છે, એ જ વિચારવાની વાત છે.

**(૨૧)** નિશીથ ઉદ્દેશક ૨માં– પાદપ્રોંછનનો વ્યાખ્યાકારે રજોહરણ અર્થ કરી દીધો છે, પરંતુ રજોહરણ સંબંધી દસ સૂત્ર આગળ પાંચમાં ઉદ્દેશકમાં અલગ છે. પાદપ્રોંછન ઔપગ્રહિક ઉપકરણ અલગ છે, રજોહરણ ઔઘિક ઉપકરણ અલગ છે. આ બંનેને એક કરી દેવું એ એક ભ્રમ છે. વિશેષ જાણકારી માટે છેદશાસ્ત્રમાં જોવું જોઈએ.

**(૨૨) विसुयावेइ–** નિશીથ ઉદ્દેશક બે માં પાદ પ્રોંછનમાં સૂત્રના અંતિમ સૂત્રોમાં **विसुयावेइ** ક્રિયા છે. જેનો અર્થ છે પૃથક્ કરવું અર્થાત્ લાકડાના દંડથી પાદપ્રોંછનને અકારણ ખોલીને અલગ કરવું. પરંતુ આ સાચા અર્થને છોડીને ધૂપ દેવો, સુકવવું, ધોવું વગેરે અર્થ કર્યા છે, પરંતુ ઉપધિને ધૂપદેવો, સૂર્યના તાપમાં સુકવવું એ કોઈ દોષ બનતો નથી પરંતુ ગુણકારી જ થાય છે અને કદાચ કોઈ પણ કારણસર ઉપકરણ ભીનું થઈ જાય તો તેને સુકવવું આવશ્યક કર્તવ્ય બને છે; એને દોષરૂપમાં કથન કરીને પ્રાયશ્ચિત કહેવાનું કોઈ પ્રયોજન નથી.

**(૨૩)** નિશીથ ઉદ્દેશા ૩ સૂત્ર ૭૩ **गोलेहणियासु** ભૂમિનું વિશેષણ છે. જેનો અર્થ છે હળ ચલાવેલી જમીન ઉપર લઘુનીત કે વડીનીત પરઠવાનું નહીં અને પરઠે તો સચિત્ત માટીના કારણે પ્રાયશ્ચિત આવે છે. આ સીધો અને સાચો અર્થ છોડીને ગાયો અને જાનવરોની ચાટવાની ભૂમિ વગેરેનો અયુક્ત અસંગત અર્થ કર્યો છે. વિશેષ જાણકારી માટે આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત આ સૂત્રનું વિવેચન જોવું જોઈએ.

**(૨૪)** નિશીથ ઉદ્દેશા ૩ માં **अणुग्गए सूरिए** શબ્દ છે. જેનો આશય છે જે સ્થાન પર સૂર્યનો તાપ નથી આવતો એવા અયોગ્ય સ્થાનમાં મળનો ત્યાગ ન કરવો જોઈએ. ભલે રાત્રિ હોય કે દિવસ ક્યારે ય પણ એવા સ્થાન પર શૌચનિવૃત્તિ ન કરવી જોઈએ. આ અર્થ છોડીને એવો અર્થ કર્યો છે કે સૂર્યોદય પહેલા મળ-મૂત્ર નહીં પરઠવું જોઈએ. પરંતુ ભાજનમાં શોચ નિવૃત્તિ કરીને રાખી દેવું. પછી સવારે પરઠવું એવો અર્થ આગમ વિરુદ્ધ કથન છે.

આગમમાં તો એવા વર્ણનો છે કે– સાધુને રહેવાનું મકાન પરઠવાની ભૂમિવાળું હોવું જોઈએ. સાંજના સમયે રાત્રિ માટે પરઠવાની ભૂમિનું પ્રતિલેખન કરવું. રાત્રિમાં બાધા થાય તો મલ વિસર્જન કરીને પરઠવાની રીત બતાવવામાં આવી છે. માટે રાત્રિમાં મકાન બહાર ન જાવું અને ન પરઠવું, આવો અર્થ કરવો આગમ આશયથી વિરુદ્ધ જાય છે.

**(૨૫)** નિશીથ ઉદ્દેશા ૧૯માં ઔષધ સંબંધી સાત સૂત્ર છે. અંતિમ સાતમા સૂત્રમાં વિહારમાં દવા લઈ જવા સંબંધી પ્રાયશ્ચિત છે. એ જગ્યાએ પ્રયુક્ત **वियड** શબ્દના અર્થ ભાવાર્થને મદ્ય–માદક પદાર્થથી સંબંધિત કરી દીધા છે. જે જૈન શ્રમણ માટે અયોગ્ય છે. મદ્ય-માંસનું સેવન નરકનું કારણ છે અને સાધુ ઉપયોગમાં લે અને વિહારમાં રાખે અને પછી એનું લઘુ પ્રાયશ્ચિત કહેવામાં આવે એ ઉપયુક્ત નથી.

**(૨૬)** વ્યવહાર સૂત્ર ઉદ્દેશા ૨ માં શ્રમણ માટે **अट्ठजायं** વિશેષણ દીધું છે જેનો અર્થ છે 'કોઈ ઈચ્છામાં તીવ્રતાથી ઢગણ બનેલા સાધુ' પરંતુ અહીં અર્થ કરી દીધો છે કે 'ધનની ઈચ્છા કરવાવાળા સાધુ' અર્થાત્ પરિવારવાળા માટે ધનની પ્રાપ્તિની



ઈચ્છામાં તલ્લીન થયેલો ઢગણ પાગલ બનેલો સાધુ. સૂત્રમાં એવા ઢગણ સાધુની સેવા કરવાનો નિર્દેશ છે. ઢગણ સેવા વગેરેથી સંબંધિત સાધુના માટે ધન પ્રાપ્તિનો અર્થ અને વિવેચન કરવું સાઢ નથી.

**(૨૭)** વ્યવહાર સૂત્ર ઉદ્દેશા ૩ સૂત્ર ૧-૨ માં **गणधारण** નો વિષય છે, જેનો અર્થ મુખી બની વિચરણ કરવું અથવા મુખી બની વિચરણ કરવાવાળો છે. ત્યાં એના માટે યોગ્ય હોવાનું પણ કહ્યું છે. સાથે જ આજ્ઞા લઈને વિચરણ કરવાનું કહ્યું છે. વગર આજ્ઞાએ વિચરણ કરવાનો નિષેધ કર્યો છે અને તેનું પ્રાયશ્ચિત પણ કહ્યું છે. આનો અર્થ વ્યાખ્યાકારોએ આચાર્ય બનવું, ગણી યા ગચ્છાધિપતિ બનવાથી જોડી દીધો છે તે ઉપયુક્ત નથી. કેમ કે આચાર્ય, ઉપાધ્યાય વગેરેની યોગ્યતા, ગુણ, શ્રુત વગેરેના કથન આ સૂત્રના આગળના સૂત્રમાં જ છે.

**(૨૮)** વ્યવહાર સૂત્ર ઉદ્દેશા ૯ માં **सोंडिय शाला** શબ્દ છે. જેમાં શ્રમણનો ગોચરી જવાનો પ્રસંગ છે. જેનો અર્થ થાય છે– 'ખાવાની સામગ્રી' અથવા 'મિષ્ટાન્ન સામગ્રી'. એવો અર્થ ન કરીને મદિરા શાળા અર્થ વિવેચનમાં કરી દીધો છે. જ્યારે મદિરા શાળામાં સાધુને જવાનો પ્રસંગ થતો જ નથી.

**(૨૯)** વ્યવહાર સૂત્ર ઉદ્દેશા ૧૦માં શ્રમણોના અધ્યયન સંબંધી વર્ણન દીક્ષા પર્યાયના વર્ષો સાથે જોડીને કહેવામાં આવ્યું છે. તેનો એવો અર્થ કરી દીધો કે આટલા વરસ પહેલા તે સૂત્રો ભણાવવા જ નહીં. આવો અર્થ આગમના આશયથી વિપરીત જાય છે, કારણ કે આ જ વ્યવહાર સૂત્રમાં ત્રણ વરસની દીક્ષાવાળા સાધુને બહુશ્રુત હોવાથી અને આચારાંગ અને નિશીથ સૂત્રને અર્થ સહિત ધારણ કરવાવાળો હોવાથી તેમને ઉપાધ્યાયની પદવી આપવાનું વિધાન કર્યુ છે. મતલબ એ થયો કે ત્રણ વરસવાળો સાધુ ઉપાધ્યાય બનવાની યોગ્યતા જેટલા શાસ્ત્રો ભણીને પૂર્ણ કરી શકે છે. માટે ત્રણ વરસની દીક્ષા પર્યાય પહેલાં સાધુને શાસ્ત્ર ભણાવવું જ નહીં એવો અર્થ કરવો શાસ્ત્રકારના આશયથી તદ્દન વિપરીત છે.

**(૩૦)** વ્યવહાર ઉદ્દેશા ૩માં 'નિરુદ્ધ પરિયાયે અને નિરુદ્ધવાસ પરિયાયે' શબ્દ છે. જેનો સીધો અને સાચો અર્થ ક્રમથી આ છે કે (૧) અત્યલ્પ = સર્વથી ઓછી દીક્ષા પર્યાય (એક દિવસ) (૨) અલ્પ વરસ દીક્ષા પર્યાય = ત્રણ વરસથી ઓછી દીક્ષાવાળાને કોઈ ખાસ સંજોગોમાં આચાર્ય ઉપાધ્યાય પદવી દેવામાં આવી શકે. આવો સાચો અને સીધો અર્થ છોડીને ટીકાકારે એમ અર્થ કર્યો છે કે– કોઈ સાધુના પરિવારવાળાઓ જોર જબરીથી તેમને દીક્ષા છોડાવીને ઘેર લઈ ગયા પછી એની બીજી દીક્ષા થવાથી ઓછી દીક્ષા પર્યાયવાળો થઈ ગયો. તેમને આચાર્ય પદ દઈ શકાય એવું કથન માત્ર કલ્પના રૂપ છે. એ સૂત્રના પાઠથી પણ વિરુદ્ધ છે. કારણ કે તે સૂત્રમાં એ સાધુના પરિવારના ઘણા વખાણ કરવામાં આવ્યા છે. જેમાં તે પરિવાર વાળાઓને મહાધર્મિષ્ટ અને ધર્મ પ્રત્યે તેમની ઘણી નિષ્ઠા બતાવી છે.

તેઓના માટે આચાર્ય યોગ્ય સાધુને દીક્ષા છોડાવીને લઈ જવાની કલ્પના પણ ન કરી શકાય.

આ દસ પોઈન્ટમાં છેદ સૂત્રો સંબંધી કથન છે એની વિશેષ માહિતી માટે તે તે શાસ્ત્રોનું વિવેચન જોવું જોઈએ. આ દસ પોઈન્ટ બાબતમાં નિર્યુક્તિકાર, ભાષ્યકાર, ચૂર્ણિકાર અને ટીકાકાર બધા જોડાયેલા છે. બીજા પણ ઘણા સૂત્રોની વ્યાખ્યાઓમાં એવી કેટલીક ભૂલો છે તે બધીનું કથનનો અહીં વિસ્તાર ન કરતા કેટલીક બતાવી છે. તટસ્થ ભાવથી સમજવા માટે આટલી પણ બહુ છે.

**સાર :–** કહેવાનો મતલબ એ છે કે છદ્મસ્થની ભૂલ થવાની શક્યતા રહ્યા જ કરે છે. માટે કોઈને પોતાને માટે કે બીજા કોઈપણ વિદ્વાનને માટે કોઈપણ પ્રકારના અભિમાનનો આગ્રહ કે દૂરાગ્રહ ન કરતાં પોતાના ભેજામાં શાસ્ત્રની મુખ્યતાથી ચિંતન, મનન અને નિર્ણય કરવાની જગ્યા રાખવી જોઈએ. જિજ્ઞાસા ભાવથી સત્ય ખોજવાની લગન રાખવી જોઈએ. બધા ચિંતનો, પ્રયત્નો, નિષ્કર્ષો ને આગમની કસોટી એ કસવાની બુદ્ધિ રાખવી જોઈએ.

સાચું ખોટું જે કોઈ પણ અર્થ કે પરંપરા હોય તેને આગ્રહ રાખી માનતા જ રહેવું. પૂર્વાચાર્યોના નામથી આંખો મીંચીને ધકાવતા જ રહેવું એ ઠીક નથી અને શાસ્ત્રની ઉપેક્ષા કરી સ્વછંદ બુદ્ધિએ કોઈ પણ નિર્ણય લઈ પ્રઢપણા કરવી એ પણ ઠીક નથી.

આગમ અને આગમના આશયો એ જ સર્વોપર મહત્વશીલ છે. પરંપરાઓ અને પૂર્વાચાર્યોના નામથી આગમ આશયની ઉપેક્ષા ન કરવી જઈએ અને જે પરંપરાને આગમનો કોઈ પણ આધાર કે બળ ન મળે તેનો દૂરાગ્રહ કે હઠાગ્રહ ન રાખવો જોઈએ. આગમ લક્ષ્યવાળા ચિંતનને માન આપવું જોઈએ. કોઈ પણ ભૂલ હોય, કોઈની પણ ભૂલ હોય, તેને સુધારવામાં પૂર્વાગ્રહ ન રાખવો જોઈએ; આ જ આ નિબંધનો અભિપ્રાય છે.

તે સિવાય કોઈપણ આચાર્યોની આશાતાનાનો અભિપ્રાય નથી પરંતુ આચાર્યોના નામે કે પરંપરાના નામે આગમ આશય કે તાત્પર્યની થતી આશાતના અથવા ઉપેક્ષાના ભાવો ઉપર પ્રભાવ પડે અને જ્ઞાની કહેવાતા સાધકો નાસમજીએ શાસ્ત્રની આશાતનાથી અને શ્રુતજ્ઞાનની આશાતનાથી બચે; એ જ મૂળ ઉદ્દેશ્ય છે. છતાં પણ કોઈ સ્વ અવિવેકના કારણે આ નિબંધનો ઉલટો અર્થ કરી લેખકને પૂર્વાચાર્યોની આશાતના કરનાર માનવાની પરિણતિ કરે તો એ તેના પોતાના ક્ષયોપશમની વિચિત્રતા જ સમજવી. **सुज्ञेषु किं बहुना........**

**॥ જીવાભિગમ સૂત્ર પરિશિષ્ટ સંપૂર્ણ ॥**



# પ્રજ્ઞાપના સૂત્ર

## પ્રસ્તાવના

**સૂત્ર પરિચય :–** જૈન આગમ સાહિત્યના અંગ પ્રવિષ્ટ અને અંગ બાહ્ય તે બે મુખ્ય વિભાગ છે. ઉપલબ્ધ અંગ પ્રવિષ્ટ આગમોમાં જેમ ભગવતી સૂત્ર વિશાળ કાય સૂત્ર છે અને તેનું મહત્વપૂર્ણ સ્થાન છે, તે જ રીતે અંગ બાહ્ય આગમોમાં પ્રજ્ઞાપના સૂત્ર પણ વિશાળકાય સૂત્ર છે અને જૈન સિદ્ધાંતના મહત્ત્વપૂર્ણ વિષયોનું તેમાં સાંગોપાંગ સંકલન હોવાથી તેનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

આ સૂત્રમાં પ્રજ્ઞાપના = વિશેષ રૂપે વિશ્લેષણ પૂર્વક વિભિન્ન તત્ત્વોનું જ્ઞાપન– બોધ છે, તેથી તેનું પ્રજ્ઞાપના એ સાર્થક નામ છે. આગમોમાં તેના માટે **पण्णवणाए भगवईए** ઈત્યાદિ શબ્દો પ્રયુક્ત છે, તે શબ્દપ્રયોગ તેની મહત્તાને સૂચિત કરે છે.

જીવાજીવાભિગમ સૂત્રમાં પણ તત્ત્વનું વર્ણન છે. તેમાં જીવોના શરીર અવગાહના, લેશ્યા, દષ્ટિ આદિ જીવ પર્યાયોના ઉલ્લેખ એક જ પ્રકરણમાં છે, પરંતુ આ સૂત્રમાં પ્રત્યેક વિષયો પર એક-એક સ્વતંત્ર પ્રકરણ છે અને તેમાં તેનું સાગોપાંગ વિસ્તૃત વિવેચન છે.

**રચના કર્તા :–** જૈન ઈતિહાસમાં ત્રણ કાલકાચાર્યનું વર્ણન છે. તેમાં પહેલા, બીજા કાલકાચાર્યનો સમય બારમી, તેરમી, પાટની આસપાસનો છે અને ત્રીજા કાલકાચાર્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમકાલીન છે. પાટ પરંપરા અનુસાર તેનો સમય તેત્રીસ-ચોત્રીસમી પાટની આસપાસનો છે.

કેટલાક પ્રાચીન ગ્રંથોમાં પ્રજ્ઞાપના સૂત્રની રચના સંબંધી ઉલ્લેખ છે. તેમાં ત્રેવીસમા ધીરપુઢષ શ્રી શ્યામાચાર્યે પૂર્વજ્ઞાનના આધારે શ્રી પ્રજ્ઞાપના સૂત્રનું ઉદ્ધૃત કર્યું, તે પ્રમાણે કથન છે.

ઉપરોક્ત ત્રણે કાલકાચાર્યમાં ત્રેવીસમી પાટની આસપાસ કોઈ કાલકાચાર્ય પ્રસિદ્ધ નથી. તેથી તેમ અનુમાન કરી શકાય કે 'તેત્રીસ' શબ્દ લિપિ દોષથી 'ત્રેવીસ'માં પરિવર્તન પામ્યો હોય.

આ રીતે શ્રી પ્રજ્ઞાપના સૂત્રની રચના લગભગ તેત્રીસમી પાટે બિરાજ-માન કાલકાચાર્ય શ્યામચાર્યે શ્રી દેવર્દ્ધિગણિક્ષમા શ્રમણના કાલમાં કરી હોય. નંદીસૂત્રની જેમ પ્રજ્ઞાપના આદિ અંગબાહ્ય સૂત્રોની રચના પણ આગમ લેખન કાલની આસપાસ થઈ હોય તેમ માનવું વધુ સુસંગત છે.

**ઉપાંગ :–** અંગ બાહ્ય સૂત્ર તરીકે પ્રસિદ્ધ પ્રજ્ઞાપના સૂત્ર ચોથું ઉપાંગ સૂત્ર આવે

છે અને સમવાયાંગ સૂત્રની સાથે તેનો સંબંધ જોડવામાં આવે છે, જે એક કલ્પના માત્ર છે. આ વિષયક ખુલાસો સારાંશ ભાગ–૭માં ઔપપાતિક સૂત્રના પ્રારંભમાં કર્યો છે.

**વિષય બોધ :–** પ્રજ્ઞાપના સૂત્રમાં એક શ્રુતસ્કંધ છે. તેમાં ૩૬ પદ છે, જે અધ્યયન રૂપ છે. એક-એક પદમાં પ્રાયઃ એક જ વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ સંપૂર્ણ શાસ્ત્ર તત્ત્વજ્ઞાન પ્રધાન છે. ધર્મકથા કે આચાર વર્ણન એમાં નથી.

આ સૂત્રમાં જીવ અજીવ તત્ત્વથી પ્રજ્ઞાપના પ્રારંભ થઈને અંતે છત્રીસમાં સમુદ્‌ઘાત પદથી કેવળી સમુદ્‌ઘાત, યોગ–નિરોધ, શૈલેશી અવસ્થા, મોક્ષ ગમન, એવી સિદ્ધ અવસ્થાના સ્વરૂપથી મોક્ષ તત્ત્વનું કથન કર્યું છે.

**સૂત્ર પરિણામ :–** આ સૂત્ર ગૂઢતમ વિષયોના ભંડાર રૂપ મહાશાસ્ત્ર છે. પ્રારંભિક તાત્ત્વિક કંઠસ્થ જ્ઞાન અને અનુભવ વિના સાધકોને પણ આ સૂત્રમાં ગતિ પામવી અત્યંત કઠિન છે. આ મહાશાસ્ત્ર ૭૮૮૭ શ્લોકના પરિમાણ રૂપે માનવામાં આવેલ છે, આ સૂત્રમાં વર્ણિત વિષયોનું અત્યંત મહત્વ છે. કારણ કે ૧, ૨, ૫, ૬, ૧૧, ૧૫, ૧૭, ૨૪, ૨૫, ૨૬, ૨૭ આ અગિયાર પદોનો અતિદેશ (ભલામણ) ભગવતી સૂત્ર નામક અંગ સૂત્રમાં કરવામાં આવ્યો છે.

**ઉપલબ્ધ સાહિત્ય :–** આ સૂત્ર પર આચાર્ય હરિભદ્રસૂરિ આદિ પૂર્વાચાર્યોની અનેક વ્યાખ્યાઓ ઉપલબ્ધ છે. જે અપ્રકાશિત પ્રચીન ભંડારોમાં ઉપલબ્ધ છે. આચાર્ય મલયગિરિ રચિત ટીકા અને તેના અનુવાદ વર્તમાને પ્રકાશિત ઉપલબ્ધ છે. અનેક સ્થાનોથી આ સૂત્રનો કેવલ મૂળપાઠ પ્રકાશિત થયો છે. જેમ કે ગુડગાંવ, મુંબઈ, લાડનું, સૈલાના વગેરે. આચાર્યશ્રી અમોલખ ઋષિજી દ્વારા સંપાદિત અનુવાદ સહિત પ્રજ્ઞાપના સૂત્ર પણ ઉપલબ્ધ છે. આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સ. દ્વારા રચિત સંસ્કૃત ટીકા, હિન્દી અને ગુજરાતી અનુવાદ સહિત પ્રકાશિત છે. બ્યાવરમાંથી ત્રણ ભાગોમાં વિવેચન યુક્ત આ સૂત્ર આગમ પ્રકાશન સમિતિના તત્ત્વાધાનમાં પ્રકાશિત થયો છે. જેમના કુશળ સંપાદક, પૂ. આચાર્ય શ્રી આત્મરામજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્ય રત્નશ્રી જ્ઞાન મુનિજી મ.સા. છે, તેને આધારભૂત રાખીને આ સારાંશ અનેક તાલિકાઓની સાથે તૈયાર કર્યો છે. આ કારણે સ્વાધ્યાય પ્રેમી બાલ, યુવા, પ્રૌઢ સાધુ અને શ્રાવક સમાજને આ સારાંશ પ્રાવધાન અત્યધિક લાભદાયી અને સંતોષપ્રદ થશે.

**આગમ મનીષી**
**ત્રિલોક મુનિ**



## પ્રજ્ઞાપના સૂત્ર : વિષયાનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ટ | ક્રમ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | જીવ અજીવના ભેદ-પ્રભેદ | ૭૯ | ૧૯ | દષ્ટિ | ૧૭૩ |
| ૨ | જીવોના સ્થાન નિવાસ | ૯૨ | ૨૦ | અંતકિરિયા, પદવી અને રત્ન | ૧૭૪ |
| ૩ | ૨૭ દ્વારોથી અલ્પબહુત્વ | ૯૬ | ૨૧ | અવગાહના–સંસ્થાન | ૧૭૭ |
| ૪ | જીવોની સ્થિતિ-ઉંમર | ૧૦૩ | ૨૨ | ૫+૫ ક્રિયાઓની વક્તવ્યતા | ૧૮૧ |
| ૫ | જીવ અજીવની પર્યાય–સંખ્યામાં | ૧૦૫ | ૨૩ | કર્મ પ્રકૃતિ અને બંધ સ્થિતિ | ૧૮૭ |
| ૬ | ગતાગત અને વિરહકાળ આદિ | ૧૧૭ | ૨૪ | કર્મ બાંધતો બાંધે | ૧૯૯ |
| ૭ | ✓ાસોચ્છ્વાસ | ૧૨૨ | ૨૫ | કર્મ બાંધતો વેદે | ૨૦૦ |
| ૮ | સંજ્ઞાના દશ પ્રકાર | ૧૨૬ | ૨૬ | કર્મ વેદતો બાંધે | ૨૦૧ |
| ૯ | યોનિ | ૧૨૭ | ૨૭ | કર્મ વેદતો વેદે | ૨૦૨ |
| ૧૦ | ચરમ-અચરમ, દ્રવ્ય-પ્રદેશ | ૧૨૯ | ૨૮ | આહારક-અનાહારક | ૨૦૩ |
| ૧૧ | ભાષા | ૧૩૮ | ૨૯ | ઉપયોગ | ૨૦૮ |
| ૧૨ | બદ્ધ-મુક્ત શરીર સંખ્યા | ૧૪૪ | ૩૦ | પશ્યતા | ૨૦૯ |
| ૧૩ | જીવ-અજીવના પરિણામ | ૧૫૧ | ૩૧ | સંજ્ઞી-અસંજ્ઞી | ૨૧૦ |
| ૧૪ | કષાયોના વિવિધ ભેદ-ભંગ | ૧૫૩ | ૩૨ | સંયત | ૨૧૦ |
| ૧૫ | દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય આદિ | ૧૫૫ | ૩૩ | અવધિ | ૨૧૦ |
| ૧૬ | પ્રયોગ (યોગ ૧૫) | ૧૬૧ | ૩૪ | પરિચારણા | ૨૧૧ |
| ૧૭ | લેશ્યાઓના વિવિધ જ્ઞાન | ૧૬૫ | ૩૫ | વેદના | ૨૧૩ |
| ૧૮ | કાયસ્થિતિ | ૧૭૧ | ૩૬ | સમુદ્‌ઘાત | ૨૧૪ |

# પ્રજ્ઞાપના સૂત્રનો સારાંશ

## પ્રથમ : પ્રજ્ઞાપના પદ

**જીવના ૫૬૩ ભેદ :–**

નારકીના–૧૪, તિર્યંચના–૪૮, મનુષ્યના–૩૦૩, દેવના–૧૯૮ ભેદ છે.

**નારકીના ૧૪ ભેદ :–** સાત નારકીના પર્યાપ્તા અને અપર્યાપ્તા.

**તિર્યંચના– ૪૮ ભેદ :–** પૃથ્વીકાયના ચાર ભેદ છે– (૧) સૂક્ષ્મના અપર્યાપ્ત, (૨) સૂક્ષ્મના પર્યાપ્ત, (૩) બાદરના અપર્યાપ્ત, (૪) બાદરના પર્યાપ્ત. આ રીતે અપ્કાયના ચાર, તેઉકાયના ચાર, વાયુકાયના ચાર ભેદ છે. વનસ્પતિકાયના છ ભેદ છે– ૧ સૂક્ષ્મ, ૨ પ્રત્યેક, ૩ સાધારણ. આ ત્રણના અપર્યાપ્ત અને પર્યાપ્ત. આ રીતે એકેન્દ્રિયના કુલ ૪+૪+૪+૪+૬ = ૨૨ ભેદ થાય.

બેઈન્દ્રિયના બે ભેદ છે– (૧) અપર્યાપ્ત (૨) પર્યાપ્ત. તે જ રીતે તેઈન્દ્રિયના અને ચૌરેન્દ્રિયના બે-બે ભેદ છે. આ રીતે વિકલેન્દ્રિયના કુલ ૨+૨+૨ = ૬ ભેદ છે.

પંચેન્દ્રિય તિર્યંચના વીસ ભેદ છે. પંચેન્દ્રિય તિર્યંચના મૂળ પાંચ પ્રકાર છે– (૧) જળચર (૨) સ્થળચર (૩) ખેચર (૪) ઉરપરિસર્પ (૫) ભુજપરિસર્પ. પ્રત્યેકના ચાર-ચાર ભેદ છે. (૧) અસંજ્ઞી અપર્યાપ્ત (૨) અસંજ્ઞી પર્યાપ્ત (૩) સંજ્ઞી અપર્યાપ્ત (૪) સંજ્ઞી પર્યાપ્ત. આ કુલ ૫×૪ = ૨૦ ભેદ પંચેન્દ્રિય તિર્યંચના થાય. સર્વ મળીને ૨૨+૬+૨૦ = ૪૮ ભેદ તિર્યંચના થાય.

**મનુષ્યના ૩૦૩ ભેદ :–** ૫ ભરત, ૫ ઐરવત, ૫ મહાવિદેહ, એ પંદર કર્મભૂમિના ક્ષેત્ર છે. ૫ દેવકુરુ, ૫ ઉત્તરકુરુ, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્વર્ષ, ૫ હેમવત, ૫ હેરણ્યવત, આ ૩૦ અકર્મભૂમિના ક્ષેત્ર છે. ૫૬ અંતરદ્વીપના ક્ષેત્ર છે. આ કુલ ૧૫+૩૦+૫૬ = ૧૦૧ મનુષ્ય ક્ષેત્ર છે. તેમાં રહેનારા મનુષ્યના ૧૦૧ ભેદ છે. તેના ત્રણ-ત્રણ ભેદ છે– (૧) અસંજ્ઞી અપર્યાપ્ત (સંમૂર્ચ્છિમ મનુષ્ય), (૨) સંજ્ઞી અપર્યાપ્ત, (૩) સંજ્ઞી પર્યાપ્ત. કુલ ૧૦૧×૩ = ૩૦૩ મનુષ્યના ભેદ થાય. સંમૂર્ચ્છિમ મનુષ્ય પર્યાપ્ત થતા નથી, અપર્યાપ્તાવસ્થામાં જ મૃત્યુ પામે છે.

જંબૂદ્વીપમાં એક ભરત, એક ઐરવત અને એક મહાવિદેહ તેમ ૩ કર્મભૂમિના ક્ષેત્રો અને એક હેમવત, એક ઐરણ્યવત, એક હરિવર્ષ, એક રમ્યક્વર્ષ, એક દેવકુરુ અને એક ઉત્તરકુરુ તે છ અકર્મભૂમિના ક્ષેત્રો છે. ધાતકીખંડ અને પુષ્કરાર્ધ દ્વીપમાં દરેક ક્ષેત્રો બે-બે છે.

આ રીતે ત્યાં છ-છ કર્મભૂમિના ક્ષેત્રો, બાર-બાર અકર્મભૂમિના ક્ષેત્રો છે.



**કર્મભૂમિ–અકર્મભૂમિના ક્ષેત્રોનું વિભાજન :–**

| ક્ષેત્ર | કર્મભૂમિ ક્ષેત્ર | અકર્મભૂમિ ક્ષેત્ર | કુલ |
|---|---|---|---|
| જંબૂદ્વીપમાં | ૩ | ૬ | ૯ |
| ધાતકીખંડમાં | ૬ | ૧૨ | ૧૮ |
| પુષ્કરાર્ધ દ્વીપમાં | ૬ | ૧૨ | ૧૮ |
| | | | ૪૫ |

અંતરદ્વીપના ૫૬ ક્ષેત્ર લવણ સમુદ્રમાં છે. તેનું વર્ણન જીવાભિગમ સૂત્રના સારાંશમાં(આ જ ખંડમાં) છે. ભરત વગેરે ક્ષેત્રોનું વર્ણન જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર સારાંશમાં છે.

**દેવના ૧૯૮ ભેદ :–** દેવોના મુખ્ય ચાર ભેદ છે. યથા– ૧ ભવનપતિ દેવ, ૨ વાણવ્યંતર દેવ, ૩ જ્યોતિષી દેવ, ૪ વૈમાનિક દેવ. તેમાં ભવનપતિના ૨૫, વાણવ્યંતરના ૨૬, જ્યોતિષીના ૧૦, વૈમાનિકના ૩૮ સર્વ મળીને ૨૫+૨૬+૧૦ + ૩૮ = ૯૯ ભેદ થાય, તેના અપર્યાપ્ત અને પર્યાપ્ત બે-બે ભેદ છે. તેથી કુલ ૯૯×૨ = ૧૯૮ ભેદ દેવના થાય.

**૨૫ ભવનપતિના નામ :– દશ ભવનપતિ** (૧) અસુર કુમાર (૨) નાગ કુમાર (૩) સુવર્ણ કુમાર (૪) વિદ્યુત કુમાર (૫) અગ્નિ કુમાર (૬) ઉદધિ કુમાર (૭) દ્વીપ કુમાર (૮) દિશા કુમાર (૯) પવન કુમાર (૧૦) સ્તનિત કુમાર.

**પંદર પરમાધામી દેવ :–** આ અસુરકુમાર જાતિના દેવ છે. તે નરકમાં નારકી જીવોને દુઃખ આપે છે. પરમ અધર્મી અને ક્રૂર હોય છે. તેથી તેઓ પરમાધાર્મિકદેવ કહેવાય છે. તેના નામ આ પ્રમાણે છે– (૧) અંબ (૨) અંબરીષ (૩) શ્યામ (૪) શબલ (૫) રૌદ્ર (૬) મહા રૌદ્ર (૭) કાળ (૮) મહાકાળ (૯) અસિપત્ર (૧૦) ધનુષ (૧૧) કુંભ (૧૨) વાલુકા (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર (૧૫) મહાઘોષ ૧૦+૧૫ = ૨૫ ભેદ ભવનપતિના થાય છે.

**૨૬ વાણવ્યંતર :– પિશાચ આદિ આઠ–** (૧) કિન્નર (૨) કિં પુરુષ (૩) મહોરગ (૪) ગંધર્વ (૫) યક્ષ (૬) રાક્ષસ (૭) ભૂત (૮) પિશાચ. **આણપન્ને આદિ આઠ–** (૧) આણપન્ને (૨) પાણપન્ને (૩) ઈસિવાઈ (૪) ભૂયવાઈ (૫) કંદે (૬) મહાકંદે (૭) કુહંડે (૮) પયંગ દેવ. **જૃંભક દસ–** (૧) અન્ન જૃંભક (૨) પાણ જૃંભક (૩) લયણ જૃંભક (૪) શયન જૃંભક (૫) વસ્ત્ર જૃંભક (૬) ફળ જૃંભક (૭) પુષ્પ જૃંભક (૮) ફળ-પુષ્પ જૃંભક (૯) વિદ્યા જૃંભક (૧૦) અગ્નિ જૃંભક. આ કુલ રીતે ૮+૮+૧૦ = ૨૬ ભેદ વાણવ્યંતરના થાય.

**૧૦ જ્યોતિષી :–** તેના પાંચ પ્રકાર છે– (૧) ચન્દ્ર (૨) સૂર્ય (૩) ગ્રહ (૪) નક્ષત્ર (૫) તારા. પ્રત્યેકના બે-બે ભેદ છે (૧) ચલ (૨) સ્થિર. કુલ ૫×૨ = ૧૦

ભેદ છે. અઢીદ્વીપમાં જ્યોતિષી દેવો ચલ છે અને અઢીદ્વીપની બહાર સ્થિર છે.

**૩૮ વૈમાનિક :–** ૧૨ દેવલોક, ૩ કિલ્વિષી, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન.

**૧૨ દેવલોક :–** (૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાન્તક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) આણત (૧૦) પ્રાણત (૧૧) આરણ (૧૨) અચ્યુત.

**કિલ્વિષી :–** (૧) ત્રણ પલ્યોપમવાળા (૨) ત્રણ સાગરોપમવાળા (૩) તેર સાગરોપમવાળા.

**લોકાંતિક :–** (૧) સારસ્વત (૨) આદિત્ય (૩) વહ્નિ (૪) વરુણ (૫) ગર્દતોય (૬) તુષિત (૭) અવ્યાબાધ (૮) આગ્નેય(મરુત) (૯) અરિષ્ટ.

**૯ ગ્રૈવેયક :–** (૧) ભદ્ર (૨) સુભદ્ર (૩) સુજાત (૪) સુમનસ (૫) સુદર્શન (૬) પ્રિય દર્શન (૭) આમોઘ (૮) સુપ્રતિબદ્ધ (૯) યશોધર.

**૫ અનુત્તર વિમાન :–** (૧) વિજય (૨) વૈજયંત (૩) જયંત (૪) અપરાજિત (૫) સર્વાર્થ સિદ્ધ.

**નોંધ :–** શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં ભવનપતિના અસુરાદિ દસ અને વાણવ્યંતરના પિશાચાદિ આઠ ભેદ છે. પંદર પરમાધામી, આઠ આણપન્ને આદિ, ૧૦ જૃંભક, ૯ લોકાંતિક, ૩ કિલ્વિષી વગેરેના નામ અને ભેદ નથી, અન્ય સૂત્રોમાંથી ગ્રહણ કરીને અહીં એક સાથે સંકલિત કર્યા છે.

**સિદ્ધોના પંદર પ્રકાર :–**

**(૧) તીર્થ સિદ્ધ :–** તીર્થંકર ભગવાન ચાર તીર્થની સ્થાપના કરે, ત્યારે તીર્થ પ્રવર્તન થાય છે. એ તીર્થ પ્રવર્તન કાળમાં જે સિદ્ધ થાય તે તીર્થ સિદ્ધ કહેવાય છે. ગણધર આદિ શ્રમણો તીર્થ સિદ્ધ છે.

**(૨) અતીર્થ સિદ્ધ :–** તીર્થ પ્રવર્તન પહેલાં જે સિદ્ધ થાય છે અથવા તીર્થ વિચ્છેદ થયા પછી જે સિદ્ધ થાય, તે અતીર્થ સિદ્ધ છે અર્થાત્ જ્યારે કોઈ તીર્થંકરના શાસનમાં શ્રુત વિચ્છેદ થઈ જાય અથવા શ્રમણ શ્રમણીઓનો વિચ્છેદ થઈ જાય; ત્યારપછી સ્વતઃ જ્ઞાન પ્રાપ્ત કરીને જે સિદ્ધ થાય તે અતીર્થ સિદ્ધ છે. આ બે ભેદોમાં સર્વે સિદ્ધોનો સમાવેશ થઈ શકે છે.

**(૩) તીર્થંકર સિદ્ધ :–** જે ચાર તીર્થની સ્થાપના કરે છે, તે તીર્થંકર છે. તીર્થંકર પણે સિદ્ધ થાય, તે તીર્થંકર સિદ્ધ કહેવાય છે. ભરત ઐરવતમાં ક્રમશઃ ૨૪-૨૪ તીર્થંકર થાય છે. એક મહાવિદેહ ક્ષેત્રમાં નિરંતર ઓછામાં ઓછા ચાર અને ઉત્કૃષ્ટ બત્રીસ તીર્થંકર હોય છે. પાંચે ય મહાવિદેહક્ષેત્રોના સર્વ મળીને ઉત્કૃષ્ટ તીર્થંકર



૩૨×૫ = ૧૬૦ તીર્થંકર હોય છે. ભરત, ઐરવતમાં એક સમયમાં એક તીર્થંકર હોય છે. પાંચ ભરત–પાંચ ઐરવતની અપેક્ષા ૫+૫ = ૧૦ હોય છે. અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિ ક્ષેત્રમાં કુલ– ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકર હોઈ શકે છે. તેમાં ૧૬૦ તીર્થંકરો મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ અને ૧૦ તીર્થંકરો ભરત-ઐરવત ક્ષેત્રની અપેક્ષાએ હોય છે. આ રીતે ૧૬૦+૧૦ = ૧૭૦ તીર્થંકર થાય છે.

**(૪) અતીર્થંકર સિદ્ધ :–** તીર્થંકરના સિવાય જે શ્રમણ-શ્રમણી કેવળી થઈને સિદ્ધ થાય તે. ગણધર આદિ સર્વે અતીર્થંકર સિદ્ધ છે.

**(૫) સ્વયં બુદ્ધ સિદ્ધ :–** જાતિ સ્મરણ જ્ઞાન અથવા અવધિજ્ઞાન દ્વારા સ્વતઃ ધર્મ બોધ પામીને સિદ્ધ થાય તે સ્વયંબુદ્ધ સિદ્ધ છે, જેમ કે તીર્થંકર.

**(૬) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ :–** કોઈ પદાર્થને, જીવને અથવા એની તે અવસ્થાને જોઈને બોધ પામીને સિદ્ધ થાય તે પ્રત્યેક બુદ્ધ સિદ્ધ છે, જેમ કે– કરકંડુ. સ્વયં બુદ્ધમાં આત્મ જ્ઞાનનું નિમિત્ત હોય છે, પ્રત્યેક બુદ્ધમાં બાહ્ય પદાર્થનું નિમિત્ત હોય છે; તે બંનેમાં એ જ અંતર છે.

**(૭) બુદ્ધ બોધિક સિદ્ધ :–** કોઈના ઉપદેશ દ્વારા બોધ પામીને જે સિદ્ધ થાય છે તે બુદ્ધ બોધિત સિદ્ધ છે. જેમ કે– મેઘકુમાર.

**(૮) સ્ત્રીલિંગ સિદ્ધ :–** સ્ત્રીના શરીરથી સિદ્ધ થાય તે સ્ત્રીલિંગ સિદ્ધ છે. જેમ કે– ચંદનબાળા. સ્ત્રીવેશ યા સ્ત્રીવેદના ઉદયની અહીં વિવક્ષા નથી, કારણ કે વેદનો ઉદય તો નવમા ગુણસ્થાન સુધી જ હોય છે. ત્યારપછી અવેદી થયા પછી સર્વે સિદ્ધ થાય છે. તે જ રીતે પુરુષના વેષ માત્રથી સિદ્ધ થવાતું નથી. અહીંયા સ્ત્રીલિંગ સિદ્ધાના કથનમાં સ્ત્રી શરીર માત્રનું પ્રયોજન છે.

**(૯) પુરુષ લિંગ સિદ્ધ :–** પુરુષના શરીરીથી સિદ્ધ થાય તે પુરુષ લિંગ સિદ્ધ છે, જેમ કે– ગૌતમાદિ.

**(૧૦) નપુંસક લિંગ સિદ્ધ :–** નુપંસકના શરીરથી સિદ્ધ થાય તે નપુંસક લિંગ સિદ્ધ છે, જેમ કે– ગાંગેય અણગાર. આ નપુંસક જન્મથી હોય છે અને કૃત્રિમ પણ હોય છે. તે બંને પ્રકારના નપુંસક સિદ્ધ થઈ શકે છે અથવા વાતિક, પંડક, કલીબ એ ત્રણ પ્રકારના નપુંસક કહેવાય છે, તેઓ પણ સિદ્ધ થઈ શકે છે. આ બધા પ્રકારના નપુંસકોનો આગમ દષ્ટિથી મુખ્ય બે ભેદોમાં સમાવેશ હોય છે– (૧) સ્ત્રી નપુંસક, (૨) પુરુષ નપુંસક. તેમાં પુરુષ નપુંસક સિદ્ધ થાય છે. સ્ત્રી નપુંસક સિદ્ધ થતા નથી. કારણ કે તેઓને સ્વભાવથી છઠ્ઠું આદિ ગુણસ્થાન પ્રાપ્ત થતા નથી, તેમ ભગવતી સૂત્ર, શતક–૨૫, ઉદ્દેશક–૬ થી સ્પષ્ટ થાય છે.

સ્ત્રી ચિહ્ન (સ્તન અને યોનિ)ની પ્રધાનતાવાળા નપુંસક 'સ્ત્રી નપુંસક' કહેવાય છે અને પુરુષ ચિહ્ન દાઢી, મૂછ જનનેન્દ્રિયની પ્રધાનતાવાળા નપુંસક 'પુરુષ નપુંસક' હોય છે.

આ બધા પ્રકારના નપુંસકોને દીક્ષા આપવાનો આગમમાં નિષેધ છે, તોપણ તે સ્વતઃ દીક્ષિત થઈને એકાકી વિચરણ કરી મોક્ષમાં જઈ શકે છે અથવા આગમ-વિહારી શ્રમણો એમને દીક્ષા આપી સ્વતંત્ર વિચરણ કરાવી શકે છે. હરિકેષી મુનિ(ચાંડાલ)ની જેમ અલગ વિચરણ કરીને સિદ્ધ થઈ શકે છે. તેનાથી નપુંસક લિંગ સિદ્ધનો ભેદ સાર્થક થાય છે.

**(૧૧) સ્વલિંગ સિદ્ધ :–** જિને✓ર ભગવંત પ્રરૂપિત જે સચેલ કે અચેલ લિંગ વેષમાં જે સિદ્ધ થાય છે તે સ્વલિંગ સિદ્ધ છે. જેમ કે– ગૌતમાદિ.

**(૧૨) અન્યલિંગ સિદ્ધ :–** પરિવ્રાજક, તાપસ વગેરે અન્ય દર્શનિઓની વેશ ભૂષામાં જે સિદ્ધ થાય છે તે અન્ય લિંગ સિદ્ધ છે અર્થાત્ પરિણામોની ધારા શુદ્ધ શુદ્ધતમ થતાં થતાં ગુણ શ્રેણીની વૃદ્ધિ કરી કોઈ જીવ અન્ય લિંગમાં સાતમા આઠમા ***યાવત્*** ૧૩મા ૧૪મા ગુણસ્થાનને પ્રાપ્ત કરી સિદ્ધ થઈ શકે છે.

**(૧૩) ગૃહસ્થ લિંગ સિદ્ધ :–** ગૃહસ્થાવસ્થામાં રહીને કોઈ જીવ ભાવ શ્રેણીની વૃદ્ધિ પામીને સંયમ અવસ્થાને પ્રાપ્ત કરે છે અને તેઓ સંપૂર્ણ કર્મ ક્ષય કરી સિદ્ધ થઈ જાય છે, તેઓ ગૃહસ્થ લિંગ સિદ્ધ છે. જેમ કે– મઢદેવા માતા.

અન્ય લિંગમાં અને ગૃહસ્થ લિંગમાં ભાવ સંયમ આવે અને જેનું આયુષ્ય અલ્પ હોય કે બીજું કોઈ કારણ હોય તો તે અન્ય લિંગમાં સિદ્ધ થાય છે. જો તેનું આયુષ્ય દીર્ઘ હોય અને બીજી કોઈ પણ પરિસ્થિતિ ન હોય તો તે પોતાના અન્ય લિંગને અને ગૃહસ્થ લિંગને છોડી સ્વલિંગ ધારણ કરીને વિચરણ કરે અને તે સ્વલિંગથી જ સિદ્ધ થાય ત્યારે તેની ગણતરી પણ સ્વલિંગ સિદ્ધમાં જ થાય છે.

**૧૪ એક સિદ્ધ :–** એકાકી સિદ્ધ થનારા. જેની સાથે કોઈ સિદ્ધ થતા નથી, તે એક સિદ્ધ છે. જેમ કે– ભગવાન મહાવીર.

**૧૫ અનેક સિદ્ધ :–** જે અનેકના સમૂહોની સાથે સંથારો કરીને સાથે આયુ સમાપ્ત થતાં સિદ્ધ થાય છે તે અનેક સિદ્ધ છે. જેમ કે– ભગવાન ઋષભદેવ.

### અજીવના ૫૬૦ ભેદ :–

અરૂપી અજીવના ૩૦ અને રૂપી અજીવના ૫૩૦ ભેદ છે. ધર્માસ્તિકાય આદિ ચાર અરૂપી અજીવના સ્કંધાદિ કુલ ૧૦ ભેદ છે. જેમ કે ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ; અધર્માસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ; આકાશાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ; એ નવ અને દસમો કાલ અને આ ચારે અજીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણ એમ ૫-૫ પ્રકાર હોવાથી ૪×૫ = ૨૦ ભેદ થાય છે. આ બધા મળીને કુલ ૧૦+૨૦ = ૩૦ ભેદ થાય.

### રૂપી અજીવ(પુદ્ગલ)ના ૫૩૦ ભેદ :–

**મૂળ ભેદ ૫ વર્ણ–** ૧ કાળો, ૨ નીલો, ૩ લાલ, ૪ પીળો, ૫ સફેદ.



**૨ ગંધ–** ૧ સુગંધ, ૨ દુર્ગંધ. **૫ રસ–** ૧ તીખો, ૨ કડવો, ૩ કષાયેલો, ૪ ખાટો, ૫ મીઠો (ગળ્યો). **૮ સ્પર્શ–** ૧ ખરસટ, ૨ કોમળ, ૩ હલકો, ૪ ભારે, ૫ ઠંડો, ૬ ગરમ, ૭ ઢક્ષ (લુખ્ખો), ૮ (સ્નિગ્ધ) ચીકણો. **૫ સંસ્થાન–** ૧ વૃત્ત, ૨ પરિમંડળ ૩ ત્રિકોણ, ૪ ચોખૂણ (ચોરસ), ૫ આયત. આ મૂળ ૨૫ ભેદ છે, એના ઉત્તર ભેદ ૫૩૦ છે, તે આ પ્રમાણે છે–

**વર્ણના ૧૦૦ ભેદ :–** કાળા વર્ણ(રંગ)ના પુદ્ગલ ૨૦ પ્રકારના હોય છે અર્થાત્ તેમાં શેષ ચાર વર્ણ નથી હોતા અને ૫ રસ, ૮ સ્પર્શ, ૨ ગંધ, ૫ સંસ્થાન હોય છે. તે સર્વ મળીને કુલ ૨+૫+૮+૫ = ૨૦ વીસ પ્રકાર થાય. એવી રીતે નીલા વર્ણ વગેરેના પણ ૨૦-૨૦ પ્રકાર છે. કુલ મળીને ૫ વર્ણોના ૫×૨૦=૧૦૦ પ્રકાર છે.

**ગંધના ૨૬ ભેદ :–** ૨ ગંધના વર્ણાદિ ૨૩-૨૩ (૫ વર્ણ, ૫ રસ, ૮ સ્પર્શ, ૫ સંસ્થાન) ભેદ હોવાથી ૨૩×૨ = ૪૬ ભેદ થયા.

**રસના ૧૦૦ ભેદ :–** ૫ રસના, ૨૦-૨૦ ભેદ (૫ વર્ણ, ૨ ગંધ, ૮ સ્પર્શ, ૫ સંસ્થાન) હોવાથી ૨૦×૫ = ૧૦૦ ભેદ થયા.

**સ્પર્શના ૧૮૪ ભેદ :–** ૮ સ્પર્શના ૨૩-૨૩ ભેદ (૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૬ સ્પર્શ, ૫ સંસ્થાન) થવાથી ૨૩×૮ = ૧૮૪ ભેદ થયા. અહીં સ્વયંને અને પ્રતિ પક્ષી સ્પર્શને એમ બે સ્પર્શને છોડીને ૬ ગણ્યા છે.

**સંસ્થાનના ૧૦૦ ભેદ :–** ૫ સંસ્થાનના ૨૦-૨૦ ભેદ (૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ) હોવાથી ૨૦×૫ = ૧૦૦ ભેદ થયા.

**૫૩૦ નો યોગ :–** વર્ણના ૧૦૦, ગંધના ૪૬, રસના ૧૦૦, સ્પર્શના ૧૮૪, સંસ્થાનના ૧૦૦ મળીને કુલ ૧૦૦+૪૬+૧૦૦+૧૮૪+૧૦૦=૫૩૦ ભેદ રૂપી અજીવના હોય છે.

**ભેદ સંખ્યા વિચારણા :–** ૫૩૦ રૂપી + ૩૦ અરૂપી = ૫૬૦ કુલ અજીવના ભેદ થયા. આ ૫૬૩ જીવના અને ૫૬૦ અજીવના ભેદની સંખ્યા આગમોમાંથી ભેદોને સંકલિત કરી કહેવાની પરંપરા છે. મૌલિક આગમોમાં જ્યાં ત્યાં વિભિન્ન અપેક્ષાએ ભેદ-પ્રભેદ અને વર્ણન તો છે, પરંતુ ૫૬૩ અને ૫૬૦ની સંખ્યાની નિર્ધારણા કોઈ પણ આગમમાં નથી. તો પણ આ સંખ્યા આગમ સાપેક્ષ છે આગમ નિરપેક્ષ નથી, એવું કહી શકાય છે.

એવી રીતે ૨૫ ભવનપતિ ૨૬ વ્યંતર ૩૮ વૈમાનિકની સંખ્યાઓના વિષયમાં સમજવું. કારણ કે ૯ લોકાંતિક, ૧૫ પરમાધામી ૧૦ જૃંભક ૩ કિલ્વિષી આદિ ભેદ પ્રસ્તુત સૂત્રમાં નથી બતાવ્યા, ભગવતી સૂત્ર આદિમાં તે ભેદ વર્ણિત છે.

**સૂક્ષ્મ બાદર :–** સૂક્ષ્મ અને બાદર નામ કર્મના ઉદયથી જીવ સૂક્ષ્મ અને બાદર હોય છે. સૂક્ષ્મમાં ૫ સ્થાવર છે. એ ચર્મ ચક્ષુથી જોઈ શકાતા નથી પરંતુ સંપૂર્ણ

લોકમાં ઠસાઠસ ભરેલ છે. એની ગતિ સ્થૂળ પુદ્ગલો એવં ઔદારિક શરીર તથા શસ્ત્રાદિથી અપ્રતિહત છે. આ સૂત્રના બીજા પદમાં અને ઉત્તરાધ્યયન સૂત્રમાં આ સૂક્ષ્મ જીવો સર્વ લોકમાં હોવાનું કહેવાયું છે. બાદર જીવ ૫ સ્થાવર રૂપ અને ત્રસકાય રૂપ બંને પ્રકારના હોય છે. એનું શરીર સ્થૂળ હોય છે. શસ્ત્ર આદિથી એ પ્રતિહત થાય છે. બાદરના એ સ્થાવર અને ત્રસ જીવો લોકમાં ક્યાંક હોય છે, ક્યાંક હોતા નથી. બાદરના પણ કોઈ કોઈ જીવ ચર્મ ચક્ષુથી જોઈ શકાતા નથી. જ્યારે તે સંખ્ય, અસંખ્ય કે અનંત એકઠા થાય તો જોઈ શકાય છે.

**પર્યાપ્ત-અપર્યાપ્ત :–** સંમૂર્ચ્છિમ મનુષ્યને છોડીને શેષ સૂક્ષ્મ બાદર સર્વે જીવના ભેદ-પ્રભેદોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બંને ભેદ હોય છે.

પર્યાપ્ત નામ કર્મના ઉદયવાળા જીવ પર્યાપ્ત કહેવાય છે અને અપર્યાપ્ત નામ કર્મના ઉદયવાળા જીવ અપર્યાપ્ત કહેવાય છે અથવા જે જીવની જેટલી પર્યાપ્તિ પૂર્ણ કરવાની હોય છે તે પ્રારંભિક સમયોમાં જ્યાં સુધી પૂર્ણ થતી નથી ત્યાં સુધી તે જીવ અપર્યાપ્ત કહેવાય છે. આ પર્યાપ્તિઓને પૂર્ણ કરવામાં સર્વે જીવોને જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સમય લાગે છે.

પર્યાપ્તિ ૬ છે, જેમાં આહાર પર્યાપ્તિના અપર્યાપ્ત ૧-૨ સમય રહે છે. શેષ પાંચે પર્યાપ્તિના અપર્યાપ્ત અસંખ્ય સમય રહે છે. અર્થાત્ આહાર પર્યાપ્તિના પર્યાપ્ત બનવામાં ૧-૨ સમય લાગે છે. શેષ પાંચે પર્યાપ્તિના પર્યાપ્ત બનવામાં પ્રત્યેકમાં પણ અસંખ્ય અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત લાગે છે અને બધા મળીને પણ અંતર્મુહૂર્ત જ લાગે છે. કોઈ જીવમાં કેટલી પર્યાપ્તિ હોય છે, તેનું વર્ણન જીવાભિગમ સૂત્ર સારાંશ પ્રથમ પ્રતિપત્તિમાં આ ખંડના પૃષ્ટ...........માં જુઓ.

**સાધારણ–પ્રત્યેક :–** બાદર વનસ્પતિમાં જ સાધારણ અને પ્રત્યેક એવા બે ભેદ કરાય છે. એક શરીરમાં એક જીવ હોય એ પ્રત્યેક શરીરીનું લક્ષણ છે અથવા પ્રત્યેક જીવને સ્વતંત્ર એક શરીર હોવું એ પ્રત્યેક જીવીનું લક્ષણ છે.

અનંત જીવોનું સમ્મિલિત એક શરીર હોવું અર્થાત્ એક જ શરીરમાં અનંત જીવોનું સમ્મિલિત અસ્તિત્વ હોવું, એનું સ્વતંત્ર વ્યક્તિગત કોઈ પણ અસ્તિત્વ ન હોવું એ સાધારણ જીવીનું લક્ષણ છે. એવા જીવ સાધારણ શરીરી કહેવાય છે.

એમ તો પ્રત્યેક શરીરમાં પણ એક શરીરમાં અનેક જીવ દેખાય છે, પરંતુ તે તો તેનું પિંડીભૂત શરીર દેખાય છે. સાથે એ પ્રત્યેક જીવોનું પોતાનું વ્યક્તિગત સ્વતંત્ર શરીર પણ અલગ-અલગ હોય છે. યથા– તલપાપડી કે મોદક આદિ જેમ એક પિંડ છે. તેમાં બધા તલ ચીટકીને એક પિંડ દેખાય છે. તો પણ પ્રત્યેક તલનો પોતાનો સ્વતંત્ર અસ્તિત્વ શરીર સ્કંધ રહે છે. એ પ્રકારે પ્રત્યેક વનસ્પતિના અનેક જીવોના સંઘાત સમૂહને સમજવું જોઈએ, પરંતુ સાધારણ વનસ્પતિમાં એવું નથી



હોતું. એમાં તો એક જ શરીરમાં અનંત જીવ ભાગીદારની સમાન હોય છે. તેનું સ્વરૂપ અને લક્ષણ વગેરે વર્ણન ખંડ–૮માં સંવાદ પ્રકરણ ૪૩માં જુઓ.

તે અનંત જીવોનું એક શરીર એક નિગોદ કહેવાય છે. એમાં રહેલા અનંત જીવ નિગોદ જીવ કહેવાય છે. આ અનંત જીવો મળીને એક શરીર બનાવે છે, એક સાથે જન્મે છે, એકી સાથે પર્યાપ્તિઓ પૂર્ણ કરે છે, એકી સાથે મરે છે, એકી સાથે ✓ાસો✓ાસ લે છે. અર્થાત્ એમનો આહાર, ✓ાસો✓ાસ, પુદ્ગલ ગ્રહણ વગેરે સાધારણ હોય છે. એ જ એની સાધારણતાનું લક્ષણ છે.

આ નિગોદ સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના હોય છે. તેમાં સૂક્ષ્મ તો ચર્મ ચક્ષુથી અગ્રાહ્ય છે અને બાદરમાં પણ અસંખ્ય નિગોદ શરીર એકઠા થાય પછી જ કોઈ જોવામાં આવી શકે અને કોઈ જોવાતા નથી. તેમને જાણવા સમજવા માટે વીતરાગ વચન જ પ્રમાણભૂત છે. આ રીતે આ અનંત જીવોનું ઔદારિક શરીર એક હોય છે, પરંતુ તૈજસ, કાર્મણ શરીર જુદા-જુદા હોય છે.

**શ્લક્ષણ(કોમળ) પૃથ્વી :–** મુલાયમ(સુંવાળી) માટીને શ્લક્ષણ પૃથ્વી કહે છે. એના સાત પ્રકાર છે. (૧) કાળી માટી (૨) નીલી (૩) લાલ (૪) પીળી (૫) સફેદ માટી (૬) પંડુ– માટી જેવા રંગની, ખાખી રંગની, મટમેલા રંગની માટી (૭) પોપડીવાળી માટી. આ સાત પ્રકારમાં અન્ય સર્વ પ્રકારની કોમળ માટીનો સમાવેશ સમજવો જોઈએ.

**ખર(કઠોર) પૃથ્વી :–** (૧) સામાન્ય પૃથ્વી (૨) કંકર–કાંકરા (૩) વેળુરેત (૪) પથ્થર (૫) શિલા (૬) લવણ (૭) ખાર (૮) લોઢું (૯) તાંબુ (૧૦) તરૂઆ (૧૧) સીસું (૧૨) ચાંદી (૧૩) સોનું (૧૪) વજ (૧૫) હરતાલ (૧૬) હિંગળો (૧૭) મનઃશિલ (૧૮) સાસગ–પારદ (૧૯) સુરમો (૨૦) પ્રવાલ (૨૧) અભ્રક–પટલ (૨૨) અભ્રરજ.

(૧) ગોમેદ રત્ન (૨) ઢચક રત્ન (૩) અંક રત્ન (૪) સ્ફટિક રત્ન (૫) લોહિતાક્ષ રત્ન (૬) મરકત રત્ન (૭) મસાર ગલ્લ(મસગલ) રત્ન, (૮) ભુજમાચક રત્ન (૯) ઈન્દ્રનીલ રત્ન (૧૦) ચંદ્રનીલ રત્ન (૧૧) ગેરૂડી રત્ન, (૧૨) હંસ ગર્ભ રત્ન (૧૭) જલકાંત મણિ (૧૮) સૂર્યકાંત મણિ. આ રીતે લગભગ ૪૦ નામ શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે.

**ટિપ્પણ :–** એ જ ૪૦ ભેદોને ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન છત્રીસમાં, છત્રીસની સંખ્યાથી કહેલ છે. જેનું કારણ અજ્ઞાત છે. સંભવ છે કે અર્થ અને ગણતરી કરવામાં કંઈક તફાવત હોવો જોઈએ.

**અપ્કાય :–** (૧) ઓસ (ઝાકળ) (૨) બરફ (૩) ધુમ્મસ (૪) કરા, બરફના કરા (૫) વનસ્પતિમાંથી ઝરવા વાળા પાણી (૬) શુદ્ધ જળ (૭) શીતોદક (૮) ઉષ્ણોદક

(૯) ખારોદક (૧૦) ખટ્ટોદક(કંઈક ખાટું) (૧૧) અમ્લોદક (૧૨) લવણસમુદ્રનું જળ (૧૩) વઢણોદક (૧૪) ક્ષીરોદક (૧૫) ઘૃતોદક (૧૬) ક્ષોદોદક (ઇક્ષુ રસના જેવું) (૧૭) રસોદક (પુષ્કર સમુદ્રનું જળ).

**તેઉકાય :–** (૧) અંગારા (૨) જાજવલ્યમાન (૩) ભોભર (રાખ યુક્ત) (૪) ટૂટતી ઝાળ (૫) કુંભકારનો અગ્નિ કે બળતા લાકડા (૬) શુદ્ધ અગ્નિ (લોઢાના ગોળાનો અગ્નિ) (૭) ઉલ્કા(ચકમકનો અગ્નિ) (૮) વિદ્યુત (૯) **અશનિ–** આકાશમાંથી પડતા અગ્નિ કણ અથવા અરણી–કાષ્ઠથી ઉત્પન્ન અગ્નિ (૧૦) નિર્ઘાત અગ્નિ (૧૧) સંઘર્ષથી ઉત્પન્ન થતો અગ્નિ અર્થાત્ ખુર, શિંગ, કાષ્ઠ આદિના ઘર્ષણથી થતો અગ્નિ (૧૨) સૂર્યકાંત મણિ–આઈ ગ્લાસમાંથી ઉત્પન્ન થતો અગ્નિ (૧૩) દાવાનળનો અગ્નિ (૧૪) વડવાનલ અગ્નિ.

**વાયુકાય :–** (૧) પૂર્વીવાત (૨) પશ્ચિમ વાત (૩) ઉત્તર વાત (૪) દક્ષિણ વાત (૫) ઉર્ધ્વવાત (૬) અધોવાત (૭) ત્રાંસી હવા (૮) વિદિશવાત (૯) અનવસ્થિતવાત (૧૦) તોફાની હવા (૧૧) મંડલિકવાત (નાનો વંટોળીયો) (૧૨) આંધી (૧૩) ચક્રવાત–મોટો વંટોળિયો (૧૪) સનસનાટ અવાજ કરીને ગૂંજવા-વાળી હવા (૧૫) વૃષ્ટિની સાથે ચાલવાવાળી હવા, વૃક્ષોને ઉખાડવાવાળી હવા (૧૬) પ્રલયકાળમાં ચાલવાવાળી હવા, સામાન ઉડાડીને લઈ જનાર હવા (૧૭) ઘનવાત (૧૮) તનુવાત (૧૯) શુદ્ધવાત (ધીમે ધીમે મંદગતિથી ચાલવાવાળી હવા).

**વનસ્પતિકાય :–** વનસ્પતિના બાર વિભાગોથી વર્ણન છે. જેમ કે–

**(૧) વૃક્ષ :–** આંબો, લીમડો, જાંબુડો, પીલુ, શેલુ, હરડા, બહેડા, આમળા, અરીઠા, મહુઆ, રાયણ, ખજૂર આદિ એ **એક બીજ ગોટલી વાળા** ફળોના વૃક્ષ છે. જામફળ સીતાફળ, અનાર, બિલ્વ, કોઠા, કેર, લીંબુ, ટીંબરુ, વડ, પીપળ, બીજોરા, અનાનસ ઈત્યાદિ **બહુ બીજવાળા** ફળોના વૃક્ષ છે.

**(૨) ગુચ્છ :–** નાના અને ગોળ વૃક્ષને ગુચ્છ–છોડ કહે છે. રીંગણ, તુલસી, જવાસા, માતુલિંગ–બીજોરા આદિ.

**(૩) ગુલ્મ :–** ફૂલોના વૃક્ષને ગુલ્મ કહે છે. યથા– ચંપો, મોગરો, મરૂવો, કેતકી, કેવડો વગેરે.

**(૪) લતા :–** વૃક્ષો પર ચડવાવાળી ચંપકલતા, નાગલતા, અશોકલતા આદિ.

**(૫) વેલ :–** જમીન પર ફેલાવાવાળી કાકડી, તૂરિયા, તરબૂચ, તુંબી આદિ.

**(૬) પર્વ :–** ગાંઠવાળા ઈક્ષુ, વાંસ, નેતર.

**(૭) તૃણ :–** કુશ, દર્ભ, ઈત્યાદિ ઘાસ.

**(૮) વલય :–** સોપારી, ખારેક, ખજૂર, કેળા, તજ, ઈલાયચી, લવિંગ, તાડ, તમાલ, નારિયેળ વિગેરે.



**(૯) હરિત કાય :–** પાંદડાની ભાજી– મેથી, ચંદલોઈ, સુવા, પાલક વગેરે.
**(૧૦) ધાન્ય :–** ઘઉં, જવ, ચણા, મસુર, તલ, મગ, અડદ, નિષ્ફાવ, કળથી, બાજરો, જુવાર, મકાઈ, તુવેર, ચોળા, વટાણા આદિ.
**(૧૧) જળ વૃક્ષ :–** કમળ, સેવાળ, કસેરૂક, પુંડરીક વગેરે.
**(૧૨) કુહણા :–** સર્પ છત્રા, ભૂફોડા, આય, કાય, કુહણ આદિ વનસ્પતિઓ.

**યોનિભૂત બીજ :–** જેમાં ઉગવાની શક્તિ હોય તેને યોનિ ભૂત બીજ કહેવાય છે. આ સચિત્ત અને અચિત્ત બંને જાતના હોય છે. અર્થાત્ જીવ નીકળી ગયા પછી પણ યોનિ ભૂત બીજમાં ઉગવાની શક્તિ રહે છે. તેને અવિધ્વસ્ત યોનિના બીજ કહેવાય છે. શક્તિ સંપન્ન અખંડ બીજ જ યોનિ ભૂત બીજ હોય છે. આવા બીજ પ્રાયઃ પૂર્ણાયુ વાળા હોય છે. અયોનિભૂત બીજ પૂર્ણ પરિપક્વ નથી હોતા અથવા અલ્પ શક્તિવાન હોય છે. તેઓ અલ્પ આયુષ્યવાળા હોય છે. જલ્દી અચિત્ત થઈ જાય છે. તે સચિત્ત-અચિત્ત બંને અવસ્થામાં એ ઉગતા નથી. વિશેષ જાણકારી માટે સારાંશખંડ–૪, પૃષ્ટ........ જુઓ.

**બેઇન્દ્રિય :–** શંખ, કોડી, છીપ, જલોક, કીડા, પોરા, લટ, અળસિયા, કૃમી, ચરમી, કાતર(જળ જંતુ), વારા(વાળા), લાલી(લાર) વગેરે.

**તેઇન્દ્રિય :–** જૂ, લીખ, માંકડ, ચાંચડ, કંથવા, ધનેડા, ઉધઈ, ઈલ્લી, કીડી, મકોડા, જીંઘોડા, જુંઆ, ગધૈયા, કાનખજુરા, સવા, મમોલા વિગેરે.

**ચૌરેન્દ્રિય :–** ભમરો, ભમરી, વીંછી, માખી, મચ્છર, ડાંસ, તીડ, પતંગા, કંસારી, ફૂદ્દાં, કેકડે(કાચીંડો), બગા, રૂપેલી, વગેરે.

**જળચર :–** મચ્છ, કચ્છ, મગરમચ્છ, કાચબો, મગર, દેડકો, સુસુમાલ, વગેરે.

**સ્થળચર :–** (૧) એક ખરીવાળા–ઘોડા, ગધેડા, ખચ્ચર વગેરે. (૨) બે ખરી-વાળા–ગાય, ભેંસ, બળદ, બકરી, હરણ, સસલા ઈત્યાદિ. (૩) ગંડીપદ– ઊંટ, ગેંડો, હાથી આદિ. (૪) નહોરવાળા– વાઘ, સિંહ, ચિત્તા, કૂતરો, બિલાડી, રીંછ, વાંદરો આદિ.

**ઉરપરિસર્પ :–** (૧) અહિ (સર્પ) ફેણ ચડાવવાવાળો અને ફેણ નહીં ચડાવવા–વાળો (૨) અજગર–ગળી જવાવાળો (૩) અસાલિયો– ચક્રવર્તીની સેનાનો નાશ કરવા સમર્થ–ઉત્કૃષ્ટ ૧૨ યોજન શરીરવાળો (૪) મહોરગ–ભૂમિ પર ઉત્પન્ન થાય છે. જળ સ્થળ બંનેમાં વિચરણ કરે છે. મહાકાય વાળા હોય છે.

**ભૂજપરિસર્પ :–** નોળિયો, ઘો, ચંદનઘો, ઉંદર, ગરોળી, ખિસકોલી, કાકીડો વગેરે.

**ખેચર :–** (૧) ચર્મ પક્ષી– બગલો, ચામાચીડિયું, ચમગીદડ, કાનકટિયા આદિ (૨) રોમ પક્ષી– કબૂતર, ચકલી, કાગડો, કૂકડો, મેના, પોપટ, ગરૂડ, મોર, કોયલ, કુરજ, બતક, તેતર, બાજ હંસ વગેરે (૩) સમુદ્ર પક્ષી– ડબ્બા જેવી બંધ રાખેલી

ગોળ પાંખવાળા, (૪) વિતત પક્ષી– પાંખો પ્રસારિત(ખુલ્લી) રાખવાવાળા અથવા લાંબી પાંખોવાળા.

**મનુષ્ય :–** મનુષ્ય બે પ્રકારના હોય છે– (૧) આર્ય (૨) અનાર્ય.

**અનાર્ય(મ્લેચ્છ) :–** શક, યવન, કિરાત, શબર, બર્બર, મરુંડ, ગોંડ, સિંહલ, આંધ્ર, તમિલ, પુલિંદ, ડોંબ, કોંકણ, માલવ, ચીના, બકુશ, અરબક, કૈકય, રૂસક, ચિલાત વગેરે.

**આર્ય :–** (૧) ઋદ્ધિ પ્રાપ્ત– અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, ચારણ વિદ્યાધર (૨) ઋદ્ધિ અપ્રાપ્ત નવ પ્રકારના છે–

(૧) ક્ષેત્રાર્ય– ૨૫½ દેશ આર્ય છે, તેમાં જન્મ લેવાવાળા મનુષ્ય ક્ષેત્રાર્ય છે. (૨) જાતિ આર્ય– બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જાતિઓવાળા જાતિ આર્ય છે (૩) કુલ– ઉગ્રકુલ, ભોગકુલ, ઈક્ષ્વાકુકુલ, જ્ઞાત કુલ આદિ કુલ આર્ય છે. (૪) કર્મ– સુથાર, કુંભાર, આદિ કર્મ આર્ય છે. (૫) શિલ્પ આર્ય– દરજી, જિલ્દસાજ આદિ શિલ્પ આર્ય છે. (૬) ભાષાર્ય– હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, અર્દ્ધ માગધી આદિ ભાષા અને જેની બ્રાહ્મી લિપિ હોય તે ભાષા આર્ય છે. (૭–૮–૯) વીતરાગ માર્ગમાં જ્ઞાન અને શ્રદ્ધાયુક્ત પ્રવૃત્તિ કરવાવાળા જ્ઞાન, દર્શન, ચારિત્ર આર્ય છે. અર્થાત્ પાંચ જ્ઞાન અને સમ્યગ્ દર્શન વાળા જ્ઞાનાર્ય, દર્શનાર્ય છે. શ્રાવક, સાધુ એ ચારિત્રાર્ય છે અથવા પાંચે સંયત ચારિત્રાર્ય છે.

**સંમૂર્ચ્છિમ મનુષ્યના ૧૪ પ્રકાર :–** (૧) ઝાડામાં (૨) પેશાબમાં (૩) કફમાં (૪) શ્લેષ્મમાં (૫) વમનમાં (૬) પિત્તમાં (૭) રસીમાં (૮) લોહીમાં (૯) વીર્યમાં (૧૦) વીર્યના શુષ્ક પુદ્‌ગલ પુનઃ ભીના થાય પછી (૧૧) મૃત શરીરમાં (૧૨) સ્ત્રી–પુઢષ સંયોગમાં (૧૩) નગર નાળા-ગટરમાં (૧૪) મનુષ્ય સંબંધી સર્વ અશુચિ સ્થાનોમાં. મનુષ્ય સંબંધી આ ૧૪ સ્થાનોમાં ૧૨ તો સ્વતંત્ર માનવ શરીરના અશુચિ સ્થાન છે ૧૩મા ગટરના બોલમાં અનેક બોલ અશુચિ સ્થાન સંગ્રહિત છે ૧૪મા બોલમાં પણ અનેક બોલ સ્થાનોના સંયોગી ભંગ અર્થાત્ મિશ્રણ કહેલ છે. આ બધા સ્થાનોમાં પરસેવો, થૂંક નથી આવતા તેથી આ બંનેમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થતા નથી.

**ઉત્પત્તિકાળ :–** આ ૧૪ સ્થાનોમાં આત્મ પ્રદેશોથી અલગ થઈ ગયા પછી અંતર્મુહૂર્ત બાદ સંમૂર્ચ્છિમ અસંજ્ઞી મનુષ્ય ઉત્પન્ન થાય છે.

અંતર્મુહૂર્ત શબ્દનો અર્થ વિશાળ છે. વ્યાખ્યાકારોએ પણ એનું સ્પષ્ટીકરણ કર્યુ નથી. અતઃ પ્રાપ્ત પરંપરાનુસાર ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અર્થાત્ વ્યવહારથી લગભગ ૪૭ મિનિટનો સમય મનાય છે. ૪૭ મિનિટ એક અંતિમ સીમા સમજવી જોઈએ; ત્યારપછી ૪૮મી મિનિટ થાય ત્યારે અંતર્મુહૂર્ત નહીં કહેવાય પરંતુ મુહૂર્ત



થઈ જાય છે. ઓછામાં ઓછો સમય એક ઘડી ૨૪ મિનિટ સુધી એમાં જીવોત્પતિ સંમૂર્ચ્છિમ મનુષ્ય થવા સંભવ લાગતા નથી. ૨૪ થી ૪૭ મિનિટની વચ્ચેનો સમય જીવોત્પત્તિનો સમજવો જોઈએ, વિરહની અપેક્ષા ક્યારેક કેટલા ય મુહૂર્તો સુધી જીવોત્પત્તિ થતી નથી.

**સ્વરૂપ :–** આ જીવોની ઉત્કૃષ્ટ અવગાહના પણ અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. તે ચર્મ ચક્ષુથી જોઈ શકાતા નથી. આયુષ્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત (લગભગ બે મિનિટ)નું હોય છે. સમય-સમયમાં જઘન્ય ૧-૨ તથા ઉત્કૃષ્ટ અસંખ્ય જીવ જન્મે છે અને મરે છે. આ સર્વે અપર્યાપ્તા જ મરે છે. અપર્યાપ્ત નામ કર્મવાળા જ હોય છે. તેઓ પંચેન્દ્રિય અને મનુષ્ય ગતિક કહેવાય છે.

**પશુની અશુચિ :–** પશુના અશુચિ સ્થાનોમાં થવાવાળા કૃમિ આદિ અન્ય જીવ તિર્યંચ બેઈન્દ્રિય આદિ હોય છે, તેને પણ સંમૂર્ચ્છિમ કહી શકાય છે પરંતુ સંમૂર્ચ્છિમ મનુષ્ય ન કહી શકાય. એ જીવ ચર્મ ચક્ષુથી જોઈ શકાય છે. સંક્ષેપમાં પશુઓના મળ મૂત્ર વગેરે અશુચિ સ્થાનોમાં કાળાંતરથી સંમૂર્ચ્છિમ ત્રસ જીવ ઉત્પન્ન થાય છે. પરંતુ તે સંમૂર્ચ્છિમ મનુષ્ય હોતા નથી.

ગાય આદિનું છાણ સાધુને માટે ઉપયોગમાં લેવા માટે શાસ્ત્રમાં કહેવાયેલ છે, તે આધારથી તેમાં કેટલાક કલાકો સુધી જીવોની ઉત્પત્તિ થતી નથી, એમ સમજવું જોઈએ.

**ફ્લશ દોષ :–** ભૂમિગત(અંડર ગ્રાઉન્ડ ફ્લશ) શૌચાલયમાં સંમૂર્ચ્છિમ મનુષ્યની અને અન્ય ત્રસ જીવોની વિપુલ માત્રામાં ઉત્પત્તિ, જન્મ, મરણ થતા રહે છે. આ જીવોની ઉત્પત્તિ અપેક્ષાએ ભૂમિગત શૌચાલય મહાદોષ પાપનું સ્થાન છે. ભવભીરૂ ધર્મી આત્માઓએ એનો ઉપયોગ ન કરવો જોઈએ. માનવ શરીરના અશુચિ પદાર્થ શીઘ્ર સુકાઈ જાય કે વિરલ થઈ જાય એવો વિવેક રાખવો જોઈએ.

**મૃત કલેવર :–** માનવના મૃત કલેવરમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થવાનો સમય પણ અંતર્મુહૂર્ત છે. આથી વધારે સમય સુધી મૃત કલેવર રાખવામાં તો આ જીવોની વિરાધનાનો દોષ થાય છે. શ્રમણોએ મુહૂર્ત પૂર્વ મૃત કલેવરનું વ્યુત્સર્જન કરી દેવું જોઈએ. ***[મહાન પ્રખ્યાત સાધુ-સાધ્વીના મૃત કલેવરને ભક્ત સમુદાય ૧-૨ દિવસ રાખે છે. આ પ્રવૃત્તિ ઉચિત નથી. તેથી આ પ્રવૃત્તિનું અંધાનુકરણ ન કરવું જોઈએ.]***

પશુઓના મૃત શરીરમાં વિવિધ પ્રકારના જીવોની ઉત્પત્તિ થઈ જાય છે, અત્યંત દુર્ગંધ પણ આવી જાય છે તેથી તેમનું વિસર્જન જેમ બને તેમ જલ્દી કરવું જોઈએ. આગમમાં એ ઉક્ત જીવોત્પત્તિના ૧૪ સ્થાન મનુષ્ય સંબંધી અને સંમૂર્ચ્છિમ મનુષ્યોત્પત્તિ સંબંધી કહ્યા છે. અતઃ પશુઓના શરીરમાં તિર્યંચ યોનિક બેઈન્દ્રિય ***યાવત્*** પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ થવી અલગથી સમજવું.

## સાડા પચ્ચીસ આર્ય દેશ અને પ્રમુખ નગરી :–

| ક્રમ | દેશ નામ | નગરી |
|---|---|---|
| ૧ | મગધ | રાજગૃહી નગર |
| ૨ | અંગ | ચંપાનગરી |
| ૩ | બંગ | તામ્રલિપ્તી |
| ૪ | કલિંગ | કાંચનપુર |
| ૫ | કાશી | વારાણસી નગરી |
| ૬ | કૌશલ | સાકેત નગર |
| ૭ | કુઢ | હસ્તિનાપુર |
| ૮ | કુશાવર્ત | સૌર્યપુર |
| ૯ | પંચાલ | કામ્પિલ્ય નગર |
| ૧૦ | જાંગલ | અહિછત્રા નગરી |
| ૧૧ | સૌરાષ્ટ્ર | દ્વારિકા નગરી |
| ૧૨ | વિદેહ | મિથિલા નગરી |
| ૧૩ | વત્સ | કોશાંબી |
| ૧૪ | શાંડિલ્ય | નન્દિપુર |
| ૧૫ | મલય | ભદ્દિલપુર |
| ૧૬ | મત્સ્ય | વૈરાટ નગર |
| ૧૭ | વરણ | અચ્છાપુરી |
| ૧૮ | દશાર્ણ | મૃત્તિકાવતી નગરી |
| ૧૯ | ચેદી | શુક્તિમતી–શૌક્તિકાવતી |
| ૨૦ | સિંધુ–સૌવીર | વીતભય નગર |
| ૨૧ | શૂરસેન | મથુરા નગરી |
| ૨૨ | ભંગ | પાવાપુરી (અપાપા) |
| ૨૩ | પુરિવર્ત | માસાપુરી |
| ૨૪ | કુણાલ | શ્રાવસ્તિ નગરી |
| ૨૫ | લાઢ | કોટિવર્ષનગર |
| ૨૬ | કેકયાર્દ્ધ | શ્વેતાંબિકા નગરી |

આ સિવાય સેંકડો હજારો દેશ છે, તે ક્ષેત્રની અપેક્ષાએ અનાર્યની કોટિમાં આવે છે તથા જાતિ, કુલ આદિ જે પણ આર્ય કહેવાય છે એના સિવાયના અનાર્ય જાતિ, કુલ સમજવા જોઈએ. ક્ષેત્ર, જાતિ, કુળ આદિથી અનાર્ય કહેવાતો વ્યક્તિ પણ જ્ઞાન, દર્શન, ચારિત્રથી અર્થાત્ ધર્મારાધનથી સાચો આર્ય બની શકે છે અને આર્યની ગતિ અને મોક્ષને પ્રાપ્ત કરી શકે છે. અતઃ ક્ષેત્ર, જાતિ, કુલ આદિ ૬



પ્રકારના આર્ય કેવલ વ્યવહાર પરિચયની અપેક્ષાએ સમજવા જોઈએ. હકીકતમાં છેલ્લા ત્રણ આર્યની અવસ્થા મળી જાય તો જીવન સફળ બની જાય છે. પૂર્વની ૬ આર્ય અવસ્થા મળી જાય તો પણ ધર્મ આરાધના એવં ધર્મથી આર્ય બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## બીજું : સ્થાન પદ

પ્રથમ પદમાં જીવોના ભેદ-પ્રભેદ અને સ્વરૂપ બતાવ્યા છે. આ પદમાં એમના રહેવાના સ્થાનોનું વર્ણન કરવામાં આવ્યું છે. રહેવાના સ્થાન બે જાતના હોય છે– (૧) નિવાસ રૂપ (૨) ગમનાગમન રૂપ. આ પદમાં નિવાસને સ્વસ્થાન શબ્દથી કહેલ છે અને ગમનાગમનના બે વિભાગ કરવામાં આવ્યા છે– (૧) ઉત્પન્ન થવાના સમયનો માર્ગ (૨) મરીને જવા સમયનો માર્ગ. એને આગમમાં આ બે શબ્દોમાં કહેવામાં આવેલ છે– (૧) ઉત્પતિ સ્થાન (૨) સમુદ્દ્ઘાત ક્ષેત્ર.

(૧) ઉત્પન્ન થયા પછી મૃત્યુ પર્યન્ત જીવ જ્યાં રહે છે તે તેના 'સ્વસ્થાન' પરિલક્ષિત છે. આથી આ શબ્દમાં અહીંયા વિવક્ષિત સર્વે જીવોની ઉત્પત્તિના અને રહેવાના સ્થાનોનો સંગ્રહ કર્યો છે. એની સાથે એ પણ બતાવ્યું છે કે તે સંપૂર્ણ ક્ષેત્ર, લોકના કયા ભાગના પરિમાણમાં છે. (૨) 'ઉત્પાદ' શબ્દથી મૃત્યુ પછી ઉત્પન્ન થવાના સ્થાનમાં પહોંચવા સુધીનું જે અંતરાલ ક્ષેત્ર છે એ ક્ષેત્રનું કથન કરવામાં આવ્યું છે (૩) આયુ સમાપ્ત થવાના અંતર્મુહૂર્ત પૂર્વ જે ઉત્પત્તિ સ્થાનમાં આત્મ-પ્રદેશોને મોકલવા રૂપ મરણ સમુદ્દ્ઘાત કરાય છે, એ સમયે આત્મ પ્રદેશો અંતરાલમાં જેટલા ક્ષેત્રનું અવગાહના કરે છે, તેને અહીં 'સમુદ્દ્ઘાત' શબ્દથી ઓળખાય છે. કવચિત્ અન્ય સમુદ્દ્ઘાત(કેવળી સમુદ્દ્ઘાત)ની અપેક્ષાએ કથન કરાયું છે.

આ ત્રણ પ્રકારનું કથન અપેક્ષિત ભેદોના સર્વે જીવોનું સામુહિક કહેવામાં આવ્યું છે. અર્થાત્ સામુહિક જીવોની અપેક્ષા એ ક્ષેત્રનું કથન કરવામાં આવ્યું છે અહીંયા એકલા જીવોની અપેક્ષાએ વર્ણન કરવામાં આવ્યું નથી. આ વાત ખાસ લક્ષ્યમાં રાખવી જોઈએ.

**પૃથ્વીકાય :–** નરક-દેવલોકના પૃથ્વી પિંડ, સિદ્ધ શિલા, વિમાન, ભવન, નગર, છત, ભૂમિ, ભીંત, તીરછાલોકના ક્ષેત્ર, પૃથ્વી, નગર, મકાન, દ્વીપ સમુદ્રોની ભૂમિ, પર્વત, કૂટ, વેદિકા, જગતી આદિ શાશ્વત અશાશ્વત પૃથ્વીમય સ્થળોમાં પૃથ્વીકાયના સ્વસ્થાન છે અર્થાત્ અહીં ઉત્પન્ન થાય છે અને મૃત્યુ પર્યન્ત રહે છે. બાદર પૃથ્વીના પર્યાપ્ત અને અપર્યાપ્ત સર્વેનું એ જ સ્વસ્થાન સમજવું. સૂક્ષ્મ પૃથ્વીકાય સર્વ લોકમાં છે.

**અપ્કાય :–** ઘનોદધિ અને ઘનોદધિવલય, પાતાળકળશ, સમુદ્ર, નદી, કુંડ, દ્રહ, ઝરણા, તળાવ, સરોવર, નાળા, વાવડી, પુષ્કરણી, કુવા, હૌદ, ખાડા, ખાઈ વગેરે નાના-મોટા જળ સંગ્રહના શા✓ત અશા✓ત સ્થળોમાં બાદર અપ્કાયના સ્વસ્થાન છે. સૂક્ષ્મ અપ્કાય સર્વ લોકમાં છે.

**તેઉકાય :–** અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિ ક્ષેત્ર છે, તે જ બાદર તેઉકાયના સ્વસ્થાન છે. વ્યાઘાતની અપેક્ષા ફક્ત પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં જ એમનું સ્વસ્થાન છે અર્થાત્ છટ્ઠા અને પહેલા આરા તથા યુગલિક કાળમાં ૫ ભરત, ૫ ઐરવત ક્ષેત્રમાં અગ્નિ રહેતી નથી.

લવણ સમુદ્રમાં વડવાનલ હોવાથી ત્યાં અગ્નિકાયની ઉત્પત્તિ થાય છે. સૂક્ષ્મ અગ્નિકાય સર્વ લોકમાં છે.

**વાયુકાય :–** ઘનવાય, તનુવાય, ઘનવાયવલય, તનુવાયવલય અને પાતાળકળશ, ભવન, નરકાવાસ, વિમાન અને લોકના સમસ્ત આકાશીય પોલાણવાળા નાના મોટા સ્થાનોમાં બાદર વાયુકાયના સ્વસ્થાન છે. સૂક્ષ્મ વાયુકાય સર્વલોકમાં છે.

**વનસ્પતિકાય :–** ત્રણે લોકના સર્વે જળમય સ્થાનોમાં અને તિરછા લોકના જળ મય, સ્થળમય સર્વ સ્થાનોમાં બાદર વનસ્પતિકાયના સ્વસ્થાન છે. સૂક્ષ્મ વનસ્પતિ સર્વ લોકમાં છે.

**બેઇન્દ્રિયાદિ :–** ઊર્ધ્વ લોકમાં રહેલા તિરછા લોકના પર્વતો પર, નીચા લોકમાં રહેલ સમુદ્રી જળમાં અને તિરછા લોકના સર્વે જલીય સ્થલીય સ્થાનોમાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચના સ્વસ્થાન છે.

**નરક :–** સાતે નરકોમાં જે ૩૦૦૦ યોજનના પાથડા છે, એમાં ૧૦૦૦ યોજન ઉપર ૧૦૦૦ યોજન નીચે છોડીને વચમાં જે એક હજાર યોજનનું પોલાણ છે તેમાં નારકી જીવોના નિવાસ–નરકાવાસ છે, તે જ તેમના સ્વસ્થાન છે.

**મનુષ્ય :–** મનુષ્યના ૧૦૧ ક્ષેત્ર છે, તે તેમના સ્વસ્થાન છે.

**ભવનપતિ :–** પ્રથમ નરકના ત્રીજા આંતરામાં ભવનપતિના ભવનાવાસ છે, જે સમ ભૂમિથી ૪૦,૦૦૦ યોજન નીચે છે. ત્યાં અસુરકુમાર જાતિના ભવનપતિ દેવોના સ્વસ્થાન છે. પ્રથમ નરકના ચોથા આંતરામાં નાગકુમાર જાતિના ભવનપતિ દેવોના સ્વસ્થાન છે. પાંચમાં આંતરમાં સુવર્ણ કુમાર જાતિના ભવનપતિ દેવોના સ્વસ્થાન છે, એ જ ક્રમથી બારમા આંતરામાં સ્તનિત કુમાર જાતિના ભવનપતિ દેવોના સ્વસ્થાન છે.

**વ્યંતર :–** પ્રથમ નરક પૃથ્વીની ઉપરની છત ૧૦૦૦ યોજનની છે. તેની ઉપરની સપાટી આપણી સમભૂમિ છે, આ પ્રથમ નરકની ઉપર છતના ૧૦૦૦ યોજનમાં ૧૦૦ યોજન નીચે અને ૧૦૦ યોજન ઉપર છોડીને વચમાં જે ૮૦૦ યોજનનું ક્ષેત્ર



છે, ત્યાં ભોમેય નગરાવાસ છે. તેમાં ૧૬ જાતિના વ્યંતર દેવોના સ્વસ્થાન છે જૃંભક દેવોના સ્વસ્થાન તિરછા લોકમાં વૈતાઢ્ય પર્વતોની શ્રેણી પર છે.

**જ્યોતિષી :–** તિરછા લોકની સમભૂમિથી ઉપર ૭૯૦ યોજનથી લઈને ૯૦૦ યોજન સુધી ક્ષેત્ર અને અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં સ્થિત જ્યોતિષીઓની રાજધાનીઓ અને દ્વીપ જ્યોતિષી દેવોના સ્વસ્થાન છે.

**વૈમાનિક :–** ૧૨ દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અણુત્તર વિમાન એ વૈમાનિક દેવોના સ્વસ્થાન છે.

**સમસ્ત દેવોના ચોસઠ ઇન્દ્ર :–**

**દક્ષિણ ભવનપતિના ૧૦ ઈન્દ્ર :–** (૧) ચમર (૨) ધરણ (૩) વેણુદેવ (૪) હરિકાંત (૫) અગ્નિશિખ (૬) પૂર્ણેન્દ્ર (૭) જળકાંત (૮) અમિત (૯) વૈલંબ (૧૦) ઘોષ.

**ઉત્તર ભવનપતિના ૧૦ ઈન્દ્ર :–** (૧) બલીન્દ્ર (૨) ભૂતાનંદ (૩) વેણુદાલી (૪) હરિસ્સહ (૫) અગ્નિમાણવ (૬) વશિષ્ઠ (૭) જળપ્રભ (૮) અમિત વાહન (૯) પ્રભંજન (૧૦) મહાઘોષ.

**પિશાચાદિ વ્યંતરના ૧૬ ઈન્દ્ર :–** (૧-૨) કાળ, મહાકાળ, (૩-૪) સુરૂપ, પ્રતિરૂપ (૫-૬) પૂર્ણભદ્ર, મણિભદ્ર (૭-૮) ભીમ, મહાભીમ (૯-૧૦) કિન્નર, કિંપુઢષ (૧૧-૧૨) સત્પુઢષ, મહાપુઢષ (૧૩-૧૪) અતિકાય, મહાકાય (૧૫-૧૬) ગીતરતિ, ગીતજશ.

**આણપન્ની આદિ વાણવ્યંતરના ૧૬ ઈન્દ્ર :–** (૧-૨) સન્નિહિત સામાન (૩-૪) ધાતા, વિધાતા, (૫-૬) ઋષિ, ઋષિપાલ (૭-૮) ઈ✓ર, મહે✓ર (૯-૧૦) સુવત્સ, વિશાલ, (૧૧-૧૨) હાસ–હાસરતિ (૧૩-૧૪) ✓ેત વત્સ, મહા✓ેત (૧૫-૧૬) પતંગ-પતંગ પતિ.

**જ્યોતિષીના ૨ ઈન્દ્ર :–** (૧) ચંદ્ર (૨) સૂર્ય (અપેક્ષાએ અસંખ્ય ઈન્દ્ર છે)

**વૈમાનિકના ૧૦ ઈન્દ્ર :–** (૧) શક્ર (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મ (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહ✋ાર (૯) પ્રાણત (૧૦) અચ્યુત, એમ કુલ ૧૦+૧૦+૧૬+૧૬+૨+૧૦ = ૬૪ ઈન્દ્ર.

**દેવોના આભૂષણ :–** વક્ષસ્થળ પર હાર, હાથમાં કડા, બાજુબંધ, કાનમાં અંગદ, કુંડલ, કર્ણપીઠ, વિચિત્ર હસ્તાભરણ, પુષ્પમાળા, મસ્તક પર મુકુટ, ઉત્તમ વસ્ત્ર, શ્રેષ્ઠ અનુલેપ, લાંબી વનમાળા આદિથી સુસજ્જિત દેવો સ્વયં દિવ્ય તેજથી દશે દિશાઓને પ્રકાશમાન કરે છે.

**સિદ્ધ :–** ઊર્ધ્વ દિશામાં લોકાંતમાં સિદ્ધ શિલાની ઉપર એક કોશના છટ્ઠા ભાગ

જેટલા ક્ષેત્રમાં અઢીદ્વીપ પ્રમાણ વિસ્તારમાં સિદ્ધોના સ્વસ્થાન છે. અફુસમાણ ગતિ હોવાથી ઉત્પાદ નથી અને શરીર નહીં હોવાથી કોઈ સમુદ્ઘાત નથી.

**સ્વસ્થાન આદિનું સંક્ષિપ્ત યંત્ર :–** [***સંક્ષિપ્તાક્ષર ઓળખાણ :*** *વિકલે૰ = વિકલેન્દ્રિય, પંચે૰ = તિર્યંચ પંચેન્દ્રિય, અસં૰ ભાગ = અસંખ્યાતમો ભાગ.*]

| ક્રમ | જીવ | સ્વસ્થાન | ઉત્પાત | સમુદ્ઘાત |
|---|---|---|---|---|
| ૧ | પાંચે ય સૂક્ષ્મ | સર્વલોક | સર્વલોક | સર્વલોક |
| ૨ | બાદર વાયુ પર્યાપ્ત | લોકનો ઘણો અસં૰ ભાગ | લોકનો ઘણો અસં૰ ભાગ | લોકનો ઘણો અસં૰ ભાગ |
| ૩ | બાદર વાયુ અપર્યાપ્ત | લોકનો ઘણો અસં૰ ભાગ | સર્વલોક | સર્વલોક |
| ૪ | બાદર વનસ્પતિ અપર્યાપ્ત, પર્યાપ્ત | લોકનો અસં૰ ભાગ | સર્વલોક | સર્વલોક |
| ૫ | બાદર તેઉકાય પર્યાપ્ત | મનુષ્ય લોક | લોકનો અસં૰ ભાગ | લોકનો અસં૰ ભાગ |
| ૬ | બાદર તેઉકાય અપર્યાપ્ત | મનુષ્ય લોક | લોક મંથાન, તિરછા લોકતટ્ટા | સર્વલોક |
| ૭ | બાદર પૃથ્વી પાણી પર્યાપ્ત | લોકનો અસં૰ ભાગ | લોકનો અસં૰ ભાગ | લોકનો અસં૰ ભાગ |
| ૮ | બાદર પૃથ્વી, પાણી અપર્યાપ્ત | લોકનો અસં૰ ભાગ | સર્વલોક | સર્વલોક |
| ૯ | વિકલે૰,પંચે૰ દેવ, નારક | લોકનો અસં૰ ભાગ | લોકનો અસં૰ ભાગ | લોકનો અસં૰ ભાગ |
| ૧૦ | મનુષ્ય | મનુષ્યલોક | લોકનો અસં૰ ભાગ | સર્વલોક |

**નોંધ :–** લોક મંથાન કેવળી સમુદ્ઘાતના બીજા સમયની અવસ્થા જેવા છે, તેને અહીંયા પ્રસ્તુત આગમમાં બે ઊર્ધ્વ કપાટ કહ્યા છે અને તિરછા લોકને તટના સ્થાન પર કહેલ છે. અર્થાત્ ૧૯૦૦ યોજન જાડો એક રાજુ જેટલો લાંબો ઝાલર આકારનો તટ અને અઢીદ્વીપ જેટલી ૪૫ લાખ યોજન જાડાઈની બે ભિત્તિ લોકાંતથી લોકાંત સુધી પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ છે અને એ બંને મેરૂ પર્વતને અવગાહના કરીને તથા ઉપર નીચે પણ લોકાંત સુધી છે.



# ત્રીજું : અલ્પબહુત્વ પદ

## (૧) દિશાની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–

| ક્રમ | જીવ | પૂર્વ | પશ્ચિમ | ઉત્તર | દક્ષિણ |
|---|---|---|---|---|---|
| ૧ | જીવ | ૨ વિશેષાધિક | ૧ અલ્પ | ૪ વિશેષાધિક | ૩ વિશેષાધિક |
| ૨ | પૃથ્વીકાય | ૩ વિશેષાધિક | ૪ વિશેષાધિક | ૨ વિશેષાધિક | ૧ અલ્પ |
| ૩ | અપ્કાય | ૨ વિશેષાધિક | ૧ અલ્પ | ૪ વિશેષાધિક | ૩ વિશેષાધિક |
| ૪ | તેઉકાય | ૨ સં૰ ગુણા | ૩ વિશેષાધિક | ૧ અલ્પ | ૧ અલ્પ |
| ૫ | વાયુકાય | ૧ અલ્પ | ૨ વિશેષાધિક | ૩ વિશેષાધિક | ૪ વિશેષાધિક |
| ૬ | વનસ્પતિકાય | ૨ વિશેષાધિક | ૧ અલ્પ | ૪ વિશેષાધિક | ૩ વિશેષાધિક |
| ૭ | બે ઇન્દ્રિયાદિ | ૨ વિશેષાધિક | ૧ અલ્પ | ૪ વિશેષાધિક | ૩ વિશેષાધિક |
| ૮ | સાતે નારકી | ૧ અલ્પ | ૧ અલ્પ | ૧ અલ્પ | ૨ અસં૰ ગુણા |
| ૯ | તિર્યંચ પંચે૰ | ૨ વિશેષાધિક | ૧ અલ્પ | ૪ વિશેષાધિક | ૩ વિશેષાધિક |
| ૧૦ | મનુષ્ય | ૨ સં૰ ગુણા | ૩ વિશેષાધિક | ૧ અલ્પ | ૧ અલ્પ |
| ૧૧ | ભવનપતિ | ૧ અલ્પ | ૧ અલ્પ | ૨ અસં૰ ગુણા | ૩ અસં૰ ગુણા |
| ૧૨ | વાણવ્યંતર | ૧ અલ્પ | ૨ વિશેષાધિક | ૩ વિશેષાધિક | ૪ વિશેષાધિક |
| ૧૩ | જ્યોતિષી | ૧ અલ્પ | ૧ અલ્પ | ૪ વિશેષાધિક | ૩ વિશેષાધિક |
| ૧૪ | ૪ દેવલોક | ૧ અલ્પ | ૧ અલ્પ | ૨ અસં૰ ગુણા | ૩ વિશેષાધિક |
| ૧૫ | દેવલોક ૫-૮ | ૧ અલ્પ | ૧ અલ્પ | ૧ અલ્પ | ૨ અસં૰ ગુણા |
| ૧૬ | શેષ દેવલોક | લગભગ સમાન | = | = | = |

**વિશેષ :– ૧.** પશ્ચિમ દિશામાં સમુદ્રોમાં સૂર્ય ચંદ્રના દ્વીપ છે અને ગૌતમ દ્વીપ છે. તેથી પાણી ઓછું છે માટે જીવ અલ્પ છે, તેનાથી પૂર્વમાં ગૌતમ દ્વીપ ન હોવાથી જીવ અધિક છે. તેનાથી દક્ષિણમાં જીવ અધિક છે કારણ કે ત્યાં ચંદ્ર સૂર્ય દ્વીપ નથી. તેનાથી ઉત્તરમાં જીવ અધિક છે કારણ કે ત્યાં માનસ સરોવર છે. વનસ્પતિકાય વિકલેન્દ્રિય વગેરેમાં પણ આ જ કારણ છે.

**૨.** ભવનપતિઓના ભવન અધિક હોવાથી દક્ષિણમાં પૃથ્વીકાય ઓછા છે તેનાથી ઉત્તરમાં ભવન ઓછા છે તેથી પૃથ્વી અધિક છે. (ભવનોમાં પોલાણ હોય છે.) તેનાથી પૂર્વમાં અધિક છે કારણ કે ત્યાં સૂર્ય ચંદ્રના દ્વીપ છે. એનાથી પશ્ચિમમાં અધિક છે કારણ કે ત્યાં ગૌતમ દ્વીપ છે.

**૩.** તેઉકાય ઉત્તર દક્ષિણમાં ઓછા છે, ભરત ઐરાવત ક્ષેત્ર નાના છે. એનાથી પૂર્વમાં સંખ્યાતગણુ મોટું ક્ષેત્ર મહાવિદેહ હોવાથી અધિક છે. પશ્ચિમમાં જંબૂદ્વીપનું મહાવિદેહ ક્ષેત્ર વિશાલ છે. સલિલાવતી અને વપ્રા વિજય અધોલોકમાં હોવાથી ત્યાં તેઉકાય અધિક છે.

**૪.** વાયુકાય પૂર્વમાં ઓછાં છે કારણ કે ચંદ્ર સૂર્ય દ્વીપ ત્યાં છે, પોલાણ ઓછું છે, પશ્ચિમની અપેક્ષા પૂર્વ મહાવિદેહ ઘનીષ્ઠ સમ છે. તેનાથી પશ્ચિમમાં વાયુ અધિક છે, પશ્ચિમ મહાવિદેહ નીચા લોકમાં ગયેલ છે, પોલાણ અધિક છે. તેનાથી ઉત્તરમાં વાયુકાય અધિક છે. ભવનોનું પોલાણ અધિક છે. એનાથી વધુ દક્ષિણમાં છે, કારણ કે ભવન વધુ છે. **૫.** પશ્ચિમ મહાવિદેહના કારણે જ મનુષ્ય અને વ્યંતર પશ્ચિમમાં વિશેષાધિક છે. **૬.** જ્યોતિષી દક્ષિણથી ઉત્તરમાં અધિક છે, કારણ કે માનસ સરોવરમાંથી ઘણાં બધા જીવ નિદાન કરીને જ્યોતિષી બને છે અને ત્યાં જ્યોતિષી દેવોના ક્રીડા સ્થળ અધિક છે.

**૭.** સાતમી નરકના દક્ષિણ નૈરયિકોથી છઠ્ઠીના પૂર્વાદિ ત્રણ દિશાના નૈરયિક અસંખ્યગણા છે. એનાથી છઠ્ઠીના દક્ષિણવાળા અસંખ્યગણા છે. તેનાથી પાંચમી નરકના પૂર્વાદિ દિશાના નૈરયિક અસંખ્યગણા છે. તેનાથી પાંચમીના દક્ષિણ-વાળા અસંખ્ય ગણા છે એમ ક્રમથી પ્રથમ નરક સુધી અસંખ્યગણા છે.

**(૨) લેશ્યા :–** (૧) બધાથી થોડા શુક્લલેશી (૨) પદ્મલેશી સંખ્યાતગણા (૩) તેજોલેશી સંખ્યાતગણા (૪) અલેશી અનંતગણા (૫) કાપોતલેશી અનંતગણા (૬) નીલલેશી વિશેષાધિક (૭) કૃષ્ણલેશી વિશેષાધિક (૮) સલેશી વિશેષાધિક.

**(૩) ષદ્દ્રવ્ય :–** (૧) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય દ્રવ્યથી ત્રણે તુલ્ય અને સૌથી થોડા છે. (૨) તેનાથી ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયના પ્રદેશ અસંખ્યગણા અને પરસ્પર તુલ્ય છે. (૩) તેનાથી જીવાસ્તિકાય દ્રવ્ય અનંતગણા (૪) તેનાથી જીવાસ્તિકાયના પ્રદેશ અસંખ્યગણા (૫) તેનાથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય અનંતગણા (૬) અને તેના જ પ્રદેશો અસંખ્યગણા (૭) તેનાથી અદ્ધા સમય અપ્રદેશાર્થ અનંતગણા (૮) તેનાથી આકાશાસ્તિકાયના પ્રદેશ અનંતગણા.

(૧) બધાથી થોડા જીવ દ્રવ્ય (૨) પુદ્ગલ દ્રવ્ય અનંતગણા (૩) અદ્ધા સમય અનંતગણા (૪) સર્વ દ્રવ્ય વિશેષાધિક (૫) સર્વ પ્રદેશ અનંતગણા (૬) સર્વ પર્યાય અનંતગણા છે.

**(૪) આયુષ્ય કર્મ બંધક આદિ ૧૪ બોલ :–** (૧) બધાથી થોડા આયુના બંધક (૨) તેનાથી અપર્યાપ્ત અસંખ્યગણા (૩) તેનાથી સુપ્ત જીવ સંખ્યાતગણા (૪) તેનાથી સમુદ્ઘાતવાળા સંખ્યાતગણા (૫) તેનાથી સાતાવેદક સંખ્યાતગણા (૬) તેનાથી ઈન્દ્રિયોપયુક્ત સંખ્યાતગણા (૭) તેનાથી અનાકારોપયુક્ત સંખ્યાતગણા



(૮) તેનાથી સાકારોપયુક્ત સંખ્યાતગણા (૯) તેનાથી નોઈન્દ્રિયોપયુક્ત વિશેષાધિક (૧૦) તેનાથી અશાતા વેદક વિશેષાધિક (૧૧) તેનાથી સમુદ્ઘાત રહિત વિશેષાધિક (૧૨) તેનાથી જાગૃત વિશેષાધિક (૧૩) તેનાથી પર્યાપ્ત જીવ વિશેષાધિક (૧૪) તેનાથી આયુના અબંધક જીવ વિશેષાધિક.

**(૫) ક્ષેત્રલોકમાં જીવોનું અલ્પબહુત્વ :– [*સૂચના :–*** *કોષ્ટકમાં સૂચવેલા આંકડા અલ્પબહુત્વના ક્રમ નંબર છે. જેમ કે– (૧) સમુચ્ચય તિર્યંચ સહુથી થોડા ઊર્ધ્વલોકમાં (૨) તેનાથી અધોલોકમાં વિશેષાધિક (૩) તેનાથી તિરછાલોકમાં સંખ્યાત ગુણ (૪) તેનાથી ત્રણે લોકમાં અસંખ્યગુણ (૫) તેનાથી અધોલોકમાં વિશેષાધિક (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક]*

***સંક્ષિપ્ત અક્ષરોની ઓળખાણ :*** *અસં૦ = અસંખ્યાતગુણા, સં૦, સંખ્ય૦ = સંખ્યાતગુણા, વિશે૦ = વિશેષાધિક. ઉર્ધ્વ-તિરિય૦ = ઉર્ધ્વલોક તિરછાલોક, અધો-તિરિય૦ = અધોલોક તિરછાલોક]*

| ક્રમ | જીવ | ઉર્ધ્વલોક | અધોલોક | ત્રિછાલોક | ઉર્ધ્વ-તિરિય | અધો-તિરિય | ત્રણે લોક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સમુચ્ચય– તિર્યંચ, એકેન્દ્રિય, ૫ સ્થાવર | ૫ અસં૦ | ૬ વિશે૦ | ૩ અસં૦ | ૧ અલ્પ | ૨ વિશે૦ | ૪ અસં૦ |
| ૨ | ત્રણ વિકલે૦ | ૧ અલ્પ | ૫ સંખ્ય૦ | ૬ અસં૦ | ૨ અસં૦ | ૪ અસં૦ | ૩ અસં૦ |
| ૩ | પંચેન્દ્રિય | ૪ સં૦ | ૫ સં૦ | ૬ અસં૦ | ૨ સં૦ | ૩ સં૦ | ૧ અલ્પ |
| ૪ | ત્રસ | ૪ સં૦ | ૫ સં૦ | ૬ અસં૦ | ૨ સં૦ | ૩ સં૦ | ૧ અલ્પ |
| ૫ | તિર્યંચાણી | ૧ અલ્પ | ૫ સંખ્ય૦ | ૬ સં૦ | ૨ અસં૦ | ૪ અસં૦ | ૩ સં૦ |
| ૬ | મનુષ્ય | ૪ સં૦ | ૫ સંખ્ય૦ | ૬ સં૦ | ૨ અસં૦ | ૩ અસં૦ | ૧ અલ્પ |
| ૭ | મનુષ્યાણી | ૪ સં૦ | ૫ સંખ્ય૦ | ૬ સં૦ | ૨ સંખ્ય | ૩ સં૦ | ૧ અલ્પ |
| ૮ | નારકી | – | ૩ અસં૦ | – | – | ૨ અસં૦ | ૧ અલ્પ |
| ૯ | દેવ-દેવી | ૧ અલ્પ | ૫ સંખ્ય૦ | ૬ સં૦ | ૨ અસં૦ | ૪ સં૦ | ૩ સં૦ |
| ૧૦ | ભવનપતિ | ૧ અલ્પ | ૬ અસં૦ | ૫ અસં૦ | ૨ અસં૦ | ૪ અસં૦ | ૩ સં૦ |
| ૧૧ | વાણવ્યંતર | ૧ અલ્પ | ૫ સં૦ | ૬ સં૦ | ૨ અસં૦ | ૪ અસં૦ | ૩ સં૦ |
| ૧૨ | જ્યોતિષી | ૧ અલ્પ | ૫ સં૦ | ૬ અસં૦ | ૨ અસં૦ | ૪ અસં૦ | ૩ સં૦ |
| ૧૩ | વૈમાનિક | ૬ અસં૦ | ૪ સં૦ | ૫ સંખ્ય૦ | ૧ અલ્પ | ૩ સં૦ | ૨ સં૦ |

(૧) લોક ક્ષેત્રના ૬ પ્રકાર કહ્યા છે– (૧) ઊર્ધ્વલોકમાં રહેલા જીવ (૨) અધોલોકમાં રહેલા જીવ (૩) તિરછા લોકમાં રહેલા જીવ (૪) તિરછાલોકની ઉપરનો અંતિમ એક પ્રદેશી પ્રતર અને ઊર્ધ્વલોકની નીચેનો એક પ્રદેશી પ્રતર. આ બંને મળી ઊર્ધ્વલોક તિરછાલોક ક્ષેત્ર છે (૫) તે જ રીતે અધોલોક અને

તિરછાલોકની પાસે એક એક પ્રદેશી બંને પ્રતર મળીને 'અધોલોક તિરછાલોક' ક્ષેત્ર છે. (૬) ઊર્ધ્વલોક તથા અધોલોકના કેટલાક પ્રતર અને તિરછાલોકના સર્વે પ્રતર મળીને ક્ષેત્રાવગાહ બને છે તે ત્રણ લોક ક્ષેત્ર કહેવાય છે.

(૨) ત્રણ લોકમાં અવગાહન કરવાવાળા બે પ્રકારના જીવ હોય છે. (૧) વાટે વહેતા જન્મ સ્થાન પર પહોંચ્યા પૂર્વના માર્ગગામી જીવ (૨) મારણાંતિક સમુદ્ઘાત અવસ્થામાં સમવહત જીવ. તેમાં કેટલાય જીવો ત્રણ લોકની સ્પર્શના અને અવગાહના કરે છે. શેષ પાંચ ક્ષેત્રના પ્રકારોમાં સ્વસ્થાન, ઉત્પાત અને સમુદ્ઘાત ત્રણે પ્રકારના જીવ હોય છે.

(૩) સમભૂમિથી ૯૦૦ યોજન નીચે અને ૯૦૦ યોજન ઉપર કુલ ૧૮૦૦ યોજનનો જાડો અને ચારે તરફ લોકાંત સુધી એટલે એક રજ્જુ પ્રમાણ લાંબો અને પહોળો તિરછોલોક છે. શેષ નીચે લોકાંત સુધી અધોલોક અને ઉપર લોકાંત સુધી ઊર્ધ્વલોક છે.

ઊર્ધ્વલોક ક્ષેત્રથી અધોલોક ક્ષેત્ર કંઈક અધિક છે. કારણ કે ઉપર નીચેની અપેક્ષા લોકમધ્ય સમભૂમિ પર ન હોઈને સમભૂમિથી નીચે અધોલોકમાં છે. ત્યાંથી બંને બાજુ (ઉપર નીચે) ૭-૭ રાજૂ પ્રમાણ લોક છે. માટે નીચો લોક સાધિક સાત રાજૂ છે અને ઊર્ધ્વલોક દેશોન સાત રાજૂ છે.

(૪) અધોલોકમાં સમુદ્રી જળ ૧૦૦ યોજન ઊંડું છે અને તિરછા લોકમાં ૯૦૦ યોજન છે. ઊર્ધ્વ લોકમાં પણ કેટલાય પર્વતીય ક્ષેત્ર છે અને એના પર વાવડીઓ છે. એમાં જળચર, પંચેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવ હોય છે. ત્યાંથી પંચેન્દ્રિય જીવ નરકમાં પણ ઉત્પન્ન થાય છે.

(૫) સોમનસ વન આદિ ઊર્ધ્વલોકમાં છે. ત્યાં વિદ્યાધાર યુગલ ક્રીડા માટે જાય છે. તેથી ઊર્ધ્વલોકમાં મનુષ્ય મનુષ્યાણીઓ હોઈ શકે છે.

(૬) ઊર્ધ્વલોકમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય પણ મનુષ્ય-મનુષ્યાણીની સાથે હોય છે અને વાટે વહેતા તથા સમવહત મનુષ્ય પણ ઊર્ધ્વલોકમાં હોય છે. આ કારણે ઊર્ધ્વલોકમાં મનુષ્ય પણ અસંખ્યગણા કહેલ છે.

(૭) વૈમાનિક દેવોથી વ્યંતરાદિના સમવહત અને વાટે વહેતા દેવ પણ અસંખ્ય ગણા હોય છે.

## (૬) મહાદંડક : ૯૮ બોલોનું અલ્પબહુત્વ :–

૧. સર્વથી થોડા ગર્ભજ મનુષ્ય ૨. મનુષ્યાણી સંખ્યાતગણી ૩. બાદર તેઉકાયના પર્યાપ્ત અસંખ્યાતગણા ૪. અણુત્તર વિમાનના દેવ અસંખ્યગણા ૫. ઉપરી ગ્રૈવેયક ત્રિકના દેવ સંખ્યાતગણા ૬. મધ્યમ ત્રિકના દેવ સંખ્યાતગણા ૭. નીચેની ત્રિકના દેવ સંખ્યાતગણા ૮. બારમા દેવલોકના દેવ સંખ્યાતગણા ૯.



અગિયારમા દેવલોકના દેવ સંખ્યાતગણા ૧૦. દસમા દેવલોકના દેવ સંખ્યાતગણા ૧૧. નવમા દેવલોકના દેવ સંખ્યાતગણા

૧૨. સાતમી નરકના નારકી અસંખ્યાતગણા ૧૩. છટ્ઠી નરકના નારકી અસંખ્યાતગણા ૧૪. આઠમા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૧૫. સાતમા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૧૬. પાંચમી નરકના નૈરયિક અસંખ્યાતગણા ૧૭. છટ્ઠા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૧૮. ચોથી નરકના નૈરયિક અસંખ્યાતગણા ૧૯. પાંચમા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૨૦. ત્રીજી નરકના નૈરયિક અસંખ્યાતગણા ૨૧. ચોથા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૨૨. ત્રીજા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૨૩. બીજી નરકના નૈરયિક અસંખ્યગણા ૨૪. સંમૂર્ચ્છિમ મનુષ્ય અસંખ્યાતગણા

૨૫. બીજા દેવલોકના દેવ અસંખ્યાતગણા ૨૬. બીજા દેવલોકની દેવીઓ સંખ્યાતગણી ૨૭. પહેલા દેવલોકના દેવ સંખ્યાતગણા ૨૮. પહેલા દેવલોકની દેવીઓ સંખ્યાતગણી ૨૯. ભવનપતિ દેવ અસંખ્યાતગણા ૩૦. ભવનપતિ દેવીઓ સંખ્યાતગણી ૩૧. પહેલી નરકના નૈરયિક અસંખ્યાતગણા

૩૨. ખેચર તિર્યંચ પુરુષ અસંખ્યાતગણા ૩૩. ખેચર તિર્યંચાણી સંખ્યાતગણી ૩૪. સ્થળચર તિર્યંચ પુરુષ સંખ્યાતગણા ૩૫. સ્થળચર તિર્યંચાણી સંખ્યાતગણી ૩૬. જળચર તિર્યંચ પુરુષ સંખ્યાતગણા ૩૭. જળચર તિર્યંચાણી સંખ્યાતગણી

૩૮. વાણવ્યંતર દેવ સંખ્યાતગણા ૩૯. વાણવ્યંતર દેવીઓ સંખ્યાતગણી ૪૦. જ્યોતિષી દેવ સંખ્યાતગણા ૪૧. જ્યોતિષી દેવીઓ સંખ્યાતગણી

૪૨. ખેચર સંજ્ઞી નપુંસક સંખ્યાતગણા ૪૩. સ્થળચર સંજ્ઞી નપુંસક સંખ્યાતગણા ૪૪. જળચર સંજ્ઞી નપુંસક સંખ્યાતગણા

૪૫. ચૌરેન્દ્રિયના પર્યાપ્ત સંખ્યાતગણા ૪૬. પંચેન્દ્રિયના પર્યાપ્ત વિશેષાધિક ૪૭. બેઈન્દ્રિયના પર્યાપ્ત વિશેષાધિક ૪૮. તેઈન્દ્રિયના પર્યાપ્ત વિશેષાધિક ૪૯. પંચેન્દ્રિયના અપર્યાપ્ત અસંખ્યાતગણા ૫૦. ચૌરેન્દ્રિયના અપર્યાપ્ત વિશેષાધિક ૫૧. તેઈન્દ્રિયના અપર્યાપ્ત વિશેષાધિક ૫૨. બેઈન્દ્રિયના અપર્યાપ્ત વિશેષાધિક

૫૩. પ્રત્યેક શરીરી વનસ્પતિ પર્યાપ્ત અસંખ્યાતગણા ૫૪. બાદર નિગોદ પર્યાપ્ત અસંખ્યાતગણા ૫૫. બાદર પૃથ્વીકાયના પર્યાપ્ત અસંખ્યાતગણા ૫૬. બાદર અપ્કાયના પર્યાપ્ત અસંખ્યાતગણા ૫૭. બાદર વાયુકાયના પર્યાપ્ત અસંખ્યાતગણા

૫૮. બાદર તેઉકાયના અપર્યાપ્ત અસંખ્યાતગણા ૫૯. પ્રત્યેક શરીરી

વનસ્પતિના અપર્યાપ્ત અસં.ગણા ૬૦. બાદર નિગોદ અપર્યાપ્ત અસંખ્યાતગણા ૬૧. બાદર પૃથ્વીકાયના અપર્યાપ્ત અસંખ્યાતગણા ૬૨. બાદર અપ્કાયના અપર્યાપ્ત અસંખ્યાતગણા ૬૩. બાદર વાયુકાયના અપર્યાપ્ત અસંખ્યાતગણા

૬૪. સૂક્ષ્મ તેઉકાયના અપર્યાપ્ત અસંખ્યાતગણા ૬૫. સૂક્ષ્મ પૃથ્વીકાયના અપર્યાપ્ત વિશેષાધિક ૬૬. સૂક્ષ્મ અપ્કાયના અપર્યાપ્ત વિશેષાધિક ૬૭. સૂક્ષ્મ વાયુકાયના અપર્યાપ્ત વિશેષાધિક ૬૮. સૂક્ષ્મ તેઉકાયના પર્યાપ્ત સંખ્યાતગણા ૬૯. સૂક્ષ્મ પૃથ્વીકાયના પર્યાપ્ત વિશેષાધિક ૭૦. સૂક્ષ્મ અપ્કાયના પર્યાપ્ત વિશેષાધિક ૭૧. સૂક્ષ્મ વાયુકાયના પર્યાપ્ત વિશેષાધિક ૭૨. સૂક્ષ્મ નિગોદ(શરીર) અપર્યાપ્ત અસંખ્યાતગણા ૭૩. સૂક્ષ્મ નિગોદ(શરીર) પર્યાપ્ત સંખ્યાતગણા

૭૪. અભવી અનંત ગણા ૭૫. પડિવાઈ સમ્યગ્દષ્ટિ અનંતગણા ૭૬. સિદ્ધ અનંત ગણા

૭૭. બાદર વનસ્પતિના પર્યાપ્ત અનંત ગણા ૭૮. બાદરના પર્યાપ્ત વિશેષાધિક ૭૯. બાદર વનસ્પતિના અપર્યાપ્ત અસંખ્યાતગણા ૮૦. બાદરના અપર્યાપ્ત વિશેષાધિક ૮૧. બાદર વિશેષાધિક

૮૨. સૂક્ષ્મ વનસ્પતિના અપર્યાપ્ત અસંખ્યાતગણા ૮૩. સૂક્ષ્મના અપર્યાપ્ત વિશેષાધિક ૮૪. સૂક્ષ્મ વનસ્પતિના પર્યાપ્ત સંખ્યાતગણા ૮૫. સૂક્ષ્મના પર્યાપ્ત વિશેષાધિક ૮૬. સૂક્ષ્મ વિશેષાધિક

૮૭. ભવી જીવ વિશેષાધિક ૮૮. નિગોદના જીવ વિશેષાધિક ૮૯. વનસ્પતિ જીવ વિશેષાધિક ૯૦. એકેન્દ્રિય જીવ વિશેષાધિક ૯૧. તિર્યંચ જીવ વિશેષાધિક

૯૨. મિથ્યા દષ્ટિ જીવ વિશેષાધિક ૯૩. અવિરત જીવ વિશેષાધિક ૯૪. સકષાયી જીવ વિશેષાધિક ૯૫. છદ્મસ્થ જીવ વિશેષાધિક ૯૬. સયોગી જીવ વિશેષાધિક ૯૭. સંસારી જીવ વિશેષાધિક ૯૮. સર્વ જીવ વિશેષાધિક

**અલ્પબહુત્વ સંબંધી વિશેષ જ્ઞાતવ્ય :–** (૧) મનુષ્યથી મનુષ્યાણી ઉત્કૃષ્ટ ૨૭ ગણી ૨૭ અધિક છે. દેવથી દેવી ઉકૃષ્ટ ૩૨ ગણી ૩૨ વધુ છે અને સંજ્ઞી તિર્યંચથી તિર્યંચાણી ૩ ગુણી ૩ અધિક.

(૨) વૈમાનિક તથા ભવનપતિ દેવ નારકીથી ઓછા છે પરંતુ વ્યંતર અને જ્યોતિષી દેવ નારકીથી વધુ છે. અતઃ નારકીથી દેવ વધુ છે.

(૩) સંજ્ઞી તિર્યંચ પુરુષ એવં સ્ત્રીથી વ્યંતર જ્યોતિષી દેવ અધિક છે પરંતુ સંજ્ઞી તિર્યંચ નપુંસકના જીવ દેવોથી અધિક છે. આથી દેવથી સમુચ્ચય સંજ્ઞી તિર્યંચ વધુ છે. ત્યારે દેવોનો અંતિમ બોલ ૪૧મો છે અને સંજ્ઞી તિર્યંચ નપુંસકનો અંતિમ બોલ ૪૪મો છે.

(૪) સંમૂર્ચ્છિમ મનુષ્ય અને બાદર તેઉકાયને છોડીને ૪૪ બોલ સુધી સર્વે બોલ



સંજ્ઞીના છે. ૪૫મા બોલથી અસંજ્ઞી જીવ છે. ૪૬ અને ૪૯માં અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એવં સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય બંનેનો સમાવેશ છે.

(૫) બાદરમાં અપર્યાપ્ત અસંખ્યાત ગણા અધિક હોય છે અને સૂક્ષ્મમાં પર્યાપ્ત સંખ્યાતગણા અધિક હોય છે.

(૬) ૫૪,૬૦,૭૨,૭૩ એ ચાર બોલમાં નિગોદ શરીર અપેક્ષિત છે, જીવ નહીં. ૮૮મા બોલમાં નિગોદના જીવ અપેક્ષિત છે. અર્થાત્ ૯૮ બોલમાં ૯૪ બોલ જીવના અને ૪ બોલ શરીરના અપેક્ષિત છે.

(૭) બાદર તેઉકાયના પર્યાપ્ત ઘણાં ઓછા હોય છે, એનો બોલ ત્રીજો છે અને અપર્યાપ્તનો બોલ ૫૮મો છે.

(૮) અનંતના બોલ ૭૪થી પ્રારંભ થાય છે. અર્થાત્ ૭૩ બોલમાં ૭૧ બોલ અસંખ્યના છે. બે બોલ સંખ્યાતના છે. અભવી ચોથા અનંતા જેટલા છે. પડિવાઈ સમદષ્ટિ અને સિદ્ધ પાંચમાં(આઠમા) અનંત જેટલા છે. ભવી આઠમા અનંતમાં છે. સર્વ જીવ પણ આઠમા અનંત જેટલા છે.

(૯) ૨૪,૯૫,૯૭ બોલ અશા✓ત છે. તેઓ ક્રમશઃ સંમૂર્ચ્છિમ મનુષ્ય, ૧૨મા ગુણસ્થાન, ૧૪મા ગુણસ્થાન સાથે સંબંધિત છે. આ બંને ગુણસ્થાન પણ અશા✓ત છે. અર્થાત્ જ્યારે ૧૨મા ગુણસ્થાનમાં કોઈ જીવ નથી હોતા ત્યારે ૯૫મો બોલ નથી બનતો અને જ્યારે ૧૪મા ગુણસ્થાનમાં કોઈ જીવ નથી હોતા ત્યારે ૯૭મો બોલ નથી બનતો.

**અલ્પબહુત્વની અનુપ્રેક્ષા :–** સંસારમાં બધાથી અલ્પ મનુષ્યોની સંખ્યા છે. આટલી લાંબી સૂચિમાં મનુષ્યનું સ્થાન સર્વપ્રથમ છે. આ જ કારણે આગમમાં મનુષ્ય ભવ દુર્લભ કહેવાય છે.

નરકમાં નીચે નીચે જીવોની સંખ્યા ઓછી ઓછી હોય છે. તો દેવોમાં ઉપર જીવોની સંખ્યા ઓછી હોય છે. સાતમી નરકમાં જીવ બધી નરકોથી ઓછા છે. તો અણુત્તર દેવ પણ બધા દેવોથી ઓછા હોય છે. અર્થાત્ લોકમાં અત્યંત પુણ્ય-શાળી જીવ ઓછા હોય છે તો અત્યંત પાપી જીવ પણ ઓછા હોય છે. ઈન્દ્રિયો ઓછી હોય છે, ત્યાં જીવ વધારે હોય છે. અર્થાત્ પંચેન્દ્રિયથી ચૌરેન્દ્રિય અધિક છે. એકેન્દ્રિય સર્વાધિક છે અર્થાત્ વિકાસ પ્રાપ્ત જીવ ઓછા હોય છે. બાવન બોલ સુધી ત્રસ જીવોનું અલ્પબહુત્વ છે. ફક્ત ત્રીજો બોલ સ્થાવરનો છે.

૫૩ થી ૮૬ બોલ સુધી સ્થાવર જીવોનું અલ્પબહુત્વ છે; ૭૪, ૭૫, ૭૬ બોલને છોડીને. ૩૮ થી ૪૪ સુધીના બોલ સંખ્યાત ગણા છે, તે અત્યધિક સંખ્યાતગણા છે. માટે એકાધિક બોલ મળવાથી અસંખ્ય ગણા બની જાય છે. જેમ કે– તિર્યંચણી ૩૭મા બોલથી દેવી(૪૧મો બોલ) અસંખ્યગણી છે. દેવથી

(૪૦-૪૧મા બોલથી) સંજ્ઞી તિર્યંચ(૪૪મો બોલ) અસંખ્યગણા છે.

**નોંધ :–** આ વિશાળ અલ્પબહુત્વમાં અનેક લઘુ અલ્પબહુત્વોનો સમાવેશ થઈ જાય છે અને કેટલાક અલ્પબહુત્વ જીવાભિગમ સૂત્રમાં અને આ સૂત્રમાં એક સરખા છે. તે જીવાભિગમમાં આપવાનું ધ્યાન રાખ્યું છે.

## ચોથું : સ્થિતિ પદ

અહીં ૨૪ દંડકના ક્રમથી જીવોના સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, દેવ-દેવી તથા અન્ય ભેદ-પ્રભેદ કરીને ભવસ્થિતિ–ઉંમરનું નિરૂપણ કર્યું છે. સર્વત્ર અપર્યાપ્તાની સ્થિતિ જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. પર્યાપ્તાની ઉત્કૃષ્ટ સ્થિતિ સમુચ્ચય સ્થિતિથી અંતર્મુહૂર્ત ઓછી હોય છે.

સમુચ્ચય અને પર્યાપ્તોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે, પરંતુ નારકી દેવતામાં સમુચ્ચય જઘન્ય સ્થિતિ ૧૦૦૦૦ વર્ષ આદિની હોય છે. તથા પર્યાપ્તની જઘન્ય ૧૦૦૦૦ વર્ષ આદિમાં અંતર્મુહૂર્ત ઓછી હોય છે. જેમ કે પહેલી નરકમાં પર્યાપ્તાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત ઓછી ૧૦૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ઓછી એક સાગરોપમ છે. સાતમી નરકમાં પર્યાપ્તાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત ઓછી ૨૨ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ઓછી ૩૩ સાગરોપમની છે.

પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આ દસ ઔદારિક દંડકોની સ્થિતિનું વર્ણન પ્રાયઃ જીવાભિગમ સૂત્રમાં કર્યું છે. સાત નરક, ૧૦ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી એવં વૈમાનિક આ ૧૪ દંડકોની સ્થિતિ આ પ્રમાણે છે–

**નારકી અને દેવોની સ્થિતિ :–**

| ક્રમ | નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | પહેલી નરક | ૧૦૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ |
| ૨ | બીજી નરક | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ૩ | ત્રીજી નરક | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪ | ચોથી નરક | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૫ | પાંચમી નરક | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૬ | છઠ્ઠી નરક | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ૭ | સાતમી નરક | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| ૮ | દક્ષિણી અસુરકુમાર દેવ | ૧૦૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ |
| ૯ | દક્ષિણી અસુરકુમાર દેવી | ૧૦૦૦૦ વર્ષ | સાડા ત્રણ પલ્યોપમ |



| ક્રમ | નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૧૦ | ઉત્તરી અસુરકુમાર દેવ | ૧૦૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ સાધિક |
| ૧૧ | ઉત્તરી અસુરકુમાર દેવી | ૧૦૦૦૦ વર્ષ | સાડાચાર પલ્યોપમ |
| ૧૨ | દક્ષિણી નાગકુમારાદિ દેવ | ૧૦૦૦૦ વર્ષ | દોઢ પલ્યોપમ |
| ૧૩ | દક્ષિણી નાગકુમારાદિ દેવી | ૧૦૦૦૦ વર્ષ | પોણો પલ્યોપમ |
| ૧૪ | ઉત્તરી નાગકુમારાદિ દેવ | ૧૦૦૦૦ વર્ષ | દેશોન બે પલ્યોપમ |
| ૧૫ | ઉત્તરી નાગકુમારાદિ દેવી | ૧૦૦૦૦ વર્ષ | દેશોન એક પલ્યોપમ |
| ૧૬ | વાણવ્યંતર દેવ | ૧૦૦૦૦ વર્ષ | ૧ પલ્યોપમ |
| ૧૭ | વાણવ્યંતર દેવી | ૧૦૦૦૦ વર્ષ | અડધો પલ્યોપમ |
| ૧૮ | ચંદ્ર દેવ | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્ય ૧ લાખ વર્ષ |
| ૧૯ | ચંદ્ર દેવી | ૧/૪ પલ્યોપમ | ૧/૨ પલ્ય ૫૦૦૦૦ વર્ષ |
| ૨૦ | સૂર્યદેવ | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્ય ૧૦૦૦ વર્ષ |
| ૨૧ | સૂર્યદેવી | ૧/૪ પલ્યોપમ | ૧/૨ પલ્ય ૫૦૦ વર્ષ |
| ૨૨ | ગ્રહ દેવ | ૧/૪ પલ્યોપમ | એક પલ્યોપમ |
| ૨૩ | ગ્રહ દેવી | ૧/૪ પલ્યોપમ | ૧/૨ પલ્યોપમ |
| ૨૪ | નક્ષત્ર દેવ | ૧/૪ પલ્યોપમ | ૧/૨ પલ્યોપમ |
| ૨૫ | નક્ષત્ર દેવી | ૧/૪ પલ્યોપમ | ૧/૪ પલ્યોપમ સાધિક |
| ૨૬ | તારા દેવ | ૧/૮ પલ્ય | ૧/૪ પલ્યોપમ |
| ૨૭ | તારા દેવી | ૧/૮ પલ્ય | ૧/૮ પલ્ય સાધિક |
| ૨૮ | પહેલા દેવલોકના દેવ | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| ૨૯ | અપરિગ્રહિતા દેવી | ૧ પલ્યોપમ | ૫૦ પલ્યોપમ |
| ૩૦ | પરિગ્રહિતા દેવી | ૧ પલ્યોપમ | ૭ પલ્યોપમ |
| ૩૧ | બીજા દેવલોકના દેવ | ૧ પલ્યોપમ સાધિક | ૨ સાગરોપમ સાધિક |
| ૩૨ | અપરિગ્રહિતા દેવી | ૧ પલ્યોપમ સાધિક | ૫૫ પલ્યોપમ |
| ૩૩ | પરિગ્રહિતા દેવી | ૧ પલ્યોપમ સાધિક | ૯ પલ્યોપમ |
| ૩૪ | ત્રીજો દેવલોક | બે સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૩૫ | ચોથો દેવલોક | બે સાગરોપમ સાધિક | ૭ સાગરોપમ સાધિક |
| ૩૬ | પાંચમો દેવલોક | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૩૭ | છઠ્ઠો દેવલોક | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| ૩૮ | સાતમો દેવલોક | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૩૯ | આઠમો દેવલોક | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |

| | | | |
|---|---|---|---|
| ૪૦ | નવમો દેવલોક | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| ૪૧ | દશમો દેવલોક | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| ૪૨ | અગિયારમો દેવલોક | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| ૪૩ | બારમો દેવલોક | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ૪૪ | પ્રથમ ગ્રૈવેયક | ૨૨ સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| ૪૫ | બીજી ગ્રૈવેયક | ૨૩ સાગરોપમ | ૨૪ સાગરોપમ |
| ૪૬ | ત્રીજી ગ્રૈવેયક | ૨૪ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| ૪૭ | ચોથી ગ્રૈવેયક | ૨૫ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| ૪૮ | પાંચમી ગ્રૈવેયક | ૨૬ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| ૪૯ | છટ્ઠી ગ્રૈવેયક | ૨૭ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| ૫૦ | સાતમી ગ્રૈવેયક | ૨૮ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| ૫૧ | આઠમી ગ્રૈવેયક | ૨૯ સાગરોપમ | ૩૦ સાગરોપમ |
| ૫૨ | નવમી ગ્રૈવેયક | ૩૦ સાગરોપમ | ૩૧ સાગરોપમ |
| ૫૩ | ચાર અણુત્તર વિમાન | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| ૫૪ | સર્વાર્થ સિદ્ધ વિમાન | ૩૩ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

## પાંચમું : પર્યાય(પજ્જવા) પદ

**વિષયનો પ્રારંભિક પરિચય :–** પર્યાય જીવની પણ હોય છે અને અજીવની પણ હોય છે. સમુચ્ચય જીવની અપેક્ષા પર્યાયો– ચાર ગતિના જીવો અને સિદ્ધો છે. ચાર ગતિમાં નારકી આદિની પર્યાયો– અવગાહના, સ્થિતિ, વર્ણાદિ અને જ્ઞાનાદિ છે.

એવી રીતે સમુચ્ચય રૂપી અજીવની પર્યાયો– પરમાણુથી લઈને અનંત પ્રદેશી સ્કંધ છે. પરમાણુ આદિની પર્યાયો– પ્રદેશ, અવગાહના, સ્થિતિ, વર્ણાદિ છે.

નારકી નારકીમાં પરસ્પર અવગાહના આદિ પર્યાયોમાં અંતર હોય છે. એની તુલના કરીને તેની વિચારણા કર્યા પછી એની ચોક્કસ પર્યાયોનું જ્ઞાન થાય છે. એ પ્રમાણે અજીવમાં પણ પરમાણુ-પરમાણુમાં અથવા સ્કંધમાં પરસ્પર પર્યાયોના અંતરનો વિચાર કરી શકાય છે.

અહીં આ પદમાં પહેલાં જીવની પર્યાયોની વિચારણા કરી છે અને પછી અજીવની પર્યાયોની. આ આખી વિચારણા સંપૂર્ણ દંડકની કે જીવના ભેદની અપેક્ષાએ કરાઈ છે અર્થાત્ વિવક્ષિત અનેક જીવોની મુખ્યતાથી તુલનાત્મક ધોરણે કથન કર્યું છે. જેમ કે જઘન્ય અવગાહનાવાળા નૈરયિકો જઘન્ય અવગાહનાવાળા



નૈરયિકોથી સ્થિતિમાં 'ચૌઠાણ વડિયા' છે. અત્રે જઘન્ય અવગાહનાના સમસ્ત નૈરયિક વિવક્ષિત છે, ફક્ત બે નૈરયિકો નહીં. અગર બે નૈરયિકની વિવક્ષા હોય તો ચૌઠાણ વડિયા કે છઠાણ વડિયા નહીં પણ એકઠાણ વડિયા જ બને છે. આથી જીવ અજીવની આ પ્રકરણની સમસ્ત પૃચ્છાઓમાં વિવક્ષિત સામાન્ય પૃચ્છા છે. વ્યક્તિગત પૃચ્છા નથી.

**અનંત પર્યાય :–** (૧) સમુચ્ચય જીવની પર્યાય અનંત છે કારણ કે ત્રેવીસ દંડકના જીવ અસંખ્ય છે. વનસ્પતિ અને સિદ્ધ જીવ અનંત છે. તેથી બધા મળીને જીવના અનંત વિકલ્પ, ભેદ, અવસ્થા હોય છે, તેથી જીવની અનંત પર્યાય છે.

(૨) નારકીની પણ અનંત પર્યાય છે, કારણ કે નારકી નારકીમાં પણ અનંત ગણા પર્યાયોના અંતર હોઈ શકે છે, અર્થાત્ કોઈ નારકી જીવ બીજા નારકી જીવોથી એક આત્મદ્રવ્યની અપેક્ષા તુલ્ય છે; અસંખ્ય આત્મા પ્રદેશોની અપેક્ષા પણ તુલ્ય છે; અવગાહનામાં બે ગણું આદિ સંખ્યાત ગણું અંતર છે. સ્થિતિમાં અસંખ્યાત ગણું તેમજ વર્ણાદિ ૨૦ બોલમાં અનંત ગણું અને જ્ઞાનાદિમાં પણ અનંત ગણું અંતર હોય છે. છેવટે બધામાં મળી સરવાળે અનંત ગણું અંતર થઈ જાય.

આ પ્રમાણે ૨૪ દંડકના જીવોની અનંત પર્યાય છે. અર્થાત્ સ્વયંના દંડકવર્તી જીવોની સાથે પરસ્પર કોઈ પર્યાયની અપેક્ષા અનંતગણું અંતર હોય છે. આ રીતે જીવોની પર્યાય પણ અનંત છે અને ૨૪ દંડકના જીવોની પર્યાય પણ અનંત છે.

આ પર્યાયને જાણવા, સમજવા માટે ૬ બોલોની વિચારણા છે– **૧.** જીવ દ્રવ્ય– એક જ છે, **૨.** પ્રદેશ–સર્વેના આત્મ પ્રદેશ તુલ્ય અસંખ્ય છે, **૩.** અવગાહના, **૪.** સ્થિતિ, **૫.** વર્ણાદિ, **૬.** જ્ઞાનાદિ, જેમાં અવગાહના સ્થિતિ અને જ્ઞાન પ્રત્યેક દંડકમાં જીવાભિગમ સૂત્રની પ્રથમ પ્રતિપત્તિમાં વર્ણવેલ અનુસાર છે. વર્ણાદિ ૨૦ બોલમાં વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, સ્પર્શ ૮ છે.

અનંતગુણ, અસંખ્યગુણ, સંખ્યાત ગુણ આદિ અંતરને સમજવા માટે સાંકેતિક નામ નીચે મુજબ છે.

**એકઠાણ વડિયા :–** એક સ્થાનનું અંતર જ્યાં હોય છે, તેને ''એકઠાણ વડિયા'' કહે છે. તેમાં **(૧)** અસંખ્યાતમો ભાગ હીન અને અસંખ્યાતમો ભાગ અધિક આ એક સ્થાન અંતર રૂપમાં હોય છે.

**દુઠાણ વડિયા :–** બે સ્થાનનું જ્યાં અંતર હોય છે, તેને 'દુઠાણ વડિયા' કહે છે. તેમાં **(૨)** સંખ્યાતમા ભાગ ઓછા અને સંખ્યાતમા ભાગ અધિક, આ સ્થાન વધવાથી બે સ્થાન અંતર રૂપમાં હોય છે.

**તિઠાણ વડિયા :–** એમાં **(૩)** સંખ્યાતગુણ ઓછા અને સંખ્યાતગુણ અધિક આ સ્થાન વધ્યું.

**ચૌઠાણ વડિયા :–** એમાં (૪) અસંખ્યાત ગુણ ઓછા અને અસંખ્યાત ગુણ અધિક હોય છે. આ સ્થાન વધ્યું.

**છઠાણ વડિયા :–** આમાં (૫) અનંતમાં ભાગ ઓછા અને અનંતમાં ભાગ અધિક, (૬) અનંત ગુણ ઓછા અને અનંત ગુણ અધિક; આ બે સ્થાન વધે છે. ***પાંચ ઠાણ વડિયા કોઈ બોલ નથી બનતો માટે એનું સંકેત નામ કહેવામાં નથી આવ્યું.***

**અવગાહનાથી પર્યાય :–** સમુચ્ચય જીવ દ્રવ્યના અને દંડકગત સમુચ્ચય જીવની પર્યાય કહ્યા પછી એના જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અવગાહના, સ્થિતિ વર્ણાદિ, જ્ઞાનાદિની અપેક્ષા પર્યાયની વિચારણા આ પ્રકારની છે.

જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિક પરસ્પર દ્રવ્ય, પ્રદેશ અને અવગાહનાથી તુલ્ય છે; સ્થિતિથી ચૌઠાણ વડિયા(અસંખ્ય ગણું અંતર) હોય છે, વર્ણાદિ ૨૦ બોલ અને ૯ ઉપયોગની અપેક્ષાએ છઠાણ વડિયા(અનંત ગણું અંતર) હોય છે.

મધ્યમ અવગાહનામાં વિશેષતા એ છે કે– અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણ વડિયા(અસંખ્ય ગણું) અંતર હોય છે. આ રીતે સર્વ પર્યાયોની અપેક્ષા સર્વે મળીને અનંત ગણું પર્યાયમાં અંતર થઈ જાય છે. તેથી આ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નારકીની પણ અનંત અનંત પર્યાય છે.

તે જ રીતે જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિકની પણ અનંત પર્યાય સમજવી. સ્વયંના જઘન્ય ઉત્કૃષ્ટ બોલમાં તુલ્ય હોય છે અને મધ્યમમાં સ્થિતિ ચૌઠાણ વડિયા હોય છે.

આ પ્રકારે જઘન્ય અને ઉત્કૃષ્ટ ગુણ કાળામાં દ્રવ્ય પ્રદેશ તુલ્ય, અવગાહના સ્થિતિ, ચૌઠાણ વડિયા વર્ણાદિ ૧૯ બોલ ૯ ઉપયોગની અપેક્ષાએ છઠાણ વડિયા અને કાલા વર્ણની અપેક્ષા તુલ્ય હોય છે. મધ્યમ ગુણ કાળામાં વિશેષતા એ છે કે વર્ણાદિ ૨૦ બોલમાં છઠાણ વડિયા છે.

તે જ રીતે જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ મતિજ્ઞાની આદિ સમજવું. વિશેષમાં જ્ઞાન અજ્ઞાનમાં ઉપયોગ ૬ કહેવા, દર્શનમાં ૯ ઉપયોગ કહેવા, જઘન્ય ઉત્કૃષ્ટમાં સ્વયંને છોડીને શેષને છઠાણ વડિયા કહેવું, મધ્યમમાં સ્વયં સહિત છઠાણ વડિયા કહેવું. આ જ રીતે ૨૪ દંડકમાં કહેવું. વિશેષતાઓ ચાર્ટથી જાણવી.

**ચાર્ટ સૂચના :–** જીવના પર્યવ, દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષા સર્વત્ર તુલ્ય જ હોય છે. જે વર્ણની પૃચ્છા થાય છે, તેના જઘન્ય અને ઉત્કૃષ્ટમાં ખુદની અપેક્ષા તુલ્ય હોય છે, શેષ ૧૯ની અપેક્ષા છઠાણ વડિયા હોય છે. જઘન્ય-ઉત્કૃષ્ટ જ્ઞાન, અજ્ઞાન, દર્શનમાં પણ જેની પૃચ્છા છે, તેની સ્વયંની અપેક્ષા તુલ્ય હોય છે. શેષ જ્ઞાન, અજ્ઞાન, દર્શન જે પણ જ્યાં લાભે છે તે છઠાણ વડિયા હોય છે. મધ્યમમાં સ્વયંના પણ છઠાણ વડિયા હોય છે. ચાર્ટમાં દ્રવ્ય અને પ્રદેશનું કોલમ નથી તેમજ વર્ણાદિ અને જ્ઞાનાદિમાં તુલ્યનું કોલમ નથી, તેને સ્વતઃ સમજી લેવું જોઈએ.



## નારકી જીવોના પર્યવ :–

| નારકી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ૦ | જ્ઞાનાદિથી છઠાણ વ૦ |
|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | દુઠાણ વડિયા[1] | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| મધ્યમ અવગાહના | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| જઘન્ય સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| મધ્યમ સ્થિતિ | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| જઘન્ય ગુણ કાળો | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૧૯ બોલ | ૯ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૧૯ બોલ | ૯ ઉપયોગ |
| મધ્યમ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| જઘન્ય મતિજ્ઞાની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૩ દર્શન |
| ઉત્કૃષ્ટ મતિજ્ઞાની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ મતિજ્ઞાની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય ચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૮ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ ચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૮ ઉપયોગ |
| મધ્યમ ચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૯ ઉપયોગ |

[**નોંધ :–** *કાળા વર્ણની સમાન શેષ વર્ણાદિનું વર્ણન છે. મતિજ્ઞાનની જેમ શેષ જ્ઞાન-અજ્ઞાનનું વર્ણન છે. અજ્ઞાનમાં ત્રણ જ્ઞાન નથી હોતા. ચક્ષુ દર્શનની જેમ શેષ દર્શન પણ છે. વ૦= વડિયા*]

***નારકીની જેમ ૧૦ ભવનપતિનું*** સંપૂર્ણ વર્ણન છે, પરંતુ ઉત્કૃષ્ટ અવગાહનામાં નારકીની સ્થિતિ દુઠાણવડિયા છે. ભવનપતિમાં ચૌઠાણ વડિયા છે.

## પૃથ્વી આદિ પાંચ સ્થાવરના પર્યવ :–

| પૃથ્વી કાયાદિ ૫ | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ૦ | જ્ઞાનાદિથી છઠાણ વ૦ |
|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| મધ્યમ અવગાહના | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |

| | | | | |
|---|---|---|---|---|
| જઘન્ય સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| મધ્યમ સ્થિતિ | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| જઘન્ય ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૧૯ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૧૯ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| મધ્યમ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |
| જઘન્ય મતિ અજ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૧ અજ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ મતિ અજ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૧ અજ્ઞાન ૧ દર્શન |
| મધ્યમ મતિ અજ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન |

**બેઇન્દ્રિય જીવોના પર્યવ :–**

| પૃથ્વી કાયાદિ ૫ | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ૰ | જ્ઞાનાદિથી છઠાણ વ૰ |
|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૫ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન(૨) |
| મધ્યમ અવગાહના | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૫ ઉપયોગ |
| જઘન્ય સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૧ દર્શન(૩) |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ચૌઠાણ વડિયા | તુલ્ય | ૨૦ બોલ | ૫ ઉપયોગ |
| મધ્યમ સ્થિતિ | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૫ ઉપયોગ |
| જઘન્ય ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૧૯ બોલ | ૫ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૧૯ બોલ | ૫ ઉપયોગ |
| મધ્યમ ગુણ કાળો | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૫ ઉપયોગ |
| જઘન્ય મતિ જ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૧ જ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ મતિ જ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૧ જ્ઞાન ૧ દર્શન |
| મધ્યમ મતિ જ્ઞાની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૩ ઉપયોગ |
| જઘન્ય અચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન |
| ઉત્કૃષ્ટ અચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન |
| મધ્યમ અચક્ષુ દર્શની | ચૌઠાણ વડિયા | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૫ ઉપયોગ |

એવી જ રીતે **તેઇન્દ્રિય** અને **ચૌરેન્દ્રિય**નું વર્ણન છે, પરંતુ ચૌરેન્દ્રિયમાં ચક્ષુ દર્શન અધિક હોય છે. તેથી ૫ ઉપયોગની જગ્યાએ ૬ ઉપયોગ સમજવા; ૨,૩,૪ ઉપયોગના સ્થાને ક્રમશ ૩,૪,૫ ઉપયોગ સમજવા.



**તિર્યંચ પંચેન્દ્રિયના પર્યવ :–**

| તિર્યંચ પંચેન્દ્રિય | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ૰ | જ્ઞાનાદિથી છઠાણ વ૰ |
|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ૨ દર્શન(૬) |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ અજ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ અવગાહના | ચૌ. વ. | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ અજ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય સ્થિતિ | ચૌ. વ. | તુલ્ય | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૨ દર્શન(૭) |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ચૌ. વ. | તુલ્ય | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ૨ દર્શન(૮) |
| મધ્યમ સ્થિતિ | ચૌ. વ. | ચૌઠાણ વ૰ | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| જઘન્ય ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ૰ | ૧૯ બોલ | ૯ ઉપયોગ |
| ઉત્કૃષ્ટ ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ૰ | ૧૯ બોલ | ૯ ઉપયોગ |
| મધ્યમ ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ૰ | ૨૦ બોલ | ૯ ઉપયોગ |
| જઘન્ય મતિ જ્ઞાની | ચૌ. વ. | ચૌઠાણ વ૰ | ૨૦ બોલ | ૧ જ્ઞાન ૨ દર્શન(૯) |
| ઉત્કૃષ્ટ મતિ જ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૰(૪) | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ મતિ જ્ઞાની | ચૌ. વ. | ચૌઠાણ વ૰ | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૰(૫) | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૩ દર્શન |
| ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૰ | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |

***નોંધ :– મતિજ્ઞાનની જેમ શ્રુતજ્ઞાન છે. ત્રણ જ્ઞાનની જેમ ત્રણ અજ્ઞાનનું વર્ણન છે. ચક્ષુ, અચક્ષુ દર્શન મતિજ્ઞાનની જેમ છે. અવધિ દર્શન અવધિ જ્ઞાનની જેમ છે. પરંતુ ઉપયોગ ૫ અને ૬ ના સ્થાન પર ૮ અને ૯ છે.***

**મનુષ્યના પર્યવ :–** [ચાર્ટમાં ઉપ૰ = ઉપયોગ]

| તિર્યંચ પંચેન્દ્રિય | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ૰ | જ્ઞાનાદિથી છઠાણ વ૰ |
|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તિઠાણ વડિયા(૧૦) | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૨ અજ્ઞાન ૩ દર્શન(૧૪) |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | એકઠાણ વડિયા(૧૧) | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ૨ દર્શન(૧૫) |

| | | | | |
|---|---|---|---|---|
| મધ્યમ અવગાહના | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ | ૧૦ ઉપ૦ / ૨ તુલ્ય |
| જઘન્ય સ્થિતિ | ચૌ. વ. | તુલ્ય | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૨ દર્શન[૧૬] |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ચૌ. વ. | તુલ્ય | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ૨ દર્શન[૧૭] |
| મધ્યમ સ્થિતિ | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ | ૧૦ ઉપ૦ / ૨ તુલ્ય |
| જઘન્ય ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૧૯ બોલ | ૧૦ ઉપ૦ / ૨ તુલ્ય |
| ઉત્કૃષ્ટ ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૧૯ બોલ | ૧૦ ઉપ૦ / ૨ તુલ્ય |
| મધ્યમ ગુણ કાળો | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ | ૧૦ ઉપ૦ / ૨ તુલ્ય |
| જઘન્ય મતિ જ્ઞાની | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ | ૧ જ્ઞાન ૨ દર્શન[૧૮] |
| ઉત્કૃષ્ટ મતિ જ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૦[૧૨] | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ મતિ જ્ઞાની | ચૌ. વ. | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણવ૦[૧૩] | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |
| ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૩ જ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ અવધિજ્ઞાની | ચૌ. વ. | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય વિભંગજ્ઞાની | તિ. વ.[૧૯] | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૩ દર્શન |
| ઉત્કૃષ્ટ વિભંગજ્ઞાની | તિ. વ. | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૨ અજ્ઞાન ૩ દર્શન |
| મધ્યમ વિભંગજ્ઞાની | તિ. વ. | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૩ અજ્ઞાન ૩ દર્શન |
| કેવલ જ્ઞાન | ચૌ. વ.[૨૦] | તિઠાણ વ૦ | ૨૦ બોલ | બે થી તુલ્ય |
| જઘન્ય ચક્ષુ દર્શન | ચૌ. વ. | તિઠાણ વડિયા[૨૧] | ૨૦ બોલ | ૨ જ્ઞાન ૨ અજ્ઞાન ૧ દર્શન |
| ઉત્કૃષ્ટ ચક્ષુ દર્શન | ચૌ. વ. | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ અજ્ઞાન ૨ દર્શન |
| મધ્યમ ચક્ષુ દર્શન | ચૌ. વ. | ચૌઠાણ વડિયા | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ અજ્ઞાન ૩ દર્શન |
| જઘન્ય અવધિ દર્શન | ચૌ. વ. | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ અજ્ઞાન ૨ દર્શન |
| ઉત્કૃષ્ટ અવધિ દર્શન | ચૌ. વ. | તિઠાણ વડિયા | ૨૦ બોલ | ૪ જ્ઞાન ૩ અજ્ઞાન ૨ દર્શન |
| મધ્યમ અવધિ દર્શન | ચૌ. વ. | તિઠાણ વ૦ | ૨૦ બોલ | ૧૦ ઉપયોગ |

***નોંધ :– મતિજ્ઞાનની જેમ શ્રુતજ્ઞાનનું વર્ણન છે. બંને જ્ઞાનની જેમ અજ્ઞાનનું વર્ણન છે. અવધિજ્ઞાનની જેમ મનઃ પર્યવજ્ઞાનનું વર્ણન છે. પરંતુ અવગાહના, સ્થિતિ બંને તિઠાણ વડિયા છે. ચક્ષુ દર્શનની જેમ અચક્ષુ દર્શનનું વર્ણન છે. કેવળ જ્ઞાનની જેમ કેવળ દર્શનનું વર્ણન છે.***



**વાણ વ્યંતર-જ્યોતિષી**નું ભવનપતિની જેમ વર્ણન છે. **વૈમાનિક** નું પણ તે જ રીતે વર્ણન છે. પરંતુ સ્થિતિ ચૌઠાણ વડિયાના સ્થાન પર તિઠાણ વડિયા છે.

## ચાર્ટમાં આપેલાં ટિપ્પણાંકો સંબંધી સ્પષ્ટીકરણ :–

**૧.** ઉત્કૃષ્ટ અવગાહના સાતમી નરકમાં ૫૦૦ ધનુષ્યની છે, ત્યાં સ્થિતિ જઘન્ય ૨૨ સાગર, ઉત્કૃષ્ટ તેત્રીસ સાગર છે. જે પરસ્પર બે ગણી (અસંખ્યાતગણી) નથી, તેથી અસંખ્યાતમા ભાગ અને સંખ્યાતમા ભાગ; એ બે પ્રકારે અંતર હોવાથી 'દુઠાણ વડિયા' છે.

**૨.** ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બેઈન્દ્રિય મિથ્યાદષ્ટિ જ હોય છે. સાસ્વાદન સમ્યક્ત્વ ત્યાં કેવલ અપર્યાપ્તમાં અંગુલના અસંખ્યાતમા ભાગની જઘન્ય એવં મધ્યમ અવગાહનામાં જ હોય છે અતઃ ઉત્કૃષ્ટમાં જ્ઞાન નથી.

**૩.** જઘન્ય સ્થિતિ, બેઈન્દ્રિયમાં અપર્યાપ્ત મરનારની હોય છે, સાસ્વાદન સમકિત લઈને આવેલા પર્યાપ્ત થઈને જ મરે છે, તેથી જઘન્ય સ્થિતિમાં જ્ઞાન નથી.

**૪.** ઉત્કૃષ્ટ મતિજ્ઞાન તિર્યંચના યુગલિયામાં નથી હોતા, માટે સ્થિતિ તિઠાણ છે, કારણ કે મનુષ્ય તિર્યંચમાં સ્થિતિ ચૌઠાણ વડિયા યુગલિકોના કારણે જ હોય છે.

**૫.** અવધિજ્ઞાની, મનપર્યવ જ્ઞાની અને વિભંગજ્ઞાની મનુષ્ય-તિર્યંચમાં સ્થિતિ તિઠાણ વડિયા જ હોય છે, યુગલિકોમાં તે જ્ઞાન ન હોવાથી.

**૬.** જઘન્ય અવગાહનાવાળા તિર્યંચ અપર્યાપ્ત હોય છે અને અપર્યાપ્ત તિર્યંચમાં અવધિજ્ઞાન, વિભંગજ્ઞાન અને અવધિ દર્શન હોતા નથી.

**૭.** જઘન્ય સ્થિતિના તિર્યંચ પણ અપર્યાપ્ત મરવાવાળા હોય છે. તેમાં સમકિત અને જ્ઞાન નથી.

**૮.** ઉત્કૃષ્ટ સ્થિતિ તિર્યંચમાં યુગલિયાની હોય, તેમાં અવધિ–વિભંગ નથી હોતા.

**૯.** જઘન્ય મતિજ્ઞાનમાં અવધિ-વિભંગજ્ઞાન હોતા નથી.

**૧૦.** તિર્યંચ-મનુષ્યમાં જઘન્ય અવગાહના યુગલિયામાં હોતી નથી, તેથી સ્થિતિ તિઠાણ વડિયા જ હોય છે.

**૧૧.** ઉત્કૃષ્ટ અવગાહનાનો મનુષ્ય યુગલિક જ હોય છે. યુગલિયામાં પરસ્પર ઉંમર(સ્થિતિ)નું અંતર અત્યંત થોડું જ, અસંખ્યાતમાં ભાગ માત્રનું હોય છે. તેથી સ્થિતિ એકઠાણ વડિયા હોય છે.

**૧૨-૧૩.** ઉત્કૃષ્ટ મતિજ્ઞાન પણ યુગલિયામાં હોતું નથી. અવધિજ્ઞાન પણ યુગલિયામાં હોતું નથી, તેથી બંનેમાં સ્થિતિ તિઠાણ વડિયા થઈ શકે છે.

**૧૪.** મનુષ્ય પરભવથી વિભંગજ્ઞાન લાવતો નથી, તેથી જઘન્ય અવગાહનામાં અજ્ઞાન બે જ હોય છે. **૧૫.** ઉત્કૃષ્ટ અવગાહના મનુષ્યમાં યુગલિયાની જ હોય છે. તેથી અવધિ- વિભંગજ્ઞાન નથી.

**૧૬.** જઘન્ય સ્થિતિ મનુષ્યમાં અપર્યાપ્ત મરવાવાળાની હોય છે, તેમાં સમકિત જ્ઞાન નથી હોતું. **૧૭.** ઉત્કૃષ્ટ સ્થિતિ મનુષ્યમાં યુગલિયાની હોય છે. જેથી એમાં અવધિ- વિભંગજ્ઞાન નથી. **૧૮.** જઘન્ય મતિજ્ઞાની મનુષ્યમાં પણ અવધિ વિભંગ હોતું નથી. **૧૯.** ટિપ્પણી નં. ૪–૫ જુઓ. **૨૦.** કેવળી સમુદ્ઘાતની અપેક્ષા કેવળજ્ઞાનીમાં અવગાહના ચૌઠાણ હોય છે. અન્યથા તે સાત હાથ અને ૫૦૦ ધનુષ્યમાં તિઠાણ વડિયા જ થઈ શકે છે.

**૨૧.** જઘન્ય ચક્ષુદર્શન યુગલિયામાં નથી; તેથી મનુષ્ય, તિર્યંચના જઘન્ય ચક્ષુ દર્શનમાં સ્થિતિ તિઠાણ વડિયા કહેવી જોઈએ. મૂળપાઠમાં મતિજ્ઞાનની ભલામણ હોવાથી એ સ્પષ્ટ નથી કરી શકાયું. જઘન્ય મતિજ્ઞાન તો યુગલિયામાં હોઈ શકે છે, કારણ કે તેનો સંબંધ શરીર સાથે નથી, પરંતુ ચક્ષુ દર્શન(આંખો)નો સંબંધ શરીર સાથે છે. વિશાળ શરીરમાં જઘન્ય ચક્ષુ દર્શન યુગલિયામાં માનવું સંગત નથી. ભલામણમાં એવા સૂક્ષ્મ તત્ત્વો ઘણી જગ્યાએ સ્પષ્ટ થતા રહી જાય છે.

## અજીવ પજ્જવા(પર્યવ) :–

રૂપી પુદ્ગલની અપેક્ષા અજીવ પર્યવ અનંત છે, કારણ કે પરમાણુ અનંત છે અને દ્વિપ્રદેશીથી લઈને અનંત પ્રદેશી સુધી સર્વે પુદ્ગલ અનંત-અનંત છે.

પરમાણુ પુદ્ગલના પર્યવ પણ અનંત છે. તે પ્રમાણે અનંત પ્રદેશી સ્કંધના પર્યવ પણ અનંત છે, કારણ કે પરમાણુ પરમાણુમાં સ્થિતિનો અસંખ્યગણો ફરક હોઈ શકે છે. અર્થાત્ પરમાણુઓમાં સ્થિતિની અસંખ્ય પર્યાયો હોય છે અને વર્ણાદિની અનંત પર્યાય હોય છે, તેથી કુલ મળીને અનંત પર્યાય થઈ જાય છે.

આ પ્રકારે દ્વિપ્રદેશીથી લઈને અનંત પ્રદેશી સુધી સર્વેની અનંત પર્યાય છે. તે જ રીતે જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અવગાહના, સ્થિતિ અને વર્ણાદિની અપેક્ષા પણ અનંત અનંત પર્યાય છે. અન્ય વિશેષ માહિતી ચાર્ટથી જાણવી.

***નોંધ :– દ્રવ્યની અપેક્ષા સર્વત્ર સમાન જ હોય છે. વર્ણાદિની પૃચ્છામાં જેની પૃચ્છા હોય તેની સ્વયંની અપેક્ષા તુલ્ય જ હોય છે. શેષની અપેક્ષા છઠાણ વડિયા હોય છે. અતઃ સમાનતા હોવાથી એ કોલમ ચાર્ટમાં નથી આપ્યા.***

| નામ | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ. |
|---|---|---|---|---|
| પરમાણુ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ[૧] |
| દ્વિપ્રદેશી | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| ત્રણપ્રદેશી | તુલ્ય | ૨ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| ચારથી દસપ્રદેશી | તુલ્ય | ૩ થી ૯ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |



| નામ | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ. |
|---|---|---|---|---|
| સંખ્યાતપ્રદેશી | દુઠાણ વ૦ | દુઠાણ વ૦[૨] | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| અસંખ્યાતપ્રદેશી | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| અનંતપ્રદેશી | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| એક પ્રદેશ અવ૦ પુ૦ | છઠાણ વ૦ | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| ૨-૧૦ પ્રદેશ અવ૦ પુ૦ | છઠાણ વ૦ | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| સંખ્યાત પ્રદેશ અવ૦ પુ૦ | છઠાણ વ૦ | દુઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| અસં૦ પ્રદેશ અવ૦ પુ૦ | છઠાણ વ૦ | ચૌઠાણવ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| ૧ સમય સ્થિતિના પુ૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | તુલ્ય | ૨૦ બોલ |
| ૨-૧૦ સમય ના પુ૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | તુલ્ય | ૨૦ બોલ |
| સંખ્યાત સમયના પુ૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | દુઠાણ વ૦ | ૨૦ બોલ |
| અસં૦ સમયના પુ૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| એક ગુણ કાળા | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯ બોલ |
| બે થી દસ ગુણ કાળા | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯ બોલ |
| સંખ્યાત ગુણ કાળા | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯/૧ દુઠાણ વ૦ |
| અસંખ્યાત ગણા કાળા | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૯/૧ચૌઠાણ વ૦ |
| અનંત ગુણ કાળા | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |
| જ૦ ઉ૦ અવ૦ બે પ્રદેશી[૩] | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ મ૦ઉ૦ અવ૦નાઉ પ્રદે૦ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ અવ૦ના ૪ પ્રદે૦ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| મ૦ અવ૦ ના ૪ પ્રદેશી | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ અવ૦ના ૧૦ પ્રદે૦ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| મ૦ અવ૦ ના ૧૦ પ્રદેશી | તુલ્ય | ૭ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ અવ૦ના સં૦ પ્રદે૦ | દુઠાણ વ૦ | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| મ૦ અવ૦ ના સં૦ પ્રદેશી | દુઠાણ વ૦ | દુઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ ઉ૦ અવ૦ અસં૦ પ્રદે૦ | ચૌઠાણ વ૦ | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| મ૦ અવ૦અસં૦ પ્રદેશી | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| જ૦ અવ૦નાઅનંત પ્રદે૦ | છઠાણ વ૦ | તુલ્ય | ચૌઠાણ વ૦ | ૧૬ બોલ |
| ઉ૦ અવ૦ના અનંતપ્રદે૦ | છઠાણ વ૦ | તુલ્ય | તુલ્ય[૯] | ૧૬ બોલ |
| મ૦ અવ૦ ના અનંતપ્રદે૦ | છઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ચૌઠાણ વ૦ | ૨૦ બોલ |

| નામ | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ. |
|---|---|---|---|---|
| જ○ ઉ○ સ્થિ○ના પરમાણુ[૪] | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ૧૬ બોલ |
| મ○ સ્થિતિના પરમાણુ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ○ | ૧૬ બોલ |
| જ○ ઉ○સ્થિ○ના દ્વિપ્રદે○ | તુલ્ય | એક પ્રદેશ હીનાધિક | તુલ્ય | ૧૬ બોલ |
| મ○ સ્થિ○ના દ્વિપ્રદેશી | તુલ્ય | એક પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ○ | ૧૬ બોલ |
| જ○ ઉ○સ્થિના દસપ્રદે○ | તુલ્ય | ૯ પ્રદેશ હીનાધિક | તુલ્ય | ૧૬ બોલ |
| મ○ સ્થિતિના દસપ્રદેશી | તુલ્ય | ૯ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ○ | ૧૬ બોલ |
| જ○ ઉ○ સ્થિ○ સં○ પ્રદે○ | દુઠાણ વ○ | દુઠાણ વ○ | તુલ્ય | ૧૬ બોલ |
| મ○ સ્થિતિના સં○ પ્રદે○ | દુઠાણ વ○ | દુઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૬ બોલ |
| જ○ ઉ○ સ્થિ○ અસં○ પ્રદે○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | તુલ્ય | ૧૬ બોલ |
| મ○ સ્થિ○ના અસં○ પ્રદે○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૬ બોલ |
| જ○ ઉ○ સ્થિ○ના અનં○ પ્ર○ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | તુલ્ય | ૨૦ બોલ |
| મ○સ્થિ○ના અનંત પ્ર○ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૨૦ બોલ |
| જ○ ઉ○ ગુણ કાળા પરમાણુ[૫] | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ○ | ૧૧/૧ |
| મ○ ગુણ કાળા પરમાણુ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ○ | ૧૨ બોલ |
| જ○ ઉ○ ગુણ કાળા દ્વિપ્રદેશી | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ○ | ૧૫ બોલ |
| મ○ ગુણ કાળા દ્વિપ્રદેશી | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ○ | ૧૬ બોલ |
| જ. ઉ. મ. ગુણ કાળા દસ પ્રદે. | તુલ્ય | ૯ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ○ | ૧૫/૧૬ |
| જ○ ઉ○ ગુણ કાળા સં○ પ્ર○ | દુઠાણ વ○ | દુઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૫/૧ |
| મ○ ગુણ કાળા સં○ પ્ર○ | દુઠાણ વ○ | દુઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૬ બોલ |
| જ.ઉ.ગુણ કાળા અસં.પ્ર. | ચૌઠાણ વ○ | ચૌઠાણ | ચૌઠાણ વ○ | ૧૫/૧ |
| મ○ ગુણ કાળા અસં○ પ્રદે○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૬ બોલ |
| જ. ઉ. ગુણ કાળા અનં. પ્રદે. | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૯/૧ |
| મ○ ગુણ કાળા અનંત પ્ર○ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૨૦ બોલ |
| જ○ ઉ○ કર્કશ અનંતપ્ર○ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૯/૧ |
| મ○ કર્કશ અનંતપ્રદેશી | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૨૦ |
| જ○ ઉ○ મ○ શીત[૬] પરમાણુ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણ વ○ | ૧૪/૧૫ |
| જ○ ઉ○મ○ શીત દ્વિપ્રદેશી | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ○ | ૧૫/૧૬ |
| જ○ ઉ○ મ○ શીત દસ પ્ર○ | તુલ્ય | ૯ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ○ | ૧૫/૧૬ |
| જ○ ઉ○ મ○ શીત સં○ પ્ર○ | દુઠાણ વ○ | દુઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૫/૧૬ |



| નામ | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી છઠાણ વ. |
|---|---|---|---|---|
| જ○ ઉ○ મ○ શીત અસં○ પ્ર○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૫/૧૬ |
| જ○ઉ○મ○શીત અનંતપ્ર○ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૯/૨૦ |
| જ○ પ્રદેશી સ્કંધ | તુલ્ય | ૧ પ્રદેશ હીનાધિક | ચૌઠાણ વ○ | ૧૬ બોલ[૭] |
| ઉ○ પ્રદેશી સ્કંધ | તુલ્ય | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૨૦ બોલ |
| મધ્યમ પ્રદેશી સ્કંધ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૨૦ બોલ |
| જ○ અવ○ના પુદ્ગલ | છઠાણ વ○ | તુલ્ય | ચૌઠાણ વ○ | ૧૬ બોલ[૮] |
| ઉ○ અવ○ના પુદ્ગલ | છઠાણ વ○ | તુલ્ય | તુલ્ય | ૧૬ બોલ |
| મ○ અવ○ના પુદ્ગલ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૨૦ બોલ |
| જ○ ઉ○ સ્થિતિના પુદ્ગલ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | તુલ્ય | ૨૦ બોલ |
| મ○ સ્થિતિના પુદ્ગલ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૨૦ બોલ |
| જ○ ઉ○ ગુણ કાળા પુદ્ગલ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૧૯/૧ |
| મ○ ગુણ કાળા પુદ્ગલ | છઠાણ વ○ | ચૌઠાણ વ○ | ચૌઠાણ વ○ | ૨૦ બોલ |

***સંક્ષિપ્તાક્ષરઓની વિગત :*** *જ○ = જઘન્ય, ઉ○ = ઉત્કૃષ્ટ, મ○ = મધ્યમ, અવ○ = અવગાહના, સ્થિ○ = સ્થિતિ, અનં○ = અનંત, પ્ર○, પ્રદે○ = પ્રદેશી, સં○ = સંખ્યાત, અસં○ = અસંખ્યાત, વ○ = વડિયા. પુ○ = પુદ્ગલ.*

## ચાર્ટમાં આપેલા ટિપ્પણાંક સંબંધી સ્પષ્ટીકરણ :–

**૧.** સમુચ્ચય પરમાણુમાં સ્પર્શ ૪ હોય છે. વર્ણાદિ ૧૬ બોલ હોય છે. કોઈ એક પરમાણુમાં તો ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ, ૨ સ્પર્શ એમ કુલ ૫ વર્ણાદિ જ હોય છે. પ્રતિપક્ષી વર્ણાદિ નથી હોતા. અહીંયા તુલના કરવામાં વિવક્ષિત સામાન્ય પરમાણુની પૃચ્છા છે, વ્યક્તિગત એકલા પરમાણુની નથી. અર્થાત્ જીવ-અજીવ પર્યાયવાળા આ પ્રકરણમાં સર્વત્ર વિવક્ષિત સામાન્યની પૃચ્છા છે વ્યક્તિગત એક-બેની પૃચ્છા નથી, તેથી સમુચ્ચય પરમાણુમાં વર્ણાદિ ૧૬ છે.

**૨.** અહીં કહેલા સંખ્યાતપ્રદેશીના દુઠાણ વડિયામાં અને જીવ પર્યવમાં કહેલા દુઠાણ વડિયામાં અંતર છે. જીવ પર્યવમાં અસંખ્યાતમો ભાગ અને સંખ્યાતમો ભાગ એ બે ફરક છે અને અહીંયા અજીવ પર્યવમાં સંખ્યાતમો ભાગ અને સંખ્યાત ગુણ એ બે અંતર છે. એ અપેક્ષાએ સંખ્યાતપ્રદેશી (૧૧ પ્રદેશથી લાખો, કરોડો પ્રદેશી)માં પ્રદેશ અને અવગાહના દુઠાણ વડિયા હોઈ શકે છે પરંતુ એકઠાણ વડિયા અને તિઠાણ વડિયા અજીવ પજજવામાં ક્યાંય પણ નથી બનતા.

**૩.** જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાના બે પ્રદેશીની જ પૃચ્છા છે, મધ્યમ

અવગાહનાની પૃચ્છા નથી. કારણ કે બે પ્રદેશીમાં મધ્યમ અવગાહના બનતી નથી, ત્યાં પરમાણુની તો પૃચ્છા જ નથી કારણ કે જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ પૃચ્છામાં એનો વિષય નથી. યથા– એક ભાઈ છે, તેને માટે નાના કે મોટાભાઈ કે નાના કે મોટા પુત્રની પૃચ્છાનો વિષય નથી હોતો.

**૪.** જઘન્ય સ્થિતિના પરમાણુમાં પણ વર્ણાદિ ૧૬ જ સંભવ છે. મૂળપાઠમાં સ્પર્શ બે જ કહ્યા છે પરંતુ તે લિપિ દોષ કે દૃષ્ટિ દોષ સંભવ છે.

**૫.** જઘન્ય કાલા ગુણના પરમાણુઓની પૃચ્છામાં શેષ પ્રતિપક્ષી ચાર વર્ણ નથી અને જઘન્ય કાળાની પૃચ્છા હોવાથી કાળા વર્ણથી સર્વે તુલ્ય છે. અતઃ વર્ણાદિ ૧૬માંથી પાંચ ઓછા થતાં ૧૧ વર્ણાદિથી છઠાણવડિયા છે. એ રીતે ઉત્કૃષ્ટ ગુણ કાળામાં ૧૧ વર્ણાદિથી છઠાણવડિયા છે, પરંતુ મધ્યમમાં કાલા વર્ણને મેળવવાથી ૧૨ વર્ણાદિથી છઠાણ વડિયા છે.

**૬.** શીત સ્પર્શના પરમાણુઓમાં ત્રણ સ્પર્શ હોય છે, ઉષ્ણ હોતો નથી; તેથી વર્ણાદિ ૧૫ હોય છે. જઘન્ય-ઉત્કૃષ્ટમાં સ્વયંની અપેક્ષા તુલ્ય હોવાથી ૧૪ વર્ણાદિ છઠાણવડિયા અને મધ્યમમાં વર્ણાદિ ૧૫ છઠાણવડિયા કહ્યા છે.

**૭.** જઘન્ય પ્રદેશી સ્કંધમાં દ્વિપ્રદેશી સ્કંધ વિવક્ષિત છે. અતઃ વર્ણાદિ ૧૬ છે.

**૮.** જઘન્ય અવગાહનાના પુદ્‌ગલમાં અનંતપ્રદેશી પણ હોઈ શકે છે, તોપણ વર્ણાદિ ૧૬ જ હોઈ શકે છે. અર્થાત્ તેઓ ચૌફર્સી જ હોય છે, આઠફર્સી નથી હોતા.

**૯.** ઉત્કૃષ્ટ અવગાહનાના પુદ્‌ગલમાં અચિત્ત મહાસ્કંધ અથવા કેવળી સમુદ્‌ઘાત ગત શરીર ગ્રહીત છે, જેમની સ્થિતિ ૪-૪ સમયની હોય છે. અતઃસ્થિતિ તુલ્ય છે.

## છઠ્ઠું : વ્યુત્ક્રાંતિ પદ

જીવ સંસારમાં જન્મ મરણ કરતાં કરતાં ચાર ગતિમાં ભ્રમણ કરતો રહે છે. આ ચારે ગતિમાં સ્થૂલ દૃષ્ટિથી સદૈવ કોઈને કોઈ જીવ જન્મતા રહે છે અને મરતા રહે છે. સૂક્ષ્મ દૃષ્ટિથી આ જન્મ મરણનો ક્રમ ક્યારેક બંધ પણ રહે છે. તે કાળને વિરહકાળ કહેવાય છે. આ વિરહકાળ બે પ્રકારનો હોય છે. **૧.** ઉત્પત્તિ(જન્મનો)નો વિરહ, **૨.** મરણ(ઉદ્વર્તન)નો વિરહ. આ બંને પ્રકારનો વિરહ પરસ્પરમાં સર્વે ગતિમાં અને જીવના ભેદોમાં પ્રાયઃ સમાન હોય છે. અતઃ સમુચ્ચય વિરહ કાળનું વર્ણન કરતાં બંને પ્રકારના વિરહનું કથન થઈ જાય છે.

આ વિરહ ચાર ગતિ અને ૨૪ દંડકમાંથી કેવલ પાંચ સ્થાવરમાં નથી હોતો અર્થાત્ ત્યાં જીવ સદા નિરંતર જન્મ મરણ કરતા જ રહે છે. શેષ સર્વે સ્થાનોમાં જીવ ક્યારેક નિરંતર જન્મ મરણ કરે છે અને ક્યારેક સાંતર પણ જન્મ મરણ કરે છે. અર્થાત્ વચમાં થોડો સમય વિરહનો કાળ પણ આવી જાય છે.



**ચાર ગતિમાં વિરહ :–** સમુચ્ચય નરક ગતિમાં વિરહકાળ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્તનો છે. અર્થાત્ ક્યારેક ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત સુધી કોઈ પણ જીવ નરકમાં જન્મતો નથી. આ જ પ્રકારે ક્યારેક ૧૨ મુહૂર્ત સુધી કોઈ પણ જીવ મરતો નથી. એ રીતે તિર્યંચ ગતિમાં પણ ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્ત સુધી અન્ય ત્રણ ગતિઓથી જીવ આવીને ઉત્પન્ન થતા નથી. મનુષ્ય અને દેવગતિમાં પણ અન્ય ગતિથી જીવોના આવવાનો વિરહ ૧૨ મુહૂર્તનો છે. સિદ્ધોના ઉપજવાનો વિરહ જઘન્ય ૧,૨,૩ સમય ઉત્કૃષ્ટ છ મહિના છે. વિરહકાળ સંબંધી શેષ જાણકારી ચાર્ટથી જાણવી.

આ પદમાં વર્ણન દંડકના ક્રમથી કરેલ છે. છતાં પણ નારકી અને વૈમાનિકનું વર્ણન જુદા જુદા ભેદોથી કરવામાં આવેલ છે.

**આગત–ગત :–** જીવોની આગત–ગતનું વર્ણન કરતાં સમયે ૨૪ દંડકના આધારથી ૧૧૦ ભેદ (જીવ ભેદ) વિવક્ષિત કરીને તેમનું વર્ણન કરવામાં આવ્યું છે. અર્થાત્ ૧૧૦ ભેદોની અપેક્ષા ૨૪ દંડકમાં આગત અને ગતનું વર્ણન કરવામાં આવ્યું છે. છેવટે નવમા દેવલોકથી અણુત્તર વિમાનના આગત વર્ણનમાં ત્રણ દૃષ્ટિ, સંયમ અસંયમ, પ્રમત્ત, અપ્રમત્ત, ઋદ્ધિ(લબ્ધિ)વાન અથવા ઋદ્ધિ રહિતની અપેક્ષાએ વર્ણન છે. મનુષ્યના વર્ણનમાં ૧૧૦ જીવ ભેદની સાથે ૧૧૧મો સિદ્ધ અવસ્થાનો ભેદ પણ ગત(ગતિ)માં બતાવેલ છે. સૂત્ર પાઠમાં સંખ્યા ગણવાની પદ્ધતિ નથી, ફક્ત જીવ ભેદ બતાવી દીધા છે. સરળતાથી સમજાવવા માટે પાછળ થી જ્ઞાનીઓ દ્વારા ગણિત પદ્ધતિના આલમ્બન રૂપ સંખ્યાનું સંકલન કરવામાં આવ્યું છે. બીજી જગ્યાએ આગતિ ગતિના વર્ણનમાં જીવના ૫૬૩ ભેદની સંખ્યાનું સંકલન કરવામાં આવ્યું છે. તે ૫૬૩ ભેદનું વિવરણ આ સૂત્રના પહેલા પદમાં કરી દીધેલ છે. પ્રાસંગિક ૧૧૦ ભેદ આ પ્રકારે છે.

૧. નારકીના ૭ પર્યાપ્ત.

૨. તિર્યંચના–૪૮

| | | |
|---|---|---|
| પાંચ સ્થાવરના સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત | = | ૨૦ ભેદ |
| ત્રણ વિકલેન્દ્રિયના પર્યાપ્ત, અપર્યાપ્ત | = | ૬ ભેદ |
| પાંચ તિર્યંચ પંચેન્દ્રિયના સંજ્ઞી, અસંજ્ઞી, પર્યાપ્ત, અપર્યાપ્ત | = | ૨૦ ભેદ |
| સ્થળચર યુગલિયા + ખેચર યુગલિયા તિર્યંચ | = | ૨ ભેદ |
| | | ૪૮ ભેદ |

૩. મનુષ્યના–૬

| | | |
|---|---|---|
| સંમૂચ્છિંમ મનુષ્ય + કર્મભૂમિના પર્યાપ્ત અને અપર્યાપ્ત | = | ૩ ભેદ |
| અસંખ્યાત વર્ષના કર્મભૂમિ, અકર્મભૂમિ, અંતરદ્વીપ | = | ૩ ભેદ |
| | = | ૬ ભેદ |

૪. દેવના–૪૯ : ૧૦ ભવનપતિ, ૮ વ્યંતર, ૫ જ્યોતિષી, ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, ૫ અણુત્તર વિમાન આ ૪૯ ભેદ. આ રીતે ચાર ગતિના કુલ ૭ + ૪૮ + ૬ + ૪૯ = ૧૧૦

**આયુબંધ :–** નારકી દેવતા યુગલિયા છ મહિના આયુષ્ય શેષ રહે ત્યારે પર ભવનો આયુ બંધ કરે છે. દસ ઔદારિક દંડકમાં નિરૂપક્રમી આયુષ્યવાળા પોતાની ઉંમરનો ૨/૩ ભાગ વિત્યા પછી ૧/૩ ભાગ બાકી રહે ત્યારે આયુબંધ કરે છે.

સોપક્રમી આયુવાળા ત્રીજા, નવમા, સત્યાવીસમા વગેરે કોઈ ભાગમાં આયુબંધ કરે છે. (અંતિમ અંતર્મુહૂર્ત સુધી પણ કરે છે.)

**આકર્ષ :–** ૨૪ દંડકમાં જઘન્ય ૧–૨–૩, ઉત્કૃષ્ટ આઠ આકર્ષથી આયુબંધ થાય છે. અર્થાત્ તે જ સમયે એકવાર, બેવાર ***યાવત્*** આઠવાર પુદ્ગલ ગ્રહણ થઈને આયુષ્યકર્મ પુષ્ટ થાય છે. તે સર્વ આકર્ષ મળીને આયુષ્ય બંધ પૂર્ણ થાય છે. માટે તે આયુષ્ય બંધ તો એકજવાર ગણાય છે. તેની પુષ્ટીરૂપ આકર્ષ આઠ થાય છે. કોઈ જીવ એક આકર્ષથી પણ આયુષ્ય બંધ પૂર્ણ કરી લે છે અને કોઈ બે ત્રણ કે આઠ આકર્ષ કરીને આયુષ્યનો બંધ પૂર્ણ કરે છે.

અપેક્ષાથી આયુબંધના ૬ પ્રકાર છે– **૧.** જાતિબંધ, **૨.** ગતિબંધ, **૩.** સ્થિતિબંધ, **૪.** અવગાહના બંધ, **૫.** અનુભાગબંધ, **૬.** પ્રદેશ બંધ.

૨૪ દંડકમાં ૬ પ્રકારના આયુબંધ હોય છે. અર્થાત્ આયુષ્યની સાથે આ ૬ બોલોનાં સંબંધ નિશ્ચિત થાય છે. એન્જિનની સાથે જેમ ગાડીના ડબ્બા જોડાય તેમ (૧) ગતિ, (૨) જાતિ, (૩) અવગાહના – ઔદારિક શરીર આદિ રૂપ. આ નામ કર્મની વિવિધ પ્રકૃતિઓ આત્મામાં સંગ્રહ રૂપે રહે છે. જો મનુષ્ય આયુનો બંધ થઈ રહ્યો હોય તો મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક શરીરની અવગાહના, આ બોલ આયુની સાથે નિશ્ચિતરૂપે જોડાઈ જાય છે. અન્ય અનેક કર્મોની (૪) સ્થિતિ (૫) પ્રદેશ (૬) અનુભાગ આયુષ્યબંધની સાથે ભેગા થઈ જાય છે. આ સર્વે આયુબંધની સાથે એકત્ર થઈને બંધાય છે. તેથી આયુબંધના ૬ પ્રકાર કહ્યા છે.

**અલ્પબહુત્વ :–** સર્વેથી થોડા આઠ આકર્ષવાળા, સાત આકર્ષવાળા સંખ્યાત ગણા એમ ક્રમશઃ એક આકર્ષવાળા સંખ્યાતગણા.

**વિરહ અને ઉત્પાત સંખ્યા :–**

| | નામ | વિરહ | | ઉત્પાત સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧ | પહેલી નરક | ૧ સમય | ૨૪ મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૨ | બીજી નરક | ૧ સમય | ૭ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૩ | ત્રીજી નરક | ૧ સમય | ૧૫ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૪ | ચોથી નરક | ૧ સમય | ૧ મહિનો | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૫ | પાંચમી નરક | ૧ સમય | ૨ મહિના | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૬ | છટ્ઠી નરક | ૧ સમય | ૪ મહિના | ૧–૨–૩ | અસંખ્યાત |



| | નામ | વિરહ | | ઉત્પાત સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૭ | સાતમી નરક | ૧ સમય | ૬ મહિના | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૮ | ભવન૦ ૨ દેવલોક | ૧ સમય | ૨૪ મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૯ | ત્રીજો દેવલોક | ૧ સમય | ૯ દિવસ ૨૦ મુ૦ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૦ | ચોથો દેવલોક | ૧ સમય | ૧૨ દિવસ ૧૦ મુ૦ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૧ | પાંચમો દેવલોક | ૧ સમય | ૨૨$\frac{૧}{૨}$ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૨ | છટ્ઠો દેવલોક | ૧ સમય | ૪૫ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૩ | સાતમો દેવલોક | ૧ સમય | ૮૦ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૪ | આઠમો દેવલોક | ૧ સમય | ૧૦૦ દિવસ | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૧૫ | ૯-૧૦ દેવલોક | ૧ સમય | સંખ્યાતા માસ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૧૬ | ૧૧-૧૨ દેવલોક | ૧ સમય | સંખ્યાતા વર્ષ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૧૭ | પ્રથમ ત્રિક ગ્રૈવેયક | ૧ સમય | સં૦ સો વર્ષ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૧૮ | બીજી ત્રિક ગ્રૈવેયક | ૧ સમય | સં૦ હજાર વર્ષ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૧૯ | ત્રીજી ત્રિક ગ્રૈવેયક | ૧ સમય | સં૦ લાખ વર્ષ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૨૦ | ૪ અનુત્તર વિમાન | ૧ સમય | અસંખ્ય વર્ષ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૨૧ | સર્વાર્થ સિદ્ધ | ૧ સમય | પલ્યનો અસં૦ ભાગ | ૧–૨–૩ | સંખ્યાતા |
| ૨૨ | સિદ્ધ | ૧ સમય | ૬ મહિના | ૧–૨–૩ | ૧૦૮ |
| ૨૩ | ચાર સ્થાવર | વિરહ નહીં | વિરહ નહીં | નિરંતર અસં૦ | નિરંતર અસં૦ |
| ૨૪ | વનસ્પતિ | વિરહ નહીં | વિરહ નહીં | સદા અનંત | સદા અનંત |
| ૨૫ | ત્રણ વિકલેન્દ્રિય | ૧ સમય | અંતર્મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૨૬ | અસંજ્ઞી તિર્યંચ પંચે. | ૧ સમય | અંતર્મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૨૭ | સંજ્ઞી તિર્યંચ પંચે. | ૧ સમય | ૧૨ મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૨૮ | સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૧ સમય | ૨૪ મુહૂર્ત | ૧–૨–૩ | અસંખ્યાત |
| ૨૯ | સંજ્ઞી મનુષ્ય | ૧ સમય | ૧૨ મુહૂર્ત | ૧–૨–૩ | સંખ્યાત |

[***સંક્ષેપ્તાક્ષર પરિજ્ઞાન :*** *ભવન૦ = ભવનપતિ, મુ૦ = મુંહૂર્ત, અસં૦= અસંખ્યાત, સં૦ = સંખ્યાત, ભા૦ = ભાગ.*]

**વિશેષ :– ૧.** ચાર સ્થાવરમાં ૫ સ્થાવરની અપેક્ષા પ્રત્યેક સમયમાં વિરહ વગર નિરંતર અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. ત્રસની અપેક્ષા જઘન્ય ૧–૨–૩, ઉત્કૃષ્ટ અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. અતઃ કુલ મળીને પ્રતિ સમય અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. વનસ્પતિમાં વનસ્પતિની અપેક્ષા પ્રતિ સમય વિરહ વગર અનંતા ઉત્પન્ન

થાય છે; ચાર સ્થાવરમાંથી પ્રતિ સમય અસંખ્યાતા ઉપજે છે; અને ત્રસ કાયમાંથી જઘન્ય ૧–૨–૩ ઉત્કૃષ્ટ અસંખ્યાતા ઉપજે છે. સર્વે મળીને ઉત્કૃષ્ટ અનંત ઉપજે છે અને મરે છે.

**ગતાગત : ૧૧૦ જીવ ભેદોની અપેક્ષાથી :–**

| નામ | આગતિ | | ગતિ | |
|---|---|---|---|---|
| | સંખ્યા | વિવરણ | સંખ્યા | વિવરણ |
| પહેલી નરક | ૧૧ | ૫ સંજ્ઞી, ૫ અસંજ્ઞી ૧ મનુષ્ય | ૬ | ૫ સંજ્ઞી ૧ મનુષ્ય |
| બીજી નરક | ૬ | ૫ સંજ્ઞી, ૧ મનુષ્ય | ૬ | આગત પ્રમાણે |
| ત્રીજી નરક | ૫ | ભૂજ પરિસર્પ વર્જ્યા | ૫ | આગત પ્રમાણે |
| ચોથી નરક | ૪ | ખેચર વર્જ્યા | ૪ | આગત પ્રમાણે |
| પાંચમી નરક | ૩ | સ્થળચર વર્જ્યા | ૩ | આગત પ્રમાણે |
| છઠ્ઠી નરક | ૨ | ઉરપરિસર્પ વર્જ્યા = ૧ મનુષ્ય, ૧ જળચર | ૨ | આગત પ્રમાણે |
| સાતમી નરક | ૨ | બંનેની સ્ત્રી વર્જી | ૧ | જળચર |
| ભવનપતિ, વ્યંતર | ૧૬ | ૫ સંજ્ઞી, ૫ અસંજ્ઞી ૫ યુગલિયા, ૧ મનુષ્ય | ૯ | ૫ સંજ્ઞી, ૩ સ્થાવર, ૧ મનુષ્ય |
| જ્યોતિષી, પ્રથમ બે દેવલોક | ૯ | ૫ સંજ્ઞી, ૩ યુગલિયા ૧ મનુષ્ય | ૯ | ૫ સંજ્ઞી, ૩ સ્થાવર, ૧ મનુષ્ય |
| ૩ થી ૮ દેવલોક | ૬ | ૫ સંજ્ઞી તિર્યંચ ૧ મનુષ્ય | ૬ | આગતિ પ્રમાણે |
| ૯ થી ૧૨ દેવલોક | ૧ | મનુષ્ય | ૧ | મનુષ્ય |
| ૯ ગ્રૈવેયેક | ૧ | મનુષ્ય | ૧ | મનુષ્ય |
| ૫ અણુત્તર વિમાન | ૧ | અપ્રમત્ત સંયત મનુષ્ય | ૧ | મનુષ્ય |
| પૃથ્વી, પાણી, | ૭૪ | ૪૬ તિર્યંચ, | ૪૯ | ૪૬ તિર્યંચ |
| વનસ્પતિ | | ૩ મનુષ્ય, ૨૫ દેવ ક્રમથી | | ૩ મનુષ્ય |
| તેઉ, વાઉ | ૪૯ | ૪૬ તિર્યંચ ૩ મનુષ્ય | ૪૬ | ૪૬ તિર્યંચ |
| ત્રણ વિકલેન્દ્રિય | ૪૯ | ૪૬ તિર્યંચ ૩ મનુષ્ય | ૪૯ | ૪૬ તિર્યંચ ૩ મનુષ્ય |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૮૭ | ૭૪+૭ નરક+૬ દેવલોક | ૯૨ | ૮૭ + ૫ યુગલિયા |
| મનુષ્ય | ૯૬ | ૩૮ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪૯ દેવ, ૬ નરક | ૧૧૧ | સિદ્ધ સહિત ૧૧૦(સર્વત્ર) |

**નોંધ :–** ચાર્ટમાં સંજ્ઞી અને અસંજ્ઞી જ્યાં પણ હોય ત્યાં તેને તિર્યંચ સમજવા



**વિશેષ જ્ઞાતવ્ય :–**

**૧.** બીજી નારકીથી છઠ્ઠી નારકી સુધી આગતની સમાન ગત છે. પહેલી નરકમાં અસંજ્ઞી છોડીને ગત છે. સાતમી નરકમાં મનુષ્ય છોડીને ગત છે. સાતમીમાં પુઢષ અને નપુંસક જઈ શકે છે. સ્ત્રી કોઈ પણ જાતી નથી.

**૨.** ચાર્ટમાં પાંચ યુગલિયા = બે તિર્યંચ યુગલિયા(ખેચર અને સ્થળચર–ચૌપદ) અને ત્રણ મનુષ્ય યુગલિયા(અસંખ્યાતા વર્ષના કર્મભૂમિ, અકર્મભૂમિજ અને અંતર્દ્વીપજ.)

**૩.** ગતિ આગતિના આ પ્રકરણમાં પર્યાપ્ત નામ કર્મવાળાની અપર્યાપ્ત અવસ્થાને ગણી નથી, તેથી નારકી દેવતાની ગતિમાં પણ આગતિની જેમ પર્યાપ્ત જ લેવામાં આવ્યા છે; પર્યાપ્ત, અપર્યાપ્ત એ બંને ભેદ લેવામાં નથી આવ્યા. અર્થાત્ નારકી દેવતામાં પર્યાપ્ત જીવ જ આવે છે અને નારકી દેવતા મૃત્યુ પામીને જ્યાં જન્મે છે ત્યાં પર્યાપ્ત જ બને છે. પર્યાપ્ત બન્યા વિના અપર્યાપ્ત અવસ્થામાં તેઓ ત્યાં મરતા નથી.

**૪.** તિર્યંચ, મનુષ્ય પરસ્પર અપર્યાપ્ત અવસ્થાનું આયુષ્ય બાંધી શકે છે અને અપર્યાપ્ત અવસ્થામાં મરીને અન્યત્ર(મનુષ્ય-તિર્યંચમાં) જન્મી શકે છે.

**૫.** અણુત્તર વિમાનમાં અપ્રમત્ત સંયત સ્વલિંગી જ જાય છે, લબ્ધિવાન પણ અણુત્તર દેવ બને છે તથા લબ્ધિ રહિત હોય તો પણ અણુત્તર દેવ બને છે.

**૬.** નવ ગ્રૈવેયકમાં સ્વલિંગી સમ્યગ્દષ્ટિ અને સ્વલિંગી મિથ્યાદષ્ટિ જાય છે.

**૭.** નવમાથી ૧૨માં દેવલોક સુધી સાધુ, શ્રાવક, સ્વલિંગી, અન્યલિંગી, મિથ્યાદષ્ટિ, સમ્યગ્દષ્ટિ આદિ મનુષ્યો જઈ શકે છે.

## સાતમું : ✓ાસો✓ાસ પદ

✓ાસો✓ાસની ક્રિયા સાંસરિક જીવોના શરીરનું એક આવશ્યક અંગ છે. એના વિના સંસારના કોઈપણ પ્રાણી જીવી શકતા નથી. આ ✓ાસો✓ાસની ક્રિયા જીવોના ભિન્ન ભિન્ન રૂપમાં મંદ-તીવ્ર ગતિથી થાય છે. એનું સ્પષ્ટીકરણ આ પ્રકારે છે :–

**૧.** નારકી જીવ સદા તીવ્ર ગતિથી ✓ાસો✓ાસ લે છે અને છોડે છે.

**૨.** તિર્યંચ-મનુષ્ય તીવ્રગતિ, મંદગતિ આદિ વિભિન્ન પ્રકારે (વેમાત્રાથી એટલે નિશ્ચિત કાળ મર્યાદા નથી કહી શકાતી) ✓ાસો✓ાસ લે છે અને છોડે છે.

**૩.** અસુરકુમાર દેવને જઘન્ય સાત થોવ(લવ) ઉત્કૃષ્ટ સાધિક એક પક્ષ ✓ાસો✓ાસ ક્રિયામાં લાગે છે.

**૪.** નાગકુમારાદિ અને વાણવ્યંતર દેવોનું શ્વાસોશ્વાસ કાળમાન જઘન્ય સાત થોવ, ઉત્કૃષ્ટ અનેક મુહૂર્ત છે.

**૫.** જ્યોતિષી દેવોનું શ્વાસોશ્વાસ કાળમાન જઘન્ય અનેક મુહૂર્ત, ઉત્કૃષ્ટ પણ અનેક મુહૂર્તનું છે. જઘન્યથી ઉત્કૃષ્ટમાં સંખ્યાત ગણા(બે-ચારગણું આદિ) અંતર છે.

**૬.** દેવલોકમાં દેવોના શ્વાસોશ્વાસ કાળમાન આ પ્રકારે છે–

| દેવલોક | જઘન્ય કાળમાન | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| પહેલો દેવલોક | અનેક મુહૂર્ત | બે પક્ષ |
| બીજો દેવલોક | સાધિક અનેક મુહૂર્ત | સાધિક બે પક્ષ |
| ત્રીજો દેવલોક | બે પક્ષ | સાત પક્ષ |
| ચોથો દેવલોક | બે પક્ષ સાધિક | સાત પક્ષ સાધિક |
| પાંચમો દેવલોક | ૭ પક્ષ | ૧૦ પક્ષ |
| છટ્ઠો દેવલોક | ૧૦ પક્ષ | ૧૪ પક્ષ |
| સાતમો દેવલોક | ૧૪ પક્ષ | ૧૭ પક્ષ |
| આઠમો દેવલોક | ૧૭ પક્ષ | ૧૮ પક્ષ |
| નવમો દેવલોક | ૧૮ પક્ષ | ૧૯ પક્ષ |
| દસમો દેવલોક | ૧૯ પક્ષ | ૨૦ પક્ષ |
| અગિયારમો દેવલોક | ૨૦ પક્ષ | ૨૧ પક્ષ |
| બારમો દેવલોક | ૨૧ પક્ષ | ૨૨ પક્ષ |
| નવ ગ્રૈવેયક | ૨૨ પક્ષ | ૩૧ પક્ષ |
| પાંચ અનુત્તર વિમાન | ૩૧ પક્ષ | ૩૩ પક્ષ |

**વિશેષ :**– નવ ગ્રૈવેયકમાં પ્રત્યેકના જઘન્ય ઉત્કૃષ્ટ અલગ અલગ સમજવા જોઈએ. ચાર્ટમાં નવેના એક સાથે કહ્યા છે. માટે જેટલા સાગરોપમની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ જે ગ્રૈવેયકની છે, તેટલા તેટલા જઘન્ય ઉત્કૃષ્ટ પક્ષ સમજવા જોઈએ. એ જ રીતે ચાર અણુત્તર વિમાનમાં પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અનુસાર પક્ષ જાણવા. સર્વાર્થસિદ્ધ દેવોને જઘન્ય ઉત્કૃષ્ટ ૩૩ પક્ષનો એક શ્વાસોશ્વાસ હોય છે. આ જ રીતે લોકાંતિક આદિ અન્ય કોઈપણ દેવોના શ્વાસોશ્વાસના કાળમાન સમજી શકાય છે.

### શ્વાસોશ્વાસના કાળમાન છે કે વિરહ ? : એક વિચારણા :–

સંસારના નાના-મોટા સર્વે પ્રાણી શ્વાસોશ્વાસ લે છે અને એના આધારે જીવે છે. પ્રસ્તુત પદમાં નારકી આદિ જીવ કેટલા સમયમાં શ્વાસોશ્વાસ લે છે અર્થાત્ તે જીવોને એકવારની શ્વાસોશ્વાસની ક્રિયામાં કેટલો સમય લાગે છે તે બતાવ્યું છે.



આ સૂત્ર પદનો અર્થ એમ પણ કરી શકાય છે કે કેટલા સમયના વિરહના અંતરથી શ્વાસોશ્વાસ લેવામાં આવે છે, પરંતુ આગમકારે કેટલા કાળનો વિરહ અથવા કેટલા કાળનું અંતર હોય છે એમ નથી પૂછ્યું, અને ઉત્તરમાં પણ અંતર અથવા વિરહના ભાવનો ઉત્તર નથી આપ્યો. અગર અંતર અથવા વિરહનો આશય હોત તો નારકી માટે 'અનુસમયં અવિરહિયં' શબ્દનો પ્રયોગ થાત અને અન્ય દંડકમાં પણ સાત થોવ અથવા પંદર પક્ષના અંતરથી શ્વાસોશ્વાસ લે છે એવું સ્પષ્ટ કથન કરવામાં આવત, પરંતુ પાઠમાં એવો પ્રયોગ નથી.

આગમમાં શબ્દ પ્રયોગ આ પ્રકારનો છે પ્રશ્ન– **केवइ कालस्स आणमंति?** ઉત્તર– **जहण्णेणं सत्त थोवाणं आणमंति उक्कोसेणं साइरेगस्स पक्खस्स आणमंति ।** અહીં **'कालस्स' थोवाण 'साइरेगस्स पक्खस्स** એ શ્વાસોશ્વાસના વિશેષણ છે. આનો અર્થ સ્પષ્ટ છે કે કેટલા કાળનો શ્વાસોશ્વાસ ? એક થોવ, સાધિક પક્ષનો શ્વાસોશ્વાસ લે છે. અતઃ એથી સ્પષ્ટ થાય છે કે તે તે જીવોને એક વારની શ્વાસોશ્વાસ ક્રિયામાં થોવ, પક્ષ આદિ સમય લાગે છે.

વ્યવહારિક દૃષ્ટિથી વિચારીએ તો કોઈ પણ સ્વસ્થ પ્રાણી રોકી-રોકીને શ્વાસ નથી લેતો. આભ્યંતર નાડી સ્પંદન અથવા નાક દ્વારા શ્વાસ ગ્રહણ સ્વાભાવિક કોઈનો પણ રોકાતો નથી પરંતુ પ્રત્યેક પ્રાણીની શ્વાસ લેવાની પદ્ધતિ ભિન્ન હોય છે. કોઈની મંદગતિ તો કોઈની તીવ્રગતિ. મંદતમ ગતિ અને તીવ્રગતિથી શ્વાસ લેવાની ક્રિયા હોય છે. તેથી શ્વાસ લેવાની ક્રિયામાં ભિન્નતા સ્પષ્ટ દેખાય છે.

આગમમાં મનુષ્યના શ્વાસોશ્વાસ માટે ''વેમાત્રા'' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જો આ પ્રકરણમાં કહેલ કાલમાનને વિરહ સમજી લેવામાં આવશે તો મનુષ્ય માટે અવિરહ નહીં કહેતા વેમાત્રાનું જે કથન કરવામાં આવ્યું છે તેનો અર્થ થશે કે અંતરનું નિશ્ચિત કાલ માન નથી, પરંતુ જુદા પ્રકારનું અંતર હોય છે. જ્યારે પ્રત્યક્ષ વ્યવહારમાં એ દેખાય છે કે નાક દ્વારા ચાલતો શ્વાસ અથવા નાડી સ્પંદન અથવા ધડકન આદિ કોઈની મિનિટ, અડધી મિનિટ કે બે મિનિટ એમ કોઈ પણ વેમાત્રા સુધી શ્વાસ થોભતો નથી, તેમાં(શ્વાસમાં) વિરહ–અંતર નથી. અતઃ અવિરહ કહેવું જોઈએ. અગર અંતર માટે વેમાત્રાનો શબ્દ પ્રયોગ હોય તો વિભિન્ન માત્રાઓમાં જુદીજુદી વ્યક્તિઓના શ્વાસની વચ્ચે કોઈને કોઈ અત્યધિક અંતર દેખાવું જોઈએ પરંતુ એવું દેખાતું નથી.

પ્રત્યક્ષમાં એ દેખાય છે કે વિભિન્ન માત્રાનું કાળમાન અલગ-અલગ વ્યક્તિઓની શ્વાસોશ્વાસ ક્રિયાનું હોય છે. ભગવતી ટીકામાં પણ સાત લવ આદિ માટે કાલમાન શબ્દનો પ્રયોગ કરાયો છે.

આહારનું અંતર જે રીતે પ્રત્યેક પ્રાણીના જીવનમાં દેખાય છે તે રીતે શ્વાસોશ્વાસમાં અંતર દેખાતું નથી.

ભગવતી સૂત્રમાં પાંચ સ્થાવરના આહાર અણુસમય અવિરહ કહેવાયો છે. પરંતુ ✓ાસો✓ાસ માટે વિમાત્રા શબ્દનો જ પ્રયોગ કર્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે આગમકારને ✓ાસો✓ાસનો વિરહ નથી બતાવવો પરંતુ એનું કાલમાન બતાવવું છે, જે ઔદારિકમાં વિમાત્રાવાળા છે.

ત્યાં પણ (શ.–૧, ઉ.–૧માં) બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ✓ાસો✓ાસને માટે ફક્ત વિમાત્રા જ કહ્યું છે. આહાર માટે વિમાત્રા કહેવાની સાથે અસંખ્ય સમયના અંતમુહૂર્ત યાવત્ બે-ત્રણ દિવસે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. એ પ્રકારે આગમમાં પણ ઔદારિક દંડકોના આહારનું અંતર સ્પષ્ટ છે. વ્યવહારમાં પણ આહારેચ્છામાં અંતર પડતું દેખાય છે. ✓ાસો✓ાસ માટે આવું કાંઈ પણ અંતર ઔદારિક દંડકોમાં આગમમાં બતાવ્યું નથી અને પ્રત્યક્ષમાં પણ કોઈના ✓ાસો✓ાસમાં એવું કંઈ અંતર દેખાતું નથી.

આથી પ્રત્યક્ષ અનુભવાનુસાર પણ ✓ાસનું મંદ હોવું સહજ સમજમાં આવી શકે છે. પરંતુ થોડા થોડા સમયો માટે આહારેચ્છાની સમાન રોકાઈ જવું, થોભી જવું અથવા વિલંબિત થવું, અંતર પડવું, એ સહજ સમજમાં આવી શકતું નથી.

સમવાયાંગ ટીકામાં એવં પ્રજ્ઞાપના ટીકામાં ✓ાસો✓ાસના આ કાલમાનને અંતર યા વિરહ કહેવાયું છે. જેનો આશય એ છે કે ૭ લવ, ૧ પક્ષ કે ૩૩ પક્ષ સુધી દેવ ✓ાસ ક્રિયા વગરના રહે છે. આટલો સમય વિતાવ્યા પછી ✓ાસો✓ાસ લે છે પછી ૩૩ પક્ષ સમય સુધી રોકાઈ જાય છે. આગમ પ્રકાશન સમિતિ બ્યાવર પ્રકાશિત વિવેચન યુક્ત પ્રજ્ઞાપના સૂત્રમાં પણ ટીકાનું અનુસરણ કરતા અર્થ વિવેચન કરાયું છે. એ રીતે ✓ાસ ક્રિયાને આભોગ આહાર ક્રિયાની સમાન પદ્ધતિરૂપે સ્વીકાર કરાયો છે.

આપણે દેવોનો તો કોઈ પણ અનુભવ કરી શકતા નથી. પરંતુ પૃથ્વી તળ પર રહેલા તિર્યંચ-મનુષ્યોનો અનુભવ કરી શકાય છે અને તે અનુભવથી તો નિઃસંકોચ કહી શકાય છે કે ✓ાસ ક્રિયા આભોગ આહાર ક્રિયાની સમાન અંતરની પદ્ધતિવાળી થઈ શકતી નથી.

આ વ્યવહાર અનુભવ દષ્ટિથી એવં આગમ આશયની ઉપરોક્ત અપેક્ષાએ દેવગણોની એક ✓ાસો✓ાસની ક્રિયા ૭ થોવ, મુહૂર્ત, પક્ષ આદિ સમયમાં પૂર્ણ થાય છે. એટલી શાંત મંદ મંદતમ ગતિથી દેવ ✓ાસ લે છે અને છોડે છે. નારકી જીવ શીઘ્ર શીઘ્રતમ ગતિથી ✓ાસ લે છે તથા છોડે છે. મનુષ્ય-તિર્યંચ મધ્યમ ગતિ યા વિમાત્રા એ(ક્યારેક મંદગતિએ તો ક્યારેક તીવ્ર ગતિએ) ✓ાસ લે છે અને છોડે છે પરંતુ કોઈ પણ જીવ આહારની સમાન થોડા-થોડા સમયના અંતરે ✓ાસ ક્રિયા કરતું નથી.

સંક્ષેપમાં– ✓ાસો✓ાસની સંપૂર્ણ પ્રક્રિયા એટલે ✓ાસ લેવો, રોકવો ને છોડવો ત્રણેય મળીને જ ✓ાસો✓ાસ છે, તેમાં જે કાલમાન થાય છે તે જ અહીં સૂત્રમાં કહેવાયું છે. તેમ સમજવું. પરંતુ ઉ✓ાસ કે નિ✓ાસ આદિને જુદા પાડીને ચક્કરમાં પડવું નહીં.



## આઠમું : સંજ્ઞા પદ

કર્મોના ક્ષયોપશમ કે ઉદય સાથે ઉત્પન્ન આહાર આદિની અભિલાષા, રુચિ કે મનોવૃત્તિને સંજ્ઞા કહે છે. એનાથી થયેલ કાયિક માનસિક ચેષ્ટાને સંજ્ઞા પ્રવૃત્તિ કે સંજ્ઞા ક્રિયા કહે છે. આ સંજ્ઞાઓ દસ પ્રકારની છે.

**(૧) આહાર સંજ્ઞા :–** ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી આહારની અભિલાષા, રુચિ.

**(૨) ભય સંજ્ઞા :–** ભય મોહનીય કર્મના ઉદયથી ભય જન્ય ભાવો–અનુભવ.

**(૩) મૈથુન સંજ્ઞા :–** વેદ મોહનીયના ઉદયથી મૈથુન-સંયોગની અભિલાષા અને વિકારરૂપ સૂક્ષ્મ-સ્થૂલ સંકલ્પ.

**(૪) પરિગ્રહ સંજ્ઞા :–** લોભ મોહનીયના ઉદયથી આસક્તિ યુક્ત પદાર્થોના ગ્રહણની અભિલાષા.

**(૫) ક્રોધ સંજ્ઞા :–** ક્રોધ મોહનીયના ઉદયથી કોપ વૃત્તિનો સંકલ્પ, આત્મ પરિણતિ(પરિણામ).

**(૬) માન સંજ્ઞા :–** માન મોહનીયના ઉદયથી ગર્વ અહંકારમય માનસ આત્મ પરિણતિ(પરિણામ).

**(૭) માયા સંજ્ઞા :–** માયા મોહનીયના ઉદયથી મિથ્યા ભાષણ કે છલ પ્રપંચ જનક આત્મ પરિણતિ(પરિણામ).

**(૮) લોભ સંજ્ઞા :–** લોભ મોહનીયના ઉદયથી અનેક પ્રકારની લાલસાઓ, સુખ-સમૃદ્ધિ, યશ-સન્માન તથા પદાર્થોના પ્રાપ્તિની આશાઓ-અભિલાષાઓ.

**(૯) લોક સંજ્ઞા :–** આ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે. દેખા દેખી, પરંપરા, પ્રવાહ અનુસારી પ્રવૃત્તિઓની મનોવૃત્તિ-રુચિ 'લોક સંજ્ઞા' છે.

**(૧૦) ઓઘ સંજ્ઞા :–** આ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે. આમાં કંઈ પણ વિચાર્યા વિના, સંકલ્પો અને વિવેક વિના, ફક્ત ધૂનમાં ને ધૂનમા પ્રવૃત્તિ કરવાની પાછળ રહેલી મનોદશા-આત્મ પરિણતિ 'ઓઘ સંજ્ઞા' છે. જેમ કે બોલતા તથા બેસતા, વિના પ્રયોજન, વિના સંકલ્પ, શરીર, હાથ પગ હલાવવાની પ્રવૃત્તિ 'ઓઘ સંજ્ઞાની' છે. એની પાછળ જે આત્મ પરિણતિ છે તે 'ઓઘ સંજ્ઞા' છે.

આ દસે દસ સંજ્ઞાઓ સામાન્યરૂપે સંસારના સર્વે પ્રાણીઓમાં હોય છે.

અર્થાત્ ચાર ગતિ, ૨૪ દંડકમાં આ દસ સંજ્ઞાઓ છે. વિશેષરૂપથી અથવા પ્રમુખતા, અધિકતાએ આ સંજ્ઞાઓ આ પ્રકારે જોવા મળે છે :–

**ચાર ગતિમાં સંજ્ઞાની પ્રમુખતા :–** આહારાદિ ચાર સંજ્ઞા અને ક્રોધાદિ ચાર સંજ્ઞાઓના સંબંધમાં આ પ્રમાણે વિચારણા છે– (૧) નારકીમાં– ભય સંજ્ઞા અધિક છે અને ક્રોધ સંજ્ઞા અધિક છે. (૨) તિર્યંચમાં– આહાર સંજ્ઞા અને માયા સંજ્ઞા અધિક છે. (૩) મનુષ્યમાં– મૈથુન સંજ્ઞા અને માન સંજ્ઞા અધિક છે. (૪) દેવતામાં– પરિગ્રહ સંજ્ઞા અને લોભ સંજ્ઞા અધિક છે. લોક સંજ્ઞા અને ઓઘ સંજ્ઞાનું સામાન્યરૂપે જ કથન છે.

### ચાર ગતિમાં સંજ્ઞાઓનું અલ્પબહુત્વ :–

**(૧) નરકમાં–** સર્વથી થોડા મૈથુન સંજ્ઞાવાળા, એનાથી આહાર સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી પરિગ્રહ સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી ભયસંજ્ઞા-વાળા સંખ્યાતગણા.

**(૨) તિર્યંચમાં–** સર્વથી થોડા પરિગ્રહ સંજ્ઞાવાળા, એનાથી મૈથુન સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી ભય સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી આહાર સંજ્ઞા-વાળા સંખ્યાતગણા.

**(૩) મનુષ્યમાં–** સર્વથી થોડા ભય સંજ્ઞાવાળા, એનાથી આહાર સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી પરિગ્રહ સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી મૈથુન સંજ્ઞા-વાળા સંખ્યાતગણા.

**(૪) દેવમાં–** સર્વથી થોડા આહાર સંજ્ઞાવાળા, એનાથી ભય સંજ્ઞાવાળા, સંખ્યાતગણા, એનાથી મૈથુન સંજ્ઞાવાળા સંખ્યાતગણા, એનાથી પરિગ્રહ સંજ્ઞા-વાળા સંખ્યાતગણા. શેષ ૬ સંજ્ઞાઓની અપેક્ષા અલ્પબહુત્વ અહીં કરેલ નથી.

## નવમું : યોનિ પદ

સંસારમાં જીવ જ્યાં જન્મ લે છે, ગર્ભરૂપમાં ઉત્પન્ન થાય છે, જ્યાં ઔદારિક આદિ શરીર બનાવવા માટે પ્રથમ આહાર ગ્રહણ કરે છે, એ ઉત્પત્તિ સ્થાનને 'યોનિ' કહે છે. એને સંખ્યામાં ૮૪ લાખ યોનિ કહેવામાં આવી છે. વિશેષ ભેદોની અપેક્ષા આ યોનિ સ્થાન અસંખ્ય છે. પ્રસ્તુત પ્રકરણમાં તે સર્વે યોનિઓને અપેક્ષાએ ત્રણ-ત્રણ પ્રકારોમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. યથા– **૧.** શીત યોનિ, **૨.** ઉષ્ણ યોનિ, **૩.** શીતોષ્ણ યોનિ. અથવા **૧.** સચિત્ત યોનિ, **૨.** અચિત્ત યોનિ, **૩.** મિશ્ર યોનિ. અથવા **૧.** સંવૃત યોનિ, **૨.** વિવૃત યોનિ, **૩.** સંવૃત વિવૃત્ત યોનિ

આ નવ યોનિઓ સમસ્ત જીવોની અપેક્ષાએ કહેલ છે. પ્રત્યેક ત્રણ યોનિમાં સર્વે જીવોનો સમાવેશ થઈ જાય છે.



ફક્ત મનુષ્યોની અપેક્ષાએ અન્ય ત્રણ યોનિ વધારામાં કહેવામાં આવી છે. જેમ કે–

**(૧) કૂર્મોન્નતા યોનિ–** તીર્થંકર આદિ ઉત્તમ પુરુષ કૂર્મોન્નતા યોનિમાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ એમની માતાઓની કૂર્મોન્નતા યોનિ હોય છે.

**(૨) સંખાવર્તા યોનિ–** ચક્રવર્તીની સ્ત્રી રત્નને સંખાવર્તા યોનિ હોય છે. આ યોનિમાં જીવ જન્મ લે છે, થોડો સમય રહે છે, પરંતુ પૂર્ણ વિકાસ પામીને ગર્ભમાંથી બહાર આવતા પૂર્વે જ મરી જાય છે. અર્થાત્ સ્ત્રી રત્નની કામાગ્નિના તાપથી તે ત્યાં જ નષ્ટ પામે છે.

**(૩) વંશીપત્રા યોનિ–** સર્વ સાધારણ મનુષ્યોની વંશીપત્રા યોનિ હોય છે.

પૂર્વોક્ત ૯ યોનિઓ જીવોમાં આ પ્રકારે હોય છે :–

### સંસારી જીવોમાં યોનિયાં :–

| જીવનામ | શીત આદિ ૩ યોનિ | સચિત્તાદિ ૩ યોનિ | સંવૃત્તાદિ ૩ યોનિ |
|---|---|---|---|
| ત્રણ નરક | શીત | અચિત્ત | સંવૃત |
| ચોથી નરક | શીત એવં ઉષ્ણ બે | અચિત્ત | સંવૃત |
| પાંચમી નરક | શીત એવં ઉષ્ણ બે | અચિત્ત | સંવૃત |
| છટ્ઠી સાતમી નરક | ઉષ્ણ | અચિત્ત | સંવૃત |
| તેઉકાય | ઉષ્ણ | ત્રણે | સંવૃત |
| ચાર સ્થાવર | ત્રણે | ત્રણે | સંવૃત |
| ત્રણે વિકલેન્દ્રિય | ત્રણે | ત્રણે | વિવૃત |
| અસંજ્ઞી તિર્યંચ મનુષ્ય | ત્રણે | ત્રણે | વિવૃત |
| સંજ્ઞી તિર્યંચ, મનુષ્ય | શીતોષ્ણ | મિશ્ર | સંવૃત–વિવૃત |
| દેવ | શીતોષ્ણ | અચિત્ત | સંવૃત |

જન્મ સ્થાનમાં પ્રથમ આહાર સચિત્ત અચિત્ત અથવા મિશ્રમાંથી જેવો પણ હોય છે, તે અનુસાર યોનિ હોય છે. અર્થાત્ તે આહાર સચિત્ત છે તો સચિત્ત યોનિ સમજવી. આ પ્રકારે સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચને 'રજ–વીર્ય'નો પ્રથમ આહાર થાય છે. તેમાં વીર્ય અચિત્ત અને રજ સચિત્ત હોવાથી મિશ્ર આહાર થાય છે. તેથી એની મિશ્ર યોનિ કહેવાય છે.

ઉત્પત્તિ સ્થાનનો સ્વભાવ ઉષ્ણ કે શીત હોય છે, તદનુસાર યોનિ હોય છે. યથા– અગ્નિ કાયની ઉષ્ણ યોનિ.

ઉત્પત્તિ સ્થાન ઢાંકેલું હોય(ન દેખાય તેવું) કે ગુપ્ત હોય તો સંવૃત યોનિ

હોય છે. પ્રકટ સ્થાન હોય તે વિવૃત યોનિ અને થોડું ઢાંકેલું થોડું ખુલ્લું સ્થાન હોય તો તે સંવૃત વિવૃત યોનિ હોય છે.

**અલ્પબહુત્વ :–** **૧.** સર્વથી થોડા શીતોષ્ણ યોનિક, તેનાથી ઉષ્ણ યોનિક અસંખ્યાતગણા, એનાથી શીત યોનિક અનંત ગણા. **૨.** સર્વથી થોડા મિશ્ર યોનિક, તેનાથી અચિત્ત યોનિક અસંખ્યગણા, એનાથી સચિત્ત યોનિક અનંતગણા. **૩.** સર્વથી થોડા સંવૃત-વિવૃત, એનાથી વિવૃત યોનિક અસંખ્યગણા, એનાથી સંવૃત યોનિક અનંતગણા.

## દસમું : ચરમ પદ

**પૃથ્વી આદિની ચરમાચરમ વક્તવ્યતા :–** રત્ન પ્રભા આદિ સાત એવં સિદ્ધ શિલા, આ આઠ પૃથ્વીઓ કહેલ છે. એ સિવાય દેવલોક આદિ પણ અલગ-અલગ પૃથ્વી સ્કંધ છે.

**દ્રવ્યાપેક્ષયા :–** આ સર્વે એક-એક સ્કંધ છે. તેથી તેમાં **૧.** ચરમ, **૨.** અનેક ચરમ, **૩.** અચરમ, **૪.** અનેક અચરમ, **૫.** ચરમાંતપ્રદેશ, **૬.** અચરમાંતપ્રદેશ. આ ૬માંથી એક પણ વિકલ્પ થઈ શકતો નથી. કારણ કે જે એક દ્રવ્ય છે તેની સાથે કોઈ નથી, ત્યારે બીજા કોઈ દ્રવ્યની વિવક્ષા વિના એ ભંગ થઈ શકતા નથી. અર્થાત્ આ ચરમ, અંતિમ આદિ ભંગ અનેકની અપેક્ષા રાખે છે.

**વિભાગાપેક્ષયા :–** આ રત્નપ્રભાદિ અસંખ્યપ્રદેશ અવગાહનાત્મક અનેક સ્કંધોથી યુક્ત છે. એના ચરમપ્રદેશ ખૂણાના રૂપમાં છે. આ ખૂણાના વિભાગાપેક્ષયા અનેક ચરમ સ્કંધ રૂપમાં વિવક્ષિત કરવાથી એવં મધ્યમના આખા એક ગોળ ખંડને એક અચરમ વિવક્ષિત કરવાથી રત્ન પ્રભા પૃથ્વી આદિના ચરમ આદિ થઈ શકે છે. આ વિભાગાદેશથી રત્ન પ્રભા પૃથ્વી– **૧.** અચરમ, **૨.** અનેક ચરમ છે, **૩.** અચરમાંતપ્રદેશ, ૪ ચરમાંતપ્રદેશ છે.

**(૧) અચરમ :–** વચ્ચેનો વિવક્ષિત એક દ્રવ્ય સ્કંધ.

**(૨) અનેક ચરમ :–** ખૂણા રૂપમાં અનેક અસંખ્ય ખંડ અનેક ચરમ દ્રવ્ય છે.

**(૩) અચરમાંતપ્રદેશ :–** અચરમ દ્રવ્ય અવગાહિત પ્રદેશોની અપેક્ષા અસંખ્ય પ્રદેશાત્મક છે. અતઃ અસંખ્ય અચરમાંતપ્રદેશ છે.

**(૪) ચરમાંતપ્રદેશ :–** ખૂણાના રૂપમાં રહેલ અસંખ્ય ખંડ અવગાહિત પ્રદેશોની અપેક્ષા અસંખ્ય પ્રદેશાત્મક છે.

આ જ પ્રકારે વિભાગાદેશથી બધી પૃથ્વીઓ અને દેવલોક, લોક એવં અલોક આદિના ચાર ચાર ભંગ માન્ય કરાય છે. એનું અલ્પ બહુત્વ આ પ્રમાણે છે–



### રત્નાપ્રભાથી લઈને લોક સુધીનું અલ્પબહુત્વ :–

સર્વેથી થોડા એક અચરમ દ્રવ્ય, એનાથી અનેક ચરમ દ્રવ્ય અસંખ્ય ગણા, એનાથી ચરમાંતપ્રદેશ અસંખ્યગણા, એનાથી અચરમાંત પ્રદેશ અસંખ્યગણા (અહીંયા દ્રવ્યમાં ખંડ રૂપ સ્કંધ ગ્રહિત છે અને પ્રદેશમાં આ ખંડોના અવગાહિત **આકાશપ્રદેશ** વિવક્ષિત કર્યા છે. તેથી પ્રદેશોને અસંખ્યાતગણા કહેલ છે, અનંતગણા કહ્યા નથી.)

**લોક અલોકમાં ચાર ભંગ :–** લોકના કિનારે પણ દંતાકાર વિભાગરૂપ છે કારણ કે લોક સમચક્રવાલ નથી, વિષમ ચક્રવાલ છે, તેથી તે દંતાકાર વિભાગોને અનેક ખંડ રૂપમાં વિવક્ષિત કરવાથી લોકના પણ ઉક્ત ચાર ભંગ સ્વીકૃત કર્યા છે. લોકના દંતાકારમાં અલોકના દંતાકાર ખંડ ભેગા થઈને રહ્યા છે. ત્યારે જ લોક અલોક પૂર્ણ સંલગ્ન થઈ રહ્યા છે. એ જ કારણે અલોકના પણ ઉક્ત ચાર ભંગ સ્વીકૃત કરવામાં આવ્યા છે અને તેનું પણ અલ્પબહુત્વ કરવામાં આવે છે. લોકના ચારે ભંગનું અલ્પબહુત્વ રત્નપ્રભાની સમાન જ છે. અલોકના ચારભંગોના અલ્પબહુત્વમાં અંતર છે, કારણ કે એમના આકાશપ્રદેશ અસંખ્ય નથી પરંતુ અનંત છે. તેમનું અલ્પબહુત્વ આ પ્રમાણે છે–

**અલોકનું અલ્પબહુત્વ :–** સર્વેથી થોડા અલોક અચરમ દ્રવ્ય(એક છે), એનાથી ચરમ દ્રવ્ય અસંખ્યગણા, એનાથી ચરમ દ્રવ્યોના પ્રદેશ(આકાશપ્રદેશ) અસંખ્યગણા, એનાથી અચરમપ્રદેશ અનંતગણા.

**લોક અલોકનું સાથે અલ્પબહુત્વ :–** (૧) સર્વેથી થોડા લોક અચરમ અને અલોક અચરમ દ્રવ્ય(બંને) પરસ્પર તુલ્ય(એક-એક છે.) (૨) એનાથી લોકના ચરમ દ્રવ્ય અસંખ્યગણા. (૩) એનાથી અલોકના ચરમ દ્રવ્ય વિશેષાધિક. (૪) એનાથી લોકના ચરમ પ્રદેશ અસંખ્યગણા. (૫) એનાથી અલોકના ચરમપ્રદેશ વિશેષાધિક. (૬) એનાથી લોકના અચરમપ્રદેશ અસંખ્યાતગણા. (૭) એનાથી અલોકના અચરમપ્રદેશ અનંતગણા.

**નોંધ :–** અહીંયા અલ્પબહુત્વમાં સમુચ્ચય લોક અને સમુચ્ચય અલોકના વિશેષાધિકના બોલ નથી લીધા એને સ્વતઃ સમજી લેવા.

### પરમાણુ પુદ્ગલ આદિની ચરમાચરમ વક્તવ્યતા :–

પરમાણુ આદિ પુદ્ગલોના ચરમ અચરમની વિચારણામાં ૨૬ વિકલ્પો દ્વારા પૃચ્છા થઈ છે. તે ૨૬ પ્રશ્ન ચરમ, અચરમ અને અવક્તવ્ય આ ત્રણ પદોના અસંયોગી, દ્વિસંયોગી ભંગ રૂપ છે.

**ત્રણ પદોના સ્વરૂપ :– (૧) ચરમ–** જે પ્રદેશની સમકક્ષમાં એક દિશામાં એક કે અનેક પ્રદેશ હોય તો તે તેની અપેક્ષા ચરમ હોય છે.

**(૨) અચરમ–** જે પ્રદેશની સમકક્ષમાં બંને દિશામાં એક કે અનેક પ્રદેશ હોય તો તે તેમની અપેક્ષા 'અચરમ'(મધ્યમ) થાય છે.

**(૩) અવક્તવ્ય–** જે પ્રદેશની સમકક્ષમાં અન્ય કોઈપણ પ્રદેશ ન હોય, અર્થાત્ તે ઉપર કે નીચે પોતાના પ્રતરમાં એકલો જ હોય, તો તે અવક્તવ્ય થાય છે.

**અસંયોગી ૬ ભંગ :– ૧.** ચરમ, **૨.** અચરમ, **૩.** અવક્તવ્ય, **૪.** અનેક ચરમ, **૫.** અનેક અચરમ, **૬.** અનેક અવક્તવ્ય.

**દ્વિ સંયોગી ૧૨ ભંગ :– ૧.** ચરમ એક, અચરમ એક, **૨.** ચરમ એક, અચરમ અનેક, **૩.** ચરમ અનેક, અચરમ એક, **૪.** ચરમ અનેક, અચરમ અનેક; **૫.** ચરમ એક અવક્તવ્ય એક, **૬.** ચરમ એક, અવક્તવ્ય અનેક, **૭.** ચરમ અનેક, અવક્તવ્ય એક, **૮.** ચરમ અનેક, અવક્તવ્ય અનેક; **૯.** અચરમ એક, અવક્તવ્ય એક, **૧૦.** અચરમ એક, અવક્તવ્ય અનેક, **૧૧.** અચરમ અનેક, અવક્તવ્ય એક **૧૨.** અચરમ અનેક, અવક્તવ્ય અનેક.

**ત્રણ સંયોગી ૮ ભંગ :– ૧.** ચરમ એક, અચરમ એક, અવક્તવ્ય એક, **૨.** ચરમ એક, અચરમ એક, અવક્તવ્ય અનેક, **૩.** ચરમ એક, અચરમ અનેક, અવક્તવ્ય એક, **૪.** ચરમ એક અચરમ અનેક, અવક્તવ્ય અનેક; **૫.** ચરમ અનેક, અચરમ એક, અવક્તવ્ય એક, **૬.** ચરમ અનેક, અચરમ એક, અવક્તવ્ય અનેક, **૭.** ચરમ અનેક, અચરમ અનેક, અવક્તવ્ય એક, **૮.** ચરમ અનેક, અચરમ અનેક, અવક્તવ્ય અનેક. આ રીતે કુલ ૬ + ૧૨ + ૮ = ૨૬ ભંગ થાય છે.

**છવ્વીસ ભંગોનું સ્વરૂપ :–**

**(૧) ચરમ :–** દ્વિપ્રદેશી ખંધ આદિ બે આકાશપ્રદેશ પર સમકક્ષમાં હોય તો એક ચરમ રૂપ આ ભંગ થાય છે. જો એક આકાશપ્રદેશ પર અનેક પ્રદેશ હોય તો પણ આ આકાશપ્રદેશની પ્રધાનતા હોવાથી એક જ ચરમ કહેવાય, તેથી બે આકાશપ્રદેશ પર સમકક્ષમાં રહેવાવાળા બધા સ્કંધ આ ભંગમાં ગણાય છે.

**(૨) અચરમ :–** અચરમનો મતલબ છે મધ્યમ, વચેટ, અચરમ કોઈ નથી હોઈ શકતો. તેથી આ ભંગ શૂન્ય છે, અર્થાત્ બધા સ્કંધોમાં આ ભંગનો નિષેધ છે.

**(૩) અવક્તવ્ય :–** પોતાની શ્રેણી, કક્ષ, પ્રતરમાં જે એકલો જ હોય તે અવક્તવ્ય છે. પરમાણુ તો સ્પષ્ટ જ અવક્તવ્ય છે. અન્ય સ્કંધોમા પણ શેષ પ્રદેશ સમકક્ષમાં હોય અને એક પ્રદેશ એકલો અન્ય પ્રતરમાં ઉપર યા નીચે હોય તો તે પણ અવક્તવ્ય છે. પરંતુ તેની આ ત્રીજા ભંગમાં ગણતરી નથી. તેનો સંયોગી ભંગોમાં સમાવેશ થાય છે. ત્રીજો ભંગ તો ફક્ત પરમાણુમાં જ હોય છે અથવા કોઈ પણ દ્વિપ્રદેશી સ્કંધ આદિ એક આકાશપ્રદેશ પર રહે ત્યારે તે પણ અવક્તવ્ય નામક આ ત્રીજા ભંગમાં જ ગણાશે.



**(૪) અનેક ચરમ :–** અચરમ વિના અનેક ચરમ હોવા અસંભવ છે તેથી આ ભંગ પણ શૂન્ય છે. કોઈ પણ સ્કંધમાં માન્ય નથી.

**(૫) અનેક અચરમ :–** ચરમ વગર એક અચરમ પણ થતો નથી, માટે અનેક અચરમ થવાનો સંભવ જ નથી. તેથી આ ભંગ પણ શૂન્ય છે.

**(૬) અનેક અવક્તવ્ય :–** ચરમ અચરમ વિના અવક્તવ્ય અનેક રહેતા નથી. એક અવક્તવ્ય રૂપ પરમાણુનો ત્રીજો ભંગ તો સફળ છે જ, પરંતુ અનેક અવક્તવ્ય રૂપ આ ભંગ સંભવ નથી.

**(૭) ચરમ એક અચરમ એક :–** જો સમકક્ષ અને એક દિશામાં રહેલ પ્રદેશોમાં એક અચરમ છે તો ચરમ અનેક થાય છે. આ ભંગ સમકક્ષ એક દિશામાં રહેલ પ્રદેશની અપેક્ષા થતો નથી પરંતુ સમકક્ષ ચારે દિશામાં રહેલ પ્રદેશોની અપેક્ષા થાય છે. તેથી આ ભંગ ઓછામાં ઓછા પાંચપ્રદેશી સ્કંધમાં થઈ શકે છે. એમાં જે એક પ્રદેશ વચમાં હોય છે, તે એક અચરમ હોય છે. શેષ ચાર ચારે તરફથી ઘેરાયેલા રહેવાની અપેક્ષાએ એક ચરમ કહેવાય છે.

**(૮) ચરમ એક અચરમ અનેક :–** સાતમાં ભંગની જેમ આ પણ ભંગ છે, એમાં બે પ્રદેશ વચ્ચેના બે આકાશપ્રદેશ પર હોય છે અને ચાર પ્રદેશ ચારે બાજુએ ઘેરાએલા હોય છે, તેથી આ ભંગ ઓછામાં ઓછા ૬ પ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૯) ચરમ અનેક અચરમ એક :–** આ ભંગ સમકક્ષમાં એક શ્રેણીમાં રહેલા પ્રદેશોમાં હોય છે. એમાં ઓછામાં ઓછા ત્રણ પ્રદેશ આવશ્યક છે. અર્થાત્ આ ભંગ બે પ્રદેશી સ્કંધમાં નથી હોતો, ત્રણ પ્રદેશી સ્કંધમાં અને એનાથી અધિક પ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૧૦) ચરમ અનેક અચરમ અનેક :–** નવમાં ભંગની જેમજ આ ભંગમાં પણ બે પ્રદેશ વચ્ચે અને બે પ્રદેશ બંને કિનારે એમ ચાર પ્રદેશ સમકક્ષમાં એક શ્રેણીમાં રહેવાથી જઘન્ય ચાર પ્રદેશીમાં આ ભંગ થાય છે.

**(૧૧) ચરમ એક અવક્તવ્ય એક :–** બે પ્રદેશ એક શ્રેણીમાં સમકક્ષમાં હોય અને એક પ્રદેશ ઉપર અથવા નીચે અન્ય પ્રતરમાં હોય અને સમકક્ષમાં ન હોય તો આ ભંગ થાય છે. એમાં ઓછામાં ઓછો ત્રણ પ્રદેશી સ્કંધ હોવો આવશ્યક છે.

**(૧૨) ચરમ એક અવક્તવ્ય અનેક :–** અગિયારમાં ભંગની જેમ જ આ ભંગ છે. તેમાં એક પ્રદેશ ભિન્ન પ્રતરમાં હોય છે અને એમાં બે પ્રદેશ ભિન્ન પ્રતરોમાં હોય અર્થાત્ એક ઉપરના પ્રતરમાં એકલો, એક નીચેના પ્રતરમાં એકલો અને વચ્ચેના પ્રતરમાં સમકક્ષમાં બે પ્રદેશ હોય છે. તે સમકક્ષવાળા એક ચરમ છે અને ઉપર નીચે વાળા બે અવક્તવ્ય છે. આ પ્રકારે આ ભંગ ઓછામાં ઓછા ચારપ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૧૩) ચરમ અનેક અવક્તવ્ય એક :–** બે પ્રદેશ એક પ્રતરમાં સમકક્ષ હોય પછી બે બીજા પ્રતરમાં સમકક્ષ અને ત્રીજા પ્રતરમાં એક પ્રદેશ એકલો હોય ત્યારે બે પ્રતરોમાં અનેક ચરમ થાય અને ત્રીજા પ્રતરમાં એકલો રહેલ પ્રદેશ એક અવક્તવ્ય છે. આ પ્રકારે આ ભંગ ઓછામાં ઓછા પાંચ પ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૧૪) ચરમ અનેક અવક્તવ્ય અનેક :–** આ ભંગ તેરમાં ભાગની જેમ છે. ફરક એટલો જ કે તેમાં એકલો એક ત્રીજા પ્રતરમાં હોય છે પરંતુ એમાં એક એકલો ઉપરના પ્રતરમાં અને એક એકલો નીચેના પ્રતરમાં હોય છે; વચ્ચેના બે પ્રતરોમાં બે-બે પ્રદેશ હોય છે. આ પ્રકારે આ ભંગ ન્યૂનતમ ૬ પ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૧૫ થી ૧૮) ભંગ :–** આ ચાર ભંગ અચરમ + અવક્તવ્યના છે. એમાં ચરમ નથી અને ચરમ વિના અચરમ નથી થતા, તેથી અચરમ + અવક્તવ્યના આ ચારે ભંગ શૂન્ય છે. ભંગ માત્ર છે. અહીંયા તેમનો કોઈ ઉપયોગ નથી

**(૧૯) ચરમ એક, અચરમ એક, અવક્તવ્ય એક :–** સાતમા ભંગની જેમ આ ભંગ છે. આમાં વિશેષતા એ છે કે એક પ્રદેશ અન્ય ઉપર અથવા નીચેના પ્રતરમાં અધિક હોય છે તે અવક્તવ્ય હોય છે. ત્યારે આ ભંગ ઓછામાં ઓછા ૬ પ્રદેશી સ્કંધમાં બને છે.

**(૨૦) ચરમ એક અચરમ એક અવક્તવ્ય અનેક :–** આ ભંગ ૧૯માં ભંગની જેમ છે. વિશેષતા એ છે કે એમાં એકલો એક પ્રદેશ ઉપરી પ્રતરમાં અને એક નીચલા પ્રતરમાં એમ બે અવક્તવ્ય હોય છે. તેથી આ ભંગ ઓછામાં ઓછા સાતપ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૨૧) ચરમ એક અચરમ અનેક અવક્તવ્ય એક :–** આ ભંગ પણ ૧૯મા ભંગની જેમ છે. પરંતુ તેમાં વચમાં બે પ્રદેશ હોય છે, ચારે તરફ ચાર અને એક ઉપર હોય છે, તેથી વચ્ચેના બે પ્રદેશ અનેક અચરમ હોય છે, ચારે તરફ વાળા ચાર પ્રદેશ એક ચરમ હોય છે. ભિન્ન પ્રતરમાં ઉપર રહેલ એક પ્રદેશ અવક્તવ્ય હોય છે. આ પ્રકારે આ ભંગ ઓછામાં ઓછા સાતપ્રદેશી સ્કંધમાં હોય છે.

**(૨૨) ચરમ એક અચરમ અનેક અવક્તવ્ય અનેક :–** આ ભંગ ૨૧મા ભંગની જેમ છે. તેમાં વિશેષતા એ છે કે એક ઉપરના પ્રતરમાં અને એક નીચેના પ્રતરમાં એમ બે અવક્તવ્ય હોય છે શેષ ૬ સમકક્ષમાં ૨૧મા ભંગની જેમ રહે છે. આ પ્રકારે આ ભંગ ૨ + ૪ + ૨ = ૮ પ્રદેશોથી બને છે અર્થાત્ ઓછામાં ઓછા આઠ પ્રદેશી સ્કંધમાં આ ભંગ મળે છે.

**(૨૩) ચરમ અનેક અચરમ એક અવક્તવ્ય એક :–** એક પ્રદેશ વચમાં, બે પ્રદેશ કિનારે એમ ત્રણ પ્રદેશ, એક શ્રેણીમાં હોય અને એક પ્રદેશ ભિન્ન પ્રતરમાં એકલો હોય ત્યારે વચ્ચેનો એક અચરમ, કિનારાના બે ચરમ અને એકલો એક





અવક્તવ્ય હોય છે. આ પ્રકારે ન્યૂનતમ ચારપ્રદેશી સ્કંધમાં આ ભંગ બને છે.










**(૨૪) ચરમ અનેક અચરમ એક અવક્તવ્ય અનેક :–** ત્રેવીસમા ભંગની જેમ આ ભંગ છે પરંતુ ભિન્ન પ્રતરમાં ઉપર એક પ્રદેશ અને નીચે પણ ભિન્ન પ્રતરમાં એક પ્રદેશ હોય તો એ બે અવક્તવ્ય થઈ જાય છે તેથી આ ભંગ ઓછામાં ઓછા પાંચપ્રદેશી સ્કંધમાં બને છે.

**(૨૫) ચરમ અનેક અચરમ અનેક અવક્તવ્ય એક :–** બે પ્રદેશ વચમાં અને બે કિનારે એમ ચાર પ્રદેશ સમકક્ષમાં એક શ્રેણીમાં હોય તો બે ચરમ બે અચરમ હોય છે. એક પ્રદેશ ઉપર યા નીચેના પ્રતરમાં એકલો હોય તો એક અવક્તવ્ય હોય છે. આ પ્રકારે આ ભંગ ઓછામાં ઓછા પાંચપ્રદેશી સ્કંધમાં બને છે.




**(૨૬) ચરમ અનેક અચરમ અનેક અવક્તવ્ય અનેક :–** પચ્ચીસમા ભંગની જેમ આ ભંગ છે. ફરક એટલો જ કે તેમાં અવક્તવ્ય એક છે આમાં અવક્તવ્ય બે છે. તેથી એક ઉપરના પ્રતરમાં અને એક નીચે પ્રતરમાં એકલો પ્રદેશ હોય છે ત્યારે અનેક અવક્તવ્ય બને છે. શેષ ચાર પ્રદેશ એક શ્રેણીમાં ૨૫મા ભંગની સમાન રહે છે ત્યારે આ ભંગ ઓછામાં ઓછા ૬ પ્રદેશી સ્કંધમાં બને છે.

**પુદ્ગલના છવ્વીસ ભંગોનો ખુલાસો :–**

| ક્રમ | ભંગનું નામ | આકૃતિ | ખુલાસો |
|---|---|---|---|
| ૧ | ચરમ એક |  | બે આકાશ પ્રદેશ ઉપર થાય, બે પ્રદેશથી અનંત પ્રદેશી સુધી બધામાં હોય |
| ૨ | અચરમ એક | × | કહેવા માત્રનો ભંગ છે. કોઈપણ પુદ્ગલમાં સંભવતું નથી. |
| ૩ | અવક્તવ્ય એક |  | એક આકાશ પ્રદેશી ઉપર થાય પરમાણુથી અનંતપ્રદેશી સુધી થાય |
| ૪ | ચરમ અનેક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૫ | અચરમ અનેક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૬ | અવક્તવ્ય અનેક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૭ | ચરમ એક અચરમ એક |  | પાંચ આકાશ પ્રદેશ ઉપર – પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૮ | ચરમ એક અચરમ અનેક |  | છ આકાશ પ્રદેશ ઉપર – છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૯ | ચરમ અનેક અચરમ એક |  | ત્રણ આકાશ પ્રદેશ ઉપર – ત્રણ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ચરમ અનેક<br>અચરમ અનેક |  | ચાર આકાશ પ્રદેશ ઉપરે – ચાર પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૧૧ | ચરમ એક<br>અવક્તવ્ય એક |  | ત્રણ આકાશ પ્રદેશ બે પ્રતમાં ત્રણ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૧૨ | ચરમ એક<br>અવક્તવ્ય અનેક |  | ચાર આકાશ પ્રદેશ ત્રણ પ્રતરમાં– ચાર પ્રદેશીથી અનંત પંદેશી સુધી |
| ૧૩ | ચરમ અનેક<br>અવક્તવ્ય એક |  | પાંચ આકાશ પ્રદેશ ત્રણ પ્રતરમાં – પાંચ પ્રદેશથી અનંત પ્રદેશી સુધી |
| ૧૪ | ચરમ અનેક<br>અવક્તવ્ય અનેક |  | છ આકાશ પ્રદેશ ચાર પ્રતરમાં – છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૧૫ | અચરમ એક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૧૬ | અચરમ એક<br>અવક્તવ્ય અનેક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૧૭ | અચરમ અનેક<br>અવક્તવ્ય એક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૧૮ | અચરમ અનેક<br>અવક્તવ્ય અનેક | × | કહેવા માત્રનો ભંગ છે. |
| ૧૯ | ચરમ એક<br>અચરમ એક<br>અવક્તવ્ય એક |  | છ આકાશ પ્રદેશ બે પ્રતરમાં– છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૦ | ચરમ એક<br>અચરમ એક<br>અવક્તવ્ય અનેક |  | સાત આકાશ પ્રદેશ ત્રણ પ્રતરમાં– સાત પ્રદેશીથી |
| ૨૧ | ચરમ એક<br>અચરમ અનેક<br>અવક્તવ્ય અનેક |  | સાત આકાશ પ્રદેશ બે પ્રતરમાં – સાત પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૨ | ચરમ એક<br>અચરમ બે<br>અવક્તવ્ય બે |  | આઠ આકાશ પ્રદેશ ત્રણ પ્રતરમાં – આઠ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૩ | ચરમ બે<br>અચરમ એક<br>અવક્તવ્ય એક |  | ચાર આકાશ પ્રદેશ બે પ્રતરમાં– ચાર પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |



| ક્રમ | ભંગનું નામ | આકૃતિ | ખુલાસો |
|---|---|---|---|
| ૨૪ | ચરમ બે<br>અચરમ એક<br>અવક્તવ્ય બે |  | પાંચ આકાશ પ્રદેશ ત્રણ પ્રતરમાં– પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૫ | ચરમ બે<br>અચરમ બે<br>અવક્તવ્ય એક |  | પાંચ આકાશ પ્રદેશ બે પ્રતરમાં– પાંચ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |
| ૨૬ | ચરમ બે<br>અચરમ બે<br>અવક્તવ્ય બે |  | છ આકાશ પ્રદેશ ત્રણ સ્તરમાં –છ પ્રદેશીથી અનંત પ્રદેશી સુધી |

**નોંધ :–** આ ૨૬ ભંગોના સ્વરૂપને ધ્યાનપૂર્વક સમજી લેવાથી પરમાણુ આદિમાં પ્રાપ્ત ભંગ સહજમાં સમજી શકાય છે.

**પરમાણુ આદિમાં ભંગ :–**

| ક્રમ | નામ | ભંગ | વિવરણ |
|---|---|---|---|
| ૧ | પરમાણુમાં | ૧ | (૧) ત્રીજો |
| ૨ | દ્વિપ્રદેશીમાં | ૨ | (૧) પહેલો (૨) ત્રીજો |
| ૩ | ત્રણ પ્રદેશીમાં | ૪ | (૧) પહેલો (૨) ત્રીજો (૩) નવમો (૪) અગિયારમો |
| ૪ | ચાર પ્રદેશીમાં | ૭ | (૧) પહેલો (૨) ત્રીજો (૩) નવમો (૪) દસમો (૫) અગિયારમો (૬) બારમો (૭) ત્રેવીસમો |
| ૫ | પાંચ પ્રદેશીમાં | ૧૧ | ઉપરોક્ત સાત અને (૮) સાતમો (૯) તેરમો (૧૦) ચોવીસમો (૧૧) પચ્ચીસમો |
| ૬ | છ પ્રદેશીમાં | ૧૫ | અગિયાર ઉપરોક્ત અને (૧૨) આઠમો (૧૩) ચૌદમો (૧૪) ઓગણીસમો (૧૫) છવ્વીસમો |
| ૭ | સાત પ્રદેશીમાં | ૧૭ | પંદર ઉપરોક્ત અને (૧૬) વીસમો (૧૭) એકવીસમો |
| ૮ | આઠ પ્રદેશીમાં | ૧૮ | સત્તર ઉપરોક્ત અને (૧૮) બાવીસમો |
| ૯ | સંખ્યાતપ્રદેશી | ૧૮ | આઠ પ્રદેશીની સમાન |
| ૧૦ | અસંખ્યાતપ્રદેશી | ૧૮ | આઠ પ્રદેશીની સમાન |
| ૧૧ | અનંતપ્રદેશી | ૧૮ | આઠ પ્રદેશીની સમાન |

**વિશેષ જ્ઞાતવ્ય :– ૧.** ઓછા પ્રદેશી સ્કંધમાં પ્રાપ્ત ભંગ અધિક પ્રદેશીમાં અવશ્ય મળે છે, પરંતુ અધિક પ્રદેશીમાં પ્રાપ્ત ભંગ ઓછા પ્રદેશીમાં કોઈ હોય છે તો કોઈ હોતા નથી. ઉપરોક્ત વર્ણન અને ચાર્ટ ઉપરથી આ સ્પષ્ટ થાય છે.

**૨.** પરમાણુ આદિમાં બતાવેલા આ ભંગ કોઈ પણ સમજમાં ન આવે તો એ ભંગની પરિભાષા સારી રીતે વાંચી લેવી.

**૩.** ૨૬ ભંગમાંથી પ્રાપ્ત થનાર ભંગ ૧૮ જ છે. શેષ ભંગ કોઈપણ સ્કંધમાં હોવાનો સંભવ નથી, તે ભંગ કેવળ પૃચ્છા માત્ર છે. તે ભંગો પ્રાપ્ત ન થવાનું કારણ એની પરિભાષામાં સ્પષ્ટ છે, તે આઠ ભંગ આ પ્રમાણે છે– **૧.** બીજો, **૨.** ચોથો, **૩.** પાંચમો, **૪.** છટ્ઠો, **૫.** પંદરમો, **૬.** સોળમો, **૭.** સત્તરમો, **૮.** અઢારમો.

**સંસ્થાનોની ચરમાચરમ વક્તવ્યતા :–**

પુદ્ગલોના સંસ્થાન પાંચ છે. **૧.** પરિમંડલ, **૨.** વૃત્ત, **૩.** ત્રિકોણ, **૪.** ચૌકોણ, **૫.** આયત. એના પણ પુનઃ પાંચ પ્રકાર છે– (૧) સંખ્યાતપ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ (૨) અસંખ્યાતપ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ (૩) અસંખ્યાતપ્રદેશી અસંખ્યાત પ્રદેશાવગાઢ (૪) અનંતપ્રદેશી સંખ્યાત પ્રદેશાવગાઢ (૫) અનંતપ્રદેશી અસંખ્યાત પ્રદેશાવગાઢ.

આ કુલ સંસ્થાનના ૫ × ૫ = ૨૫ પ્રકાર છે. આ ૨૫માં ચરમાદિ ૬ બોલોની સંપૂર્ણ વક્તવ્યતા રત્નપ્રભા પૃથ્વીની સમાન છે. અર્થાત્ દ્રવ્યાદેશથી છ વિકલ્પોનો નિષેધ છે. વિભાગાદેશના ચાર વિકલ્પ છે અને એનું અલ્પબહુત્વ છે. વિશેષતા એ છે કે સંખ્યાત પ્રદેશાવગાઢમાં અસંખ્યાતગણાના સ્થાને સંખ્યાતગણા કહેવું. અસંખ્યાત પ્રદેશાવગાઢ પૂર્ણતયા રત્નપ્રભાની સમાન છે. અનંતપ્રદેશી અસંખ્યાત પ્રદેશીની જેમ છે. અર્થાત્ તે ક્ષેત્રાપેક્ષાએ (અવગાહનાની અપેક્ષાએ) સમાન છે. દ્રવ્ય અપેક્ષાએ દ્રવ્ય અનંતગણા કહેવું. યથા–

સર્વથી થોડા એક અચરમ, એનાથી ચરમ અસંખ્યાતગણા (ક્ષેત્રાપેક્ષયા), દ્રવ્યાપેક્ષયા ચરમ દ્રવ્ય અનંતગણા છે. એનાથી અચરમ અને ચરમ દ્રવ્ય મળીને વિશેષાધિક છે. એ પ્રકારે સર્વ સંસ્થાઓના ચરમાચરમ ભંગ અને એનો અલ્પબહુત્વ સમજવો.

**ગતિ આદિમાં ચરમ અચરમ બે પદોની વક્તવ્યતા :–**

ગતિ આદિ ૧૧ બોલ છે– **૧.** ગતિ, **૨.** સ્થિતિ, **૩.** ભવ, **૪.** ભાષા, **૫.** ✓ાસો✓ાસ, **૬.** આહાર, **૭.** ભાવ, **૮.** વર્ણ, **૯.** ગંધ, **૧૦.** રસ, **૧૧.** સ્પર્શ.

આ ૧૧ બોલોની અપેક્ષા નરકાદિ ૨૪ દંડકના એક જીવ અને અનેક જીવ ચરમ પણ હોય છે અને અચરમ પણ હોય છે. કેવળ પાંચ સ્થાવરમાં ભાષાનો બોલ નથી હોતો તેથી તેની અપેક્ષાએ ૧૯ દંડકમાં ચરમ-અચરમ હોય છે.

**યથા :–** નારકી જીવ ગતિની અપેક્ષા ચરમ પણ હોય છે અચરમ પણ હોય છે ***યાવત્*** સ્પર્શની અપેક્ષા ચરમ પણ છે અને અચરમ પણ છે. એવી રીતે ભવનપતિ દેવ ગતિની અપેક્ષા ચરમ પણ છે અચરમ પણ છે યાવત્ સ્પર્શની અપેક્ષા ચરમ પણ છે અચરમ પણ છે.



## અગિયારમું : ભાષા પદ

**(૧)** ભાષા, વસ્તુ-તત્ત્વનો બોધ કરાવે છે. કોઈ પણ વ્યક્તિના આશયને સમજવા, ઓળખવા, જાણવા માટે ભાષા અત્યંત સહયોગકારિણી, ઉપકારિણી થાય છે.

**(૨)** ભાષા જીવને હોય છે, અજીવને નહીં. ક્યારેક જીવની ભાષાના પ્રયોગમાં અજીવ માધ્યમ બને છે, પરંતુ સ્વંય અજીવ ભાષક નથી. તેમાં(અજીવમાં) પર પ્રયોગ યા વિકારથી ધ્વનિ(શબ્દ-અવાજ) આવી શકે છે, કંઠ, હોઠ આદિ અવયવોના સંયોગજન્ય વચન વિભક્તિરૂપ ભાષા પુદ્ગલોને નથી હોતી.

**(૩)** જીવોમાં પણ એકેન્દ્રિય જીવ અભાષક છે. એને ભાષા નથી હોતી. કારણ કે બોલવાના સાધન મુખ, જીભ, કંઠ, હોઠ તેમને હોતા નથી.

**(૪)** ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરથી ભાષાની ઉત્પત્તિ થઈ શકે છે.

**(૫)** ભાષા ૪ પ્રકારની હોય છે. **૧.** સત્ય, **૨.** અસત્ય, **૩.** મિશ્ર, **૪.** વ્યવહાર. પર્યાપ્તિની અપર્યાપ્તિનીના ભેદથી તે બે પ્રકારની છે. સત્ય, અસત્ય, ભાષા પર્યાપ્તિની (પરિપૂર્ણ) ભાષા છે. મિશ્ર અને વ્યવહાર ભાષા અપર્યાપ્તિની ભાષા છે.

**(૬)** નારકી, દેવતા, મનુષ્યમાં ચારે પ્રકારની ભાષા છે; એકેન્દ્રિયમાં એક પણ નથી; બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચમાં એક વ્યવહાર ભાષા હોય છે. સંજ્ઞી તિર્યંચમાં મનુષ્ય દ્વારા શીખવાડેલા અભ્યાસ થકી જે હોશિયાર પ્રાણી, પશુ, પક્ષી હોય છે, એમને ચારે ભાષા હોઈ શકે છે.

**(૭)** આ લોક-પરલોકની આરાધના કરાવનાર તેમજ મુક્તિ પ્રાપ્ત કરાવનાર ભાષા સત્ય ભાષા છે. એનાથી વિપરીત મુક્તિ માર્ગની વિરાધના કરાવનાર અસત્ય ભાષા છે. મિશ્ર ભાષામાં બંને અવસ્થા હોય છે તેથી તે પણ અશુદ્ધ છે. આજ્ઞા આપનારી, સંબોધન કરનારી ઈત્યાદિ વ્યવહારોપયોગી, સત્ય અસત્યથી પર રહેનારી ભાષા, વ્યવહાર ભાષા છે. યથા– હે પુત્ર ! ઉઠો, ભણો આદિ.

**(૮)** અબોધ બાળક(નવજાત બચ્ચા) બોલતા છતાં પણ એને ખબર નથી કે હું આ ભાષા બોલી રહ્યો છું. તે એ પણ નથી જાણતો કે આ માતા, પિતા છે વગેરે. એ જ રીતે પશુઓ પણ ભાષાઓની બાબતમાં જાણતા નથી. જો કોઈ બાળકને વિશેષજ્ઞાન(અવધિજ્ઞાન) જન્મથી ઉત્પન્ન થયું હોય તો તે બાળક, યા પશુ આદિ ઉક્ત ભાષા બોલીને ઓળખી શકે છે કે આ હું ભાષા બોલી રહ્યો છું.

**(૯)** સ્ત્રી-પુરુષ આદિને વ્યક્તિગત કે જાતિગત સંબોધન કરતી ભાષા 'પ્રજ્ઞાપની' ભાષા કહેવાય છે, તે અસત્યામૃષા ભાષા છે અર્થાત્ વ્યવહાર ભાષા છે.

**(૧૦) પુરુષ જાતિ માટે શબ્દોના ઉદાહરણ :–** મનુષ્ય, પાડો, બળદ, ઘોડો, હાથી, સિંહ, વાઘ, ગધેડો, શિયાળ, બિલાડો, કૂતરો, ઉંદર, સસલો, ચિત્તો વગેરે.

**(૧૧) સ્ત્રી જાતિ માટે શબ્દોના ઉદાહરણ :–** સ્ત્રી, ભેંસ,ગાય, ઘોડી, હાથણી, સિંહણ, વાઘણ, ઘેટી, શિયાળણી, ગધેડી, બિલાડી, કૂતરી, ઉંદરડી, સસલી, ચિત્રકી વગેરે.

**(૧૨) નપુંસક શબ્દોના ઉદાહરણ :–** કાંસ્ય, શૈલ, સ્તૂપ, તાર, રૂપ, આંખ, પર્વ, દૂધ, કુંડ, દહીં, નવનીત, આસન, શયન, ભવન, વિમાન, છત્ર, ચામર, ભૃંગાર, આંગણું, આભરણ, રત્ન આદિ.

**(૧૩)** સ્ત્રી આદિ બે પ્રકારની હોય છે. **૧.** વેદ મોહના ઉદય રૂપ યા સ્તન આદિ અવયવવાળી, **૨.** ભાષા શાસ્ત્રની અપેક્ષાએ સ્ત્રી વચન, આદિ. ઉપરોક્ત સ્ત્રી આદિ શબ્દ ભાષા શાસ્ત્રોની અપેક્ષાએ છે. ભાષા શાસ્ત્રમાં કહેલા સ્ત્રી શબ્દ આદિના લક્ષણ, ઉચ્ચારણ, પ્રત્યય આદિ એમાં હોય છે. સ્ત્રી-પુરુષના અવયવ (શરીર)ની અપેક્ષા જે છે તે આનાથી ભિન્ન છે. તેથી ભાષા શાસ્ત્રની અપેક્ષાએ આ શબ્દો અસત્ય નથી.

**(૧૪)** ભાષાના પુદ્ગલ સ્કંધોના સંસ્થાન, આકાર વજ(ડમરૂ)ના જેવા હોય છે.

**(૧૫)** પ્રયોગ વિશેષથી બોલાતી, ગ્રહણ કરેલા ભાષા પુદ્ગલોના અનેક વિભાગ કરી, નીકળનારી ભાષા ઉત્કૃષ્ટ લોકાંત સુધી છ એ દિશામાં જાય છે. સામાન્ય પ્રયત્નથી બોલાતી ભાષા સંખ્યાત અસંખ્યાત યોજન સુધી જઈને નષ્ટ થઈ જાય છે. પ્રયત્ન વિશેષથી અને પુદ્ગલોને ભેદતી બોલાતી ભાષા ભાષાના અન્ય પુદ્ગલોને પણ ભાવિત(વાસિત) કરે છે, ભાષારૂપે પરિણત કરીને ચાલે છે.

**(૧૬)** કાયયોગથી ભાષાના પુદ્ગલો ગ્રહણ કરી વચન યોગથી ભાષા બોલાય છે. ભાષા વર્ગણાના પુદ્ગલ લેવા-મૂકવામાં કુલ બે સમય લાગે છે. સ્થૂળ દષ્ટિથી વચન પ્રયોગમાં ઓછામાં ઓછા અસંખ્ય સમય લાગે છે. ભાષાથી બોલેલા શબ્દો એક બીજાને પ્રભાવિત કરીને પરંપરાથી ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ સુધી લોકમાં રહે છે. જઘન્ય અંતર્મુહૂર્ત રહી શકે છે. આ સ્થિતિ પછી એ પુદ્ગલ પુનઃ અન્ય પરિણામમાં પરિણત થઈ જાય છે.

**(૧૭) સત્ય ભાષાના ૧૦ પ્રકાર :– ૧. જનપદ સત્ય–** યથા કોંકણ દેશમાં 'પય'ને 'પિચ્ચ' કહેવાયું તો એ જનપદ સત્ય છે.

**૨. સમ્મત સત્ય–** લોક પ્રસિદ્ધ હોય યથા– પંકજ = કમળ, શેવાળ કીડા આદિ પણ પંકજ હોય છે. પરંતુ તે લોક સમ્મત નથી. આથી કમળ માટે 'પંકજ' એ લોક સમ્મત શબ્દ છે.

**૩. સ્થાપના સત્ય–** કોઈ વસ્તુ અમુક નામે ઓળખાતી હોય– યથા– કોઈ મૂર્તિ– જે તે ભગવાન તરીકે પ્રસિદ્ધ હોય તે સ્થાપના સત્ય.

**૪. નામ–** જે પણ નામ રાખ્યું હોય તે નામ સત્ય છે. યથા– મહાવીર, લક્ષ્મી આદિ નામ પ્રમાણે ગુણ ન પણ હોય તો પણ તે નામ સત્ય છે.



**૫. રૂપ સત્ય–** બહુરૂપી વ્યક્તિ જે રૂપમાં હોય તેને તે કહેવું રૂપ સત્ય છે.

**૬. પ્રતીત્ય(અપેક્ષા) સત્ય–** કોઈ પદાર્થને કોઈની અપેક્ષાએ નાનો કહેવો પ્રતીત્ય સત્ય છે. તે જ પદાર્થ બીજાની અપેક્ષાએ મોટો પણ હોઈ શકે છે.

**૭. વ્યવહાર સત્ય–** ગામ આવી ગયું, પહાડ બળી રહ્યો છે ઈત્યાદિ. વાસ્તવમાં ગામ ચાલતું નથી, જીવ ચાલે છે. પહાડ બળતો નથી પરંતુ એની અંદર રહેલા ઘાસ વગેરે બળે છે, તો પણ વ્યવહાર સત્ય ભાષા છે.

**૮. ભાવ સત્ય–** ભાવમાં જે ગુણ પ્રમુખ હોય છે તેનું તે પદાર્થમાં મહત્ત્વ બતાવવું તે ભાવ સત્ય છે. યથા– કાળી ગાય આ ભાવ સત્ય છે. જો કે પાંચે વર્ણ અષ્ટ સ્પર્શીમાં હોય છે. તો પણ પ્રમુખ રંગને કહેવું ભાવ સત્ય છે. એ પ્રકારે અન્ય ગુણોની પ્રમુખતાના શબ્દ સમજવા.

**૯. યોગ સત્ય–** દંડ રાખવાવાળાને દંડી આદિ કહેવું યોગ સત્ય છે.

**૧૦. ઉપમા સત્ય–** ઉપમા આપીને કોઈને કહેવું. યથા– સિંહની સમાન શૌર્ય-વાળા માનવને 'કેસરી' કહેવું, મનને ઘોડો કહેવું વગેરે.

**(૧૮) અસત્ય ભાષાના ૧૦ પ્રકાર :– ૧.** ક્રોધ, **૨.** માન, **૩.** માયા, **૪.** લોભ, **૫.** રાગ, **૬.** દ્વેષ, **૭.** હાસ્ય, **૮.** ભય આ આઠને વશીભૂત થઈને અથવા આ વિભાવોને આધીન થઈને જે અસત્ય ભાષણ ઉચ્ચારે છે તે ક્રમશઃ ક્રોધ અસત્ય ***યાવત્*** ભય અસત્ય છે. **૯.** કથા, ઘટના આદિ વર્ણન કરતી વખતે વાતમાં રંગ લાવવા માટે અથવા ભાવ પ્રવાહમાં અસત્ય અતિશયોક્તિ વશ જે કથન કરી દેવાય છે, તે આખ્યાયી અસત્ય છે. **૧૦.** બીજાના હૃદયને આઘાત પહોંચાડવા માટે અસત્ય વચન પ્રયોગ કરવો 'ઉપઘાત અસત્ય' છે.

**(૧૯) મિશ્ર ભાષાના ૧૦ પ્રકાર :– ૧–૩.** જન્મ, મરણ અને જન્મ મરણની સંખ્યા સંબંધી કોઈ પણ પ્રકારનું સત્યાસત્ય કથન કહેવું, **૪–૬.** જીવ, અજીવ અને જીવાજીવ સંબંધી કોઈપણ પ્રકારનું સત્યાસત્ય કથન કરવું **૭–૮.** અનંત અને પ્રત્યેક સંબંધી મિશ્ર ભાષાનો પ્રયોગ કરવો, **૯–૧૦.** કાળ સંબંધી અને કાલાંશ અર્થાત્ સૂક્ષ્મ કાળ સંબંધી સત્યાસત્ય કથન કરવું ઈત્યાદિ મિશ્ર ભાષાના પ્રકાર છે. અન્ય પણ અનેક પ્રકાર હોઈ શકે છે. આ બધાનો અપેક્ષાએ આ દસ પ્રકારમાં સમાવેશ કરી લેવો જોઈએ.

**(૨૦) વ્યવહાર ભાષાના ૧૨ પ્રકાર :– ૧.** સંબોધન સૂચક વચન, **૨.** આદેશ વચન, **૩.** કોઈ વસ્તુના માંગવા રૂપ વચન, **૪.** પ્રશ્ન પૂછવાનો વચન પ્રયોગ, **૫.** ઉપદેશ રૂપ વચન કે તત્ત્વજ્ઞાન પ્રદાન કરનારા વચન, **૬.** વ્રત પ્રત્યાખ્યાનના પ્રેરક વચન, **૭.** બીજાને સુખપ્રદ, અનુકૂલ, સન્માન સૂચક વચન, **૮.** અનિશ્ચયકારી ભાષામાં અર્થાત્ વૈકલ્પિક ભાષામાં સલાહ વચન, **૯.** નિશ્ચયકારી ભાષામાં સલાહ

વચન યથા– ૧ આ પદ્ધતિમાંથી કોઈ પણ પદ્ધતિ અપનાવવી જોઈએ ૨ આ પદ્ધતિ જ અપનાવવા યોગ્ય રહેશે, **૧૦.** અનેકાર્થક સંશયોત્પાદક વચન પ્રયોગ કરવો, **૧૧.** સ્પષ્ટાર્થક વચન, **૧૨.** ગૂઢાર્થક વચન.

વિવિધ પ્રસંગોપાત અનેક પ્રકારની ભાષાઓ બોલાય છે. ગૂઢાર્થક, અનેકાર્થક(સંશયોત્પાદક) વચન પણ આવશ્યક પ્રસંગ પર બોલાય છે. જેના બોલવામાં યા કથન કરવામાં અસત્યથી બચવાનું કારણ નિહિત હોય છે. તે વચન અસત્ય નથી એવં સત્યના વિષયથી પર પણ છે. અર્થાત્ હે શિષ્ય ! અહીં આવ, નવકારસીના પ્રત્યાખ્યાન કરવા જોઈએ. આ વચન સત્ય અને અસત્યને અવિષયભૂત છે, પરંતુ વ્યવહારોપયોગી વચન છે.

એ સિવાય જે પશુ, પક્ષી અને નાના જીવ જંતુ અવ્યક્ત વચન પ્રયોગ કરે છે તે પણ વ્યવહાર ભાષાની અંતર્ગત સમાવિષ્ટ છે. કારણ કે એના આ અવ્યક્ત વચનોનો જૂઠ, સત્ય યા મિશ્ર ભાષા સાથે કોઈ સંબંધ હોતો નથી.

આ પ્રકારે આ વ્યવહાર ભાષાની પરિભાષા એ નિષ્પન્ન થઈ કે જે વચન અવ્યક્ત હોય, વ્યવહારોપયોગી હોય અને જેનો અસત્ય, સત્ય અને મિશ્ર સાથે કોઈ સંબંધ ન હોય તે વ્યવહાર ભાષા છે.

**(૨૧)** દશવૈકાલિક સૂત્ર અધ્યયન ૪ના અનુસાર જીવ જતનાપૂર્વક ચાલવું, બોલવું, ખાવું આદિ પ્રવૃત્તિઓ કરતા પણ અપેક્ષિત પાપ કર્મનો બંધ કરતો નથી. ભગવતી સૂત્ર અનુસાર ઉપયોગપૂર્વક ઈર્યા શોધન કરતા અણગારના પગ નીચે સહસા પંચેન્દ્રિય પ્રાણી દબાઈ જાય તો પણ એ અણગારને એ જીવની વિરાધના સંબંધી સાવદ્ય સપાપ ક્રિયા લાગતી નથી.

એ પ્રકારે આ ભાષા પદમાં પણ એ જ સમજાવવામાં આવ્યું છે કે ઉપયોગપૂર્વક બોલતા જો અસત્ય કે મિશ્ર ભાષાનો સહસા પ્રયોગ થઈ જાય તો પણ તે જીવ વિરાધક બનતો નથી. પરંતુ જે જીવ અસંયત-અવિરત છે, અસત્ય અથવા મિશ્ર કોઈ પણ વચનનો જેને ત્યાગ નથી અને એવા વચન ન બોલવાનો કોઈ સંકલ્પ નથી, તે વિવેક અને જાગરૂકતા રહિત વ્યક્તિ સત્ય અને વ્યવહાર ભાષા બોલવા છતાં પણ આરાધક નથી, પરંતુ વિરાધક છે. અર્થાત્ જાગૃત અને ભાષાના વિવેકમાં ઉપયોગવંત વ્યક્તિના દ્વારા કદાચિત ચારમાંથી કોઈપણ ભાષાનો પ્રયોગ થઈ જાય તો પણ તે આરાધક છે. એવં લક્ષ્ય રહિત, વિવેક અને ઉપયોગ રહિત, અસત્યના ત્યાગ રૂપ વિરતિથી રહિત, વ્યક્તિના દ્વારા ચારેમાંથી કોઈ પણ ભાષાનો પ્રયોગ થઈ જાય તો પણ તે આરાધક ગણાતો નથી તેને વિરાધક માનવામાં આવે છે.

એનું તાત્પર્ય એ છે કે ભૂલને ક્ષમ્ય માનવામાં આવે છે, પરંતુ અવિવેક, લાપરવાહી આદિ ક્ષમ્ય ગણાતી નથી.



વચન પ્રયોગ કરનારા સત્યાર્થી વ્યક્તિએ ભાષા સંબંધી વચન પ્રયોગોનું જ્ઞાન અવશ્ય રાખવું જોઈએ. વક્તા કે પ્રવચનકાર મુમુક્ષુ આત્માઓએ ઉક્ત ચાર પ્રકારની ભાષાના ભેદ-પ્રભેદ અને પરમાર્થનું જ્ઞાન અને અનુભવ પણ પ્રાપ્ત કરવા જોઈએ. આ સાથે નીચે બતાવેલ ૧૬ પ્રકારના વચન પ્રયોગોનો પણ અભ્યાસ કરી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

**(૨૨) સોળ પ્રકારના વચન :– ૧.** એક વચનનાપ્રયોગ, **૨.** દ્વિવચનના પ્રયોગ, **૩.** બહુવચનના પ્રયોગ, **૪.** સ્ત્રીવચન, ૫ પુઢષવચન, **૬.** નપુંસકવચન, **૭.** અધ્યાત્મવચન એટલે વાસ્તવિક અંતરભાવના વચન, સહજ સ્વાભાવિક સરલતાપૂર્ણ વચન, **૮.** ગુણ પ્રદર્શક વચન, **૯.** અવગુણપ્રદર્શક વચન, **૧૦.** ગુણ બતાવીને અવગુણ પ્રગટ કરવાનું વચન **૧૧.** અવગુણ બતાવીને ગુણ પ્રગટ કરનારું વચન, **૧૨.** ભૂતકાલિક વચન પ્રયોગ, **૧૩.** વર્તમાનકાલિક વચનપ્રયોગ, **૧૪.** ભવિષ્યકાલિક વચન પ્રયોગ, **૧૫.** પ્રત્યક્ષીભૂત વિષયના વચન પ્રયોગ, **૧૬.** પરોક્ષભૂત વિષયની કથન પદ્ધતિ.

ઈત્યાદિ પ્રકારના વચનોના પ્રયોગ ક્યાં, ક્યારે અને કેવા પ્રકારે કરવા જોઈએ, ક્યારે કઈ ક્રિયાના, શબ્દના, લિંગના, વચનના પ્રયોગ કરાય છે, આ વિષયક ભાષા જ્ઞાન કરવું, એનો અભ્યાસ અને અનુભવ કરવો પણ આરાધક ભાષા પ્રયોગના ઈચ્છુક સાધકે અને વિશેષ કરીને વક્તાઓએ પોતાનું આવશ્યક કર્તવ્ય સમજવું જોઈએ.

**(૨૩) ગ્રહણ યોગ્ય ભાષા દ્રવ્યો સંબંધી તાત્ત્વિક જ્ઞાન :– ૧.** વચનપ્રયોગ હેતુ ભાષા વર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરવામાં આવે અન્ય વર્ગણાના નહીં **૨.** સ્થાન સ્થિત પુદ્ગલ ગ્રહણ કરાય ચલાયમાન નહીં, **૩.** અનંતપ્રદેશી પુદ્ગલ ગ્રહણ કરાય, અસંખ્યાતપ્રદેશી આદિ નહીં **૪.** અસંખ્ય આકાશપ્રદેશની અવગાહના વાળા પુદ્ગલ ગ્રહણ કરાય છે. **૫.** તે પુદ્ગલ સમૂહમાં કેટલાક સ્કંધ એક સમયની સ્થિતિવાળા પણ હોઈ શકે છે, ઉત્કૃષ્ટ અસંખ્ય સમયની સ્થિતિવાળા પણ હોઈ શકે છે. **૬.** તે પુદ્ગલ ચાર સ્પર્શવાળા હોય છે અર્થાત્ એમાં વર્ણાદિ ૧૬ બોલ (૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને, ૪ સ્પર્શ) હોય છે. **૭.** તે પુદ્ગલ એક ગુણ કાળા હોઈ શકે છે અથવા અનંત ગણા કાળા પણ હોઈ શકે છે. એ પ્રકારે ૧૬ બોલ એક ગુણ ***યાવત્*** અનંત ગણા ગુણ સમજી લેવા.

**૮.** જે ભાષા વર્ગણાના પુદ્ગલ જીવના સ્પર્શમાં છે અર્થાત્ જે શરીરમાં આત્મા હોય તે શરીરને સ્પર્શિત અને અવગાહિત છે એને ગ્રહણ કરી શકાય છે અન્ય અનવગાઢ યા અસ્પર્શિત ને નહીં; કંઠ, હોઠના નિકટતમ અનંતર છે તે ગ્રહણ કરી શકાય છે પરંપરને નહીં. **૯.** તે પુદ્ગલ નાના પણ હોઈ શકે છે. મોટા

પણ હોઈ શકે છે. **૧૦.** અવગાઢ છએ દિશાઓમાંથી ગ્રહણ કરાય છે. ભાષા પ્રયોગના પ્રારંભમાં, મધ્યમાં અને અંતમાં જ્યાં સુધી બોલાય છે ત્યાં સુધી સર્વે સમયોમાં ભાષા વર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરાય છે. બોલવાનું બંધ કરવું હોય તો ક્યારેય પણ પુદ્ગલ ગ્રહણ કરવાનું અટકી શકે છે. **૧૧.** પ્રથમ સમયમાં જે ભાષા દ્રવ્ય ગ્રહણ થાય છે, તેનું બીજા સમયમાં નિસ્સરણ = છોડવાનું થાય છે. બીજા સમયમાં જેનું ગ્રહણ કરે છે, તેનું ત્રીજા સમયમાં નિસ્સરણ હોય છે. **૧૨.** લગાતાર અસંખ્ય સમય સુધી ગ્રહણ-નિસ્સરણ થયા વિના સ્વર યા વ્યંજનોની અર્થાત્ અક્ષરોની નિષ્પત્તિ થતી નથી.

**૧૩.** પ્રથમ સમયમાં ફક્ત ગ્રહણ જ હોય છે, નિસ્સરણ હોતું નથી. અંતિમ સમયમાં ફક્ત નિસ્સરણ હોય છે અને વચ્ચેના સમયમાં ગ્રહણ નિસ્સરણ બંને ક્રિયા હોય છે. એક સમયમાં યોગ્ય અનેક ક્રિયા થઈ શકવી એ જિનાનુમત છે. એક સમયમાં ઉપયોગ એક જ હોય છે. મિથ્યાત્વ અને સમ્યક્ત્વ એવી વિરોધી ક્રિયાઓ એક સાથે નથી થતી. પરંતુ કર્મ પ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા, નિર્જરા આદિ વિભિન્ન ક્રિયાઓ થતી રહે છે.

**(૨૪)** સત્ય અસત્ય આદિ જે રૂપમાં ભાષા વર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરાય છે તે રૂપમાં એનું નિસ્સરણ થાય છે, અન્ય રૂપમાં નહીં.

**(૨૫)** સ્વવિષયના અર્થાત્ ભાષાને યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરવામાં આવે છે અન્ય નહીં. તે પુદ્ગલ અનુક્રમ પ્રાપ્ત ગ્રહણ કરે છે, વ્યુત્ક્રમથી નહીં.

**(૨૬)** ભાષા વર્ગણાના પુદ્ગલો ભેદ પામતા નીકળે છે. તો તે પુદ્ગલના ભેદ પાંચ પ્રકારના હોય છે. **૧. ખંડા ભેદ–** લોઢું, તાંબું, ચાંદી, સોનું આદિના ખંડની જેમ, **૨. પ્રતર ભેદ–** વાંસ, નેતર, કદલી, અબરખ આદિના ભેદની જેમ, **૩. ચૂર્ણ ભેદ–** પીસેલા પદાર્થની સમાન ચૂર્ણ બની જવું, **૪. અણુતડિયા ભેદ–** જળ સ્થાનોમાં પાણી સૂકાઈ જતાં માટીમાં તિરાડ પડે તેના જેવા, **૫. ઉક્કરિયા ભેદ–** મસૂર, મગ, અડદ, તલ, ચોળા આદિ ફળીઓના ફાટવા રૂપ ભેદની સમાન.

ભાષા વર્ગણાના પુદ્ગલોમાં આ પાંચ પ્રકારના ભેદ હોય શકે છે. એનું અલ્પબહુત્વ આ પ્રકારે છે. **૧.** સર્વેથી થોડા ઉક્કરિયા(ઉત્કટીકા) ભેદવાળા, **૨.** અનુતડિયા ભેદવાળા અનંતગુણા, **૩.** ચૂર્ણભેદવાળા એનાથી અનંતગણા, **૪.** તેનાથી પ્રતર ભેદવાળા અનંતગણા, **૫.** તેનાથી ખંડા ભેદવાળા અસંખ્યગણા

**(૨૭)** આ સમુચ્ચય જીવોની અપેક્ષાએ જે પણ કથન કર્યુ છે, તેને નરકાદિ ૨૪ દંડકમાં યથા યોગ્ય સમજવું, અર્થાત્ જ્યાં જે ભાષા હોય છે, તે દંડકમાં તે ભાષાના આશ્રયથી કથન કરવું જોઈએ. એકેન્દ્રિય અભાષક છે, તેથી તેમનું કોઈપણ કથન કરવામાં આવતું નથી; શેષ ૧૯ દંડકનું કથન જ અહીં અપેક્ષિત છે.



# બારમું : બદ્ધ મુક્ત શરીર પદ

ચાર ગતિમાં ભ્રમણ કરવાવાળા સમસ્ત જીવ સશરીરી હોય છે. શરીર રહિત જીવ નિજ આત્મ સ્વરૂપને પ્રાપ્ત કરીને સદૈવ માટે જન્મ મરણના બંધનથી મુક્ત થઈ જાય છે. સંસારમાં રહેનારા જીવોને વિભિન્ન પ્રકારના અનેક શરીર હોય છે. આ શરીર કુલ પાંચ કહેલ છે– **૧.** ઔદારિક, **૨.** વૈક્રિય, **૩.** આહારક, **૪.** તૈજસ, **૫.** કાર્મણ.

**(૧) ઔદારિક શરીર :–** ઉદાર = પ્રધાન શરીર કે સ્થૂલ શરીર અથવા વિશાલ શરીર. આ શરીર સંસારમાં અધિકતમ યાને અનંત જીવોને હોય છે. તીર્થંકર, ચક્રવર્તી આદિ મહાપુરુષોને પણ આ શરીર હોય છે, તેથી આ શરીરનું ઘણું મહત્ત્વ છે. આ શરીરના માધ્યમથી જ જીવ સંસાર સાગર તરીને પાર કરે છે. અર્થાત્ સંસારથી હંમેશ માટે મુક્તિને પ્રાપ્ત થાય છે. દેવો પણ આ શરીર યુક્ત જીવનની ઈચ્છા કરે છે. એવું આ ઔદારિક શરીર તિર્યંચ, મનુષ્યને હોય છે.

**(૨) વૈક્રિય શરીર :–** જે શરીર વિવિધ અને વિશેષ પ્રકારની ક્રિયા કરી શકે છે અર્થાત્ નવા-નવા રૂપ ધારણ કરી શકે છે, તે વિશેષ ક્રિયા કરનારું વૈક્રિય શરીર છે. આ શરીર નારક, દેવોને જન્મથી પ્રાપ્ત થાય છે, મનુષ્ય, તિર્યંચોમાં પણ કોઈ કોઈને વિશિષ્ટ ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. વાયુકાયના જીવોને પણ આ શરીર, સ્વભાવથી પ્રાપ્ત થાય છે.

**(૩) આહારક શરીર :–** જિન પ્રરૂપિત કોઈ સ્થળોના પ્રત્યક્ષ દર્શનની જિજ્ઞાસાથી અથવા કોઈ તત્ત્વોમાં ઉત્પન્ન શંકાનું સમાધાન કરવા માટે આ શરીર બનાવવામાં આવે છે. આહારક લબ્ધિ સંપન્ન અણગારને આ શરીર હોઈ શકે છે. ૧૪ પૂર્વના જ્ઞાનીને આ આહારક લબ્ધિ પ્રાપ્ત હોય છે અને તે લબ્ધિ સંપન્ન અણગાર સર્વજ્ઞ વીતરાગ પ્રભુથી દૂરના ક્ષેત્રમાં હોય ત્યારે પ્રત્યક્ષીકરણ કરી તત્ત્વોના સમાધાન પ્રાપ્ત કરવા માટે લબ્ધિનો પ્રયોગ કરી આહારક શરીરનું એક પૂતળું બનાવીને સર્વજ્ઞ પાસે મોકલે છે. તે પૂતળું જ આહારક શરીર છે. સમાધાન પ્રાપ્ત કરી તે પૂતળું પુનઃ પોતાના સ્થાને આવે છે. આ પ્રકારે આગમ વર્ણિત નંદી✓ર દ્વીપ, મેરૂ પર્વત આદિ સ્થળોને પણ પ્રત્યક્ષ જોઈને તે આહારક શરીરનું પૂતળું પુનઃ આવી જાય છે. આવવું, જવું, જોવું, પૂછવું વગેરે સમસ્ત ક્રિયામાં તે આહારક શરીરને અંતર્મુહૂર્તનો સમય લાગે છે. કારણ કે આ આહારક શરીરની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે, અવગાહના ઉત્કૃષ્ટ એક હાથની હોય છે.

**(૪) તૈજસ શરીર :–** આ શરીર ઔદારિક કે વૈક્રિય શરીરની સાથે રહે છે અને આહારની પાચનક્રિયાનું, રસ, રક્ત, ધાતુ આદિના નિર્માણ એવં સંચાલનનું કાર્ય

કરે છે. ઔદારિક કે વૈક્રિય સંપૂર્ણ શરીરમાં આ શરીર વ્યાપ્ત રહે છે, સંસારના સમસ્ત જીવોને અનાદિકાળથી હોય છે. મોક્ષમાં જતી વખતે આ શરીર આત્માનો સાથ છોડે છે. મૃત્યુ પામીને જીવ જ્યારે ઔદારિક કે વૈક્રિય શરીરને ત્યાં જ છોડીને પરભવમાં જાય છે, ત્યારે પણ આ શરીર આત્માની સાથે રહે છે. એનું શરીરમાં પ્રમુખ સ્થાન અને કર્તવ્ય જઠરાગ્નિ છે તેથી તેનું નામ તૈજસ શરીર છે.

**(૫) કાર્મણ શરીર :–** કર્મોના ભંડારરૂપ, સંગ્રહરૂપ, પેટીરૂપ જે શરીર છે, તે આ કાર્મણ શરીર છે. અર્થાત્ જે શરીરમાં આત્માના સમસ્ત કર્મોના સર્વ પ્રકારના વિભાગ ક્રમાનુસાર સંગ્રહ થાય છે તે કાર્મણ શરીર છે. આ શરીર પણ તૈજસ શરીરની સમાન સંસારના સમસ્ત જીવોની સાથે અનાદિથી છે, મુક્ત અવસ્થા પ્રાપ્ત થવાના પૂર્વ સમય સુધી રહે છે. આ પ્રકારે આ શરીર કર્મોનો સંગ્રાહક અને આત્માના સંસાર ભ્રમણ સંચાલનનો મુખ્ય મુનિમ છે.

**ચોવીસ દંડકમાં શરીર :–** નારકી-દેવતામાં ત્રણ શરીર હોય છે– **૧.** વૈક્રિય **૨.** તૈજસ ૩ કાર્મણ. વાયુકાય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં ચાર શરીર હોય છે– **૧.** ઔદારિક **૨.** વૈક્રિય **૩.** તૈજસ, **૪.** કાર્મણ. સંજ્ઞી મનુષ્યમાં ઔદારિક, તૈજસ, કાર્મણ અને લબ્ધિ પ્રાપ્તને વૈક્રિય તથા આહારક, એમ પાંચેય શરીર હોય છે. ચાર સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય આદિમાં ત્રણ શરીર હોય છે– **૧.** ઔદારિક **૨.** તૈજસ **૩.** કાર્મણ.

### પાંચેય શરીરોની સંખ્યા પ્રમાણ ઉપમા દ્વારા :–

પાંચેય શરીર બે–બે પ્રકારના છે. **૧.** બદ્ધ(જીવની સાથે રહેલા), **૨.** મુક્ત (જીવથી છૂટેલા).

**ઔદારિક બદ્ધ-મુક્ત શરીર :–** જે શરીર જીવની સાથે છે તે બુદ્ધ શરીર છે. અર્થાત્ જીવયુક્ત શરીર બુદ્ધેલક કહેવાય છે અને જીવ રહિત શરીર પુદ્ગલો મુક્કેલગ કહેવાય છે.

**૧.** બદ્ધ(બદ્ધેલક) શરીર, સંખ્યા માપથી અસંખ્યાતા છે. કાળમાપથી અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણીના સમય તુલ્ય છે. ક્ષેત્ર માપની અપેક્ષાએ અસંખ્ય લોક જેટલા ક્ષેત્રના આકાશપ્રદેશોની સંખ્યા તુલ્ય છે.

**૨.** મુક્કેલગ(જીવથી છૂટેલા) ઔદારિક શરીર અનંત છે. અર્થાત્ આત્માથી છૂટતાં જ એક શરીરના અનંત વિભાગ થાય છે, તેથી અસંખ્ય બદ્ધેલક હોવા છતાં પણ મુકકેલગ અનંત કહેવાય છે. આ શરીરના મુકકેલગ જ્યાં સુધી અન્ય પરિણામને પ્રાપ્ત થતા નથી, ત્યાં સુધી પૂર્વ શરીરના મુકકેલગ જ ગણાય છે. એવા ઔદારિકના મુકકેલગ સંખ્યાની અપેક્ષા અનંત છે. કાળ માપની અપેક્ષા અનંત ઉત્સર્પિણી અવસર્પિણીના સમય તુલ્ય છે. ક્ષેત્ર માપની અપેક્ષા લોક જેટલા અનંત લોક હોય



એના જેટલા આકાશપ્રદેશ હોય એને તુલ્ય છે. એવં દ્રવ્ય માપની અપેક્ષા આ ઔદારિક મુક્કેલગ શરીર અભવ્યોની સંખ્યાથી અનંતગણા અને સિદ્ધની સંખ્યાના અનંતમાં ભાગ જેટલા હોય છે.

**વૈક્રિય બદ્ધમુક્ત શરીર :– ૧.** વૈક્રિય, બદ્ધેલક શરીર સંખ્યાથી અસંખ્ય, કાળથી અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણીના સમય તુલ્ય; ક્ષેત્રથી ૧૪ રાજુ લાંબો અને વિભિન્ન પ્રમાણમાં પહોળો આ લોક છે. એને અગર કલ્પનાથી ઘન બનાવવામાં આવે, નક્કર એક પિંડ બનાવી દેવાય તો સાત રાજુ લાંબો પહોળો જાડો ઘન બની જાય છે. જેનો એક પ્રતર પણ સાત રાજુનો લાંબો પહોળો અને એકપ્રદેશી જાડો થાય છે. તે પ્રતરની એક શ્રેણી સાત રાજુની લાંબી, એક પ્રદેશ પહોળી અને એક પ્રદેશ જાડી હોય છે. એક પ્રતરમાં આવી અસંખ્ય શ્રેણીઓ હોય છે અને તે ઘનમાં એવા અસંખ્ય પ્રતર હોય છે. એ સાત રાજુ પ્રમાણ એક શ્રેણીમાં અસંખ્ય આકાશ પ્રદેશ હોય છે. તે પણ અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણીના સમય તુલ્ય હોય છે. વૈક્રિય શરીરના બદ્ધેલક એવી અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ તુલ્ય હોય છે. તે અસંખ્ય શ્રેણીઓ તે પ્રતરની શ્રેણીઓના અસંખ્યાતમાં ભાગ જેટલી સમજવી જોઈએ. અર્થાત્ સૂચિ(એક પ્રદેશી) પ્રતરથી અસંખ્યાતમાં ભાગની અસંખ્ય શ્રેણીઓના આકાશપ્રદેશને તુલ્ય વૈક્રિય શરીરના બદ્ધેલક હોય છે.

**૨.** મુકકેલગ શરીર સંખ્યાથી અનંત છે, જેમનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળના કથનની અપેક્ષા ઔદારિકના મુકકેલગની સમાન છે. અર્થાત્ અનંતનું કથન સર્વે અપેક્ષાઓમાં સમાન હોવા છતાં પણ આ અનંત અનંતમાં પરસ્પર અંતર હોઈ શકે છે. અતઃ ઔદારિકના મુકકેલગથી આ ઓછા હોય છે.

**૩. આહારક બદ્ધ મુક્ત શરીર :– ૧.** ઉપર બતાવવામાં આવ્યું છે કે લબ્ધિધારી મુનિરાજને જ આ શરીર હોય છે. અતઃ આહારકના બદ્ધશરીર ક્યારેક હોય છે ક્યારેક હોતા નથી. જ્યારે હોય છે તો જઘન્ય ૧-૨-૩, ઉત્કૃષ્ટ અનેક હજાર હોઈ શકે છે. અર્થાત્ એકી સાથે ૫ ભરત, ૫ ઐરવત, ૫ મહાવિદેહમાં આહારક શરીર બનાવનારા મુનિરાજો ઉત્કૃષ્ટ ૫-૧૦ હજાર પણ હોઈ શકે છે.

**૨.** મુકકેલગ અનંત હોય છે. ક્ષેત્રકાળ આદિની કથન પદ્ધતિ ઔદારિકની સમાન છે તો પણ ઔદારિકથી ઘણા ઓછા હોય છે.

**તૈજસ કાર્મણના બદ્ધમુક્ત શરીર :–** તૈજસ કાર્મણ શરીર હંમેશાં સાથે રહે છે અને આત્માના મોક્ષ જવા વખતે આ બંને સાથે છૂટી જાય છે. **૧.** એના બદ્ધેલક અનંત છે. ક્ષેત્ર આદિના કથન ઔદારિક મુકકેલગની સમાન છે. દ્રવ્ય માપની અપેક્ષાએ સર્વ સંસારી જીવોની સંખ્યા તુલ્ય છે, સિદ્ધોથી અનંતગણા છે અને સર્વ જીવોના અનંતમાં ભાગ(સિદ્ધો જેટલા) ન્યૂન છે. **૨.** એના મુકકેલગ પણ અનંત છે. અનંતના ક્ષેત્ર , કાળના માપ એના જ બદ્ધેલકની સમાન છે. દ્રવ્ય માપની

અપેક્ષા સર્વ જીવોની સંખ્યાથી અનંતગણા છે અને સર્વ જીવોની સંખ્યાનો વર્ગ કરવામાં આવે તો એ વર્ગ રાશિથી અનંતમાં ભાગ તુલ્ય તૈજસ-કાર્મણના મુકકેલગ શરીર છે.

## ચોવીસ દંડકના બદ્ધ–મુક્ત શરીર :–

**નારકી :–** ઔદારિક શરીરના બદ્ધેલક નથી અને તેના મુક્કેલગ સમુચ્ચયની જેમ છે. વૈક્રિય શરીરના બદ્ધેલક અસંખ્યાત છે અર્થાત્ ઘનીકૃત લોક પ્રતરના અસંખ્યામા ભાગની અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ તુલ્ય છે. તે શ્રેણીઓનો માપ એ છે કે એક અંગુલ જેટલા શ્રેણી ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશ હોય છે તેનું પ્રથમ વર્ગમૂળ જે પણ હોય તેનો બીજા વર્ગમૂળની સાથે ગુણાકાર કરવાથી જે ગુણન ફળ આવે તેટલી (અસંખ્ય) શ્રેણીઓ સમજવી. તેની કલ્પિત સંખ્યા આ પ્રકારે સમજાવવામાં આવે છે. યથા– કલ્પનાથી એક અંગુલ ક્ષેત્રમાં ૨૫૬ શ્રેણી છે. એનું પ્રથમ વર્ગમૂળ ૧૬ છે, બીજું વર્ગમૂળ ૪ છે. ૧૬ ને ૪ થી ગુણતા ૧૬ × ૪ = ૬૪ ગુણન ફળ આવે છે. એ પ્રકારે અસંખ્યગુણન ફળ આવશે.

વૈક્રિયના મુકકેલગ ઔદારિકના મુકકેલગ સમાન છે. આહારક શરીરના બદ્ધેલક મુક્કેલગ એના ઔદારિકની સમાન છે. તેજસ કાર્મણના બદ્ધેલક અને મુક્કેલગ વૈક્રિયની સમાન છે.

**ભવનપતિ દેવતા :–** ઔદારિક અને આહારક શરીર નારકીની સમાન છે. વૈક્રિય શરીરના બદ્ધેલક નારકીની સમાન છે. વિશેષ એ છે કે શ્રેણીઓનું માપ પ્રથમ વર્ગમૂળનો સંખ્યાતમો ભાગ સમજવો, જેમ કે ૨૫૬નું પ્રથમ વર્ગમૂળ ૧૬ છે, એનો સંખ્યાતમો ભાગ ૫–૬ આદિ છે. એની સમાન અસંખ્ય શ્રેણીઓ સમજવી. આ રીતે નારકીથી અસુરકુમાર ૬૪/૫ એટલા ઓછા છે. મુકકેલગ નારકીની સમાન એવં તૈજસ કાર્મણના બદ્ધેલક મુક્કેલગ વૈક્રિયની સમાન છે.

**પાંચ સ્થાવર :–** પાંચે સ્થાવરના ઔદારિક શરીરના બદ્ધેલક મુક્કેલગ સમુચ્ચય ઔદારિક શરીરની સમાન છે. ઔદારિકની સમાન જ તૈજસ કાર્મણ શરીરના બદ્ધેલક મુક્કેલગ શરીર છે. વૈક્રિય અને આહારકના બદ્ધેલક હોતા નથી. મુકકેલગ એના ઔદારિકના મુકકેલગની સમાન છે.

વાયુકાયના વૈક્રિયના બદ્ધેલક ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગના સમય તુલ્ય અસંખ્ય હોય છે. મુક્કેલગ સમુચ્ચય વૈક્રિયની સમાન છે.

વનસ્પતિકાયના તૈજસ કાર્મણ શરીરના બદ્ધેલક સમુચ્ચય કાર્મણ શરીરની સમાન અનંત છે અને મુક્કેલગ પણ અનંત છે.

**ત્રણ વિકલેન્દ્રિય :–** ઔદારિકના બદ્ધેલક અસંખ્ય છે. ઘનીકૃત લોક પ્રતરના અસંખ્યાતમા ભાગની અસંખ્ય શ્રેણીના પ્રદેશ તુલ્ય. અસંખ્ય શ્રેણીનો માપ–



(૧) અસંખ્યાત ક્રોડાક્રોડ યોજનમાં જેટલી શ્રેણીઓ હોય તેટલી શ્રેણીઓના પ્રદેશ તુલ્ય બેઈન્દ્રિય છે. (૨) એક શ્રેણી(એક પ્રદેશી)માં જેટલા આકાશપ્રદેશ છે, એના વર્ગમૂળનું વર્ગમૂળ કાઢતા જઈએ તો અસંખ્ય વાર વર્ગમૂળ નીકળશે વર્ગમૂળની સંખ્યાનો જે યોગ આવે છે તેટલી શ્રેણીઓ સમજવી (૩) અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલા લાંબા પહોળા ક્ષેત્રમાં એક એક બેઈન્દ્રિયને રાખવામાં આવે તો સાત રાજુ લાંબો પહોળો પ્રતર ભરાઈ જાય છે.

તૈજસ અને કાર્મણ શરીર ઔદારિકની સમાન છે. વૈક્રિય અને આહારક શરીરના બદ્ધેલક હોતા નથી. મુકકેલગ સમુચ્ચય ઔદારિકની સમાન છે.

**તિર્યંચ પંચેન્દ્રિય :–** વિકલેન્દ્રિયની સમાન જ તિર્યંચ પંચેન્દ્રિયના બદ્ધેલક છે. મુક્કેલગ પણ પૂર્વની જેમ છે. આહારક શરીર નથી. તૈજસ કાર્મણના બદ્ધેલક મુક્કેલગ એના ઔદારિકની સમાન છે.

એક <u>અંગુલ</u> શ્રેણીના પ્રદેશોના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગની શ્રેણીઓના જેટલા આકાશપ્રદેશ હોય એટલા વૈક્રિય શરીરના બદ્ધેલક હોય છે, મુક્કેલગ સમુચ્ચયની સમાન છે.

**મનુષ્ય :–** ઔદારિક શરીરના બદ્ધેલક કદાચિત્ સંખ્યાતા હોય છે, કદાચિત્ અસંખ્ય હોય છે. સંખ્યાતાનું માપ નીચે પ્રમાણે છે.

(૧) સંખ્યાતા ક્રોડાક્રોડ અર્થાત્, (૨) ત્રણ યમલ પદથી ઉપર ચાર યમલ પદથી નીચે, (૩) છટ્ઠા વર્ગને પાંચમા વર્ગથી ગુણ્યા પછી જે રાશિ આવે (૪) બેને બેથી ૯૬ વાર ગુણ્યા પછી જે સંખ્યા આવે, અથવા જે રાશિને ૯૬ વખત બેથી ભાગાકાર કરી શકાય તે રાશિ. આ રાશિ સંજ્ઞી મનુષ્યની અપેક્ષા ઉત્કૃષ્ટ રાશિ છે. જઘન્ય એનાથી કંઈક ઓછા મનુષ્ય હોય છે.

અસંજ્ઞી મનુષ્યોની અપેક્ષા અસંખ્યાતા બદ્ધેલક હોય છે. જેનું માપ આ પ્રમાણે છે– અંગુલ જેટલા શ્રેણી ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશ હોય તેના પહેલા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળથી ગુણવાથી જે અસંખ્ય રાશિ આવે તેટલી લંબાઈ પહોળ ાઈના ક્ષેત્રમાં એક અસંજ્ઞી મનુષ્યને રાખવામાં આવે તો એક પ્રદેશી ૭ રાજુની લાંબી શ્રેણી સંપૂર્ણ ભરાઈ જાય, તેટલી રાશિમાં એક ઓછા કરીને જે શેષ રાશિ રહે તેટલા અસંખ્યાત અસંજ્ઞી મનુષ્ય ઉત્કૃષ્ટ હોઈ શકે છે. અર્થાત્ એક પ્રદેશી શ્રેણીના અસંખ્યાતમાં ભાગના પ્રદેશ તુલ્ય હોય છે. જઘન્ય તો એક, બે, ત્રણ પણ હોઈ શકે છે અને સંપૂર્ણતયા વિરહ પણ પડે છે.

**યમલ પદ અને વર્ગનું સ્પષ્ટીકરણ :–** બેને બે ગુણ્યા કરીએ તો પ્રથમ વર્ગ ૪ થાય છે. ચાર ને ચાર ગણા કરવાથી દ્વિતીય વર્ગ ૧૬ થાય છે. એ રીતે ત્રીજો વર્ગ ૨૫૬ અને ચોથો વર્ગ ૬૫૫૩૬ છે. પાંચમો વર્ગ ૪૨૯૪૯૬૭૨૯૬ અને છટ્ઠો વર્ગ

૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬ છે. બે વર્ગનો એક યમલ થાય છે. જેથી આ છ વર્ગોના ત્રણ યમલ પદ થયા. અર્થાત્ છટ્ઠા વર્ગની સંખ્યા ત્રીજું યમલ પદ છે. તે સંખ્યાથી ઉપર અને ચોથા યમલ પદની સંખ્યાથી નીચે મનુષ્યોની સંખ્યા છે. જે પાંચમા વર્ગ અને છટ્ઠા વર્ગને પરસ્પર ગુણવાથી પ્રાપ્ત થાય છે. તે રકમ ૨૯ અંકોમાં આ પ્રકારે છે–૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૯૫૦૩૩૬. આ રાશિમાં ૯૬ વાર બે ના ભાગ કર્યા બાદ અંતમાં એક પ્રાપ્ત થશે એથી એને ૯૬ છેદનક દાઈ રાશિ કહે છે.

મનુષ્યમાં વૈક્રિય શરીરના બદ્ધેલક સંખ્યાતા છે અને મુક્કેલગ ઔદારિકના મુક્કેલગની સમાન છે. આહારક શરીરના બદ્ધેલક મુક્કેલગ શરીર સમુચ્ચય આહારકની સમાન છે. તૈજસ કાર્મણના બદ્ધેલક મુક્કેલગ એના ઔદારિક શરીરના બદ્ધ-મુક્તની સમાન હોય છે.

**વ્યંતર દેવ :–** ઔદારિક અને આહારકના બદ્ધેલક મુક્કેલગ નારકીની સમાન છે. વૈક્રિય શરીરના બદ્ધેલક વિકલેન્દ્રિયના ઔદારિક બદ્ધેલકની સમાન છે. વિશેષતા એ છે કે અંગુલના અસંખ્યાતમા ભાગમાં એક બેઈન્દ્રિય રાખવાનું કહેવાયું છે, જ્યારે વ્યંતર દેવને સંખ્યાત સો યોજન લાંબા પહોળા ક્ષેત્રમાં એક એકને રાખવામાં આવે તો ૭ રાજૂ લાંબો પહોળો પ્રતર ક્ષેત્ર ભરાઈ જાય છે. મુક્કેલગ સમુચ્ચય વૈક્રિયની સમાન છે. તૈજસ કાર્મણના બદ્ધેલક, મુક્કેલગ વૈક્રિય શરીરની સમાન હોય છે.

**જ્યોતિષી દેવ :–** સંપૂર્ણ કથન વ્યંતરની સમાન છે. વિશેષતા એ છે કે ૨૫૬ યોજન લાંબા પહોળા ક્ષેત્ર પ્રતરમાં એક જ્યોતિષીને રાખવામાં આવે તો ૭ રાજૂ લાંબો પહોળો પ્રતર પૂર્ણ ભરાઈ જાય છે. એટલા (અસંખ્યાત) જ્યોતિષી દેવના વૈક્રિય શરીરના બદ્ધેલક છે.

**વૈમાનિક દેવ :–** વૈક્રિયના અસંખ્યાત બદ્ધેલકનો પ્રમાણ આ પ્રમાણે છે– અંગુલ જેટલા ક્ષેત્રની શ્રેણીમાં જેટલા આકાશપ્રદેશ છે, તેના દ્વિતીય વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ સાથે ગુણવાથી જેટલી સંખ્યા આવે તેટલી શ્રેણીઓના પ્રદેશ તુલ્ય અથવા ત્રીજા વર્ગને ઘન કરવાથી પણ તે શ્રેણી રાશિ પ્રાપ્ત થાય છે.

વૈક્રિયના મુક્કેલગ ઔદારિકની સમાન છે. તેજસ કાર્મણના બદ્ધેલક મુક્કેલગ એના વૈક્રિયના બદ્ધેલક મુક્કેલગની સમાન છે. ઔદારિક અને આહારકના બદ્ધેલક મુક્કેલગ નારકીની સમાન છે.

આ સર્વે બદ્ધેલક-મુક્કેલગની ઉત્કૃષ્ટ સંખ્યા બતાવવામાં આવી છે. મુક્કેલગ શરીર સર્વે દંડકમાં અનંતની અપેક્ષા પ્રાયઃ સમાન કહેવાય છે તોપણ પોતપોતાના બદ્ધેલકના અનુપાતથી એમાં અંતર સમજવું જોઈએ. ઉક્ત વર્ણનનું કોષ્ટક આ પ્રમાણે છે–



**ચોવીસ દંડકના બદ્ધ–મુક્ત શરીર સંખ્યા :–**

| ક્રમ | જીવ-શરીર-બુદ્ધ-મુક્ત | વિશિષ્ટ રાશિ જ્ઞાન |
|---|---|---|
| ૧ | ઔદારિક બદ્ધેલક | અસંખ્ય લોકના પ્રદેશ તુલ્ય |
| ૨ | ઔદારિક મુક્કેલગ | અનંત લોકના પ્રદેશ તુલ્ય, અભવ્યોથી અનંતગણા, સિદ્ધોથી અનંતમાં ભાગે |
| ૩ | વૈક્રિય બદ્ધેલક | સૂચિ પ્રતરના અસંખ્યાતમાં ભાગની અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ તુલ્ય |
| ૪ | આહારક બદ્ધેલક | જઘન્ય ૧–૨–૩, ઉત્કૃષ્ટ અનેક હજાર |
| ૫ | તૈજસ કાર્મણ બદ્ધેલક | સર્વે સંસારી જીવોની સંખ્યાની સમાન, સિદ્ધોથી અનંતગણા |
| ૬ | તૈજસ કાર્મણ મુક્કેલગ | સર્વ જીવોના વર્ગના અનંતમા ભાગે, સર્વ જીવોથી અનંતગણા |
| ૭ | નારકી, વૈક્રિય બદ્ધેલક | અંગુલ પ્રદેશોનું પ્રથમ વર્ગમૂળ × બીજું વર્ગમૂળ = પ્રતરના અસંખ્યાતમાં ભાગની અસંખ્ય શ્રેણીઓ, તેના પ્રદેશ તુલ્ય |
| ૮ | ભવનપતિ વૈક્રિય બદ્ધેલક | અંગુલ પ્રથમ વર્ગમૂળના સંખ્યાતમા ભાગ જેટલી શ્રેણીઓના પ્રદેશ તુલ્ય |
| ૯ | પાંચ સ્થાવર ઔદારિક બદ્ધ | ઔદારિક શરીર સમાન, અસંખ્ય લોકના પ્રદેશ તુલ્ય |
| ૧૦ | વાયુકાય વૈક્રિય બદ્ધ | ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમાં ભાગના સમય તુલ્ય |
| ૧૧ | વનસ્પતિના કાર્મણ બદ્ધ | સમુચ્ચય કાર્મણની સમાન |
| ૧૨ | ત્રણ વિકલેન્દ્રિય ઔદારિક બદ્ધ | એક શ્રેણીના સર્વ વર્ગમૂળોના સરવાળા પ્રાપ્ત રાશિ પ્રમાણ અસંખ્યાત શ્રેણીઓના પ્રદેશ તુલ્ય. અંગુલના અસંખ્યાતમાં ભાગની અવગાહનાવાળા બેઈન્દ્રિયોથી એક પ્રતર ભરાઈ જાય તેટલા બદ્ધેલક છે. |
| ૧૩ | તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય બદ્ધ | અંગુલ પ્રથમ વર્ગમૂળનો અસંખ્યાતમો ભાગ |
| ૧૪ | મનુષ્ય ઔદારિક બદ્ધ | ૧. ૨૯ અંક ૨. પાંચમો વર્ગ × છટ્ઠોવર્ગ ૩. $(૨)^{૯૬}$ ૪. ત્રીજા ચોથા યમલ પદની વચમાં |
| ૧૫ | મનુષ્ય વૈક્રિય બદ્ધ | ૧–૨–૩, ઉત્કૃષ્ટ સંખ્યાતા |
| ૧૬ | મનુષ્ય આહારક બદ્ધ | ૧–૨–૩, ઉત્કૃષ્ટ અનેક હજાર |
| ૧૭ | અસંજ્ઞી મનુષ્ય ઔદારિક બદ્ધ | અંગુલ પ્રથમ વર્ગમૂળ × તૃતીય વર્ગમૂળના જે આકાશ–પ્રદેશ હોય છે તેટલી લાંબી-પહોળી અવગાહનાવાળાને ભરવા પર સૂચી શ્રેણી ભરાય અને એમાં એક ઓછું રહે તેટલા છે. |

| | | |
|---|---|---|
| ૧૮ | વ્યંતર વૈક્રિય બદ્ધેલક | સંખ્યાત સો યોજન ક્ષેત્રમાં એક એકને રાખવાથી પ્રતર ભરાઈ જાય |
| ૧૯ | જ્યોતિષી વૈક્રિય બદ્ધેલક | ૨૫૬ યોજન ક્ષેત્રમાં એક એક ને રાખવાથી પ્રતર ભરાઈ જાય |
| ૨૦ | વૈમાનિક વૈક્રિય બદ્ધેલક | અંગુલ દ્વિતીય વર્ગમૂળ × તૃતીય વર્ગમૂળ પ્રમાણ અસંખ્ય શ્રેણીઓના પ્રદેશ તુલ્ય; ત્રીજા વર્ગના ઘનરૂપ |

**નોંધ :–** વિશેષ સ્પષ્ટીકરણ પહેલાં કરી દીધેલ છે. આ કોષ્ટકમાં સંક્ષિપ્ત સાંકેતિક જાણકારી દીધેલ છે, તેથી જિજ્ઞાસુ બંને રીતની સુવિધા અને લાભ પ્રાપ્ત કરી શકે.

## તેરમું : પરિણામ પદ

(૧) બે પ્રકારના પરિણામ, પરિણમન કહેલ છે. ૧ જીવ પરિણામ, ૨ અજીવ પરિણામ. બંનેના મુખ્ય ૧૦-૧૦ પ્રકાર છે.

(૨) **જીવ પરિણામ :– ૧.** ગતિ **૨.** ઇન્દ્રિય **૩.** કષાય **૪.** લેશ્યા **૫.** યોગ **૬.** ઉપયોગ **૭.** જ્ઞાન **૮.** દર્શન **૯.** ચારિત્ર **૧૦.** વેદ. આ જીવના પરિણામ છે અર્થાત્ જીવ એનું ઉપાર્જન કરે છે અથવા જીવ આ અવસ્થાઓમાં પરિણત થાય છે.

(૩) આ દસ પરિણામ પણ પુનઃ અનેક પ્રકારના છે. યથા– **૧.** ગતિ ચાર, **૨.** ઇન્દ્રિય પાંચ, **૩.** કષાય ચાર, **૪.** લેશ્યા છ, **૫.** યોગ ત્રણ, **૬.** ઉપયોગ બે, **૭.** જ્ઞાન પાંચ, અજ્ઞાન ત્રણ, **૮.** દર્શન ત્રણ (સમ્યક્, મિથ્યા, મિશ્ર), **૯.** ચારિત્ર પાંચ, **૧૦.** વેદ ત્રણ. આ કુલ ૪૩ પ્રકારના છે. એમાં **૧.** અનિન્દ્રિય **૨.** અકષાય **૩.** અલેશી **૪.** અજોગી **૫.** અચારિત્ર **૬.** ચરિત્રાચરિત્ર **૭.** અવેદી, એ સાત પ્રકાર ઉમેરવાથી સૂત્રોક્ત ૫૦ પરિણામ થાય છે.

**ચોવીસ દંડકમાં પરિણામ :–** ૨૪ દંડકમાં ગતિ સ્વયં પોતપોતાની હોય છે. નારકી, દેવતા વગેરે ૨૨ દંડકના જીવ અસંયત છે. તિર્યંચ પંચેન્દ્રિય અસંયત અને સંયતાસંયત છે. મનુષ્યમાં સંયત આદિ સર્વ પરિણામ હોય છે. ઇન્દ્રિય, કષાય વગેરે આઠ બોલોના વર્ણન પુષ્પ ૨૪ જીવાભિગમ સૂત્ર પ્રથમ પ્રતિપત્તિમાં છે. ત્યાં નરકાદિમાં તેમના ભેદ બતાવવામાં આવેલ છે. અહીંયા ૨૪ દંડકમાં ઉક્ત ૫૦ પરિણામોમાંથી જેટલા પરિણામ હોય છે તેની સંખ્યા બતાવવામાં આવી છે.

**૧.** નારકી– ૨૯ પરિણામ. જેમ કે ગતિ-૧, ઇન્દ્રિય-૫, કષાય-૪, લેશ્યા-૩, યોગ-૩, ઉપયોગ-૨, જ્ઞાન-૩, અજ્ઞાન-૩, દર્શન-૩, અસંયત-૧, વેદ-૧.

**૨.** ભવનપતિ વ્યંતરમાં– ૩૧ પરિણામ. જેમ કે– વેદ–૨, લેશ્યા–૧ આ ત્રણ અધિક હોવાથી ૩૨ અને એક વેદ ઓછો હોવાથી ૩૧.



**૩.** જ્યોતિષી અને બે દેવલોકમાં– ૨૮ પરિણામ. જેમ કે– ઉપરોક્ત ૩૧માંથી ત્રણ લેશ્યા ઓછી છે.

**૪.** ૩ થી ૧૨ દેવલોકમાં– ૨૭ પરિણામ છે. ઉપરોકત ૨૮માંથી સ્ત્રી વેદ કમ.

**૫.** નવ ગ્રૈવેયકમાં– ૨૭ પરિણામ.

**૬.** પાંચ અણુત્તર વિમાનમાં– ૨૨ પરિણામ છે. મિથ્યા દષ્ટિ અને ત્રણ અજ્ઞાન તથા મિશ્ર દષ્ટિ આ પાંચ ઓછા.

**૭.** ત્રણ સ્થાવરમાં–૧૮ પરિણામ છે. જેમ કે– ગતિ-૧, ઇન્દ્રિય-૧, કષાય-૪, લેશ્યા-૪, યોગ-૧, ઉપયોગ-૨, અજ્ઞાન-૨, દર્શન-૧, અસંયમ-૧, વેદ-૧.

**૮.** તેઉ-વાયુકાયમાં– ૧૭ પરિણામ છે. ઉપરોકત ૧૮માંથી એક લેશ્યા ઓછી છે.

**૯.** ત્રણ વિકલેન્દ્રિયમાં ક્રમશ– ૨૨, ૨૩, ૨૪ પરિણામ છે. ઉપરોક્ત ૧૭માં વચનયોગ, ૨ જ્ઞાન, એક દષ્ટિ, આ ચાર વધવાથી ૨૧ થયા પછી એક-એક ઇન્દ્રિય વધવાથી ૨૨, ૨૩, ૨૪ થાય.

**૧૦.** તિર્યંચ પંચેન્દ્રિયમાં–૩૫ પરિણામ છે. જેમ કે– ગતિ-૧, ઇન્દ્રિય-૫, કષાય-૪, લેશ્યા-૬, યોગ-૩, ઉપયોગ-૨, જ્ઞાન-૩, અજ્ઞાન-૩, દર્શન-૩, ચારિત્ર-૨, વેદ-૩.

**૧૧.** મનુષ્યમાં– ૪૭ પરિણામ છે. ત્રણ ગતિ ઓછી છે. આ પ્રકારે આ આટલા જીવ પરિણામ નરકાદિ ૨૪ દંડકના જીવો હોય છે.

**અજીવ પરિણામ :–**

અજીવ પુદ્ગલોના પરિણમનના મુખ્ય ૧૦ પ્રકાર છે. **૧.** બંધન, **૨.** ગતિ, **૩.** ભેદન, **૪.** વર્ણ, **૫.** ગંધ, **૬.** રસ, **૭.** સ્પર્શ, **૮.** સંસ્થાન, **૯.** અગુઢ-લઘુ, **૧૦.** શબ્દ.

**૧ બંધન :–** પુદ્ગલ બંધના ત્રણ પ્રકાર છે ૧ સ્નિગ્ધ-સ્નિગ્ધ, ૨ રૂક્ષ-રૂક્ષ, ૩ સ્નિગ્ધ-રૂક્ષ. સ્નિગ્ધ-સ્નિગ્ધમાં સમ અને એકાધિકના બંધ થતા નથી તે રીતે રૂક્ષ-રૂક્ષના પણ સમજવા. સ્નિગ્ધ રૂક્ષ પુદ્ગલોમાં જઘન્યના(૧ ગુણનો ૧ ગુણની સાથે) બંધ નથી થતા.

પરસ્પર બે ગુણ અધિક સ્નિગ્ધ-સ્નિગ્ધના બંધ થાય છે; બે ગુણ અધિક રૂક્ષ-રૂક્ષના બંધ થાય છે. એક ગુણને છોડીને પછી રૂક્ષ સ્નિગ્ધના સમ, વિષમ કોઈ પણ બંધ થઈ શકે છે.

આ બંધ પુદ્ગલ સ્કંધોના પરમાણુ આદિના જોડાણની અપેક્ષાએ કહેવાય છે. અર્થાત્ તે પરમાણુ આદિ જોડાઈને નવા પુદ્ગલ સ્કંધ બને છે.

**૨ ગતિ :–** પુદ્ગલોની ગતિ બે પ્રકારની હોય છે. ૧ ફુસમાન (સ્પર્શ કરતાં), ૨ અફુસમાણ (વચ્ચેના, આકાશ પ્રદેશોને સ્પર્શ ન કરતા). અસંખ્ય સમયમાં જે

ગતિ હોય છે તે ફુસમાન હોય છે. ફુસમાન ગતિમાં અસંખ્ય સમય લાગે છે. અફુસમાન ગતિ એક સમયમાં પણ થઈ જાય છે.

બીજી રીતે દીર્ઘ ગતિ પરિણામ અને હ્રસ્વ ગતિ પરિણામ, આ બે ભેદ થાય છે. એનો અર્થ છે– થોડેક દૂર સુધી પુદ્ગલનું જવું અને અધિક દૂર પર જવું.

**૩ ભેદન :–** પુદ્ગલોના ભેદન પરિણામ પાંચ પ્રકારના હોય છે. ૧ ખંડ, ૨ પ્રતર, ૩ ચૂર્ણ, ૪ અનુતરિકા, ૫ ઉત્કરિકા.

**૪–૮ વર્ણાદિ :–** ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૫ સંસ્થાન.

**૯ અગુરુલઘુ :–** કાર્મણવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા અને અરૂપી આકાશ આદિ અજીવ દ્રવ્યમાં અગુરુલઘુ પરિણામ હોય છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ આદિ દ્રવ્યોના ગુરુ-લઘુ પરિણામ હોય છે.

**૧૦ શબ્દ :–** મનોજ્ઞ શબ્દ અને અમનોજ્ઞ શબ્દ, આ બે પ્રકારના શબ્દ પરિણામ હોય છે. એ કુલ ૩૯ (૩ + ૨ + ૫ + ૨૫ + ૧ + ૨ = ૩૮) અને એક ગુરુ લઘુ = ૩૯ પુદ્ગલ પરિણામ હોય છે. આ પ્રમાણે જીવના ૫૦ અને અજીવના ૩૯ પરિણામ અપેક્ષા વિશેષથી કહેવાયા છે. અન્ય વિસ્તૃત અપેક્ષાએ જીવ અજીવના અનંત પરિણામ કહી શકાય છે.

## ચૌદમું : કષાય પદ

**(૧)** કષાયના ચાર પ્રકાર– ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ.

**(૨)** ક્રોધાદિના ચાર પ્રકાર– ૧ અનંતાનુબંધી– ક્રોધ, માન, માયા, લોભ, ૨ અપ્રત્યાખ્યાની ક્રોધાદિ, ૩ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ, ૪ સંજ્વલન ક્રોધાદિ એમ ૧૬ ભેદ થાય છે.

**(૩)** આ ૧૬ના ચાર-ચાર ભેદ–**૧.** આભોગથી **૨.** અનાભોગથી **૩.** ઉપશાંત **૪.** અનુપશાંત. એમ ૬૪ ભેદ થાય છે.

**(૪)** આ ક્રોધાદિની ઉત્પત્તિના નિમિત્ત ચાર છે. ૧ ક્ષેત્ર, ૨ મકાન, ૩ શરીર, ૪ ઉપકરણ, એમ નિમિત્ત ભેદથી એના ૬૪ × ૪ = ૨૫૬ પ્રકાર થાય છે.

**(૫)** આ કષાયોના આધારની અપેક્ષા ચાર પ્રકારે છે. ૧ સ્વયં પર, ૨ બીજા પર, ૩ બંને પર, ૪ કોઈ પર નહીં. (ફક્ત પ્રકૃતિના ઉદય માત્ર હોવું) આધાર ભેદથી ક્રોધાદિના ૨૫૬ × ૪ = ૧૦૨૪ પ્રકાર થાય છે. સમુચ્ચય જીવ અને ૨૪ દંડક એમ ૨૫ એકવચન અને બહુવચનના ૫૦ વિકલ્પ કરવાથી ૧૦૨૪ × ૫૦ = ૫૧૨૦૦ ભંગ થાય છે.

**(૬)** આ ચાર યાવત્ ૧૦૨૪ પ્રકારના કષાયના કારણે જીવે ભૂતકાળમાં આઠ



કર્મોનો **ચય(સંગ્રહ)** કર્યો છે. વર્તમાનમાં તેની સમાન ઉપચય અને બંધ કરે છે. કષાયોથી બાંધેલા કર્મોનું ઉદયમાં આવવું આવશ્યક છે. અતઃ વેદન, ઉદીરણા, નિર્જરા પણ ત્રણ કાળની અપેક્ષા કરી છે, કરે છે અને કરશે. એવી રીતે આ આઠ કર્મ, ત્રણ કાળ, છ ચયાદિના (૮×૩×૬ = ૧૪૪) વિકલ્પ થાય છે. એને ઉપરોક્ત ૫૧૨૦૦ ભંગથી ગુણવાથી = ૨૧૮૮૮૦૦ વિકલ્પ, કષાય સંબંધી પૃચ્છાઓના થાય છે. ફક્ત ચાર કષાયથી ચય આદિના ભંગ કરાય તો ૧૪૪×૪ કષાય×૨૫ (જીવ+૨૪ દંડક)×૨ (એકવચન બહુવચન) = ૨૮૮૦૦ એ ચયાદિના સ્વતંત્ર વિકલ્પ થાય છે.

ક્રોધાદિના ક્ષેત્ર આદિ ચાર દ્રવ્ય નિમિત્ત કહ્યા છે. તોપણ નિંદા-પ્રશંસા, ઈર્ષ્યા, સદ્વ્યવહાર-અસદ્વ્યવહાર આદિ ભાવ કારણોથી પણ ક્રોધાદિની ઉત્પત્તિ સમજવી જોઈએ.

**કઠિન શબ્દોના અર્થ :– ચય–** કર્મ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવા. **ઉપચય–** અબાધાકાળ છોડીને કર્મ નિષેક રચના કરવી. **બંધ–** નિષિક્ત જ્ઞાનાવરણીય આદિનું નિકાચન–નિયત કરવું. **ઉદીરણા–** કર્મોને ઉદયાવલિકામાં લાવવા. **ઉદય(વેદના)**– કર્મોનું ફળ પ્રાપ્ત થવું, ભોગવવું. **નિર્જરા–** ઉપભોગ કરેલા કર્મોને આત્માથી અલગ કરી દેવા.

**અનંતાનુબંધી :–** જે કષાય સમકિતની ઘાત કરે, જે કષાયનો અંત ન હોય, જે કષાયને સમાપ્ત કરવાનું કોઈ લક્ષ્ય યા મર્યાદા ન હોય તે અનંતાનુબંધી કહેવાય છે. ગુસ્સો, ઘમંડ, કપટ, લાલચ અનંત સંસાર વધારનારા મિથ્યાત્વ મોહને પ્રાપ્ત કરાવનારા કષાય અનંતાનુબંધી છે.

**અપ્રત્યાખ્યાની :–** જે કષાય પ્રત્યાખ્યાન વૃત્તિનો પૂર્ણપણે નાશ કરે છે. જેના ઉદયથી ત્યાગ પ્રત્યાખ્યાનની વૃત્તિ યા રુચિ ઉત્પન્ન થતી નથી, પૂર્વમાં વ્રત યા વ્રત રુચિ હોય તો તેને આ કષાય નષ્ટ કરી દે છે. આ કષાયનો ક્રમ અંત રહિત હોતો નથી. ગુરુ સાનિધ્ય આદિ કોઈ નિમિત્તને પામીને યા સ્વતઃ કાળક્રમથી સંવત્સરની અંદર આ ક્રમ પરિવર્તિત થઈ જાય છે.

**પ્રત્યાખ્યાનાવરણ :–** જે કષાય સંયમ ભાવનો બાધક છે યા નાશક છે. અર્થાત્ સંયમના નવા ભાવોને આવવા ન દે અને જૂના ભાવોને નષ્ટ કરે. કાંઈક અંશે વ્રત પ્રત્યાખ્યાન યા શ્રાવક વૃત્તિમાં આ બાધક ન થાય. આ કષાયનો ક્રમ ૫–૧૦ દિવસ ઉત્કૃષ્ટ ૧૫ દિવસથી વધુ ન ચાલે.

**સંજ્વલન :–** ક્ષણભર માટે આવશ્યક પ્રસંગો કે પરિસ્થિતિઓથી આ કષાય ઉત્પન્ન થાય છે અને તુરત જ જ્ઞાન વૈરાગ્ય વિવેક અથવા સહજ સ્વભાવથી સ્વતઃ નષ્ટ થઈ જાય છે. અપ્રમત્તાવસ્થાના વિકાસ એવં વીતરાગ અવસ્થાની પ્રાપ્તિમાં આ કષાય બાધક થાય છે. આ કષાયથી સંયમનો સર્વથા નાશ થતો નથી

પરંતુ તે સંયમની કિંચિત્ હાનિ અવશ્ય કરે છે. એ જ કારણે આ સંજ્વલન કષાય ચારિત્રને 'કષાય કુશીલ' સંજ્ઞા અપાવે છે. આ કષાયનો ક્રમ ઝડપથી કે તત્કાળ નષ્ટ થાય છે, ઉત્કૃષ્ટ એક દિવસથી વધુ રહી શકતો નથી.

સંજ્વલન કષાયનો સ્વભાવ પાણીની લીટીની જેમ તુરત જ મિનિટો કલાકોમાં નષ્ટ થવાવાળો છે. પ્રત્યાખ્યાનાવરણ કષાયનો સ્વભાવ રેતીની લીટી સમાન છે. જે થોડા સમયમાં નષ્ટ થવાવાળો છે. અપ્રત્યાખ્યાની કષાયનો સ્વભાવ પાણી રહિત તળાવની માટીની તિરાડો સમાન મહિનાઓ સુધી રહીને દૂર થાય છે. અનંતાનુબંધી કષાય પથ્થર યા પર્વતની તિરાડની સમાન છે. જેના નષ્ટ થવાનો નિશ્ચિત સમય જ હોતો નથી.

**આભોગ–** જાણવા છતાં ક્રોધાદિ કરવા. **અનાભોગ–** અજાણતા ક્રોધાદિ થવા. **ઉપશાંત–** વચન કાયામાં બહાર અપ્રકટરૂપ ક્રોધાદિ. **અનુપશાંત–** વચન કાયામાં પ્રકટ રૂપ ક્રોધાદિ. આ સર્વે પ્રકારના કષાય અને એના ભેદ પ્રભેદ ૨૪ દંડકમાં સૂક્ષ્મ બાદર બધાને કોઈ ને કોઈ રૂપમાં યા અસ્તિત્વ રૂપમાં હોય છે. તેથી સૂત્રમાં સર્વે દંડકોમાં એની વક્તવ્યતા કહેવાઈ છે.

## પંદરમું : ઈન્દ્રિય પદ

### પ્રથમ ઉદ્દેશક

**(૧) સંસ્થાન(આકાર) :– ૧.** શ્રોતેન્દ્રિયનો – કદંબ પુષ્પ **૨.** ચક્ષુ ઈન્દ્રિયનો – મસુર દાળ, **૩.** ઘ્રાણેન્દ્રિયનો– અતિમુક્તક(ધમણ), **૪.** રસનેન્દ્રિયનો– ક્ષુરપ્ર ખુરપા(અસ્ત્રાની ધાર) સ્પર્શેન્દ્રિયનો– વિવિધ.

**(૨) લંબાઈ પહોળાઈ :–** જિહ્વેન્દ્રિયની લંબાઈ અનેક અંગુલ છે અને સ્પર્શેન્દ્રિયની લંબાઈ શરીર પ્રમાણ છે. શેષ સર્વેની લંબાઈ અને પહોળાઈ અંગુલના અસંખ્યાતમાં ભાગની છે.

**(૩) પ્રદેશ :–** પાંચે ય ઈન્દ્રિયો અનંતપ્રદેશી અને અસંખ્ય પ્રદેશાવગાઢ છે.

**(૪) અલ્પબહુત્વ :–** સર્વેથી નાની ઈન્દ્રિય ચક્ષુ ઈન્દ્રિય છે. શ્રોતેન્દ્રિય એનાથી સંખ્યાતગણી, ઘ્રાણેન્દ્રિય તેનાથી સંખ્યાતગણી, રસનેન્દ્રિય અસંખ્યાતગણી અને સ્પર્શેન્દ્રિય એનાથી સંખ્યાતગુણી હોય છે. આ ક્રમથી પ્રદેશ પણ અલ્પાધિક છે.

**(૫) ચાર સ્પર્શ :–** એના બે વિભાગ છે. ૧ કર્કશ અને ભારે(ગુઢ), ૨ મૃદુ અને લઘુ(હલકા); આ એક ગુણ ***યાવત્*** અનંતગુણ પર્યંત પાંચે ઈન્દ્રિયોમાં હોય છે.

**અલ્પબહુત્વ :–** ચક્ષુ ઈન્દ્રિયમાં કર્કશ–ગુઢ સર્વથી ઓછા છે. પછી ક્રમશઃ શ્રોત્રેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, સ્પર્શેન્દ્રિયમાં અનંતગણા છે.



સ્પર્શેન્દ્રિયમાં મૃદુ-લઘુ બધાથી ઓછા છે. પછી ક્રમશઃ જિહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિયમાં અનંતગણા છે. સ્પર્શેન્દ્રિયમાં કર્કશ-ગુઢથી મૃદુ-લઘુ અનંતગણા હોય છે.

ઉપરોક્ત વર્ણન ૨૪ દંડકમાં પણ સમજવું. તેમાં જેમને જેટલી ઈન્દ્રિય છે, તેટલી સમજવી; તેમજ શરીરની અવગાહના અને સંસ્થાન જે હોય તે જ સ્પર્શેન્દ્રિયની અવગાહના અને સંસ્થાન સમજવા.

**સ્પૃષ્ટ–પ્રવિષ્ટ :–** ચક્ષુઈન્દ્રિય પોતાના વિષયના પદાર્થોને દૂર રહીને વિષયભૂત બનાવી એનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે. અર્થાત્ એ પદાર્થોના ચક્ષુ ઈન્દ્રિયમાં પ્રવેશ અને સ્પર્શ બંને હોતા નથી. શેષ ઈન્દ્રિયો પોતાના વિષયભૂત પદાર્થોના સ્પર્શ અને ગ્રહણ(પ્રવેશ) કર્યા પછી જ તેનો બોધ કરે છે.

**વિષય ક્ષેત્ર :–** જઘન્ય વિષય ચક્ષુઈન્દ્રિયનો અંગુલનો **સંખ્યાતમો** છે. શેષ ચાર ઈન્દ્રિયોનો અંગુલનો **અસંખ્યાતમો** ભાગ છે. ઉત્કૃષ્ટવિષય ચાર્ટમાં જુઓ–

**પાંચે ય ઈન્દ્રિયઓનો ઉત્કૃષ્ટ વિષય :–**

| જીવ નામ | શ્રોત્રેન્દ્રિય | ચક્ષુઈન્દ્રિય | ઘ્રાણેન્દ્રિય | રસનેન્દ્રિય | સ્પર્શેન્દ્રિય |
|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય | – | – | – | – | ૪૦૦ ધનુષ |
| બેઈન્દ્રિય | – | – | – | ૬૪ ધનુષ | ૮૦૦ ધનુષ |
| તેઈન્દ્રિય | – | – | ૧૦૦ ધનુષ | ૧૨૮ ધનુષ | ૧૬૦૦ ધનુષ |
| ચૌરેન્દ્રિય | – | ૨૯૫૪ યોજન | ૨૦૦ધનુષ | ૨૫૬ ધનુષ | ૩૨૦૦ ધનુષ |
| અસંજ્ઞી પંચે૦ | ૧ યોજન | ૫૯૦૮ યોજન | ૪૦૦ ધનુષ | ૫૧૨ ધનુષ | ૬૪૦૦ ધનુષ |
| સંજ્ઞી પંચે૦ | ૧૨ યોજન | ૧ લાખ યો૦ સા૦ | ૯ યોજન | ૯ યોજન | ૯ યોજન |
| ઔઘિક જીવ | ૧૨ યોજન | ૧ લાખ યો૦ સા૦ | ૯ યોજન | ૯ યોજન | ૯ યોજન |

[**સંક્ષિપ્તાક્ષર સૂચિ :** પંચે૦ = પંચેન્દ્રિય, યો૦ સા૦ = યોજન સાધિક.]

આ ઈન્દ્રિય વિષય ઉત્સેધાંગુલથી કહેલ છે. જઘન્ય વિષય આત્માંગુલથી સમજવો જોઈએ.

**નિર્જરા પુદ્ગલ :–** મુક્ત થવાવાળા આત્માના અંતિમ નિર્જરા પુદ્ગલ સર્વેલોકમાં વ્યાપ્ત થાય છે. તેને ઈન્દ્રિયો ગ્રહણ કરી શકતી નથી તેમજ જાણી દેખી શકતી નથી, ભલે ન કોઈ દેવ હોય કે મનુષ્ય. કારણ કે તે નિર્જરા પુદ્ગલ અતિ સૂક્ષ્મ હોય છે. વિશિષ્ટ અવધિજ્ઞાની કે કેવળજ્ઞાની જ તેને જાણી-દેખી શકે છે તથા તે અમુક-અમુકના છે એવી વિવિધતાને અને અમુક વર્ણાદિ છે, એવા વિવિધ ભેદોને તેમજ ક્ષીણતા, તુચ્છતા (નિઃસારતા), હલ્કા, ભારેપણા વગેરેને કેવળી ભગવાન જોઈ તથા જાણી શકે છે.

નૈરયિક આદિ એને જાણી દેખી શકતા નથી પરંતુ ગ્રહણ કરીને આહાર રૂપમાં પરિણમન કરી શકે છે. સમ્યગ્દૃષ્ટિ વૈમાનિક, પર્યાપ્ત, ઉપયોગવંત હોય તો જાણે, જુએ અને આહરે. અન્ય દેવો ન જાણે ન જુએ પરંતુ આહારરૂપમાં ગ્રહણ-પરિણમન કરે છે. આ પ્રકારે મનુષ્ય પણ જો વિશિષ્ટ જ્ઞાની ઉપયોગવંત હોય તો તેઓ જાણે, જુએ અને આહરે, અન્ય મનુષ્ય જાણે નહીં, જુએ નહીં પરંતુ આહાર રૂપમાં ગ્રહણ-પરિણમન કરે છે. કેવળજ્ઞાની મનુષ્ય સદૈવ જાણે અને જુએ છે પરંતુ આહારરૂપમાં ક્યારેક પરિણમન કરે છે અર્થાત્ અણાહારક હોય ત્યારે પરિણમન કરતા નથી. સિદ્ધ ભગવાન જાણે છે, જુએ છે.

તાત્પર્ય એ છે કે ઈન્દ્રિયો માટે આ પુદ્ગલ અવિષયભૂત છે વિશિષ્ટ જ્ઞાન ગોચર છે અને ઈન્દ્રિય અગોચર છે.

**પ્રતિબિંબ :–** દર્પણ, મણિ આદિને જોનારા દર્પણ વગેરેને જુએ છે અને પ્રતિબિંબને જુએ છે પરંતુ સ્વયંને જોતા નથી.

**અવગાહન :–** ખુલ્લું પ્રસરેલું (ફેલાયેલું) વસ્ત્ર જેટલા આકાશપ્રદેશ અવગાહન કરે છે, સમેટી લીધા પછી પણ તેટલા જ આકાશપ્રદેશની અવગાહના કરશે.

**સ્પર્શ :– લોક થિગ્ગલ** = લોકાલોક રૂપ વસ્ત્રમાં લોક થીગડાના રૂપમાં છે. આ લોક થિગ્ગલ– (૧) ધર્માસ્તિકાય, (૨) ધર્માસ્તિકાયના પ્રદેશ, (૩) અધર્માસ્તિકાય, (૪) અધર્માસ્તિકાયના પ્રદેશ, (૫) આકાશાસ્તિકાયના દેશ, (૬) આકાશસ્તિકાયના પ્રદેશ, (૭) પુદ્ગલાસ્તિકાય, (૮) જીવાસ્તિકાય અને (૯-૧૩) પૃથ્વી આદિ પાંચ સ્થાવર વગેરેથી સ્પૃષ્ટ છે. (૧૪-૧૫) ત્રસ કાય અને અદ્ધા સમયથી સ્પૃષ્ટ પણ છે અસ્પૃષ્ટ પણ છે. (લોકમાં ત્રસ એવં કાળ ક્યાંક છે ક્યાંક નથી.)

**આ જંબૂદ્વીપ–** (૧) ધર્માસ્તિકાયના દેશ, (૨) પ્રદેશ, (૩) અધર્માસ્તિકાયના દેશ, (૪) પ્રદેશ, (૫) આકાશાસ્તિકાયના દેશ, (૬) પ્રદેશ (૭-૧૧) પૃથ્વી આદિ પાંચ સ્થાવર વગેરેથી સ્પૃષ્ટ છે. (૧૨) ત્રસ કાયથી સ્પૃષ્ટ પણ છે અસ્પૃષ્ટ પણ છે. (૧૩) કાળથી સ્પૃષ્ટ છે. આ જ રીતે **અન્ય દ્વીપ સમુદ્ર** અંગે પણ જાણવું. અઢીદ્વીપની બહાર કાળથી અસ્પૃષ્ટ કહેવું. **અલોક–** આકાશાસ્તિકાયના દેશથી એવં પ્રદેશથી સ્પૃષ્ટ છે. અન્ય કોઈ પણ દ્રવ્યાદિ ત્યાં નથી, એક અજીવ દ્રવ્ય દેશ છે.

## બીજો ઉદ્દેશક

**૧.** ઈન્દ્રિયોને યોગ્ય પુદ્ગલોનો પહેલા ઉપચય– સંગ્રહ થાય છે.

**૨.** પછી એ ઈન્દ્રિયની નિષ્પત્તિ થાય છે.

**૩.** પ્રત્યેક ઈન્દ્રિયને નિષ્પન્ન થવામાં અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત પ્રમાણકાળ લાગે છે. આ નિષ્પન્ન થનારી દ્રવ્યેન્દ્રિય છે.



**૪.** તદાવરણીય કર્મનો જે ક્ષયોપશમ થાય છે તે ભાવેન્દ્રિય છે.

**૫.** તેનો ઉપયોગ કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટ અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. જઘન્યથી ઉત્કૃષ્ટકાળ વિશેષાધિક હોય છે.

**૬.** અલ્પબહુત્વની અપેક્ષા પાંચેય ઈન્દ્રિયોના જઘન્ય ઉપયોગકાળમાં ચક્ષુ ઈન્દ્રિયના ઓછા અને શેષના પૂર્વોક્ત ક્રમથી વિશેષાધિક હોય છે. ઉત્કૃષ્ટમાં પણ આ જ ક્રમથી અલ્પાધિક હોય છે. જઘન્ય-ઉત્કૃષ્ટના સંયુક્ત અલ્પબહુત્વમાં સ્પર્શેન્દ્રિયના જઘન્ય ઉપયોગકાળથી ચક્ષુ ઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક છે.

**૭.** અવગ્રહ(ગ્રહણ), ઈહા(વિચારણા), અવાય(નિર્ણય), ધારણા(સ્મૃતિ) પાંચે ઈન્દ્રિયોના હોય છે. અર્થાવગ્રહ છ પ્રકારના હોય છે. પાંચ ઈન્દ્રિય અને મન. વ્યંજનાવગ્રહ ચક્ષુ ઈન્દ્રિયને છોડીને ચાર ઈન્દ્રિયના હોય છે.

આ સર્વે નિષ્પત્તિ આદિ ૨૪ દંડકમાં છે. જેને જેટલી ઈન્દ્રિયો હોય છે તેની અપેક્ષાએ ઉક્ત વિષય, ઈન્દ્રિય-નિષ્પત્તિ આદિ હોય છે, ***યાવત્*** ઉપયોગ અદ્ધા કાળનું અલ્પબહુત્વ અને અવગ્રહ, ઈહા, અવાય, ધારણા પણ ૨૪ દંડકમાં યથા-યોગ્ય ઈન્દ્રિય અનુસાર છે.

### દ્રવ્યેન્દ્રિય વિસ્તાર :–

દ્રવ્યેન્દ્રિય આઠ છે. બે કાન, બે આંખ, બે નાક, એક જિહ્વા, એક સ્પર્શેન્દ્રિય. ચોવીસ દંડકમાં કેટલી દ્રવ્યેન્દ્રિય છે, ભૂતકાળમાં કેટલી કરી, વર્તમાનમાં કેટલી છે અને ભવિષ્યમાં મોક્ષ જવા પૂર્વે કેટલી કરશે; આ વર્ણન નીચેના ચાર્ટથી જાણશો.

### (૧) ચોવીસ દંડકમાં ત્રૈકાલિક ઈન્દ્રિયો – (એક જીવની અપેક્ષા) :–

| દંડક જીવ | વર્તમાન | ભૂતકાળ | ભવિષ્યમાં |
|---|---|---|---|
| નારકી ૧ થી ૪ | ૮ | અનંતા | આઠ, ૧૬, ૧૭ આદિ અનંત |
| નારકી ૫ થી ૭ | ૮ | " | ૧૬, ૧૭ આદિ અનંત |
| ભવનપતિથી બીજા દેવલોકના દેવ | ૮ | " | આઠ, નવ આદિ અનંત |
| ત્રીજા દેવલોકથી ગ્રૈવેયકનાદેવ | ૮ | " | આઠ, ૧૬, ૧૭ આદિ અનંત |
| અનુતર વિમાનના દેવ | ૮ | " | ૮, ૧૬, ૨૪ આદિ સંખ્યાતા |
| પૃથ્વી, પાણી, વનસ્પતિ | ૧ | " | ૮, ૯, ૧૦ આદિ |
| તેઉ, વાયુ | ૧ | " | ૯, ૧૦ આદિ |
| બેઈન્દ્રિય | ૨ | " | ૯, ૧૦ આદિ |
| તેઈન્દ્રિય | ૪ | " | ૯, ૧૦ આદિ |
| ચૌરેન્દ્રિય | ૬ | " | ૯, ૧૦ આદિ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૮ | " | ૮, ૯ આદિ |
| મનુષ્ય | ૮ | " | ૦, ૮, ૯ આદિ |

**(૨) ચોવીસ દંડકમાં ત્રૈકાલિક ઈન્દ્રિયો(બહુવચન) :–** ભૂતકાળની અપેક્ષા સર્વે દંડકમાં અનંત, ભવિષ્યની અપેક્ષા પણ સર્વે દંડકમાં અનંત, વર્તમાનકાળમાં વનસ્પતિમાં અનંત, મનુષ્યમાં ક્યારેક સંખ્યાતા, ક્યારેક અસંખ્યાતા, સર્વાર્થ સિદ્ધ વિમાનમાં સંખ્યાતા, શેષ સર્વે દંડકમાં અસંખ્યાતા ઈન્દ્રિયો છે.

**(૩) એક એક જીવની સર્વે દંડકોમાં ઈન્દ્રિયો :–** ભૂતકાળમાં– એક નારકીએ પાંચ અનુત્તર વિમાન છોડીને સર્વે દંડકોના રૂપમાં ભૂતકાળમાં અનંત ઈન્દ્રિયો કરી. એ રીતે સર્વ દંડકોના જીવોએ પણ અનંત ઈન્દ્રિયો કરી. અનુત્તર દેવરૂપમાં ૨૨ દંડકના જીવોએ એક પણ ઈન્દ્રિય નથી કરી. મનુષ્યોમાં કોઈએ કરી નથી અને કોઈએ કરી તો આઠ અથવા ૧૬, વૈમાનિક દેવોએ અનુત્તર દેવરૂપમાં કોઈએ કરી નથી અને કોઈએ કરી તો ફક્ત આઠ જ કરી.

**વર્તમાનમાં :–** સ્વયંની અપેક્ષા જેને જેટલી દ્રવ્યેન્દ્રિયો છે તેટલી કહેવી અને અન્યની અપેક્ષા સર્વત્ર નથી એમ કહેવું.

**ભવિષ્યમાં :–** પંચેન્દ્રિય અપેક્ષા ૮–૧૬ એમ અષ્ટાધિક હોય છે. એ જ રીતે ચૌરેન્દ્રિયમાં ૬–૧૨ આદિ, તેઈન્દ્રિયમાં ૪–૮ આદિ, બેઈન્દ્રિયમાં ૨–૪ આદિ, એકેન્દ્રિયમાં ૧,૨,૩ આદિ, મનુષ્યની અપેક્ષા સર્વએ કરવી જરૂરી છે. શેષની અપેક્ષા કોઈ કરશે અથવા નહીં પણ કરે અને કરશે તો ૮–૧૬ આદિ.

**એક-એક જીવની સર્વે દંડકોમાં ભવિષ્યકાલીન ઈન્દ્રિયો :–**

| અપેક્ષા | નારકીથી ગ્રૈવેયક સુધી | અનુતર દેવ | મનુષ્ય તિર્યંચ |
|---|---|---|---|
| મનુષ્યપણે | ૮–૧૬ વ૦ અનંત | ૮–૧૬ વ૦ સં૦ | ૦, ૮, ૧૬ વ૦ અનંત |
| નરક/તિ૦ પંચે૦પણે | ૦, ૮–૧૬ વ૦ અનંત | નહીં | ૦, ૮, ૧૬ વ૦ અનંત |
| ભવ૦ વ્યં૦ જ્યો૦ પણે | ૦, ૮, ૧૬ વ૦ અનંત | નહીં | ૦, ૮, ૧૬ વ૦ અનંત |
| ગ્રૈવેયક સુધી વૈ૦ પણે | ૦, ૮, ૧૬ વ૦ અનંત | ૦, ૮, ૧૬ વ૦ સં૦ | ૦, ૮, ૧૬ વ૦ અનંત |
| ૪ અનુત્તર દેવપણે | ૦, ૮ ઉત્કૃષ્ટ–૧૬ | ૦, ૮ | ૦, ૮, ૧૬ |
| સર્વાર્થસિદ્ધપણે | ૦, ૮ | ૦, ૮ | ૦, ૮ |
| એકેન્દ્રિયપણે | ૦, ૧, ૨ વ૦ અનંત | નહીં | ૦, ૧, ૨ આ૦ અ૦ |
| બેઈન્દ્રિયપણે | ૦ ૨, ૪ વ૦ અનંત | નહીં | ૦ ૨, ૪ આ૦ અ૦ |
| તેઈન્દ્રિયપણે | ૦ ૪, ૮ વ૦ અનંત | નહીં | ૦૪, ૮ આ૦ અ૦ |
| ચૌરેન્દ્રિયપણે | ૦ ૬, ૧૨ વ૦ અનંત | નહીં | ૦૬, ૧૨ આ૦ અ૦ |

**સંક્ષિપ્ત શબ્દ નોંધ :–** પંચે૦ = પંચેન્દ્રિય, વ૦ = વગેરે, આદિ, વૈ૦ = વૈમાનિક, સં૦ = સંખ્યાતા, આ૦ = આદિ, અ૦ = અનંત, વ્યં૦ = વ્યંતર, તિ૦ = તિર્યંચ, ભવ૦ = ભવનપતિ, જ્યો૦ જ્યોતિષી. સર્વાર્થ સિદ્ધ દેવ મનુષ્યપણે દ્રવ્યેન્દ્રિય કરશે. શેષ ક્યાંય પણ કોઈ દ્રવ્યેન્દ્રિય કરેશે નહીં.



**(૪) અનેક જીવોની સર્વે દંડકોમાં દ્રવ્યેન્દ્રિય :– ૧.** ભૂતકાળ– સર્વે દંડકના જીવોએ સર્વે દંડકોમાં ભૂતકાળમાં અનંત દ્રવ્યેન્દ્રિયો કરી છે. પાંચ અનુત્તરદેવપણે ૨૨ દંડકના જીવોએ કરી નથી. મનુષ્યોએ સંખ્યાતા કરી છે. વૈમાનિકમાં ગ્રૈવેયક સુધીના દેવોએ અસંખ્ય કરી છે. ચાર અનુત્તર દેવોએ અસંખ્ય કરી છે. સર્વાથ સિદ્ધના દેવોએ સંખ્યાતા કરી છે.

**૨.** વર્તમાનકાળ– વર્તમાનકાળમાં સ્વદંડકમાં વનસ્પતિને અનંત દ્રવ્યેન્દ્રિયો છે. શેષ ૨૩ દંડકને અસંખ્ય છે. ૫૨ દંડકની અપેક્ષાએ વર્તમાનમાં નથી. મનુષ્યમાં સંખ્યાત–અસંખ્યાત દ્રવ્યેન્દ્રિયો છે. સર્વાર્થસિદ્ધમાં સંખ્યાતા છે.

**૩.** ભવિષ્યમાં– અનુત્તર દેવને છોડીને નારકી આદિ સર્વ જીવ સર્વ દંડકોમાં ભવિષ્યમાં અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે.

વનસ્પતિના જીવ અનુત્તર દેવમાં અનંત દ્રવ્યેન્દ્રિયો કરશે. શેષ સર્વે દંડકના જીવ અનુત્તર દેવમાં અસંખ્ય દ્રવ્યેન્દ્રિયો કરશે, મનુષ્ય સંખ્યાતા કે અસંખ્યાતા કરશે. ૫ અનુત્તર દેવ ૨૨ દંડકમાં દ્રવ્યેન્દ્રિયો કરશે નહીં. ચાર અનુત્તર દેવ મનુષ્ય અને વૈમાનિક દેવમાં અસંખ્ય દ્રવ્યેન્દ્રિયો કરશે. ચાર અનુત્તર દેવ પાંચ અનુત્તર દેવપણે અસંખ્ય દ્રવ્યેન્દ્રિયો કરશે. સર્વાર્થસિદ્ધના દેવ મનુષ્યમાં સંખ્યાતા દ્રવ્યેન્દ્રિયો કરશે, વૈમાનિકમાં નહીં કરે.

**ભાવેન્દ્રિય વિસ્તાર :–**

ભાવેન્દ્રિય ક્ષયોપશમને કહેવાય છે. તે પાંચ છે, શ્રોત્રેન્દ્રિય ***યાવત્*** સ્પર્શેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિયની સમાન એનું પણ ચાર દ્વારોથી વર્ણન છે. યથા– (૧) એક એક જીવની ત્રૈકાલિક ભાવેન્દ્રિયો, (૨) સર્વે જીવોમાં ત્રૈકાલિક ભાવેન્દ્રિયો, (૩) એક એક જીવની સર્વે દંડકોમાં ત્રૈકાલિક ભાવેન્દ્રિયો, (૪) સર્વે જીવોની સર્વે દંડકમાં ત્રૈકાલિક ભાવેન્દ્રિયો.

ભાવેન્દ્રિયના ચારે દ્વારોનું સંપૂર્ણ વર્ણન દ્રવ્યેન્દ્રિયના ચારે દ્વારના વર્ણનની સમાન છે. ઉત્કૃષ્ટ સંખ્યાઓમાં અર્થાત્ સંખ્યાતા અસંખ્યાતા અનંતા કહેવામાં ફરક નથી પરંતુ જઘન્ય સંખ્યાઓમાં ફરક છે. અર્થાત્ ૮ના સ્થાન પર ૫ છે. ૯ના સ્થાન પર ૬ છે. ૧૬ના સ્થાન પર ૧૦ છે. ૬, ૧૨ના સ્થાન પર ૪, ૮ છે. ૪, ૮ના સ્થાન પર ૩, ૬ છે. એકના સ્થાન પર એક અને ૨ના સ્થાન પર ૨ છે.

આ જઘન્ય સંખ્યાઓ સિવાય કોઈ ફરક નથી.

**વિશેષ :–** આ પ્રકરણમાં એકેન્દ્રિયને દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એક જ કહેલ છે. આથી કોઈ ચિંતક કે વ્યાખ્યાકાર અથવા વૈજ્ઞાનિકો વનસ્પતિમાં પાંચ ભાવેન્દ્રિયો કહે તો તે કથન આગમ સમ્મત નથી તેથી તેવું કથન શ્રદ્ધા પ્રરૂપણાને યોગ્ય નથી.

## સોળમું : પ્રયોગપદ

આત્મા દ્વારા વિશેષરૂપથી પ્રકર્ષરૂપથી કરવામાં આવતા વ્યાપારને પ્રયોગ કહે છે. પ્રચલનમાં તેને યોગ કહે છે. અન્યત્ર આગમમાં પણ તેને યોગ કહેલ છે. માટે શબ્દ પ્રયોગના અંતર સિવાય યોગ અને પ્રયોગના અર્થ અને ભાવાર્થમાં કોઈ વિશેષ અંતર નથી.

**પ્રયોગ પંદર :–** ૪ મનના, ૪ વચનના તેમજ ૭ કાયાના એમ ૧૫ પ્રયોગ છે. **૧૧મા ભાષા પદ**માં સત્ય આદિ ચાર પ્રકારની ભાષા કહેવામાં આવી છે. તે જ ચાર પ્રકાર વચન યોગના છે તેમજ મન યોગના પણ ચાર પ્રકાર તે જ છે. માટે સત્ય, અસત્ય, મિશ્ર, તેમજ વ્યવહાર મન અને વચનના અર્થ-ભાવાર્થ તે જ સમજવા. ભાષામાં બોલવાથી પ્રયોજન છે તેમજ મનથી તેના આશયના ભાવનું ચિંતન મનન કરવાનું છે. કાયાના સાત પ્રયોગ આ પ્રકારે છે.

**ઔદારિક કાયપ્રયોગ :–** ઔદારિક શરીરની જે પણ બાહ્ય તેમજ આભ્યંતર હલન-ચલન, સ્પંદનરૂપ પ્રવૃત્તિઓ છે, તે ઔદારિક કાયપ્રયોગ છે. મનુષ્ય, તિર્યંચમાં બધા જીવોને આ પ્રયોગ હોય છે.

**ઔદારિક મિશ્ર કાયપ્રયોગ :–** ઔદારિક શરીર બનાવવા માટે તેના પહેલા આત્માનો જે વ્યાપાર(પ્રવૃત્તિરૂપ) થાય છે, તે ઔદારિક મિશ્રકાય પ્રયોગ છે. તે કાર્મણની સાથે જન્મ સમયમાં ઔદારિક શરીર પૂર્ણ ન બને ત્યાં સુધી હોય છે. વૈક્રિય અને આહારક બંને લબ્ધિ પ્રયોગ પછી જ્યારે જીવ ફરી ઔદારિક શરીરમાં અવસ્થિત થાય છે ત્યારે તે વૈક્રિય અથવા આહારકની સાથે ઔદારિક મિશ્ર કાયપ્રયોગ થાય છે. કેવળી સમુદ્ઘાતના પ્રારંભમાં અને અંતમાં કાર્મણની સાથે ઔદારિક મિશ્ર કાયપ્રયોગ હોય છે.

**વૈક્રિય કાયપ્રયોગ :–** વૈક્રિય શરીરની હલન ચલન સ્પંદન રૂપ બાહ્ય તેમજ આભ્યંતર પ્રવૃત્તિઓ થાય છે, તે વૈક્રિય કાયપ્રયોગ છે. નારકી-દેવતામાં સર્વ જીવોને આ પ્રયોગ હોય છે. કોઈ મનુષ્ય-તિર્યંચોને પણ કયારેક આ પ્રયોગ હોય છે.

**વૈક્રિય મિશ્ર કાયપ્રયોગ :–** વૈક્રિય શરીર બનાવવાના પહેલા આત્માની પ્રવૃત્તિ રૂપ જે વ્યાપાર થાય છે, તેને વૈક્રિય મિશ્ર કાયપ્રયોગ કહે છે. નારકી, દેવતાઓના જન્મ સમયમાં તે કાર્મણની સાથે હોય છે અર્થાત્ વૈક્રિય અને કાર્મણ બંને શરીરનો સહયોગી મિશ્રિત વ્યાપાર હોય છે. નારક, દેવમાં ઉત્તર વૈક્રિય કરતાં તેમજ મનુષ્ય, તિર્યંચમાં વૈક્રિય કરતા સમયે ઈચ્છિત રૂપ બન્યા પહેલાં આ પ્રયોગ થાય છે.

**આહારક કાય પ્રયોગ :–** ૧૪ પૂર્વધારી મુનિવરોના આહારક શરીરની જે બાહ્ય ગમનાગમન આદિ રૂપ પ્રવૃત્તિ હોય છે, તેને આહારક કાયપ્રયોગ કહે છે. તે ૧૪



પૂર્વી આહારક લબ્ધિ સંપન્ન મુનિવરોને હોય છે.

**આહારક મિશ્ર કાયપ્રયોગ :–** આહારક શરીર સંપૂર્ણ બનતા પહેલા આત્માનો જે વ્યાપાર હોય છે, તેને આહારક મિશ્ર કાયપ્રયોગ કહે છે. તે પણ લબ્ધિ સંપન્ન મુનિવરોને હોય છે.

**કાર્મણ કાયપ્રયોગ :–** જન્મ સ્થાનમાં પહોંચતા પહેલા માર્ગમાં ઔદારિક વૈક્રિય શરીરના અભાવમાં તે કાર્મણ કાયપ્રયોગ થાય છે. તે સમયે જીવની સાથે તૈજસ અને કાર્મણ એ બે શરીર જ હોય છે. બંનેના મિશ્ર પ્રયોગને કાર્મણની જ પ્રમુખતા માનીને આગમમાં એક કાર્મણ કાયપ્રયોગ જ કહેવામાં આવે છે. એના સિવાય કેવલી સમુદ્ઘાતના આઠ સમયોમાંથી વચ્ચેના ત્રણ સમય (ત્રીજા, ચોથા, પાંચમા)માં કાર્મણ કાયપ્રયોગ હોય છે. [***પાંચ શરીરનું વર્ણન બારમા પદમાં બતાવાઈ ગયું છે.***]

### ચોવીસ દંડકમાં પ્રયોગ :–

**૧.** નારકી દેવતા બધામાં ૧૧ પ્રયોગ છે– ૪ મનના, ૪ વચનના એ આઠ થયા. **૯.** વૈક્રિય **૧૦.** વૈક્રિય મિશ્ર **૧૧.** કાર્મણ.

**૨.** ચાર સ્થાવરમાં ૩ પ્રયોગ– ૧ ઔદારિક, ૨ ઔદારિક મિશ્ર, ૩ કાર્મણ.

**૩.** વાયુકાયમાં ૫ પ્રયોગ–૧ ઔદારિક, ૨ ઔદારિક મિશ્ર, ૩ વૈક્રિય, ૪ વૈક્રિય મિશ્ર, ૫ કાર્મણ.

**૪.** ત્રણ વિકલેન્દ્રિયમાં ૪ પ્રયોગ– ૧ ઔદારિક, ૨ ઔદારિક મિશ્ર, ૩ કાર્મણ, ૪ વ્યવહાર વચન.

**૫.** તિર્યંચ પંચેન્દ્રિયમાં ૧૩ પ્રયોગ– આહારક અને આહારક મિશ્ર, આ બે સિવાય.

**૬.** મનુષ્યમાં ૧૫ પ્રયોગ હોય છે.

### જીવોમાં શા✓ત અશા✓ત પ્રયોગ તેમજ તેના વિકલ્પો :–

શા✓ત પ્રયોગોનો એક વિકલ્પ (ભંગ) થાય છે. એક અશા✓ત પ્રયોગના એકવચન, બહુવચનથી બે ભંગ બને છે. બે અશા✓ત પ્રયોગના એકવચન, બહુ વચનથી અસંયોગી ચાર ભંગ થાય છે અને દ્વિસંયોગી પણ ચાર ભંગ બની જાય છે. યથા– (૧) બંને એકવચન, (૨) પહેલું એકવચન, બીજું બહુવચન, (૩) પહેલું બહુવચન, બીજું એકવચન, (૪) બંને બહુવચન, આ ચૌભંગી–ચાર ભંગ બનાવવાની રીત છે. એમ બે અશા✓તના કુલ ૮ ભંગ થાય છે.

**ત્રણ અશા✓ત પ્રયોગો**ના એકવચન બહુવચનથી અસંયોગી ૬ ભંગ થાય છે. દ્વિસંયોગી ૧૨ ભંગ થાય છે. ત્રણ અશા✓તના ત્રણ દ્વિક બને છે. જેમ કે–૧ પહેલા-બીજા, ૨ પહેલા-ત્રીજા, ૩ બીજા-ત્રીજા. આ પ્રત્યેક દ્વિકના ઉપર બતાવેલ અનુસાર ચાર ભંગ બને છે, માટે ૩ × ૪ = ૧૨ ભંગ દ્વિસંયોગી. ત્રણ સંયોગીના

આઠ (૮) ભંગ થાય છે. જેમ કે પહેલાને એકવચન રાખતા બીજા- ત્રીજાના દ્વિકથી એક ચૌભંગી બને છે. ફરી પહેલાને અનેક રાખતાં બીજા-ત્રીજાથી ફરી એક ચૌભંગી બને છે. આ રીતે બે ચૌભંગીના આઠ ભંગ થાય છે. આ ત્રણ અશા✓તના કુલ (૬ + ૧૨ + ૮) = ૨૬ ભંગ થાય છે. **ચાર અશા✓ત પ્રયોગ** હોય તો ૮૦ ભંગ બને છે. અસંયોગી ૮ ભંગ થાય છે. દ્વિસંયોગી ૬ દ્વિકના ૬ × ૪ = ૨૪ ભંગ થાય છે. ૬ દ્વિક આ પ્રકારે છે. પહેલા બીજા (૧-૨), (૧-૩), (૧-૪), (૨-૩), (૨-૪), (૩-૪). ત્રણ સંયોગીના ચાર ત્રિક થાય છે અને એક એક ત્રિકના ઉપર બતાવ્યા અનુસાર આઠ ભંગ થાય છે. માટે ૮×૪ = ૩૨ ભંગ ત્રણ સંયોગી થાય છે. ચાર સંયોગીના ૧૬ ભંગ થાય છે. તેમાં એક ચતુષ્ક બને છે તેમાં પ્રથમને એકવચન રાખતા શેષ વધેલા ત્રણની ત્રિકથી ઉપરની વિધિ અનુસાર આઠભંગ થાય છે. ફરી પ્રથમને બહુવચન કરીને શેષ વધેલા ત્રણની ત્રિકથી ફરી આઠભંગ થાય છે. આ રીતે ૮+ ૮ = ૧૬ ભંગ ચાર સંયોગીના થાય છે. આ ચાર અશા✓તના કુલ (૮+૨૪+૩૨+ ૧૬) = ૮૦ ભંગ થાય છે. આ રીતે શા✓ત પ્રયોગોના એક અને અશા✓ત પ્રયોગના અનેક ભંગ થાય છે. બંનેને મેળવવાથી.

(૧) શા✓ત ભંગ–૧ + એક અશા✓તના ભંગ ૨ = ૩
(૨) શા✓ત ભંગ–૧ + બે અશા✓તના ભંગ ૮ = ૯
(૩) શા✓ત ભંગ–૧ + ત્રણ અશા✓તના ભંગ ૨૬ = ૨૭
(૪) શા✓ત ભંગ–૧ + ચાર અશા✓તના ભંગ ૮૦ = ૮૧
(૫) બધા શા✓ત હોય તો તેમાં ભંગ (અભંગ) = ૧

**ચોવીસ દંડકમાં પ્રયોગ ભંગ સંખ્યા :–**

| ક્રમાંક | જીવ | પ્રયોગ | શા✓ત પ્રયોગ | અશા✓ત પ્રયોગ | ભંગ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | સમુચ્ચય જીવ | ૧૫ | ૧૩ | ૨ | ૯ |
| ૨ | નારકી દેવતા | ૧૧ | ૧૦ | ૧ | ૩ |
| ૩ | ચાર સ્થાવર | ૩ | ૩ | × | ૧ |
| ૪ | વાયુકાય | ૫ | ૫ | × | ૧ |
| ૫ | વિકલેન્દ્રિય | ૪ | ૩ | ૧ | ૩ |
| ૬ | તિર્યંચ પંચેન્દ્રિય | ૧૩ | ૧૨ | ૧ | ૩ |
| ૭ | મનુષ્ય | ૧૫ | ૧૧ | ૪ | ૮૧ |

**અશા✓ત પ્રયોગ :–** સમુચ્ચય જીવમાં આહારક અને આહારક મિશ્ર આ બે. નારકી, દેવતામાં અને વિગલેન્દ્રિય તેમજ તિર્યંચ પંચેન્દ્રિયમાં એક કાર્મણ. મનુષ્યમાં – ઔદારિક મિશ્ર, આહારક, આહારક મિશ્ર, કાર્મણ એ ચાર અશા✓ત છે.



**ભંગ ઉચ્ચારણ વિધિ :–** સમુચ્ચય જીવના એક શાસ્વત અને બે અશાસ્વતના ૯ ભંગ– (૧) બધા જીવ ૧૩ પ્રયોગવાળા (બીજા કોઈ પણ ન હોય) (૨) અનેક ૧૩ પ્રયોગવાળા, ૧ આહારક પ્રયોગવાળા (૩) અનેક ૧૩ પ્રયોગી અનેક આહારક પ્રયોગી (૪) અનેક ૧૩ પ્રયોગી, એક આહારક મિશ્ર પ્રયોગી (૫) અનેક ૧૩ પ્રયોગી અનેક આહારક મિશ્ર પ્રયોગી. (૬) અનેક ૧૩ પ્રયોગી એક આહારક પ્રયોગી, એક આહારક મિશ્ર પ્રયોગી(૭) અનેક ૧૩ પ્રયોગી, એક આહારક પ્રયોગી, અનેક આહારક મિશ્ર પ્રયોગી (૮) અનેક ૧૩ પ્રયોગી, અનેક આહારક પ્રયોગી, એક આહારક મિશ્ર પ્રયોગી (૯) અનેક ૧૩ પ્રયોગી, અનેક આહારક પ્રયોગી, અનેક આહારક મિશ્ર પ્રયોગી. આ રીતે બધા ભંગોનું ઉચ્ચારણ કરી લેવું જોઈએ.

## ગતિ પ્રવાહના ભેદ પ્રભેદ :–

જીવ અને પુદ્ગલની હલન, ચલન, સ્પંદન રૂપ પ્રવૃત્તિને ગતિ પ્રવાહ કહે છે. તેમાં બધા પ્રકારના જીવાજીવની ગતિઓનો સમાવેશ થઈ જાય છે. ગતિ પ્રવાહના મુખ્ય પાંચ ભેદ આ પ્રમાણે છે :–

**(૧) પ્રયોગ ગતિ પ્રવાહ :–** કહેલા ૧૫ પ્રયોગો(યોગો)થી પ્રવૃત્ત મન, વચન, કાયાના પુદ્ગલોનું હલન, ચલન, સ્પંદન.

**(૨) તત ગતિ પ્રવાહ :–** રસ્તે ચાલતા મંજિલ પૂર્ણ થવા પહેલા જે ક્રમિક મંદગતિ થાય છે તે જીવની સામાન્ય ગતિ જ 'તત ગતિ પ્રવાહ' છે.

**(૩) બંધનચ્છેદ ગતિ પ્રવાહ :–** જીવથી રહિત થવા પર શરીરની ગતિ અથવા શરીરથી રહિત જીવની ગતિ અર્થાત્ મૃત્યુ થવાપર જીવ અને શરીરની ગતિ (ગમન સ્પંદન ક્રિયા) થાય છે. તેને બંધનચ્છેદગતિ પ્રવાહ કહે છે.

**(૪) ઉપપાત ગતિ :–** તેના ત્રણ પ્રકાર છે– ૧. ક્ષેત્રોપપાત ૨ ભવોપપાત ૩ નોભવોપપાત. **૧.** નરક ગતિ આદિ ક્ષેત્રગત આકાશમાં જીવ આદિનું રોકાવવું, રહેવું તેને માટે ગતિ. **૨.** કોઈ જન્મસ્થાનમાં જન્મ ધારણ કરીને તે આખા ભવમાં ક્રિયા કરતા રહેવું. **૩.** સિદ્ધ બન્યા પહેલાં લોકાગ્રે જવાની ગમન ક્રિયાને નોભવોપપાત ગતિ કહે છે.

**(૫) વિહાયોગતિ :–** આકાશમાં થવાવાળી ગતિને વિહાયોગતિ કહે છે, તેના ૧૭ પ્રકાર છે– **૧.** સ્પર્શદગતિ, **૨.** અસ્પર્શદ ગતિ, **૩.** ઉપસંપદ્યમાન (આશ્રયયુક્ત) ગતિ, **૪.** અનુપસંપદ્યમાનગતિ, **૫.** પુદ્ગલ(યુક્ત) ગતિ, **૬.** મંડૂકગતિ(ઉછળ વા રૂપ ગતિ), **૭.** નાવાની ગતિ, **૮.** નયગતિ(નયોનું ઘટિત થવું), **૯.** છાયાની ગતિ, **૧૦.** છાયાનુપાત ગતિ–છાયાની સમાન અનુગમન રૂપ ગતિ, **૧૧.** લેશ્યાની ગતિ, **૧૨.** લેશ્યાને અનુરૂપ ગતિ, **૧૩.** ઉદ્દેશ્ય ગતિ (પ્રમુખતા સ્વીકાર કરીને રહેવું),

**૧૪.** ચાર પુરુષોની સમ-વિષમ ગતિ અર્થાત્ સાથે રવાના થવું, સાથે પહોંચવું આદિ ચાર ભંગ, **૧૫.** વક્રગતિ(આડી અવળી), **૧૬.** પંકગતિ, **૧૭.** બંધન વિમોચન ગતિ, કેરી આદિ ફળોનું સ્વાભાવિક રૂપથી તૂટીને પડવું.

આ પાંચ પ્રકારની તેમજ વિવિધ પ્રકારની ગતિઓ જીવની પ્રમુખતાથી કહેલ છે તો પણ અનેક ગતિઓ અજીવમાં પણ પ્રાપ્ત થાય છે. માટે જેમાં જે સંભવ હોય તે યથાયોગ્ય સમજી લેવું જોઈએ.

## સત્તરમું : લેશ્યા પદ

### પ્રથમ ઉદ્દેશક

લેશ્યા આત્માની સાથે કર્મોને ચોંટાડનાર છે. તે જીવના પરિણામ વિશેષ છે. તે યોગ નિમિત્તક છે તેમજ તેના દ્રવ્ય યોગાંતર્ગત છે. તે કષાયાનુરંજિતપણ હોય છે, તેમજ યોગાનુરંજિત પણ હોય છે.

તે દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારની હોય છે. જીવના પરિણામ ભાવલેશ્યા છે, અરૂપી છે. કૃષ્ણાદિ દ્રવ્યોનું જે ગ્રહણ થાય છે તે દ્રવ્ય લેશ્યા છે, રૂપી છે, યોગ અને કષાયથી ગ્રહણ કરાયેલા કર્મોનું આત્માની સાથે ચીટકાવવાનું કાર્ય કૃષ્ણાદિ દ્રવ્ય લેશ્યાથી થાય છે. દ્રવ્ય ભાવ બંને લેશ્યાના ૬–૬ પ્રકાર છે– **૧.** કૃષ્ણ **૨.** નીલ **૩.** કાપોત **૪.** તેજો **૫.** પદ્મ **૬.** શુક્લ.

ભાવ લેશ્યાને જ **અધ્યવસાય** તેમજ **આત્મ પરિણામ** કહેવામાં આવે છે. આ ત્રણેને પર્યાય શબ્દ સમજવા જોઈએ.

**સલેશીમાં આહાર, કર્મ આદિ સમ વિષમ :–**

**૧.** સલેશી નારકીમાં 'આહાર, શરીર, ઉચ્છ્વાસ' સમાન હોતા નથી, કારણ કે શરીરની અવગાહના નાની મોટી હોય છે. નાની અવગાહનામાં આહારાદિ અલ્પ હોય છે. મોટી અવગાહનામાં તે અધિક હોય છે. આ રીતે ભવનપતિ આદિ ૨૩ દંડકમાં જાણવું. મનુષ્ય યુગલિયા મોટી અવગાહનાવાળા હોય છે તે આહારના પુદ્ગલ વધારે ગ્રહણ કરે છે પરંતુ વારંવાર ગ્રહણ કરતા નથી, આ તફાવત છે, બાકીમાં મોટી અવગાહનાવાળા વારંવાર આહાર ગ્રહણ કરે છે.

**૨.** સલેશી નારકીમાં 'કર્મ-વર્ણ-લેશ્યા' સમાન હોતા નથી કારણ કે પૂર્વોત્પન્નમાં તે વિશુદ્ધ હોય છે. નૂતનોત્પન્નમાં અવિશુદ્ધ હોય છે. દેવતાઓમાં પૂર્વોત્પન્નમાં અવિશુદ્ધ હોય છે, નૂતનોત્પન્નમાં તે વિશુદ્ધ હોય છે. બાકીના દંડકોમાં નારકી પ્રમાણે છે.



**૩.** સલેશી નૈરયિકમાં વેદના સમાન હોતી નથી, સંજ્ઞીભૂતમાં અને સમ્યગ્દષ્ટિમાં વેદના વધારે હોય છે. અસંજ્ઞીભૂતમાં અને મિથ્યાદષ્ટિમાં ઓછી વેદના હોય છે.

દેવતાઓમાં આ જ રીતે કથન છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયમાં બધા અસંજ્ઞીભૂત હોવાથી વેદના સમાન છે. સંજ્ઞી તિર્યંચ મનુષ્યની વેદનાનું કથન નરકની સમાન છે.

**૪.** સલેશી નૈરયિકોમાં "ક્રિયા" સમાન હોતી નથી, કારણ કે સમ્યગ્દષ્ટિમાં આરંભિકા આદિ ૪ ક્રિયા હોય છે, મિથ્યાદષ્ટિમાં પાંચ ક્રિયા હોય છે.

દેવોમાં અને તિર્યંચ પંચેન્દ્રિયમાં એ જ પ્રકારે છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયમાં પાંચ ક્રિયાઓ સમાન છે. મનુષ્યમાં મિથ્યાદષ્ટિમાં પાંચ ક્રિયા, સમ્યગ્દષ્ટિમાં ચાર ક્રિયા, દેશ વિરતિમાં ત્રણ ક્રિયા, સર્વ વિરતિમાં ૨ ક્રિયા, અપ્રમત્ત સંયતમાં ૧ ક્રિયા, વીતરાગમાં અક્રિયા.

**૫.** સલેશી નૈરયિકોમાં બધાના આયુષ્ય સમાન હોતા નથી, કારણ કે તે ઓછા અધિક આયુષ્યવાળા હોય છે. પૂર્વોત્પન્ન, નૂતનોત્પન પણ હોય છે. તેથી સર્વ નૈરયિકોમાં આયુષ્યના સમ-વિષમ સંબંધી ચાર ભંગ હોય છે–

**૧.** કોઈ સમાન આયુષ્યવાળા અને સાથે ઉત્પન્ન. **૨.** કોઈ સમાન આયુષ્યવાળા પરંતુ અલગ સમયમાં ઉત્પન્ન. **૩.** કોઈ અસમાન આયુષ્યવાળા સાથે ઉત્પન્ન. **૪.** કોઈ અસમાન આયુષ્યવાળા અને અલગ અલગ સમયમાં ઉત્પન્ન. આ રીતે બધા દંડકમાં નરકની સમાન આયુષ્ય કહેવું.

**કૃષ્ણ લેશ્યાવાળા :–** નારકોમાં સંજ્ઞી અને અસંજ્ઞીનો વિકલ્પ ન કહેવો. મનુષ્યમાં અપ્રમત્ત આદિ આગળના વિકલ્પ ન કરવા. જ્યોતિષી વૈમાનિકનું કથન જ ન કરવું કારણ કે તેનામાં આ લેશ્યા નથી.

**નીલ લેશ્યાવાળા :–** કૃષ્ણ લેશ્યાની સમાન કથન છે.

**કાપોત લેશ્યાવાળા :–** કૃષ્ણ લેશ્યાની સમાન કથન છે પરંતુ નરકમાં સંજ્ઞી અસંજ્ઞીનો વિકલ્પ કહેવો.

**તેજો લેશ્યાવાળા :–** નારકી, તેઉ, વાયુ, ત્રણ વિકલેન્દ્રિયનું કથન જ ન કરવું. દેવતાઓમાં સંજ્ઞીભૂત અસંજ્ઞીભૂતનો વિકલ્પ ન કહેવો. બાકીમાં સલેશીની સમાન કથન છે, મનુષ્યમાં અપ્રમત્ત સુધી કથન કરવું, આગળનું કથન ન કરવું.

**પદ્મ-શુક્લ લેશ્યાવાળા :–** મનુષ્ય, તિર્યંચપંચેન્દ્રિય તેમજ વૈમાનિકનું કથન કરવું, બાકીમાં આ બંને લેશ્યા નથી. આનું સંપૂર્ણ કથન સલેશીની સમાન છે.

## બીજો ઉદ્દેશક

**લેશ્યાઓનું અલ્પબહુત્વ :–**

| જીવનામ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | અલેશી |
|---|---|---|---|---|---|---|---|
| સમુચ્ચય જીવ | ૭ વિશે૦ | ૬ વિશે. | ૫ અનં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ | ૪ અનં. |
| નારકી | ૧ અલ્પ | ૨ અસં. | ૩ અસં. | – | – | – | – |
| તિર્યંચ | ૬ વિશે૦ | ૫ વિશે. | ૪ અનં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ | – |
| એકેન્દ્રિય | ૪ વિશે. | ૩ વિશે. | ૨ અનં. | ૧ અલ્પ | – | – | – |
| પૃથ્વી, પાણી | ૪ વિશે. | ૩ વિશે. | ૨ અસં. | ૧ અલ્પ | – | – | – |
| વનસ્પતિ | ૪ વિશે. | ૩ વિશે. | ૨ અનં. | ૧ અલ્પ | – | – | – |
| તેઉ, વાયુ | ૩ વિશે. | ૨ વિશે. | ૧ અલ્પ | – | – | – | – |
| વિકલેન્દ્રિય | ૩ વિશે. | ૨ વિશે. | ૧ અલ્પ | – | – | – | – |
| અસંજ્ઞી તિર્યંચ | ૩ વિશે. | ૨ વિશે. | ૧ અલ્પ | – | – | – | – |
| પંચેન્દ્રિય તિર્યંચ | ૬ વિશે. | ૫ વિશે. | ૪ અસં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ | – |
| સંજ્ઞી પંચેન્દ્રિય | ૬ વિશે. | ૫ વિશે. | ૪ સં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ | – |
| તિર્યંચાણી | ૬ વિશે. | ૫ વિશે. | ૪ સં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ | – |
| મનુષ્ય | ૭ વિશે. | ૬ વિશે. | ૫ અસં. | ૪ સં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ |
| સંજ્ઞી મનુષ્ય | ૭ વિશે. | ૬ વિશે. | ૫ સં. | ૪ સં. | ૩ સં. | ૨ સં. | ૧ અલ્પ |
| દેવ | ૫ વિશે. | ૪ વિશે. | ૩ અસં. | ૬ સં. | ૨ અસં. | ૧ અલ્પ | – |
| દેવી | ૩ વિશે. | ૨ વિશે. | ૧ અલ્પ | ૪ સં. | – | – | – |
| ભવન૦ દેવદેવી | ૪ વિશે. | ૩ વિશે. | ૨ અસં. | ૧ અલ્પ | – | – | – |
| વ્યંતર દેવદેવી | ૪ વિશે. | ૩ વિશે. | ૨ અસં. | ૧ અલ્પ | – | – | – |
| વૈમાનિક દેવ | – | – | – | ૩ અસં. | ૨ અસં. | ૧ અલ્પ | – |
| જ્યોતિષી | – | – | – | બધા | – | – | – |

[**સંક્ષિપ્ત શબ્દ સૂચિ :–** ભવન૦ = ભવનપતિ, વિશે૦ = વિશેષાધિક, અસં૦ = અસંખ્યાતગુણા, સં૦ = સંખ્યાત ગુણા, અનં૦=અનંતગુણા. ચાર્ટમાં આપેલા આંકડા અલ્પબહુત્વના ક્રમને સૂચવે છે.]

**ગર્ભજ તિર્યંચ-તિર્યંચાણીનું સાથે અલ્પબહુત્વ :– ૧.** સૌથી થોડા શુક્લલેશી તિર્યંચ, **૨.** શુક્લલેશી તિર્યંચાણી સંખ્યાતગણી, **૩.** પદ્મલેશી તિર્યંચ સંખ્યાતગણા, **૪.** પદ્મલેશી તિર્યંચાણી સંખ્યાતગણી, **૫.** તેજોલેશી તિર્યંચ સંખ્યાતગણા, **૬.** તેજોલેશી તિર્યંચાણી સંખ્યાતગણી, **૭.** કાપોતલેશી તિર્યંચ સંખ્યાતગણા, **૮.** નીલલેશી તિર્યંચ વિશેષાધિક, **૯.** કૃષ્ણલેશી તિર્યંચ વિશેષાધિક, **૧૦.** કાપોતલેશી



તિર્યંચાણી સંખ્યાતગણી, **૧૧.** નીલ લેશી તિર્યંચાણી વિશેષાધિક, **૧૨.** કૃષ્ણલેશી તિર્યંચાણી વિશેષાધિક.

**દેવ દેવીનું સાથે અલ્પબહુત્વ :– ૧.** સૌથી થોડા શુક્લલેશી દેવ, **૨.** પદ્મલેશી દેવ અસંખ્યાતગણા, **૩.** કાપોતલેશી દેવ અસંખ્યાતગણા, **૪.** નીલલેશી દેવ વિશેષાધિક, **૫.** કૃષ્ણલેશી દેવ વિશેષાધિક, **૬.** કાપોતલેશી દેવીઓ સંખ્યાતગણી, **૭.** નીલલેશી દેવીઓ વિશેષાધિક, **૮.** કૃષ્ણલેશી દેવીઓ વિશેષાધિક, **૯.** તેજોલેશી દેવ સંખ્યાતગણા, **૧૦.** તેજોલેશી દેવીઓ સંખ્યાતગણી.

**ભવનપતિ દેવ દેવીનું સાથે અલ્પબહુત્વ :– ૧.** સૌથી થોડા તેજોલેશી દેવ, **૨.** તેજોલેશી દેવીઓ સંખ્યાતગણી, **૩.** કાપોતલેશી દેવ અસંખ્યાતગણા, **૪.** નીલલેશી દેવ વિશેષાધિક, **૫.** કૃષ્ણલેશી દેવ વિશેષાધિક, **૬.** કાપોતલેશી દેવી સંખ્યાતગણી, **૭.** નીલલેશી દેવી વિશેષાધિક, **૮.** કૃષ્ણલેશી દેવી વિશેષાધિક.

આજ રીતે વ્યંતર દેવ દેવીનું અલ્પબહુત્વ છે. જ્યોતિષી દેવ દેવીમાં અને વૈમાનિક દેવીમાં એક તેજોલેશ્યા જ હોય છે તેથી અલ્પબહુત્વ નથી.

**અલ્પઋદ્ધિ મહાઋદ્ધિ :–** જ્યાં જેટલી લેશ્યા છે તેમાં પહેલાની લેશ્યા કૃષ્ણ આદિ અલ્પઋદ્ધિવાળી છે પછીની ક્રમથી મહાઋદ્ધિવાળી છે.

## ત્રીજો ઉદ્દેશક

**૧.** નૈરયિક જ નરકમાં ઉત્પન્ન થાય છે. અન્ય એટલે અનૈરયિક જીવ નરકમાં ઉત્પન્ન થતા નથી કારણ કે નરકનું આયુષ્ય શરૂ થયા પછી જ જીવ ત્યાં આવે છે. તેથી ઉત્પત્તિ સ્થાનની અપેક્ષા આ જ ઉત્તર ૨૪ દંડકમાં સમજી લેવા અર્થાત્ મનુષ્ય જ મનુષ્યમાં અથવા દેવતા જ દેવયોનિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે.

**૨.** આ રીતે કૃષ્ણ આદિ લેશ્યાવાળા જ કૃષ્ણ આદિ લેશ્યામાં ઉત્પન્ન થાય છે. નારકી દેવતામાં જે લેશ્યામાં જીવ ઉત્પન્ન થાય છે તે જ લેશ્યામાં મરે છે. અને તિર્યંચ મનુષ્યમાં તે જ લેશ્યામાં અથવા બીજી કોઈ પણ લેશ્યામાં મરે છે. પરંતુ જે લેશ્યામાં જીવ મરે છે તે જ લેશ્યામાં ઉત્પન્ન થાય છે, આ નિયમ ૨૪ દંડકમાં છે.

**૩.** જે દંડકમાં જેટલી લેશ્યા છે, તેની અપેક્ષા ઉપર કહેલ કથન સમજી લેવું. પૃથ્વી, પાણી, વનસ્પતિ તેજો લેશ્યામાં ઉત્પન્ન થનારા તેજોલેશ્યામાં મરતા નથી અન્ય ત્રણ કૃષ્ણાદિમાં મરે છે.

**૪.** જ્યોતિષી વૈમાનિકમાં ઉદ્વર્તન(મરવાના)ના સ્થાન પર ચ્યવન કહેવામાં આવે છે આ બધી જગ્યાએ ધ્યાન રાખવું અર્થાત્ જે લેશ્યામાં જન્મે તે લેશ્યામાં ચ્યવે.

**નોંધ :–** નારકી દેવતામાં પ્રત્યેક જીવમાં જીવનભર એક જ લેશ્યા હોય છે. આ કથન દ્રવ્ય લેશ્યાની અપેક્ષાએ સમજવું, ભાવ લેશ્યા કોઈ પણ હોઈ શકે છે.

**૫.** કૃષ્ણલેશી કૃષ્ણલેશી નૈરયિકોના અવધિજ્ઞાનમાં ક્ષેત્ર આદિની અપેક્ષા થોડું બહુ અંતર હોય છે. કૃષ્ણ અને નીલલેશ્યાવાળાના અવધિજ્ઞાનના ક્ષેત્રમાં તેમજ વિશુદ્ધિમાં કંઈક વિશેષ અંતર હોય છે. કૃષ્ણ તેમજ કાપોતમાં તેનાથી પણ કંઈક અધિક અંતર હોય છે. આ ત્રણેના અંતર માટે ત્રણ દષ્ટાંત બતાવે છે. ૧ સમભૂમિ ઉપરબે વ્યક્તિ ઉભી રહીને જુએ તો તેની દષ્ટિઓમાં થોડું બહુ અંતર હોય છે. ૨ એક વ્યક્તિ સમભૂમિ ઉપર બીજી પહાડ પર ઉભી રહીને જુએ, ૩ એક સમભૂમિ પર બીજી પર્વતના શિખર પર ઉભી રહીને જુએ. આ રીતે ત્રણે લેશ્યાવાળામાં પરસ્પર અવધિજ્ઞાનનું અંતર સમજવું.

નારકીનું અવધિક્ષેત્ર જઘન્ય અર્ધાકોશ અને ઉત્કૃષ્ટ ચાર કોશ હોય છે. અવધિક્ષેત્રના અનુપાતથી દ્રવ્ય, કાલ તેમજ વિશુદ્ધિ, અવિશુદ્ધિમાં અંતર હોય છે.

**૬.** પાંચ લેશ્યામાં ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન હોઈ શકે છે. શુક્લ લેશ્યામાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન હોઈ શકે છે. અર્થાત્ કૃષ્ણાદિ પાંચ લેશ્યામાં બે જ્ઞાન, ત્રણ જ્ઞાન, ચાર જ્ઞાન હોઈ શકે છે. તેમજ શુક્લ લેશ્યામાં ૨, ૩, ૪ તેમજ એક જ્ઞાન (કેવળજ્ઞાન) હોઈ શકે છે.

## ચોથો ઉદ્દેશક

**પરિણામાંતર :–** દૂધ છાશથી પરિણામાંતરને પ્રાપ્ત થાય છે. વસ્ત્ર વિવિધ રંગોમાં પરિવર્તિત થાય છે. એવી જ રીતે લેશ્યા પણ બીજી લેશ્યામાં પરિણત થઈ શકે છે.

વૈડૂર્યમણિમાં જેવા રંગનો દોરો પરોવાય એવા જ રંગનો મણિ દેખાય છે. આ અપેક્ષાએ પણ લેશ્યામાં પરિણામાંતર જોવામાં આવે છે.

**વર્ણ :–** કૃષ્ણ લેશ્યાનો વર્ણ કાળો હોય છે. જેમ કે અંજન, ખંજન, ભેસના શીંગળા, જાંબુ, ભીના અરીઠા, ઘનઘોર કાળા વાદળા, કોયલ, કાગડો, ભ્રમરોની લાઈન, હાથીના બચ્ચા, માથાના વાળ, કાળા અશોક, કાળા કનેર આદિ.

નીલ લેશ્યાનો વર્ણ નીલ(લીલો) હોય છે. જેમ કે પોપટ, ચાસ પક્ષી, કબૂતરની ડોક, મોરની ડોક, અળસીના ફૂલ, નીલકમલ, નીલા અશોક, નીલા કનેર આદિ.

કાપોત લેશ્યાનો વર્ણ તામ્ર હોય છે. જેમ કે તાંબુ, ખૈરસાર, અગ્નિ, રીંગણાના ફૂલ, જવાસાનું ફૂલ.

તેજોલેશ્યાનો વર્ણ લાલ હોય છે. જેમ કે સસલા આદિ પશુઓનું લોહી, મનુષ્યોનું લોહી, વરસાદમાં ઉત્પન્ન થતા ક્રીડા, ઉગતો સૂર્ય, લાલ દિશા, ચિરમી, હિંગળો, મૂંગા, લાક્ષારસ, લોહિતાક્ષ મણિ, કિરમજી રંગની કામળી, હાથીનું તાળવું, જપાકુસુમ, કિંશુક (ખાખરા)નું ફૂલ, લાલ અશોક, લાલ કનેર, લાલ બંધુ જીવક.



પદ્મલેશ્યાનો વર્ણ પીળો હોય છે જેમ કે હળદર, ચમ્પક છાલ, હરતાલ, સુવર્ણ શુક્તિ, સુવર્ણ રેખા, પીતાંબર, ચંપાનુ ફૂલ, કનેર, ફૂલ, કુષ્માંડ લતા, જૂહીનું ફૂલ, કોરંટ ફૂલ, પીળો અશોક, પીળો કનેર, પીળા બંધુ જીવક.

શુક્લ લેશ્યાનો વર્ણ સફેદ હોય છે. જેમ કે અંકરત્ન, શંખ, ચંદ્રમા, નિર્મળ પાણીના ફીણ, દૂધ, દહીં, ચાંદી, શરદ ઋતુના વાદળા, પુંડરીક કમળ, ચોખાનો લોટ; સફેદ અશોક, કનેર અને બંધુ જીવક આ છ લેશ્યામાં કાપોત લેશ્યાનો વર્ણ મિશ્ર વર્ણ છે. બાકીના પાંચ વર્ણ સ્વતંત્ર છે.

**રસ :–** કૃષ્ણ લેશ્યાનો રસ કડવો હોય છે. જેમ કે લીમડો, તુંબી, રોહિણી, કુટજ, કડવી કાકડી આદિ. નીલલેશ્યાનો તીખો રસ હોય છે. જેમ કે સૂંઠ, લાલ મરચા, કાળા મરી, પીપર, પીપરામૂલ, ચિત્રમૂલક, પાઠા વનસ્પતિ આદિ. કાપોતલેશ્યાનો રસ કાચા ફળની સમાન ખાટો હોય છે. જેમ કે કેરી, બોર, કોઠા, બિજોરા, દાડમ, ફણસ આદિ.

તેજોલેશ્યાનો રસ પાકા ફળોની સમાન થોડો ખાટો ને વધારે મીઠો હોય છે. પદ્મલેશ્યાનો રસ આસવ, અરિષ્ટ, અવલેહ, મદ્યની સમાન હોય છે. શુક્લલેશ્યાનો રસ મીઠો હોય છે જેમ કે– ગોળ, શાકર, ખડી શાકર, મિષ્ઠાન આદિ.

ઉપર કહેલા પદાર્થોથી કેટલાય ગણો અધિક આ લેશ્યાઓનો રસ હોય છે.

**ગંધ :–** કૃષ્ણાદિ ત્રણ લેશ્યાઓ દુર્ગંધમય હોય છે અને તેજો આદિ ત્રણ લેશ્યાઓ સુગંધમય હોય છે. અર્થાત્ મરેલા મડદા જેવી દુર્ગંધવાળી તેમજ ફૂલોની ખુશબો જેવી સુંગધવાળી હોય છે.

**સ્પર્શ :–** કૃષ્ણાદિ ત્રણ લેશ્યાનો સ્પર્શ ખરબચડો હોય છે. તેજોલેશ્યા આદિ ત્રણનો સ્પર્શ સુંવાળો(મૃદુ અથવા કોમળ) હોય છે.

ત્રણ લેશ્યાઓ પ્રશસ્ત છે, ત્રણ અપ્રશસ્ત છે. ત્રણ સંક્લિષ્ટ પરિણામી છે. ત્રણ અસંક્લિષ્ટ પરિણામી છે, ત્રણ દુર્ગતિગામી છે. ત્રણ સદ્ગતિગામી છે. ત્રણ શીતરુક્ષ છે, ત્રણ ઉષ્ણસ્નિગ્ધ છે.

**પરિણામ :–** જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટના ભેદથી લેશ્યાઓના પરિણામ ત્રણ પ્રકારના હોય છે. તેના પણ ફરી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ત્રણ ભેદ થાય છે. તેના ક્રમશઃ ફરી ફરી ત્રણ-ત્રણ ભેદ થવાથી લેશ્યાઓના પરિણામ ૩–૯–૨૭–૮૧–૨૪૩ પ્રકારના થાય છે.

**પ્રદેશ આદિ :–** લેશ્યાઓના અનંતપ્રદેશી સ્કંધ છે. અસંખ્ય આકાશપ્રદેશની તેની અવગાહના હોય છે. દરેક લેશ્યાની અનંત વર્ગણાઓ હોય છે. દરેક લેશ્યાના અસંખ્ય સ્થાન, અસંખ્ય કક્ષા હોય છે.

**અલ્પબહુત્વ :–** બધાથી થોડા કાપોત લેશ્યાના સ્થાન દ્રવ્યથી તેમજ પ્રદેશથી છે.

તેનાથી નીલ, કૃષ્ણ, તેજો, પદ્મ, તેમજ શુક્લલેશ્યાના સ્થાન ઉત્તરોત્તર અસંખ્ય ગુણા છે. દ્રવ્યથી પ્રદેશ અનંતગણા છે.

## પાંચમો ઉદ્દેશક

એક લેશ્યા બીજી લેશ્યામાં જે પરિણત થાય છે, તે અપેક્ષા માત્રથી પરિણત થાય છે. અર્થાત્ તે છાયા માત્રથી, પ્રતિબિંબ માત્રથી, અથવા આકારમાત્રથી પ્રતિબિંબિત થાય છે. વાસ્તવમાં સ્વરૂપની અપેક્ષાએ તે લેશ્યા બીજી લેશ્યા બની જતી નથી. એવું છ એ લેશ્યામાં પરસ્પર સમજી લેવું જોઈએ.

## છઠ્ઠો ઉદ્દેશક

**૧.** પંદર કર્મભૂમિ મનુષ્ય-મનુષ્યાણીમાં છ લેશ્યા હોય છે. અકર્મભૂમિ તેમજ અંતરદ્વીપના મનુષ્ય-મનુષ્યાણીમાં ચાર લેશ્યા; પદ્મ અને શુક્લ લેશ્યા નથી.

**૨.** કોઈ પણ લેશ્યાવાળા મનુષ્ય હોય અથવા મનુષ્યાણી હોય તે છ એ લેશ્યા-વાળા પુત્ર-પુત્રીના જનક અથવા જનની થઈ શકે છે. કર્મભૂમિ-અકર્મભૂમિ બંનેમાં પણ આ રીતે સમજવું અર્થાત્ લેશ્યા સંબંધી પ્રતિબંધ માતા-પિતા, પુત્ર-પુત્રીમાં નથી હોતા.

**નોંધ :–** લેશ્યાઓના લક્ષણ ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૪માં કહ્યા છે. તેની જાણકારી માટે સારાંશ પુસ્તક ખંડ–૨, ઉપદેશ શાસ્ત્ર પૃષ્ટ........ જોવું.

## અઢારમું : કાયસ્થિતિ પદ

સામાન્ય રૂપ અથવા વિશેષરૂપ પર્યાયમાં જીવને નિરંતર રહેવાના કાલને કાયસ્થિતિ કહે છે. સ્થિતિ એક ભવની ઉમરને કહેવામાં આવે છે. કાયસ્થિતિમાં અનેક અનંતા ભવ પણ ગણવામાં આવે છે અને આખો એક ભવ પણ હોતો નથી. દંડક, ગતિ આદિની જેમજ જીવના ભાવ, પર્યાય, જ્ઞાન, દર્શન, યોગ, ઉપયોગ, કષાય, લેશ્યા આદિની પણ કાયસ્થિતિ હોય છે. એવા અહીં મુખ્ય ૨૨ દ્વારોમાં કાયસ્થિતિ કહેલ છે. દરેક દ્વારમાં અનેકાનેક પ્રકાર છે.

| ક્રમ | દ્વાર | ભેદ |
|---|---|---|
| ૧ | જીવ | ૧. સમુચ્ચય જીવ |
| ૨ | ગતિ | ૧. નરક ૨. તિર્યંચ ૩. તિર્યંચાણી ૪. મનુષ્ય ૫. મનુષ્યાણી ૬. દેવ ૭. દેવી + ૭ અપર્યાપ્ત + ૭ પર્યાપ્ત ૨૧ અને ૨૨મા સિદ્ધ |
| ૩ | ઇન્દ્રિય | ૧ સઇન્દ્રિય, ૫ એકેન્દ્રિયાદિ+૬ અપર્યાપ્ત+૬ પર્યાપ્ત=૧૮, ૧૯ અનિંદ્રિય |



| | | |
|---|---|---|
| ૪ | કાય | ૧ સકાય ૬ પૃથ્વી આદિ + ૭ અપર્યાપ્ત + ૭ પર્યાપ્ત = ૨૧ અને ૨૨મા અકાય. સૂક્ષ્મના ૨૧ બાદરના ૩૦ કુલ ૨૨ + ૨૧ + ૩૦ = ૭૩ |
| ૫ | યોગ | ૧ સયોગી ૩ યોગ ૧ અયોગી = ૫ |
| ૬ | વેદ | ૧ સવેદી ૩ વેદ ૧ અવેદી = ૫ |
| ૭ | કષાય | ૧ સકષાયી ૪ કષાય ૧ અકષાયી = ૬ |
| ૮ | લેશ્યા | ૧ સલેશી ૬ લેશ્યા ૧ અલેશી = ૮ |
| ૯ | સમ્યક્ત્વ | ૩ દષ્ટિ |
| ૧૦ | જ્ઞાન | ૧ સજ્ઞાની ૫ જ્ઞાની ૧ અજ્ઞાની ૩ અજ્ઞાન = ૧૦ |
| ૧૧ | દર્શન | ૪ દર્શન |
| ૧૨ | સંયત | ૧ સંયત ૨ અસંયત ૩ સંયતાસંયત ૪ નોસંયત નોઅસંયત |
| ૧૩ | ઉપયોગ | ૧ સાકારોપયોગ ૨ અનાકારોપયોગ |
| ૧૪ | આહાર | ૧ છદ્મસ્થ આહારક ૨ કેવલી આહારક ૩ છદ્મસ્થ અનાહારક ૪ સિદ્ધ કેવલી અણાહારક ૫ સજોગી ભવસ્થકેવલી અણાહારક ૬ અજોગી ભવસ્થ કેવલી અણાહારક |
| ૧૫ | ભાષક | ૧ ભાષક ૨ અભાષક |
| ૧૬ | પરિત્ત | ૧ સંસાર પરિત્ત ૨ સંસાર અપરિત્ત ૩ કાય પરિત્ત ૪ કાય અપરિત્ત ૫ નોઅપરિત્ત નોપરિત્ત |
| ૧૭ | પર્યાપ્ત | ૧ પર્યાપ્ત ૨ અપર્યાપ્ત ૩ નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત |
| ૧૮ | સૂક્ષ્મ | ૧ સૂક્ષ્મ ૨ બાદર ૩ નોસૂક્ષ્મ નોબાદર |
| ૧૯ | સંજ્ઞી | ૧ સંજ્ઞી ૨ અસંજ્ઞી ૩ નોસંજ્ઞી નોઅસંજ્ઞી |
| ૨૦ | ભવી | ૧ ભવી ૨ અભવી ૩ નોભવી નોઅભવી |
| ૨૧ | અસ્તિકાય | ધર્માસ્તિકાય આદિ ૬ દ્રવ્ય |
| ૨૨ | ચરિમ | ૧ ચરિમ ૨ અચરિમ |

આ રીતે આ બાવીસ દ્વારના ૧૯૫ ભેદોની કાયસ્થિતિ કહેલ છે.

**૧.** સમુચ્ચય જીવની કાયસ્થિતિ અનાદિ અનંત અર્થાત્ સર્વ અદ્ધાકાલની છે.

**૨.** છ દ્રવ્યોની કાયસ્થિતિ પણ અનાદિ અનંત કાલ અર્થાત્ સર્વ અદ્ધાકાલની છે.

બાકી બધા ૨૦ દ્વારોના ભેદોની કાયસ્થિતિનું વર્ણન આ જ પુસ્તકના જીવાભિગમ સૂત્રમાં કરવામાં આવ્યું છે. ત્યાંથી જોઈ લેવું જોઈએ.

કાયસ્થિતિના થોકડામાં ૫ સમકિત ૫ ચારિત્રની કાયસ્થિતિ કહેલી છે, તે આ પ્રકારે છે–

### સમ્યક્ત્વ અને ચારિત્રની કાયસ્થિતિ :–

| નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ક્ષાયક સમકિત | × | સાદિ અનંત |
| ક્ષયોપશમ સમકિત | અંતર્મુહૂર્ત | ૬૬ સાગર સાધિક |
| સાસ્વાદન સમકિત | ૧ સમય | ૬ આવલિકા |
| ઉપશમ સમકિત | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ક્ષયોપશમ વેદક સમકિત | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ક્ષાયક વેદક સમકિત | ૧ સમય | ૧ સમય |
| સામાયિક ચારિત્ર | ૧ સમય | દેશોન ક્રોડપૂર્વ |
| છેદોપસ્થાપનીય ચારિત્ર | અંતર્મુહૂર્ત | દેશોન ક્રોડપૂર્વ |
| પરિહાર વિશુદ્ધ ચારિત્ર | અંતર્મુહૂર્ત (૧૮ માસ) | દેશોન ક્રોડપૂર્વ |
| સૂક્ષ્મ સંપરાય ચારિત્ર | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| યથાખ્યાત ચારિત્ર | ૧ સમય | દેશોન ક્રોડપૂર્વ |

## ઓગણીસમું : સમ્યક્ત્વ પદ

જિનેશ્વર દ્વારા પ્રરૂપેલ જીવાદિ સંપૂર્ણ તત્ત્વોના વિષયમાં જેની દષ્ટિ, સમજ, બુદ્ધિ અવિપરીત હોય, સમ્યક હોય, તેને સમ્યગ્દષ્ટિ કહે છે.

જિનેશ્વર પ્રરૂપિત તત્ત્વોના વિષયમાં થોડી પણ વિપરીત દષ્ટિ, સમજ, શ્રદ્ધા હોય તેને મિથ્યા દષ્ટિ કહે છે.

જિનેશ્વર પ્રરૂપિત તત્ત્વોના વિષયમાં વિપરીત અને અવિપરીત એમ અસ્થિર દષ્ટિ, બુદ્ધિ, સમજણ, શ્રદ્ધા હોય અથવા વિપરીત અને અવિપરીત બંને પ્રકારની બુદ્ધિવાળાનું અનુસરણ કરવાવાળા હોય તેમજ બંનેને સત્ય સમજવાવાળા હોય તેને મિશ્રદષ્ટિવાળા કહે છે. આ રીતે ત્રણ દષ્ટિઓ છે– ૧ સમ્યગ્દષ્ટિ, ૨ મિથ્યાદષ્ટિ, ૩ મિશ્રદષ્ટિ.

### ૨૪ દંડકમાં દષ્ટિ વિચાર :–

નારકી દેવતામાં નવગ્રૈવેયક સુધી ત્રણ દષ્ટિ, લોકાંતિકમાં સમ્યગ્દષ્ટિ, અનુત્તર વિમાનમાં સમ્યગ્દષ્ટિ, પંદર પરમધામી તેમજ ત્રણ કિલ્વિષીમાં એક મિથ્યાદષ્ટિ.

પાંચ સ્થાવરમાં મિથ્યાદષ્ટિ, ત્રણ વિકલેન્દ્રિયમાં અને અસંજ્ઞી તિર્યંચમાં બે દષ્ટિ, સંજ્ઞી તિર્યંચમાં ત્રણ દષ્ટિ, ખેચર જુગલિયા તિર્યંચમાં એક મિથ્યાદષ્ટિ અને સ્થળચર જુગલિયા તિર્યંચમાં બે દષ્ટિ.



૧૫ કર્મભૂમિમાં ત્રણ દષ્ટિ, ૩૦ અકર્મ ભૂમિમાં બે દષ્ટિ, અંતર્દ્વીપોમાં એક મિથ્યાદષ્ટિ, સંમૂર્ચ્છિમ મનુષ્યમાં એક મિથ્યાદષ્ટિ.

સિદ્ધોમાં એક(ક્ષાયિક) સમ્યગ્દષ્ટિ.

**નોંધ :–** એક સમયમાં એક જીવને એક જ દષ્ટિ હોય છે.

## વીસમું : અંતક્રિયા પદ

### મોક્ષાધિકાર :–

ચોવીસ દંડકોમાંથી એક મનુષ્યમાં જ મોક્ષે જવાની યોગ્યતા છે બીજા કોઈ પણ ભવમાંથી જીવ મોક્ષે જઈ શકતો નથી.

ભવિષ્યકાળમાં મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા બધા દંડકના જીવોને હોય છે. તેઉકાય, વાયુકાય, ત્રણ વિકલેન્દ્રિય, પાંચમી, છઠ્ઠી, સાતમી નરકના જીવો સીધા મનુષ્ય બનીને મોક્ષમાં જઈ શકતા નથી. પરંપરાથી અર્થાત્ એક બે ભવ ક્યાંક કરીને મનુષ્ય બનીને મોક્ષમાં જઈ શકે છે. તેને પરંપર અંતક્રિયા કહે છે.

૧ થી ૪ નરક, પૃથ્વી પાણી વનસ્પતિ, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, ભવનપતિ આદિ ૧૩ દંડકના જીવ અનંતર મનુષ્યભવથી મુક્ત થઈ શકે છે.

**અનંતરાગતોની મુક્ત સંખ્યા :–** જઘન્ય ૧-૨-૩ છે. ઉત્કૃષ્ટ આ પ્રકારે છે–

એક સમયમાં દસ– ત્રણ નરક, ભવનપતિ-વ્યંતર-જ્યોતિષી દેવ, તિર્યંચ (પંચેન્દ્રિય), તિર્યંચાણી અને મનુષ્યના નીકળેલા.

એક સમયમાં વીસ– મનુષ્યાણી, વૈમાનિક દેવી, જ્યોતિષી દેવીના નીકળેલા.

એક સમયમાં પાંચ– ભવનપતિ દેવી, વ્યંતર દેવીના નીકળેલા.

એક સમયમાં ૬– વનસ્પતિના નીકળેલા.

એક સમયમાં ૪– ચોથી નરક, પૃથ્વી, પાણીના નીકળેલા.

### ઉત્પત્તિ તેમજ ઉપલબ્ધિ :–

**(૧)** કેટલાક નૈરયિક જીવ તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં કોઈને ધર્મશ્રવણ, બોધિ(ધર્મ પ્રાપ્તિ) શ્રદ્ધા, મતિ-શ્રુતજ્ઞાન, વ્રત પ્રત્યાખ્યાન, અવધિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે; સંયમ અને મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી.

કેટલાક નૈરયિક જીવ મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેમાંથી કોઈને ઉપર કહેલ ધર્મ શ્રવણ આદિ તેમજ સંયમ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેમજ અંતમાં મુક્તિ પ્રાપ્ત થાય છે.

**(૨)** નરકની સમાન પૃથ્વી, પાણી, વનસ્પતિ તેમજ બધા દેવોનું મનુષ્યમાં મુક્તિ પ્રાપ્તિ સુધીનું વર્ણન છે.

**(૩)** તેઉ-વાયુ તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. ત્યાં ધર્મશ્રવણની પ્રાપ્તિ તેને હોય છે. પરંતુ બોધિ(ધર્મની શ્રદ્ધા રુચિ) આદિની પ્રાપ્તિ હોતી નથી.

**(૪)** ત્રણ વિકલેન્દ્રિય મનુષ્યમાં ઉત્પન્ન થાય છે, ધર્મશ્રવણ આદિ મનઃપર્યવ–જ્ઞાન સુધીની ઉપલબ્ધિ તેને થઈ શકે છે, કેવળજ્ઞાન થતું નથી.

**(૫)** તિર્યંચ પંચેન્દ્રિયના જીવ નારકી, દેવતામાં ઉત્પન્ન થાય છે. ત્યાં પણ ધર્મશ્રવણ, બોધિ–શ્રદ્ધા, મતિજ્ઞાન આદિ ૩ જ્ઞાન પ્રાપ્ત કરે છે. વ્રત પ્રત્યાખ્યાન કરતા નથી. નારકીને દેવો દ્વારા ધર્મશ્રવણ વગેરે પ્રાપ્ત થાય છે.

તિર્યંચ પંચેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિયમાં તેમજ મનુષ્યમાં ઉત્પન્ન થાય છે ત્યાં નારકી જીવની સમાન તિર્યંચમાં અવધિજ્ઞાન સુધી તેમજ મનુષ્યમાં મોક્ષ સુધી ઉપલબ્ધિ કરે છે.

**(૬)** મનુષ્યનું કથન પણ તિર્યંચની સમાન છે. વિશેષતાએ છે કે કેટલાય જીવ તે જ ભવે મુક્તિ પ્રાપ્ત કરે છે.

**૧ તીર્થંકરત્વ આદિ ઉપલબ્ધિ :–** પહેલી, બીજી, ત્રીજી નરક તેમજ વૈમાનિક દેવ, મનુષ્ય ભવમાં ઉત્પન્ન થઈને તીર્થંકર બની શકે છે. તેના સિવાય કોઈ પણ જીવ તીર્થંકર બનતા નથી. પરંતુ અન્ય ધર્મ શ્રવણાદિ ઉપલબ્ધિ ઉપર કહેલ અનુસાર પ્રાપ્ત કરે છે.

**૨ ચક્રવર્તી :–** પહેલી નરક તેમજ ભવનપતિ-વ્યંતર-જ્યોતિષી-વૈમાનિક દેવ મનુષ્ય ભવમાં આવીને ચક્રવર્તી બની શકે છે.

**૩ બળદેવ :–** પહેલી બીજી નરક અને બધા દેવલોકથી આવીને મનુષ્ય બનવા–વાળા જીવ બળદેવ બની શકે છે.

**૪ વાસુદેવ :–** પહેલી-બીજી નરકના જીવ તેમજ અનુત્તર વિમાન છોડીને બાકીના વૈમાનિક દેવ મનુષ્યભવમાં આવીને વાસુદેવ બની શકે છે. અર્થાત્ ભવનપતિ-વ્યંતર-જ્યોતિષી દેવ વાસુદેવ બનતા નથી.

**૫ માંડલિક રાજા :–** સાતમી નરક અને તેઉકાય વાયુકાયને છોડીને બાકી સમસ્ત સ્થાનોથી મનુષ્યભવમાં આવનારા જીવ માંડલિક રાજા બની શકે છે.

**૬ સેનાપતિ, ગાથાપતિ, બઢઈ(વાર્ધિક), પુરોહિત તેમજ સ્ત્રી રત્ન આ પાંચ ચક્રવર્તીના પંચેન્દ્રિય રત્ન :–** તેઉ–વાયુ, સાતમી નરક, પાંચ અનુત્તર દેવને છોડીને બાકી સમસ્ત સ્થાનોમાંથી આવીને મનુષ્ય બનનારા જીવ સેનાપતિ આદિ પાંચેય બની શકે છે.



**૭ હસ્તિરત્ન તેમજ અશ્વરત્ન :–** નવમા દેવલોકથી ઉપરના દેવોને છોડીને બાકી સમસ્ત સ્થાનોથી આવીને તિર્યંચ થનારા હસ્તિરત્ન, અશ્વરત્ન બની શકે છે.

**૮ સાત એકેન્દ્રિય રત્ન :–** સાત નરક તેમજ ત્રીજા દેવલોકથી ઉપરના દેવલોકને છોડીને સમસ્ત સ્થાનોથી આવીને પૃથ્વીકાયમાં ઉત્પન્ન થનારા જીવ સાતેય એકેન્દ્રિય રત્ન બની શકે છે. સાત રત્ન આ પ્રમાણે છે– **૧.** ચક્રરત્ન **૨.** છત્રરત્ન **૩.** ચર્મરત્ન **૪.** દંડરત્ન **૫.** અસિરત્ન **૬.** મણિરત્ન, **૭.** કાંગિણી(કાંકિણી) રત્ન.

આ સાત પંચેન્દ્રિય અને સાત એકેન્દ્રિય રત્ન ચક્રવર્તીને આધીન હોય છે.

## દેવોત્પત્તિના ૧૪ બોલ :–

સંયમના આરાધક, વિરાધક, સંયમાસંયમના આરાધક, વિરાધક, અસંયત, અકામ, નિર્જરાવાળા તાપસ, કાંદર્પિક, પરિવ્રાજક તેમજ સમકિતનું વમન કરી દેનારા પણ દેવગતિમાં જઈ શકે છે. તેનો સાર એ છે કે આંતરિક યોગ્યતા, શુદ્ધિથી તો દેવત્વ તેમજ મુક્તિની પ્રાપ્તિ થાય જ છે, પરંતુ કેવળ બાહ્ય આચરણથી પણ જો(અસંક્લિષ્ટ પરિણામ ન હોય તો) દેવત્વની પ્રાપ્તિ થઈ શકે છે.

**દેવોત્પત્તિના ચૌદ બોલ :–**

| ક્રમાંક | નામ | જઘન્ય ગતિ | ઉત્કૃષ્ટ ગતિ |
|---|---|---|---|
| ૧ | અસંયત ભવ્ય દ્રવ્ય દેવ | ભવનપતિ | ગ્રૈવેયક દેવ |
| ૨ | સંયમ આરાધક | પહેલો દેવલોક | અનુત્તર વિમાન |
| ૩ | સંયમ વિરાધક | ભવનપતિ | પહેલો દેવલોક |
| ૪ | દેશવિરત આરાધક | પહેલો દેવલોક | બારમો દેવલોક |
| ૫ | દેશવિરત વિરાધક | ભવનપતિ | જ્યોતિષી |
| ૬ | અકામનિર્જરાવાળા તેમજ અસંજ્ઞીતિર્યંચ | ભવનપતિ | વાણવ્યંતર |
| ૭ | તાપસ | ભવનપતિ | જ્યોતિષી |
| ૮ | કાન્દર્પિક | ભવનપતિ | પહેલો દેવલોક |
| ૯ | પરિવ્રાજક | ભવનપતિ | પાંચમો દેવલોક |
| ૧૦ | કિલ્વિષી | પહેલો દેવલોક | છઠ્ઠો દેવલોક |
| ૧૧ | સંજ્ઞી તિર્યંચ | ભવનપતિ | આઠમો દેવલોક |
| ૧૨ | ગોશાલા પંથી(આજીવિક) | ભવનપતિ | બારમો દેવલોક |
| ૧૩ | આભિયોગિક | ભવનપતિ | બારમો દેવલોક |
| ૧૪ | સ્વલિંગી સમકિત રહિત | ભવનપતિ | ગ્રૈવેયક દેવ |

આ સાધકોનો વિસ્તારથી પરિચય ઔપપાતિક સૂત્રમાં છે, જેની જાણકારીને માટે સારાંશ ખંડ–૭, પૃષ્ટ............માં જુઓ તથા ભગવતી સૂત્ર શતક ૧ ઉદ્દેશક ૨માં પણ આ રીતે સંક્ષિપ્ત કથન છે.

ઉપર કહેલ ૧૪ બોલના જીવોમાંથી પહેલા, બીજા, ચોથા, નિયમા દેવગતિમાં જાય છે. બાકી બોલ દેવગતિમાં જ જાય એવો નિયમ નથી અર્થાત્ તે ચારે ગતિમાં જઈ શકે છે. દેવગતિમાં જાય તો ઉપર કહેલ દેવલોકોમાં જઈ શકે છે એવું સમજવું જોઈએ.

ભવ્ય દ્રવ્ય દેવના બોલમાં દેવનો આયુષ્ય બંધ કરેલા બધા પ્રકારના જીવોનો સમાવેશ થઈ જાય છે. પરંતુ પ્રથમ બોલમાં 'અસંયત' વિશેષણ લાગી ગયું છે તેથી દેશવ્રતી અને સર્વવ્રતીને છોડીને અન્ય દેવોત્પત્તિવાળાનો સમાવેશ તેમાં સમજવો જોઈએ અર્થાત્ બીજા, ચોથા બોલને છોડીને બાકી ૧૧ બોલોનો સમાવેશ અસંયત ભવ્ય દ્રવ્ય દેવમાં થાય છે, એથી સાર આ નીકળે છે કે પહેલા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાન સુધીના જીવ જેમણે દેવાયુનો બંધ કરેલ હોય છે, તે અસંયત ભવ્ય દ્રવ્ય દેવ છે.

**અસંજ્ઞી આયુષ્ય–** અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય ચારેગતિનું આયુષ્ય બાંધે છે. નરકમાં–પ્રથમ નરકનું, દેવમાં–ભવનપતિ, વ્યંતરનું, તિર્યંચમાં–ખેચર જુગલિયા તિર્યંચ સુધીનું, તેમજ મનુષ્યમાં અંતર્દ્વીપના યુગલિક મનુષ્ય સુધીના આયુષ્યનો બંધ કરે છે.

ચારેગતિમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો ઉત્કૃષ્ટ આયુષ્યનો બંધ કરે છે. પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સર્વ જગ્યાએ સમાન નથી, તેમાં અંતર છે. તેનું અલ્પબહુત્વ આ પ્રકારે છે.

બધાથી થોડું દેવ અસંજ્ઞી આયુષ્ય, તેનાથી મનુષ્ય અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગણું, તેનાથી તિર્યંચ યોનિક અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગણું, તેનાથી નૈરયિક અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગણું.

તાત્પર્ય એ છે કે અસંજ્ઞી તિર્યંચ દેવતાનું આયુષ્ય અતિઅલ્પ ઉપાર્જન કરે છે અને નરકનું આયુ સર્વાધિક ઉપાર્જન કરે છે.

## એકવીસમું : અવગાહના–સંસ્થાન પદ

**ઔદારિક શરીર :–** મનુષ્ય તેમજ તિર્યંચમાં ઔદારિક શરીર હોય છે, આમ તિર્યંચની અપેક્ષાએ ૪૬ ભેદ તેમજ મનુષ્યના ત્રણ ભેદ, એ ઔદારિક શરીરના કુલ ૪૯ પ્રકાર કહ્યા છે.

આ ૪૯ પ્રકારના ઔદારિક શરીરની અવગાહના અને તેના સંસ્થાન



(આકાર) અલગ-અલગ છે. તેનું વર્ણન પુષ્પ ૨૪ જીવાભિગમસૂત્રની પ્રથમ પ્રતિપત્તિમાં કરેલ છે.

**વૈક્રિય શરીર :–** એકેન્દ્રિય તેમજ પંચેન્દ્રિય એમ વૈક્રિયશરીરના મૂળભેદ બે છે. ગતિની અપેક્ષા ચારે ય ગતિમાં હોય છે– (૧) ચૌદ પ્રકારના નારકીને, (૨) બાદર વાયુકાયના પર્યાપ્ત અને પાંચ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્ત એમ છ તિર્યંચને, (૩) એક કર્મભૂમિજ મનુષ્યના પર્યાપ્તાને, (૪) ૧૦ ભવનપતિ, ૮ વ્યંતર, ૫ જ્યોતિષી અને ૨૬ વૈમાનિક(૧૨ + ૯ + ૫) એમ ૪૯ દેવોના પર્યાપ્ત અપર્યાપ્ત ૯૮ દેવોને વૈક્રિય શરીર હોય છે. આ રીતે ૧૪ + ૬ + ૧ + ૯૮ = ૧૧૯ જીવોને અહીં વૈક્રિય શરીરનું કથન છે. તે જીવોના સંસ્થાન અને અવગાહના આદિ આ સૂત્રમાં વર્ણવેલ છે. જેને આ જ પુસ્તકમાં જીવાભિગમ સૂત્ર સારાંશના વર્ણનમાં તેમજ ચાર્ટમાં જુઓ.

**આહારક શરીર :–** તેનો કેવલ એક જ પ્રકાર છે. સંજ્ઞી મનુષ્ય પર્યાપ્ત અર્થાત્ કર્મભૂમિ ઋદ્ધિ પ્રાપ્ત પ્રમત્ત સંયત.

**તૈજસ–કાર્મણ શરીર :–** ચારગતિના જીવોના જેટલા ભેદ હોય છે. તેટલા જ તૈજસ-કાર્મણ શરીરના પ્રકાર હોય છે, તેથી તેના ૫૬૩ ભેદ થાય છે. પ્રસ્તુત પ્રકરણ અનુસાર તેના ૧૬૭–૧૬૭ ભેદ થાય છે. મનુષ્યના ૯ ભેદ મુખ્ય છે. સમસ્ત સંસારી જીવોને આ બંને શરીર હોય છે. તે બંનેના સંસ્થાન તેમજ અવગાહના એક સમાન હોય છે. તે ઔદારિક, વૈક્રિય, આહારક ત્રણે શરીરોની સાથે અવશ્ય હોય છે. મારણાંતિક સમુદ્ઘાતમાં તેમજ ભવાંતરમાં જતા સમયે માર્ગમાં આ ત્રણ શરીરોના અભાવમાં સ્વતંત્ર પણ રહે છે, તેથી તેની અવગાહના બંને અપેક્ષાથી છે– (૧) ત્રણે શરીરોની અવગાહના જેટલી અવગાહના (૨) ત્રણે શરીરથી સ્વતંત્ર મારણાંતિક સમુદ્ઘાતમાં અવગાહના.

ત્રણે શરીરોની અવગાહના તેના વર્ણનમાં કહેલ અનુસાર છે. બંનેની સ્વતંત્ર અવગાહનાની લંબાઈ ચાર્ટ પ્રમાણે છે, પહોળાઈ બધાની શરીર પ્રમાણ છે.

| તૈજસ કાર્મણ શરીર | જઘન્ય ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|
| સમુચ્ચય જીવ | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ બધી દિશાઓમાં લોકાન્તથી લોકાન્ત સુધી. |
| એકેન્દ્રિય | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ બધી દિશાઓમાં લોકાન્તથી લોકાન્ત સુધી. |
| વિગલેન્દ્રિય[1] | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ તિર્ચ્છાલોકથી લોકાન્ત સુધી ચારે ય બાજુ. |
| નારકી[2] | જઘન્ય ૧૦૦૦ યો. સાધિક, ઉત્કૃષ્ટ નીચે સાતમી નરક સુધી, ઉપર પંડક વનની વાવડીઓ સુધી, તિર્ચ્છા સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા સુધી. |

| | |
|---|---|
| તિર્યંચ પંચેન્દ્રિય | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ તિર્ચ્છાલોકથી લોકાન્ત સુધી ચારે ય બાજુ. |
| મનુષ્ય | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ મનુષ્ય ક્ષેત્રથી લોકાન્ત સુધી ચારે ય બાજુ. |
| ભવનપતિથી[૩] બીજો દેવલોક | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ નીચે ત્રીજી નરકના ચરમાંત સુધી, ઉપર સિદ્ધ શિલા સુધી, તિર્ચ્છા સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા સુધી. |
| ૩ થી ૮ દેવલોક[૪] | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ નીચે મહાપાતાલ કળશના ⅔ ભાગ સુધી, ઉપર ૧૨મા દેવલોક સુધી, તિર્ચ્છા સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા સુધી. |
| ૯ થી ૧૨ દેવલોક[૫] | જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ તિર્ચ્છા મનુષ્ય ક્ષેત્ર, નીચે વપ્રા-સલિલાવતી વિજય, ઉપર ૧૨મા દેવલોક સુધી. |
| ગ્રૈવેયક અનુત્તર દેવ[૬] | જઘન્ય વિદ્યાધરની શ્રેણી સુધી, ઉત્કૃષ્ટ નીચ સલિલાવતી-વપ્રા વિજય સુધી, ઉપર પોતાના વિમાન સુધી, તિર્ચ્છા મનુષ્ય ક્ષેત્ર સુધી. |

**ટિપ્પણાંક અનુસાર સ્પષ્ટીકરણ :–**

**૧.** વિગલેન્દ્રિય તિર્ચ્છાલોકમાં રહે છે. ૧૦૦૦ યોજન ઊંડા સમુદ્રોમાં તેમજ મેઢપર્વત આદિની વાવડીઓમાં હોય છે. તિર્ચ્છા સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા સુધી હોય છે. તે સ્થાનોથી લોકાન્ત સુધી છ દિશાઓમાં બેઈન્દ્રિયાદિના તૈજસ કાર્મણ શરીરની અવગાહના મારણાંતિક સમુદ્ઘાતના સમયે હોય છે.

**૨.** પાતાલ કળશોની ભીંત ૧૦૦૦ યોજનની છે, તેની નજીક રહેલ નૈરયિક તેના અંદરમાં રહેલ પાણીમાં પંચેન્દ્રિયરૂપે ઉત્પન્ન થાય ત્યારે જઘન્ય તૈજસ કાર્મણની અવગાહના હોય છે.

**૩.** ભવનપતિ આદિની જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ અવગાહના પૃથ્વી-પાણીમાં ઉત્પન્ન થવાની અપેક્ષાએ બને છે. દેવતાઓની ઉત્કૃષ્ટ અવગાહના નીચે-ઉપર તિરછે સ્વસ્થાનથી સમજવી.

**૪.** આ દેવો પોતાના મિત્ર દેવોની સાથે ઉપર બારમાં દેવલોક સુધી જઈ શકે છે. ત્યાંથી મારણાંતિક સમુદ્ઘાત કરે તો તે અપેક્ષાથી ઉપર ૧૨મો દેવલોક કહેવામાં આવ્યો છે.

**૫.** તે દેવ મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. વપ્રા, સલિલાવતી વિજય નીચા લોકમાં છે, તેમાં મનુષ્યરૂપમાં ઉત્પન્ન થાય છે; ત્યાં સુધી મારણાંતિક સમુદ્ઘાત કરવા તે નીચેની અવગાહના હોય છે. તે દેવોની જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગની અવગાહના મનુષ્યાણીની યોનિની અતિ નજીક હોવાથી જ થઈ શકે છે. કોઈ



કારણવશ ત્યાં પ્રવેશેલ દેવનું આયુષ્ય સમાપ્ત થવાની અપેક્ષાએ સમજવું જોઈએ. ધ્યાનમાં રહે કે આ દેવોને કાય પ્રવિચારણા હોતી નથી. તેથી ક્ષેત્ર શુદ્ધિ કરવાને કારણે જ પ્રવેશવાનું સમજવું જોઈએ. તે દેવ કેવલ મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. તિર્યંચ અથવા એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી.

**૬.** ગ્રૈવેયક તેમજ અણુત્તર દેવ ઉત્તર વૈક્રિય કરતા નથી, ક્યાંય જતા નથી. તેથી તેની જઘન્ય અવગાહના પણ પોતાના સ્થાનથી જ છે. તેઓ મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. પોતાના સ્થાનથી નજીકમાં નજીક મનુષ્ય ક્ષેત્ર વિદ્યાધરોની શ્રેણી હોય છે તેથી તેને જઘન્યમાં કહેલ છે.

**શરીરમાં પુદ્ગલોનું ચયન આદિ :–** ઔદારિક આદિ પાંચે શરીરમાં પુદ્ગલોની આવશ્યકતા હોય છે. તેના નિર્માણમાં પુદ્ગલોનો 'ચય' થાય છે. વૃદ્ધિગત થવામાં પુદ્ગલોનો ઉપચય થાય છે અને ક્ષીણ થવામાં પુદ્ગલોનો અપચય થાય છે.

તે ચય, ઉપચય અને અપચય રૂપ પુદ્ગલોનું આગમન અને નિગમન છ એ દિશાઓથી થાય છે. લોકાંતમાં રહેલા જીવોની એક તરફ, બે તરફ, ત્રણ તરફ લોકાંત હોય શકે છે. અલોકમાં પુદ્ગલ નથી તેથી ત્યાંથી પુદ્ગલોનું આગમન નિગમન હોતું નથી. આ અપેક્ષાથી ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરમાં અલોકના વ્યાઘાત(ઢકાવટ)ના કારણે ક્યારેક ત્રણ ચાર અથવા પાંચ દિશાથી પુદ્ગલોનું ચય આદિ થાય છે. લોકાંતના સિવાય ક્યાંય પણ રહેતા જીવના ઔદારિક, તૈજસ, કાર્મણ શરીરમાં નિયમા છ એ દિશાઓના પુદ્ગલોનું આગમન નિગમન હોય છે.

**શરીરમાં શરીરની નિયમા ભજના :–**

| શરીર | નિયમા | ભજના | નાસ્તિ |
|---|---|---|---|
| ઔદારિકમાં | તૈજસ, કાર્મણ | વૈક્રિય, આહારક | × |
| વૈક્રિયમાં | તૈજસ, કાર્મણ | ઔદારિક | આહારક |
| આહારકમાં | ઔદારિક, તૈજસ, કાર્મણ | × | વૈક્રિય |
| તૈજસમાં | કાર્મણ | ઔદારિક, વૈક્રિય આહારક | × |
| કાર્મણમાં | તૈજસ | ઔદારિક, વૈક્રિય આહારક | × |

**અલ્પબહુત્વ :–**

**દ્રવ્યની અપેક્ષા :–** ૧ બધાથી ઓછા આહારક, ૨ વૈક્રિય અસંખ્યાતગણા, ૩ ઔદારિક અસંખ્યાતગણા, તેજસ કાર્મણ (બંને પરસ્પર સમાન) અનંતગણા.

**પ્રદેશની અપેક્ષા :–** ૧ થી ૩ ઉપર પ્રમાણે, ૪ તૈજસના પ્રદેશ અનંતગણા, ૫ કાર્મણના પ્રદેશ અનંતગણા.

**દ્રવ્ય–પ્રદેશની અપેક્ષા :–** ૧ થી ૩ ઉપર મુજબ, ૪ આહારકપ્રદેશ અનંતગણા, ૫ વૈક્રિય પ્રદેશ અસંખ્યાતગણા, ૬ ઔદારિકપ્રદેશ અસંખ્યાતગણા, ૭ તૈજસ કાર્મણ દ્રવ્ય અનંતગણા, ૮ તૈજસપ્રદેશ અનંતગણા, ૯ કાર્મણપ્રદેશ અનંતગણા.

**જઘન્ય અવગાહનાની અપેક્ષા :–** સૌથી થોડી ઔદારિકની ૨ તૈજસ કાર્મણની વિશેષાધિક, ૩ વૈક્રિયની અસંખ્યાતગણી, ૪ આહારકની અસંખ્યગણી.

**ઉત્કૃષ્ટ અવગાહનાની અપેક્ષા :–** ૧ સૌથી થોડી આહારકની(૧ હાથ) ૨ ઔદારિકની સંખ્યાતગણી(સાધિક ૧૦૦૦ યોજન) ૩ વૈક્રિયની સંખ્યાતગણી ૪ તૈજસ-કાર્મણની અસંખ્યાતગણી.

**ભેગાની અપેક્ષા :–** આહારકની જઘન્યથી આહારકની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક, બાકી ક્રમ પહેલાની જેમ.

## બાવીસમું : ક્રિયા પદ

**ક્રિયા સ્વરૂપ :–** કષાય તેમજ યોગ જન્ય પ્રવૃત્તિઓથી ક્રિયાઓ લાગે છે અને ક્રિયાઓથી કર્મોનો બંધ થાય છે. કર્મ જ સંસાર છે તેમજ સંસાર છે તો મુક્તિ નથી; આત્મસુખ, આત્મ આનંદ પણ નથી; તેથી આત્મવિકાસ માટે અવરોધક, બાધારૂપ થનારી આ ક્રિયાઓનું જ્ઞાન તેમજ ત્યાગ કરવો આવશ્યક છે. ત્યારે આત્મા મુક્ત થઈ શકે છે.

સર્વ ત્યાગી સાધુને પણ જ્યાં સુધી પ્રમાદ અને યોગ છે ત્યાં સુધી ક્રિયા લાગે છે અને જ્યાં સુધી ક્રિયા છે ત્યાં સુધી કર્મબંધ પણ થતો રહે છે.

**આગમોમાં ક્રિયાઓ :–** ક્રિયાઓના પ્રકાર વિવિધ રૂપથી આગમોમાં ઉપલબ્ધ છે. વધારેમાં વધારે ૨૫ ક્રિયાઓ ઠાણાંગ સૂત્રના પાંચમા ઠાણામાં વર્ણવેલ છે. સૂયગડાંગસૂત્રમાં અપેક્ષાથી ૧૩ ક્રિયાઓ વર્ણવેલ છે. ભગવતી સૂત્રમાં સંક્ષિપ્તી-કરણ કરીને સમસ્ત ક્રિયાઓનો બે પ્રકારમાં સમાવેશ કરી દીધો છે. જેમ કે– **૧.** સાંપરાયિક, **૨.** ઈરિયાવહિ.

પ્રસ્તુત પ્રકરણમાં ૫-૫ કરીને કુલ ૧૦ ક્રિયાઓનું વર્ણન છે. આ પાંચ ક્રિયાઓનું બીજા આગમોમાં પણ જ્યાં ત્યાં વર્ણન આવે છે તેનો સમાવેશ ઠાણાંગમાં કહેલ ૨૫માં છે.

ભગવતી સૂત્રમાં બતાવી દીધું છે કે કાયિકી આદિ પાંચ ક્રિયાઓ એવી છે કે મરણ પ્રાપ્ત જીવના શરીરથી પણ થનારી ક્રિયા તેને પરભવમાં પણ પહોંચી જાય છે. સાથે જ તેને ન લાગવાનો ઉપાય પણ એ બતાવી દીધો છે કે મરણ સમય નજીક જાણીને આ શરીરનો ત્યાગ કરી દેવો જોઈએ, તેના પરથી મમત્વ હટાવીને તેને વોસીરાવી દેવું જોઈએ.



**કાયિકી આદિ પાંચ ક્રિયાઓ :–**

**(૧) કાયિકી :–** શરીરની સૂક્ષ્મ-બાદર પ્રવૃત્તિઓથી થનારી ક્રિયા. તેના બે પ્રકાર છે, જેમ કે અનુપરત– (પ્રવૃત્તિનો અત્યાગ), દુષ્પ્રવૃત્ત.

**(૨) અધિકરણિકી :–** દૂષિત અનુષ્ઠાનથી, જીવોના શસ્ત્રભૂત અનુષ્ઠાનથી થનારી ક્રિયા. તેના બે પ્રકાર છે– **૧.** શસ્ત્રભૂત મન કે શસ્ત્રભૂત પદાર્થોના સંયોજન રૂપ, **૨.** શસ્ત્ર ભૂત મન અથવા પદાર્થોની નિષ્પત્તિરૂપ.

**(૩) પ્રદ્વેષિકી :–** અકુશલ પરિણામથી થનારી ક્રિયા. તેના ત્રણ પ્રકાર છે– **૧.** પોતાના પર, **૨.** બીજાપર, **૩.** બંને ઉપર. (અશુભ વિચારો કરવા).

**(૪) પરિતાપનિકી :–** કષ્ટ પહોંચાડવા, અશાતા ઉત્પન્ન કરવાથી થનારી ક્રિયા તે પણ સ્વપરની અપેક્ષાથી ત્રણ પ્રકારની હોય છે.

**(૫) પ્રાણાતિપાતિકી :–** કષ્ટ પહોંચાડવાની સીમાનું અતિક્રમણ થઈને જીવોના પ્રાણોનો નાશ થઈ જવાથી અર્થાત્ તેનું મૃત્યુ થઈ જવાથી લાગનારી ક્રિયા. તે પણ સ્વ, પર, ઉભયની અપેક્ષાએ ત્રણ પ્રકારની છે.

**ક્રિયાઓ પર અનુપ્રેક્ષા :–** પ્રથમની ત્રણ ક્રિયાઓ સ્વરૂપમાં એટલી સૂક્ષ્મતમ છે કે સંસારના સમસ્ત જીવોને પ્રતિસમય નિરંતર લાગતી રહે છે. અપ્રમત્ત અવસ્થા પછી દશમાં ગુણસ્થાન સુધી આ ત્રણે ક્રિયાઓનું અસ્તિત્વ માનવામાં આવ્યું છે.

પાછલી બે ક્રિયાઓ તદર્થક પ્રવૃત્તિ થવા પર અથવા કરવા પર જ લાગે છે. અન્ય સમયમાં અથવા અન્ય જીવોથી બંને ક્રિયાઓ લાગતી નથી.

પોતાને મારવા પીટવા અથવા શસ્ત્ર પ્રહાર આદિ કરવાથી પોતાના નિમિત્તે પરિતાપનિકી ક્રિયા લાગે છે. તેમજ આત્મઘાત કરવાથી સ્વનિમિત્તક પ્રાણાતિ-પાતિકી ક્રિયા લાગે છે. પાછલી બંને ક્રિયાઓ છદ્મસ્થોને આભોગ(મનસહિત) તેમજ અનાભોગ(વિના મને) બંને પ્રકારે લાગી જાય છે અર્થાત્ સંકલ્પ વિના કોઈ જીવને કષ્ટ થઈ જાય અથવા તે મરી જાય તો પણ ચોથી પાંચમી ક્રિયા લાગે છે.

વીતરાગ અવસ્થામાં આ પાંચ ક્રિયાઓનો નિષેધ છે. ત્યાં માત્ર એક ઈરિયાવહિ ક્રિયા જ કહી છે. જેને પ્રથમ કાયિકી ક્રિયામાં એક અપેક્ષાથી લક્ષિત કરવામાં આવે છે કારણ કે ઈરિયાવહિ ક્રિયા પણ કાયાની સૂક્ષ્મ બાદર પ્રવૃત્તિઓથી જ સંબંધિત છે. તો પણ તેનો અલગાવ એટલા માટે આવશ્યક છે કે ઈરિયાવહિ ક્રિયામાં કાયિકીક્રિયાની સમાન અનુપરત અને દુષ્પ્રવૃત્ત આ બે વિભાગ થઈ શકતા નથી. આ બંનેથી સ્વતંત્ર જ અવસ્થા ઈરિયાવહિ ક્રિયાની વીતરાગ આત્માઓને હોય છે.

વીતરાગ છદ્મસ્થ આત્માઓને પંચેન્દ્રિય પ્રાણી પગની નીચે એકાએક દબાઈ જાય તો પણ પરિતાપનિકી અથવા પ્રાણાતિપાતિકી ક્રિયા લાગતી નથી,

કેવલ ઈરિયાવહિ ક્રિયા જ લાગે છે. તેમજ પરિતાપ અથવા હિંસા જન્ય કર્મબંધ પણ ન થતાં કેવલ ઈરિયાવહિ ક્રિયા નિમિત્તક અતિઅલ્પ બે સમયનો શાતાવેદનીય કર્મનો બંધ થાય છે.

**ક્રિયા નિમિત્તક પાપ અને તેનો વિષય :–**

પાપ અઢાર છે જેમ કે ૧ પ્રાણાતિપાત યાવત્ ૧૮ મિથ્યાદર્શન શલ્ય.

છ જીવનિકાય અર્થાત્ છ કાયાના જીવ પ્રાણાતિપાતનો વિષય છે. ગ્રહણ ધારણ યોગ્ય પદાર્થ અદત્તાદાનના વિષયરૂપ છે. રૂપ અને રૂપ સહગત પદાર્થ મૈથુન–કુશીલના વિષયભૂત છે. અર્થાત્ મૈથુન ક્રિયાને કારણભૂત અધ્યવસાય ચિત્ર, કાષ્ઠ, મૂર્તિ, પૂતળા આદિ રૂપોમાં અથવા સાક્ષાત સ્ત્રી આદિના વિષયમાં હોય છે. બાકી ૧૫ પાપ સર્વ દ્રવ્ય (૬ દ્રવ્ય)નો વિષય કરે છે.

**૨૪ દંડકમાં ક્રિયા :–** આ અઢાર પાપસ્થાનોથી ૨૪ દંડકના જીવોને ક્રિયાઓ લાગે છે. અહીંયા ભલામણ પાઠ છે જેથી એકેન્દ્રિય આદિમાં પણ ૧૮ પાપ ગણ્યા છે. તે અવ્યક્ત ભાવની અપેક્ષા તેમજ અવિરતભાવની અપેક્ષા સમજી શકાય છે. વ્યક્તભાવની અપેક્ષા તો જેને મન તેમજ વચનનો યોગ નથી, ચક્ષુ તેમજ ચક્ષુનો વિષય નથી તેના મૃષાવાદ મૈથુન આદિ પાપ દષ્ટિગોચર થતા નથી.

**સક્રિય અક્રિય :–** જીવ અને મનુષ્ય સક્રિય પણ હોય છે અને અક્રિય પણ હોય છે. બાકી ૨૩ દંડકના જીવ સક્રિય જ હોય છે, અક્રિય હોતા નથી. જીવ પણ મનુષ્યની અપેક્ષા અને મનુષ્ય પણ ૧૪માં ગુણસ્થાનની અપેક્ષા અક્રિય હોય છે. સિદ્ધ બધા અક્રિય છે.

**કાયિકી આદિ ક્રિયા ૨૪ દંડકમાં :–** ચોવીસે દંડકમાં કાયિકી આદિ પાંચે ક્રિયાઓ હોય છે. એક જીવમાં એક સમયમાં ક્યારેક ત્રણ, ક્યારેક ચાર તેમજ ક્યારેક પાંચ ક્રિયા હોય છે. મનુષ્યમાં ક્યારેક ત્રણ, ક્યારેક ચાર, ક્યારેક પાંચ તેમજ ક્યારેક અક્રિય પણ હોય છે.

નારકી, દેવતાથી કોઈને પણ પ્રાણાતિપાતિકી ક્રિયા લાગતી નથી, તેથી તેની અપેક્ષા ત્રેવીસ દંડકના જીવોને ક્યારેક ત્રણ ક્રિયા અને ક્યારેક ચાર ક્રિયા લાગે છે. મનુષ્યમાં ક્યારેક ત્રણ ક્રિયા, ક્યારેક ચાર ક્રિયા લાગે છે તેમજ ક્યારેક અક્રિય પણ હોય છે.

ઔદારિકના દશ દંડકોની અપેક્ષા ૨૩ દંડકના જીવોને ક્યારેક ત્રણ,ક્યારેક ચાર ક્રિયા, ક્યારેક પાંચ ક્રિયા લાગે છે. મનુષ્યમાં અક્રિયનો વિકલ્પ અધિક છે. એક જીવને એક જીવની અપેક્ષા, એક જીવને અનેક જીવની અપેક્ષા, અનેક જીવને એક જીવની અપેક્ષા અને અનેક જીવને અનેક જીવની અપેક્ષા પણ ૩-૪-૫ ક્રિયાનું કથન સમજી લેવું. ચોથા વિકલ્પમાં ક્યારેક ત્રણ, ક્યારેક ચાર એવું ન કહેતાં ત્રણ પણ, ચાર પણ, એવું કથન કરવું જોઈએ.



**ક્રિયામાં ક્રિયાની નિયમા ભજના :–**

| ક્રમ | ક્રિયા | નિયમા | ભજના |
|---|---|---|---|
| ૧ | કાયિકી | બીજી, ત્રીજી | ચોથી, પાંચમી |
| ૨ | અધિકરણિકી | પહેલી, ત્રીજી | ચોથી, પાંચમી |
| ૩ | પ્રાદ્વેષિકી | પહેલી, બીજી | ચોથી, પાંચમી |
| ૪ | પરિતાપનિકી | પ્રથમ ત્રણ | પાંચમી |
| ૫ | પ્રાણાતિપાતિકી | પ્રથમ ચારે | – |
| ૬ | અક્રિયા | નહીં | નહીં |

આ ક્રિયાઓની નિયમા ભજનાથી સંબંધિત સંપૂર્ણ જીવોના ચાર વિભાગ થાય છે. ક્રમશઃ ૧ ત્રણ ક્રિયાવાળા, ૨ ક્રમથી ચાર ક્રિયાવાળા, ૩ પાંચેય ક્રિયા-વાળા, ૪ પાંચેય ક્રિયા રહિત.

૧ જે જીવને ૨ જે સમયમાં ૩ જે દેશમાં તેમજ ૪ જે પ્રદેશમાં આ ચારે અપેક્ષાથી પણ આ પાંચે ક્રિયાઓમાં કહેલ પ્રકારથી નિયમા ભજના હોય છે.

**આયોજિત :–** આ પાંચ ક્રિયાઓને આયોજિત ક્રિયા પણ કહેવાય છે અર્થાત્ જીવોને સંસારમાં જોડવાવાળી આ ક્રિયાઓ છે.

**ક્રિયા અને કર્મ બંધ :–** દરેક જીવ પ્રાણાતિપાત આદિ પાપ ક્રિયા કરતો થકો સાત અથવા આઠ કર્મોનો બંધ કરે છે.

**તે અનેક જીવોની અપેક્ષા ત્રણ ભંગ :–** ૧ બધા સાત કર્મબાંધનારા, ૨ સાત કર્મ બાંધનારા વધારે અને આઠ કર્મ બાંધનારો એક, ૩ સાત કર્મ બાંધનારા પણ વધારે અને આઠ કર્મ બાંધનારા પણ વધારે.

આયુષ્ય કર્મ જીવ એક ભવમાં એકવાર બાંધે છે, બાકી સાત કર્મ હંમેશાં બાંધતો રહે છે, માટે ઉપર કહેલ વિકલ્પ બને છે.

દંડકની અપેક્ષાએ ૧૯ દંડકમાં ત્રણ વિકલ્પ થાય છે. સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયમાં ત્રણ વિકલ્પ હોતા નથી, કારણ કે તેમાં જીવોની સંખ્યા અધિક હોવાથી આયુષ્યના બંધક હંમેશા મળે છે.

અઢાર પાપ સેવનથી જ્ઞાનાવરણીય આદિ બંધ કરતા થકા જીવોને કાયિકી આદિ ક્રિયાઓ ૩-૪ અથવા ૫ હોય છે, અક્રિય હોતા નથી.

અઢાર પાપથી વિરત જીવને જ્ઞાનાવરણીય આદિ સાત કર્મ બંધ કરતા થકા ૩-૪ અથવા ૫ ક્રિયા લાગે છે અને વેદનીય કર્મ બાંધતા ૩-૪-૫ ક્રિયા લાગે છે અથવા અક્રિય હોય છે.

**આરંભિકી આદિ પાંચ ક્રિયાઓ :–** પાંચ ક્રિયાઓ આ પ્રમાણે છે જેમ કે– ૧

આરંભિકી, ૨ પરિગ્રહિકી, ૩ માયાપ્રત્યયિકી, ૪ અપ્રત્યાખ્યાન પ્રત્યયિકી ૫ મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા.

**(૧) આરંભિકી :–** જીવ હિંસાનો સંકલ્પ તેમજ પ્રયત્ન–પ્રવૃત્તિથી તથા અહિંસામાં અનુદ્યમ અનુપયોગથી આ ક્રિયા લાગે છે. સંસારી જીવોને તેમજ પ્રમત્તસંયત સુધીના મનુષ્યોને આ ક્રિયા લાગે છે. અપ્રમત્ત સંયતને આ ક્રિયા લાગતી નથી.

**(૨) પરિગ્રહિકી :–** પદાર્થોમાં મમત્વ મૂર્ચ્છાભાવ હોય, તેને ગ્રહણ ધારણમાં આસક્ત ભાવ હોય તો આ ક્રિયા લાગે છે અથવા ધાર્મિક આવશ્યક ઉપકરણો સિવાય પદાર્થનો સંગ્રહ કરનારા તેમજ ગામો, ઘરો અને ભક્તો અથવા શિષ્યોમાં મમત્વ ભાવ, મારાપણાની આસક્તિના પરિણામ રાખનારાને પરિગ્રહિકી ક્રિયા લાગે છે. પ્રથમ ગુણસ્થાનથી પાંચમાં દેશવિરત ગુણસ્થાન સુધી જ આ ક્રિયા લાગે છે. ગુણસ્થાનની અપેક્ષાએ છટ્ઠા ગુણસ્થાનમાં આ ક્રિયા નથી લાગતી.

**(૩) માયા પ્રત્યયિકી :–** સૂક્ષ્મ અથવા સ્થૂલ કષાયના અસ્તિત્વ–સદ્ભાવમાં આ ક્રિયા લાગે છે. પહેલા ગુણસ્થાનથી દશમા ગુણસ્થાન સુધી આ ક્રિયા લાગે છે. માયા શબ્દથી ચારે કષાયોનું ગ્રહણ સમજી લેવું.

**(૪) અપ્રત્યાખ્યાન પ્રત્યયિકી ક્રિયા :–** પ્રત્યાખ્યાન ન કરનારા બધા અવિરત જીવોને આ ક્રિયા લાગે છે, અપ્રત્યાખ્યાન જ તેનું નિમિત્ત કારણ છે. પહેલા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાન સુધી આ ક્રિયા લાગે છે. દેશવિરતમાં આ ક્રિયા લાગતી નથી.

**(૫) મિથ્યાદર્શન પ્રત્યયિકી :–** પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી મિથ્યાદષ્ટિ જીવોને આ ક્રિયા લાગે છે. તેનું મિથ્યાત્વ કે અસમ્યકત્વ જ આ ક્રિયાનું કારણ છે. સંજ્ઞી જીવોની અપેક્ષાએ મિથ્યા સમજ, માન્યતા, વિપરીત તત્ત્વોની શ્રદ્ધા, તેનું કારણ હોય છે. જિને✓રોએ કહેલા તત્ત્વોમાં અશ્રદ્ધાન પણ આ ક્રિયાનું કારણ હોય છે. મિશ્ર દષ્ટિને પણ આ ક્રિયા લાગે છે.

## ચોવીસ દંડકમાં આરંભિકી આદિ ક્રિયા :–

બધા દંડકોમાં ઉપર કહેલ પાંચે ક્રિયાઓ હોય છે.

**નિયમા ભજનાની અપેક્ષા :–** નારકી દેવતાઓમાં પહેલી ચાર ક્રિયા નિયમા હોય છે. પાંચમી મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા મિથ્યાદષ્ટિને હોય છે અને સમ્યગ્દષ્ટિને હોતી નથી.

પાંચ સ્થાવર ત્રણ વિકલેન્દ્રિયમાં પાંચે ય ક્રિયા નિયમા હોય છે.

તિર્યંચ પંચેન્દ્રિયમાં પહેલી ત્રણ ક્રિયા નિયમા હોય છે, ચોથી પાંચમી ક્રિયા ભજનાથી હોય છે. અર્થાત્ સમ્યગ્દષ્ટિ જીવોને પાંચમી ક્રિયા નથી હોતી ચાર



નિયમા હોય છે. દેશ વિરતિ શ્રાવકને અથવા કોઈ પણ વ્રત પ્રત્યાખ્યાન કરનારાને ચોથી, પાંચમી ક્રિયા હોતી નથી, ત્રણ ક્રિયા જ હોય છે.

મનુષ્ય અને સમુચ્ચય જીવમાં પાંચે ક્રિયા ભજનાથી હોય છે. અર્થાત્ ૧–૨–૩–૪ યા –૫ અથવા અક્રિય પણ હોય છે.

## ક્રિયામાં ક્રિયાની નિયમા ભજના :–

| ક્રમ | ક્રિયા | નિયમા | ભજના |
|---|---|---|---|
| ૧ | આરંભિકી | ત્રીજી | બીજી, ચોથી, પાંચમી |
| ૨ | પરિગ્રહિકી | પહેલી, ત્રીજી | ચોથી, પાંચમી |
| ૩ | માયાપ્રત્યયિકી | × | ચારે |
| ૪ | અપ્રત્યાખ્યાન | પહેલી, બીજી, ત્રીજી | પાંચમી |
| ૫ | મિથ્યાદર્શન | ચારે | × |
| ૬ | અક્રિયા | નહીં | નહીં |

## પાપ સ્થાનોની વિરતિ તેમજ કર્મબંધ :–

**વિરતિ :–** છ(ષડ) જીવનીકાય આદિ જે દ્રવ્યોમાં પાપ કરાય છે, પાપની વિરતિ પણ તેની જ અપેક્ષાએ હોય છે. અર્થાત્ ૧૫ પાપની વિરતિ સર્વ દ્રવ્યોની અપેક્ષાએ હોય છે અને હિંસા, અદત્ત, મૈથુન આ ત્રણની વિરતિ ક્રમશઃ છ કાયા, ગ્રહણ-ધારણ યોગ્ય પદાર્થ તેમજ રૂપ અને રૂપસહગત પદાર્થોની અપેક્ષાએ હોય છે.

અહીં વિરતિ ભાવ સર્વ વિરતિની અપેક્ષાએ છે, તેથી મનુષ્ય સિવાય ૨૩ દંડકમાં ૧૭ પાપથી વિરતિ હોતી નથી. ૧૮માં મિથ્યાત્વ પાપથી વિરતિ પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિયમાં નથી, શેષ ૧૬ દંડકમાં છે અર્થાત્ નારકી, દેવતા, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં મિથ્યાત્વથી વિરતિ સમ્યગ્દષ્ટિ જીવોની હોય છે. ૧૭ પાપથી વિરતિ સંયત મનુષ્યને જ હોય છે.

**કર્મબંધ :–** મિથ્યાદર્શનથી વિરત ત્રેવીસ દંડકના જીવ કોઈ આઠ કર્મ બાંધનારા હોય છે અને કોઈ સાત કર્મ બાંધનારા હોય છે.

**૧૮ પાપના ત્યાગવાળા મનુષ્ય :–** (૧) સાત કર્મ બાંધનારા, (૨) આઠ કર્મ બાંધનારા, (૩) છ કર્મ બાંધનારા, (૪) એક કર્મ બાંધનારા અને (૫) અબંધક પણ હોય છે.

સાત કર્મબંધક–આયુષ્ય કર્મ નથી બાંધતા, આઠ કર્મબંધક–બધા કર્મ બાંધે છે. છ કર્મબંધક–આયુષ્ય અને મોહકર્મ નથી બાંધતા(દસમું ગુણસ્થાન), એક કર્મબંધક–વેદનીય કર્મ બાંધે છે(૧૧-૧૨-૧૩મું ગુણસ્થાન), અબંધક– કોઈ પણ કર્મ બાંધતા નથી (૧૪મું ગુણસ્થાન).

**૨૭ ભંગ :–** એમાં સાતના બંધક અને એકના બંધક બે બોલ શા✓ત છે, બાકી ત્રણ અશા✓ત છે, અર્થાત્ ક્યારેક હોય છે, ક્યારેક નથી હોતા. (૧) બંને શા✓તનો એક ભંગ. (૨) ત્રણ અશા✓તના એક અને અનેકની અપેક્ષા અસંયોગી ૬ ભંગ. (૩) ત્રણ અશા✓તના ત્રણ દ્વિકની ત્રણ ચૌભંગી થવાથી દ્વિસંયોગી ૧૨ ભંગ. (૪) ત્રણ અશા✓તની એક ત્રિકના ત્રણ સંયોગી આઠ ભંગ.

આ રીતે કુલ (૧+૬+૧૨+૮) = ૨૭ ભંગ થાય છે.[ભંગ વિધિ ૧૬માં પદમાં સમજાવેલ છે.]

**પાપ સ્થાનોથી વિરતિ તેમજ ક્રિયા :–**

૧૭ પાપની વિરતિમાં જીવ અને મનુષ્યમાં આરંભિકી તેમજ માયાપ્રત્યયિકી આ બે ક્રિયાની ભજના, પરિગ્રહિકી આદિ ત્રણ ક્રિયા હોતી નથી.

૧૮મા મિથ્યાત્વ પાપથી વિરતિમાં જીવ મનુષ્યમાં ચાર ક્રિયાની ભજના તેમજ મિથ્વાત્વની ક્રિયા હોતી નથી. બાકી ૧૫ દંડકના જીવોમાં ૪ ક્રિયાની નિયમા હોય છે, મિથ્યાત્વની ક્રિયા હોતી નથી. આઠ દંડકમાં એક પણ પાપની વિરતિ હોતી નથી.

**અલ્પબહુત્વ :– ૧.** બધાથી થોડા મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયાવાળા, **૨.** તેનાથી અપ્રત્યાખ્યાન ક્રિયાવાળા વિશેષાધિક, **૩.** તેનાથી પરિગ્રહિકી ક્રિયાવાળા વિશેષાધિક, **૪.** તેનાથી આરંભિકી ક્રિયાવાળા વિશેષાધિક, **૫.** તેનાથી માયાપ્રત્યયિકી ક્રિયાવાળા વિશેષાધિક.

## ત્રેવીસમું : કર્મ પ્રકૃતિ પદ

### પ્રથમ ઉદ્દેશક

મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ, કષાય અને યોગ, આ પાંચમાંથી કોઈ પણ નિમિત્તથી આત્મામાં જે અચેતન દ્રવ્ય આવે છે, તે કર્મ દ્રવ્ય છે. રાગદ્વેષના સંયોગીથી તે આત્માની સાથે બંધાય જાય છે. સમય પાકતા તે કર્મ પોતાના સ્વભાવ અનુસાર ફળ આપે છે.

રાગદ્વેષ જનિત માનસિક પ્રવૃત્તિ અનુસાર ક્રોધાદિ કષાય વશ શારીરિક વાચિક ક્રિયા થાય છે, તે દ્રવ્ય કર્મોપાર્જનનું કારણ બને છે. વસ્તુતઃ કષાય પ્રેરિત અથવા કષાય રહિત મન વચન કાયાની પ્રવૃત્તિથી જ આત્મામાં કર્મોનું આગમન થાય છે. તે કર્મ પરમાણુનો ચાર પ્રકારે બંધ થાય છે.

**(૧) પ્રકૃતિબંધ :–** આત્માના જ્ઞાન આદિ ગુણોને ઢાંકવારૂપ અથવા સુખદુઃખ દેવા રૂપ મુખ્ય આઠ પ્રકારના સ્વભાવોનો બંધ 'પ્રકૃતિ બંધ' કહેવાય છે.



**(૨) સ્થિતિબંધ :–** કર્મોના વિપાકની–ફળ દેવાની અવધિનો નિશ્ચય કરવો, બંધ કરવો 'સ્થિતિબંધ' કહેવાય છે.

**(૩) અનુભાગબંધ :–** કર્મરૂપમાં ગ્રહણ કરેલા પુદ્ગલોની ફળ દેવાની શક્તિનું તીવ્ર મંદ થવું 'અનુભાગ બંધ' કહેવાય છે.

**(૪) પ્રદેશબંધ :–** અલગ અલગ સ્વભાવવાળા કર્મપ્રદેશોની સંખ્યાનું નિર્ધારણ થવું આત્માની સાથે બંધ થવો 'પ્રદેશબંધ' કહેવાય છે.

**આઠકર્મ પ્રકૃતિ :–** કર્મોના સ્વભાવથી જ તેનુ વિભાજન વર્ગીકરણ કરવામાં આવે છે. તેથી પ્રકૃતિની અપેક્ષાએ કર્મોના મુખ્ય આઠ પ્રકાર છે અર્થાત્ કર્મોની મૂળ પ્રકૃતિ આઠ છે. જેમ કે–

**(૧) જ્ઞાનાવરણીય :–** આત્માના જ્ઞાનગુણને ઢાંકનારા.

**(૨) દર્શનાવરણીય :–** દર્શનગુણ તેમજ જાગૃતિને રોકનારા.

**(૩) વેદનીય :–** સુખદુઃખની વિભિન્ન અવસ્થાને આપનારા.

**(૪) મોહનીય :–** આત્માને મોહ બુદ્ધિ બનાવીને કુશ્રદ્ધા, કુમાન્યતા અસદાચરણોમાં કષાયોમાં તેમજ વિકારોમાં પલટાવનારા.

**(૫) આયુષ્ય :–** કોઈ ને કોઈ સાંસારિક ગતિમાં ભવસ્થિતિ સુધી જબરદસ્તીથી રોકી રાખનારા.

**(૬) નામકર્મ :–** દૈહિક વિચિત્ર અવસ્થાઓને પ્રાપ્ત કરાવનારા. સુંદર-ખરાબ, શક્તિસંપન્ન-નિર્બળ શરીરોને તેમજ વિભિન્ન સંયોગોને પ્રાપ્ત કરાવનારા.

**(૭) ગોત્રકર્મ :–** ઊંચ-નીચ જાતિ કુલ તેમજ હીનાધિક બલ, રૂપ આદિ પ્રાપ્ત કરાવનારા.

**(૮) અંતરાય :–** દાન, લાભ, ભોગ, ઉપભોગ આદિમાં બાધક અવસ્થાઓને ઉત્પન્ન કરવનારા.

**કર્મબંધ પરંપરા તેમજ મુક્તિ :–** એક કર્મના ઉદયથી બીજા કર્મનો ઉદય પ્રાપ્ત થતો રહે છે. કર્મોના ઉદયથી જીવની મતિ અને પરિણતી તેવી થતી રહે છે. અર્થાત્ કર્મનો ઉદય અન્ય ઉદયને પ્રેરિત કરે છે અને ઉદયથી આત્માની પરિણતિ પ્રભાવિત થાય છે. પરિણતિની તારતમ્યતાથી ફરી નવા કર્મોનો બંધ થતો રહે છે આ પ્રકારે આઠે પ્રકારના કર્મ બંધનથી અને ઉદયથી આ સંસાર ચક્ર ચાલતું રહે છે.

જો આત્મા પોતાની વિશિષ્ટજ્ઞાન-વિવેક શક્તિથી સશક્ત બની જાય તો તે કર્મોદય પ્રેરિત બુદ્ધિ તેમજ તેવી પરિણતિવાળો ન થતા સજાગ રહે છે તેમજ પૂર્ણ વિવેક સાથે કર્મ બંધન પરંપરાને અવરુદ્ધ કરવામાં સફલ થઈ જાય છે. ત્યારે ક્રમથી કર્મોથી મુક્ત બનતો જાય છે. નવા કર્મબંધ ઓછા થાય છે. તેનું ફળ પણ

ઓછું થઈ જાય છે તેથી એક દિવસ કર્મોનો પ્રભાવ પૂર્ણરૂપથી ધ્વસ્ત-નષ્ટ થઈ જાય છે અને આત્મા સદાને માટે કર્મોથી તેમજ કર્મબંધ અને તેના ફળ ભોગવવાથી દૂર થઈ જાય છે અર્થાત્ પૂર્ણરૂપે મુક્ત થઈ જાય છે. તે શા✓ત સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરી લે છે.

**કર્મોનું વેદન તેમજ કર્મફળના પ્રકાર :–** ૨૪ દંડકના સમસ્ત જીવ જ્ઞાનાવરણીય આદિ આઠે ય કર્મોનું વેદન કરે છે. તે કર્મ સ્વયં જીવના દ્વારા બાંધેલા અને સંચિત કરેલા હોય છે અને તે સ્વતઃ વિપાકને–ઉદયને પ્રાપ્ત થાય છે. આ રીતે તે કર્મ જીવથી જ કૃત, નિવર્તિત તેમજ પરિણામિત હોય છે, સ્વતઃ ઉદીરિત હોય છે અથવા પરથી પણ ઉદીરિત હોય છે, તેમજ તેને યોગ્ય ગતિ, સ્થિતિ, ભવને પ્રાપ્ત થઈને તે કર્મ પોતાના વિશિષ્ટ ફળને પ્રગટ કરે છે. જેમ કે– નરક ગતિને પ્રાપ્ત થતાં વિશિષ્ટ અશાતા વેદનીય, મનુષ્ય-તિર્યંચ ભવમાં વિશિષ્ટ નિદ્રા, દેવભવમાં વિશિષ્ટ સુખ આદિ અનુભવ કરાવે છે. આઠે કર્મોના વિપાકના અનેક પ્રકાર છે જેમકે–

**૧. જ્ઞાનાવરણીય કર્મના ૧૦ પ્રકારના વિપાક :–** જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ તેમજ કેવલ આ પાંચે પ્રકારના જ્ઞાનનું આવરણ હોય છે. પ્રસ્તુતમાં જ્ઞાનાવરણીયના વિપાક દર્શાવતાં મતિજ્ઞાનવરણીયના પરિણામ રૂપ ૧૦ પ્રકાર કહ્યા છે. જે પાંચ ઈન્દ્રિયોથી સંબંધિત છે.

જોકે દ્રવ્યેન્દ્રિયો નામ કર્મથી સંબંધિત છે તો પણ ભાવેન્દ્રિયનો સંબંધ જ્ઞાનાવરણીયથી છે. ઉપકરણરૂપ જે બાહ્ય આભ્યંતર શ્રોતેન્દ્રિય(કાન) છે તે નામ કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. તેમજ તેની લબ્ધિ અને ઉપયોગ ભાવેન્દ્રિય છે, તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. તેનું (ભાવેન્દ્રિયનું) આવરણ થવું તે જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી થાય છે. તેના ક્ષયોપશમની પ્રાપ્તિ તે "લબ્ધિ' રૂપ છે અને તેનાથી પ્રાપ્ત વિષયમાં ઉપયુક્ત થવું, તે વિષયને સારી રીતે ગ્રહણ કરવું, સમજવું તે 'ઉપયોગ' રૂપ છે.

(૧થી૫) પાંચ ઈન્દ્રિયોના ક્ષયોપશમને આવરિત(બાધિત) કરવું. (૬થી૧૦) પાંચ ઈન્દ્રિયોના ઉપયોગને અર્થાત્ તેનાથી થનારા જ્ઞાનને બાધિત કરવું. આ દશ પ્રકારનો વિપાક જ્ઞાનાવરણીય કર્મના ઉદયનો બતાવી દીધેલ છે. આ કર્મના ઉદયથી જીવ જાણવા યોગ્યને પણ જાણી શકતો નથી, જાણવાની ઈચ્છા હોવા છતાં પણ જાણી શકતો નથી અને જાણીને પણ ફરી જાણી શકતો નથી અર્થાત્ ઉપયોગ કરી શકતો નથી. તેનું પૂર્વનું તે જ્ઞાન નાશ થઈ જાય છે.

**૨. દર્શનાવરણીય કર્મના ૯ પ્રકારના વિપાક :–** (૧ થી ૪) ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ આ ચાર દર્શનને બાધિત કરવા. (૫) નિદ્રા–સામાન્ય સ્વાભાવિક નીંદર આવવી (૬) નિદ્રા-નિદ્રા-પ્રગાઢ નિદ્રા આવવી (૭) પ્રચલા–બેઠા-બેઠા નીંદર આવવી (૮) પ્રચલા-પ્રચલા– ચાલતાં-ચાલતાં નીંદર આવવી (૯) સ્ત્યાનર્દ્ધિ



નિદ્રા–મહાનિદ્રા આવવી. દિવસમાં વિચારેલા કે ચિંતવેલા અસાધારણ કાર્ય રાતમાં ઉઠીને જે નિદ્રામાં જ કરી લે તેમજ ફરીને તે વ્યક્તિ સૂઈ જાય છે. આ નવ પ્રકારના દર્શનાવરણીય કર્મના ઉદય જન્ય વિપાક છે. આ કર્મના ઉદયથી જીવ જોવા યોગ્ય પદાર્થોને જોઈ શકતો નથી. જોવા ઈચ્છે તો પણ જોઈ શકતો નથી અને જોઈને પણ પછી નથી જોતો એટલે કે ભૂલી જાય છે.

**૩. વેદનીય કર્મના ૧૬ પ્રકારના વિપાક :– (૧)** શાતાવેદનીય– (૧થી૫) મનોજ્ઞ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શના પદાર્થોનો સંયોગ મળવો, (૬) મનથી પ્રસન્ન રહેવાનો સંયોગ થવો, (૭) બોલવાની હેરાનગતિથી રહિત સંયોગ થવો અર્થાત્ બોલવામાં પણ આનંદ શાંતિનો સંયોગ થવો, (૮) શરીરના સુખ અથવા સેવાનો સંયોગ પ્રાપ્ત થવો. **(૨)** અશાતાવેદનીય– ઉપર કહેલા આઠેયનું વિપરીત પ્રાપ્ત થવું.

**૪. મોહનીય કર્મના ૫ પ્રકારના વિપાક :– (૧)** મિથ્યાત્વ– મિથ્યાબુદ્ધિ થવી, વિપરીત શ્રદ્ધા માન્યતા થવી.**(૨)** મિશ્ર– મિશ્રબુદ્ધિ, મિશ્રશ્રદ્ધા માન્યતા થવી. **(૩)** સમ્યકત્વ મોહનીય– ક્ષાયિક સમકિત પ્રાપ્તિમાં બાધક થવું. **(૪)** કષાય– ૧૬ પ્રકારના કષાય ભાવોમાં પરિણામોમાં જોડાવું. **(૫)** નોકષાય– વેદ, હાસ્ય, ભય આદિ ૯ પ્રકારની વિકૃત અવસ્થાઓમાં જોડાવું. આ પ્રકારે મુખ્ય પાંચ પ્રકારના મોહકર્મનો વિપાક હોય છે.

**૫. આયુષ્ય કર્મના ૪ પ્રકારના વિપાક :–** (૧) નરકાયુ, (૨) તિર્યંચાયુ, (૩) મનુષ્યાયુ, (૪) દેવાયુ રૂપથી આયુષ્યકર્મના ચાર પ્રકારના પરિણામ છે.

**૬. નામકર્મના ૨૮ પ્રકારના વિપાક :– (૧)** શુભનામ– (૧થી૫) પોતાના શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શનું ઈષ્ટ હોવું. આ પ્રકારે (૬) પોતાની ગતિ (ચાલ), (૭) સ્થિતિ(અવસ્થાન), (૮) લાવણ્ય, (૯) યશ, (૧૦) ઉત્થાન કર્મ, બલ, વીર્ય, પુઢષાકાર-પરાક્રમ આદિ મન પસંદ થવું, (૧૧થી૧૪) ઈષ્ટ, કાંત, પ્રિય તેમજ મનોજ્ઞ સ્વર હોવો. **(૨)** અશુભનામ– ઉપર કહેલ ૧૪નું વિપરીત પ્રાપ્ત થવું.

**૭. ગોત્રકર્મના ૧૬ પ્રકારના વિપાક :– (૧)** ઊંચગોત્ર– (૧) જાતિ, (૨) કુલ, (૩) બલ, (૪) રૂપ, (૫) તપ, (૬) શ્રુત, (૭) લાભ, (૮) ઐ✓ર્ય, આ આઠનું શ્રેષ્ઠ-શ્રેષ્ઠતમ મળવું. **(૨)** નીચગોત્ર– ઉપરના કહેલ આઠની હલકાપણાની ઉપલબ્ધિ(પ્રાપ્તિ) થવી.

**૮. અંતરાય કર્મના ૫ પ્રકારના વિપાક :–** (૧) દાન, (૨) લાભ, (૩) ભોગ, (૪) ઉપભોગ, (૫) વીર્ય-પુઢષાર્થમાં બાધા ઉત્પન્ન થવી, વિઘ્ન થવા અથવા સંયોગ ન થવો. ઈચ્છા હોવા છતાં અથવા સંયોગ મળવા છતાં પણ ન કરી શકે, તે અંતરાય કર્મનો વિપાક–ફળ છે.

**વિશેષ જ્ઞાતવ્ય :–**

**(૧)** મદિરા આદિ સેવનથી જ્ઞાનનો લોપ થવો, બ્રાહ્મી સેવનથી બુદ્ધિ કે સ્મરણ શક્તિ વિકસિત થવી, ખાદ્ય પદાર્થોથી નિદ્રા-અનિદ્રા, રોગ, નિરોગ થવા; ઔષધ, અને ચશ્માના પ્રયોગથી દષ્ટિનું તેજ થવું વગેરે પુદ્‌ગલજન્ય પર નિમિત્ત કર્મવિપાક પણ હોય છે. તેમજ સ્વતઃ અવધિ આદિ જ્ઞાનનું ઉત્પન્ન ન થવું, સ્વતઃ રોગ આવી જવો વગેરે **પોતાનો કર્મ વિપાક** છે.

**(૨)** બેઇન્દ્રિય જીવોને કાન, નાક, આંખનો લબ્ધિ ઉપયોગનો અભાવ હોય છે. આ પ્રકારે તેઇન્દ્રિય આદિનું પણ સમજી લેવું. કોઢ રોગથી ઘેરાયેલ શરીર અથવા લકવાથી(પક્ષાઘાત)થી ઘેરાયેલ શરીરને સ્પર્શેન્દ્રિયનો લબ્ધિ ઉપયોગ આવરિત હોય છે. જન્મથી બહેરા, અંધ, મૂંગા હોય અથવા પછી થઈ ગયા હોય તેને શ્રોત, ચક્ષુ, જીહ્વા આદિ ઇન્દ્રિયોને લબ્ધિ ઉપયોગનું આવરણ સમજવું જોઈએ.

**(૩)** ચક્ષુ, અચક્ષુ દર્શનાવરણીયમાં સામાન્ય ઉપયોગ બાધિત હોય છે તેમજ જ્ઞાનાવરણીયમાં વિશેષ ઉપયોગ, વિશિષ્ટ અવબોધ આવરિત હોય છે.

**(૪)** કર્મોનો ઉદય, ક્ષયોપશમ આદિ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, ભવથી પણ પ્રભાવિત હોય છે. જેમ કે ઠંડીમાં અથવા સવારે અધ્યયન સ્મરણની સુલભતા; શાંત, એકાંત સ્થાનમાં તત્ત્વજ્ઞાનની ધ્યાનની અનુપ્રેક્ષા વિશેષ ગુણવર્ધક હોય છે નિદ્રા આવવા પર અથવા એકાગ્રચિત્ત થઈ જવા પર વેદનીય કર્મ સુસુપ્ત થઈ જાય છે. વગેરે વિવિધ ઉદાહરણ, પ્રસંગ સમજી લેવા જોઈએ.

**(૫) ઉત્થાન** = શરીર સંબંધી ચેષ્ટા, **કર્મ** = ભ્રમણ–ગમન આદિ, **બલ** = શારીરિક શક્તિ, **વીર્ય** = આત્મામાં ઉત્પન્ન થનારું સામર્થ્ય, **પુઢષાકાર** = આત્મજન્ય સ્વાભિમાન વિશેષ, **પરાક્રમ** = પોતાના કાર્ય–લક્ષ્યમાં સફળતા પ્રાપ્ત કરી લેવી, આ ઉત્થાન-કર્મ-બલ-વીર્ય-પુઢષકાર પરાક્રમનો અર્થ છે.

**(૬)** નામ કર્મમાં– પોતાને મન પસંદ શબ્દાદિ હોવું, તે ઈષ્ટશબ્દ આદિ છે. ઈષ્ટ, કાંત આદિ સ્વરનો અર્થ છે– વીણાની સમાન વલ્લભ સ્વર હોવો, કોયલની સમાન મધુર સ્વર હોવો, આ પ્રકારે બીજાઓને અભિલષણીય સ્વર હોવો. આ ઈષ્ટ શબ્દ અને ઈષ્ટ સ્વર આદિમાં અંતર સમજવું જોઈએ.

**(૭)** વેદનીય કર્મમાં બીજાઓના મનોજ્ઞ અમનોજ્ઞ શબ્દાદિનો સંયોગ મળતો હોય છે અને નામકર્મમાં પોતાના શરીરથી સંબંધિત શબ્દાદિ હોય છે. આ બંનેના મનોજ્ઞ અને ઈષ્ટ શબ્દોમાં તફાવત છે.

**(૮)** ગધેડો, ઊંટ, કૂતરો વગેરેના શબ્દો અનિષ્ટ હોય છે; કોયલ, પોપટ, મયૂર વગેરેના શબ્દ ઈષ્ટ હોય છે.

આ પ્રકારે આ પ્રથમ ઉદ્દેશકમાં આઠ મૂળ કર્મ પ્રકૃતિ, તેનું સ્વરૂપ, બંધ



સ્વરૂપ તેમજ ઉદયના પ્રકાર અર્થાત્ કર્મફળ દેવાના પ્રકાર બતાવ્યા છે. આગળ બીજા ઉદ્દેશકમાં આઠ મૂળ કર્મ પ્રકૃતિની ઉત્તર પ્રકૃતિઓ અને તેના ભેદ-પ્રભેદોનું વર્ણન કરવામાં આવ્યું છે સાથે જ તેની સમસ્ત પ્રકૃતિઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ બંધ સ્થિતિઓ બતાવી છે.

## બીજો ઉદ્દેશક

**કર્મોની ઉત્તર પ્રકૃતિઓ :–** આઠ કર્મોમાં જ્ઞાનાવરણીય કર્મ, આયુષ્યકર્મ અને અંતરાયકર્મની ફક્ત ઉત્તર પ્રકૃતિઓ કહેવામાં આવી છે. તેના ફરી ભેદ કહ્યા નથી. શેષ પાંચ કર્મોની ઉત્તર પ્રકૃતિઓના અનેક ભેદ કરવામાં આવ્યા છે.

**૧.** જ્ઞાનાવરણીય– ઉત્તર પ્રકૃતિ પાંચ છે.
**૨.** દર્શનાવરણીય– ઉત્તર પ્રકૃતિ બે છે તેમજ તેના ૯ ભેદ છે.
**૩.** વેદનીય– ઉત્તર પ્રકૃતિ બે છે તેમજ તેના ભેદ ૧૬ છે.
**૪.** મોહનીય– ઉત્તર પ્રકૃતિ બે છે, તેના ૫ ભેદ અને કુલ ૨૮ ભેદાનુભેદ છે.
**૫.** આયુષ્ય– ઉત્તર પ્રકૃતિ ૪ છે.
**૬.** નામ કર્મ– ઉત્તર પ્રકૃતિ ૪૨ છે, તેના ભેદ ૯૩ છે.
**૭.** ગોત્ર કર્મ– ઉત્તર પ્રકૃતિ બે છે, તેના ભેદ ૧૬ છે.
**૮.** અંતરાય કર્મ– ઉત્તર પ્રકૃતિ પાંચ છે.

આવી રીતે કુલ ૧૭૬ ભેદ થાય છે. તેમાંથી ૧૪૮ ઉત્તર પ્રકૃતિઓની બંધ સ્થિતિ બતાવી છે. ૨૮ ભેદ ઓછા કર્યા છે. વેદનીય અને ગોત્ર કર્મના ૧૬–૧૬ ભેદ કહ્યા છે પરંતુ બંધ સ્થિતિ ફક્ત ૨–૨ ભેદોની જ કહેલી છે. તેથી ૧૪ + ૧૪ = ૨૮ ઓછા(બાદ) થવાથી ૧૭૬–૨૮ = ૧૪૮ થાય છે.

**૧૪૮ કર્મ પ્રકૃતિઓની બંધ સ્થિતિ :–**

| ક્રમ | કર્મ પ્રકૃતિ નામ | જઘન્ય બંધ સ્થિતિ | ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ |
|---|---|---|---|
| ૧-૫ | મતિ જ્ઞાનાવરણીય આદિ પાંચ | અંતર્મુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૬-૯ | ચક્ષુદર્શનાવરણીય આદિ ચાર | અંતર્મુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૧૦-૧૪ | નિદ્રા આદિ પાંચ | ૩/૭ સાગર. સાધિક | ૩૦ ક્રોડાક્રોડી સાગર. |
| ૧૫ | ઈર્યાવહિ શાતા વેદનીય<br>સાંપરાયિકશાતા વેદનીય | બે સમય<br>૧૨ મુહૂર્ત | બે સમય<br>૧૫ ક્રોડાક્રોડી સાગર |
| ૧૬ | અશાતા વેદનીય | ૩/૭ સાગરોપમ દેશોન | ૩૦ ક્રોડાક્રોડી સાગર |
| ૧૭ | સમ્યક્ત્વ મોહનીય | અંતર્મુહૂર્ત | ૬૬ સાગર સાધિક |

| ક્રમ | કર્મ પ્રકૃતિ નામ | જઘન્ય બંધ સ્થિતિ | ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ |
|---|---|---|---|
| ૧૮ | મિથ્યાત્વ મોહનીય | ૧ સાગર. દેશોન | ૭૦ કોડાકોડી સાગર |
| ૧૯ | મિશ્ર મોહનીય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૨૦-૩૧ | ત્રણ કષાય ચોક (૧૨) | ૪/૭ સાગર. દેશોન | ૪૦ કોડાકોડી સાગર. |
| ૩૨-૩૫ | સંજ્વલન કષાય ચોક | ૨ માસ / ૧ માસ/ અર્ધમાસ/અંતર્મુહૂર્ત | ૪૦ કોડાકોડી સાગરોપમ |
| ૩૬ | સ્ત્રી વેદ | સાતિયા દોઢ ભાગ સાગરોપમ દેશોન | ૧૫ કોડાકોડી સાગરોપમ |
| ૩૭ | પુઢષ વેદ | ૮ વર્ષ | ૧૦ કોડાકોડી સાગર |
| ૩૮ | નપુંસક વેદ | ૨/૭ સાગર. દેશોન | ૨૦ કોડાકોડી સાગર |
| ૩૯-૪૦ | હાસ્ય, રતિ | ૧/૭ સાગર દેશોન | ૧૦ કોડાકોડી સાગર |
| ૪૧-૪૪ | અરતિ, ભય શોક, દુગંછા | ૨/૭ સાગર દેશોન | ૨૦ કોડાકોડી સાગર |
| ૪૫-૪૬ | નરકાયુ, દેવાયુ | ૧૦૦૦૦ વર્ષ સા. અંતર્મુહૂર્ત | ૩૩ સાગર + ૧/૩ કરોડ પૂર્વ |
| ૪૭-૪૮ | તિર્યંચાયુ મનુષ્યાયુ | અંતર્મુહૂર્ત | ૩ પલ્ય+૧/૩ કરોડ પૂર્વ |
| ૪૯ | નરક ગતિ | ૨/૭ હજાર સાગર દેશોન | ૨૦ કોડાકોડી સાગર |
| ૫૦ | તિર્યંચ ગતિ | ૨/૭ સાગરોપમ દેશોન | ૨૦ કોડાકોડી સાગર |
| ૫૧ | મનુષ્ય ગતિ | સાતિયા દોઢ ભાગ સાગરોપમ દેશોન | ૧૫ કોડાકોડીસાગર સાગરોપમ |
| ૫૨ | દેવ ગતિ | ૧/૭ હજાર સાગર દેશોન | ૧૦ કોડાકોડી સાગર |
| ૫૩ | એકેન્દ્રિય જાતિ | ૨/૭ સાગર સાગર દેશોન | ૨૦ કોડાકોડી સાગર |
| ૫૪-૫૬ | બેઇન્દ્રિયાદિ ત્રણ જાતિ | ૯/૩૫ સાગર દેશોન | ૧૮ કોડાકોડી સાગર |
| ૫૭ | પંચેન્દ્રિય જાતિ | ૨/૭ સાગર. દેશોન | ૨૦ કોડાકોડી સાગર |
| ૫૮ | ઔદારિક શરીર | ૨/૭ સાગર. દેશોન | ૨૦ કોડાકોડી સાગર. |
| ૫૯ | વૈક્રિય શરીર | ૨/૭ હજાર સાગર. દેશોન | ૨૦ કોડાકોડી સાગર |
| ૬૦ | આહારક શરીર | અંતઃ કોડાકોડી સાગર | અંતઃકોડાકોડી સાગર |
| ૬૧-૬૨ | તૈજસ કાર્મણ શરીર | ૨/૭ સાગર દેશોન | ૨૦ કોડાકોડી સાગર |
| ૬૩-૭૨ | ૫ બંધન, ૫ સંઘાતન | સ્વ શરીર સમાન | સ્વ શરીર સમાન |
| ૭૩-૭૫ | અંગોપાંગ ત્રણ | સ્વ શરીર સમાન | સ્વ શરીર સમાન |
| ૭૬ | વજ્ર ઋષભ નારાચ સંઘયણ | ૫/૩૫ (૧/૭) સાગર દેશોન | ૧૦ કોડાકોડી સાગર |
| ૭૭ | ઋષભ નારાચ સંઘયણ | ૬/૩૫ સાગર દેશોન | ૧૨ કોડાકોડી સાગર |



| ક્રમ | કર્મ પ્રકૃતિ નામ | જઘન્ય બંધ સ્થિતિ | ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ |
|---|---|---|---|
| ૭૮ | નારાચ સંઘયણ | ૭/૩૫ (૧/૫) સાગર. દેશોન | ૧૪ કોડાકોડી સાગર |
| ૭૯ | અર્ધનારાચ | ૮/૩૫ સાગર. દેશોન | ૧૬ કોડાકોડી સાગર. |
| ૮૦ | કીલિકા સંઘયણ | ૯/૩૫ સાગર. દેશોન | ૧૮ કોડાકોડી સાગર. |
| ૮૧ | સેવાર્ત સંઘયણ | ૧૦/૩૫ ૨/૭ સાગર. દેશોન. | ૨૦ કોડાકોડી સાગર. |
| ૮૨-૮૭ | સંસ્થાન ૬ | સંઘયણની સમાન | |
| ૮૮ | સફેદ વર્ણ | ૪/૨૮ ૧/૭ સાગર. દેશોન | ૧૦ કોડાકોડી સાગર |
| ૮૯ | પીળો વર્ણ | ૫/૨૮ સાગર. દેશોન | ૧૨-૧/૨ કોડાકોડી સાગર |
| ૯૦ | લાલ વર્ણ | ૬/૨૮ સાગર. દેશોન | ૧૫ કોડાકોડી સાગરો. |
| ૯૧ | નીલો વર્ણ | ૭/૨૮ (૧/૪) સાગર. દેશોન | ૧૭—૧/૨ કો.કો. સાગર. |
| ૯૨ | કાળો વર્ણ | ૮/૨૮ (૨/૭)સાગર. દેશોન. | ૨૦ કોડાકોડી સાગર. |
| ૯૩ | સુગંધ | ૧/૭ સાગર. | ૧૦ કોડાકોડી સાગર. |
| ૯૪ | દુર્ગંધ | ૨/૭ સાગર. દેશોન | ૨૦ કોડાકોડી સાગર |
| ૯૫-૯૯ | પાંચ રસ | પાંચ વર્ણની સમાન | |
| ૧૦૦-૧૦૩ | કર્કશ, ગુઢ | ૨/૭ સાગર. દેશોન | ૨૦ કોડાકોડી સાગર. |
| ૧૦૪-૧૦૭ | મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ | ૧/૭ સાગર દેશોન | ૧૦ કોડાકોડી સાગર |
| ૧૦૮-૧૧૦ | અગુઢ લઘુ, ઉપઘાત, પરાઘાત | ૨/૭ સાગર. દેશોન | ૨૦ કોડાકોડી સાગર |
| ૧૧૧-૧૧૪ | ચાર આનુપૂર્વી | ૪ ગતિની સમાન | |
| ૧૧૫-૧૧૮ | ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ નામકર્મ | ૨/૭ સાગરોપમ (થોડું ઓછું) | ૨૦ કોડાકોડી સાગરોપમ |
| ૧૧૯ | તીર્થંકર નામકર્મ | અંતઃ કો.કો. સાગર. | અંતઃ કો.કો. સાગર. |
| ૧૨૦ | શુભ વિહાયોગતિ | ૧/૭ સાગર. દેશોન | ૧૦ કોડાકોડી સાગર |
| ૧૨૧ | અશુભ વિહાયોગતિ | ૨/૭ સાગર. દેશોન | ૨૦ કોડાકોડી સાગર. |
| ૧૨૨-૧૨૬ | ત્રસ, સ્થાવર, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક | ૨/૭ સાગરોપમ (થોડું ઓછું) | ૨૦ કોડાકોડી સાગરોપમ |
| ૧૨૭-૧૨૯ | સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ | ૯/૩૫ સાગર. દેશોન | ૧૮ કોડાકોડી સાગર. |
| ૧૩૦-૧૩૪ | સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય નામકર્મ | ૧/૭ સાગરોપમ (થોડું ઓછું) | ૧૦ કોડાકોડી સાગરોપમ |
| ૧૩૫-૧૪૦ | અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશ. | ૨/૭ સાગરોપમ (થોડું ઓછું) | ૨૦ કોડાકોડી સાગરોપમ |
| ૧૪૧ | યશકીર્તિ નામકર્મ | આઠ મુહૂર્ત | ૧૦ કોડાકોડી સાગર |

| ક્રમ | કર્મ પ્રકૃતિ નામ | જઘન્ય બંધ સ્થિતિ | ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ |
|---|---|---|---|
| ૧૪૨ | ઉચ્ચ ગોત્ર | આઠ મુહૂર્ત | ૧૦ ક્રોડાક્રોડી સાગર |
| ૧૪૩ | નીચ ગોત્ર | ૨/૭ સાગર. દેશોન | ૨૦ ક્રોડાક્રોડી દેશોન |
| ૧૪૪–૧૪૮ | દાનાંતરાયાદિ પાંચ | અંતમુહૂર્ત | ૩૦ ક્રોડાક્રોડી સાગર. |

[**સંકેત :–** સાગર૰ = સાગરોપમ, પલ૰ = પલ્યોપમ, ક્રો૰ ક્રો૰ = ક્રોડાક્રોડી, થોડું ઓછું = પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો. ૧/૭ સાગર૰ = એક સાગરોપમનો એક સાતમો ભાગ, ૧/૭ હજાર સાગર૰ = એક હજાર સાગરોપમનો એક સાતમો ભાગ, ૯/૩૫ સાગર૰ = એક સાગરના ૩૫ ભાગમાં ૯ ભાગ.સા૰ = સાધિક, અયશ૰ = અયશોકીર્તિ].

## વિશેષ જ્ઞાતવ્ય :–

૧/૭ સાગર, ૨/૭ સાગર આદિ જે જઘન્ય બંધસ્થિતિ છે તે એકેન્દ્રિયની અપેક્ષાએ હોય છે. આયુષ્યને છોડીને આઠ મુહૂર્ત, અંતર્મુહૂર્તનો જે જઘન્ય બંધ છે, તે અપ્રમત્ત ગુણસ્થાનોની અપેક્ષાએ છે.

જ્યાં ઉત્કૃષ્ટ બંધ ૧૦ ક્રોડાક્રોડી સાગર હોય છે ત્યાં જઘન્ય ૧/૭ સાગર હોય છે, તેવી જ રીતે ૨૦ સાગરના ૨/૭ સાગર, ૩૦ સાગરના ૩/૭ સાગર થાય છે.

જઘન્ય, ઉત્કૃષ્ટ બે સમયનો બંધ વીતરાગ અવસ્થાનો છે.

જઘન્ય, ઉત્કૃષ્ટ અંતઃ ક્રોડાક્રોડી બંધ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક તેમજ સાધુની અપેક્ષાએ છે. નામ કર્મમાં ૧૪ પિંડ પ્રકૃતિ છે અને આઠ પ્રત્યેક પ્રકૃતિ છે અર્થાત્ આઠ એક ભેદ વાળી અને ૧૪ અનેક ભેદવાળી પ્રકૃતિઓ છે.

**આઠ પ્રત્યેક પ્રકૃતિઓ :–** ૧ અગુરુલઘુ, ૨ ઉપઘાત, ૩ પરાઘાત, ૪ ઉચ્છ્‌વાસ, ૫ આતપ, ૬ ઉદ્યોત, ૭ તીર્થંકર, ૮ નિર્માણ.

**ચૌદ પિંડ પ્રકૃતિઓ :–** (૧) ગતિ - ચાર, (૨) જાતિ - પાંચ, (૩) શરીર - પાંચ, (૪) અંગોપાંગ - ત્રણ, (૫) બંધન - પાંચ, (૬) સંઘાતન - પાંચ, (૭) સંહનન - છ, (૮) સંસ્થાન -છ, (૯) વર્ણ-પાંચ, (૧૦) ગંધ -બે, (૧૧) રસ-પાંચ, ૧૨ સ્પર્શ-આઠ, (૧૩) આનુપૂર્વી-ચાર, (૧૪) વિહાયોગતિ -બે.

**બે દશક :– ૧** ત્રસ દશક :– ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ-કીર્તિ.

**૨ સ્થાવર દશક :–** સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશઃકીર્તિ.



**અબાધાકાલ :–** દરેક કર્મ પ્રકૃતિની બંધ સ્થિતિના અનુપાતથી અબાધાકાલ થાય છે. જે કર્મની જેટલી ક્રોડાક્રોડ સાગરોપમની બંધસ્થિતિ છે તેટલા જ સો વર્ષનો અબાધાકાલ જાણવો જોઈએ જેમકે :–

| ઉત્કૃષ્ટ બંધ | ઉત્કૃષ્ટ અબાધાકાલ |
|---|---|
| ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમના | ૭૦૦૦ વર્ષ |
| ૩૦ ક્રોડાક્રોડ સાગરોપમના | ૩૦૦૦ વર્ષ |
| ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમના | ૨૦૦૦ વર્ષ |
| ૧૫ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૫૦૦ વર્ષ |
| ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૦૦૦ વર્ષ |
| ૧૨ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૨૦૦ વર્ષ |
| ૧૮ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૮૦૦ વર્ષ |
| ૧૭ ૧/૨ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૭૫૦ વર્ષ |
| ૧૪ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૪૦૦ વર્ષ |
| ૧૬ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૬૦૦ વર્ષ |
| ૧૨ ૧/૨ ક્રોડાક્રોડ સાગરોપમના | ૧૨૫૦ વર્ષ |

જઘન્ય અબાધાકાલ અંતર્મુહૂર્ત આદિ સમજી લેવું જોઈએ, આયુષ્ય કર્મનો અબાધાકાલ જઘન્ય અંતર્મુહૂર્ત, મધ્યમ ૬ મહિના, ઉત્કૃષ્ટ કરોડ પૂર્વનો ત્રીજો ભાગ અર્થાત્ ૧/૩ કરોડ પૂર્વ.

**એકેન્દ્રિય આદિનો કર્મબંધકાલ :–** એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ બંધ એક સાગરોપમ છે, બેઈન્દ્રિયના ૨૫ સાગરોપમ, તેઈન્દ્રિયનો ૫૦ સાગરોપમ, ચૌરેન્દ્રિયનો ૧૦૦ સાગરોપમ, અસંજ્ઞી પંચેન્દ્રિયનો ૧૦૦૦ સાગરોપમનો ઉત્કૃષ્ટ બંધ છે. તે ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમવાળા મિથ્યાત્વ મોહકર્મની અપેક્ષાએ છે. બીજી જે પ્રકૃતિનો જેટલો ઉત્કૃષ્ટ બંધ હોય તેના અનુપાત– પ્રમાણમાં સમજી લેવો જોઈએ અર્થાત્ સંજ્ઞી પંચેન્દ્રિયનો ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ બરાબર એકેન્દ્રિયનો એક સાગરોપમ.

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનો જઘન્ય બંધકાલ પોતાના ઉત્કૃષ્ટ બંધકાલથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો હોય છે.

## ઉત્કૃષ્ટ બંધકાલ વિવરણ :–

| સંજ્ઞીનો બંધ | એકેન્દ્રિય |
|---|---|
| ૩૦ ક્રોડાક્રોડી સાગર | ૩/૭ સાગર |
| ૨૦ ક્રોડાક્રોડી સાગર | ૨/૭ સાગર |
| ૧૫ ક્રોડાક્રોડી સાગર | સાતિયા દોઢ સાગર |

| | |
|---|---|
| ૧૦ ક્રોડાક્રોડી સાગર | ૧/૭ સાગર |
| ૪૦ ક્રોડાક્રોડી સાગર | ૪/૭ સાગર |

**વિશેષ :–**

એકેન્દ્રિયથી બેઈન્દ્રિય ૨૫ ગણો
તેઈન્દ્રિય ૫૦ ગણો
ચૌરેન્દ્રિય ૧૦૦ ગણો
અસંજ્ઞી પંચેન્દ્રિય ૧૦૦૦ ગણો બંધ થાય છે.

**એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ બંધકાલ વિવરણ :–**

| પ્રકૃતિ | ઉત્કૃષ્ટ બંધસમુચ્ચય | એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ બંધ |
|---|---|---|
| જ્ઞાનાવરણીયાદિ | ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ | ૩/૭ સાગરોપમ |
| સાતાવેદનીય | ૧૫ ક્રોડાક્રોડી સાગરોપમ | સાતિયા દોઢ સાગરોપમ |
| મિથ્યાત્વ મોહ | ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ | ૧ સાગરોપમ |
| ૧૬ કષાય | ૪૦ ક્રોડાક્રોડી સાગરોપમ | ૪/૭ સાગરોપમ |
| પુરુષ વેદ | ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ | ૧/૭ સાગરોપમ |
| બેઈન્દ્રિય જાતિ | ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ | ૯/૩૫ સાગરોપમ |
| ઋષભ નારાચ | ૧૨ ક્રોડાક્રોડી સાગરોપમ | ૬/૩૫ સાગરોપમ |
| નીલાવર્ણ | ૧૭ ૧/૨ ક્રોડાક્રોડી સાગરોપમ | ૭/૨૮ સાગરોપમ |

આ રીતે બધી પ્રકૃતિઓનો એકેન્દ્રિયોનો બંધ જાણી લેવો. તેર પ્રકૃતિનો બંધ એકેન્દ્રિયમાં નથી તેથી ૧૪૮–૧૩ = ૧૩૫ પ્રકૃતિનો બંધ હોય છે. આયુષ્ય કર્મનો બંધ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ એક કરોડ પૂર્વ અને ૨૨/૩ હજાર વર્ષ સાધિક.

**તેર પ્રકૃતિ :–** નરકત્રિક, દેવત્રિક, વૈક્રિયદ્વિક, આહારદ્વિક અને તીર્થંકર નામકર્મ, મિશ્રમોહ, સમ્યક્ત્વ મોહ.

**વિકલેન્દ્રિય આદિનો બંધ :–** બેઈન્દ્રિયમાં પણ આ ૧૩૫ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ બંધ ૨૫ ગણો અર્થાત્ ૨૫ સાગરોપમના ઉપર કહેલા ભાગ સમજી લેવા. જઘન્ય બંધ ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો સમજવો.

આ પ્રકારે તેઈન્દ્રિયોનો ૧૩૫ પ્રકૃતિઓનો બંધ ૫૦ ગુણો, ચૌરેન્દ્રિયનો સો ગણો તેમજ અસંજ્ઞી પંચેન્દ્રિયનો હજાર ગણો સમજી લેવો.

આયુષ્ય કર્મનો બંધ એકેન્દ્રિયની સમાન જ વિકલેન્દ્રિયનો છે. અસંજ્ઞી પંચેન્દ્રિયમાં આયુષ્ય બંધ જઘન્ય અંતર્મુહૂર્ત(મનુષ્ય-તિર્યંચાયુ) તેમજ જઘન્ય



અંતર્મુહૂર્ત સાધિક ૧૦૦૦૦ વર્ષ (દેવ-નરકાયુ) ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને ૧/૩ કરોડપૂર્વ અધિક.

અસંજ્ઞી પંચેન્દ્રિય પાંચ પ્રકૃતિનો બંધ કરતા નથી જેમકે– તીર્થંકર નામ કર્મ, આહારકદ્વિક, મિશ્રમોહ, સમ્યક્ત્વ મોહ. બાકી ૧૪૮–૫ = ૧૪૩ પ્રકૃતિનો બંધ ઉપર પ્રમાણે જાણવો.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં ત્રણ ગતિમાં બધી પ્રકૃતિઓનો જઘન્ય અંતઃ ક્રોડાક્રોડી સાગરોપમનો બંધ હોય છે. ઉત્કૃષ્ટ સમુચ્ચયની સમાન બંધ હોય છે.

જેનો સમુચ્ચય જીવમાં જઘન્ય બંધ અંતર્મુહૂર્ત આદિ છે, તે મનુષ્યમાં પણ તેટલો જ છે. જેનો જઘન્ય બંધ સાગરોપમમાં છે, તેનો મનુષ્યમાં અંતઃ ક્રોડાક્રોડી સાગરોપમ છે.

**આયુબંધ સંજ્ઞીમાં :–** નારકી-દેવતામાં– તિર્યંચાયુબંધ જઘન્ય અંતર્મુહૂર્ત + ૬ માસ, ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વ + ૬ માસ. મનુષ્યાયુ બંધ જઘન્ય અનેક માસ (અથવા અનેક વર્ષ) + ૬ માસ, ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વ + ૬ માસ. તિર્યંચમાં– ત્રણ ગતિનું આયુષ્ય સમુચ્ચયની સમાન તેમજ દેવાયુબંધ ઉત્કૃષ્ટ ૧૮ સાગરોપમ + ૧/૩ કરોડ પૂર્વ છે. મનુષ્યમાં ચારે ગતિનું આયુષ્ય સમુચ્ચયની સમાન છે.

**જઘન્ય કર્મ બંધક :– આયુકર્મ–** અસંક્ષેપદ્ધા (અંતિમ અંતર્મુહૂર્ત) પ્રવિષ્ટ જીવ સર્વ જઘન્ય આયુષ્ય બંધ કરે છે. **મોહકર્મ–** આઠમા નવમા ગુણ સ્થાનવાળા મનુષ્ય સર્વ જઘન્ય મોહકર્મનો બંધ કરે છે.

**શેષ છ કર્મ :–** દશમા ગુણ સ્થાનવાળા સર્વ જઘન્ય બંધ કરે છે.

**ઉત્કૃષ્ટ કર્મબંધક :–** સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત, જાગૃત, સાકારોપયુક્ત, મિથ્યાદષ્ટિ, કૃષ્ણલેશી, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી અને કંઈક ન્યૂન (મધ્યમ) સંક્લિષ્ટ પરિણામી નારકી, દેવતા-દેવી, કર્મભૂમિ તિર્યંચ-તિર્યંચાણી, મનુષ્ય મનુષ્યાણી ઉત્કૃષ્ટ સાતે કર્મનો બંધ કરે છે.

**આયુષ્ય કર્મ :–** ૧ કર્મભૂમિ સંજ્ઞી તિર્યંચ-મનુષ્ય(પુરુષ), પર્યાપ્ત, જાગૃત સાકારોપયુક્ત, મિથ્યાદષ્ટિ, પરમ કૃષ્ણલેશી, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામી જ ઉત્કૃષ્ટ ૩૩ સાગર નરકના આયુષ્યનો બંધ કરે છે. ૨ તથા મનુષ્ય સમ્યગ્દષ્ટિ, શુક્લલેશી, અપ્રમત્ત સંયત વિશુદ્ધ પરિણામી પણ ૩૩ સાગર સર્વાર્થસિદ્ધ અણુત્તર વિમાનના આયુષ્યનો બંધ કરે છે, અર્થાત્ મનુષ્ય નરક દેવ બંનેનો ઉત્કૃષ્ટ આયુષ્ય બંધ કરે છે. ૩ મનુષ્યાણી પર્યાપ્ત, જાગૃત, સમ્યગ્દષ્ટિ, શુક્લલેશી, અપ્રમત્ત સંયત, ઉત્કૃષ્ટ ૩૩ સાગર સર્વાર્થસિદ્ધ અણુત્તર વિમાનના આયુષ્યનો બંધ કરે છે, નારકીનો કરતા નથી.

## ચોવીસમું : કર્મબંધ પદ

એક કર્મ બાંધતો થકો જીવ બીજા કેટલાક અને ક્યા કર્મોનો બંધ કરે છે તેનું આ પદમાં વર્ણન કરવામાં આવ્યું છે. તેથી આ પદના વિષયનું ટૂંકમાં નામ **બાંધતો બાંધે** એવું કહેવામાં આવે.

**(૧) સપ્તવિધબંધક :–** આયુષ્ય કર્મને છોડીને બાકીના સાત કર્મ બાંધવાવાળા.

**(૨) અષ્ટવિધબંધક :–** બધા કર્મ બાંધવાવાળા.

**(૩) છ વિધબંધક :–** આયુ અને મોહકર્મ છોડીને બાકીના કર્મ બાંધનારા.

**(૪) એકવિધબંધક :–** વેદનીય કર્મ બાંધવાવાળા.

**(૫) અબંધક :–** ૧૪માં ગુણ સ્થાનવર્તી તેમજ સિદ્ધ.

**નારકી દેવતાનો જીવ બાંધતો બાંધે :– જ્ઞાનાવરણીય** કર્મ બાંધતા થકા એક નારકી સપ્તવિધબંધક છે અથવા અષ્ટવિધબંધક છે. અનેક નારકી જીવની અપેક્ષા–**૧.** બધા સપ્તવિધબંધક છે અથવા **૨.** ઘણા સપ્તવિધબંધક અને એક અષ્ટવિધબંધક અથવા **૩.** ઘણા સપ્તવિધબંધક અને અનેક અષ્ટ વિધબંધક છે. આ રીતે ત્રણ ભંગ છે. આ જ રીતે **દર્શનાવરણીય આદિ ૬ કર્મ**ના **બાંધતો-બાંધે**નું કથન છે. **આયુષ્યકર્મ** બાંધતા થકા નિયમા આઠકર્મના બંધક હોય છે.

**પાંચ સ્થાવરનો જીવ બાંધતો બાંધે :–** જ્ઞાનાવરણીય કર્મ બાંધતો થકો એક જીવ સપ્તવિધબંધક અથવા અષ્ટવિધબંધક છે. અનેકની અપેક્ષા સપ્તવિધબંધક પણ ઘણા અને અષ્ટવિધબંધક પણ ઘણા હોય છે. બાકીના છ કર્મ બાંધતા થકા પણ આ જ રીતે છે. આયુષ્ય બાંધતા નિયમા અષ્ટવિધબંધક છે.

**મનુષ્ય બાંધતો બાંધે :– જ્ઞાનાવરણીય** કર્મ બાંધતા થકા એક મનુષ્ય સપ્તવિધ બંધક અથવા અષ્ટવિધબંધક અથવા ષડ્વિધબંધક હોય છે. અનેક મનુષ્યની અપેક્ષા ૯ ભંગ થાય છે કારણ કે એક શા✓ત અને બે અશા✓તને ૯ ભંગ, ૧૬માં પદમાં કહેલ અનુસાર સમજવા.

જ્ઞાનાવરણીયની સમાન **દર્શનાવરણીય, નામકર્મ, ગોત્રકર્મ** અને **અંતરાય** કર્મનું કથન છે.

**વેદનીય** કર્મ બાંધતો થકો એક મનુષ્ય સપ્તવિધબંધક અથવા અષ્ટવિધબંધક અથવા ષડ્વિધબંધક અથવા એકવિધબંધક હોય છે. અનેક મનુષ્યોની અપેક્ષા ૯ ભંગ હોય છે. કારણ કે અષ્ટવિધબંધક અને ષડ્વિધબંધક આ બે અશા✓ત છે.

**મોહનીય** કર્મ બાંધતો એક મનુષ્ય સપ્તવિધબંધક અથવા અષ્ટવિધબંધક હોય છે. અનેક મનુષ્યની અપેક્ષા ત્રણ ભંગ નારકીમાં કહ્યા તે અનુસાર છે.



**આયુષ્ય** કર્મની સાથે નિયમા આઠ કર્મનો બંધ થાય છે.

**સમુચ્ચય જીવ :– જ્ઞાનાવરણીય** આદિ કર્મ બાંધતા ત્રણ ભંગ થાય છે. બાકી બધું મનુષ્યની સમાન છે કારણ કે સમુચ્ચયમાં અષ્ટવિધબંધક એકેન્દ્રિયની અપેક્ષા શા✓ત હોય છે, તેથી એક ષડ્વિધબંધક જ અશા✓ત હોય છે. એક અશા✓તથી કુલ ત્રણ ભંગ જ થાય છે.

મોહનીય કર્મ બાંધતો થકો સમુચ્ચય એક જીવ સપ્તવિધબંધક અથવા અષ્ટવિધબંધક હોય છે. અનેક જીવની અપેક્ષા સપ્તવિધબંધક પણ ઘણા અને અષ્ટવિધબંધક પણ ઘણા હોય છે. (એકેન્દ્રિયની અપેક્ષા).

આયુષ્ય કર્મ બાંધતા નિયમા અષ્ટવિધબંધક હોય છે.

**શેષ દંડક :–** ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, ભવનપતિ આદિ ચારે જાતિના દેવ, આ બધાના આઠે કર્મના **બાંધતો બાંધે** નારકીની સમાન છે.

**વિશેષ જ્ઞાતવ્ય :–** ષડ્વિધબંધક ૧૦ ગુણસ્થાનવાળા હોય છે. આ ગુણસ્થાન અશા✓ત છે. એકવિધબંધકમાં ગુણસ્થાન ૧૧ મું, ૧૨મું, ૧૩મું, આ ત્રણ ગુણસ્થાન છે, તેમાં ૧૩મું ગુણસ્થાન શા✓ત હોવાથી એકવિધબંધક શા✓ત મળે છે.

અષ્ટવિધબંધક આયુષ્ય બાંધનારા હોય છે. જોકે ૧૯ દંડકમાં અશા✓ત છે. તેથી ત્રણ ભંગ થાય છે. પાંચ સ્થાવરમાં અષ્ટવિધ બંધકથી તે ભંગ બનતા નથી.

બે બોલ અશા✓ત હોવાથી– શા✓તનો એકભંગ, બંને અશા✓તના અસંયોગી ચાર ભંગ અને દ્વિસંયોગી ચાર ભંગ. આ રીતે કુલ ૧ + ૪ + ૪ = ૯ ભંગ થાય છે.

યથા– મનુષ્યના ૯ ભંગ– ૧ બધા સપ્તવિધબંધક, ૨ સપ્તવિધબંધક ઘણા અષ્ટવિધબંધક એક, ૩ સપ્તવિધબંધક ઘણા, અષ્ટવિધબંધક ઘણા, ૪ સપ્તવિધબંધક ઘણા, ષડ્વિધબંધક એક, ૫ સપ્તવિધબંધક ઘણા ષડ્વિધબંધક ઘણા, ૬ સપ્તવિધ ઘણા, અષ્ટવિધબંધક એક, ષડ્વિધબંધક એક, ૭ સપ્તવિધબંધક ઘણા, અષ્ટવિધબંધક એક, ષડ્વિધબંધક ઘણા, ૮ સપ્તવિધબંધક ઘણા, અષ્ટવિધબંધક ઘણા, ષડ્વિધબંધક એક, ૯ સપ્તવિધબંધક ઘણા, અષ્ટવિધબંધક ઘણા, ષડ્વિધબંધક ઘણા.

## પચીસમું : કર્મબંધ વેદ પદ

**૧.** જ્ઞાનાવરણીય આદિ કર્મ બાંધતા થકા જીવ કેટલી પ્રકૃતિનું વેદન કરે છે, તે આ પદનો વિષય છે, જેને **બાંધતો વેદે** નામથી કહેવામાં આવે છે.

**૨.** જ્ઞાનાવરણીય આદિ સાત કર્મ બાંધતા થકા (૨૪ દંડકના) બધા જીવ આઠ કર્મોનું વેદન કરે છે. તેમાં બીજો કોઈ વિકલ્પ નથી.

**૩.** વેદનીય કર્મ બાંધતા થકા સમુચ્ચય જીવ અને મનુષ્ય આઠ વેદે અથવા સાત વેદે અથવા ચાર વેદે. સાત કર્મ વેદવાવાળા અશા✓ત છે તેથી ત્રણ ભંગ થાય છે, બાકી ૨૩ દંડકમાં વેદનીય કર્મ બાંધતા થકા આઠ કર્મ વેદે છે.

**વિશેષ :–** દશમાં ગુણસ્થાન સુધી આઠે કર્મોનું વેદન નિયમથી હોય છે તેથી ૨૩ દંડકમાં તો કોઈ વિકલ્પ જ નથી. સાત કર્મોનું વેદન ૧૧મા ૧૨મા ગુણસ્થાનમાં હોય છે. આ ગુણસ્થાન મનુષ્યમાં જ હોય છે. બંને ગુણસ્થાન અશા✓ત હોવાથી સપ્તવિધ વેદક અશા✓ત હોય છે, તેથી ત્રણ ભંગ બને છે.

ચાર વિધવેદક કેવળી હોય છે. જેમાં ૧૩મું, ૧૪મું ગુણસ્થાન છે. તેરમું ગુણસ્થાન શા✓ત હોવાથી ચારવિધબંધક શા✓ત હોય છે.

## છવ્વીસમું : કર્મવેદબંધ પદ

જ્ઞાનાવરણીય આદિ કર્મ વેદતા થકા જીવ કેટલી પ્રકૃતિનો બંધ કરે છે તે આ પદનો વિષય છે. જેને **વેદતો બાંધે** નામથી કહેવામાં આવે છે.

**નારકી આદિ ૧૮ દંડક :–** આઠે કર્મ વેદતા થકા નારકી આદિ એક જીવ સપ્તવિધબંધક હોય છે અથવા અષ્ટવિધબંધક. અનેક જીવની અપેક્ષા અષ્ટવિધબંધક અશા✓ત હોવાથી ત્રણ ત્રણ ભંગ થાય છે.

**પાંચ સ્થાવર :–** આઠે કર્મ વેદતો થકો એક જીવ સપ્તવિધબંધક અથવા અષ્ટવિધબંધક હોય છે; અનેક જીવની અપેક્ષા ઘણા સપ્તવિધબંધક અને ઘણા અષ્ટવિધબંધક હોય છે.

**મનુષ્ય :–** જ્ઞાનાવરણીય કર્મ વેદતાં એક મનુષ્ય સપ્તવિધબંધક અથવા અષ્ટવિધબંધક અથવા ષડ્વિધબંધક અથવા એક વિધબંધક હોય છે. અનેક મનુષ્યોની અપેક્ષા સપ્તવિધબંધક શા✓ત છે અને શેષ(બાકી) ત્રણબંધક અશા✓ત છે. ત્રણ અશા✓તના ૨૭ ભંગ થાય છે. ભંગોનું સ્પષ્ટીકરણ સોળમાં પદથી સમજી લેવું. આ પ્રકારે દર્શનાવરણીય અને અંતરાય કર્મને વેદતો બાંધેનું વર્ણન છે.

વેદનીય કર્મ વેદતા થકા એક મનુષ્ય સપ્તવિધબંધક અથવા અષ્ટવિધબંધક અથવા ષડ્વિધબંધક અથવા એકવિધબંધક અથવા અબંધક હોય છે. અનેક મનુષ્યની અપેક્ષાએ ત્રણબંધક અશા✓ત છે. સપ્તવિધબંધક અને એકવિધબંધક શા✓ત છે. ત્રણબંધક અશા✓ત હોવાથી ૨૭ ભંગ થાય છે. ભંગોનું સ્પષ્ટીકરણ સોળમાં પદથી સમજી લેવું. આ જ રીતે આયુષ્ય, નામ અને ગોત્ર કર્મનું કથન છે.

મોહનીય કર્મ વેદતા થકા એક મનુષ્ય સપ્તવિધબંધક અથવા અષ્ટવિધબંધક અથવા ષડ્વિધબંધક હોય છે અનેક મનુષ્યની અપેક્ષા ૯ ભંગ થાય છે કારણ કે



અષ્ટવિધબંધક અને ષડ્વિધબંધક બે બોલ અશા✓ત છે.

**સમુચ્ચય જીવ :–** મનુષ્યમાં જ્યાં ૨૭ ભંગ કહ્યા ત્યાં ૯ ભંગ કહેવા. ૯ ભંગ કહ્યા ત્યાં ત્રણ ભંગ થાય છે. કારણ કે સમુચ્ચય જીવમાં અષ્ટવિધબંધક શા✓ત હોય છે.

**વિશેષ જ્ઞાતવ્ય :–** મોહનીય કર્મનું વેદન ૧૦માં ગુણસ્થાન સુધી છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મનું વેદન ૧૨મા ગુણસ્થાન સુધી છે અને વેદનીય, આયુ, નામ, ગોત્ર કર્મનું વેદન ૧૪મા ગુણસ્થાન સુધી છે.

દશમાં ગુણસ્થાનની અપેક્ષાએ ષડ્વિધબંધ થાય છે. ૧૧મા, ૧૨મા ગુણસ્થાનની અપેક્ષા એકવિધબંધ થાય છે. ૧૩માં ગુણસ્થાનની અપેક્ષા એકવિધબંધ અને ચૌદમાં ગુણસ્થાનની અપેક્ષા અબંધ થાય છે.

## સત્તાવીસમું : કર્મ વેદ વેદક પદ

જ્ઞાનાવરણીય આદિ કર્મવેદન કરતો થકો જીવ બીજા કેટલા કર્મોનું વેદન કરે છે, તે આ પદમાં બતાવવામાં આવ્યું છે તેથી તેના વિષયને **વેદતો વેદે** આ સંજ્ઞાથી કહેવાય છે.

**સમુચ્ચય જીવ તેમજ મનુષ્ય :–** જ્ઞાનાવરણીય કર્મ વેદતો થકો સમુચ્ચય જીવ અને મનુષ્ય આઠ વેદે અથવા સાત વેદે. જેમાં સાત વેદક અશા✓ત હોવાથી બહુવચનની અપેક્ષા ત્રણ ભંગ થાય છે. દર્શનાવરણીય અને અંતરાય કર્મ પણ આ જ રીતે છે.

વેદનીય કર્મ વેદતો થકો, સમુચ્ચય જીવ અને મનુષ્ય આઠ વેદે, સાત વેદે અથવા ચાર વેદે. બહુવચનની અપેક્ષા 'સાત વેદક' અશા✓ત હોવાથી ત્રણ ભંગ થાય છે. આયુ, નામ અને ગોત્ર કર્મ પણ આ જ રીતે છે.

**બાકીના દંડક :–** બાકી ૨૩ દંડકના જીવ આઠે કર્મને વેદતા થકા નિયમા આઠે કર્મ વેદે છે કારણ કે ૧૦માં ગુણસ્થાન સુધી બધા જીવોને આઠ કર્મોનો ઉદય હોય છે. ૧૧મા, ૧૨મા ગુણસ્થાનમાં મોહકર્મનો ઉદય રહેતો નથી તેના સિવાય સાત કર્મોનો ઉદય ત્યાં રહે છે. પછી ૧૩મા, ૧૪મા ગુણસ્થાનમાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય તેમજ અંતરાયનો પણ ઉદય રહેતો નથી. કેવળ ચાર અઘાતી કર્મ આયુ, નામ, ગોત્ર, વેદનીયનો ઉદય ત્યાં અંતિમ સમય સુધી રહે છે. ત્રેવીસ દંડકના જીવોમાં ૪ કે ૫ ગુણસ્થાનથી આગળના ગુણસ્થાન હોતા નથી, માટે ત્યાં કોઈ વિકલ્પ નથી.

## અઠ્ઠાવીસમું : આહાર પદ

### પ્રથમ ઉદ્દેશક

જીવાભિગમ સૂત્રની પ્રથમ પ્રતિપત્તિમાં ૨૪ દંડકના જીવોના આહાર સંબંધી કંઈક વર્ણન છે. ત્યાં આહારના પુદ્ગલોના પ્રદેશ, અવગાહના, સ્થિતિ, વર્ણાદિ અને છ દિશાઓ સંબંધી તેમજ આત્માવગાઢ આદિ કુલ ૨૮૮ પ્રકારના આહારનું વર્ણન આવી ગયું છે, અહીંયા આહાર સંબંધી બીજા અનેક વિષયોનું વર્ણન આ પ્રમાણે છે–

**૧.** ચોવીસે દંડકના જીવ આહારક, અણાહારક બંને પ્રકારના હોય છે.

**૨.** નારકી-દેવતા અચિત્ત આહારી હોય છે. મનુષ્ય-તિર્યંચ સચિત્ત, અચિત્ત, મિશ્ર ત્રણે પ્રકારનો આહાર કરે છે.

**૩.** ચોવીસ દંડકમાં આભોગ-અનાભોગ બંને પ્રકારના આહાર છે. અણાભોગ આહાર સ્વતઃ થવાથી સર્વ જીવોને આખા ભવમાં નિરંતર ચાલતો રહે છે.

**૪.** આભોગ આહાર ઈચ્છા થવા પર થાય છે તેથી તેની કાલ મર્યાદા છે તે આ પ્રકારે છે. જેમકે–

**નારકીમાં :–** અસંખ્યાત સમયના અંતર્મુહૂર્તથી આહારેચ્છા થાય છે.

**પાંચ સ્થાવર :–** આભોગ આહાર પણ નિરંતર ચાલુ રહે છે.

**ત્રણ વિકલેન્દ્રિય :–** નરકની સમાન અસંખ્ય સમયના અંતર્મુહૂર્તથી આહારેચ્છા ઉત્પન્ન થાય છે પરંતુ વિમાત્રાથી ઉત્પન્ન થાય છે અર્થાત્ અંતર્મુહૂર્ત પણ નાનું મોટું નિશ્ચત નથી તેમજ કેટલીયવાર થાય અને કેટલીયવાર રહે તેની પણ કંઈ નિશ્ચત મર્યાદા હોતી નથી.

**સંજ્ઞીતિર્યંચ :–** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ બે દિવસના અંતરે આહારની ઈચ્છા થાય છે.

**સંજ્ઞી મનુષ્ય :–** જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ દિવસના આંતરે આહારની ઈચ્છા થાય છે.

**અસુરકુમાર :–** જઘન્ય એક દિવસ, ઉત્કૃષ્ટ ૧૦૦૦થી અધિક વર્ષના આંતરે આહારની ઈચ્છા થાય છે.

**નવનિકાય અને વ્યંતર :–** જઘન્ય એક દિવસથી ઉત્કૃષ્ટ અનેક દિવસે આહારની ઈચ્છા થાય છે.

**જ્યોતિષી :–** જઘન્ય અનેક દિવસે ઉત્કૃષ્ટ પણ અનેક દિવસે આહારની ઈચ્છા



થાય છે. જઘન્યમાં બે દિવસ આદિ હોય, ઉત્કૃષ્ટમાં પાંચ-દસ દિવસ પણ હોય.

**વૈમાનિક :–** જઘન્ય અનેક દિવસે, ઉત્કૃષ્ટ હજારો વર્ષે અર્થાત્ જેટલા સાગરોપમની સ્થિતિ છે તેટલા હજાર વર્ષે આહારની ઈચ્છા થાય છે. જેમ કે– સર્વાર્થસિદ્ધ દેવોને ૩૩ હજાર વર્ષે આહારની ઈચ્છા થાય છે. જે રીતે સાતમા શ્વાસોચ્છ્વાસ પદમાં પક્ષ કહ્યા છે, તે રીતે અહીં એટલા હજાર વર્ષ સમજી લેવા જોઈએ.

**૫.** નૈરયિક ઘણું કરીને અશુભ વર્ણાદિના અર્થાત્ કાળા, નીલા, દુર્ગંધી, તીખા, કડવા, ખરબચડા, ભારે, શીત, રૂક્ષ પુદ્ગલોને આહાર રૂપમાં ગ્રહણ કરી વિપરિણામિત કરીને સર્વાત્મના આહાર કરે છે. દેવતા પ્રાયઃ કરીને શુભ વર્ણાદિનો અર્થાત્ પીળા, સફેદ, સુગંધમય, ખાટા, મીઠા, કોમળ, હલ્કા, સ્નિગ્ધ, ઉષ્ણ પુદ્ગલોને ગ્રહણ કરીને ઈચ્છિત મનોજ્ઞ રૂપમાં પરિણમન કરીને આહાર કરે છે. જે તેને સુખરૂપ થાય છે.

ઔદારિક દંડકોમાં સામાન્ય રૂપથી અશુભ-શુભ બધા વર્ણાદિવાળા પુદ્ગલોનો આહાર થાય છે.

**૬.** નૈરયિકોના આહાર, શ્વાસોચ્છ્વાસ વારંવાર તેમજ ક્યારેક ક્યારેક એમ બંને પ્રકારે હોય છે. અર્થાત્ સાંતર-નિરંતર બંને પ્રકારનો હોય છે. એવી રીતે ઔદારિકના બધા દંડકમાં સમજવું. દેવતાઓમાં ઘણા સમયે ક્યારેક આહાર હોય છે.

**૭.** જે આહાર પુદ્ગલ લેવાઈ જાય છે, તેનો સંખ્યાતમો ભાગ (અસંખ્યાતમો) આહાર–રસ રૂપમાં પરિણત કરીને ગ્રહણ કરે છે અને તે પુદ્ગલોનો આહાર તો દ્રવ્ય તેમજ ગુણોની અપેક્ષાએ અનંતમો ભાગ જ હોય છે. ૨૪ દંડકમાં પણ આ જ પ્રકારે છે.

**૮.** નૈરયિક આહાર હેતુ જેટલા પુદ્ગલ લે છે તે અપરિશેષ ગ્રહણ કરે છે. અર્થાત્ પડવું, વિખેરવું, બચાવવું અથવા નકામા ભાગ રૂપથી છોડવું આદિ હોતા નથી. તેવી જ રીતે બધા દેવ તેમજ એકેન્દ્રિયના અપરિશેષ આહાર હોય છે કારણ કે કવલ આહાર નથી.

વિકલેન્દ્રિય તેમજ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યને રોમાહારથી તો અપરિશેષ આહાર જ હોય છે પરંતુ કવલાહારમાં ગ્રહણ કરેલા આહારમાંથી સંખ્યાતમા ભાગનો આહાર રસરૂપમાં પરિણત થાય છે; તેમજ અનેક હજારો ભાગ તો એમજ નાશને પ્રાપ્ત થાય છે. અર્થાત્ તેનો શરીરમાં કોઈ ઉપયોગ થતો નથી. તેમાંથી કેટલાયનું આસ્વાદન અને સ્પર્શ પણ થતો નથી અર્થાત્ અનંતાઅનંત પ્રદેશી સ્થૂલ પુદ્ગલોમાં અનેક પુદ્ગલ-સ્કંધ સૂક્ષ્મ-બાદર અવગાહનામાં અવગાહિત હોય છે, તેની અપેક્ષાએ આસ્વાદ, સ્પર્શ હોતા નથી. જેમકે– ચક્રવર્તીની દાસી પૂર્ણ શક્તિથી નિરંતર ખર પૃથ્વીકાયને પીસે તો પણ કેટલાય

જીવોને શસ્ત્રનો સ્પર્શ પણ નથી થતો. એવું જ કારણ અહીં કવલાહારના પુદ્ગલોને માટે સમજી લેવું.

**નોંધ :–** અહીં પરિશેષ કવલાહારના પ્રસંગમાં પરિશેષ પુદ્ગલોને માટે સંખ્યાતા(અનેક) હજારો ભાગ કહ્યા છે તો જે ગ્રહણ કરેલા આહાર છે તે પણ સંખ્યાતમો ભાગ જ સંભવે છે કારણ કે અસંખ્યાતમાં ભાગ પ્રક્ષેપ આહારનો ગ્રહણ કરવાનું કહેવામાં આવે તો પરિશેષ અનેક અસંખ્યાતામાં ભાગ થશે જ્યારે અનેક અસંખ્યાતામાં ભાગ પરિશેષ ન કહીને અનેક હજારો ભાગ પરિશેષ રાખવાનું બતાવ્યું છે. તેનાથી એ સ્પષ્ટ થાય છે કે પ્રક્ષેપ આહારથી ગ્રહણ કરેલા પુદ્ગલોનો સંખ્યાતમા ભાગનો જ આહાર હોય છે. ચાહે તે હજારમો ભાગ પણ હોય પરંતુ અસંખ્યાતમો ભાગ સંભવ નથી તેમજ બુદ્ધિ ગમ્ય પણ નથી. તેથી અહીં **अ** લિપિ દોષ અથવા ભ્રાંતિથી પ્રક્ષિપ્ત સમજવો જોઈએ.

વ્યવહારથી પણ કોઈ સમજવા ઇચ્છે તો પ્રક્ષેપ આહારના સંખ્યાતમા ભાગનું શરીરમાં આહાર રૂપમાં કામ આવવું યોગ્ય જ લાગે છે. અસંખ્યાતમો ભાગ જ જો શરીરના કામ આવે તો જે ઔદારિક શરીરની વૃદ્ધિ થતી પ્રત્યક્ષ દેખાય છે તે થવી પણ સંભવ ન થઈ શકે. કારણ કે અસંખ્યાતમા ભાગનો આહાર એક મહિનામાં ૩૦૦ વાર પણ શરીરમાં જાય તો તે શરીરની વૃદ્ધિ એક ગ્રામ જેટલી પણ કરી શકતો નથી. તેથી અસંખ્યાતમા ભાગના પાઠને અહીં અશુદ્ધ સમજવો જોઈએ તેમજ 'સંખ્યાતમો ભાગ' એવો પાઠ સુધારીને અર્થ પરમાર્થ સમજવો જોઈએ. આ આશય અને અનુપ્રેક્ષણથી પ્રસ્તુત પ્રકરણમાં **સંખ્યાતમો** ભાગ જ કહ્યો છે.

**૯.** પરિશેષ હજારો ભાગવાળા પુદ્ગલોમાં ઘ્રાણના અવિષયભૂત ઓછા હોય, તેનાથી રસનાના અવિષય ભૂત થવાવાળા અનંતગણા અને તેનાથી સ્પર્શના અવિષયભૂત થનારા અનંતગણા હોય છે. બે ઇન્દ્રિયમાં ઘ્રાણનો વિષય ન કહેતા તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયમાં સમજવું.

**૧૦.** આ આહારરૂપે ગ્રહણ કરેલા પુદ્ગલ શરીરપણે અર્થાત્ અંગ, ઉપાંગ, ઇન્દ્રિયોના રૂપમાં પરિણત થઈ જાય છે. નારકીમાં અશુભ અને દુઃખરૂપમાં, દેવતાઓમાં શુભ અને સુખ રૂપમાં અને મનુષ્ય તિર્યંચમાં સુખ-દુઃખ વિભિન્ન રૂપોમાં વિમાત્રામાં પરિણત થઈ જાય છે.

**૧૧.** બધા જીવ પૂર્વ ભાવનીઅપેક્ષાએ એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિયના શરીરના છોડેલા પુદ્ગલોનો આહાર કરે છે અને વર્તમાન ભાવની અપેક્ષાએ પોતાના પરિણામિત આહાર કરવાથી એકેન્દ્રિય એકેન્દ્રિયના શરીરનો જ આહાર કરે છે યાવત્ પંચેન્દ્રિય પંચેન્દ્રિયના શરીરનો જ આહાર કરે છે.



**૧૨.** નૈરયિકોને અને એકેન્દ્રિયને રોમાહાર તેમજ ઓજાહાર હોય છે. દેવોને રોમાહાર, ઓજાહાર તેમજ મનોભક્ષી આહાર હોય છે. વિકલેન્દ્રિય આદિ શેષ બધાને રોમાહાર, ઓજાહાર અને પ્રક્ષેપાહાર હોય છે.

## બીજો ઉદ્દેશક

ચોવીસ દંડકના જીવ તો આહારક અને અણાહારક બંને પ્રકારના હોય છે. તોપણ દૃષ્ટિ, કષાય, સંયત, ભવી, વેદ આદિના આહારક અણાહારકના બોધ માટે અહીં ૧૩ દ્વારોથી આહારક, અણાહારકની વિચારણા કરી છે. સાથે જ ૨૪ દંડક ઉપર પણ એકવચન, બહુવચનથી વર્ણન કરવામાં આવ્યું છે.

**(૧) જીવ :–** સમુચ્ચય જીવ અને એકેન્દ્રિય જીવ આહારક પણ ઘણા હોય છે, તેમજ અણાહારક પણ ઘણા હોય છે. બાકી ૨૩ દંડકમાં ત્રણ ભંગ હોય છે, અણાહારક અશા✓ત હોવાથી. સિદ્ધ બધા અણાહારક જ હોય છે. (એકવચનમાં સર્વત્ર પોતાની મેળે સમજી લેવું કે આહારક છે કે અણાહારક).

**(૨) ભવ્ય :–** ભવી અભવી બંનેમાં સમુચ્ચય જીવ અને એકેન્દ્રિય પ્રથમ દ્વારની સમાન એક ભંગ અને ૨૩ દંડકમાં ત્રણ ભંગ આહારક, અનાહારકથી હોય છે. નોભવી નોઅભવી(સિદ્ધ) નિયમા અણાહારક હોય છે.

**(૩) સંજ્ઞી :–** સંજ્ઞી જીવ અને ૧૬ દંડક (એકેન્દ્રિય વિકલેન્દ્રિયના આઠ દંડક છોડીને) આહારક-અણાહારકથી ત્રણ ભંગ થાય છે.

અસંજ્ઞી જીવ અને એકેન્દ્રિયમાં એક ભંગ વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયમાં ત્રણ ભંગ. નારકી, ભવનપતિ, વ્યંતર તેમજ મનુષ્યમાં ૬ ભંગ હોય છે. અનેક અસંજ્ઞીની અપેક્ષા હોવાથી તે અનેક અસંજ્ઞી અથવા તો અનેક આહારક હોય છે અથવા અનેક અનાહારક હોય છે. તેથી અસંયોગીમાં બહુવચનના જ બે ભંગ હોય છે, એકવચનનો ભંગ હોતો નથી કારણ કે અનેકની પૃચ્છા છે.

**છ ભંગ :–** (૧) આહારક અનેક, (૨) અણાહારક અનેક (૩) આહારક એક, અણાહારક એક (૪) આહારક એક અણહારક અનેક (૫) આહારક અનેક અણાહારક એક (૬) આહારક અનેક, અનાહારક અનેક. નોસજ્ઞીનો અસંજ્ઞી મનુષ્યમાં ત્રણ ભંગ. સિદ્ધમાં બધા અણાહારક.

**(૪) લેશ્યા :–** જે લેશ્યામાં એકેન્દ્રિય છોડીને જેટલા દંડક હોય છે, તેમાં બહુવચનની અપેક્ષા ત્રણ ભંગ હોય છે.

જીવ અને એકેન્દ્રિયમાં સલેશી તેમજ કૃષ્ણાદિ ત્રણ લેશ્યામાં એક ભંગ હોય છે. તેજોલેશ્યામાં એકેન્દ્રિય (પૃથ્વી, પાણી, વનસ્પતિ)માં છ ભંગ (અસંજ્ઞીની જેમ). તેજો આદિ ત્રણ લેશી સમુચ્ચય જીવમાં પણ ત્રણ ભંગ હોય છે. મનુષ્યાદિમાં

પણ ત્રણ ભંગ. અલેશી બધા અણાહારક જ હોય છે.

**(૫) દૃષ્ટિ :–** સમ્યગ્દૃષ્ટિ જીવ અને ૧૬ દંડકમાં ત્રણ ભંગ. વિકલેન્દ્રિયમાં ૬ ભંગ. મિથ્યાદૃષ્ટિ જીવ, એકેન્દ્રિયમાં એક ભંગ બાકી બધામાં ત્રણ ભંગ. મિશ્ર દૃષ્ટિના ૧૬ દંડક બધા નિયમા આહારક જ હોય છે.

**(૬) સંયત :–** અસંયતમાં જીવ અને એકેન્દ્રિયમાં એક ભંગ. ૧૯ દંડકમાં ત્રણ ભંગ. સંયતાસંયતમાં જીવ મનુષ્ય-તિર્યંચ પંચેન્દ્રિય આહારક જ હોય છે. સંયતમાં જીવ મનુષ્યમાં ત્રણ ભંગ. નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયતમાં જીવ અને સિદ્ધ ભગવાન અણાહારક જ હોય છે.

**(૭) કષાય :–** સમુચ્ચય જીવ અને એકેન્દ્રિયમાં સકષાયી તેમજ ક્રોધી, માની, માયી, લોભી બધામાં એક ભંગ. બાકી બધા દંડકમાં ત્રણ ત્રણ ભંગ છે, પરંતુ નારકીમાં માન, માયા, લોભમાં છ ભંગ હોય છે અને દેવતામાં ક્રોધ, માન, માયામાં છ ભંગ હોય છે. અર્થાત્ દેવતા-નારકીમાં ત્રણ-ત્રણ કષાય અશાશ્વત છે. અકષાયી જીવમાં એક ભંગ, મનુષ્યમાં ત્રણ ભંગ, સિદ્ધ અણાહારક જ હોય છે.

**(૮) જ્ઞાન :–** સજ્ઞાની મતિ, શ્રુત અવધિજ્ઞાનીમાં જેટલા દંડક છે તેમાં ત્રણ ભંગ હોય છે પરંતુ વિકલેન્દ્રિયમાં ૬ ભંગ હોય છે. સજ્ઞાની જીવમાં એક ભંગ હોય છે. (કેવળજ્ઞાનની અપેક્ષા) આહારક-અણાહારક બંને ઘણા હોય છે.

મનઃપર્યવજ્ઞાની નિયમા આહારક હોય છે. કેવળજ્ઞાની મનુષ્યમાં ત્રણ ભંગ, જીવમાં એક ભંગ, સિદ્ધ અણાહારક જ હોય છે.

**અજ્ઞાન–** અજ્ઞાની, મતિશ્રુત અજ્ઞાની જીવ એકેન્દ્રિયમાં એક ભંગ, બાકી બધામાં ત્રણ ભંગ, વિભંગજ્ઞાનીમાં મનુષ્ય-તિર્યંચ આહારક જ હોય છે. બાકી બધા (૧૪ દંડક)માં ત્રણ ભંગ.

**(૯) યોગ :–** સયોગી, કાયયોગીમાં જીવ એકેન્દ્રિયમાં એક ભંગ, બાકી બધામાં ૩ ભંગ, વચન–મનયોગી આહારક જ હોય છે. અયોગી અણાહારક જ હોય છે.

**(૧૦) ઉપયોગ :–** બંને ઉપયોગમાં જીવ અને એકેન્દ્રિયમાં એક ભંગ, બાકીમાં ત્રણ ભંગ હોય છે. સિદ્ધ અણાહારક જ હોય છે.

**(૧૧) વેદ :–** સવેદી અને નપુંસક વેદી– જીવ, એકેન્દ્રિયમાં એક ભંગ; બાકી બધામાં ત્રણ ભંગ. સ્ત્રી વેદ-પુરુષ વેદ બધા દંડકમાં ત્રણ ભંગ, અવેદી– જીવમાં એક ભંગ, મનુષ્યમાં ત્રણ ભંગ, સિદ્ધ અણાહારક જ હોય છે.

**(૧૨) શરીર :–** સશરીરી તેમજ તૈજસ-કાર્મણ શરીરી જીવ અને એકેન્દ્રિયમાં એક ભંગ બાકી બધા દંડકમાં ત્રણ ભંગ.

ઔદારિક, વૈક્રિય, આહારક, ત્રણે શરીર આહારક જ હોય છે, પરંતુ ઔદારિક શરીર મનુષ્યમાં આહારક અણાહારક બંને હોય છે; તેમાં ત્રણ ભંગ હોય છે.



**(૧૩) પર્યાપ્તિ :–** છએ પર્યાપ્તિના પર્યાપ્ત બધા આહારક જ હોય છે. મનુષ્યમાં આહારક, અણાહારક બંને હોય છે. તેમાં ત્રણ ભંગ હોય છે. જે દંડકમાં જેટલી પર્યાપ્તિ હોય તેટલી સમજી લેવી.

આહાર પર્યાપ્તિના અપર્યાપ્ત બધા દંડકમાં અણાહારક હોય છે. બાકી પાંચ પર્યાપ્તિના અપર્યાપ્ત આહારક, અણાહારક બંને હોય છે. તેમાં એકેન્દ્રિયમાં એક ભંગ, નારકી-દેવતા-મનુષ્યમાં ૬ ભંગ, બાકીમાં ૩ ભંગ હોય છે. સમુચ્ચય જીવને ભાષા, મન પર્યાપ્તિના અપર્યાપ્તમાં ત્રણ ભંગ હોય છે. ઉપર્યાપ્તિના અપર્યાપ્તમાં ૧ ભંગ હોય છે. આહાર પર્યાપ્તિના અપર્યાપ્ત અણાહારક જ હોય છે.

**વિશેષ જ્ઞાતવ્ય :– ૧.** સ્વયં એક જીવમાં કોઈ ભંગ બનતો નથી. તેમાં આહારક અથવા અણાહારક અથવા બંને જે પણ હોય છે તે કહેવામાં આવે છે, તેથી અહીં તેને બધા દ્વારોમાં વારંવાર કહ્યું નથી પોતાની મેળે સમજી લેવાનો સંકેત કર્યો છે.
**૨.** ઘણા જીવની અપેક્ષાએ એકેન્દ્રિય જે કોઈ બોલમાં હોય છે અથવા સમુચ્ચય જીવની સાથે હોય છે તો એક ભંગ બને છે. તે જે બોલમાં અથવા જીવની સાથે હોતા નથી તો ઘણુ કરીને ત્રણ ભંગ બને છે, ક્યારેક ક્યાંક બનતા નથી, તે ઉપર કહેલા વર્ણનમાં ધ્યાનથી જોઈ લેવું.
**૩.** તેર દ્વારોનો જે ભેદ સ્વયં અશાશ્વત હોય છે ત્યાં ૬ ભંગ બંને છે. ઉદાહરણ ઉપરોક્ત વર્ણનમાં જોવું.
**૪.** જે બોલ કેવલ આહારક જ હોય છે અથવા કેવલ અણાહારક જ હોય છે, તેના એકવચન અથવા બહુવચનમાં ક્યાંય પણ ભંગ બનતા નથી.
**૫.** તેર દ્વારના કોઈ પણ ભેદ કેટલા દંડકમાં હોય છે, તે જીવાભિગમ સૂત્રની પ્રથમ પ્રતિપત્તિથી જાણીને યાદ રાખવું જોઈએ.

## ઓગણત્રીસમું : ઉપયોગ પદ

**ઉપયોગના ભેદ–પ્રભેદ :–** ઉપયોગના બે પ્રકાર છે– ૧ સાકાર ઉપયોગ, ૨ અનાકાર ઉપયોગ. **(૧)** સાકારોપયોગના આઠ ભેદ– પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન. **(૨)** અનાકારોપયોગના ચાર ભેદ– ૪ દર્શન.

**દંડકોમાં ઉપયોગ(૧૨માંથી) :–**

| | | | | |
|---|---|---|---|---|
| નારકીમાં– | ૯ | ૩ જ્ઞાન | ૩ અજ્ઞાન | ૩ દર્શન |
| દેવતામાં– | ૯ | ૩ જ્ઞાન | ૩ અજ્ઞાન | ૩ દર્શન |
| પાંચ સ્થાવરમાં– | ૩ | ૨ અજ્ઞાન | ૧ દર્શન | – |
| ત્રણ વિગલેન્દ્રિયમાં– | ૫/૬ | ૨ જ્ઞાન | ૨ અજ્ઞાન | દર્શન ૧/૨ |
| તિર્યંચ પંચેન્દ્રિયમાં– | ૯ | ૩ જ્ઞાન | ૩ અજ્ઞાન | ૩ દર્શન |
| મનુષ્યમાં– | ૧૨ | ૫ જ્ઞાન | ૩ અજ્ઞાન | ૪ દર્શન |

**વિશેષ જાણકારી :–** જ્યારે જીવ જ્ઞાન-અજ્ઞાનના ઉપયોગમાં જોડાય છે ત્યારે સાકારોપયુક્ત અર્થાત્ સાકારોપયોગવાળો હોય છે. તેમજ જ્યારે દર્શનના ઉપયોગમાં જોડાય છે ત્યારે અનાકાર ઉપયોગવાળો હોય છે.

## ત્રીસમું : પશ્યત્તા પદ

**પશ્યત્તાનુ સ્વરૂપ અને ભેદ-પ્રભેદ :–** ઉપયોગની સમાન જ "પશ્યત્તા"નું વર્ણન છે અર્થાત્ પશ્યત્તાના પણ બે પ્રકાર છે. ૧ સાકાર પશ્યત્તા, ૨ અનાકાર પશ્યત્તા.

(૧) સાકાર પશ્યત્તાના ૬ ભેદ છે– ૪ જ્ઞાન, ૨ અજ્ઞાન (૨) અનાકાર પશ્યત્તાના ૩ ભેદ છે– ૩ દર્શન

મતિજ્ઞાન, મતિઅજ્ઞાન અને અચક્ષુ દર્શન આ ત્રણ ઉપયોગ પશ્યત્તામાં હોતા નથી. આ ત્રણે ઉપયોગ બુદ્ધિ ગ્રાહ્ય છે, તેથી પશ્યત્તામાં તેનો સમાવેશ થતો નથી. શ્રુતજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, ચક્ષુ દર્શન; આ ત્રણે ઇન્દ્રિય ગ્રાહ્ય(ઇન્દ્રિય પ્રત્યક્ષ) હોવાથી તેમજ બાકી ૬ જ્ઞાન-દર્શન આત્મ પ્રત્યક્ષીભૂત હોવાથી તેને પશ્યક–પશ્યત્તા કહેવાય છે.

**દંડકોમાં પશ્યત્તા :–**

| | | |
|---|---|---|
| દેવતા, નારકી અને તિર્યંચ પંચેન્દ્રિયમાં | ૬ | ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન. |
| મનુષ્યમાં | ૯ | ૪ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૩ દર્શન. |
| પાંચ સ્થાવરમાં | ૧ | શ્રુત અજ્ઞાન. |
| બેઇન્દ્રિય, તેઇન્દ્રિયમાં | ૨ | શ્રુતજ્ઞાન, શ્રુત અજ્ઞાન. |
| ચૌરેન્દ્રિયમાં | ૩ | શ્રુતજ્ઞાન, શ્રુત અજ્ઞાન, ચક્ષુ દર્શન. |

**વિશેષ જ્ઞાતવ્ય :–** જ્ઞાનોપયોગવાળા સાકાર પશ્યત્તા કહેવાય છે અને દર્શનોપયોગવાળા અનાકાર પશ્યત્તા કહેવાય છે.

**કેવળજ્ઞાનીનો ઉપયોગ :–** જીવોને જ્યારે જ્ઞાનોપયોગ અર્થાત્ સાકારોપયોગ હોય છે ત્યારે અનાકારોપયોગ હોતો નથી, જ્યારે અનાકારોપયોગ હોય છે ત્યારે સાકારોપયોગ હોતો નથી. અર્થાત્ જીવમાં જ્ઞાન અને દર્શન એક સાથે ક્ષયોપશમ ભાવમાં રહી શકે છે, પરંતુ તે બંને માંથી ઉપયોગ એકનો જ હોય છે.

**જ્ઞાનોપયોગ :–** સાકારોપયોગથી જાણવાનું જ્ઞાન થાય છે અને દર્શનોપયોગ અનાકાર ઉપયોગથી જોવાનું જ્ઞાન થાય છે, તેથી જાણવા અને જોવા રૂપ ઉપયોગ પણ અલગ અલગ સમયમાં હોય છે. તેથી છદ્મસ્થ અને કેવળી બધાને એક સમયમાં એક ઉપયોગ જ હોય છે, સાકાર ઉપયોગ અથવા અનાકાર ઉપયોગ.

કેવળજ્ઞાની પ્રત્યેક પદાર્થના સ્વરૂપને તેના નામ, અર્થ, ભાવાર્થ, આકારોથી



યુક્તિ પૂર્વક, ઉપમા તેમજ દષ્ટાંતપૂર્વક, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તેમજ સંસ્થાનોથી, લંબાઈ, પહોળાઈ આદિ માપોથી અથવા પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી જાણે જોવે છે. જે સમયે જોવા રૂપ દર્શનોપયોગ એટલે અનાકારોપયોગમાં હોય છે ત્યાર પછીના સમયમાં જ્ઞાનોપયોગ અર્થાત્ સાકારોપયોગમાં હોય છે.

ઉપયોગની સમાન કેવલજ્ઞાનીના બંને પશ્યત્તા પણ સમજી લેવા જોઈએ. છદ્મસ્થોને બંને ઉપયોગ અને પશ્યત્તા જઘન્ય-ઉત્કૃષ્ટ અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત-વાળા હોય છે અને કેવળજ્ઞાનીને એક-એક સમયના જ બંને ઉપયોગ હોય છે.

## એકત્રીસમું : સંજ્ઞી પદ

**૧.** જે જીવોને મન હોય છે તે સંજ્ઞી હોય છે. જેને મન નથી તે અસંજ્ઞી હોય છે. મનઃપર્યાપ્તિ પૂર્ણ કર્યા વગર અસંજ્ઞીથી આવીને ઉત્પન્ન થનારા નારકી-દેવતા પણ અસંજ્ઞી કહેવાય છે. જે ગર્ભજ અથવા ઔપપાતિક હોય છે તે સંજ્ઞી છે.

**૨. ચોવીસ દંડકમાં :–**

| | |
|---|---|
| નારકી, ભવનપતિ, વ્યંતર | સંજ્ઞી તેમજ અસંજ્ઞી |
| મનુષ્ય તેમજ તિર્યંચ પંચેન્દ્રિય | સંજ્ઞી તેમજ અસંજ્ઞી |
| જ્યોતિષી, વૈમાનિક | સંજ્ઞી છે, અસંજ્ઞી નથી |
| પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય | અસંજ્ઞી છે, સંજ્ઞી નથી |
| નો સંજ્ઞી નો અસંજ્ઞી | જીવ, મનુષ્ય અને સિદ્ધ |

## બત્રીસમું : સંયત પદ

શ્રમણ, મુનિ **સંયત** કહેવાય છે. શ્રાવક–શ્રમણોપાસક **સંયતાસંયત** કહેવાય છે. બાકી બધા **અસંયત** હોય છે.

**ચોવીસ દંડકમાં :–** બાવીસ દંડકના જીવ અસંયત છે. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અસંયત અને સંયતાસંયત બંને પ્રકારના હોય છે. મનુષ્યમાં કોઈ સંયત હોય છે, કોઈ અસંયત હોય છે અને કોઈ સંયતાસંયત પણ હોય છે. સિદ્ધ ભગવાન નો સંયત, નો અસંયત, નો સંયતાસંયત છે.

**વિશેષ જ્ઞાતવ્ય :–** જાણવાની તત્ત્વ દષ્ટિથી આ કથન કરવામાં આવે છે, પરંતુ કોઈ દેવ અથવા વિશિષ્ટ વ્યક્તિ પ્રત્યક્ષ હોય તે અસંયત છે, એવા નિષ્ઠુર કઠોર વચન ન કહેવા. આવા કઠોર વચન બોલવાને માટે ભગવતી સૂત્રમાં નિષેધ કર્યો છે.

## તેત્રીસમું : અવધિ પદ

નંદી સૂત્રમાં પાંચ જ્ઞાનનું વિસ્તારથી વર્ણન છે. જે સારાંશ પુસ્તક નં. ૭માં

દેવાઈ ગયુ છે. તે સંબંધી જાણકારી માટે ત્યાં અવધિજ્ઞાન પ્રકરણ જોવું જોઈએ.

નારકી અને વૈમાનિક દેવતાનો અવધિજ્ઞાન વિષય જીવાભિગમ સૂત્રમાં આ જ પુસ્તકમાં આવી ગયું છે.

**નારકી :–** નારકીમાં ભવપ્રત્યયિક અવધિ હોય છે. જઘન્ય અડધો કોશ ઉત્કૃષ્ટ ચાર કોશ ક્ષેત્ર સીમાવાળા હોય છે. ત્રિકોણ નાવાના આકારવાળા અવધિ ક્ષેત્ર હોય છે. આભ્યંતર અવધિ હોય છે, બાહ્ય હોતું નથી; દેશ અવધિ હોય છે, સર્વ અવધિ હોતું નથી; આનુગામિક અવધિ હોય છે, અપડિવાઈ(જીવન ભર રહેવા-વાળા) અને અવસ્થિત(ન વધવાવાળા ન ઘટવાવાળા) અવધિ હોય છે.

**અસુરકુમાર :–** ભવ પ્રત્યયિક અવધિ હોય છે. જઘન્ય ૨૫ યોજન, ઉત્કૃષ્ટ અસંખ્ય દ્વીપ-સમુદ્ર ક્ષેત્રસીમાવાળું હોય છે, પલંગના આકારે ચતુષ્કોણ હોય અસંખ્યદ્વીપ-સમુદ્ર ક્ષેત્રસીમાવાળું હોય છે. બાકી વર્ણન નરકની સમાન છે.

**નવનિકાય તેમજ વ્યંતર :–** ઉત્કૃષ્ટ અવધિ ક્ષેત્ર સંખ્યાતા દ્વીપ-સમુદ્રનું હોય છે. બાકીનું વર્ણન અસુરકુમારના સમાન.

**તિર્યંચ પંચેન્દ્રિય :–** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ અસંખ્ય દ્વીપ-સમુદ્ર. ક્ષાયોપશમિક અવધિ, વિવિધ આકારવાળું અને દેશ અવધિ તિર્યંચમાં હોય છે. અનુગામિક, અનનુગામિક, હાયમાન, વર્ધમાન, પડિવાઈ, અપડિવાઈ, અવસ્થિત, અનવસ્થિત વગેરે બંને પ્રકારના અવધિજ્ઞાન તિર્યંચ પંચેન્દ્રિયમાં હોય છે.

**મનુષ્ય :–** ક્ષાયોપશમિક અવધિ હોય છે. જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગ, ઉત્કૃષ્ટ અસંખ્યાત લોક ખંડ જેટલા સીમા ક્ષેત્ર જાણવાની ક્ષમતા હોય છે. બાકી તિર્યંચની સમાન છે. પરમાવધિ જ્ઞાન મનુષ્યને હોય છે અર્થાત્ દેશ, સર્વ, આભ્યંતર, બાહ્ય; બંને પ્રકારના અવધિ હોય છે.

**જ્યોતિષી :–** જઘન્ય સંખ્યાતા દ્વીપ-સમુદ્ર અને ઉત્કૃષ્ટ પણ સંખ્યાતા દ્વીપ- સમુદ્ર, બાકી અસુર કુમારની સમાન.

**વૈમાનિક :–** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ લોકનાલ (ત્રસ નાલ).

**સંસ્થાન :–** વાણવ્યંતરોને પટહના આકારે, જ્યોતિષીને ઝાલરના આકારે અવધિ જ્ઞાન ક્ષેત્ર હોય છે. ૧૨ દેવલોકના ઊર્ધ્વ મૃદંગ, ગ્રૈવેયકમાં– પુષ્પ ચંગેરી, અણુત્તર વિમાનમાં જવનાલિકા(લોકનાલિકા); આ અવધિ ક્ષેત્રના આકાર છે.

**નોંધ :–** નંદી સૂત્રથી તેમજ જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના અધ્યયનથી બાકીની બધી જાણકારી મળી શકશે.

## ચોત્રીસમું : પરિચારણા પદ

**૧.** પરિચારણા શબ્દનો અર્થ – મૈથુન સેવન, ઈન્દ્રિયોના કામભોગ, કામક્રીડા, રતિ, વિષય ભોગ આદિ છે. પરિચારણા પણ તેનો પર્યાય વાચી શબ્દ છે.



**૨.** આહાર, અધ્યવસાય તેમજ સમ્યક્ત્વ, મિથ્યાત્વની પણ પરિચારણાગત પરિણામોમાં અસર પડે છે.

**૩.** આહારથી શરીર પુષ્ટ થાય છે. શરીરમાં જ વિષય વાસનાની ઉત્પત્તિ થાય છે. પરિણામોમાં મોહભાવની વૃદ્ધિ થવાથી કામભોગનો પ્રયત્ન થાય છે અથવા કામભોગનો વિચાર આવે છે. પરિચારણા કરતાં થકાં પણ મિથ્યાત્વીની અને સમ્યગ્દૃષ્ટિની આસક્તિમાં અંતર હોય છે.

**૪.** ઔદારિક દંડકોમાં પરિચારણા પછી વિવિધ ક્રિયાઓ થાય છે. અર્થાત્ સાંસારિક કાર્ય વૃદ્ધિ ગર્ભાધાન, સંતતિ, સંરક્ષણ આદિ ક્રિયાઓ વધે છે. વૈક્રિય દંડકોમાં પહેલા વિશેષ વિક્રિયા–હજારો રૂપ આદિ બનાવે છે. પછી પરિચારણા કરે છે. તેથી પહેલા વિક્રિયા થાય છે.

**૫.** બધા જીવોના અસંખ્ય અધ્યવસાય સ્થાન હોય છે. તે શુભ અને અશુભ બંને પ્રકારના હોય છે.

**૬.** એકેન્દ્રિય, વિકલેન્દ્રિયમાં પ્રરિચારણા છે પરંતુ પહેલા અથવા પછી વિક્રિયા નથી. તે જીવોને પરિચારણા પણ અવ્યક્ત સંજ્ઞાથી હોય છે.

**૭.** મનુષ્ય-તિર્યંચમાં બધા પ્રકારની પરિચારણા હોય છે.

**૮.** દેવતાઓમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પહેલા-બીજા દેવલોકમાં મનુષ્યની સમાન મૈથુન સેવનરૂપ કાય પરિચારણા છે. વીર્ય પુદ્ગલ પણ દેવીના શરીરમાં પ્રવિષ્ટ થઈને તેના ઈન્દ્રિય, શરીર રૂપમાં પરિણમન થાય છે, પરંતુ ગર્ભધારણ કરતા નથી.

દેવને પરિચારણા (કામભોગ)ની ઈચ્છા થાય છે ત્યારે દેવીઓ રૂપ–શૃંગાર આદિ કરીને હાજર થાય છે.

**૯.** ત્રીજા દેવલોકથી ૧૨માં દેવલોક સુધી દેવીઓ હોતી નથી તો પણ ત્રીજા ચોથા દેવલોકમાં સ્પર્શ–પરિચારણા હોય છે. પાંચમા, છઠ્ઠા દેવલોકમાં રૂપ– પરિચારણા હોય છે, સાતમા આઠમાં દેવલોકમાં શબ્દ પરિચારણા હોય છે.

આ દેવોને પરિચારણાની ઈચ્છા થવા પર પહેલા-બીજા દેવલોકથી દેવીઓ ત્યાં પહોંચી જાય છે, પછી ઉપર કહેલ કથન અનુસાર તે દેવ આસક્તિયુક્ત અંગોના સ્પર્શ માત્રથી અથવા રૂપ જોવામાં તલ્લીન થઈને અથવા શબ્દ શ્રવણમાં દત્તચિત્ત થઈને મૈથુન ભાવોની તૃપ્તિ કરી લે છે. એવું કરવા થકી પણ તેના શરીરથી પુદ્ગલ દેવીના શરીરમાં પહોંચી જાય છે. અને તે તેણીના શરીરની પુષ્ટિ રૂપ બને છે.

મન પરિચારણાવાળા ૯મા, ૧૦મા, ૧૧મા, ૧૨મા દેવલોકના દેવોને જ્યારે મન પરિચારણાની ઈચ્છા થાય છે, ત્યારે દેવી ત્યાં જતી નથી પરંતુ પોતાના સ્થાનમાં રહીને જ વિક્રિયા, વિભૂષા, તેમજ મનો પરિણામોથી તે રૂપમાં પરિણત થાય છે.

આ પ્રકારે તે બંને(દેવ-દેવી) પરિચારણાનો અનુભવ મનથી જ કરીને ઈચ્છા પૂરી કરી લે છે. એવું કરવા પર પણ દેવના શરીર પુદ્ગલોનું દેવીના શરીરમાં સંક્રમણ તેમજ પરિણમન થઈ જાય છે.

આ પ્રકારની વિભિન્ન પરિચારણાઓથી પણ તે-તે દેવોના વેદ મોહની ઉપશાંતિ થઈ જાય છે. નવગ્રૈવેયક તેમજ અનુત્તર દેવોને કોઈ પણ પ્રકારની પરિચારણા અથવા તેનો સંકલ્પ હોતો નથી.

**અલ્પબહુત્વ :–** અપરિચારણાવાળા દેવ થોડા છે, મન પરિચારણાવાળા સંખ્યાત ગણા, શબ્દ પરિચારણાવાળા અસંખ્યાતગણા, રૂપ પરિચારણાવાળા અસંખ્યાત-ગણા, સ્પર્શ પરિચારણાવાળા અસંખ્યાતગણા, કાય પરિચારણાવાળા અસંખ્યાત-ગણા છે.

## પાંત્રીસમું : વેદના પદ

**૧.** શીત, ઉષ્ણ તેમજ શીતોષ્ણ ત્રણ પ્રકારની વેદના બધા દંડકોમાં અલ્પાધિક હોય છે. નારકીમાં પહેલી, બીજી, ત્રીજીમાં ઉષ્ણ, ચોથી, પાંચમીમાં બંને, છટ્ઠી, સાતમીમાં શીત વેદના છે.

**૨.** દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની વેદના ચોવીસે(૨૪) દંડકમાં છે.

**૩.** શારીરિક, માનસિક તેમજ ઉભય, ત્રણ પ્રકારની વેદના ૧૬ દંડકમાં છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિયમાં કેવલ શારીરિક વેદના છે.

**૪.** સાતા, અસાતા, મિશ્રએ ત્રણ પ્રકારની વેદના ૨૪ દંડકમાં ઓછી-અધિક હોય છે. આ ઉદય પ્રમુખા વેદના છે.

**૫.** દુઃખ, સુખ, અદુઃખસુખા આ ત્રણ પ્રકારની વેદના બીજા દ્વારા ઉદીરિત છે, નિમિત્ત પ્રમુખ છે. ત્રણે વેદના ૨૪ દંડકમાં હોય છે.

**૬. અભ્યુપગમિકી** એટલે સ્વેચ્છાપૂર્વક સ્વીકારવામાં આવતી કેશ લોચ આદિ, **ઔપક્રમિકી** એટલે અનિચ્છાથી અચાનક આવી જવાવાળી જેમ કે– પડી જવાથી થતી વેદના. આ બંને પ્રકારની વેદના તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં હોય છે. બાકી બધા દંડકમાં કેવળ એક ઔપક્રમિકી વેદના હોય છે.

**૭.** નિદા = વ્યક્ત વેદના, અનિદા = અવ્યક્ત વેદના, આ બંને પ્રકારની વેદના નારકીમાં હોય છે, કારણ કે ત્યાં સંજ્ઞી અને અસંજ્ઞી બંને હોય છે. આ જ રીતે ભવનપતિ-વ્યંતરમાં પણ બંને હોય છે. જ્યોતિષી-વૈમાનિકમાં પણ બંને વેદના હોય છે. સમદષ્ટિ-મિથ્યાદષ્ટિની અપેક્ષાથી. પાંચ સ્થાવર ત્રણ વિકલેન્દ્રિયમાં એક અનિદા વેદના હોય છે. મનુષ્ય-તિર્યંચ પંચેન્દ્રિયમાં બંને વેદના હોય છે.



## છત્રીસમું : સમુદ્ઘાત પદ

**સમુદ્ઘાતનો અર્થ :–** શરીરમાંથી કેટલાક આત્મપ્રદેશોનું અલ્પ સમયને માટે બહાર નીકળવું. આત્મપ્રદેશની આ પ્રકારની પ્રક્રિયા સાત પ્રકારના પ્રસંગોથી થાય છે. તેથી સમુદ્ઘાત પણ સાત પ્રકારના કહ્યા છે–

**(૧) વેદનીય સમુદ્ઘાત :–** અશાતા વેદનીયની તીવ્રતાથી આત્મપ્રદેશોનું શરીરને અવગાહિત ક્ષેત્રથી બહાર પરિસ્પંદન થાય છે, એ સમયે જે આત્માની પ્રક્રિયા થાય છે તેને વેદનીય સમુદ્ઘાત કહે છે.

**(૨) કષાય સમુદ્ઘાત :–** ક્રોધ, માન, માયા, અથવા લોભ; કોઈ પણ કષાયની તીવ્રતાથી આત્મપ્રદેશ શરીર અવગાહિત ક્ષેત્રથી બહાર પરિસ્પંદિત થાય છે. આ પ્રક્રિયાને કષાય સમુદ્ઘાત કહે છે.

**(૩) મારણાંતિક સમુદ્ઘાત :–** મરણ સમયમાં આગળના જન્મ સ્થાન સુધી આત્મ પ્રદેશોનું બહાર જવા રૂપ તેમજ પાછા આવવા રૂપ આત્મપ્રક્રિયાને મારણાંતિક સમુદ્ઘાત કહે છે.

**(૪) વૈક્રિય સમુદ્ઘાત :–** નારકી, દેવતા, મનુષ્ય, તિર્યંચ, જે કોઈ પણ ઉત્તર વૈક્રિય કરે છે ત્યારે તેને પહેલા સમુદ્ઘાત કરવો પડે છે; તે જ વૈક્રિય સમુદ્ઘાત છે અર્થાત્ વૈક્રિય શરીર બનાવવા માટે તેને યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરવાના હેતુથી પ્રદેશોને લંબાઈ–ઊંચાઈમાં હજારો યોજન બહાર ફેલાવવામાં આવે છે. પછી તે શરીર પ્રમાણ પહોળાઈ અને હજારો યોજન લંબાઈવાળા અવગાહિત ક્ષેત્રમાં રહેલા વૈક્રિય વર્ગણાવાળા પુદ્ગલ ગ્રહણ કરાય છે. આ પ્રકારે આત્મપ્રદેશોની શરીરથી બહાર નીકળવાની પ્રક્રિયાને વૈક્રિય સમુદ્ઘાત કહેવાય છે.

**(૫) તેજસ સમુદ્ઘાત :–** શીત અથવા ઉષ્ણ તેજો લબ્ધિવાળા કોઈના પર ઉપકાર અથવા અપકાર કરવાના પરિણામોથી ઉક્ત બંને પ્રકારના પુદ્ગલ ગ્રહણ કરીને પ્રક્ષેપ કરે છે. તે પુદ્ગલોનું વિશેષ માત્રામાં ગ્રહણ કરવા તેમજ છોડવા હેતુ શરીર અવગાહિત ક્ષેત્રથી આત્મપ્રદેશોની બહાર નીકળવા રૂપ જે ક્રિયા થાય છે તેને તૈજસ સમુદ્ઘાત કહે છે.

**(૬) આહારક સમુદ્ઘાત :–** લબ્ધીવંત મુનિ દ્વારા શંકાનું સમાધાન તેમજ જિજ્ઞાસાની તૃપ્તિને માટે જે એક નવું નાનું શરીર બનાવીને કરોડો માઈલ દૂર મોકલવામાં આવે છે તે આહારક શરીર છે. તે આહારક શરીર બનાવવામાં અને મોકલવામાં આત્મપ્રદેશો થોડાક બહાર નીકળી જાય છે અને પછી થોડા આત્મપ્રદેશ તે નવા શરીરની સાથે રહેતા ઈચ્છિત સ્થાનમાં જોડાય છે. આત્મપ્રદેશોની શરીર અવગાહિત ક્ષેત્રથી નીકળવા રૂપ આ સંપૂર્ણ ક્રિયાને આહારક સમુદ્ઘાત કહે છે.

**(૭) કેવલી સમુદ્‌ઘાત :–** મોક્ષ જવાના નજીકના સમયમાં અઘાતીકર્મોની વિસમરૂપતાને સમરૂપ બનાવવા માટે આત્મપ્રદેશ સંપૂર્ણ લોક પ્રમાણ પ્રદેશોમાં વ્યાપ્ત થઈ જાય છે. આત્મપ્રદેશોની અને લોક પ્રદેશોની સંખ્યા સમાન છે તેથી તે જીવના આત્મપ્રદેશોની સર્વોત્કૃષ્ટ અવગાહના હોય છે. ઔદારિક શરીર તો આ સમયે પણ પોતાની અવગાહનામાં જ રહે છે, કેવળ આત્મપ્રદેશો જ નીકળે છે. આ રીતે આઠ સમયને માટે આત્મપ્રદેશોની બહાર નીકળવારૂપ જે પ્રક્રિયા છે, તેને જ કેવલી સમુદ્‌ઘાત કહે છે.

કેવલી સમુદ્‌ઘાતની પ્રક્રિયામાં જીવ **પહેલા સમયે** શરીરની જાડાઈ–પહોળાઈના પ્રમાણમાં ઉપર નીચે લોકાંત સુધી આત્મપ્રદેશોને દંડરૂપે ફેલાવે છે. **બીજા સમયમાં** શરીરની લંબાઈ પહોળાઈ પ્રમાણે તે દંડરૂપ પ્રદેશોને પૂર્વ-પશ્ચિમ અથવા ઉત્તર દક્ષિણ કપાટ રૂપમાં ફેલાવે છે. **ત્રીજા સમયમાં** કપાટ રૂપ આત્મપ્રદેશોને બંને બાજુમાં લોકાંત સુધી ફેલાવે છે, જેનાથી આત્મપ્રદેશ પૂરા લોક ક્ષેત્રમાં અર્થાત્ સમાન કિનારાવાળા ગાઢરૂપમાં વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ લોક વિષમ કિનારાવાળા ઘનરૂપ હોવાથી તેના તે નાના ખૂણા નિષ્કુટરૂપ ક્ષેત્ર વ્યાપ્ત થયા વગર રહી જાય છે. જે **ચોથા સમયમાં** પૂરાઈ જાય છે. આ રીતે સંપૂર્ણ લોકમાં પૂર્ણ રૂપે આત્મપ્રદેશોને વ્યાપ્ત થવામાં કુલ ચાર સમય લાગે છે અને આ જ ક્રમથી આત્મપ્રદેશોને ફરી સંકુચિત કરવામાં પણ ચાર સમય લાગે છે.

આ રીતે કેવલ એક સમય જ આત્મપ્રદેશોની સંપૂર્ણ લોકપ્રમાણ અવગાહના અથવા સર્વોત્કૃષ્ટ અવગાહના થાય છે. તેમજ અપેક્ષાથી અર્થાત્ ખૂણા-નિષ્કુટોના ખાલી રહેવાને ગૌણ કરવાની અપેક્ષાએ ત્રણ સમયની લોકપ્રમાણ અવગાહના થાય છે. આ ત્રણે સમયોમાં આત્મપ્રદેશ શરીરમાં ઓછા અને બહાર ઘણા(વધારે) હોય છે.

આ જ કારણે આ ત્રણ સમયોમાં જીવ અણાહારક હોય છે. તેમજ તે સમયે ઔદારિક યોગ પણ માનવામાં આવતો નથી. કાર્મણ કાયયોગ (કાર્મણ શરીરનો વ્યાપાર) રહે છે. અન્ય પાંચ સમયોમાં આત્મપ્રદેશ શરીરમાં વધારે રહે છે અને બહાર ઓછા હોય છે તેથી ઔદારિક શરીરનો યોગ અથવા મિશ્રયોગ અને આહારકતા બની રહે છે.

**નોંધ :–** કેવળી સમુદ્‌ઘાતનો કંઈક વધારે પરિચય ઔપપાતિક સૂત્ર સારાંશના છેલ્લા પ્રકરણથી જાણી લેવો. તેને માટે આગમ સારાંશ ખંડ–૭ જુઓ.

**સમુદ્‌ઘાતનો સમય :–** શરૂઆતના ૬ સમુદ્‌ઘાતોમાં અસંખ્ય સમયનો અંતર્મુહૂર્ત લાગે છે. કેવળી સમુદ્‌ઘાતમાં આઠ સમય લાગે છે. જેનો કાર્યક્રમ આ પ્રમાણે છે.



**આઠ સમયની વિગત :–**

| સમય | સંસ્થાન | યોગ |
|---|---|---|
| ૧ | દંડ રચના–દંડરૂપમાં આત્મપ્રદેશ | ઔદારિક |
| ૨ | કપાટ રચના–કપાટ રૂપ (દિવાલરૂપે) | ઔદારિક મિશ્ર |
| ૩ | પૂરિત મન્થાન–સમાન કિનારાવાળા ઘનરૂપ લોક પ્રમાણ | કાર્મણ |
| ૪ | પૂરિત લોક–વિષમ કિનારાવાળા ઘનરૂપ લોક પ્રમાણ | કાર્મણ |
| ૫ | લોક સાહરણ–સમઘનરૂપ લોક | કાર્મણ |
| ૬ | મન્થાન સાહરણ–કપાટ રૂપ સંસ્થાન | ઔદારિક મિશ્ર |
| ૭ | કપાટ સાહરણ – દંડરૂપ સંસ્થાન | ઔદારિક મિશ્ર |
| ૮ | દંડ સાહરણ – શરીરસ્થ | ઔદારિક |

**દંડકોમાં સમુદ્‌ઘાત :–** નારકીમાં ૪, દેવતામાં ૫, ચાર સ્થાવર ત્રણ વિકલેન્દ્રિયમાં ૩, વાયુકાયમાં ૪, તિર્યંચ પંચેન્દ્રિયમાં ૫, મનુષ્યમાં ૭. આ સંખ્યા ક્રમથી જ હોય છે, અર્થાત્ પહેલાથી ત્રીજી, પહેલાથી ચોથી વગેરે.

**ચોવીસ દંડકમાં એક જીવની ઉભય કાલિક સમુદ્‌ઘાતો :–**

| સમુદ્‌ઘાત | જીવ | ભૂતકાળ | | ભવિષ્યકાળ | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| વેદનીયાદિ પાંચ | ૨૪ દંડકમાં | – | અનંતા | ૦/૧–૨–૩ | અનંતા |
| આહારક | ૨૩ દંડકમાં | ૦/૧–૨–૩ | × | ૦/૧–૨–૩–૪ | × |
| આહારક | મનુષ્યમાં | ૦/૧–૨–૩–૪ | × | ૦/૧–૨–૩–૪ | × |
| કેવલી | ૨૩ દંડકમાં | × | × | ૦/૧ | × |
| કેવલી | મનુષ્યમાં | ૦/૧ | × | ૦/૧ | × |

**બધા જીવોની અપેક્ષા :–**

| સમુદ્‌ઘાત | જીવ | ભૂતકાળ | | ભવિષ્યકાળ | |
|---|---|---|---|---|---|
| | | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| વેદનીયાદિ પાંચ | ૨૪ દંડકમાં | અનંતા | અનંતા | અનંતા | અનંતા |
| આહારક | ૨૨ દંડકમાં | અસંખ્યાતા | અસંખ્યાતા | × | અસંખ્યાતા |
| આહારક | વનસ્પતિમાં | અનંતા | અનંતા | × | અનંતા |
| આહારક | મનુષ્યમાં | સંખ્યાતા | અસંખ્યાતા | સંખ્યાતા | અસંખ્યાતા |
| કેવલી | ૨૨ દંડકમાં | × | × | × | અસંખ્યાતા |
| કેવલી | વનસ્પતિમાં | × | × | × | અનંતા |
| કેવલી | મનુષ્યમાં | ૦/૧–૨–૩ | અનેક સો | સંખ્યાતા | અસંખ્યાતા |

## એક એક જીવના બધા દંડકોમાં સમુદ્ઘાતો :–

| સમુદ્ઘાત | જીવ | દંડકમાં | ભવિષ્યકાળ | |
|---|---|---|---|---|
| | | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| વેદનીય | નૈરયિક | ૨૪ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| વેદનીય | ૨૩ દંડક | નરકમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| વેદનીય | ૨૩ દંડક | ૨૩ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| કષાય | નૈરયિક | નરકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| કષાય | નૈરયિક | ૧૧ દંડક દેવમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| કષાય | નૈરયિક | જ્યોતિષી વૈમાનિકમાં | ૦/અસંખ્યાતા | અનંતા |
| કષાય | નૈરયિક | ઔદારિક દંડકોમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| કષાય | ૧૩ દંડકના દેવ | નરકમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| કષાય | ૧૩ દંડકના દેવ | ૧૩ દંડક સ્વસ્થાનમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| કષાય | ૧૩ દંડકના દેવ | ૧૧ દંડક પરસ્થાનમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| કષાય | ૧૩ દંડકના દેવ | જ્યો. વૈમા. પરસ્થાનમાં | ૦/અસંખ્યાતા | અનંતા |
| કષાય | શેષ દશ દંડક | નરક દેવમાં | ૦/સંખ્યાતા | અનંતા |
| કષાય | શેષ દશ દંડક | જ્યો૰ વૈમા૰માં | ૦/અસંખ્યાતા | અનંતા |
| કષાય | શેષ દશ દંડક | શેષ ૧૦ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| મારણાંતિક | ૨૪ દંડક | ૨૪ દંડકમાં | ૦/૧–૨–૩ | અનંતા |
| આહારક | ૨૪ દંડક | ૨૩ દંડકમાં | નથી | × |
| આહારક | ૨૩ દંડક | મનુષ્યમાં | ૦/૧–૨–૩–૪ | × |
| આહારક | મનુષ્ય | મનુષ્યમાં | ૦/૧–૨–૩–૪ | × |
| કેવલી | ૨૩ દંડક | મનુષ્યમાં | ૦/૧ | × |
| કેવલી | મનુષ્ય | મનુષ્યમાં | ૦/૧ | × |
| કેવલી | ૨૪ દંડક | ૨૩ દંડકમાં | × | × |

***નોંધ :– ચાર્ટમાં જ્યો૰ = જ્યોતિષી, વૈમા૰ = વૈમાનિક.***

**વિશેષ જ્ઞાતવ્ય :–** વૈક્રિય સમુદ્ઘાત કષાય સમુદ્ઘાતની સમાન છે, ચાર સ્થાવર ત્રણ વિકલેન્દ્રિયમાં નથી, તેથી ચોવીસ દંડકવાળા જીવોના ૧૭ દંડકમાં વૈક્રિય સમુદ્ઘાતનું કથન કરવું.

તૈજસ સમુદ્ઘાત મારણાંતિક સમુદ્ઘાતની સમાન છે પરંતુ ૨૪ દંડક–વાળા જીવોના ૧૫ દંડકમાં તૈજસ સમુદ્ઘાતનું કથન કરવું.

**ભૂતકાલની અપેક્ષા :–** પાંચ સમુદ્ઘાત જ્યાં હોય ત્યાં અનંત છે. આહારક



સમુદ્ઘાત ૨૩ દંડકવાળાને મનુષ્યપણે ૦/૧–૨–૩ છે. મનુષ્યના મનુષ્યપણે ૦/૧–૨–૩–૪ છે. ત્રેવીસ દંડકપણે હોતા જ નથી. કેવળી સમુદ્ઘાત ભૂતકાળમાં ૨૩ દંડકવાળાને ૨૪ દંડકમાં નથી. મનુષ્યના મનુષ્યપણે ૦/૧ છે.

**નોંધ :–** ૦/૧–૨–૩ આ સંકેતનો અર્થ છે કે– ક્યારેક હોય ક્યારેક ન હોય, હોય તો જઘન્ય ૧–૨–૩ હોય છે.

**વિશેષ જ્ઞાતવ્ય :– (૧)** આહારક સમુદ્ઘાત ત્રણવાર કરેલા જીવ ત્રણ ગતિમાં મળી શકે છે, મનુષ્યમાં ચારવાર કરેલ મળી શકે છે, અર્થાત્ ચોથી વાર આહારક સમુદ્ઘાત કરનારા તે જ ભવમાં મોક્ષ જાય છે.

**(૨)** ૧૦ ઔદારિક દંડકમાં કોઈ પણ સમુદ્ઘાત હોવાની નિયમા નથી અને હોય તો જઘન્ય ૧–૨–૩ આદિ હોય.

**(૩)** નારકીમાં પ્રત્યેક જીવને વેદનીય સમુદ્ઘાત નિયમથી હોય છે. બાકી કોઈ પણ દંડકમાં આવો નિયમ નથી.

**(૪)** કષાય અને વૈક્રિય સમુદ્ઘાત નારકી દેવતા બંનેમાં નિયમથી હોય છે.

**(૫)** નિયમા થવાવાળા સમુદ્ઘાતો ૧૦૦૦૦ આદિ સંખ્યાતા વર્ષની ઉંમરવાળા નારકી-દેવતાને જઘન્ય સંખ્યાત વાર થાય છે અને અસંખ્યાત વર્ષની ઉંમરવાળાને જઘન્ય અસંખ્ય વાર થાય છે. માટે જ્યોતિષી-વૈમાનિકમાં પરસ્થાનની અપેક્ષા કષાય સમુદ્ઘાત જઘન્ય અસંખ્ય કહેલ છે અને ભવનપતિ આદિમાં જઘન્ય સંખ્યાત કહેલ છે.

## દંડકના બધા જીવોના ૨૪ દંડકમાં સમુદ્ઘાતો :–

| સમુદ્ઘાત | જીવ | દંડકમાં | ભૂતકાળમાં | ભવિષ્યકાળમાં |
|---|---|---|---|---|
| પાંચ સમુદ્ઘાત | ૨૪ દંડક | ૨૪ દંડક | અનંતા | અનંતા |
| આહારક | ૨૪ દંડક | ૨૩ દંડક | × | × |
| આહારક | ૨૨ દંડક | મનુષ્યમાં | અસંખ્યાતા | અસંખ્યાતા |
| આહારક | વનસ્પતિ | મનુષ્યમાં | અનંતા | અનંતા |
| આહારક | મનુષ્ય | મનુષ્યમાં | જ. સંખ્યાતા<br>ઉ. અસંખ્યાતા | જ. સંખ્યાતા<br>ઉ. અસંખ્યાતા |
| કેવલી | ૨૪ દંડક | ૨૩ દંડકમાં | × | × |
| કેવલી | ૨૨ દંડક | મનુષ્યમાં | × | અસંખ્યાતા |
| કેવલી | વનસ્પતિ | મનુષ્યમાં | × | અનંતા |
| કેવલી | મનુષ્ય | મનુષ્યમાં | જ. ૦/૧–૨–૩ ઉ.<br>અનેક સો | જ. સંખ્યાતા<br>ઉ. અસંખ્યાતા |

**અલ્પબહુત્વ :–**

**(૧) નારકીમાં :– ૧.** સૌથી થોડા મરણ સમુદ્‌ઘાત, **૨.** વૈક્રિય અસંખ્યાતગણા, **૩.** કષાય સંખ્યાતગણા, **૪.** વેદના સંખ્યાતગણા, **૫.** અસમોહિયા સંખ્યાતગણા.

**(૨) દેવોના ૧૩ દંડકમાં :– ૧.** સૌથી થોડા તૈજસ સમુદ્‌ઘાત, **૨.** મરણ સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૩.** વેદના અસંખ્યાતગણા, **૪.** કષાય સંખ્યાતગણા, **૫.** વૈક્રિય સંખ્યાતગણા, ૬ અસમોહિયા અસંખ્યગણા.

**(૩) ચાર સ્થાવર :– ૧.** મરણ સમુદ્‌ઘાત સૌથી થોડા, **૨.** કષાય સમુદ્‌ઘાત સંખ્યાતગણા, **૩.** વેદના સમુદ્‌ઘાત વિશેષાધિક **૪.** અસમોહિયા અસંખ્યાતગણા.

**(૪) વાયુકાય :– ૧.** સૌથી થોડા વૈક્રિય સમુદ્‌ઘાત, **૨.** મરણ સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૩.** કષાય સમુદ્‌ઘાત સંખ્યાતગણા, **૪.** વેદના સમુદ્‌ઘાત વિશેષાધિક, **૫.** અસમોહિયા અસંખ્યાતગણા.

**(૫) વિકલેન્દ્રિય :– ૧.** સૌથી થોડા મરણ સમુદ્‌ઘાતવાળા, **૨.** વેદના સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૩.** કષાય સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૪.** અસમોહિયા સંખ્યાતગણા.

**(૬) તિર્યંચ પંચેન્દ્રિય :– ૧.** સૌથી થોડા તૈજસ સમુદ્‌ઘાત, **૨.** વૈક્રિય સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૩.** મરણ સમુદ્‌ઘાત અસંખ્યાતગણા **૪.** વેદના સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૫.** કષાય સમુદ્‌ઘાત સંખ્યાતગણા, **૬.** અસમોહિયા સંખ્યાતગણા.

**(૭) મનુષ્ય :– ૧.** બધાથી થોડા આહારક સમુદ્‌ઘાત, **૨.** કેવલી સમુદ્‌ઘાત સંખ્યાતગણા, **૩.** તૈજસ સમુદ્‌ઘાત સંખ્યાતગણા, **૪.** વૈક્રિય સમુદ્‌ઘાત સંખ્યાતગણા, **૫.** મરણ સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૬.** વેદના સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૭.** કષાય સમુદ્‌ઘાત સંખ્યાતગણા, **૮.** અસમોહિયા અસંખ્યાતગણા.

**(૮) સમુચ્ચય જીવ :– ૧.** બધાથી થોડા આહારક સમુદ્‌ઘાત, **૨.** કેવલી સમુદ્‌ઘાત સંખ્યાતગણા, **૩.** તૈજસ સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૪.** વૈક્રિય સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૫.** મરણ સમુદ્‌ઘાત અનંતગુણા, **૬.** કષાય સમુદ્‌ઘાત અસંખ્યાતગણા, **૭.** વેદના સમુદ્‌ઘાત વિશેષાધિક, **૮.** અસમોહિયા અસંખ્યાતગણા.

## કષાય સમુદ્‌ઘાત

કષાય ચાર છે. તેના સમુદ્‌ઘાત પણ ચાર છે અર્થાત્‌, ક્રોધ, માન, માયા અને લોભ ચારેના અલગ-અલગ સમુદ્‌ઘાત હોય છે. ૨૪ દંડકમાં ચારેય સમુદ્‌ઘાત હોય છે.



**૧.** ૨૪ દંડકના **પ્રત્યેક જીવે** બધા દંડકમાં ચારે સમુદ્‌ઘાત ભૂતકાળમાં અનંત કરેલ છે અને ભવિષ્યકાલમાં જઘન્ય ૦/૧–૨–૩, ઉત્કૃષ્ટ અનંત કરશે.

**૨.** પ્રત્યેક દંડકના **બધા જીવોએ** બધા દંડકમાં ચારે સમુદ્‌ઘાત ભૂતકાળમાં અનંત કરેલ છે અને ભવિષ્ય કાલમાં અનંત કરશે.

**૩. એક એક** જીવના ક્રોધ સમુદ્‌ઘાતનું કથન બધા દંડકોમાં વેદના સમુદ્‌ઘાતની સમાન છે. માન-માયા સમુદ્‌ઘાતનું સંપૂર્ણ કથન મરણ સમુદ્‌ઘાતની સમાન છે. લોભ સમુદ્‌ઘાતનું વર્ણન કષાય સમુદ્‌ઘાતની સમાન ૨૩ દંડકમાં છે. પરંતુ નરકમાં ભવિષ્યમાં જઘન્ય ૦/૧–૨–૩ ઉત્કૃષ્ટ અનંત.

**નોંધ :–** સ્પષ્ટીકરણને માટે પૂર્વે કહેલ સાતેય સમુદ્‌ઘાતના એક-એક જીવના ચાર્ટમાં જોવું.

**૪.** પ્રત્યેક દંડકના **બધા જીવો**એ બધા દંડકમાં ચારે ય કષાય સમુદ્‌ઘાત અનંત કરેલ છે અને અનંત કરશે.

**કષાય સમુદ્‌ઘાતોનું અલ્પબહુત્વ :–**

**(૧) નારકી :–** સૌથી થોડા લોભ સમુદ્‌ઘાત, પછી માન, માયા, ક્રોધ, ક્રમથી સંખ્યાતગણા છે, તેનાથી અસમોહિયા સંખ્યાતગણા છે.

**(૨) દેવતા :–** સૌથી થોડા ક્રોધ સમુદ્‌ઘાત, પછી માન, માયા, લોભ અને અસમોહિયા ક્રમથી સંખ્યાતગણા.

**(૩) તિર્યંચ :–** સૌથી થોડા માન સમુદ્‌ઘાત પછી ક્રોધ, માયા અને લોભ ક્રમથી વિશેષાધિક, અસમોહિયા સંખ્યાતગણા.

**(૪) મનુષ્ય :–** ૧. સૌથી થોડા અકષાય સમુદ્‌ઘાત (એટલે કેવલી સમુદ્‌ઘાત), ૨. તેનાથી માન સમુદ્‌ઘાત અસંખ્યગુણા, ૩–૫. ક્રોધ, માયા, લોભ ક્રમથી વિશેષાધિક, ૬. અસમોહિયા સંખ્યાતગણા.

**(૫) સમુચ્ચય જીવ :–** મનુષ્યની સમાન છે વિશેષતા એ છે કે માન સમુદ્‌ઘાત અનંતગણા છે.

| – | ક્રોધ સમુ. | માન સમુ. | માયા સમુ. | લોભ સમુ. | અકષાયી | અસમુ. |
|---|---|---|---|---|---|---|
| જીવ | ૩ વિશે. | ૨ અનંત | ૪ વિશે. | ૫ વિશે. | ૧ અલ્પ | ૬ સં. |
| મનુષ્ય | ૩ વિશે. | ૨ અસંખ્ય | ૪ વિશે. | ૫ વિશે. | ૧ અલ્પ | ૬ સં. |
| નારકી | ૪ સં. | ૨ સં. | ૩ સં. | ૧ અલ્પ | – | ૫ સં. |
| દેવતા | ૧ અલ્પ | ૨ સં. | ૩ સં. | ૧ અલ્પ | – | ૫ સં. |
| તિર્યંચ | ૧ અલ્પ | ૨ સં. | ૩ સં. | ૪ સં. | – | ૫ સં. |

## છાદ્મસ્થિક સમુદ્‌ઘાત

કેવલી સમુદ્‌ઘાત સિવાય બાકી છ એ સમુદ્‌ઘાત છદ્મસ્થોને હોય છે, કેવળીને હોતા નથી. તેથી છાદ્મસ્થિક સમુદ્‌ઘાત છ છે. ચોવીસ દંડકમાં છાદ્મસ્થિક સમુદ્‌ઘાતો પૂર્વે કહેલ સાત સમુદ્‌ઘાતોની સમાન સમજવા. મનુષ્યમાં સાતને સ્થાને ૬ સમજવા.

### સાતે ય સમુદ્‌ઘાતોનું અલ્પબહુત્વ :–

| | વેદનીય | કષાય | મારણાંતિક | વૈક્રિય | તૈજસ | આહારક | કેવલી | અસમુ. |
|---|---|---|---|---|---|---|---|---|
| જીવ | ૭ વિશે. | ૬ અસં. | ૫ અનંત | ૪ અસં. | ૩ અસં. | ૧ અલ્પ | ૨ સં. | ૮ અસં. |
| પૃથ્વી આદિ | ૩ વિશે. | ૨ સં. | ૧ અલ્પ | × | × | × | × | ૪ અસં. |
| વાયુ | ૪ વિશે. | ૩ સં. | ૨ અસં. | ૧ અલ્પ | × | × | × | ૫ અસં. |
| વનસ્પતિ | ૩ વિશે. | ૨ સં. | ૧ અલ્પ | × | × | × | × | ૪ અસં. |
| વિકલેન્દ્રિય | ૨ અસં. | ૩ અસં. | ૧અલ્પ | × | × | × | × | ૪ સં. |
| તિર્યંચ પં. | ૪ અસં. | ૫ સં. | ૩ અસં. | ૨ અસં. | ૧ અલ્પ | × | × | ૬ સં. |
| મનુષ્ય | ૬ અસં. | ૭ સં. | ૫ અસં. | ૪ સં. | ૩ સં. | ૧ અલ્પ | ૨ સં. | ૮ અસં. |
| દેવતા | <u>૩ સં.</u> | ૪ સં. | ૨ અસં. | ૫ સં. | ૧ અલ્પ | × | × | ૬ અસં. |
| નારકી | ૪ સં. | ૩ સં. | ૧ અલ્પ | ૨ અસં. | × | × | × | ૫ સં. |

**સંકેત :–** સં૦ = સંખ્યાતગણા, અસં૦ = અસંખ્યાતગણા, અનંત૦ = અનંતગણા, વિશે૦ = વિશેષાધિક, અસમુ૦ = અસમવહત(અસમોહિયા), સમુ૦ = સમુદ્‌ઘાત, પૃથ્વી આદિ = પૃથ્વી પાણી અગ્નિ, પં૦ = પંચેન્દ્રિય

### અલ્પબહુત્વની તુલના તેમજ જ્ઞાતવ્ય :–

**૧.** નારકી તેમજ એકેન્દ્રિયમાં વેદના સમુદ્‌ઘાતવાળા ઘણાં છે. કષાય સમુદ્‌ઘાત વાળા ઓછા છે. બાકી બધામાં વેદનાવાળા ઓછા છે, કષાયવાળા વધારે છે અર્થાત્ વિકલેન્દ્રિય આદિમાં જીવ દુઃખની અપેક્ષા કષાયોમાં વધારે રહે છે. ચાર કષાયોમાંથી પણ ત્રણ ગતિમાં લોભ સમુદ્‌ઘાત વધારે કહેલ છે. ફક્ત નારકીમાં ક્રોધ સમુદ્‌ઘાત વધારે છે.

મૌખિક પરંપરામાં આ પ્રકારે કહેવાય છે. ૧ નારકીમાં ક્રોધ વધારે, ૨ મનુષ્યમાં માન વધારે, ૩ તિર્યંચમાં માયા વધારે, ૪ દેવમાં લોભ વધારે, તે કથનની સંગતિ આ અલ્પબહુત્વથી બરાબર થતી નથી, સંજ્ઞા પદથી તેની સંગતિ થઈ જાય છે. તાત્પર્ય એ થાય કે મનુષ્યમાં માન સ્વભાવ(સંજ્ઞા) આદિ વધારે હોય તો પણ સમુદ્‌ઘાત લોભની વધી જાય છે.



**૨.** સમુચ્ચય જીવમાં મરણ સમુદ્‌ઘાતથી કષાય સમુદ્‌ઘાતવાળા અસંખ્યાત– ગણા કહ્યા છે, જ્યારે પૃથ્વી આદિ વનસ્પતિ સુધી બધામાં સંખ્યાતગણા કહ્યા છે, તે અસંગત છે, કારણ કે વનસ્પતિમાં પણ સંખ્યાતગણા છે તો સમુચ્ચય જીવમાં અસંખ્યાતગણા હોવું અસંભવ છે, તેથી અહીં લિપિદોષ અવશ્ય છે. પરંતુ એનો નિશ્ચય કરી શકાતો નથી કે સમુચ્ચય જીવનો પાઠ ખોટો છે કે પાંચ સ્થાવરનો અથવા વનસ્પતિનો.

સંભાવના એ લાગે છે કે સમુચ્ચય જીવમાં ક્યારેક સંખ્યાતનું અસંખ્યાત બની ગયું હોય. ટીકાકારે આ વિષયમાં કોઈ ચિંતન દીધું નથી. જેવો પાઠ મળ્યો એવું સ્પષ્ટીકરણ કરી દીધું છે, પરંતુ અહીં તો સ્પષ્ટીકરણ પણ કર્યા વગર સુગમ બતાવીને પોતાનો જ વિચાર કરવાનો કહી દીધું છે; જોકે અહીં વિશેષ સ્પષ્ટીકરણની આવશ્યકતા હતી.

**૩.** સાત સમુદ્‌ઘાતોના અલ્પબહુત્વમાં સમુચ્ચય જીવ, પાંચ સ્થાવર, તેમજ મનુષ્ય-દેવમાં અસમવહત(અસમોહિયા) અસંખ્યાતગણા કહ્યા છે. જોકે ચાર કષાયોના અલ્પબહુત્વમાં સર્વત્ર અસમવહતને સંખ્યાતગણા જ કહ્યા છે, તે પણ એકબીજામાં અસંગત જેવું લાગે છે. જો કષાય સમુદ્‌ઘાતના અલ્પબહુત્વમાં સર્વ જગ્યાએ અસંખ્યાતગણા કરી દેવામાં આવે તો પણ નારકી, વિકલેન્દ્રિય તિર્યંચ પંચેન્દ્રિયમાં વિરોધ આવે છે. ટીકાકારે અહીં કોઈ જાતનું ચિંતન રજૂ કર્યું નથી.

ત્રીજા પદમાં સમવહતથી અસમવહત સંખ્યાતગણા કહ્યા છે. અસંખ્યાતગણા કહ્યા નથી, તેથી અસમવહત સર્વત્ર સંખ્યાતગણા જ મનાય છે. જ્યારે વિકલેન્દ્રિયમાં અસમવહત સંખ્યાતગણા થઈ શકે છે તો સમુચ્ચય જીવ અને વનસ્પતિમાં સંખ્યાતગણા કહેવામાં કોઈ વાંધો નથી અને મનુષ્ય તથા દેવમાં પણ સંખ્યાતગણા કહે તો કોઈ વાંધો નથી. આ પ્રકારે સર્વત્ર સંખ્યાતગણા અસમવહત માની લેવા પર **અ**'લિપિદોષ છે એવું માનવું પડશે. ત્યારે કષાય સમુદ્‌ઘાતોના, સાતે સમુદ્‌ઘાતોના અને ત્રીજા પદના અલ્પબહુત્વમાં પરસ્પર વિરોધ રહેશે નહીં.

**૪.** મનુષ્યમાં અસમવહત અસંખ્યાતગણા કહી દીધા છે. જોકે ત્રણ વિકલેન્દ્રિય તિર્યંચ પંચેન્દ્રિયમાં સંખ્યાતગણા જ કહ્યા છે. તેનું કારણ પણ ટીકામાં બતાવ્યું નથી.

**૫.** વેદનીય અને કષાય સમુદ્‌ઘાતવાળા એકબીજામાં ક્યાંય પણ અસંખ્યાતગણા કહ્યા નથી. ફક્ત વિકલેન્દ્રિયમાં જ અસંખ્યાતગણા કહ્યા છે તેની પણ કોઈ જાણકારી નથી. વિકલેન્દ્રિય સિવાય સર્વત્ર સંખ્યાતગણા અથવા વિશેષાધિક જ કહ્યા છે. તેથી અહીં પણ **અ** લિપિદોષ હોવો સંભવ છે.

**૬.** વિગલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને નારકી; આ બધાના સમવહતોથી અસમવહત સંખ્યાતગણા અધિક હોય છે. શેષ સર્વ દંડકોમાં અસમવહત અસંખ્યગણા અધિક

હોય છે. તેમાં નારકી, દેવતા આદિનું તાત્પર્ય સ્પષ્ટ છે, પરંતુ વિગલેન્દ્રિયનું કારણ અજ્ઞાત છે અને જ્યારે કષાયોના અલ્પબહુત્વ પર લક્ષ કરવામાં આવે તો દ્વિધા જ પ્રતીત થાય છે. અર્થાત્ આ અલ્પબહુત્વોનું રહસ્યાર્થ પરંપરામાં વિલુપ્ત જેવું થઈ ગયું છે અથવા તો તેના પાઠોમાં **અ** સંબંધી લિપિદોષ છે. તત્ત્વ કેવલી ગમ્ય.

**૭.** જીવ, મનુષ્ય અને તિર્યંચમાં માન સમુદ્ઘાત ઓછા છે તો પણ ક્રોધ, માયા, લોભ સમુદ્ઘાતો ક્રમથી વિશેષાધિક છે, જ્યારે નારકી-દેવતામાં કષાય સમુદ્ઘાતો ક્રમથી સંખ્યાતગણા છે. નારકીમાં લોભ, માન, માયા, ક્રોધ આ રીતે ક્રમ છે અને દેવતામાં ક્રોધ, માન, માયા, લોભ અનુક્રમથી સંખ્યાતગણા છે.

**૮.** અકષાય સમુદ્ઘાત શબ્દથી કેવલી સમુદ્ઘાત અપેક્ષિત છે. અસમોહિયા શબ્દથી સાતે સમુદ્ઘાતથી રહિત જીવ વિવક્ષિત છે.

**૯.** વાયુકાયમાં વૈક્રિય સમુદ્ઘાતવાળા બાદર પર્યાપ્તોના અસંખ્યાતમાં ભાગમાં હોય છે તો પણ નારકી દેવતાથી તેની સંખ્યા અધિક હોય છે, કારણ કે ૯૮ બોલના અલ્પબહુત્વમાં બાદર વાયુકાય પર્યાપ્તનો ૫૭મો બોલ છે, જ્યારે દેવોનો અંતિમ બોલ ૪૧મો છે. બારમા પદના બદ્ધેલકના અનુસાર વાયુકાયના વૈક્રિય બદ્ધશરીર ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગે છે, જ્યારે દેવ અસંખ્યાત શ્રેણિઓના પ્રદેશ તુલ્ય છે. બાદર પર્યાપ્ત વાયુકાયના સંખ્યાતમાં ભાગવાળાને વૈક્રિય કરવું કહેવામાં આવે છે, પરંતુ તે સંગત નથી, અસંખ્યાતમો ભાગ કહેવો યોગ્ય છે. એવું કહેવા પર પણ ક્ષેત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ થવામાં બાધા નથી.

મૂલ પાઠમાં પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહેલ છે. ટીકામાં પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જ સામાન્ય રૂપથી કહી દેવામાં આવેલ છે. 'ક્ષેત્ર પલ્યોપમ' હોવાનું સ્પષ્ટીકરણ ટીકાકારે પણ કરેલ નથી. આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત વિવેચનના ૧૨મા પદમાં પણ ક્ષેત્ર પલ્યોપમ હોવાની ચર્ચા કરી નથી. તો પણ વાસ્તવિકતા એ જ છે કે ક્ષેત્ર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહેવો જોઈએ.

**નોંધ :–** આ સર્વ તુલના વિચારણાનો સાર એ છે કે સમુચ્ચય જીવમાં કષાય સમુદ્ઘાત સંખ્યાતગણા કહેવા જોઈએ અને જીવ, એકેન્દ્રિય, મનુષ્ય અને દેવમાં અસમોહિયા સંખ્યાતગણા કહેવા જોઈએ તેમજ "અ"ને લિપિદોષથી આવેલો સમજવો જોઈએ. આવું માનવા પર અનેક શંકાઓ જડમૂળથી પોતાની મેળે સમાપ્ત થઈ જાય છે.

## સમુદ્ઘાતના ક્ષેત્ર કાલ તેમજ પાંચ ક્રિયા :–

સમુદ્ઘાત આત્મપ્રદેશોની શરીરથી બહાર નીકળવાની જ મુખ્ય ક્રિયા છે, તે બહાર નીકળતા આત્મપ્રદેશ જેટલા ક્ષેત્રને અવગાહન કરે છે અને તેમાં જેટલો



સમય લાગે છે તે આ પ્રમાણે છે–

**(૧)** વેદનીય અને કષાય સમુદ્ઘાત શરીરની લંબાઈ પહોળાઈનું જેટલું ક્ષેત્ર છે તેના અંગ અને ઉપાંગના મધ્ય જે આત્મપ્રદેશોથી ખાલી સ્થાન છે તેને પૂરવાથી શરીર પ્રમાણ ક્ષેત્ર ઘન રૂપમાં આત્મપ્રદેશોથી વ્યાપ્ત થાય છે.

**(૨)** આ ક્ષેત્રને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરવામાં એક સમય અથવા બે સમય ઉત્કૃષ્ટ ત્રણ સમય લાગે છે.

આત્મપ્રદેશોને વ્યાપ્ત થવાની પ્રક્રિયા સર્વ જગ્યાએ એક સમાન હોય છે. તો કેવલી સમુદ્ઘાતની પહેલા બીજા અને ત્રીજા સમયની પ્રક્રિયાની સમાન હોય છે. જુદા જુદા જીવોના શરીર, જેટલા ક્ષેત્રને વ્યાપ્ત કરે તે અનુસાર ક્ષેત્રની લંબાઈ, પહોળાઈનું અંતર પડે છે. વ્યાપ્ત કરવાનું ક્ષેત્ર એક દિશાગત હોય તો એક સમય લાગે છે, ચાર દિશાગત હોય અથવા વળાંક હોય તો બે સમય લાગે છે તથા વિદિશાગત હોય અથવા વિદિશાનો વળાંક હોય તો ત્રણ સમય લાગે છે તેમજ લોકાંત ખૂણો હોય અથવા અન્ય એવું ગમન ક્ષેત્ર હોય તો આત્મપ્રદેશોને જવામાં ક્યારેક ચાર સમય પણ લાગે છે.

**(૩)** આ વિધાન અનુસાર મારણાંતિક સમુદ્ઘાત અને કેવળી સમુદ્ઘાતને છોડીને બાકી પાંચ સમુદ્ઘાતમાં ઉત્કૃષ્ટ ત્રણ સમયમાં આત્મપ્રદેશોની, શરીરથી બહાર નીકળીને પોતાના પરિલક્ષિત ક્ષેત્રમાં વ્યાપ્ત થવાની ક્રિયા પૂર્ણ થઈ જાય છે. મરણ સમુદ્ઘાતમાં ક્યારેક ઉત્કૃષ્ટ ચાર સમય પણ પૂર્ણ વ્યાપ્ત થવામાં લાગે છે. કેવલી સમુદ્ઘાતમાં અજઘન્ય અઉત્કૃષ્ટ ચાર સમય જ લાગે છે.

**(૪)** આ સાત સમુદ્ઘાતોના પુદ્ગલ ગ્રહણ, નિસ્સરણ તેમજ કર્મ નિર્જરણનો કુલ કાલ જઘન્ય-ઉત્કૃષ્ટ અસંખ્ય સમયોનું અંતર્મુહૂર્ત છે, પરંતુ કેવળી સમુદ્ઘાતનો કુલ કાલ આઠ સમયનું અંતર્મુહૂર્ત જ હોય છે. તેમજ આહારક સમુદ્ઘાતનો કાલ જઘન્ય એક સમયનો છે તેમજ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનો છે.

**(૫)** ભાવાર્થ એ છે કે આત્મપ્રદેશોને બહાર વ્યાપ્ત થવાનો કાલ જઘન્ય ૧ સમય, ૨ સમય અને ઉત્કૃષ્ટ ૩ અથવા ૪ સમય છે; તે વ્યાપ્ત ક્ષેત્રમાં ગ્રહણ-નિસ્સરણ આદિ સંપૂર્ણ ક્રિયા સમાપ્ત કરવાનો સમય અંતર્મુહૂર્ત છે તેમજ કેવલી સમુદ્ઘાતનો સંપૂર્ણ કાલ આઠ સમય છે.

**(૬)** મરણ સમુદ્ઘાત ગત આત્મપ્રદેશોની અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગ હોય છે, ઉત્કૃષ્ટ એક દિશામાં અસંખ્યાત યોજનની હોય છે. આ સીમા નવા ઉત્પત્તિ ક્ષેત્રના અંતરની અપેક્ષાએ છે.

**(૭)** વૈક્રિય અને તેજસ સમુદ્ઘાતમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગે ઉત્કૃષ્ટ સંખ્યાતા યોજન એક દિશા અથવા વિદિશામાં. તેમાં પુદ્ગલ ગ્રહણ કરવાના લક્ષે

દંડાકાર આત્મપ્રદેશ ફેલાવવામાં આવે છે. તેની સીમા લંબાઈની અપેક્ષાએ છે.

**(૮)** આહારક સમુદ્‌ઘાતમાં– જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગ, ઉત્કૃષ્ટ એક દિશામાં સંખ્યાતા યોજન; આ સીમા પણ દંડ કાઢવાની અપેક્ષાએ છે.

**(૯)** કેવલી સમુદ્‌ઘાતમાં– સંપૂર્ણ લોક પ્રમાણ આત્મપ્રદેશોની અવગાહના હોય છે.

**(૧૦)** આ સમુદ્‌ઘાતોથી છોડેલા પુદ્‌ગલ લોકમાં પ્રસરિત થાય છે. તેનાથી જે જીવોની વિરાધના થાય છે, તેને કિલામના (દુઃખ) પહોંચે છે, તેની ક્રિયા સમુદ્‌ઘાત કરનારા જીવને લાગે છે. તે ક્રિયાઓ પાંચ છે– **૧.** કાયિકી, **૨.** અધિકરણિકી, **૩.** પ્રાદ્વેષિકી, **૪.** પરિતાપનિકી, **૫.** પ્રાણાતિપાતિકી. તેનું વિવરણ બાવીસમા ક્રિયાપદમાં કરવામાં આવ્યું છે. આ પાંચમાંથી પણ કોઈ જીવને ત્રણ, કોઈને ચાર અને કોઈને પાંચ ક્રિયા લાગે છે. તે જીવોને સમુદ્‌ઘાત ગત જીવોથી અથવા અન્ય જીવથી ૩-૪ અથવા પાંચ ક્રિયા પોતાની પ્રવૃત્તિ અનુસાર લાગી શકે છે.

**(૧૧)** નૈરયિકોનો મરણ સમુદ્‌ઘાત જઘન્ય સાધિક હજાર યોજન હોય છે અને ઉત્કૃષ્ટ અસંખ્ય યોજન હોય છે. જઘન્ય પાતાલ કળશોમાં જન્મવાની અપેક્ષાએ હોય છે.

**(૧૨)** એકેન્દ્રિયમાં મરણ સમુદ્‌ઘાતમાં ઉત્કૃષ્ટ ચાર સમય આત્મપ્રદેશોને પરિલક્ષિત ક્ષેત્ર વ્યાપ્ત કરવામાં લાગે છે. બાકી ૧૯ દંડકમાં ઉત્કૃષ્ટ ત્રણ સમય જ લાગે છે.

**(૧૩)** વૈક્રિય સમુદ્‌ઘાત વાયુકાયમાં જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ છે બાકી બધામાં જઘન્ય અંગુલના સંખ્યાતમાં ભાગ છે. નારકી અને વાયુકાયને વૈક્રિય એક દિશામાં હોય છે બાકી બધાને દિશા વિદિશામાં પણ હોય છે.

**(૧૪)** તેજસ સમુદ્‌ઘાત બધાની જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગની હોય છે. તિર્યંચમાં એક દિશામાં હોય છે. મનુષ્ય-દેવમાં દિશા-વિદિશામાં પણ હોય છે.

**(૧૫)** વૈક્રિય, તૈજસ અને આહારક સમુદ્‌ઘાતમાં ૧-૨-૩ સમયમાં આત્મપ્રદેશોથી જેટલા ક્ષેત્ર વ્યાપ્ત કરીને પુદ્‌ગલ ગ્રહણ નિસ્સરણ થાય છે તેટલા ક્ષેત્ર પ્રમાણ અવગાહના અને તેટલા સમયનો કાલ અહીં આ પ્રકરણમાં બતાવેલ છે. પરંતુ આ ક્રિયાની પછી રૂપ આદિ બનાવવામાં આવે છે તેમજ જે ક્રિયા કરવામાં આવે છે તે રૂપોની અથવા ક્રિયાની અવગાહના આદિ અથવા સ્થિતિ આદિ બતાવેલ નથી. તેનાથી પણ સ્પષ્ટ થાય છે કે આત્મપ્રદેશોને અવગાહિત ક્ષેત્રથી બહાર નીકળવાની પ્રક્રિયાને મુખ્યરૂપથી સમુદ્‌ઘાત માનવામાં આવે છે.

### સમુદ્‌ઘાતોનું હાર્દ :–

**૧. વેદનીય સમુદ્‌ઘાતમાં–** રોગ વેદના આદિ કષ્ટોમાં વિશેષ પીડિત અવસ્થામાં આત્મપ્રદેશોનું દુઃખજન્ય સ્પંદન થાય છે. તેમાં વેદનીય કર્મનો તીવ્ર ઉદય અને



નિર્જરા થાય છે તેમજ પરિણામ અનુસાર બંધ થાય છે.

**૨. કષાય સમુદ્‌ઘાતમાં–** ચારે કષાયોની તીવ્રતા, પ્રચંડતા, આસક્તિથી પ્રભાવિત આત્મપ્રદેશોમાં કંપન-સ્પંદન થાય છે; તેમાં કષાય મોહનીય કર્મનો ઉદય તેમજ નિર્જરણ થાય છે. તેમજ તેના નિમિત્તથી વિવિધ કર્મબંધ પણ થાય છે.

**૩. મરણ સમુદ્‌ઘાતમાં–** આગામી ઉત્પત્તિ સ્થાનમાં આત્મપ્રદેશોનું આવાગમન શરૂ થઈ જાય છે તેમાં વર્તમાન આયુ કર્મનો વિશેષ ઉદય તેમજ નિર્જરણ થાય છે.

**૪. વૈક્રિય તૈજસ આહારક–** આ ત્રણે સમુદ્‌ઘાતો, પ્રાપ્ત થયેલી લબ્ધિ વિશેષ દ્વારા પોતપોતાના પ્રયોજનોથી જીવ પોતે કરે છે તેમજ પોતાના પ્રયોજન અથવા કુતૂહલને પૂર્ણ કરે છે. તેમાં નામ કર્મનો ઉદય તેમજ નિર્જરણ થાય છે.

**૫.** આ છએ સમુદ્‌ઘાતોમાં ઓછો વધારે સાંપરાયિક કર્મબંધ પણ થાય છે.

**૬.** કેવળી સમુદ્‌ઘાત મોક્ષ જવાના થોડા સમય પહેલા જ થાય છે. વિષમ માત્રામાં રહેલ વેદનીય, નામ, ગોત્ર કર્મોને અવશેષ આયુષ્યની સાથે સમાન કરવાના લક્ષે કરાય છે. સ્થૂલ(વ્યવહાર) દૃષ્ટિથી તે સ્વતઃ હોય છે. તેમજ સૂક્ષ્મ સૈદ્ધાંતિક દૃષ્ટિથી જીવ કરે છે. તેમાં વેદનીય, નામ, ગોત્ર કર્મોનો વિશિષ્ટ ઉદય તેમજ નિર્જરણ હોય છે. વીતરાગી હોવાથી કેવલ ઈર્યાવહિ ક્રિયાનો બંધ થાય છે.

**૭.** ચારે અઘાતી કર્મોમાં જેની સ્થિતિ આદિની અપેક્ષા વિશેષ વિષમતા નથી તે કેવલી સમુદ્‌ઘાત કરતા નથી.

**૮.** કેવળી સમુદ્‌ઘાતથી નિર્જરિત પુદ્‌ગલ સંપૂર્ણ લોકમાં ફેલાય છે, તે અત્યંત સૂક્ષ્મ હોય છે. છદ્મસ્થ જીવ તેને વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી જાણી કે દેખી શકતા નથી.

**૯.** કોઈ દેવ તીવ્ર સુગંધના ડબ્બાને ખોલીને હાથમાં લઈને ત્રણ ચપટી જેટલા સમયમાં ૨૧ ચક્કર જંબૂદ્વીપને લગાવીને આવે છે. તેનાથી વ્યાપ્ત ગંધના પુદ્‌ગલ અત્યંત સૂક્ષ્મ રૂપમાં એવા વિખરાય કે છદ્મસ્થોને જાણવામાં કે જોવામાં વિષયભૂત બનતા નથી. તેવી જ રીતે કેવલી સમુદ્‌ઘાતના સર્વલોકમાં વ્યાપ્ત પુદ્‌ગલોનું સમજવું.

### કેવલી સમુદ્‌ઘાત અને આયોજીકરણ :–

આયોજીકરણ અંતર્મુહૂર્તનું હોય છે. મોક્ષને સન્મુખ થવાની પ્રક્રિયા અથવા મોક્ષ જવાના પહેલાં પૂર્વ તૈયારીને આયોજીકરણ કહે છે. આ આયોજીકરણમાં મુખ્ય બે ક્રિયાઓ હોય છે. ૧ કેવલી સમુદ્‌ઘાત, ૨ યોગ નિરોધ કરવાની ક્રમિક પ્રક્રિયા.

એમ તો તેરમું ગુણસ્થાન જેને પ્રાપ્ત થઈ ગયું છે તે મોક્ષની નજીક જ છે, તોપણ અંતિમ તૈયારીની મુખ્યતાથી અહીં આયોજીકરણ કહેલ છે. આ આયોજીકરણ કેવલી સમુદ્‌ઘાતથી શરૂ થઈને યોગ નિરોધની પૂર્ણતામાં સમાપ્ત

થાય છે. યોગ નિરોધની પ્રક્રિયા પૂરી થવા પર પૂર્ણ અયોગી જીવ ૧૪મા ગુણસ્થાનમાં પહોંચે છે. ત્યાં પણ બહુજ થોડા સમય–પાંચ લઘુ અક્ષર ઉચ્ચારણ જેટલા સમય સુધી સ્થિર થઈને અવશેષ કર્મ ક્ષય કરીને તે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે.

કેવલી સમુદ્‌ઘાત અને યોગ નિરોધ પ્રક્રિયાની વચ્ચે પણ અસંખ્ય સમયોનો અંતર્મુહૂર્ત કાલ રહે છે; જે કેટલીય મિનિટોનો હોય છે. તેટલા કાલમાં કેવલી દ્વારા ગમનાગમન, શય્યા સંસ્તારક પાછા આપવાના, વાર્તાલાપ અથવા દેવોને માનસિક ઉત્તર દેવાની પ્રક્રિયા આદિના પ્રસંગ પણ બની શકે છે.

કેટલાય જીવોને કેવલી સમુદ્‌ઘાત હોતો નથી, તેને પણ તે પ્રમાણેના અંતર્મુહૂર્ત પહેલા જ મોક્ષ જવાનો ઉપક્રમ ચાલુ થઈ જાય છે અર્થાત્ આયોજીકરણ થાય છે. યોગ નિરોધ પહેલાની પણ પૂર્વની ક્રમિક તૈયારી થાય છે. તેમજ પછી ક્રમશઃ યોગ નિરોધ થાય છે.

કેવલી સમુદ્‌ઘાત અવસ્થામાં મન અને વચનનો યોગ હોતો નથી, કાય યોગમાં પણ ઔદારિક, ઔદારિક મિશ્ર તેમજ કાર્મણ; આ ત્રણ કાયયોગ હોય છે.

**યોગનિરોધ પ્રક્રિયા :–** સર્વ પ્રથમ મનયોગનો નિરોધ કરાય છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના પ્રથમ સમયનો જે મનયોગ હોય છે તેનાથી પણ અસંખ્યાત ગણાહીન મનોયોગનો દરેક સમયે અથવા નિરંતર નિરોધ કરતા થકાં અસંખ્ય સમયોમાં પૂર્ણરૂપથી મનોયોગનો નિરોધ કરવામાં આવે છે.

ત્યાર પછી વચનયોગનો નિરોધ કરાય છે. બે ઈન્દ્રિયના પર્યાપ્તામાં જઘન્ય યોગવાળાના વચન યોગથી અસંખ્યાતગણા હીન વચન યોગનો નિરંતર નિરોધ કરવામાં આવે છે, તેમજ અસંખ્ય સમયોમાં પૂર્ણરૂપે વચન યોગનો નિરોધ થઈ જાય છે.

ત્યાર બાદ કાયયોગનો નિરોધ કરવામાં આવે છે. સૂક્ષ્મ અપર્યાપ્ત પનક (ફૂલન)ને પ્રથમ સમયે ઉત્પન્ન થવાનો જે જઘન્ય કાય યોગ હોય છે; તેનાથી અસંખ્યાતગણા હીન કાયયોગનો પ્રતિસમય(નિરંતર) નિરોધ કરાય છે. અસંખ્ય સમયોમાં પૂર્ણરૂપે કાયયોગનો નિરોધ થઈ જાય છે.

આ પ્રકારે ત્રણે યોગોનો નિરોધ કરીને કેવલી શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરે છે. આ શૈલેશી અવસ્થામાં આત્મપ્રદેશ ૨/૩ શરીર અવગાહિત ક્ષેત્રમાં રહે છે. કાયયોગના નિરોધની સાથે જ ૧/૩ ભાગના આત્મપ્રદેશ સંકુચિત થઈ જાય છે, કારણ કે અયોગી થવાના પહેલાં જ આત્મપ્રદેશોના સંકુચિત થવાની ક્રિયા થઈ જાય છે. શૈલેશી અવસ્થા અને અયોગી અવસ્થામાં આવી પ્રક્રિયા સંભવ નથી અને તેમાં જ તેનું અયોગીપણું અને શૈલેશીપણું સાર્થક છે.

ભાવાર્થ એ છે કે ૧૩માં ગુણસ્થાનના છેડા સુધી–૧. આત્મપ્રદેશોનો ૧/૩ સંકોચ,



૨. અયોગીપણું, ૩. શૈલેશી અવસ્થા એ ત્રણેની પ્રાપ્તિ થઈ જાય છે. એ ત્રણે અવસ્થા પ્રાપ્ત થવાથી જ ૧૪મા ગુણસ્થાનનો પ્રારંભ થાય છે એવું સમજવું જોઈએ.

ચૌદમા ગુણસ્થાનમાં અસંખ્યાત ગુણ શ્રેણી કરીને અસંખ્યાત કર્મસ્કંધોનો ક્ષય કરીને ચાર અઘાતી કર્મોનો એક સાથે ક્ષય કરીને ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર અને બધા છોડવા યોગ્ય પર પદાર્થોને કેવલી ત્યાગ કરી દે છે અને ઋજુ શ્રેણીથી, અસ્પર્શદ્ ગતિથી, સાકારોપયોગમાં, એક સમયમાં, અવિગ્રહ ગતિથી સિદ્ધ થાય છે. તે ઊર્ધ્વ લોકાગ્રમાં પહોંચીને સ્થિત થાય છે.

સિદ્ધ અવસ્થામાં જીવ સદાને માટે કર્મ રજ રહિત, શા✓ત આત્મ સુખોમાં લીન રહે છે. તેનું ફરી સંસારમાં જન્મ મરણ હોતા નથી; કારણ કે કર્મ જ સંસારનું બીજ છે અને તે સંપૂર્ણ કર્મોનો મૂળથી ક્ષય કરવાથી જ સિદ્ધ બને છે.

સિદ્ધોના સુખનું સ્વરૂપ આદિનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં છે. જેને માટે આ સારાંશ પુસ્તકનો સાતમો ભાગ જોઈ લેવું.

**નોંધ :–** આ સૂત્રગત તત્ત્વોની વિસ્તૃત જાણકારી માટે ગુઢપ્રાણ ફાઉન્ડેશન પ્રકાશિત વિવેચન યુક્ત આ સૂત્રનું અધ્યયન કરવું જોઈએ.

**॥ પ્રજ્ઞાપના સૂત્ર સારાંશ સમાપ્ત ॥**

# પરિશિષ્ટ-૧ ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપ

જીવની આત્મિક–આધ્યાત્મિક હીનાધિક, ઊંચનીચ અવસ્થાઓને ગુણસ્થાન કહે છે. આવા જીવનાં ગુણસ્થાન ચૌદ કહેવામાં આવેલ છે. જેમાં ચોથા ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધીનાં અગિયાર ગુણસ્થાનવાળાં ઉન્નતિશીલ–પ્રગતિશીલ આત્મસ્થાનમાં અવસ્થિત હોય છે. શેષ ૧ થી ૩ ગુણસ્થાનવાળા અવનત આત્મસ્થાનમાં હોય છે. તે ૧૪ ગુણસ્થાનોનું સ્વરૂપ આ પ્રકારે છે–

**પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન :–** (૧) જે પરભવ, પુનર્જન્મ, કર્મસિદ્ધાંત અને જીવના અનાદિ અસ્તિત્વને માનતા નથી. (૨) અઢાર પ્રકારનાં પાપ, ૨૫ ક્રિયાઓ અને આઠ પ્રકારનાં કર્મનાં બંધ, ઉદય આદિને માનતા નથી. (૩) જે સુદેવ, સુગુઢ, સુધર્મ, સત્શાસ્ત્ર–આગમની શ્રદ્ધા કરતા નથી પરંતુ સ્વછંદતા, સ્વેચ્છાએ કુદેવ, કુગુઢ, કુધર્મ અને કુશાસ્ત્રોમાં શ્રદ્ધા કરે છે. (૪) શ્રાવકનાં ૧૨ વ્રત અને સાધુનાં પાંચ મહાવ્રતોની, સમિતિ-ગુપ્તિની તેમજ અન્ય પણ જિનાજ્ઞાની સમ્યક શ્રદ્ધા કરતા નથી. (૫) જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, આ તત્ત્વોની તીર્થંકર ભગવાને પ્રરૂપેલ સ્વરૂપ પ્રમાણે શ્રદ્ધા કરતા નથી. (૬) ઈ✓રને સંસારના કર્તા માને છે. (૭) યજ્ઞ, હવન, પશુ-બલિ આદિમાં ધર્મ માને છે, અન્ય પણ નાની મોટી હિંસાકારી સાવદ્ય પ્રવૃત્તિઓને છ કાય જીવોની હિંસા-વાળી પ્રવૃત્તિઓને ધર્મ માને છે. (૮) જિને✓ર ભગવંત કથિત સિદ્ધાંતથી ઓછી અધિક કે વિપરીત પ્રરૂપણા કરે છે. (૯) અનેકાંતિક સિદ્ધાંતને છોડી દ્રવ્ય-ભાવ કે નિશ્ચય-વ્યવહાર વગેરે કોઈ પણ એકાંતના આગ્રહમાં પડી જાય છે. સાત નયોનો વિચાર કરવાને બદલે દુર્નયમાં પડી જાય છે. વિવેકબુદ્ધિ છોડી બધા નિક્ષેપોને એક સરખા માની લે છે. (૧૦) કલહ, ક્રોધ અને રંજભાવને દીર્ઘકાળ સુધી ટકાવી રાખે છે. (૧૧) કોઈ પણ પાપકૃત્યમાં અતિ આસક્ત, ગૃદ્ધ,લીન બને છે અર્થાત્ લોભ, પરિગ્રહ, નિંદા (પર પરિવાદ), માયા, જૂઠ, ચોરી અને જીવહિંસા આદિ કોઈ પણ પાપકાર્યમાં તલ્લીન બની જાય છે. (૧૨) જે જિને✓ર ભગવંતો પર કે તેના ધર્મ પર અથવા તેના માર્ગ પર ચાલતાં ધર્મગુઢઓ પર દ્વેષ રાખે છે ઈત્યાદિ, ઉપરોક્ત દરેક અવસ્થામાં રહેલ જીવોને વ્યવહારથી મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી જાણવા જોઈએ.

નિશ્ચય દષ્ટિની અપેક્ષાએ મિથ્યાત્વ મોહનીય કર્મની પ્રકૃતિનો ઉદય થવાથી અને ઉદય રહેવાથી જીવ મિથ્યાત્વ ગુણસ્થાનમાં રહે છે.

આ જીવનું પ્રથમ ગુણસ્થાન છે. તેમાં રહેલા જીવોની અપેક્ષાએ તેના ત્રણ પ્રકાર છે :– (૧) અનાદિ અનંત (૨) અનાદિ સાંત (૩) સાદિ સાંત. અનાદિ અનંત અભવીની અપેક્ષાએ છે. અનાદિ સાંત ભવીની અપેક્ષાએ છે અને સાદિ



સાંત પ્રતિપાતી(પડિવાઈ) સમકિતની અપેક્ષાએ છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તનની હોય છે.

આ ગુણસ્થાનમાં મરનારા કે આયુષ્ય બાંધનારા જીવ ચાર ગતિમાં ભ્રમણ કરે છે. આ ગુણસ્થાનવર્તી જીવ કર્મોનો વિશેષ બંધ કરતા રહે છે. તેઓ કર્મવૃદ્ધિ અને સંસારવૃદ્ધિ કરે છે. આ ગુણસ્થાન પાંચ અનુત્તર વિમાન સિવાય સંસારના બધાં જીવોમાં હોઈ શકે છે.

**બીજું સાસ્વાદન ગુણસ્થાન :–** જે જીવે ચોથું ગુણસ્થાન પ્રાપ્ત કરી લીધું છે, તેવા અથવા તેનાથી ઉપરના કોઈ પણ ગુણસ્થાનવાળા પ્રથમ ગુણસ્થાનમાં કહેલ કોઈ પણ પ્રકારના વિચારોની અવસ્થા પ્રાપ્ત કરે અથવા નિશ્ચયથી મિથ્યાત્વના ઉદયાભિમુખ થાય ત્યારે તે ચોથા આદિ ગુણસ્થાનોથી પડી પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનમાં જાય છે. તે સમયે ચોથા આદિ ગુણસ્થાનોથી ચ્યુત થઈને પ્રથમ ગુણસ્થાને પહોંચતાં વચ્ચે ક્ષણિક કાળમાં આત્માની જે અવસ્થા હોય છે, તે જ બીજું સાસ્વાદન ગુણસ્થાન છે. જેમ કે વૃક્ષ ઉપરથી તૂટેલું ફળ જમીન પર પડે તે પહેલાં માર્ગમાં થોડો સમય વ્યતીત કરે છે, તેવી અવસ્થા બીજા ગુણસ્થાનની સમજવી જોઈએ.

આ ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છ આવલિકા જેટલી હોય છે અર્થાત્ એક સેકંડના હજારમાં ભાગથી પણ ઓછી સ્થિતિ હોય છે. તેથી આ ગુણસ્થાનનું અસ્તિત્વ કિંચિત્ માત્ર છે, જે છદ્મસ્થોને અનુભવગમ્ય નથી. આ ગુણસ્થાન એકેન્દ્રિયોમાં હોતું નથી. શેષ બેઈન્દ્રિય આદિ અસંજ્ઞી પંચેન્દ્રિયમાં અપર્યાપ્ત અવસ્થામાં હોય છે તથા સંજ્ઞીને પર્યાપ્ત અપર્યાપ્ત બંને અવસ્થામાં ચારે ગતિમાં હોય છે.

**ત્રીજું મિશ્ર ગુણસ્થાન :–** સમકિત અને મિથ્યાત્વના મિશ્ર પરિણામોવાળી આત્માની અવસ્થાને મિશ્ર ગુણસ્થાન કહેવામાં આવે છે. જેમ કે શ્રીખંડ ખાટા-મીઠા એમ બંને સ્વાદવાળો હોય છે. એવી જ રીતે આ ગુણસ્થાનવાળા જીવો જિને✓ર ભગવંતના ધર્મની પણ શ્રદ્ધા રાખે છે અને જિને✓ર ભગવંતના સિદ્ધાંતોથી વિપરીત સિદ્ધાંતોવાળા ધર્મની પણ શ્રદ્ધા કરે છે. બધા ધર્મોને સત્ય અને સુંદર માને છે. આવા ભોળા સ્વભાવવાળા અનભિજ્ઞ આત્માને આ ત્રીજું ગુણસ્થાન હોય છે. તેની સ્થિતિ જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અર્થાત્ ૪૮ મિનિટથી ઓછા સમયની છે. ત્યાર પછી આત્માના તે મિશ્ર પરિણામ મિથ્યાત્વમાં અથવા સમકિતમાં પરિણમી જાય છે.

આ ગુણસ્થાન મિશ્ર પરિણામવાળું હોવાથી તેમાં જીવ મરતો પણ નથી અને આયુષ્ય પણ બાંધતો નથી. તે સંજ્ઞી જીવોને પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. પાંચ અનુત્તર વિમાનના દેવોમાં આ ગુણસ્થાન હોતું નથી. એકેન્દ્રિય વિકલેન્દ્રિયોમાં પણ હોતું નથી.

આ ગુણસ્થાન અનાદિ મિથ્યાત્વીને આવતું નથી પરંતુ જેઓ એકવાર સમકિત પ્રાપ્ત કરી તેમાંથી ચ્યુત થઈ ગયા છે એવા જીવને જ આ ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકે.

**ચોથું અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન :–** પહેલાં ગુણસ્થાનમાં જે આત્માની અવસ્થારૂપ લક્ષણ કહ્યાં છે, તે અવગુણોની અવસ્થાઓમાં નહીં રહેનારા આ ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે અર્થાત્ ઉક્ત અવગુણોથી વિપરીત ગુણોવાળી આત્મ અવસ્થાને વ્યવહારની અપેક્ષાએ અવિરત સમ્યક્દષ્ટિ ગુણસ્થાન કહે છે.

નિશ્ચય દષ્ટિએ દર્શનમોહનીય કર્મની ત્રણ પ્રકૃતિ અને ચારિત્રમોહની અનંતાનુબંધી ક્રોધ, માન,માયા, લોભ; એ ચાર પ્રકૃતિના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી જીવને આ ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનવાળાની બધા પ્રકારની સમજ અને દષ્ટિકોણ સમ્યક્ હોય છે. તેથી તેને સમ્યક્ દષ્ટિ કહે છે. આ ગુણસ્થાનવાળા કોઈ પણ પ્રકારના પ્રત્યાખ્યાનના ભાવોમાં પરિણત કે પ્રગતિશીલ થતા નથી. ફક્ત સમ્યક્ શ્રદ્ધાન સુધી જ રહે છે. તેથી તેના સમ્યક્દષ્ટિ ગુણની સાથે અવિરત લાગવાથી તેનું પરિપૂર્ણ નામ 'અવિરત સમ્યક્દષ્ટિ' ગુણસ્થાન થાય છે.

આ ગુણસ્થાનવાળાને સમ્યક્ત્વી, સમકિતી, સમ્યક્દષ્ટિ આદિ પણ કહે છે. આ ગુણસ્થાનને ગુણની મુખ્યતાએ સમ્યક્ત્વ અથવા સમકિત પણ કહેવામાં આવે છે. જેમ કે– એકવાર 'સમકિત' આવી જવાથી અર્થાત્ ચોથું ગુણસ્થાન આવી જવાથી જીવ અર્ધપુદ્ગલ પરાવર્તનથી વધારે સમય સંસારમાં પરિભ્રમણ કરતા નથી.

આ ગુણસ્થાનવાળા જિનેશ્વર ભગવંત ભાષિત બધાં સિદ્ધાંતોમાં, જ્ઞાન, ચારિત્ર, તપરૂપ બધાં પ્રવર્તનોમાં અને જીવાદિ પદાર્થોમાં, સમ્યક્ શ્રદ્ધાન/આસ્થા રાખે છે, કથન/પ્રરૂપણ સત્ય કરે છે, હિંસા આદિ પાપ કૃત્યોમાં અતિ આસકત બનતા નથી. તે પાપજનક પ્રવૃત્તિઓમાં, છકાય જીવોની આરંભજનક પ્રવૃત્તિઓમાં ક્યારે ય પણ ધર્મ માનતા નથી. કષાયો તથા કલેશને દીર્ઘકાળ સુધી રાખતા નથી.

આ ગુણસ્થાનમાં આયુષ્ય બાંધનાર જીવ જઘન્ય આ ભવ સહિત ત્રીજા ભવમાં મોક્ષે જાય છે. ઉત્કૃષ્ટ ૧૫ માં ભવે મોક્ષે જાય છે. આ ગુણસ્થાન ચારે ય ગતિના સંજ્ઞી જીવોના અપર્યાપ્ત-પર્યાપ્ત બંનેમાં હોય છે. નિશ્ચય દષ્ટિએ આ ગુણસ્થાનમાં સાત પ્રકૃતિઓના ક્ષય આદિના અનેક વિકલ્પ હોય છે. ક્ષય આદિનો અર્થ આ પ્રમાણે છે– **૧.** ક્ષય– તે પ્રકૃતિની આત્મામાંથી સત્તા(અસ્તિત્વ) સમાપ્ત થઈ જવી. **૨.** ઉપશમ– તે પ્રકૃતિનો કંઈક ઉદય અટકી જવો, સત્તામાં અવરુદ્ધ રહેવું. **૩.** ક્ષયોપશમ– તે પ્રકૃતિનો પ્રદેશોદય થવો, વિપાકોદય અટકવો. અથવા તે પ્રકૃતિનો કંઈક ઉદય અને કંઈક ઉપશમ(અનુદય) હોય તેને પણ ક્ષયોપશમ



કહેવાય છે. બન્ને પરિભાષા ઉપયોગી છે. **૪.** ઉદય – તે પ્રકૃતિનો વિપાકોદય થવો તે ઉદય કહેવાય છે.

**પુનશ્ચ :–** **૧.** ક્ષય–સર્વથા ક્ષય. **૨.** ઉપશમ–સર્વથા અનુદય **૩.** ક્ષયોપશમ–પ્રદેશોદય. **૪.** ઉદય–વિપાકોદય.

સાત પ્રકૃતિઓના કારણે થતાં વિકલ્પો આ પ્રકારે છે–

**૧.** સાત પ્રકૃતિઓનો ક્ષય– ક્ષાયક સમકિત.
**૨.** સાત પ્રકૃતિઓનો ઉપશમ–ઉપશમ સમકિત.
**૩.** ૬ નો ક્ષય, ૧ નો ઉદય–ક્ષાયિક વેદક.
**૪.** ૬ નો ઉપશમ, ૧ નો ઉદય–ઉપશમ વેદક
**૫.** ૬ નો ક્ષયોપશમ, ૧ નો ઉદય–ક્ષયોપશમ સમકિત
**૬.** ૫ નો ક્ષયોપશમ, ૧ નો ઉપશમ,૧ નો ઉદય–ક્ષયોપશમ સમકિત.
**૭.** ૪ નો ક્ષયોપશમ, ૨ નો ઉપશમ, ૧ નો ઉદય–ક્ષયોપશમ સમકિત.
**૮.** ૪ નો ક્ષય, ૩ નો ક્ષયોપશમ
**૯.** ૫ નો ક્ષય, ૨ નો ક્ષયોપશમ
**૧૦.** ૬ નો ક્ષય, ૧ નો ક્ષયોપશમ
**૧૧.** ૪ નો ક્ષય, ૨ નો ક્ષયોપશમ,૧ નું વેદન (સૂક્ષ્મ)
**૧૨.** ૫ નો ક્ષય, ૧ નો ક્ષયોપશમ, ૧ નું વેદન (સૂક્ષ્મતર)

ક્રમાંક ૮ થી ૧૨ ના પાંચ ભાંગા ક્ષાયક સમકિતની પૂર્વ ભૂમિકાના છે. તેમાં અનંતાનુબંધી ચતુષ્કનો નિયમથી સર્વથા ક્ષય હોય છે.

સંક્ષિપ્તમાં આ બધા ભાંગાનો ત્રણ સમકિતમાં સમાવેશ થાય છે. ત્યારે ઉપરના ત્રીજાથી ૧૨ મા સુધીના બધા ભાંગાનો ક્ષયોપશમ સમકિતમાં સમાવેશ થઈ જાય છે અર્થાત્ સાતનો ક્ષય કે સાતે ય ઉપશમ ન હોય ત્યારે તે બધા ક્ષયોપશમ સમકિતની કક્ષાના જ છે.

આ ગુણસ્થાનવર્તી જીવ નરક તિર્યંચનું આયુષ્ય બાંધતા નથી. દેવ અથવા મનુષ્ય એમ બે ગતિનું આયુષ્ય બાંધી શકે છે અર્થાત્ આ ગુણસ્થાનવાળા નારકી-દેવતા ફક્ત મનુષ્યનું અને તિર્યંચ તથા મનુષ્ય ફક્ત દેવતાનું જ આયુષ્ય બાંધે છે અને ચોથા ગુણસ્થાનવર્તી મનુષ્ય-તિર્યંચ વૈમાનિક જાતિના દેવોનું જ આયુષ્ય બાંધે છે, ભવનપતિ,વ્યંતર અને જ્યોતિષી એ ત્રણ જાતિના દેવોનું આયુષ્ય બાંધતા નથી.

આ ગુણસ્થાનવાળા સ્ત્રીવેદ અને નપુંસકવેદનો પણ બંધ કરતા નથી, ફક્ત પુરુષવેદ જ બાંધે છે.

આ ગુણસ્થાનની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સાધિક ૩૩ સાગરોપમની છે. (૬૬ સાગરોપમ કહેવું ભ્રમયુક્ત છે.) એટલા સમય પછી આ ગુણસ્થાન

બદલી જાય છે અર્થાત્ તે જીવ પાંચમા વગેરે ગુણસ્થાનમાં ઉપર ચડે છે અથવા નીચેનાં ગુણસ્થાનોમાં પડે છે. એક ભવમાં આ ગુણસ્થાન હજારો વાર આવી શકે છે અને અનેક ભવોમાં અસંખ્યવાર આવી શકે છે.

ક્ષાયિક સમકિત એક જ વખત આવે છે. તે આવ્યા પછી મનુષ્ય કોઈ પણ આયુષ્ય બાંધતો નથી અને તે જ ભવમાં મોક્ષે જાય છે. જો મનુષ્યને ક્ષાયિક સમકિત આવ્યા પહેલાં ચારે ગતિમાંથી કોઈ ગતિનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો તે ગતિમાં જવું જ પડે છે. નરક-દેવગતિમાં ગયેલા ક્ષાયિક સમકિતી ફરી મનુષ્યનો ભવ પ્રાપ્ત કરી મોક્ષે જાય છે. મનુષ્ય-તિર્યંચનું આયુષ્ય બાંધેલા જીવો મરીને તે ગતિઓમાં જાય છે, ત્યાર પછી દેવગતિ અને તેના પછી મનુષ્ય થઈ મોક્ષે જાય છે. પરંતુ તે ભવો દરમ્યાન તે ક્ષાયિક સમકિત બદલાતું નથી અર્થાત્ એકવાર તે પ્રાપ્ત થયા પછી મોક્ષપર્યંત સદા શા✓ત રહે છે. આ સમકિત માત્ર મનુષ્ય ગતિમાં જ આવે છે, અન્ય ત્રણ ગતિમાં આવતી નથી, આવ્યા પછી કોઈ પણ ગતિમાં રહી શકે છે.

ઉપશમ સમ્યક્ત્વ જીવને એક ભવમાં ઉત્કૃષ્ટ બે વાર અને અનેક ભવોમાં કુલ પાંચ વાર જ આવી શકે છે. ક્ષયોપશમ સમકિતની અપેક્ષાએ જ આ ગુણસ્થાન એક ભવમાં હજારો વાર અને અનેક ભવોમાં અસંખ્ય વાર આવે છે.

ઉપશમ સમકિતવાળા જ મિથ્યાત્વમાં જતી વખતે બીજા ગુણસ્થાનનો સ્પર્શ કરે છે. ક્ષયોપશમ સમકિતવાળા તો છટ્ઠા, પાંચમા, ચોથા ગુણસ્થાનેથી સીધાં મિથ્યાત્વ ગુણસ્થાને જઈ શકે છે અને ૭મા, ૮મા, ૯મા, ૧૦મા, ૧૧મા ગુણસ્થાન-વાળા સીધાં ચોથા ગુણસ્થાને જઈ શકે છે.

**પાંચમું દેશવિરત (શ્રાવક) ગુણસ્થાન :–** કોઈ પણ સમ્યક્ત્વવાળો જીવ જ્યારે સમ્યક્શ્રદ્ધાની સાથે વ્રત પ્રત્યાખ્યાનની રુચિવાળા હોય છે અથવા વ્રત પ્રત્યાખ્યાન ધારણ કરે છે, પાપોનો દેશતઃ ત્યાગ કરે છે, તેને વ્યવહારથી પાંચમું દેશવિરત ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનવાળાને શ્રાવક કે શ્રમણોપાસક કહેવાય છે.

નિશ્ચય દષ્ટિએ મોહનીય કર્મની અપ્રત્યાખ્યાની કષાય ચતુષ્ક રૂપ ચાર પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે અર્થાત્ સાત પ્રકૃતિ ચોથા ગુણસ્થાને કહી છે, તે સહિત કુલ અગિયાર પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી આ ગુણસ્થાન આવે છે.

આ ગુણસ્થાનવાળામાં ચોથા ગુણસ્થાનવાળા બધાં લક્ષણ હોય છે. વિશેષમાં તેનામાં વ્રતધારણ અથવા પ્રત્યાખ્યાન રુચિનો વિકાસ હોય છે, શ્રાવકનાં ૧૨ વ્રતોમાંથી અનુકૂળતા અનુસાર એક યા અનેક અથવા બધાં વ્રતોને ધારણ કરે છે. આગળ વધીને તે શ્રાવકની ૧૧ પ્રતિમા ધારણ કરે છે. ત્રણ મનોરથનું ચિંતન કરે



છે. રોજના ૧૪ નિયમ ધારણ કરીને સામાયિક કરે છે. મહીનામાં ઓછામાં ઓછા છ પૌષધ કરે છે.

જીવ અજીવ આદિ તત્ત્વોના જ્ઞાતા બને છે. ક્રમશઃ અનેક શાસ્ત્રોમાં અને જિનમતમાં વિશારદ–કોવિદ–બહુશ્રુત થઈ દેવો સાથે પણ વાદ વિવાદ કરી વિજય પ્રાપ્ત કરવા યોગ્ય થઈ શકે છે. પોતાના ધર્મમાં એવી દઢ આસ્થાવાળા બને છે કે દેવ દાનવની સંપૂર્ણ શક્તિથી યુક્ત કષ્ટ સહેવા છતાં વિચલિત થતા નથી.

આ ગુણસ્થાનવર્તી જીવ પોતાના જીવનમાં દીક્ષા લેવાનો સદા મનોરથ રાખે છે. દીક્ષા લેનારના હાર્દિક સહયોગી થાય છે, દીક્ષિત શ્રમણ નિર્ગ્રંથોના હાર્દિક સ્વાગત ભક્તિ વિનય વંદના કરે છે અને તેની પર્યુપાસના સેવા કરે છે. ભક્તિ અને ઉત્સાહથી તેમને સંયમ યોગ્ય કલ્પનીય આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ, ભેષજ, મકાન, પાટ આદિનું નિર્દોષ દાન દઈને પ્રતિલાભિત કરે છે. શ્રમણ નિર્ગ્રંથોને જોઈને જ, તેના દર્શન થતાં જ તેના આત્મામાં પ્રસન્નતાની લહેર વ્યાપી જાય છે. તેથી આ ગુણસ્થાનવાળાને શ્રમણ+ઉપાસક = શ્રમણોપાસક એવું સાર્થક નામ આપેલું છે.

આ ગુણસ્થાનમાં મરવાવાળા કે આયુબંધ કરવાવાળા કેવળ વૈમાનિક દેવ રૂપ દેવગતિ જ પ્રાપ્ત કરે છે, અન્ય કોઈ પણ ગતિ કે દંડકમાં જતા નથી. વૈમાનિકમાં પણ ૧૨ દેવલોક અને ૯ લોકાંતિકમાં જ જાય છે.

આ ગુણસ્થાન જીવને એક ભવમાં ઉત્કૃષ્ટ અનેક હજારવાર અને આઠ ભવમાં પણ ઉત્કૃષ્ટ અનેક હજારવાર આવી શકે છે અર્થાત્ તેટલીવાર તે ગુણસ્થાન આવે અને જાય તેવું થઈ શકે છે. આ ગુણસ્થાન છૂટવાના અનેક રસ્તા છે– (૧) ઉપરના ગુણસ્થાનોમાં જવું (૨) મિથ્યાત્વઆદિ રૂપે નીચે જવું (૩) આયુષ્ય પૂર્ણ થવાથી સ્વતઃ આ ગુણસ્થાન છૂટી જવું અને ચોથા ગુણસ્થાનને પ્રાપ્ત કરવું. આયુષ્ય સમાપ્ત થવાથી આ ગુણસ્થાનવાળા દેવલોકમાં જાય છે અને ત્યાં પાંચમા આદિ ઉપરના ગુણસ્થાનોનો સ્વભાવ ન હોવાથી સ્વાભાવિક ચોથું ગુણસ્થાન આવી જાય છે.

આ ગુણસ્થાનની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વ વર્ષોની હોય છે અર્થાત્ આખા ભવ સુધી નિરંતર પણ આ ગુણસ્થાન રહી શકે છે. મનુષ્ય અને તિર્યંચ એમ બે ગતિમાં જ સંજ્ઞી જીવોના પર્યાપ્તમાં આ ગુણસ્થાન હોય છે. તિર્છાલોકના અઢી દ્વીપમાં મનુષ્ય, તિર્યંચોને આ ગુણસ્થાન હોય છે અને અઢી દ્વીપની બહાર માત્ર સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને જ હોય છે. મનુષ્યની અપેક્ષાએ આ ગુણસ્થાનવાળા લોકમાં સંખ્યાત હોય છે અને તિર્યંચની અપેક્ષાએ અસંખ્ય હોય છે. આ ગુણસ્થાનમાં આયુષ્ય બાંધનારા કે મરનારા ઓછામાં ઓછા ત્રણ ભવ(વર્તમાન ભવ સહિત) અને ઉત્કૃષ્ટ ૧૫ ભવ કરીને મોક્ષે જાય છે.

**છઠ્ઠું પ્રમત્ત સંયત ગુણસ્થાન :–** જે મનુષ્ય ભાવપૂર્વક સંયમ સ્વીકારે છે, જિનશાસનમાં પ્રવ્રજિત થાય છે, મુનિ બને છે અને ઉત્તરોત્તર સંયમ ગુણોનો વિકાસ કરતાં ભગવદાજ્ઞાનું પાલન કરે છે, તેને વ્યવહારની અપેક્ષાએ આ છઠ્ઠું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. નિશ્ચય દૃષ્ટિએ પૂર્વોક્ત ૧૧ પ્રકૃતિ અને પ્રત્યાખ્યાનાવરણ કષાય ચતુષ્ક એમ કુલ ૧૫ પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

વ્યવહારની અપેક્ષાએ ચોથા ગુણસ્થાનમાં બતાવેલા બધા ગુણોથી તો તેઓ સંપન્ન હોય જ છે પરંતુ તે ગુણોના અભાવમાં આ ગુણસ્થાન કે ઉપરના કોઈ પણ ગુણસ્થાન રહેતા નથી.

આ ગુણસ્થાન અને ત્યાર પછીના બધા ગુણસ્થાન માત્ર મનુષ્યગતિમાં જ હોય છે. શેષ ત્રણ ગતિમાં હોતાં નથી. એક જીવને આ ગુણસ્થાન અધિકતમ આઠ ભવમાં આવી શકે છે. એક ભવમાં આ ગુણસ્થાન સેંકડોવાર આવી શકે છે અને આઠ ભવોમાં પણ સેંકડોવાર આવી શકે છે. આ ગુણસ્થાનમાં આયુષ્ય બાંધનારા અને મરનારા વૈમાનિક દેવનાં ૩૫ સ્થાનોમાં ઉત્પન્ન થઈ શકે છે, અન્યત્ર ક્યાંય પણ ઉત્પન્ન થતા નથી. આ ગુણસ્થાનમાં જીવ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વ વર્ષ સુધી સ્થિર રહી શકે છે.

ગુણસંપન્ન જૈન શ્રમણ અને શ્રમણીઓ આ ગુણસ્થાનના અધિકારી હોય છે. શરીર સંબંધી પ્રમાદરૂપ પ્રવૃત્તિઓથી યુક્ત હોવાના કારણે આ ગુણસ્થાનનું નામ 'પ્રમત્ત સંયત' છે. તે પ્રવૃત્તિઓ આ પ્રકારે છે– ગોચરી લાવવી, આહાર કરવો, મલમૂત્ર ત્યાગવા, સૂઈ જવું, વસ્ત્ર પાત્રાદિ ઉપકરણોનું અને શરીરનું પરિકર્મ, સુશ્રુષા કરવી આદિ મુનિજીવનના પ્રમાદો છે. અન્ય મદ્ય, નિંદા, વિષય, કષાય અને વિકથા વગેરે મુનિજીવનને યોગ્ય જ નથી; તેને અહીં સમજવા નહીં.

જીવને આ ગુણસ્થાન જ્યારે પણ આવે છે, ત્યારે સાતમા ગુણસ્થાને થઈને જ આવે છે. કોઈ પણ ગુણસ્થાનવાળા સીધા અહીં આવતા નથી. આ ગુણસ્થાન-વાળા પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, રાત્રિભોજનનો ત્યાગ અને અન્ય અનેક ભગવદાજ્ઞાઓનું પાલન કરે છે. સંપૂર્ણ ૧૮ પાપોના ત્યાગી હોય છે. કોઈ પણ પાપકાર્યની, સાવદ્યકાર્યની, છકાય જીવોની હિંસામૂલક પ્રવૃત્તિઓની પ્રેરણા કે પ્રરૂપણા પણ કરતા નથી. ત્રણ કરણ ત્રણ યોગથી દરેક નાની મોટી સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરે છે. સદા સરળ, નિષ્કપટ રહે છે, યથાસમય સ્વાધ્યાય ધ્યાનમાં સદા પ્રયત્નશીલ રહે છે.

**સાતમું અપ્રમત્ત સંયત ગુણસ્થાન :–** છઠ્ઠા ગુણસ્થાનમાં જણાવેલાં બધાં લક્ષણોથી યુક્ત જીવ જ્યારે શરીર અને ઉપકરણ સંબંધી પ્રમાદ પ્રવૃત્તિઓ કરે



નહીં અથવા પ્રવૃત્તિ હોવા છતાં ભાવથી નિસ્પૃહ રહે છે, તપ, સ્વાધ્યાય, ધ્યાન અને આત્મચિંતનમાં લીન થાય છે, આહારસંજ્ઞા આદિથી રહિત થાય છે, માત્ર આત્મલક્ષી પરિણામોમાં વર્તે છે, ત્યારે તે શ્રમણમાં આ સાતમું અપ્રમત્ત સંયત ગુણસ્થાન હોય છે. નિશ્ચય દૃષ્ટિએ તેમાં ઉપરોક્ત ૧૫ પ્રકૃતિઓના ક્ષય આદિ છઠ્ઠા ગુણસ્થાનની જેમ જ રહે છે.

જીવને સંયમભાવમાં પ્રવેશતાં જ સર્વપ્રથમ આ ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી જ છઠ્ઠા કે આઠમા ગુણસ્થાને જાય છે અર્થાત્ એ સંયમનું પ્રવેશદ્વાર છે.

આ ગુણસ્થાન વ્યવહારથી શ્રમણધર્મ સ્વીકાર કરનારમાં હોવા ઉપરાંત કદાચિત્ ગૃહસ્થલિંગમાં અને અન્ય મતાવલંબીના લિંગ–વેશભૂષામાં પણ ભાવથી હોઈ શકે છે.

આ ગુણસ્થાનની સ્થિતિ પ્રારંભમાં આવે ત્યારે જઘન્ય અંતર્મુહૂર્તની હોય છે અને પુનઃ આવે ત્યારે જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની હોય છે. એક ભવમાં આ ગુણસ્થાન સેંકડો, હજારોવાર આવી-જઈ શકે છે અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાને હજારોવાર આવ-જા કરે છે.

આ ગુણસ્થાનમાં આયુષ્યબંધનો પ્રારંભ કરવામાં આવતો નથી. છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રારંભ કર્યો હોય તે અહીં પૂર્ણ કરી શકાય છે, એ અપેક્ષાએ તેમાં આયુબંધ કરે છે. આ ગુણસ્થાનમાં જીવ મરણ પામે તો ગતિ કેવળ વૈમાનિકની જ હોય છે, તે છઠ્ઠા ગુણસ્થાન પ્રમાણે જ છે. આ ગુણસ્થાનવાળા મરીને પાંચ અણુત્તર વિમાનમાં પણ જઈ શકે છે, છઠ્ઠા ગુણસ્થાનમાં મરનાર ત્યાં જઈ શકતા નથી.

આ ગુણસ્થાન પણ ઉત્કૃષ્ટ આઠ ભવમાં જ આવી શકે છે. આ ગુણસ્થાન-વાળા છઠ્ઠા ગુણસ્થાનથી નીચે જતાં નથી. પરંતુ આયુષ્યપૂર્ણ થાય તો સીધા ચોથે ગુણસ્થાને જઈ શકે છે.

**આઠમું નિવૃત્તિ બાદર ગુણસ્થાન :–** આ ગુણસ્થાન નિશ્ચય દૃષ્ટિએ જ આવે છે. વ્યવહાર દૃષ્ટિએ સાત ગુણસ્થાન જ જાણવામાં આવે છે. માટે શુક્લધ્યાન અને અપૂર્વકરણ–ગુણશ્રેણી પ્રારંભ કરવાથી આ ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે.

મોહનીયની જેટલી પણ પ્રકૃતિ સાતમા ગુણસ્થાન સુધી ક્ષયોપશમમાં હોય છે, તે અહીં પરિવર્તિત થઈ જાય છે અર્થાત્ આ ગુણસ્થાનમાં મોહનીય કર્મની પ્રકૃતિઓનો ક્ષય કે ઉપશમ જ રહે છે, ક્ષયોપશમ થતો નથી, રહેતો પણ નથી. તેથી જ આ અને ત્યાર પછીના ગુણસ્થાનોમાં ક્ષયોપશમ સમકિત હોતું નથી, ઉપશમ અને ક્ષાયિક એ બે જ સમકિત હોય છે.

તેથી અહીં ચારિત્ર મોહનીય કર્મની અપેક્ષાએ બે શ્રેણીઓ હોય છે. (૧) ઉપશમ શ્રેણી (૨) ક્ષપકશ્રેણી. ઉપશમ શ્રેણી કરનારા યથાયોગ્ય પ્રકૃતિઓનો

ઉપશમ કરતાં કરતાં અગિયારમા ગુણસ્થાન સુધી જાય છે અને ક્ષપક શ્રેણી કરનારા યથાયોગ્ય પ્રકૃતિઓનો પૂર્ણ ક્ષય કરતાં ક્રમશઃ ઉપર ચડે છે પરંતુ અગિયારમા ગુણસ્થાનને છોડી સીધા બારમા ગુણસ્થાનમાં જાય છે.

આ ગુણસ્થાનમાં ધર્મધ્યાન જ આગળ વધીને શુક્લધ્યાનમાં પરિવર્તિત થઈ જાય છે અર્થાત્ આ ગુણસ્થાનથી શુક્લધ્યાનનો પ્રારંભ થાય છે. આ ગુણસ્થાનમાં રહેલા જીવના હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા; આ છ મોહનીયની પ્રકૃતિઓનો યથાક્રમે ક્ષય અથવા ઉપશમ થાય છે.

ક્ષપકશ્રેણી પ્રારંભ કરવાવાળા તે જ ભવમાં મુક્ત થાય છે અને ઉપશમ શ્રેણી કરવાવાળા તે જ ભવમાં મુક્ત થતા નથી પરંતુ શ્રેણીથી પડે છે, સાતમા વગેરે કોઈ પણ ગુણસ્થાને પહોંચી ત્યાંની ગતિ મેળવી લે છે. આ ગુણસ્થાનમાં અને આગળનાં ગુણસ્થાનોમાં આયુબંધ થતો નથી, મૃત્યુ થઈ શકે છે. આ ગુણસ્થાનમાં મરનારા પાંચ અનુત્તર વિમાનમાં જ જાય છે. આ ગુણસ્થાનમાં કાળ કરનારા જઘન્ય ત્રીજા ભવમાં અને ઉત્કૃષ્ટ ૧૫ મા ભવમાં મોક્ષે જાય છે.

આ ગુણસ્થાનમાં કાળ ન કરે તો કોઈ જીવ નીચેના ગુણસ્થાને પડે તો ઉત્કૃષ્ટ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્તન જેટલો અનંતકાળ પણ સંસારમાં રહી શકે છે. આ ગુણસ્થાન એક ભવમાં ઉત્કૃષ્ટ ચાર વખત અને ત્રણ ભવોમાં ઉત્કૃષ્ટ નવ વખત આવી શકે છે.

આ ગુણસ્થાનવાળા પ્રથમવાર તો ચડતી વખતે નવમા ગુણસ્થાને જ જાય છે, પાછો પડતી વખતે સાતમે પણ જઈ શકે છે, અન્ય કોઈ ગુણસ્થાને સીધા જતાં-આવતાં નથી, ક્યારે ય પણ કાળ કરે તો તે સમયે સીધા ચોથા ગુણસ્થાને જઈ શકે છે.

આઠમા ગુણસ્થાનનું સ્વરૂપ તો સ્પષ્ટ સમજાય તેવું છે, પરંતુ આ ગુણસ્થાન અને નવમા ગુણસ્થાનના નામોથી મતલબ સમજવા લાગીએ તો કેટલાક પ્રશ્નો અને સમાધાન ઊભા થાય છે. તે સૂક્ષ્મતામાં સામાન્ય પાઠકોએ જવાની જરૂર નથી. વાસ્તવમાં એ બંનેનાં નામ ખરેખર પરંપરામાં ક્યારે ય લિપિ પ્રમાદના દોષથી આડાં અવળાં થઈ ગયા હોય એવી સંભાવના છે. તેથી નામના વિવાદમાં પડવું ન જોઈએ. આ ગુણસ્થાનના પ્રારંભમાં ક્ષયોપશમ સમકિત સમાપ્ત થઈ જાય છે અને સમકિત મોહનીયનો ઉદય પણ અટકી જાય છે. ત્યાર પછી યથાક્રમે હાસ્યાદિ છ પ્રકૃતિઓનો ઉદય અટકવાથી જીવ આગળ વધે છે.

**નવમું અનિવૃત્તિ બાદર ગુણસ્થાન :–** હાસ્યાદિ છ પ્રકૃતિઓના પૂર્ણ ક્ષય અથવા ઉપશમ થવાથી જીવ આ ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે અને અહીં રહેલો જીવ ત્રણે ય વેદ અને સંજ્વલનનાં ક્રોધ, માન, માયાના ઉદયને અનુક્રમથી રોકે છે



અર્થાત્ તેનો ક્ષય અથવા ઉપશમ કરે છે. અંતે સંજ્વલન માયાનો ઉદય અટકવાથી આ ગુણસ્થાનવાળા જીવ દસમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. શેષ આ ગુણસ્થાનનું વર્ણન આઠમા ગુણસ્થાન પ્રમાણે સમજી લેવું.

**નામ પ્રમાણે કરવામાં આવતી પરિભાષા–** નિવૃત્તિ બાદર આઠમા ગુણસ્થાનમાં ઉપશામક અને ક્ષપક બંને પ્રકારના જીવો છે તેમાં જે સમસમયવર્તી હોય છે તે જીવોનાં પરિણામોમાં ભિન્નતા રહે છે. તે ભિન્નતાને સૂચવવા માટે 'નિવૃત્તિ' શબ્દ નો પ્રયોગ કરવામાં આવ્યો છે. નવમા અનિવૃત્તિ બાદર ગુણસ્થાનમાં આવનાર સમસમયવર્તી જીવોનાં પરિણામોમાં ભિન્નતા હોતી નથી, તે સૂચવવા માટે 'અનિવૃત્તિ' શબ્દનો પ્રયોગ કરેલ છે. બન્ને ગુણસ્થાનોમાં બાદર કષાય હોય છે, માટે બાદર શબ્દ રાખવામાં આવ્યો છે. આ પ્રકારે આ બન્ને ગુણસ્થાનોનાં નામ નિવૃત્તિ બાદર અને અનિવૃત્તિ બાદર સમજી શકાય છે.

**દસમું સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન :–** સંપરાયનો અર્થ છે કષાય. અહીં માત્ર સંજ્વલન લોભ બાકી રહે છે. શેષ સંજ્વલન ક્રોધ માન માયાનો ઉદય સમાપ્ત થવાથી જીવ નવમા ગુણસ્થાનેથી દસમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. દસમા ગુણસ્થાનમાં અંતિમ સમય સુધી સંજ્વલનના લોભનો ઉદય રહે છે, ત્યાર પછી ઉપશમ શ્રેણીવાળા તેનો ઉપશમ કરીને અગિયારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

આ ગુણસ્થાનની સ્થિતિ ગતિ આદિ સંપૂર્ણ વર્ણન આઠમા ગુણસ્થાન પ્રમાણે છે. વિશેષતા એ છે કે આ ગુણસ્થાનવાળા ઉપર બે ગુણસ્થાનમાં જઈ શકે છે– અગિયારમે અને બારમે. નીચે માત્ર નવમે જઈ શકે છે અને કાળ કરે તો ચોથે ગુણસ્થાને જાય છે.

આ ગુણસ્થાન જીવને ઉત્કૃષ્ટ ત્રણ ભવોમાં આવી શકે છે. એક ભવમાં ઉત્કૃષ્ટ ચાર વાર અને ત્રણ ભવોમાં ઉત્કૃષ્ટ નવ વાર આવી શકે છે. જે ભવમાં મોક્ષે જાય છે તે ભવમાં તો એક જ વાર આવે છે.

આઠમા, નવમા અને દસમા ગુણસ્થાને પરિણામ હાયમાન અને વર્ધમાન બંને પ્રકારે હોય છે. શ્રેણીથી પડવાવાળાની અપેક્ષાએ હાયમાન અને શ્રેણી ચઢ નારાની અપેક્ષાએ વર્ધમાન પરિણામ હોય છે.

આ ગુણસ્થાનવાળામાં ૪ જ્ઞાન+૩ દર્શન = ૭ હોય શકે છે પરંતુ ઉપયોગ માત્ર જ્ઞાનોપયોગ સાકારોપયોગ જ હોય છે.

**અગિયારમું ઉપશાંત મોહ ગુણસ્થાન :–** સંજ્વલન લોભ ઉપશમ થવાથી સંપૂર્ણ મોહનીય કર્મનો ઉદય સમાપ્ત થઈ જાય છે. ત્યારે ઉપશમ શ્રેણીવાળા દસમા ગુણસ્થાનવર્તી જીવ અગિયારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

માત્ર અંતર્મુહૂર્ત જેટલા સમયને માટે જ, લોભનો ઉપશમ કરી શકાય છે.

તેથી આ ગુણસ્થાનવાળા લોભનો ઉપશમ સમાપ્ત થવા પર અર્થાત્ સ્થિતિ પૂર્ણ થવા પર પુનઃ ઉદયાભિમુખી થવાથી દસમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. આ ગુણસ્થાનવાળા આગળ બારમા ગુણસ્થાને જતા નથી.

આ ગુણસ્થાનવાળાને મોહ, રાગ, દ્વેષ નહીં હોવાથી વીતરાગ પણ કહેવાય છે, તેનું પૂર્ણ નામ ઉપશાંત મોહ વીતરાગ કહેવામાં આવે છે.

આ ગુણસ્થાન એક ભવમાં બે વાર અને ઉત્કૃષ્ટ બે ભવમાં ચાર વાર આવી શકે છે. આ ગુણસ્થાનમાં ઉપશમ સમકિત અને ક્ષાયિક સમકિત બંને હોય શકે છે. તેના ચારિત્રને યથાખ્યાત ચારિત્ર કહે છે. શેષ વર્ણન પૂર્વ ગુણસ્થાન પ્રમાણે છે.

અહીં અગિયાર ગુણસ્થાનોમાં મોહકર્મની અપેક્ષાએ વિચાર કરવામાં આવ્યો છે, અન્ય કર્મોનો પણ યથાયોગ્ય ઉદયવિચાર અન્યત્રથી જાણી લેવા જોઈએ.

અહીં અગિયારમા ગુણસ્થાને માત્ર સાતા વેદનીય કર્મ સિવાય બધાં કર્મનો બંધ અટકી જાય છે. સાતા વેદનીય કર્મ પણ માત્ર બે સમયની સ્થિતિનું બાંધે છે, જે બંધ નામ માત્રનો જ છે. આ ગુણસ્થાનમાં ફક્ત અવસ્થિત પરિણામ રહે છે. આ ગુણસ્થાનની સમયમર્યાદા પૂરી થયા બાદ હાયમાન પરિણામ થાય છે, ત્યારે દસમું ગુણસ્થાન શરૂ થઈ જાય છે. પરંતુ આ ગુણસ્થાનની સ્થિતિમાં હાયમાન પરિણામ હોતાં નથી.

**બારમું ક્ષીણ મોહ ગુણસ્થાન :–** દસમા ગુણસ્થાને રહેલા ક્ષપક શ્રેણી-વાળા જીવ, સંજ્વલનના લોભનો ક્ષય થવાથી, મોહનીય કર્મની બધી જ પ્રકૃતિ ક્ષય થઈ જવાથી આ બારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે તેથી તેને ક્ષીણમોહ ગુણસ્થાન કહે છે. આ ગુણસ્થાનને અંતે જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય; એ ત્રણ ઘાતી કર્મોનો ક્ષય કરે છે.

આ ગુણસ્થાનની જઘન્ય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની સ્થિતિ હોય છે. એક સમયની સ્થિતિ હોતી નથી. આ ગુણસ્થાને કોઈ જીવ મરતો નથી. અહીં માત્ર વર્ધમાન પરિણામ જ હોય છે. હાયમાન અને અવસ્થિત પરિણામ હોતાં નથી.

**તેરમું સયોગી કેવળી ગુણસ્થાન :–** બારમા ગુણસ્થાનના અંતિમ સમયે ત્રણ કર્મ ક્ષય થવાથી કેવળજ્ઞાન કેવળદર્શન પ્રગટ થાય છે. ત્યારે જીવને આ તેરમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનવાળા સર્વજ્ઞ સર્વદર્શી કહેવાય છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વની હોય છે. તેમાં અપેક્ષિત મન, વચન, કાયાના યોગ પ્રવર્તે છે, તેથી તેને સયોગી કેવળી ગુણસ્થાન કહે છે. આ ગુણસ્થાનમાં સામાન્ય કેવળી અને તીર્થંકર કેવળી બંને હોય છે. વધારે આયુષ્યવાળા કેવળજ્ઞાન પર્યાયમાં વિચરણ કરે છે. મુહૂર્ત માત્ર આયુષ્ય બાકી રહે ત્યારે કેવળીનું આયોજીકરણ થાય છે, જેમાં મુક્ત થવા પહેલાંની પ્રક્રિયાઓ શરૂ



થાય છે, જેમ કે– જવાબદારીના કર્તવ્ય પુરાં કરવાં, બીજાની જવાબદારીના કાર્ય તેમને સોંપવા, જરૂર હોય તો કેવળી સમુદ્ઘાત કરવો, પાટ આદિ યથાસ્થાને પહોંચાડવા, પછી યોગ નિરોધ કરવો, જેમાં ક્રમશઃ મન, વચન, કાયાના યોગોનો નિરોધ કરવો, શૈલેષી અવસ્થા પ્રાપ્ત કરવી; એ બધી અવસ્થાઓ આ ગુણસ્થાનમાં હોય છે. શૈલેષી અવસ્થા અને યોગ નિરોધ જ્યારે પૂર્ણ થાય છે ત્યારે જીવના ૧૩ માં ગુણસ્થાનનો સમય પૂરો થઈ જાય છે. આ ગુણસ્થાનમાં પ્રાયઃ અવસ્થિત પરિણામ જ રહે છે પરંતુ અંતિમ સમયના અંતર્મુહૂર્તમાં પરિણામ વર્ધમાન હોય છે, જેમાં યોગ નિરોધ થાય છે.

**ચૌદમું અયોગી કેવલી ગુણસ્થાન :–** તેરમા ગુણસ્થાનના અંતિમ અંતર્મુહૂર્ત સમયની પ્રક્રિયાઓમાં યોગનિરોધ ક્રિયા અને શૈલેષી અવસ્થા પૂર્ણ થતાં જીવ ૧૪ મા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. આ ગુણસ્થાનમાં શરૂઆતથી જ શરીરના ૨/૩ ભાગમાં આત્મપ્રદેશ અવસ્થિત થઈ જાય છે. શરીરમાં તેનું કંપન પણ બંધ થઈ જાય છે. ✓ાસો✓ાસ ક્રિયા પણ બંધ થઈ જાય છે.

આ ગુણસ્થાને માત્ર વર્ધમાન પરિણામ હોય છે. પાંચ લઘુ અક્ષર ઉચ્ચારણ જેટલા સમયની તેની સ્થિતિ છે (અ, ઈ, ઉ, ઋ, લૃ એ પાંચ લઘુ અક્ષર છે). સ્થિતિ પૂર્ણ થતાં અંતિમ સમયે અઘાતિકર્મોનો ક્ષય કરી જીવ સંપૂર્ણ કર્મરહિત, નિરંજન, નિરાકાર, પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

મુક્ત થતાં જીવ,ચાર કર્મની નિર્જરા કરતાં, ત્રણ શરીરોને છોડતાં ઋજુ શ્રેણીએ, અસ્પર્શદ્ ગતિએ સાકારોપયોગમાં વર્તતાં સિદ્ધ થાય છે. ત્યારે જીવ ૧૪ મા ગુણસ્થાનને પણ છોડી આત્મસ્વરૂપી સિદ્ધ અવસ્થામાં સદાને માટે સાદિ અનંત સ્થિતિમાં લોકાગ્રે અવસ્થિત થાય છે. તે સિદ્ધોના આત્મપ્રદેશ અંતિમ શરીરના ૨/૩ ભાગની અવગાહનાએ શરીર સંસ્થાનના ઘનરૂપે અવસ્થિત રહે છે.

**વિશેષ જ્ઞાતવ્ય :–** *આ ૧૪ ગુણસ્થાનોનું સામાન્ય સ્વરૂપ પૂર્ણ થયું. ૫મા આરાના આ વર્તમાન સમયે ૧૪ ગુણસ્થાનોમાંથી ૭ ગુણસ્થાનો જીવોમાં થઈ શકે છે. ૮માથી ઉપરનાં બધાં ગુણસ્થાનો અત્યારના જન્મેલા મનુષ્યોમાં હોતા નથી એવો કાલ સ્વભાવ છે.*

*અગિયારમા ગુણસ્થાને ચડેલા જીવોનો વધારે સંસાર બાકી હોય તો ચારે ગતિમાં અનંતાનંત ભવ કરી શકે છે. આરાધક થવાવાળા જીવો ઉત્કૃષ્ટ પંદર ભવથી વધારે કરતા નથી, અને જઘન્ય ત્રીજા ભવે પણ મોક્ષે જાય છે. આ ગુણસ્થાનવાળા કોઈ તરત જ પહેલા ગુણસ્થાનમાં જાય છે. કોઈક વચમાં જ રોકાઈ જાય છે. આ ગુણસ્થાને કાળ કરવાવાળા નિયમથી અણુત્તર વિમાનમાં જ જાય છે અને ત્યાં તેત્રીશ સાગરોપમની સ્થિતિ જ પ્રાપ્ત કરે છે. આ ગુણસ્થાનમાં કાળ કરનારા જીવો નિયમા આરાધક હોય છે માટે નરક તિર્યંચમાં ક્યારે ય જતા નથી. તેમજ પાંચમાથી દસમા સુધીના ગુણસ્થાનમાં*

*કાળ કરવાવાળા જીવો પણ નિયમા આરાધક હોય છે તે જીવો પણ નરક તિર્યંચમાં ક્યારે ય જતા નથી અને ઉત્કૃષ્ટ પંદર ભવથી વધારે સંસારમાં રહેતા પણ નથી.*

*ચોથા ગુણસ્થાનમાં આયુષ્યનો બંધ કરવાવાળા જીવો માટે પણ એ જ ઉપર કહેલ નિયમ છે. પરંતુ ચોથા ગુણસ્થાનમાં કાળ કરનાર માટે એવો નિયમ લાગતો નથી. જો આ ગુણસ્થાનમાં મરનાર ક્ષાયિક સમકિતવાળા હોય તો ત્રીજા કે ચોથા ભવે નિયમથી મોક્ષે જાય છે.*

*ચોથા ગુણસ્થાનના ઉપશમ સમકિતવાળા જીવો માટે બે મત છે. (૧) તે નિયમથી પહેલા ગુણસ્થાનમાં જાય છે. (૨) ઉપશમ સમકિતથી ક્ષયોપશમ સમકિતમાં ચાલ્યા જાય છે. આ બંને માન્યતાઓ અપેક્ષાથી ચાલે છે. આગમથી ચિંતન કરતાં ઉપશમ સમકિતની બંને અવસ્થાઓ સ્વીકાર કરવા યોગ્ય છે અર્થાત્ ઉપશમ સમકિતવાળા જીવ મિથ્યાત્વમાં પણ જાય અને ક્ષયોપશમ સમકિતમાં પણ જઈ શકે છે.*

*ગુણસ્થાનોના વિશેષ સ્વરૂપ માટે ચાર્ટમાં ૨૫ દ્વારથી વર્ણન કરવામાં આવ્યું છે.*

□ □ □ □ □

## ગુણસ્થાનના ચાર્ટ સંબંધી નોંધ

(૧) પરીષહ– આઠમા ગુણસ્થાનમાં દર્શન પરીષહ હોતા નથી. નવમાં ગુણસ્થાનમાં અરતિ, ભય, જુગુપ્સા આ ત્રણ મોહનીય કર્મની પ્રકૃતિ નહીં હોવાથી– અરતિ, નિષદ્યા, અચેલ આ ત્રણ પરીષહ હોતા નથી. (૨) સમુદ્ઘાત– ૧૦, ૧૧, ૧૨ ગુણસ્થાનમા સમુદ્ઘાત નહીં હોય, આ ભગવતી શ.–૨૫, ઉ.–૬, ૭થી સ્પષ્ટ થાય છે. અણુત્તર વિમાનમા અપ્રમત(સાતમાં) ગુણસ્થાનવાળા જ જાય છે માટે સાતમા ગુણસ્તાન સુધી મરણ સમુદ્ઘાત હોય છે. શ્રેણી પછીના ગુણસ્થાનોંમાં આ સમુદ્ઘાતો હોતી નથી એવું ફલિત થાય છે. (૩) આઠ થી ૧૨ ગુણસ્થાન સુધી ઉત્કૃષ્ટ અનેક સૌ જીવ મળી શકે છે. એક સમયમોં પ્રવેશ કરવાવાળાની ઉત્કૃષ્ટ સંખ્યા ૫૪ આદિ કહી છે પરંતુ અંતર્મુહૂર્તની સ્થિતિમાં બીજા પણ ૫૪ આદિ આવી શકવાથી અનેક સૌ ની સંખ્યા થઈ જાય છે. ૧૪મા ગુણસ્થાનમો પણ એમ જ સમજવું. ૧૩માની સ્થિતિ ઘણા વર્ષોની હોવાથી તે ગુણસ્થાન શા✓ત છે માટે તેમાં અનેક કરોડ કેવલી મળે છે.



## ગુણસ્થાનોમાં ૨૫ દ્વાર

| ગુણ સ્થાન | ૧ યોગ | ૨ જ્ઞાન અજ્ઞાન | ૩ દર્શન | ૪ લેશ્યા | ૫ જીવના ભેદ | ૬ કર્મ બંધ | ૭ ઉદય | ૮ ઉદીરણા | ૯ સત્તા | ૧૦ નિર્જરા | ૧૧ ચારિત્ર | ૧૨ નિયંઠા | ૧૩ પરીષહ | ૧૪ ગુણસ્થાન આગત | ૧૫ ગુણસ્થાન આગત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પહેલો | ક્ષ઼ઘ | ઘ અ. | ઘ | ણ | ક્ષ , | જ્ઞળટ | ટ | ણળજ્ઞળટ | ટ | ટ | અસંયમ | ૨ | ૨ | ×લઘલ,લપલણ | ઘલ,લપલજ્ઞ |
| બીજો | ક્ષ઼ઘ | ઘ જ્ઞા. | ઘ | ણ | ણ | જ્ઞળટ | ટ | ણળજ્ઞળટ | ટ | ટ | " | ૨ | ૨ | ,લપલણ | ક્ષ |
| ત્રીજો | ક્ષ ડ | ઘ અ. | ઘ | ણ | ક્ષ | જ્ઞ | ટ | ણળજ્ઞળટ | ટ | ટ | " | ૨ | ૨ | ક્ષલ,લપલણ | ક્ષલ,લપલજ્ઞ |
| ચૌથા | ક્ષ઼ઘ | ઘ જ્ઞા. | ઘ | ણ | × | જ્ઞળટ | ટ | ણળજ્ઞળટ | ટ | ટ | " | ૨ | ક્ષ | ક્ષલઘલપલણલજ્ઞ સેક્ષ | ક્ષલ×લઘલપલજ્ઞ |
| પાંચમો | ક્ષ × | ઘ | ઘ | ણ | ક્ષ | જ્ઞળટ | ટ | ણળજ્ઞળટ | ટ | ટ | સંયમાસંયમ | ૨ | ક્ષ | ક્ષલઘલ,લણ | ક્ષલ×લઘલ,લજ્ઞ |
| છટ્ઠો | ક્ષ , | , | ઘ | ણ | ક્ષ | જ્ઞળટ | ટ | ણળજ્ઞળટ | ટ | ટ | ઘ | , | ××ળ×ડ | જ્ઞ | ક્ષલ×લઘલ,લપલજ્ઞ |
| સાતમો | ક્ષ ક્ષ | , | ઘ | ઘ | ક્ષ | જ્ઞળટ | ટ | ણ | ટ | ટ | ઘ | ઘ | ××ળ×ડ | ક્ષલઘલ,લપલણલટ | ણલટલ, |
| આઠમો | ઠ | , | ઘ | ક્ષ | ક્ષ | જ્ઞ | ટ | ણ | ટ | ટ | × | ક્ષ કે. | ×ક્ષળક્ષઠ | જ્ઞલઠ | જ્ઞલઠલ, |
| નવમો | ઠ | , | ઘ | ક્ષ | ક્ષ | જ્ઞ | ટ | ણ | ટ | ટ | × | ક્ષ કે. | ક્ષટળક્ષણ | ટલક્ષડ | ટલક્ષડલ, |
| દસમો | ઠ | , | ઘ | ક્ષ | ક્ષ | ણ | ટ | ણળપ | ટ | ટ | ક્ષ સૂ | ક્ષ કે. | ક્ષ,ળક્ષ× | ઠલક્ષક્ષ | ઠલક્ષક્ષલક્ષ×લ, |
| અગિયારમો | ઠ | , | ઘ | ક્ષ | ક્ષ | ક્ષ | જ્ઞ | પ | ટ | જ્ઞ | ક્ષ ય. | ક્ષ નિ. | ક્ષ,ળક્ષ× | ક્ષ ડ | ક્ષડલ, |
| બારમો | ઠ | , | ઘ | ક્ષ | ક્ષ | ક્ષ | જ્ઞ | પળ× | જ્ઞ | જ્ઞ | ક્ષ | ક્ષ નિ. | ક્ષ,ળક્ષ× | ક્ષ ડ | ક્ષ઼ઘ |
| તેરમો | જ્ઞ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | ક્ષ | , | × | , | , | ક્ષ | ક્ષ સ્ના. | ક્ષક્ષળઠ | ક્ષ × | ક્ષ , |
| ચૌદમો | ૨ | ક્ષ | ક્ષ | ૨ | ક્ષ | ૨ | , | ×ળ૨ | , | , | ક્ષ | ક્ષ સ્ના. | ક્ષક્ષળઠ | ક્ષ઼ઘ | મોક્ષ |

| ગુણ સ્થાન | ૧૬ સમ. | ૧૭ આહારક | ૧૮ ધ્યાન | ૧૯ સંજ્ઞા | ૨૦ સંહનન | ૨૧ સમુદ્ઘાત | ૨૨ શા✓ત | ૨૩ ઉપજે | ૨૪ પાવે | ૨૫ અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પહેલો | ક્ષ | બંને | × | , | ણ | ૫ | શા✓ત | અસંખ્ય | અનંત | ક્ષક્ષ અનંતગુણા |
| બીજો | ક્ષ | બંને | × | , | ણ | ૫ | અશા✓ત | અસંખ્ય | અસંખ્ય | ટ અસંખ્યગુણા |
| ત્રીજો | ક્ષ | આહારક | × | , | ણ | ૫ | " | " | " | ઠ અસંખ્યગુણા |
| ચોથો | , | બંને | ઘ | , | ણ | ૫ | શા✓ત | " | " | ક્ષડ અસંખ્યગુણા |
| પાંચમો | , | આહારક | ઘ | , | ણ | ૫ | શા✓ત | " | " | જ્ઞ અસંખ્યગુણા |
| છટ્ઠો | , | " | × | , | ણ | ણ | શા✓ત | અનેક હજાર | અનેક હજાર કરોડ | ણ સંખ્યાતગુણા |
| સાતમો | , | " | ક્ષ ધર્મ | ૨ | ણ | × | અશા✓ત | " | અનેક સૌ કરોડ | ૫ સંખ્યાતગુણા |
| આઠમો | × | " | શુક્લ | ૨ | ક્ષળઘ | ૨ | " | ક્ષણ× | અનેક સો | ‸ ઘ સંખ્યાતગુણા |
| નવમો | × | " | " | ૨ | ક્ષળઘ | ૨ | " | ક્ષણ× | અનેક સૌ | ‸ ઘ સંખ્યાતગુણા |
| દસમો | × | " | " | ૨ | ક્ષળઘ | ૨ | " | ક્ષણ× | " | ‸ ઘ સંખ્યાતગુણા |
| અગિયારમો | × | " | " | ૨ | ક્ષળઘ | ૨ | " | ૫ , | " | ક્ષ બધાથી ઓછું |
| બારમો | ક્ષ | " | " | ૨ | ક્ષ | ૨ | " | ક્ષડટ | " | × સંખ્યાતગુણા = |
| તેરમો | ક્ષ | બંને | " | ૨ | ક્ષ | ક્ષ | શા✓ત | ક્ષડટ | અનેક કરોડ | , સંખ્યાતગુણા |
| ચૌદમો | ક્ષ | અનાહારક | " | ૨ | ક્ષ | ૨ | અશા✓ત | ક્ષડટ | અનેક સો | × સંખ્યાતગુણા = |



## સંકેત સૂચિ

| | | |
|---|---|---|
| આહારક દ્વિક | = | આહારક શરીર અને આહારક અંગોપાંગ નામ |
| જાતિ ચતુષ્ક | = | એકેન્દ્રિયાદિ ચાર |
| જાતિ ત્રિક | = | વિકલેન્દ્રિય ત્રણ |
| સ્થાવર ચતુષ્ક | = | સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ નામ |
| નપુંસક ચતુષ્ક | = | નપુંસક વેદ, સેવાર્ત, હુંડક, મિથ્યાત્વ |
| નરક ત્રિક | = | નરકની ગતિ, આનુપૂર્વી, આયુ |
| દુર્ભગ ત્રિક | = | દુર્ભગ, દુસ્વર, અનાદેય |
| નિદ્રાત્રિક | = | નિદ્રા નિદ્રા, પ્રચલા પ્રચલા, સ્ત્યાનર્દ્ધિ |
| તિર્યંચત્રિક | = | તિર્યંચની ગતિ, આનુપૂર્વી, આયુ |
| ત્રસ નવક | = | યશોકીર્તિ છોડીને |
| સુરદ્વિક | = | દેવની ગતિ, આનુપૂર્વી |
| ત્રસ દસક | = | ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, શુભગ, સુસ્વર, આદેય, યશકીર્તિ |
| સ્થાવર દસક | = | સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશકીર્તિ |
| પ્રત્યેક પ્રકૃતિ | = | ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત, તીર્થંકર, નિર્માણ, અગુઢલઘુ, ઉચ્છ્વાસ, વિહાયોગતિ દ્વિક |
| વૈક્રિય અષ્ટક | = | ૨ ગતિ, ૨ અનુપૂર્વી, ૨ આયુ, વૈક્રિય શરીર, વૈક્રિય અંગોપાંગ **અથવા** નરક ત્રિક, દેવત્રિક, વૈક્રિયદ્વિક |
| એકેન્દ્રિય ત્રિક | = | એકેન્દ્રિય, સ્થાવર, આતપ |
| અનંતાનુબંધીની છવ્વીસી | = | અનંતાનુબંધી ચતુષ્ક, ૪ સંઘયણ, ૪ સંસ્થાન, નિદ્રાત્રિક, દુર્ભગત્રિક, તિર્યંચત્રિક, અશુભ ખગતિ, સ્ત્રી વેદ, ઉચ્ચગોત્ર, ઉદ્યોત નામ અને મનુષ્યાયુ. |
| ચૌવીસી | = | તિર્યચાયુ, મનુષ્યાયુ બેથી ઓછી છવ્વીસી |
| બત્રીસી | | છવ્વીસમાં ૬ બઢી–મનુષ્યદ્વિક, ઔદારિક દ્વિક, વજ્રઋષભ નારાચ સંઘયણ, દેવાયુ. |
| જિનપંચક | = | જિનનામ, દેવ દ્વિક, વૈક્રિયદ્વિક. |
| ઔદારિક પંચક | = | મનુષ્યદ્વિક, ઔદારિક દ્વિક, ૧ સંઘયણ |
| જિન એકાદશ | = | વૈક્રિય અષ્ટક, આહારકદ્વિક, જિનનામ |
| સૂક્ષ્મ ત્રયોદશી | = | સૂક્ષ્મ ત્રિક, એકેન્દ્રિય ત્રિક, વિકલત્રિક, નપુંસક ચૌક |

**નોંધ :** કર્મ ગ્રંથમાં કૃષ્ણાદિ ૩ લેશ્યામાં ગુણસ્થાન ચાર માને છે. ક્ષાયિક સમકિતમાં આયુબંધ ૭માં ગુણસ્થાનની જેમ માન્યું છે.

***વિશેષ : કર્મોની ૧૪૮ પ્રકૃતિના નામ પ્રજ્ઞાપના સૂત્ર આ પુસ્તકમાં પૃષ્ટ.......માં આવી ગયા છે. ત્યાં જુઓ.***

## પરિશિષ્ટ : ૨

# ગુણસ્થાનો પર બંધ ઉદય ઉદીરણા સત્તા [ક્રમ ગ્રંથ–૨]

### ૧ બંધ વિચાર :–

સમુચ્ચય ૧૨૦ પ્રકૃતિના બંધ હોય છે. ૧૪૮માંથી ૨૮ કાઢી. ૫ બંધન ૫ સંઘાતન ૧૬ વર્ણાદિ, સમકિત, મિશ્ર મોહનીય, આ ૨૮નો બંધ થતો નથી.

**૧. પહેલા ગુણસ્થાનમાં :–** ૧૧૭ પ્રકૃતિના બંધ હોય છે. ૧૨૦માંથી આહારકદ્વિક અને તીર્થંકર નામ આ ૩ ઓછા થયા.

**૨. બીજા ગુણસ્થાનમાં :–** ૧૦૧ પ્રકૃતિનો બંધ. ૧૧૭માંથી ૧૬ પ્રકૃતિ કાઢી. જાતિ ચતુષ્ક, સ્થાવર ચતુષ્ક, નપુંસક ચતુષ્ક, નરક ત્રિક, આતપ નામ, આ ૪+૪+૪+૩+૧ = ૧૬.

**૩. ત્રીજા ગુણસ્થાનમાં :–** ૭૪ પ્રકૃતિનો બંધ હોય છે. ૧૦૧માંથી ૨૭ કાઢી ત્યારે ૭૪ રહી. અનંતાનુબંધી ચૌક, મધ્યમના ચાર સંઘયણ, ચાર સંઠાણ, દુર્ભગત્રિક, નિંદ્રા ત્રિક, તિર્યંચ ત્રિક, નીચ ગોત્ર, ઉદ્યોત નામ, અશુભ વિહાયોગતિ, સ્ત્રી વેદ, મનુષ્યાયુ, દેવાયુ. આ ૪+૪+૪+૩+૩+૩+૧+૧+૧+૧+૧+૧+ = ૨૭.

**૪. ચોથા ગુણસ્થાનમાં :–** ૭૭ પ્રકૃતિનો બંધ હોય છે. ૭૪ પૂર્વની અને મનુષ્યાયુ, દેવાયુ, તીર્થંકર નામ, આ ૩ વધવાથી ૭૭ થઈ.

**૫. પાંચમા ગુણસ્થાનમાં :–** ૬૭ પ્રકૃતિનો બંધ હોય છે. ૭૭માંથી ૧૦ કાઢી. અપ્રત્યાખ્યાની ચૌક, મનુષ્ય ત્રિક, ઔદારિક દ્વિક, વ્રજઋષભનારાચ સંઘયણ. આ ૪+૩+૨+૧ = ૧૦ કાઢી.

**૬. છટ્ઠા ગુણસ્થાનમાં :–** ૬૩ પ્રકૃતિનો બંધ હોય છે. ૬૭માંથી પ્રત્યાખ્યાની ચૌક નીકળ્યો.

**૭. સાતમા ગુણસ્થાનમાં :–** ૫૯ અને ૫૮ પ્રકૃતિનો બંધ હોય છે. અરતિ, શોક, અસાતાવેદનીય, અસ્થિર, અશુભ, અયશોકીર્તિ, આ ૬ નીકળ્યા અને આહારક દ્વિક વધ્યા ત્યારે ૬૩–૬ = ૫૭ + ૨ = ૫૯, દેવાયુના બંધ છટ્ઠે ગુણસ્થાનમાં શુઢ કર્યું હોય તો સાતમા ગુણસ્થાનમાં હોય છે. આ માટે ૫૯ અને દેવાયુનો બંધ શઢ ન કર્યું હોય તો ૫૮ પ્રકૃતિનો બંધ.

**૮. આઠમા ગુણસ્થાનમાં :–** આ ગુણસ્થાનમાં સાત ભાગ છે. પહેલા ભાગમાં ૫૮ પ્રકૃતિનો બંધ. બીજાથી છટ્ઠા ભાગ સુધી ૫૬ પ્રકૃતિનો બંધ હોય છે, બે નિદ્રા ઘટી. ૭મા ભાગમાં ૨૬નો બંધ હોય છે, ૩૦ પ્રકૃતિ ઘટી. યથા– સુરદ્વિક,



પંચેન્દ્રિયજાતિ, શુભવિહાયોગતિ, ત્રસનવક (યશોકીર્તિને છોડીને), શરીર ચતુષ્ક, (ઔદારિક છોડીને) અંગોપાંગ દ્વિક (વૈક્રિય અને આહારક), પ્રથમ સંસ્થાન, વર્ણચતુષ્ક, પ્રત્યેક નામની ૬ પ્રકૃતિ (અગુઢલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, જિનનામ, નિર્વાણનામ) આ કુલ ૨+૧+૧+૯+૪+૨+૧+૪+૬ = ૩૦ પ્રકૃતિ ગઈ. ૫ જ્ઞાનાવરણીય, ૫ અંતરાય, ૪ દર્શનાવરણીય, હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા, સંજ્વલચતુષ્ક, સાતાવેદનીય, ઉચ્ચગોત્ર, યશોકીર્તિ, પુઢષ વેદ. આ કુલ ૫+૫+૪+૧+૧+૧+૧+૧+૪+૧+૧+૧+૧ = ૨૬નો બંધ છે.

**(૯) નવમા ગુણસ્થાનમાં :–** એના ૫ ભાગ છે. પહેલા ભાગમાં ૨૨ પ્રકૃતિનો બંધ થાય છે. હાસ્યાદિ ૪ ઘટી. બીજા ભાગમાં ૨૧, એક પુઢષ વેદ ઘટા. ત્રીજામાં ક્રોધ છોડીને ૨૦નો બંધ. ચોથા ભાગમાં **માન** છોડીને ૧૯ પ્રકૃતિનો બંધ. પાંચમા ભાગમાં **માયા** છોડીને ૧૮ પ્રકૃતિનો બંધ થાય છે.

**(૧૦) દસમા ગુણસ્થાનમાં :–** ઉપરોક્ત ૧૮ પ્રકૃતિમાંથી સંજ્વલન લોભ વર્જીને ૧૭ પ્રકૃતિનો બંધ થાય છે.

**(૧૧,૧૨,૧૩) ગુણસ્થાનમાં :–** માત્ર સાતા વેદનીયનો બંધ થાય છે, ૧૬ ઘટી. જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મની ૧૪ તથા યશોકીર્તિ, ઉચ્ચગૌત્ર એમ કુલ ૧૬ જાય. **૧૪મા** ગુણસ્થાનમાં બંધ થતો નથી.

### ૨. ઉદય વિચાર :–

સમુચ્ચય ૧૨૨ પ્રકૃતિનો ઉદય હોય છે– ૧૨૦ પહેલાંની તથા સમકિત મોહનીય અને મિશ્ર મોહનીય આ બે વધી.

**(૧) પહેલા ગુણસ્થાનમાં :–** ૧૧૭ પ્રકૃતિનો ઉદય. બંધની સમાન.

**(૨) બીજા ગુણસ્થાનમાં :–** ૧૧૧ પ્રકૃતિનો ઉદય, ૧૧૭માંથી ૬ ઘટી મિથ્યાત્વ મોહનીય વૈક્રિય પંચક.

**(૩) ત્રજા ગુણસ્થાનમાં :–** ૧૦૦ પ્રકૃતિનો ઉદય, ૧૦૯માથી ૧૦ ઘટે (અનન્તાનુબંધી ચૌક, ત્રણ આનુપૂર્વી, ત્રણ જાતિ નામ) મિશ્રમોહનીય વધે.

**(૪) ચોથા ગુણસથાનમાં :–** ૧૦૪ પ્રકૃતિનો ઉદય. ચાર અનુપૂર્વી, સમકિત મોહનીય આ પાંચ વધી અને મિશ્ર મોહનીય ઘટી.

**(૫) પાંચમાં ગુણસ્થાનમાં :–** ૮૭ પ્રકૃતિનો ઉદય. ૧૦૪માંથી ૧૭ ઘટી. જેમ કે– અપ્રત્યાખ્યાની ચાર, વૈક્રિય આઠ, દુર્ભગ ત્રણ, તિર્યંચ, મનુષ્ય આનુપૂર્વી એમ ૪+૮+૩+૨ = ૧૭.

**(૬) છટ્ઠા ગુણસથાનમાં :–** ૮૧ પ્રકૃતિનો ઉદય. ૮૭માંથી પ્રત્યાખ્યાની–૪, તિર્યંચ–૨, ઉદ્યોતનામ, નીચગોત્ર–૮ જાય ત્યારે ૭૯ રહે અને આહારક દ્વિક વધે ત્યારે ૮૧ થાય.

**(૭) સાતમાં ગુણસ્થાનમાં :–** ૭૬ પ્રકૃતિનો ઉદય. ૮૧માંથી નિદ્રા ત્રણ અને આહારક બે એમ પાંચ જાય.

**(૮) આઠમા ગુણસ્થાનમાં :–** ૭૨ પ્રકૃતિનો ઉદય. છેલ્લા ત્રણ સંઘયણ અને સમકિત મોહનીય એમ ૪ જાય.

**(૯) નવમા ગુણસ્થાનમાં :–** ૬૬ પ્રકૃતિનો ઉદય ૭૨માંથી હાસ્યાદિક ૬ જાય.

**(૧૦) દસમા ગુણસ્થાનમાં :–** ૬૦ પ્રકૃતિનો ઉદય. સંજ્વલન ત્રણ અને ત્રણ વેદ એમ ૬ જાય.

**(૧૧) અગિયારમા ગુણસ્થાનમાં :–** ૫૯ પ્રકૃતિનો ઉદય. ૧ સંજ્વલન લોભ જાય.

**(૧૨) બારમા ગુણસ્થાનમાં :–** એમાં બે ભાગ છે– પહેલા ભાગમાં ૨ સંઘયણ ગયા પછી ૫૭નો ઉદય થાય. બીજા ભાગમાં ૨ નિદ્રા છોડીને ૫૫નો ઉદય થાય.

**(૧૩) તેરમા ગુણસ્થાનમાં :–** ૪૨ પ્રકૃતિનો ઉદય. ૧૪ પ્રકૃતિ જાય, એક જિન નામ વધે.

**(૧૪) ચોદમા ગુણસ્થાનમાં :–** ૧૨ પ્રકૃતિનો ઉદય. ૪૨માંથી ૩૦ જાય. ઔદારિક દ્વિક, અસ્થિર દ્વિક, વિહાયોગતિ દ્વિક, પ્રત્યેક ત્રિક, સંસ્થાન છ, પ્રત્યેક પ્રકૃતિ પાંચ(અગુઢલઘુ, ઉપઘાત, પરાઘાત, ✓ાસો✓ાસ, નિર્વાણ) વર્ણાદિ ચાર, તૈજસ–કાર્મણ શરીર, વજ્રઋષભનારાચ, સ્વર દ્વિક, અસાતા કે સાતા વેદનીયમાંથી એક એમ કુલ ૨ + ૨ + ૨ + ૩ + ૬ + ૫ + ૪ + ૨ + ૧ + ૨ + ૧ = ૩૦ જાય, ૧૨ પ્રકૃતિ રહી, સુભગ, આદેય, યશોકીર્તિ, સાતા–અસાતામાંથી એક, ત્રસ ત્રિક, પંચેન્દ્રિય જાતિ મનુષ્ય ગતિ અને આયુ, જિન નામ, ઉચ્ચગૌત્ર એમ કુલ ૧૨ પ્રકૃતિનો ઉદય ચોદમા ગુણસ્થાનના અંત સુધી રહે છે.

### ૩. ઉદીરણા વિચાર :–

પહેલા ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાન સુધી ઉદીરણા, ઉદયની જેમ હોય. સાતમાથી તેરમા ગુણસ્થાન સુધી ઉદયની પ્રકૃતિમાંથી વેદનીય દ્વિક અને મનુષ્યાયુ એમ ત્રણ જાય. કારણ કે આ ગુણસ્થાનોમાં આ પ્રકૃતિઓની ઉદીરણા થતી નથી.

### ૪. સત્તા વિચાર :–

સમુચ્ચય ૧૪૮ પ્રકૃતિની સત્તા થાય છે.

**૧. પહેલા ગુણસ્થાનમાં–** ૧૪૮ પ્રકૃતિની સત્તા.

**૨. બીજા-ત્રીજા ગુણસ્થાનમાં–** ૧૪૭ પ્રકૃતિની સત્તા. જિન નામ જાય.

**૩. ચોથા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાનમાં–** ચાર-ચાર ભેદ– **૧.** બદ્ધાયુ ક્ષયોપશમ સમકિત **૨.** અબદ્ધાયુ ક્ષયોપશમ સમકિત **૩.** બદ્ધાયુ ક્ષાયિક સમકિત **૪.** અબદ્ધાયુ ક્ષાયિક સમકિત.



પહેલા ભાગમાં ૧૪૮ની સત્તા. બીજા ભાગમાં ૧૪૫ની(નરક, તિર્યંચ, દેવાયુ છોડીને) ત્રીજા ભાગમાં ૧૪૧ની, ૧૪૮માંથી અનન્તાનુબંધી ચાર અને ત્રણ દર્શન મોહનીય એમ સાત જાય તેથી બાકી ૧૪૧ રહે. ચોથા ભાગમાં ૧૩૮ની સત્તા, ૧૪૧માંથી ત્રણ આયુષ્ય ઓછુ થાય.

૪– આઠમાં ગુણસ્થાનથી ૧૧મા ગુણસ્થાન સુધી ત્રણ શ્રેણી–

૧. ઉપસમ સમકિત ઉપશમ શ્રેણી ૨. ક્ષાયક સમકિત ઉપશમ શ્રેણી ૩. ક્ષાયક સમકિત ક્ષપક શ્રેણી.

**પહેલી શ્રેણીમાં–** ૧૪૮, ૧૪૬ અને ૧૪૨ની સત્તા. નરક તિર્યંચ આયુષ્ય ગયા પછી ૧૪૬, અનન્તાનુબંધી ચતુષ્ક ગયા, પછી ૧૪૨ પ્રકૃતિ સત્તા રહે.

**બીજી શ્રેણીમાં–** ૧૩૮ પ્રકૃતિની સત્તા. ૧૪૮માંથી દર્શન સપ્તક અને ત્રણ આયુષ્ય એમ ૧૦ ઘટવાથી ૧૩૮ રહે.

**ત્રીજી શ્રેણીમાં–** નવમા ગુણસ્થાનમાં તેના નવ ભાગ છે– **પહેલા ભાગમાં–** ૧૩૮, **બીજા ભાગમાં–**૧૨૨, સ્થાવિર ત્રિક, એકેન્દ્રિય ચાર, નરક બે, તિર્યંચ બે, આતપ–ઉદ્યોત, નિદ્રા ત્રણ એમ ૩ + ૪ + ૨ + ૨ + ૨ + ૩ = ૧૬ જાય.

**ત્રીજા ભાગમાં–** ૧૧૪ની સત્તા. ૧૨૨માંથી અપ્રત્યાખ્યાની ચાર અને પ્રત્યાખ્યાના-વરણ ચાર એમ કુલ આઠ જાય. **ચોથા ભાગમાં–** ૧૧૩ પ્રકૃતિની સત્તા. નપુંસક વેદ ઓછો થાય. **પાંચમા ભાગમાં–** ૧૧૨ની સત્તા. સ્ત્રીવેદ ઓછો થાય. **છઠ્ઠા ભાગમાં–** ૧૦૬ની સત્તા. હાસ્યાદિ ૬ ઓછા થાય. **સાતમા ભાગમાં–** ૧૦૫ની સત્તા. પુઢષ વેદ જાય. **આઠમાં ભાગમાં–** સંજ્વલજ ક્રોધને છોડીને ૧૦૪ની સત્તા. **નવમાં ભાગમાં–** માનને છોડીને ૧૦૩ની સત્તા.

**૫. દસમા ગુણસ્થાનમાં–** આના બે ભાગ– પહેલા ભાગમાં માયાને છોડીને ૧૦૨ની સત્તા તથા બીજા ભાગમાં લોભ છોડીને ૧૦૧ની સત્તા છે.

**૬. બારમા ગુણસ્થાનમાં–** આના બે ભાગ– પહેલા ભાગમાં ૧૦૧ની સત્તા. બીજા ભાગમાં ૯૯ની સત્તા. નિદ્રા અને પ્રચલા એ બંન્ને જાય.

**૭. તેરમા ગુણસ્થાનમાં–** ૧૪ પ્રકૃતિ છોડીને ૮૫ની સત્તા. ત્રણ કર્મની ૧૪ પ્રકૃતિ જાય.

**૮. ચોદમા ગુણસથાનમાં–** ૧૩ની સત્તા. ઉદયવત્ ૧૨ અને મનુષ્યાનુપૂર્વી વધે.

## ચૌદ ગુણસ્થાનમાં બંધ :–

| ગુણસ્થાનના નામ | મૂલ પ્રકૃતિયાઁ | ઉત્તર પ્રકૃતિ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગૌ. | અંત. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘમાં✓ | ૮ | ૧૨૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| મિથ્યાત્વમાં | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| સાસ્વાદનમાં | ૮ | ૧૦૧ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ |
| મિશ્રમાં | ૭ | ૭૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૬ | ૧ | ૫ |
| અવિરતમાં | ૮ | ૭૭ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૩૭ | ૧ | ૫ |
| દેશ વિરતમાં | ૮ | ૬૭ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| પ્રમત્તમાં | ૮ | ૬૩ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| અપ્રમતમાં | ૮/૭ | ૫૯/૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૧/૦ | ૩૧ | ૧ | ૫ |
| અપૂર્ણકરણ ગુણસ્થાન ના સાત ભાગોમાં | ૭ | ૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ૭ | ૨૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| અતિવૃત્તિ બાદરના પાંચ ભાગોમાં | ૭ | ૨૨ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ |
| | ૭ | ૨૧ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ |
| | ૭ | ૨૦ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ |
| | ૭ | ૧૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ |
| | ૭ | ૧૮ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ |
| સૂક્ષ્મ સંપરાયમાં | ૬ | ૧૭ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ |
| ઉપશાંત મોહમાં | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ક્ષીણ મોહમાં | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સયોગી ગુ. માં | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અયોગી ગુ.માં | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |



## ગુણસ્થાનમાં ઉદય–ઉદીરણા :–

| ગુણસ્થાનોના નામ | મૂલ પ્રકૃતિયા | ઉત્તર પ્રકૃતિયા | જ્ઞાના-વરણીય | દર્શના-વરણીય | વેદ-નીય | મોહ-નીય | આયુ | નામ | ગોત્ર | અંત-રાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ ઓઘમાં | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ મિથ્યાત્વમાં | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ સાસ્વાદમાં | ૮ | ૧૧૧/૯ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ મિશ્રમાં | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ અવિરતમાં | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ દેશવિરતમાં | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| ૬ પ્રમત્તમાં | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ અપ્રમત્તમાં | ૮ | ૭૬ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ |
| ૮ અપૂર્વકરણમાં | ૮ | ૭૨ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૯ અનિવૃત્તિમાં | ૮ | ૬૬ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ સૂક્ષ્મ સંપ. | ૮ | ૬૦ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ ઉપશાંત મોહમાં | ૭ | ૫૯ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ ક્ષીણ મોહમાં | ૭ | ૫૭–૫૫ | ૫ | ૬–૪ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ સયોગીમાં | ૪ | ૪૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ |
| ૧૪ અયોગીમાં | ૪ | ૧૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૯ | ૧ | ૦ |

**નોંધ :–** ઉદીરણાનો ચાર્ટ આ જ રીતે છે, પરંતુ તેમાં સાતમા ગુણસ્થાનથી તેરમા ગુણસ્થાન સુધી મૂલ પ્રકૃતિમાં બે-બે ઓછા સમજવા અને ઉત્તર પ્રકૃતિમાં ત્રણ-ત્રણ ઓછા સમજવા. વેદનીય અને આયુષ્યકર્મમાં સાતમા ગુણસ્થાનથી આગળ શૂન્ય સમજવા. ચૌદમા ગુણસ્થાનમાં ઉદીરણાના કોલમમાં શૂન્ય સમજવા.

**સતા યંત્ર :–**

| ગુણસ્થાનોના નામ | મૂલ પ્રકૃતિયા | ઉત્તર પ્રકૃતિયા | ઉપશમ શ્રેણી | ક્ષપક શ્રેણી | જ્ઞા. | દ. | વે. | મો. | આયુ | નામ | ગોત્ર | અંત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘમાં | ૮ | ૧૪૦ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| મિથ્યાત્વમાં | ૮ | ૧૪૮/ ૧૪૭ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| સાસ્વાદનમાં | ૮ | ૧૪૭ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| મિશ્રમાં | ૮ | ૧૪૭ | ૦ | ૦ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| અવિરતમાં | ૮ | ૧૪૮ | ૧૪૮/ ૧૪૫ | ૧૪૧/ ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/ ૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| દેશવિરતમાં | ૮ | ૧૪૮ | " | " | ૫ | ૯ | ૨ | " | " | ૯૩ | ૨ | ૫ |
| પ્રમત્તમાં | ૮ | ૧૪૮ | " | " | ૫ | ૯ | ૨ | " | " | ૯૩ | ૨ | ૫ |
| અપ્રમતમાં | ૮ | ૧૪૮ | " | " | ૫ | ૯ | ૨ | " | " | ૯૩ | ૨ | ૫ |
| અપૂર્વકરણમાં | ૮ | ૧૪૮ | ૧૪૮, ૧૪૬, ૧૪૨ | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/ ૨૪/ | ૪/ ૨/૧ | ૯૩ ૯૩ | ૨ ૨ | ૫ ૫ |
| અનુવૃત્તિ ગુણસ્થાનના નવ ભાગોમાં | ૮ | ૧૪૮ | " | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૩ | ૨ | ૫ |
| | ૮ | ૧૪૮ | " | ૧૨૨ | ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૮ | ૧૪૮ | " | ૧૧૪ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૮ | ૧૪૮ | " | ૧૧૩ | ૫ | ૬ | ૨ | ૧૨ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૮ | ૧૪૮ | " | ૧૧૨ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૮ | ૧૪૮ | " | ૧૦૬ | ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૮ | ૧૪૮ | " | ૧૦૫ | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૮ | ૧૪૮ | " | ૧૦૪ | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૮ | ૧૪૮ | " | ૧૦૩ | ૫ | ૬ | ૨ | ૨ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| સૂક્ષ્મસંપરાયમાં | ૮ | ૧૪૮/ ૧૪૨ | " | ૧૦૨ | ૫ | ૬ | ૨ | ૨૮/૨૪/ ૨૧/૧ | ૪/૨/ ૧ | ૯૩/ ૮૦ | ૨ | ૫ |
| ઉપશાંતમોહમાં | ૮ | ૧૪૮/ ૧૪૨ | –– | –– | ૫ | ૬ | ૨ | ૨૮/૨૪/૨૧ | ૪/૧ | ૯૩/ ૮૦ | ૨ ૨ | ૫ ૫ |
| ક્ષીણ મોહ | ૭ | ૧૦૧/ ૯૯ | ૦ | ૧૦૧/ ૯૯ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| અયોગી કેવલીમાં | ૪ | ૮૫ | ૦ | ૮૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| સયોગી કેવલીમાં | ૪ | ૮૫/૧૩/ ૧૨ | ૦ | ૮૫/૧૩ ૧૨ | ૦ | ૦ | ૨/૧ | ૦ | ૧ | ૮૦/ ૯ | ૨/૧ | ૦ |



## પરિશિષ્ટ–૩

## ૬૨ માર્ગણાઓની અપેક્ષા ગુણસ્થાનોમાં બંધ [કર્મગ્રંથ–૩]

માર્ગણાની દ્વાર ગાથા– **गइ इन्दिय काये, जोए वेए कसाय नाणे य ।**
**संजम दंसण लेस्सा, भव सम्मे सण्णी आहारे ॥**

***(૧) ગતિ માર્ગણા :– નરક ગતિ***–*સમુચ્ચય નરક તથા પહેલી, બીજી, ત્રીજી નારકીમાં ૧૦૧ પ્રકૃતિનો બંધ. ૧૨૦માંથી ૧૯ જાય. વૈક્રિય આઠ, આહારકદ્વિક, સૂક્ષ્મત્રિક, એકેન્દ્રિય ત્રિક, વિકલેન્દ્રિય ત્રિક એ ૧૯. પહેલા ગુણસ્થાનમાં ૧૦૦ પ્રકૃતિના બંધ, ૧૦૧માંથી જિન નામ વર્જીને. બીજા ગુણસ્થાનમાં ૯૬ પ્રકૃતિઓના બંધ નપુંસક ચૌક છોડીને. ત્રીજા ગુણમાં ૭૦ પ્રકૃતિનો બંધ. અનંતાનુબંધીની છવ્વીસી વર્જી. ચોથા ગુણસ્થાનમાં ૭૨ના બંધ. મનુષ્યાયુ અને જિનનામ વધે.*

*ચોથી, પાંચમી, છઠ્ઠી નારકીમાં ૧૦૦ પ્રકૃતિના બંધ થાય છે. ૧૦૧માંથી જિન નામ વર્જ્યો. પહેલા, બીજા, ત્રીજા ગુણસ્થાનમાં પહેલી નારકી વત્. ચોથા ગુણસ્થાનમાં ૭૧નો બંધમાં મનુષ્યાયુ વધે. સાતમી નારકીમાં સમુચ્ચય ૯૯નો બંધ ૧૦૧માં જિન નામ અને મનુષ્યાયુ ઓછો થાય. પહેલા ગુણસ્થાનમાં ૯૬, મનુષ્ય દ્વિક અને ઉચ્ચગૌત્ર એ ત્રણ પ્રકૃતિ જાય. બીજા ગુણસ્થાનમાં ૯૧નો બંધ. નપુંસક ચૌક ઔર તિર્યાંચાયુ એ પાંચ ઓછા થાય. ત્રીજા ગુણમાં ૭૦નો બંધ અનંતાનુબંધીની ચોવીસી વર્જી અને મનુષ્યની ગતિ, આનુપૂર્વી અને ઉચ્ચગૌત્ર આ ત્રણ વધે.*

***તિર્યંચગતિ***– *સમુચ્ચય તથા પહેલા ગુણસ્થાનમાં ૧૧૭ પ્રકૃતિનો બંધ આહારક દ્વિક, જિન નામ એ ત્રણ જાય. બીજા ગુણસ્થાનમાં ૧૦૧ના બંધ ૧૬ જાય– નરક ત્રિક, સૂક્ષ્મ ત્રિક એકેન્દ્રિય ત્રિક વિકલેન્દ્રિય ત્રિક નપુંસક ચૌક. ત્રીજા ગુણસ્થાનમાં ૬૯નો બંધ એકસો એકમાંથી બત્રીસ જાય. ચોથા ગુણસ્થાનમાં ૭૦નો બંધ, દેવાયુ વધે. પાંચમાં ગુણમાં ૬૬નો બંધ, અપ્રત્યાખ્યાની ચોક ઓછો.*

***મનુષ્યગતિ***– *સમુચ્ચય ૧૨૦ પ્રકૃતિનો બંધ. પહેલા ગુણસ્થાનમાં ૧૧૭નો બંધ. બીજા ગુણસ્થાનમાં ૧૦૧નો બંધ. ત્રીજા ગુણમાં ૬૯. ચોથા ગુણમાં ૭૧ દેવાયુ અને જિનનામ બે પ્રકૃતિ વધે. પાંચમાંમાં ૬૭ના બંધ, અપ્રત્યાખ્યાની ચોક ઘટા. છટ્ઠા સે ૧૪ ગુણસ્થાન સુધી સમુચ્ચયની સમાન.*

***નોંધ :***– *આ પર્યાપ્ત મનુષ્ય અને તિર્યંચનો બંધ છે. અપર્યાપ્તનો સમુચ્ચય તથા પ્રથમ ગુણસ્થાનમાં ૧૦૯ પ્રકૃતિનો બંધ.*

***દેવગતિ***– *સમુચ્ચય દેવ અને પહેલા, બીજા દેવલોકમાં ૧૦૪નો બંધ. પહેલા ગુણમાં ૧૦૩નો બંધ. ૧૦૪માંથી જિનનામ વર્જ્યો. બીજા ગુણસ્થાનમાં ૯૬નો*

બંધ–૧૦૩માં નપુંસક ચૌક અને એકેન્દ્રિય ત્રિક એ ૭ પ્રકૃતિ ઘટે. ત્રીજા ગુણસ્થાનમાં ૭૦ના બંધ છવ્વીસ ઘટે. ચોથા ગુણસ્થાનમાં ૭૨. જિનનામ અને મનુષ્યાયુ વધે.

ભવનપતિ વ્યંતર જ્યોતિષીમાં સમુચ્ચય તથા પહેલા ગુણમાં ૧૦૩ પ્રકૃતિના બંધ. જિનનામ છોડીને. બીજામાં ૯૬, ત્રીજામાં ૭૦, ચોથા ગુણમાં ૭૧ મનુષ્યાયુ વધે. ત્રીજા દેવલોકમાંથી આઠમાં દેવલોક સુધી પહેલી નારકીવત્ સમુચ્ચય ૧૦૧નો બંધ. પહેલા ગુણસ્થાનમાં ૧૦૦, બીજામાં ૯૬, ત્રીજામાં ૭૦ અને ચોથામાં ૭૨. નવમા દેવલોકથી ગ્રૈવેયક સુધી સમુચ્ચય ૯૭ પ્રકૃતિનો બંધ. ૧૦૧માંથી તિર્યંચત્રિક, ઉદ્યોત નામ એ ચાર જાય. પહેલા ગુણસ્થાનમાં ૯૬નો બંધ. ૯૭માંથી જિનનામ ઘટે. બીજા ગુણસ્થાનમાં ૯૨. નપુંસક ચૌક વર્જા. ત્રીજા ગુણસ્થાનમાં ૭૦ના બંધ. ૨૨ ઘટી, છવ્વીસમાંથી તિર્યંચ ત્રિક અને ઉદ્યોત નામ છોડીને. કેમ કે પહેલા ઘટી ગયા. ચોથા ગુણસ્થાનમાં ૭૨નો બંધ. મનુષ્યાયુ અને જિનનામ બે પ્રકૃતિ વધે. પાંચ અણુતર વિમાનમાં ચોથા ગુણસ્થાનમાં ૭૨નો બંધ.

**(૨) જાતિ માર્ગણા :–** એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિયમાં સમુચ્ચય તથા પહેલા ગુણસ્થાનમાં ૧૦૯ પ્રકૃતિનો બંધ. જિન એકાદશ ઓછું થાય. બીજા ગુણસ્થાનમાં ૯૬નો બંધ સૂક્ષ્મ ત્રયોદશી વર્જી. જો ૯૪ હોય તો બન્ને આયુષ્ય ગયા. પંચેન્દ્રિયમાં ૧૪ ગુણસ્થાન ઓઘવત્.

**(૩) કાયા માર્ગણા :–** પૃથ્વી, પાની, વનસ્પતિમાં ૧૦૯નો બંધ. જિન એકાદશ નથી. તેઉ-વાયુમાં ૧૦૫નો બંધ. મનુષ્ય ત્રિક ઉચ્ચગૌત્ર છોડીને. ત્રસ કાયામાં ૧૪ ગુણસ્થાન ઓઘવત્.

**(૪) જોગ માર્ગણા :–** ૪ મનયોગી, ૪ વચન યોગીમાં ૧૩ ગુણસ્થાન ઓઘવત્. ઔદારિક યોગ મનુષ્યની જેમ. ઔદારિકના મિશ્રમાં ૧૧૪ તથા ૧૧૨નો બંધ. ૬ તથા ૮ જાય. નરક ત્રિક, આહારક દ્વિક, દેવાયુએ ૬ તથા મનુષ્ય તિર્યંચના આયુ એ આઠ. પહેલા ગુણસ્થાનમાં ૧૦૯ તથા ૧૦૭ના બંધ. જિન પંચક વર્જી. બીજા ગુણસ્થાનમાં ૯૬ તથા ૯૪. સૂક્ષ્મ ત્રયોદશી વર્જી. ત્રીજો ગુણસ્થાન નથી. ચોથામાં ૭૫, ચોવીસમી વર્જી અને જિન પંચક વધે. તેરમાં ગુણસ્થાનમાં શાતા વેદનીયના બંધ[શેષ ગુણસ્થાન નથી]. વૈક્રિયયોગમાં સમુચ્ચય દેવવત્. વૈક્રિય મિશ્રમાં ૧૦૨નો બંધ દેવતાની ૧૦૪માંથી બે આયુષ્ય ઘટે. પહેલા ગુણસ્થાનમાં ૧૦૧, જિનનામ જાય. બીજા ગુણસ્થાનમાં ૯૪નો બંધ, નપુંસક ચૌક અને એકેન્દ્રિય ત્રિક વર્જ્યો. ચોથા ગુણસ્થાનમાં ૭૧ના બંધ. અનંતાનુબંધીની ચોવીસ ઘટી અને જિનનમ વધે.

<u>આહારક</u> અને આહારક મિશ્રમાં ૬૩ પ્રકૃતિના સમુચ્ચય બંધ, ૬ અને ૭ ગુણસ્થાનમાં ઓઘવત્. કાર્મણમાં સમુચ્ચય ૧૧૨નો બંધ. ઔદારિકની ૧૧૪માંથી તિર્યંચ મનુષ્યાયુ વર્જ્યો. પહેલા ગુણસ્થાનમાં ૧૦૭ પ્રકૃતિનો બંધ. જિન પંચક વર્જ્યો. બીજા ગુણસ્થાનમાં ૯૪નો બંધ. સૂક્ષ્મ ત્રયોદશી ગઈ. ચોથા ગુણસ્થાનમાં ૭૫ પ્રકૃતિનો બંધ. ૯૪માં ચોવીસી જાય. જિન પંચક વધે. તેરમાં ગુણસ્થાનમાં એક પ્રકૃતિનો બંધ.[શેષ ગુણસ્થાન નથી.]



**(૫) વેદ માર્ગણા :–** ત્રણે વેદમાં ઓઘવત્ બંધ નવમાં ગુણસ્થાન સુધી.

**(૬) કષાય માર્ગણા–** અનંતાનુબંધી ચતુષ્ક બીજા ગુણસ્થાન સુધી. અપ્રત્યાખ્યાની ચૌક ચોથા ગુણસ્થાન સુધી, પ્રત્યાખ્યાનાવરણ ચૌક પાંચમાં ગુણસ્થાન સુધી, સંજ્વલન ચૌક નવમાં ગુણસથાન સુધી હોય છે. બંધની પ્રકૃતિ ઓઘવત.

**(૭) જ્ઞાન માર્ગણા–** તીન જ્ઞાનમાં સમુચ્ચય ૭૯નો બંધ. સમુચ્ચયના બંધની ચોથા ગુણસ્થાનની ૭૭ પ્રકૃતિ અને આહારક દ્વિક વધે. ચોથા ગુણસ્થાનથી બારમાં ગુણસ્થાન સુધી બંધ પ્રકૃતિ ઓઘવત. મનઃ પર્યાવજ્ઞાનમાં સમુચ્ચયમાં ૬૫ પ્રકૃતિનો બંધ. છઠ્ઠા ગુણસ્થાનથી ૧૨મા સુધી ઓઘવત. કેવળ જ્ઞાનમાં ૧૩મા ગુણસ્થાનમાં બંધ એક પ્રકૃતિનો, ૧૪મા ગુણસ્થાનમાં બંધ નથી.

ત્રણ અજ્ઞાનમાં સમુચ્ચય ૧૧૭ પ્રકૃતિનો બંધ. પહેલા અને ત્રીજા ગુણસ્થાનમાં બંધ ઓઘ પ્રકૃતિવત્.

**(૮) સંયમ માર્ગણા–** સામાયિક, છેદોપસ્થાપનીયમાં સમુચ્ચય ૬૫ પ્રકૃતિનો બંધ. છઠાથી નવ ગુણસ્થાન સુધી ઓઘવત. પરિહાર વિશુદ્ધિ ચારિત્રમાં સમુચ્ચય ૬૫. છઠા, સાતમાં ગુણસ્થાનમાં ઓઘવત. સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં સમુચ્ચય ૧૭ અને દશમાં ગુણસ્થાનમાં ૧૭. યથાખ્યાતમાં ૧નો બંધ. દેશ વિરતિમાં ઓઘ અને પાંચમાં ગુણસ્થાનમાં ૬૭નો બંધ. અસંયમમાં સમુચ્ચય ૧૧૮નો બંધ, આહારક દ્વિક નથી. ચોથા ગુણસ્થાન સુધી ઓઘવત.

**(૯) દર્શન માર્ગણા–** ચક્ષુ દર્શન અચક્ષુ દર્શનમાં ૧૨ ગુણસ્થાન સુધી ઓઘવત. અવધિ દર્શનમાં સમુચ્ચય બંધ ૭૯નો. ચોથાથી ૧૨માં ગુણસ્થાન સુધી સમુચ્ચય સુધી. કેવળ દર્શનમાં એક પ્રકૃતિનો બંધ.

**(૧૦) લેશ્યા માર્ગણા–** કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યામાં સમુચ્ચય ૧૧૮નો બંધ હોય છે. આહારક દ્વિક નહીં. ૪ ગુણસ્થાનમાં ઓઘવત્. તેજોલેશ્યામાં સમુચ્ચય ૧૧૧ પ્રકૃતિનો બંધ. સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિય ત્રિક, નરક ત્રિક એમ નવ જાય. પહેલા ગુણસ્થાનમાં ૧૦૮નો બંધ આહારક દ્વિક અને જિન નામ નહીં. બીજા ગુણસ્થાનમાં ૧૦૧નો બંધ. નપુંસક ચોક, એકેન્દ્રિયત્રિક એ ૭ જાય. આગળ ૭માં ગુણસ્થાન સુધી ઓઘવત. પદ્મ લેશ્યામાં સમુચ્ચય ૧૦૮નો બંધ ૪ ત્રિકની ૧૨ પ્રકૃતિ જાય. પહેલા ગુણસ્થાનમાં ૧૦૫ આહારક દ્વિક જિન નામ જાય. બીજા ગુણસ્થાનથી સાતમાં ગુણસ્થાન સુધી ઓઘવત. શુક્લ લેશ્યામાં સમુચ્ચય ૧૦૪ પ્રકૃતિનો બંધ ૧૬ જાય. તિર્યંચ ત્રિક, ઉદ્યોત નામ, નરક ત્રિક, સૂક્ષ્મ ત્રિક, વિકલત્રિક એકેન્દ્રિય ત્રિક. પહેલા ગુણસ્થાનમાં ૧૦૧ ઓઘ વાળી ત્રણ જાય. બીજા ગુણસ્થાનમાં ૯૭ નપુંસપક ચૌક નથી. ત્રીજામાં ૭૪, ચોથામાં ૭૭ યાવત્ ઓઘવત.

**(૧૧) ભવી માર્ગણા–** ભવી પર્યાપ્તામાં ઓઘવત. અપર્યાપ્તામાં ઓઘ તથા પહેલા ગુણસ્થાનમાં ૧૦૯. જિન એકાદશ નથી. બીજા ગુણસ્થાનમાં ૯૬ તથા ૯૪. ચોથા ગુણસ્થાનમાં ૭૧નો બંધ હોય છે. ચોવીસ જાય, જિન નામ વધે. અભવી પર્યાપ્તામાં સમુચ્ચય તથા પહેલા ગુણસ્થાનમાં ૧૧૭નો બંધ. અપર્યાપ્તામાં ૧૦૯ જિન એકાદશ જાય.

**(૧૨) સમકિત માર્ગણા–** ક્ષાયક સમકિતમાં સમુચ્ચય ૭૯ પ્રકૃતિનો બંધ. ચોથા ગુણસ્થાનથી ૧૩મા ગુણસ્થાન સુધી ઓઘવત્. ક્ષયોપશમ સમકિતમાં સમુચ્ચય ૭૯ના બંધ. ગુણસ્થાન ચારથી ૭ સુધી ઓઘવત. ઉપશમ સમકિતમાં ૭૭ના બંધ ૭૯માંથી ૨ આયુષ્ય ઓછા. ચોથા ગુણસ્થાનમાં ૭૫ આહારક દ્વિક જાય. પાંચમામાં ૬૬ ઓઘ સે દેવાયુ ઓછા. છઠ્ઠા ગુણસ્થાનમાં ૬૨ પ્રત્યાખ્યાની ચૌક જાય. સાતમામાં ૫૮ ઓઘવત યાવત્ ૧૧મા ગુણસ્થાન સુધી ઓઘવત. સાસ્વાદાન સમકિતમાં સમુચ્ચય તથા બીજા ગુણસ્થાનમાં ૧૦૧. પ્રકૃતિનો બંધ. તે જ રીતે મિશ્રમાં ૭૪નો બંધ. મિથ્યાત્વમાં ૧૧૭નો બંધ.

**(૧૩) સન્ની માર્ગણા–** પર્યાપ્તામાં ઓઘવત્. સન્ની અપર્યાપ્તમાં સમુચ્ચય ૧૦૯. પહેલા ગુણસ્થાનમાં ૧૦૯. બીજામાં ૯૬. ચોથામાં ૭૦ તથા ૭૭. છવીસ વર્જી તો ૭૦ અને જિન પંચક તિર્યંચ-મનુષ્યાયુ વધે તો ૭૭. અસન્નીના પર્યાપ્તા પહેલા ગુણસ્થાનમાં ૧૧૭નો બંધ. અપર્યાપ્તામાં પહેલા ગુણસ્થાનમાં ૧૦૯નો બંધ. બીજામાં ૯૬ તથા ૯૪નો બંધ.

**(૧૪) આહાર માર્ગણા–** આહાર પર્યાપ્તા ઓઘવત્. આહારના અપર્યાપ્તા થતી નથી. કેમ કે તેના પર્યાપ્તા બંનેમાં એક સમયે થાય છે. અણાહારક અપર્યાપ્તા ૧૧૨ના બંધ ૮ જાય. નરક ત્રિક, આહારક દ્વિક, તીન આયુ. પહેલામાં ૧૦૭ જિન પંચક નથી. બીજામાં ૯૪ સૂક્ષ્મ ત્રયોદશી વર્જી. ચોથામાં ૭૫ ઓઘવત. પર્યાપ્તામાં તેરમાં ગુણમાં એકનો બંધ.

**॥ ગુણસ્થાન સ્વરૂપ અને ક્રમ ગ્રંથ સારાંશ સંપૂર્ણ ॥**

**॥ તત્ત્વ શાસ્ત્ર ખંડ–૨ સંપૂર્ણ ॥**

**॥ જૈનાગમ નવનીત ભાગ–૬ સંપૂર્ણ ॥**

**॥ મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના સંપૂર્ણ ॥**



## સૌજન્ય દાતાઓને આભાર સહ ધન્યવાદ

૧. શ્રી શરદભાઈ જમનાદાસ મહેતા, રાજકોટ
૨. સ્વ. પ્રભાબેન મોહનલાલ મહેતા(ગુઢકુલવાળા) પોરબંદર
૩. શ્રીમતી ભાવનાબેન વસંતલાલ તુરખીયા, રાજકોટ
૪. શ્રી લાલજી કુંવરજી સાવલા (તુંબડી), ડોંબીવલી
૫. સ્વ. રંજનબેન ચંદ્રકાંત દોશી (કુંદણીવાળા) રાજકોટ
૬. શ્રીમતી જ્યોત્સનાબેન પ્રકાશભાઈ વોરા, રાજકોટ
૭. શ્રી નવલ સાહિત્ય પ્રકાશન ચેરીટેબલ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર
૮. શ્રીમતી મધુબેન રજનીકાંત કામદાર, રાજકોટ(તરંગ એપા૰)
૯. શ્રી નરેન્દ્રભાઈ શાંતિલાલ કામદાર, લાતુર
૧૦. શ્રીમતી કીનીતાબેન દીલીપકુમાર ગાંધી, રાજકોટ
૧૧. શ્રી નંદાચાર્ય સાહિત્ય સમિતિ, બદનાવર
૧૨. શ્રી પ્રફુલભાઈ ત્રીભોવનદાસ શાહ, રાજકોટ
૧૩. શ્રી મનહરલાલ છોટાલાલ મહેતા, રાજકોટ.
૧૪. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, મલાડ (વેસ્ટ)
૧૫. શ્રી આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન, સુરત
૧૬. શ્રી હરીલાલ મંગળજી મહેતા, મુંબઈ
૧૭. ડૉ. ભરતભાઈ ચીમનલાલ મહેતા, રાજકોટ
૧૮. ધીરેન્દ્ર પ્રેમજીભાઈ સંગોઈ, માટુંગા
૧૯. શ્રી ચંદુભાઈ વોરા, મોમ્બાસા
૨૦. ડો. સુધાબેન ભૂદરજી હપાણી, રાજકોટ(૮ સેટ)
૨૧. શ્રી શાંતિલાલ છોટાલાલ શાહ (સાયલાવાળા) અમદાવાદ
૨૨. શ્રી વલ્લભજી ટોકરશી મામણીયા, મુંબઈ
૨૩. શ્રી મણીલાલ ધનજી નીસર, થાણા

*જૈન શ્રમણોની ગોચરી અને શ્રાવકાચાર – પ્રકાશિત થઈ ગયેલ છે.*

*(પોકેટ સાઈઝમા)* **મૂલ્ય : રૂા. ૫/–**

**૧૦૦ અને તેથી વધારે માટે મૂલ્ય : રૂા. ૩/–**